# પ્રવચનસાર - પીયૂષ

## જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન

❖ પ્રકાશક ❖

શ્રી ગ્રાંડ રેપિડ અમેરિકા મુમુક્ષુ મંડળ

અમેરિકા

# પ્રવચનસાર – પીયૂષ

## જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન

❖ કમ્પ્યુટર ઈ-બુક ❖

**ઈન્ફોસોફ્ટ સર્વિસીઝ**

૭૦૭, સ્ટાર ચેમ્બર્સ, હરીહર ચોક,

રાજકોટ ૩૬૦૦૦૧, ફોનઃ ( ૦૨૮૧ ) ૨૫૭૧૨૮૬

❖ **પ્રથમ આવૃત્તિ** ❖

પ્રત : ૫૦૦  વિ.સં. ૨૦૬૨  ઈ.સ. ૨૦૦૬

❖ **કિંમત** ❖

રૂા. ૧૦/-

❖ **કોમ્પ્યુટર ટાઈપસેટીંગ** ❖

**શિવાની કોમ્પ્યુટર્સ-પ્રિન્ટર્સ**

૧૧૧, કોમલ ચેમ્બર્સ, ચૌધરી હાઈસ્કૂલ સામે, કસ્તુરબા રોડ,

રાજકોટ - ૩૬૦ ૦૦૧. ફોન : (૦૨૮૧) ૨૪૭૧૭૧૪

❖ **મુદ્રક** ❖

**કિતાબઘર પ્રિન્ટરી**

શ્રોફ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧.

ફોન : (૦૨૮૧) ૨૪૪૯૬૭૮

# અનુક્રમણિકા


| ગાથા નં. | પાના નં. | ગાથા નં. | પાના નં. | ગાથા નં. | પાના નં. |
|---|---|---|---|---|---|
| ગાથા – ૯૩ | ૮ | ગાથા – ૧૨૫ | ૧૧૪ | ગાથા – ૧૫૯ | ૧૭૮ |
| ગાથા – ૯૪ | ૧૪ | ગાથા – ૧૨૬ | ૧૧૬ | ગાથા – ૧૬૦ | ૧૮૨ |
| ગાથા – ૯૫ | ૧૮ | ગાથા – ૧૨૭ | ૧૨૨ | ગાથા – ૧૬૧, ૧૬૨, ૧૬૩ | ૧૮૬ |
| ગાથા – ૯૬ | ૨૫ | ગાથા – ૧૨૮ | ૧૨૬ | ગાથા – ૧૬૪, ૧૬૫ | ૧૮૮ |
| ગાથા – ૯૭ | ૨૭ | ગાથા – ૧૨૯ | ૧૨૯ | ગાથા – ૧૬૬ | ૧૮૯ |
| ગાથા – ૯૮ | ૩૧ | ગાથા – ૧૩૦ | ૧૩૦ | ગાથા – ૧૬૭ | ૧૯૦ |
| ગાથા – ૯૯ | ૩૩ | ગાથા – ૧૩૧ | ૧૩૨ | ગાથા – ૧૬૮, ૧૬૯ | ૧૯૧ |
| ગાથા – ૧૦૦ | ૩૫ | ગાથા – ૧૩૨ | ૧૩૩ | ગાથા – ૧૭૦ | ૧૯૨ |
| ગાથા – ૧૦૧ | ૩૯ | ગાથા – ૧૩૩, ૧૩૪ | ૧૩૬ | ગાથા – ૧૭૧, ૧૭૨ | ૧૯૩ |
| ગાથા – ૧૦૨ | ૪૫ | ગાથા – ૧૩૫ | ૧૩૮ | ગાથા – ૧૭૩ | ૨૧૦ |
| ગાથા – ૧૦૩ | ૪૯ | ગાથા – ૧૩૬, ૧૩૭ | ૧૪૦ | ગાથા – ૧૭૪ | ૨૧૧ |
| ગાથા – ૧૦૪ | ૫૨ | ગાથા – ૧૩૮ | ૧૪૧ | ગાથા – ૧૭૫ | ૨૧૪ |
| ગાથા – ૧૦૫ | ૫૪ | ગાથા – ૧૩૯ | ૧૪૨ | ગાથા – ૧૭૬, ૧૭૭ | ૨૧૭ |
| ગાથા – ૧૦૬ | ૫૬ | ગાથા – ૧૪૦ | ૧૪૩ | ગાથા – ૧૭૮ | ૨૧૯ |
| ગાથા – ૧૦૭ | ૬૧ | ગાથા – ૧૪૧ | ૧૪૫ | ગાથા – ૧૭૯ | ૨૨૦ |
| ગાથા – ૧૦૮ | ૬૩ | ગાથા – ૧૪૨ | ૧૪૬ | ગાથા – ૧૮૦ | ૨૨૧ |
| ગાથા – ૧૦૯ | ૬૭ | ગાથા – ૧૪૩, ૧૪૪ | ૧૪૮ | ગાથા – ૧૮૧ | ૨૨૨ |
| ગાથા – ૧૧૦, ૧૧૧ | ૬૮ | ગાથા – ૧૪૫ | ૧૫૧ | ગાથા – ૧૮૨, ૧૮૩ | ૨૨૩ |
| ગાથા – ૧૧૨ | ૭૩ | ગાથા – ૧૪૬ | ૧૫૬ | ગાથા – ૧૮૪, ૧૮૫ | ૨૨૫ |
| ગાથા – ૧૧૩ | ૭૬ | ગાથા – ૧૪૭, ૧૪૮ | ૧૫૭ | ગાથા – ૧૮૬ | ૨૨૬ |
| ગાથા – ૧૧૪ | ૭૯ | ગાથા – ૧૪૯ | ૧૫૮ | ગાથા – ૧૮૭, ૧૮૮ | ૨૨૯ |
| ગાથા – ૧૧૫ | ૮૫ | ગાથા – ૧૫૦ | ૧૫૯ | ગાથા – ૧૮૯ | ૨૩૦ |
| ગાથા – ૧૧૬ | ૮૮ | ગાથા – ૧૫૧ | ૧૬૧ | ગાથા – ૧૯૦, ૧૯૧ | ૨૩૩ |
| ગાથા – ૧૧૭ | ૯૨ | ગાથા – ૧૫૨ | ૧૬૪ | ગાથા – ૧૯૨ | ૨૩૭ |
| ગાથા – ૧૧૮ | ૯૩ | ગાથા – ૧૫૩ | ૧૬૮ | ગાથા – ૧૯૩, ૧૯૪ | ૨૪૧ |
| ગાથા – ૧૧૯ | ૯૬ | ગાથા – ૧૫૪ | ૧૭૦ | ગાથા – ૧૯૫ | ૨૪૩ |
| ગાથા – ૧૨૦ | ૯૮ | ગાથા – ૧૫૫ | ૧૭૨ | ગાથા – ૧૯૬ | ૨૪૫ |
| ગાથા – ૧૨૧ | ૧૦૨ | ગાથા – ૧૫૬ | ૧૭૪ | ગાથા – ૧૯૭ | ૨૪૭ |
| ગાથા – ૧૨૨ | ૧૦૪ | ગાથા – ૧૫૭ | ૧૭૫ | ગાથા – ૧૯૮ | ૨૫૦ |
| ગાથા – ૧૨૩ | ૧૦૭ | ગાથા – ૧૫૮ | ૧૭૭ | ગાથા – ૧૯૯ | ૨૫૪ |
| ગાથા – ૧૨૪ | ૧૦૯ | | | ગાથા – ૨૦૦ | ૨૫૬ |

।। નમઃ શ્રી સિદ્ધેભ્યઃ ।।　　　　।। નમો અનેકાંતાય઼ ।।

# પ્રસ્તાવના

મહાવિદેહ ક્ષેત્રના વર્તમાન તીર્થંકરદેવ શ્રી સીમંધર સ્વામી પાસેથી મળેલા દિવ્ય જ્ઞાન વડે શ્રી કુંદકુંદઆચાર્ય વડે બોધ ન આવ્યો હોત, શ્રી અમૃતચંદ્ર આચાર્યદેવે તેમના હૃદયમાં પેસી જઈને ગંભીર આશયોને વ્યક્ત ન કર્યા હોત અને જેમનો આપણા ઉપર અસીમ ઉપકાર વર્તે છે તેવા પરમ મહામંગલકારી સદ્‌ગુરુ કહાન ગુરુદેવ, સ્વાનુભૂતિ પ્રકાશિત પૂ. બહેનશ્રી અને કુંદકુંદ ભારતીના પનોતા પુત્ર આદરણીય પંડિતજીની આપણી જ માતૃભાષામાં થયેલી જિનવાણી માતાની પ્રભાવના અત્યારે જો વિદ્યમાન ન હોત તો આવા દુષમ કાળના પ્રભાવ નીચે સાચા માર્ગથી વિખૂટા પડેલા પાત્ર જીવોને ફરી પાછા સાચા માર્ગમાં સુસ્થાપિત કોણ કરત ?

એજ દુષમકાળની ઘેરી અસર ઉપરાંત થોડા વર્તમાન પુણ્યના ઉદયફળરૂપ અને બાહ્યમાં થોડી સાધન સંપન્નતાની માદક અસર વચ્ચે અમો શાંતિભર્યું જીવન વીતાવતા અને અમારી ''માનેલી સાચી સમજણપૂર્વક'' યથાશક્તિ સ્વાધ્યાય કરતા હતા. ત્યાં કેમ જાણે ''સદ્ અવસર આ ચુકા હૈ'' એવા એક અચંબારૂપે પૂ. ગુરુદેવશ્રી અને પૂ. ભગવતી માતાના અચિંત્ય પ્રતાપથી શ્રી સોનગઢ ટ્રસ્ટ પ્રેરિત પાંચ માસના ટૂંકા ગાળામાં ઉપરાઉપરી ચાર ચુનંદા વિદ્વાન સ્કોલરોને અમારા ઘરે મોકલી અને દરરોજ બારથી ચૌદ કલાક અવિરત પ્રતિબોધ આપી એમણે એકવાર તો સાક્ષાત્ સુવર્ણપુરીનું સ્વાધ્યાય મંદિર જીવંતરૂપે ખડું કરી દીધું હતું અને કેમ જાણે જ્ઞાનીઓના સાક્ષાત્ આશીર્વાદ અમારા ઉપર વરસી રહ્યા હતા.

મનુષ્યભવની દુર્લભતા, વર્તમાન મનુષ્યભવની સાચી સાર્થકતા, સાચા સુખનું સ્વરૂપ, સાચા વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્ર, વિશ્વનું ખરું બંધારણ, દ્રવ્યનું અંતરંગ બંધારણ, વિશ્વનું અનેકાંતમય સ્વરૂપ અને તેને વ્યક્ત કરનારી સ્વાદ્‌વાદ કથનશૈલી, નય અને પ્રમાણ જ્ઞાનનું સ્વરૂપ, આપણી મૂળમાં ભૂલ, અને તેનો અકસીર ઉપાય. આવી તદ્દન પાયાની અને મૂળભૂત માહિતીથી પણ વંચિત એવા અમ સુવર્ણપુરીથી વિખુટા પડેલા અને પરદેશમાં વસતા, પણ પરંતુ પાત્ર જીવોને આ વિદ્વાન સ્કોલરોએ આવી અને પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂ. ભગવતી માતાએ પ્રરૂપેલ શુદ્ધ જૈનદર્શનના સિદ્ધાંત મુજબ અમારા જ્ઞાનને વ્યવસ્થિત ન કર્યું હોત તો પૂ. ગુરુદેવના શુદ્ધ માર્ગમાં અમે પ્રવેશ કેમ કરી શક્યા હોત ?

જે જૈન દર્શનના શુદ્ધ સિદ્ધાંતો અમને પ્રાપ્ત થયા તે, જિજ્ઞાસુ પાત્ર જીવોને થોડો શ્રમ લઈને પણ વ્યવસ્થિત અભ્યાસ કરવો હોય તો ઉપયોગી થાય તે આશયથી જેન તત્ત્વદર્શન ભાગ ૧ થી ૫ નું પ્રકાશન કરવામાં સક્રિય ભાગ લેવાનો સુઅવસર અમને પ્રાપ્ત થયો હતો. તેને મળેલા પ્રતિસાદથી અમો વધુ ઉત્સાહિત થયા છીએ

આચાર્ય ભગવંતના મૂળ શાસ્ત્રોના અભ્યાસ બધા મુમુક્ષુઓએ કરવો જોઈએ એવો બધા જ્ઞાનીઓનો અભિપ્રાય છે. પૂ. ગુરુદેવશ્રીએ બધા શાસ્ત્રો ઉપર પ્રવચનો આપ્યા છે અને એના દ્વારા શાસ્ત્રના અર્થ કરવાની રીત, ચાવી બધા મુમુક્ષુઓને આપી છે. જેથી શાસ્ત્ર સ્વાધ્યાય કરવા ઈચ્છુક જીવોને યોગ્ય માર્ગદર્શન અવશ્ય મળ્યું છે. શુદ્ધાત્માને કેન્દ્રમાં રાખીને જ શાસ્ત્ર સ્વાધ્યાય કરવાની રીત અને તેની અગત્યતા પૂ. ગુરુદેવે સ્પષ્ટપણે સમજાવી છે. પાંચ પરમાગમોમાં પ્રવચનસાર શાસ્ત્રનો અભ્યાસ બધાને કઠીન લાગે છે. પરંતુ પં.કા. શ્રી હિંમતભાઈ તેનો જ અભ્યાસ પ્રથમ કરવા ઉપર ભાર મૂકતા હતા. અને તે યોગ્ય જ છે એમ અમોને પણ લાગ્યું છે. રાજકોટમાં નિયમિત બે વખત શાસ્ત્ર સ્વાધ્યાય

થાય છે. અમોએ પણ તેનો પ્રત્યક્ષ લાભ લીધો છે. વળી પરોક્ષપણે તે લાભ હજુ પણ ચાલુ જ છે. રાજકોટમાં પ્રવચનસાર શાસ્ત્ર ઉપર સ્વાધ્યાય ચાલતો હતો ત્યારે ડૉ. પ્રવીણભાઈએ પોતાના માટેની એક હાથ નોંધ પણ તૈયાર કરી છે. જે બધાને લાભનું કારણ થાય તેમ છે. તેના આધારે આ લખાણ તૈયાર કરવામાં આવ્યું છે જે પ્રવચનસાર પીયૂષ ભાગ ૧, ૨ અને ૩ રૂપે જિજ્ઞાસુ જીવોના નિજકલ્યાણ અર્થે પ્રસ્તુત કરતાં અમો અત્યંત ધન્યતા અનુભવીએ છીએ.

સોનગઢથી પ્રકાશિત પ્રવચનસાર શાસ્ત્રની પ્રસ્તાવનામાં પં. શ્રી હિંમતભાઈએ જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન અધિકાર વિષે જે લખ્યું છે તે અહીં તેમના શબ્દોમાં વાંચીએ.

એવા આ પરમ પવિત્ર શાસ્ત્રને વિષે ત્રણ શ્રુતસ્કંધ છે. બીજા શ્રુતસ્કંધનું નામ જ્ઞેયતત્ત્વ-પ્રજ્ઞાપન છે. અનાદિ કાળથી પરિભ્રમણ કરતો જીવ બધું કરી ચૂકયો છે પણ સ્વ-પરનું ભેદવિજ્ઞાન તેણે કદી કર્યું નથી. ''બંધમાર્ગમાં તેમ જ મોક્ષમાર્ગમાં જીવ એકલો જ કર્તા, કર્મ, કરણ અને કર્મફળ બને છે, પર સાથે તેને કદીયે કાંઈ જ સંબંધ નથી'' એવી સાનુભવ શ્રદ્ધા તેને કદી થઈ નથી. તેથી હજારો મિથ્યા ઉપાયો કરવા છતાં તે દુઃખમુક્ત થતો નથી. આ શ્રુતસ્કંધમાં આચાર્ય ભગવાને દુઃખનું મૂળ છેદવાનું સાધન-ભેદવિજ્ઞાન-સમજાવ્યું છે. ''જગતનું પ્રત્યેક સત્ અર્થાત્ પ્રત્યેક દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રોવ્ય સિવાય કે ગુણપર્યાયસમૂહ સિવાય બીજું કાંઈ જ નથી. સત્ કહો, દ્રવ્ય કહો, ઉત્પાદ-વ્યય-ધ્રોવ્ય કહો, ગુણપર્યાયપિંડ કહો - એ બધું એક જ છે.'' આ ત્રિકાળજ્ઞ જિનભગવંતોએ સાક્ષાત્ દેખેલા વસ્તુ સ્વરૂપનો મૂળભૂત-પાયાનો- સિદ્ધાંત છે. વીતરાગ વિજ્ઞાનનો આ મૂળભૂત સિદ્ધાંત શરૂઆતની ઘણી ગાથાઓમાં અત્યંત અત્યંત સુંદર રીતે કોઈ લોકોત્તર વૈજ્ઞાનિકની ઢબથી સમજાવવામાં આવ્યો છે. ત્યાં દ્રવ્ય સામાન્યનું સ્વરૂપ જે અલૌકિક શૈલીથી સિદ્ધ કર્યું છે તેનો ખ્યાલ વાંચકને એ ભાગ જાતે જ વાંચ્યા વિના આવવો અશક્ય છે. ખરેખર પ્રવચનસારમાં વર્ણવેલું આ દ્રવ્યસામાન્યનિરૂપણ અત્યંત અબાધ્ય અને પર પ્રતીતિકર છે. એ રીતે દ્રવ્ય સામાન્યના જ્ઞાનરૂપી સુદૃઢ ભૂમિકા રચીને, દ્રવ્યવિશેષનું અસાધારણ વર્ણન, પ્રાણાદિથી જીવનું ભિન્નપણું, જીવ દેહાદિકનો કર્તા-કારયિતા-અનુમંતા નથી એ હકિકત, જીવને પુદ્ગલપિંડનું અકર્તાપણું, નિશ્ચયબંધનું સ્વરૂપ, શુદ્ધાત્માની ઉપલબ્ધિનું ફળ, એકાગ્રસંચેતનલક્ષણ ધ્યાન વગેરે અનેક વિષયો અતિ સ્પષ્ટ રીતે સમજાવવામાં આવ્યા છે. એ બધામાં સ્વ-પરનું ભેદવિજ્ઞાન જ નીતરી રહ્યું છે. આખા અધિકારમાં વીતરાગ-પ્રણીત દ્રવ્યાનુયોગનું સત્ત્વ ઠાંસી ઠાંસીને ભર્યું છે, જિનશાસનના મૌલિક સિદ્ધાંતોને અબાધ્ય યુક્તિથી સિદ્ધ કર્યા છે. આ અધિકાર જિનશાસનના સ્તંભ સમાન છે. એનો ઊંડાણથી અભ્યાસ કરનાર મધ્યસ્થ સુપાત્ર જીવને ''જૈનદર્શન જ વસ્તુદર્શન છે'' એમ લાગ્યા વિના રહેતું નથી. વિષયનું પ્રતિપાદન એટલું પ્રૌઢ, અગાધ ઊંડપવાળું છે, મર્મ-સ્પર્શી અને ચમત્કૃતિમય છે કે તે મુમુક્ષુના ઉપયોગને તીક્ષ્ણ બનાવી શ્રુતરત્નાકરના ગંભીર ઊંડાણમાં લઈ જાય છે, કોઈ ઉચ્ચ કોટિના મુમુક્ષુને નિજ સ્વભાવરત્નની પ્રાપ્તિ કરાવે છે અને કોઈ સામાન્ય મુમુક્ષુ ત્યાં સુધી ન પહોંચી શકે તો તેના હૃદયમાં પણ ''શ્રુતરત્નાકર અદ્ભૂત અને અપાર છે'' એવો મહિમા તો જરૂર ઘર કરી જાય છે. ગ્રંથકાર શ્રી કુંદકુંદચાર્યદેવ અને ટીકાકાર શ્રી અમૃતચંદ્રાચાર્યદેવના હૃદયમાંથી વહેલી શ્રુતગંગાએ તીર્થંકરના અને શ્રુતકેવળીઓના વિરહને ભુલાવ્યા છે.

અમારી આ ભાવના જિનવાણીમાતા પ્રત્યેની ભક્તિથી અને ભવભયથી ડરતાં ડરતાં સાકાર પામે છે. જે કોઈ ક્ષતિ રહી ગઈ હોય તે તો અમારી અપૂર્ણતા જ દર્શાવે છે. સહુ ભવ્ય જીવો આનો પૂરો લાભ લે એવી ભાવના સહિત,

**''મહિમા અહો એ કેવળ જ્ઞાનનો**
**મહિમા અહો એ ભાવિ તીર્થંકરદેવા સૂર્યકીર્તિનાથનો.''**

**શ્રી ગ્રાંડ રેપિડ અમેરિકા મુમુક્ષુ મંડળ વતી,**
**શ્રી નીતિનભાઈ ભીમાણી**

# પ્રવચનસાર

## જ્ઞેયતત્ત્વપ્રજ્ઞાપન

શાસ્ત્રના બીજા અધિકારમાં જ્ઞેયનું સ્વરૂપ દર્શાવ્યું છે. જ્ઞેય શબ્દથી વિશ્વના પદાર્થો લક્ષમાં આવે છે. જીવ પોતે પણ એક દ્રવ્ય હોવાથી પદાર્થના લક્ષણો તેને લાગુ પડે છે. અહીં દ્રવ્ય સામાન્ય અને દ્રવ્ય વિશેષ એવા બે ભેદો દ્વારા જ્ઞેયને દર્શાવ્યું છે. દ્રવ્ય સામાન્ય કહેતાં ત્યાં પદાર્થના અંતરંગ સ્વરૂપનું વર્ણન લીધું છે. દરેક પદાર્થ, દ્રવ્ય-ગુણ અને પર્યાય તથા ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એવા ભેદો દ્વારા ઓળખાવી શકાય છે. આ છ ને અલગરૂપે લક્ષમાં લીધા બાદ એક બીજા સાથેના સંબંધના જોડકાનો અભ્યાસ જરૂરી છે. જેમ કે દ્રવ્ય અને ગુણ વચ્ચે સંબંધ, દ્રવ્ય અને પર્યાય વચ્ચે, ઉત્પાદ અને વ્યય વચ્ચે તેમજ ધ્રુવ અને વ્યય વચ્ચે કેવા સંબંધો છે તે લક્ષમાં લેવું જોઈએ. ત્યારબાદ પદાર્થનું વાસ્તવિક સ્વરૂપ જે અખંડ-એકરૂપ છે તેનો પણ અભ્યાસ જરૂરી છે. આ બંધારણ છએ દ્રવ્યો માટે એકસરખું છે. એ લક્ષમાં લીધા પછી છ દ્રવ્યોને તેના અસાધારણ ધર્મો વડે જયારે ઓળખવામાં આવે છે ત્યારે તે દરેક એકબીજાથી જુદા ખ્યાલમાં આવે છે. આ રીતે પદાર્થના અભ્યાસને તેને દ્રવ્યવિશેષનો અભ્યાસ કહે છે. દ્રવ્ય સામાન્યનો અર્થ અહીં પદાર્થનો નિત્ય સ્વભાવ નથી, પરંતુ આખો પદાર્થ છે. જેને શાસ્ત્રભાષામાં સ્વરૂપ અસ્તિત્વ કહે છે, તેને અહીં દ્રવ્યસામાન્ય કહેવામાં આવે છે. આ સ્વરૂપને ખ્યાલમાં લેતાં છ દ્રવ્યોમાં રહેલા સામ્યપણાનો ખ્યાલ આવે છે. દ્રવ્ય વિશેષના જ્ઞાનથી ભેદજ્ઞાન કઈ રીતે થાય તે સમજાય છે. બધા પદાર્થો પોતાનું અલગપણું ટકાવીને એકબીજા સાથે સંબંધમાં અવશ્ય આવે છે.

આ અધિકારમાં ભેદજ્ઞાનની મુખ્યતા છે. દ્રવ્યસામાન્ય અને દ્રવ્ય વિશેષના સમચીન જ્ઞાન વડે જ આ કાર્ય, પ્રયોગાત્મક ભેદજ્ઞાન શક્ય બને છે. પરમાગમોમાં જીવની મુખ્યતાથી વાત આવે. અનાદિનું મિથ્યાત્વ કેવી રીતે નાશ પામે અને સમ્યક્ત્વ તેમજ પરમાત્મદશાની પ્રગટતા કેવી રીતે થાય આ વાત સવિશેષપણે દ્રવ્યાનુયોગના શાસ્ત્રોમાં વાંચવા મળે - પરંતુ પદાર્થ બંધારણ અર્થાત્ દરેક પદાર્થનું અંતરંગ બંધારણ કેવું છે તેનો વિસ્તાર તો પ્રવચનસાર, પંચાધ્યાયી અને થોડા અંશે પંચાસ્તિકાય શાસ્ત્રમાંથી જ જાણવા મળે. પદાર્થનું આ અંતરંગ બંધારણ એતો વસ્તુનું યથાર્થ અનેકાંત

સ્વરૂપ છે. દરેક પદાર્થ સ્વથી એકત્વ અને પરથી વિભક્ત એ પ્રકારે અસ્તિ નાસ્તિ અનેકાંતરૂપ છે. સ્વથી એકત્વમાં દરેક દ્રવ્યના પેટાળમાં અનંતગુણો વગેરે છે અને તે બધાંને અનાદિથી અનંતકાળમાં ઉત્પન્નધ્વંશી એવી અનંત પર્યાયો છે. આ રીતે ગુણ અને પર્યાયોના એકત્વરૂપ દ્રવ્ય છે. આ અધિકારમાં આચાર્યદેવે આ અંતરંગ બંધારણ વિસ્તારપૂર્વક સમજાવ્યું છે. પં. શ્રી હિંમતભાઈ કહે છે કે ''ત્યાં દ્રવ્યસામાન્યનું સ્વરૂપ જે અલૌકિક શૈલીથી સિદ્ધ કર્યું છે તેનો ખ્યાલ વાંચકને એ ભાગ જાતે જ વાંચ્યા વિના આવવો અશક્ય છે.'' આ વાત યથાર્થ છે.

**દૃષ્ટાંત :**

કોઈ વ્યક્તિના માથામાં રંગની કણીઓ નાખી હોય તો તે જેટલી વાર માથું ધુએ એટલીવાર તેમાંથી રંગ નીકળતો જાય.

તે રીતે આ દ્રવ્યબંધારણને જેટલીવાર વાંચો અને વિચારો એટલીવાર તેમાંથી નવા નવા ભાવો આવ્યા કરે. ખરેખર તો અંતરંગ બંધારણની ચોખવટ વધતી જાય અને સાથોસાથ તેનો મહિમા પણ વધતો જાય છે. નાની ઘડિયાળ, મોટર અને જમ્બો જેટ એરોપ્લેનમાં વપરાતા સ્પેરપાર્ટસનો વિચાર કરો તો તે (સંખ્યાત છે) બધાનું તે મશીનમાં યોગ્ય સ્થાન છે. તેની ઉપયોગિતા છે. તેની સામે દરેક પદાર્થમાં અનંત ગુણધર્મો રહેલા છે તે વાત લક્ષમાં આવે ત્યારે પદાર્થનો મહિમા કેટલો વધી જાય! દરેક ગુણધર્મને તેનો કહેવાય એવો સ્વતંત્ર સ્વભાવ છે. એટલું જ મર્યાદિત તેનું કાર્યક્ષેત્ર છે. દરેક ગુણ અન્ય ગુણથી પોતાનું જુદાપણું સદાયને માટે ટકાવીને રહેલો છે અને તેમ છતાં જયારે દ્રવ્યની સત્તાને લક્ષમાં લઈએ છીએ ત્યારે ત્યાં એકપણ ગુણો અલગ ખ્યાલમાં આવતા નથી. આ એકત્વ અને વિભક્ત તથા પ્રભુત્વ અને વિભુત્વ લક્ષમાં લેતા સાનંદાશ્ચર્ય જરૂર થાય છે. નાના બાળકોને સીડીના પગથિયા ચડઉતર કરવાની જેમ મઝા આવે તેમ પદાર્થમાં પણ એક-અનેક અર્થાત્ મહાસત્તા અને અવાંતાર સત્તાઓ વચ્ચે ચડઉતર કરવાની અનેરી મઝા છે. તેમ કરવાથી જ તેનું સપ્રતિપક્ષપણું અને અવિનાભાવપણું - અતદ્‌ભાવ અને તાદાત્મ્યપણું સાચા અર્થમાં જમાવટ કરે છે. બંધારણની આ મઝા ખરેખર માણવા જેવી છે. જેને બંધારણ સાચા અર્થમાં સમજાયું હોય એ જ શાસ્ત્રની ગાથાઓના ભાવને સારી રીતે સમજી શકે છે. ગાથાઓના ભાવના ઊંડાણ સમજવા માટે એ સિવાય અન્ય સાધન મળવું મુશ્કેલ છે. જેણે બંધારણનો યોગ્ય અભ્યાસ કર્યો હોય તેને દરેક ગાથામાં બંધારણ ભર્યું છે એવો ખ્યાલ આવશે. આપણા ઉપકારી પં. શ્રી હિંમતભાઈ શાહ (મામા) હંમેશા આ વાતને મહત્વ આપતા. તેઓ કહેતા કે પહેલા પ્રવચનસાર શાસ્ત્રનો અભ્યાસ કરવો જરૂરી છે. ત્યારબાદ અન્ય શાસ્ત્રો સારી રીતે સમજી શકાય છે. આ અધિકારને દર્શન અધિકાર પણ કહ્યો છે. આનો અભ્યાસ સમ્યગ્દર્શનમાં ઉપયોગી છે.

## ◆ ગાથા - ૯૩

**છે અર્થ દ્રવ્યસ્વરૂપ, ગુણ-આત્મક કહ્યાં છે દ્રવ્યને,**
**વળી દ્રવ્ય-ગુણથી પર્યયો; પર્યાયમૂઢ પરસમય છે. ૯૩.**

***પદાર્થ દ્રવ્યસ્વરૂપ છે; દ્રવ્યો ગુણાત્મક કહેવામાં આવ્યા છે; અને વળી દ્રવ્ય તથા ગુણોથી પર્યાયો થાય છે. પર્યાયમૂઢ જીવો પરસમય (અર્થાત્ મિથ્યાદૃષ્ટિ) છે.***

આ અધિકારની શરૂઆત દ્રવ્યસામાન્ય સ્વરૂપ દર્શાવવાથી કરવામાં આવી છે. આપણુ પ્રયોજન જીવ દ્રવ્યને મુખ્યપણે સમજવાનુ છે. કોઈપણ દ્રવ્યને સામાન્ય વિશેષરૂપે જોઈ શકાય તેમ જીવને પણ સામાન્યરૂપે જોતા ત્યાં દ્રવ્યરૂપ સામાન્યપણુ છે. વિશેષરૂપે જોતાં તે અન્ય દ્રવ્યોથી જાુદો ખ્યાલમાં આવે છે. જીવના સ્વરૂપને જાણવાના ઈચ્છુક મુમુક્ષુએ જીવનું દ્રવ્યસામાન્ય સ્વરૂપ જાણવું અત્યંત જરૂરનું છે. તે વિષય આ અધિકારમાં સુંદર રીતે લેવામાં આવ્યો છે. અન્ય શાસ્ત્રોમાં એટલા વિસ્તારથી વાત લેવામાં આવી નથી.

આ ગાથામાં પદાર્થ દ્રવ્ય-ગુણ અને પર્યાય સ્વરૂપ છે. એવી પ્રાથમિક વાત લીધી છે. પ્રાથમિક વાત હોવા છતાં અગત્યની છે. પદાર્થમા દ્રવ્ય-ગુણ અને પર્યાયની વાત આવે છે તેથી તેમાં શું કહેવા માગે છે તે સમજવું જરૂરી છે. ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે આવી દ્રવ્યની વ્યાખ્યાનો આપણને ખ્યાલ છે. પરંતુ તેના ભાવની સ્પષ્ટતા જરૂરી છે. હવે આ ગાથામાં આચાર્યદેવ કઈ રીતે સમજાવવા માગે છે તે લક્ષમાં લઈએ. પૂ. ગુરુદેવશ્રીના પ્રતાપે દ્રવ્ય-ગુણ-પર્યાયનો સામાન્ય ખ્યાલ તો બધાને હોય છે. તેમાં જેટલી વિગત પુરવાની બાકી હોય તે લક્ષમાં લેવાથી આત્મહિત થાય છે.

## છે અર્થ દ્રવ્ય સ્વરૂપ

ગાથાનું આ પ્રથમ પદ છે. અહીં અર્થ એટલે કે પદાર્થ. સામાન્ય રીતે પદાર્થ કહેતા વસ્તુ અથવા ચીજ એવો ખ્યાલ આવે છે. અહીં પદાર્થ કહેતા જિનાગમમાં જીવ-પુદ્‌ગલ આકાશ વગેરેની વાત સમજવી જોઈએ. પદાર્થ ને દ્રવ્ય સ્વરૂપ કહ્યા છે. બીજા પદમાં ''ગુણાત્મક કહ્યા તે દ્રવ્યને'' અર્થાત્ દ્રવ્ય છે તે ગુણાત્મક છે એમ સમજાવ્યું છે. અર્થાત્ દ્રવ્ય અને ગુણ બન્ને ત્રિકાળ છે. ત્રીજા પદમાં ''વળી દ્રવ્ય-ગુણથી પર્યાયો'' એટલે કે દ્રવ્યમાં દ્રવ્યની પર્યાય અને ગુણને ગુણની પર્યાય હોય છે. એવો ભાવ ખ્યાલમાં લેવો જોઈએ. ચોથું પદ ખરેખર ત્યાર પછીની ૯૪ ગાથાના અનુસંધાનમાં છે. હવે ટીકાકાર એનો વિસ્તાર નીચે મુજબ કરે છે.

દરેક પદાર્થ વિસ્તાર સામાન્ય સમુદાયાત્મક અને આયત સામાન્ય સમુદાયાત્મક એવા દ્રવ્યથી રચાયેલો હોવાથી દ્રવ્યસ્વરૂપ છે એ પ્રકારે દ્રવ્યની વ્યાખ્યા સમજાવે છે. તેનો ખુલાસો આદરણીય પં. શ્રી હિંમતભાઈએ ફૂટનોટમાં કર્યો છે.

પદાર્થનું અનેકાંત સ્વરૂપ છે. અનેકાંત સ્વરૂપ સમજાવતા દરેક પદાર્થમાં અનંત ધર્મો છે એટલું પર્યાપ્ત નથી. તેમાં પરસ્પર વિરોધી લાગતા પરંતુ અવિરોધપણે રહીને વસ્તુને નીપજાવનારા ધર્મો પણ હોવા જરૂરી છે. આવા વિરોધી ધર્મોમાં એક-અનેક તથા નિત્ય-અનિત્ય બે મુખ્ય છે. અહીં એક-અનેક એવા વિરોધી દેખાતા ધર્મોને સમજાવવા માગે છે. એક-અનેક એવો શબ્દપ્રયોગ સાંભળતા એમ લાગે કે જે સંખ્યાએ એક છે એવાને એવા અન્યની વાત કરીએ ત્યારે તે સંખ્યાએ અનેક છે પરંતુ અહીં એવો અર્થ નથી. 'એક' શબ્દ અહીં એકત્વના અર્થમાં લેવામાં આવે છે. તે જેનું એકત્વ છે તે સંખ્યાએ અનેક હોવાથી તેને અનેક કહેવામાં આવે છે. તેથી એક અનેકની જાત જ અલગ થઈ જાય છે. એક શબ્દ એકત્વરૂપ હોવાથી તે મહાસત્તાને દર્શાવે છે. જયારે અનેક તેની અવાંતર સત્તાઓની વાત છે. દ્રવ્ય કોને કહે છે ? તેના જવાબમાં આપણે ગુણોના

સમૂહને દ્રવ્ય કહે છે તેમ ખ્યાલમાં લીધું છે અર્થાત્ એક દ્રવ્ય છે. તે અનંત ગુણાત્મક છે. અહીં અનંત ગુણોનો સમૂહ એવા શબ્દ પ્રયોગમાં ગુણો વચ્ચેના સંબંધની વાત અવશ્ય આવી જાય છે. તેથી સાચો જવાબ એ છે કે ગુણોના સમૂહના એકત્વને દ્રવ્ય કહે છે. દૃષ્ટાંતઃ મોટરમાં તેના સ્પેર પાર્ટસ સિવાય કાંઈ નથી. મોટરના સ્પેર પાર્ટસનો ઢગલો તે મોટર નથી. તે બધા પાર્ટસ એકબીજા સાથે યોગ્ય ક્રમમાં ગૂંથાયેલા છે ત્યારે જ તે મોટર કહેવાય છે. સ્પેર પાર્ટસના ઢગલા ઉપર બેસીએ તો ક્યાંય જવાય નહીં જયારે તે યોગ્ય સંબંધમાં આવીને મોટરરૂપે તૈયાર થાય છે ત્યારે તેના વડે મુસાફરી થાય છે.

## વિસ્તાર સામાન્ય સમુદાયાત્મક

દ્રવ્યને વિસ્તાર સામાન્ય સમુદાયાત્મક કહેવામાં આવ્યું છે. વિસ્તાર વિશેષો એટલે કે ગુણો ગુણોનો સમુદાય તે દ્રવ્ય એવો ભાવ અહીં દર્શાવવામાં આવ્યો છે. જીવના ગુણોમાં જ્ઞાન, દર્શન વગેરે આવે છે. તે દરેક એકબીજાથી જુદા છે તેને કારણે તે એકબીજાથી ''વિશેષપણુ'' લઈને રહેલા છે. તેમની વચ્ચેના તફાવતને દૂર કરવામાં આવે અર્થાત્ એકને બીજાથી જુદા પાડનારા લક્ષણો (સ્વભાવોને) ગૌણ કરીએ તો ત્યાં બધા ગુણો છે એવું જ સામાન્યપણું ખ્યાલમાં આવે. અર્થાત્ જ્ઞાન-દર્શન-અસ્તિત્વ એ બધા ગુણો જ છે એવું લક્ષમાં આવે પરંતુ અહીં ગુણરૂપના સામાન્યપણાની વાત નથી લેવી. એકત્વ શબ્દથી અનંતગુણોનો સમુદાય તે દ્રવ્યરૂપ હોવાથી ત્યાં દ્રવ્યરૂપ સામાન્યપણું છે એવું દર્શાવવા માગે છે. બીજા શબ્દોમાં કહીએ તો દ્રવ્યની મુખ્યતાથી વિચારતા ત્યાં બધા ગુણો પોતાનું અલગ અસ્તિત્વ ભૂલીને દ્રવ્યરૂપ થઈ જાય છે. ત્યાં અનંત ગુણો અનંતરૂપે ન ભાસતા એકરૂપ-દ્રવ્યરૂપ ભાસે છે. એ વાત ખ્યાલમાં રહે કે દ્રવ્ય અનંત ગુણોથી નથી બન્યુ. સંયોગી એકત્વનો દૃષ્ટાંત લઈએ તો મોટર તો તેના સ્પેર પાર્ટસથી જ બનેલી છે. સ્પેર પાર્ટસ વિના મોટરને સત્તા ન મળે. વિશ્વના પદાર્થો સંયોગી એકત્વરૂપ નથી. જે રીતે ગુણો વિશ્વમાં પોતાનું એક શાશ્વત સ્થાન લઈને રહેલા છે. એ જ રીતે દ્રવ્ય પણ પોતાનું એવું જ એક શાશ્વત સ્થાન સંભાળીને રહેલું છે. આંબામાં કેરી છે તે કાંઈ સ્પર્શ-રસ-ગંધ ભેગા કરીને બનાવવમાં નથી આવી. દ્રવ્ય અને ગુણો બધા પોતાની ત્રિકાળ સત્તા લઈને રહેલા છે એ રીતે બન્નેની સ્વતંત્ર-અહેતુક સત્તા લક્ષમાં લઈને પછી એક બીજા સાથેના સંબંધો જોવા યોગ્ય છે. તેમ ન કરીએ તો આપણે જો દ્રવ્યને સત્તા આપીશું તો ગુણોને તેના ભેદરૂપ વર્ણન માત્ર જ માનીશું. અથવા જો ગુણોને સત્તા આપીશું તો અનંતગુણોની સાથે વાત કરીએ તે જ દ્રવ્ય છે એમ માની લેશું. આ પ્રકારે માનવાથી ગુણો દ્રવ્યના આધારે છે અને દ્રવ્ય ગુણોના આધારે છે એવો ભાવ લક્ષમાં આવશે. તેમ કરવાથી તેનું અહેતુકપણું ખ્યાલમાં નહીં આવે. ત્રિકાળ સત્તા માટે કોઈ અન્ય કારણ (હેતુ) ન હોય એ વાત લક્ષમાં લેવી જરૂરી છે. માટે દ્રવ્ય અને ગુણ બન્નેને સ્વતંત્રપણે અહેતુક માનવાથી બન્નેની સ્વતંત્રતા ખ્યાલમાં આવશે. તે રીતે વ્યવસ્થા સમજીને પછી દ્રવ્ય અનંત ગુણાત્મક છે એ રીતે એક-અનેક રૂપ વસ્તુ લક્ષગત થશે. ખરેખર સત્તા તો પદાર્થને જ મળે છે. આ તો વિસ્તાર સામાન્ય સમુદાયાત્મક તે દ્રવ્ય છે એમાં કઈ રીતે સમજવું તેટલી વાત છે.

## આયત સામાન્ય સમુદાયાત્મક

જે દ્રવ્ય વિસ્તાર સામાન્ય સમુદાયાત્મક છે તે જ આયત સામાન્ય સમુદાયાત્મક પણ છે અર્થાત્ જે દ્રવ્ય અનંત ગુણાત્મક છે તે અનંત પર્યાયરૂપ પણ છે. દ્રવ્ય અને ગુણનો વિચાર કરતા સમયે આપણે એક-અનેકનો વિચાર કર્યો હતો. અહીં હવે નિત્ય-અનિત્ય એવા બે પરસ્પર વિરોધી દેખાતા ધર્મોનો વિચાર કરવાનો છે. જેમ વિસ્તાર વિશેષો શબ્દ ગુણો માટે વાપરવામાં આવ્યો હતો તેમ અહીં

પર્યાય માટે આયત વિશેષ શબ્દ વાપરવામાં આવ્યો છે. સમુદાય શબ્દના ભાવમાં ફેર પડે છે. અનંત ગુણો તો કાયમી છે અને તેનું એકત્વ થઈ શકે પરંતુ પર્યાય એક સમયની જ હોય છે. પર્યાયો એક પછી એક થઈને અનંત થાય છે. અહીં સમુદાય શબ્દથી ત્રણ કાળની પર્યાયનો સળંગ ઈતિહાસ લેવા નથી માગતા. પદાર્થમાં દ્રવ્ય-ગુણ-પર્યાય બધું આવે. પરમાત્મા બધા પદાર્થોને તેના ત્રણ કાળના ઈતિહાસ સહિત જાણે તે વાત અલગ છે. અહીં તો દ્રવ્ય સામાન્ય સ્વભાવને આયત સામાન્ય સમુદાયાત્મક દર્શાવવામાં આવ્યો છે. આચાર્યદેવ ગુણોની અને પર્યાયોની વાત તો પછી લેશે. અહીં તો દ્રવ્ય અર્થાત્ દ્રવ્ય સામાન્ય અનંત પર્યાયોના ઉદ્ભવસ્થાનરૂપે દર્શાવવું છે. પૂ. બહેનશ્રીના વચનામૃતમાં આવે છે ''દ્રવ્ય તેને કહીએ જેના પરિણામ માટે અન્ય સાધનની રાહ જોવી ન પડે'' અપરિણામી નિજ આત્મા એટલે અનંત શક્તિથી ભરચક્ક ભરેલો જ્ઞાયક. તેમાં ત્રૈકાલિક સામર્થ્ય છે. અર્થાત્ અનાદિથી અનંતકાળ સુધી થતાં પરિણામોને પહોંચી વળવાનું સામર્થ્ય દ્રવ્યમાં રહેલું છે. જેનામાં શક્તિ હોય તેની જ વ્યક્તિ થાય. તમો પહેલા માળે પાણી ચડાવવા માટે એક હોર્સપાવરની મોટર લઈ આવો તો પછી પાણી ચડાવવા માટે એનો જ ઉપયોગ થાય. સોનામાં અનેક જાતના દાગીના થવાની યોગ્યતા છે તેથી તે સોનામાંથી જ દાગીના બને. આ રીતે વિચારતા આપણને ખ્યાલ આવે છે કે દ્રવ્ય આયત સામાન્ય સમુદાયાત્મક તે દ્રવ્ય છે તેનો ભાવ એ પ્રકારે છે કે તે દ્રવ્ય સામાન્ય સ્વભાવ જ બધી પર્યાયોને દાતાર છે.

આ પ્રકારે આચાર્યદેવે દ્રવ્ય સામાન્યને વિસ્તાર સામાન્ય સમુદાયાત્મક અને આયત સામાન્ય સમુદાયાત્મક દર્શાવ્યું છે. પદાર્થમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે સમાય છે. તેથી હવે ગુણની વાત કરે છે. ''દ્રવ્ય જેનો આશ્રય છે એવા ગુણો'' અર્થાત્ દ્રવ્યથી ભિન્ન સ્વતંત્ર અસ્તિત્વરૂપે ગુણો કયાંય જોવા મળતા નથી તેથી ગુણોને દ્રવ્યના આશ્રયે દર્શાવવામાં આવે છે. બજારમાં મીઠું-મરચું મળે પરંતુ સ્પર્શ કે ગંધના પડીકા બંધાવવા જાવ તો કોઈ ન આપે. આ અપેક્ષાએ ગુણોને દ્રવ્યના આશ્રયે કહેવામાં આવે છે. વળી દ્રવ્ય મહાસત્તા છે અને ગુણો અવાંતર સત્તા છે પરંતુ આશ્રય શબ્દથી પરાધીનતા ન સમજવી.

ગુણોની વાત ટૂંકમાં કરીને હવે પદાર્થમાં પર્યાયો છે તેમ કહે છે. દ્રવ્ય અને ગુણ બન્ને ત્રિકાળ છે માટે તે બન્નેને પર્યાયો હોય છે. આ રીતે દ્રવ્યપર્યાય અને ગુણ પર્યાયની વાત હવે કરે છે.

## દ્રવ્યપર્યાય

દ્રવ્યને તેની પર્યાય છે. સત્ હંમેશા ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્ત જ હોય છે. ટકીને બદલવું તે વસ્તુનું સ્વરૂપ છે. તે પર્યાયો અનાદિથી અનંતકાળ સુધીની અનંત છે. સ્વભાવની એકરૂપતા ટકી રહે છે અને તે સ્વભાવ અંતર્ગત પાર વિનાની ખૂબીઓ છે જે સમયે સમયે પ્રગટ થાય છે. જેને દ્રવ્ય સ્વભાવનો ખ્યાલ ન હોય તેને તેની પર્યાયનો પણ ખ્યાલ ન હોય. તેથી જેનો ખ્યાલ હોય તેના મારફત દ્રવ્યની પર્યાય દર્શાવવામાં આવે છે. તે રીત અહીં ઉપયોગમાં લેવામાં આવે છે.

અનેક દ્રવ્યાત્મક એકતાની પ્રતિપત્તિના કારણભૂત દ્રવ્ય પર્યાયો ઉપલક દૃષ્ટિથી વિચારતા આ આપણને ન સમજાય એવું લાગે. શબ્દો નવા છે. ભાવ સમજવો સહેલો છે. નાના બાળકને ચેતન-અચેતન વચ્ચેનો ભેદ સમજાવવા આપણે શું કરીએ છીએ ? દડો પછાડવામાં વાંધો નહીં પરંતુ કૂતરાને મારવો નહીં કારણકે તે જીવ છે. તે બાળક મોટું થાય ત્યારે રસ્તે મરેલા કૂતરાને દર્શાવીને તે અચેતન છે. મડદુ છે એમ કહીએ છીએ. ખ્યાલ આવી ગયો ! પ્રથમ દેહ મારફત જીવની ઓળખાણ કરાવી હતી. શરીર દશ્યમાન છે તેના દ્વારા અરૂપી જીવની

ઓળખાણ કરાવવામાં આવે છે. જીવ અને શરીર જુદા પડે ત્યારે તે જ શરીરને મૃતક કલેવર કહીએ છીએ. શરીર તો પહેલેથી જ અચેતન છે પરંતુ લૌકિકમાં જીવ અને શરીર એક છે એવો સ્વીકાર કરીને વ્યવહાર કરવામાં આવે છે. તેનો ઉપયોગ કરીને શરીરના માધ્યમ દ્વારા જીવની ઓળખાણ કરાવવામાં આવે છે. જીવ અને શરીર - બે અત્યંત જુદા પદાર્થો છે છતાં અહીં તેને એકરૂપ દર્શાવીને તે મારફત જીવ દર્શાવવો તેને અનેક દ્રવ્યાત્મક એકતાની પ્રતિપત્તિ (સ્વીકાર) ના કારણભૂત દ્રવ્ય પર્યાય કહેવામાં આવે છે.

આપણે જ્યાં હુંપણું માન્યું છે ત્યાં જીવ અને શરીર બન્ને છે. તે બન્ને એ સમયે પણ અત્યંત જુદા જ છે. મનુષ્યની દેહ પર્યાય છે તે પુદ્ગલાત્મક છે તે શરીરમાં રહેવાની જીવની યોગ્યતા એ જીવની મનુષ્ય પર્યાય છે. દેહની મનુષ્ય પર્યાય મારફત જીવની મનુષ્ય પર્યાય દર્શાવવામાં આવે છે. પછી તે બન્નેને જુદા લક્ષમાં લેવાથી આપણને જીવની પર્યાય જણાય જાય છે. જીવની મનુષ્યદેહમાં રહેવાની યોગ્યતા એટલે કે જીવને ચાર ગતિમાં પરિભ્રમણ કરતાં જે દેહ પ્રાપ્ત થાય છે તેને અનુરૂપ એ પોતાનું જીવન ગોઠવી લે છે. દેવરૂપે અમૃતપાન કરનારો જીવ મરીને ભૂંડ થાય ત્યારે વિષ્ટા ખાય છે. શેઠિયારૂપે પલંગમાં પોઢનારો તે જ ઘરમાં ઉંદર બને ત્યારે નાનું દર ગોતે છે. વાછરડુ જન્મે ત્યારે કોઈના શિખવ્યા વિના તે ગાયના આંચળ તરફ જાય છે. અર્થાત્ જે દેહ મળે તે અનુસાર જીવ પોતાના ભાવ બનાવી લે છે. વાસ્તવિકતા તો એ છે કે જીવ પોતાનું સ્વતંત્ર જીવન ભૂલી જ ગયો છે (કયારેય લક્ષમાં લીધું જ નથી) જે દેહ મળે તેના ગુલામરૂપે તે જીવવા લાગી જાય છે તેને અહીં જીવની દ્રવ્યપર્યાયરૂપે દર્શાવવામાં આવે છે.

આચાર્યદેવ દ્રવ્યપર્યાયને સમાન જાતીય અને અસમાન જાતીય એવા બે ભેદરૂપે દર્શાવવા માગે છે. તેમાં અહીં જીવની દ્રવ્યપર્યાય આ રીતે શરીર મારફત દર્શાવવામાં આવે છે. તે અસમાન જાતીય ભેદરૂપ છે. તેને અસમાન જાતીય વિભાવ વ્યજંન પર્યાય એવું નામ પણ આપવામાં આવે છે. જીવ અને શરીરને વિશિષ્ટ એક ક્ષેત્રાવગાહ સંબંધ છે. છ દ્રવ્યો આકાશના એક ક્ષેત્રમાં અવગાહીને રહ્યા છે તે સામાન્ય એકક્ષેત્રાવગાહપણું છે. જીવ અને શરીરના સંબંધ તેના કરતા થોડા વિશિષ્ટરૂપના છે. અહીં ક્ષેત્રથી પ્રદેશત્વ ગુણ દ્વારા જીવને ઓળખાવે છે. વ્યંજન પર્યાય એ પ્રદેશત્વ ગુણની પર્યાય છે. જીવના પ્રદેશત્વગુણની પર્યાય શરીરના આકાર અને અવગાહન અનુસાર છે તે દોષિત પ્રકારનો સંબંધ હોવાથી તેને વિભાવ વ્યંજન પર્યાય એવું નામ આપવામાં આવ્યું છે. કોઈ આ પ્રદેશત્વ ગુણની પર્યાયને દ્રવ્ય પર્યાય માનવાની ભૂલ ન કરે તેથી જીવની દ્રવ્ય પર્યાય, જીવની મનુષ્ય પર્યાય એટલે જીવની મનુષ્ય દેહમાં રહેવાની, દેહને અનુરૂપ થઈને રહેવાની જીવની યોગ્યતાને જીવની દ્રવ્ય પર્યાય કહેવા માગે છે તે રીતે આપણે લક્ષમાં લેવું જરૂરી છે.

પુદ્ગલની દ્રવ્ય પર્યાયને જાણવા માટે આચાર્યદેવ સમાન જાતીય પર્યાયની વાત કરે છે. પુદ્ગલ દ્રવ્ય કોને કહેવાય ? એક પરમાણુ તે પદ્ગલ દ્રવ્ય છે. આપણા ઈન્દ્રિય જ્ઞાનમાં જે જણાય છે તે તો સ્કંધો છે. તે સ્કંધ અનેક પરમાણુઓનો બનેલો છે. સ્કંધના પરિણામના આધારે પરમાણુના પરિણામની કલ્પના કરી શકાય છે. સોનાની લગડી હોય તો તેમાં રહેલા બધા પરમાણુઓ સોનારૂપ છે એવું યુક્તિથી નક્કી કરી શકાય છે. અરૂપી જીવ જેમ ઈન્દ્રિય જ્ઞાનનો વિષય નથી થતો તેમ પરમાણુ પણ વિષય નથી થતો તેથી જીવ અને પુદ્ગલની દ્રવ્ય પર્યાયને સમજાવવા માટે આચાર્યદેવે તેના અન્ય દ્રવ્યોની પર્યાયો સાથેના સંબંધનો આશ્રય લીધો છે.

અહીં ''એક્તાની પ્રતિપત્તિ'' એવો શબ્દ પ્રયોગ કરવામાં આવ્યો છે તે અંગે વિચારણા જરૂરી છે. પુદ્ગલમાં તો પરમાણુઓ ભેગા થાય અને છૂટા પડે તેને પુદ્ગલના સ્વભાવરૂપે લેવામાં આવે છે. તેમ છતાં દ્રવ્ય તરીકેનું સ્થાન તો પરમાણુને જ મળે છે સ્કંધને નહીં. જીવને પરદ્રવ્ય સાથે અસ્તિ નાસ્તિ જ વર્તે છે. બે જીવો સંબંધમાં ન આવે. જીવના દ્રવ્યકર્મ શરીર વગેરે સાથેના સંબંધોને વિભાવરૂપ જ લીધા છે. જીવને પરદ્રવ્યો સાથે જ્ઞેય જ્ઞાયક સંબંધ જ નિર્દોષ છે. તેથી જીવના અસમાન જાતીય સંબંધો ખરેખર સંયોગી સંબંધો છે. ત્યાં એકપણુ સંભવતું નથી છતાં ''આ મનુષ્ય'' આ પ્રકારે લૌકિકમાં એકપણાનો વ્યવહાર કરવામાં આવે છે. તેને અહીં ''પ્રતિપત્તિ અર્થાત્ સ્વીકાર'' એવા ભાવરૂપે દર્શાવવામાં આવે છે. તેનો અર્થ એ ન કરવો કે બે દ્રવ્યો એકરૂપ છે. એક દ્રવ્યના અનંત ગુણો પોતાનું સ્વતંત્રપણુ ટકાવીને દ્રવ્યની સત્તા પાસે એકરૂપ થાય છે ત્યાં દ્રવ્યની ખરેખર એક સત્તા છે પરંતુ તે વાત દ્રવ્યમાં લાગુ પડતી નથી. અર્થાત્ બે દ્રવ્યો ખરેખર એક કયારેય થાય નહીં.

દરેક દ્રવ્યની સ્વતંત્રતા રાખીને એકબીજા સાથેના સંબંધો જોવાના રહ્યા. સંબંધમાં પરાધીનતા નથી. સ્કંધની રચના સમયે પરમાણુના ચિકાશ-લૂખાશમાં મેળ વિશેષ થાય છે ત્યાં પરાધીનતા નથી. સ્કંધમાં પણ પરમાણુ સ્વતંત્ર દ્રવ્ય છે. દ્રવ્યની પર્યાયને અન્ય દ્રવ્યની પર્યાયો સાથે સંબંધમાં જોઈ શકાય છે. તેમ તે દ્રવ્ય પર્યાયને પોતાનામાં (દ્રવ્યમાં) અંતર્ગત રહેલા ગુણોની પર્યાયો સાથેના સંબંધમાં પણ જોઈ શકાય છે. જે પીળી હોય, પોચી હોય, સુગંધી હોય અને મીઠી હોય તે પાકી કેરી છે અને જે લીલી છે, કઠણ છે અને ખાટી છે તે કાચી કેરી છે. આ રીતે ગુણના પરિણામ મારફત કેરીની (દ્રવ્યની) કાચી-પાકી દશાનું વર્ણન કરી શકાય છે. આશય એ છે કે દ્રવ્યની પર્યાયને અન્ય દ્રવ્યોના પરિણામ સાથે અને પોતાનામાં રહેલા અનંત ગુણોના પરિણામો સાથે સંબંધમાં જોઈ શકાય છે.

હવે આચાર્યદેવ ગુણ પર્યાયના બે ભેદ દર્શાવે છે. સ્વભાવ પર્યાય અને વિભાવ પર્યાય. ભેદોને અનેક પ્રકારે વર્ણવી શકાય. સ્વભાવ અને વિભાવ એવા જ ભેદો પડે એવું એકાંત ન કરાય. ગુણ પર્યાયને સમજાવવા માટે આચાર્યદેવે એક જુદી રીતે લીધી છે. દ્રવ્યની પર્યાય દર્શાવવા માટે ''અનેક દ્રવ્યાત્મક એક્તાની પ્રતિપત્તિ'' એવું લખાણ કર્યું હતું. ગુણની પર્યાયને દર્શાવવા માટે ''આયતની (પર્યાયની) અનેકતાની પ્રતિપત્તિ'' એ પ્રમાણે લીધું છે. બે લખાણ વચ્ચેના તફાવતને ખ્યાલમાં લેવો જરૂરી છે. દ્રવ્યની પર્યાયને અન્ય દ્રવ્ય સાથેના સંબંધરૂપે દર્શાવવામાં દ્રવ્ય પોતાનું ભિન્ન અસ્તિત્વ ટકાવીને અન્ય દ્રવ્યો સાથે નિમિત્ત નૈમિત્તિક સંબંધમાં આવે છે તે લીધું છે. જયારે ગુણ પર્યાયની વાત કરતા સમયે તે ગુણની પર્યાયને અન્ય ગુણોની પર્યાયો સાથે અથવા તે ગુણ જે દ્રવ્યનો છે તે દ્રવ્યની પર્યાય સાથેના સંબંધની વાત ન લેતા જેને આપણે ગુણ પર્યાય કહીએ છીએ તે એકત્વરૂપ છે અને તેના (ગુણપર્યાયરૂપ મહાસત્તાના) ભેદો એવી અવાંતર સત્તાઓ અનેક છે. અર્થાત્ જે એક છે તે એકાંતિક એક નથી પરંતુ અનેકાંત સ્વરૂપ છે. એક ગુણના પેટાળમાં અનંત નિરંશ અંશો છે. એક ગુણ પર્યાયમાં અનંત અવિભાગ પરિચ્છેદો રહેલા છે. આ રીતે ગુણની સૂક્ષ્મતા તરફ આપણને લઈ જવા માગે છે. તેથી ગુણ પર્યાયની અનેકતાનો આપણે સ્વીકાર કરીએ એવો ભાવ ખ્યાલમાં રાખીને ગુણપર્યાયના બે ભેદ કઈ રીતે સમજાવે છે તે વિચારીએ.

સ્વભાવ પર્યાયમાં આચાર્યદેવ અગુરુલઘુ ગુણની પર્યાય લે છે. અનાદિથી અનંતકાળ સુધીમાં દ્રવ્યની અનંત પર્યાયો થાય છે. એ રીતે દ્રવ્યની એક ખૂબી - એક રચના - એક વ્યવસ્થા માટે તેને એક

સમય મળે. નટ સ્ટેઈઝ ઉપર હાસ્યરસ-શૌર્યરસ વગેરે મુદ્રા દેખાડે ત્યારે તેટલો સમય તે સ્ટેઈઝ ઉપર સ્થિર રહે છે. તેથી આપણને એવો ખ્યાલ આવે કે દ્રવ્ય જયારે પોતાની એક પર્યાય પ્રગટ કરે ત્યારે તે એક સમય માટે સ્થિર રહે. સમય એ કાળનું નાનામાં નાનું માપ છે તેથી ઓછા કાળનો વિચાર શક્ય નથી. પરિણામ એક સમય માટે એકરૂપ રહે છે. તેથી તેના સ્થિરપણાનો ભાવ આપણા ખ્યાલમાં આવે પરંતુ તેમ નથી સર્વજ્ઞના જ્ઞાનમાં દરેક દ્રવ્યની એક સમયની પર્યાયમાં પણ અનેક ષટગુણ વૃદ્ધિ હાનિ થાય છે તે સ્પષ્ટ જણાય છે. છ પ્રકારે વૃદ્ધિ હાનિ થવા છતાં એક સમયના પરિણામો એકરૂપ જ રહે છે. તે વાત આપણા લક્ષમાં રહેવી જરૂરી છે. દૃષ્ટાંતરૂપે વિચારીએ તો કોઈ દ્રવ્યના પરિણામ અસંખ્ય સમય સુધી એકરૂપ રહે તો જ તે આપણા ઈન્દ્રિય જ્ઞાનમાં જણાય છે. અર્થાત્ આપણા જ્ઞાનમાં જે એક પરિણામ ખ્યાલમાં આવે છે તેમાં અંતર્ગત એવા જ પરિણામ અસંખ્ય સમય સુધી થયા છે. અહીં તેનાથી પણ સૂક્ષ્મતાનો વિચાર કરીએ તો કેવળ જ્ઞાનમાં એક સમયના પરિણામ તો જણાય છે પરંતુ તે એક સમયમાં અનેક ષટગુણ હાનિ વૃદ્ધિ પણ થાય છે જે તે જ્ઞાનમાં જાણી શકાય છે. એક સમયમા છ પ્રકારે વૃદ્ધિ તથા હાનિ થાય છે ત્યાં સમયના બાર ભાગ નથી પડતા. દૃષ્ટાંત અનંત ભાગ વૃદ્ધિના પરિણામ પણ એક સમયના છે અને અન્યનો પણ એક સમય જ છે. આપણને ઈલેકટ્રીસીટીમાં જે એસી કરંટ મળે છે તેનો ખ્યાલ કરવાથી સમજાશે કે કયાંક વૃદ્ધિ અને કયાંક હાનિ ભલે થાય પરંતુ આવા અનેક પ્રવાહો ચાલે છે તેનું છેવટનું ફળ તો એકરૂપ પરિણામ જ રહે છે. ષટગુણહાનિમાં 'ગુણ' શબ્દ આવે છે તેથી આપણે જેને ગુણરૂપે ઓળખીએ છીએ તેની વાત હશે એમ લાગે પરંતુ તેમ નથી. અનંત ગુણી અથવા અસંખ્યાત ગુણી એ અર્થમાં શબ્દ વપરાય છે.

ષટ્ગુણ હાનિવૃદ્ધિને અગુરુલઘુ ગુણની પર્યાયરૂપે દર્શાવવામાં આવે છે પરંતુ તે માત્ર તે ગુણ પુરતી જ મર્યાદિત વાત નથી. દ્રવ્ય ગુણ કે નિરંશ અંશ ગમે તે પર્યાયનો વિચાર કરો તો તેની એક સમયની પર્યાયમાં આ પ્રકારે સૂક્ષ્મ પર્યાયનો પ્રવાહ ચાલુ જ રહે છે. અર્થાત્ પરિણામ વિભાગમાં કયાંય સ્થિરતાની વાત કરી શકાય નહીં. આ રીતે એક પર્યાયમાં અનેકતાની વાત આચાર્યદેવે કરી જેથી એક સમયની પર્યાયમાં પણ અંતર્ગત સૂક્ષ્મપ્રવાહ ચાલુ જ રહે છે. દરીયામાં ભરતી અને ઓટ ચાલુ જ છે ત્યાં સ્થિરપણું કયાંય નથી. રેલ્વે સ્ટેશનની મોટી ઘડીયાળમાં અર્ધી મીનીટ થાય ત્યારે કાંટો ખસે ત્યાં સુધી સ્થિર રહે. પર્યાયનું સ્વરૂપ એવું નથી.

વિભાવ પર્યાયનું સ્વરૂપ દર્શાવતા આચાર્યદેવ પુદ્ગલના રૂપની અર્થાત્ સ્પર્શ, રસ-ગંધ વગેરેની અને જીવના જ્ઞાન ગુણની પર્યાયની વાત કરે છે. અહીં વિભાવનો અર્થ દોષ નથી કરવો પરંતુ વિશેષભાવ એવો અર્થ કરવો યોગ્ય છે. સ્વ-પરના કારણે પ્રવર્તતી પૂર્વોત્તર અવસ્થાની તારતમ્યતાની વાત લેવા માગે છે.

જીવ-પુદ્ગલના આ વિશેષગુણો છે તે ગુણો સ્વભાવથી જ અંતર્ગત વિધવિધતા લઈને રહેલા છે. જેને કારણે રંગમાં આછો અને ઘેરો તથા સ્વાદમાં ઓછી વધુ તિખાશ વગેરે રૂપના તરતમ ભેદો જોવા મળે છે. અલ્પજ્ઞ દશામાં સૂક્ષ્મનિગોદના જીવનું જ્ઞાન અને ગણધરદેવનો ક્ષયોપશમ જ્ઞાન તેમાં મોટો તફાવત જોવા મળે છે અને આ મર્યાદામાં અલ્પજ્ઞ જીવોના પરિણામ આવે છે. આ તેના અંતરંગના તરતમ ભેદોની વાત થઈ. એ પરિણામને અન્યના સંગમાં જોતા તેથી પણ વધુ વિશેષતા જોવા મળે છે. જેમ કે જીવ જાણવાનું કામ કરે છે. તેને એકરૂપ ગણીએ તો તે જ્ઞાન કોઈને કોઈ વિષયને જાણે છે. તેથી જ્ઞાનની પર્યાયને જ્ઞેયની સાપેક્ષતાથી જોઈએ તો મતિ-શ્રુત વગેરે ભેદો લક્ષમાં આવે છે.

દૃષ્ટાંતરૂપે સંજ્ઞીપંચેન્દ્રિય જીવ તે પ્રકારનો જ્ઞાનનો ઉઘાડ લઈને આવ્યો છે તે જીવ પોતાના જ્ઞાનમાં ઉઘાડ અનુસાર જાણવાનું કામ કરે છે તે એ અપેક્ષાએ એકરૂપ છે. હવે તે જ જ્ઞાનને તે કયા વિષયને કઈ ઈન્દ્રિય (મન) વડે જાણે છે તે અનુસાર તેમાં ભેદ પડી જાય છે. અહીં પરની સાપેક્ષતાથી થતી પર્યાયોને વિભાવ પર્યાય એવું નામ આપ્યું છે. તે બધી દોષરૂપ છે. એમ કહેવાનો આશય નથી. એકરૂપ પર્યાયને પરની સાપેક્ષતાથી અનેકરૂપ પણું આવી પડે છે એમ કહેવાનો આશય છે.

ટીકામાં આગળ વસ્ત્રનો દૃષ્ટાંત આપવામાં આવ્યો છે. વણકર વસ્ત્ર વણે ત્યારે તેનો પનો ચોક્કસ માપનો રાખે છે અને લંબાઈ જેટલી લેવી હોય તે પ્રમાણે વણતો જાય છે. પનાને ''અવસ્થાયી - સ્થિર રહેતા'' એવા શબ્દથી ઓળખાવવામાં આવે છે. અહીં વિસ્તારમાં ક્ષેત્રની વાત આવે છે પરંતુ સિદ્ધાંતમાં ગુણભેદની વાત લેવામાં આવે છે. ગુણો દ્રવ્યના પુરા ક્ષેત્રમાં અને સર્વ અવસ્થામાં રહેલા હોવાથી તે અપેક્ષાએ તેને વિસ્તારમાં ગણવામાં આવ્યા છે. આ સિદ્ધાંત છ દ્રવ્યોને લાગુ પડે છે. માત્ર અસ્તિકાયરૂપ દ્રવ્યોને નહીં તેથી સિદ્ધાંતમાં ક્ષેત્રની વાત લેવામાં આવતી નથી. વળી ગુણને પણ પર્યાયો છે માટે અહીં વિસ્તાર અને આયત બન્નેની વાત લઈને તે બધુ ગુણાત્મક છે એમ પણ દર્શાવ્યું છે અર્થાત્ ગુણો ત્રિકાળ એકરૂપ રહીને અનાદિથી અનંતકાળની પર્યાયને કરે છે.

દ્રવ્ય પર્યાયમાં અસમાન જાતીય દ્રવ્યપર્યાયનું સ્વરૂપ વસ્ત્રના દૃષ્ટાંતથી સમજાવે છે. રેશમ પાતળુ હોય તેથી તેમાં અસ્તર લગાડીને ઉપયોગમાં લેવામાં આવે છે.બહેનોની સાડીની કિનારી ઉપર ફોલ મૂકવામાં આવે છે વગેરે દૃષ્ટાંતો લઈ શકાય. શાસ્ત્રમાં બે તાકા રેશમ અને સુતરાઉ સાંધીને દ્વિપટિક તાકાનો દૃષ્ટાંત છે ત્યાં આપણને તેના સ્થાને ટેરીકોટનનું દૃષ્ટાંત લેવાનું મન થાય પરંતુ તે દૃષ્ટાંત લાગુ ન પડે. ઉપરોક્ત બે દૃષ્ટાંત લીધા છે તે લાગુ પડે કારણકે ટેરીકોટનમાં તો એક જ તાકો બને છે. ત્યાં ટેરીલીન અને સુતરાઉ એવા બે અલગ તાકાને જોડયા છે એવું લક્ષમાં આવતું નથી. અહીં બે દ્રવ્યોની પર્યાયોના સંબંધ મારફત જીવની પર્યાય અથવા તો પરમાણુની પર્યાય દર્શાવવાનો આશય છે. તેથી રેશમી કાપડ અને તેનું અસ્તર અથવા સાડીનો ફોલ એ દૃષ્ટાંત લાગુ પડે છે.

આખરમાં આચાર્યદેવ કહે છે કે પદાર્થની આ અંતરંગ વ્યવસ્થા ભલી-ઉત્તમ-પૂર્ણ અને યોગ્ય છે બીજી કોઈ નહીં. આ વાત તદ્દન સાચી છે. અણકૃત દ્રવ્ય બંધારણ એ જ યોગ્ય છે. કાંઈ કરવા ધારે તો આ પ્રકારનું બંધારણ બનાવી ન શકે. ખરેખર તો પદાર્થોની આ વ્યવસ્થા જિનાગમ દર્શાવે છે પછી પણ તેનો તે રીતે સ્વીકાર કરવો જીવોને મુશ્કેલ બની જાય છે. ચોથા પદમાં પર્યાયમૂઢ-પરસમય છે તે વાત પછીની ગાથાના અનુસંધાનમાં છે.

## ◆ ગાથા - ૯૪

**પર્યાયમાં રત જીવ જે તે 'પરસમય' નિર્દિષ્ટિ છે;**
**આત્મસ્વભાવેને સ્થિત જે તે 'સ્વકસમય' જ્ઞાતવ્ય છે. ૯૪.**

***જે જીવો પર્યાયમાં લીન છે તેમને પરસમય કહેવામાં આવ્યા છે; જે જીવો આત્માસ્વભાવમાં સ્થિત છે તે સ્વસમય જાણવા.***

આ ગાથામાં આચાર્યદેવ સ્વસમય અને પરસમય એવા બે પ્રકારના જીવના પરિણામોને દર્શાવવા માગે છે. ખ્યાલ રહે કે જીવના બે પ્રકાર નથી. બે પ્રકારની પ્રવૃત્તિઓ છે. સમયસાર શાસ્ત્ર ગા.૨માં પણ આ જ વિષય લેવામાં આવ્યો છે ત્યાં ત્રીજી ગાથામાં તેવી માન્યતામાં બાધા દર્શાવવામાં આવી છે. કોઈ જીવનું હુંપણું પોતાના સ્વભાવમાં હોય અને કોઈ જીવનું હુંપણુ શરીરમાં હોય એમ બને નહીં. હું શરીરરૂપ છું એવી અજ્ઞાનીની માન્યતા હોય શકે પરંતુ તેવી માન્યતા સમયેપણ તેનું હુંપણું

દેહમાં સંભવી શકે નહીં. તે જીવ માન્યતામાં પોતાના મૂળ સ્વભાવથી ખસ્યો છે પરંતુ ત્યાંથી ખસીને તે વિભાવ પર્યાય સુધી આવી શકે છે. તે પરરૂપ તો કયારેય થઈ શકતો નથી.

શરીર તે હું છું એવી જેની માન્યતા છે તે તથા પ્રકારનું જીવન જીવે છે. અર્થાત્ જે દેહને તે ધારણ કરે છે તેને અનુરૂપ એ પોતાનું જીવન ગોઠવી લે છે. નગરશેઠરૂપે બદામનો મેસુબ ખાનાર મરીને સિંહ થાય અથવા સ્વર્ગનો દેવ થાય તો તેને બદામના મેસુબનું કોઈ પ્રયોજન ન રહે. પલંગમાં પોઢનારો જો મરીને ઉંદર થાય તો તે દરમાં રહેવાનું પસંદ કરે છે. તાજુ જન્મેલુ વાછરડું પોતાની મેળે ગાયના આંચળ સુધી પહોંચી જાય છે. આ રીતે ચાર ગતિમાં પરિભ્રમણ કરી રહેલો જીવ પોતે જીવ છે એ વાત ભૂલીને મનુષ્ય ઉચિત વ્યવહાર કરવા લાગે છે. તેવી પ્રવૃતિને એ યોગ્ય ઠરાવે છે.

અજ્ઞાની જીવ અનાદિકાળથી એ પ્રકારની પરસમય પ્રવૃતિ કરતો આવ્યો છે. તેણે કયારેય પોતાના જીવરૂપના આચરણને સેવ્યું નથી. દેહના ગુલામરૂપે ગુલામી માનસ વડે એ ટેવાય ગયો છે. તેને માટે તે પ્રમાણે વર્તવું સહજ થઈ ગયું છે. એટલે સુધી કે જ્ઞાયકને શોભે એવું આચરણ કેવું હોય તેનો તેને ખ્યાલ પણ નથી અને ખરેખર એ પ્રકારનું જીવન જીવવાની તેને તૈયારી પણ નથી. જીવે જયારે શરીરમાં હુંપણું માન્યું છે ત્યારે તેને અન્ય અનેક પરદ્રવ્યોમાં મમત્વ અને હિતબુદ્ધિ અવશ્ય હોય છે. આ રીતે શરીર અને શરીરને પ્રાપ્ત દ્રવ્ય ઈન્દ્રિયો મારફત એ બાહ્યની દુનિયામાં ફરવા-રખડવા લાગી જાય છે. આ ગાથામાં આચાર્યદેવ આવા બે પ્રકારના જીવોનું વર્ણન કરે છે.

ગા.૯૩ના ચોથા પદમાં પર્યાયમૂઢ તે પરસમય છે એમ લીધુ છે ત્યાં પર્યાયમૂઢ શબ્દથી તે જીવ પોતાને પર્યાય જેવડો જ માને છે એવો અર્થ કરવાનું મન થાય. પોતે દ્રવ્યપર્યાયરૂપ હોવા છતાં પોતાને તે રૂપે ન માનતા માત્ર પર્યાયનો સ્વીકાર કરે છે અને દ્રવ્યસામાન્યને નથી માનતો એવો ભાવ આવે. અર્થાત્ ત્યાં બૌદ્ધની માન્યતા છે એવું લાગે પરંતુ અહીં એ પ્રકારનો અર્થ નથી લેવો. અહીં તો પર્યાય શબ્દથી અસમાન જાતીય વિભાવ વ્યંજન પર્યાયની વાત લેવી છે. જેમકે હું મનુષ્ય છે. ત્યાં જીવ અને મનુષ્યદેહને એક માનીને તેમાં હુંપણું અજ્ઞાનીએ માન્યું છે. તેવા જીવને પર્યાયમૂઢ ગણ્યા છે. તેવા જીવને પોતે શરીરથી વર્તમાનમાં પણ અત્યંત ભિન્ન છું એવો ખ્યાલ નથી. એવું જુદાપણું તે લક્ષમાં લેતો નથી. લેવા માગતો નથી.

આચાર્યદેવ આ અસમાનજાતીય વિભાવ વ્યંજન પર્યાયમાં હુંપણું માનવું તેને ''સકળ અવિદ્યાઓનું મૂળ'' દર્શાવે છે. અવિદ્યા અર્થાત્ અજ્ઞાન. અનાદિ સંસારનું આ એક મૂળ છે. મિથ્યાત્વ અને અજ્ઞાનની ભૂમિકામાં અનંત સંસારનું બીજ રહેલું છે. જેણે શરીરમાં હુંપણું માન્યુ છે તેને ફરી ફરીને દેહની પ્રાપ્તિ થયા કરે છે. દેહની પ્રાપ્તિ સાથે જન્મ - મરણ અને અનેક પ્રકારના સંયોગજન્ય દુઃખ સંકળાયેલા જ છે.

અહીં કહે છે કે જેને આવી વિપરીત માન્યતા પડી છે. તે દૂર થવી મુશ્કેલ છે. છે તો અગૃહિત મિથ્યાત્વ પરંતુ અનાદિકાળથી ધારા પ્રવાહરૂપ ચાલુ રહ્યું છે. તે ઊંધી માન્યતાનું જોર એવું છે કે તેને સાચી વાત સમજવા ન દે. પૂર્વના પ્રારબ્ધ અનુસાર કદાચ જિનવાણી તેના કાને પડે તોપણ તે આત્માના ભિન્ન અસ્તિત્વનો સ્વીકાર કરવા તૈયાર થાય નહીં. આંધળા લંગડાની જોડીની માફક. શરીર (આંધળુ) અને જીવ (લંગડો). પણ એવા એક જેવા પરસ્પર આધારિત જણાય છે કે જીવ અને દેહનું અત્યંત ભિન્નપણું તેને માન્ય થતું નથી. જીવ ચાલ્યો જાય ત્યારે શરીર નકામું થાય છે તે બધાને અનુભવમાં આવે છે. શરીરને પ્રાપ્ત ઈન્દ્રિયોનો ઉપયોગ ન કરે

તો જીવ એકલો પોતાની મેળે જ્ઞાન કે સુખનું કાર્ય કરી શક્તો નથી. આ પણ પ્રત્યક્ષ અનુભવની વાત છે. તેથી જીવ અને શરીરના ભિન્નપણાનો ગમે તેટલો ઉપદેશ સાંભળે, તે અંગે ગમે તેટલા ન્યાય યુક્તિઓ સાંભળે, વાંચે, વિચારે તોપણ જીવ એકલો પોતાની મેળે સ્વતંત્ર જીવન જીવી શકે છે તે વાત તેને ગળે ઉતરતી નથી. તે જીવ અને શરીરના જુદાપણાની વાતો પણ કરવા લાગે. કદાચ એ માટે પોતે ન્યાય-યુક્તિ પણ દર્શાવે, સંભવ છે કે એની વાત સાંભળીને કોઈ જીવ પૂર્વના ઉપદેશના સંસ્કારને તાજા કરીને આત્મકલ્યાણ કરી પણ લે તેમ છતાં આ અજ્ઞાની જીવ ભેદ જ્ઞાનનો પ્રયોગ કરશે નહીં.

જીવ અને શરીર અત્યંત જુદા રહીને એક જેવા દેખાય છે પરંતુ તે બન્નેનું ભિન્નપણું આને ભાસતું નથી. તે તો જીવ અને શરીરના એકપણામાં જ બળ ધારણ કરે છે. જીવ અને દેહના એકપણારૂપ ભાવમાં જ તે એકાંત કરે છે. આ રીતે તે નિરંકુશ એકાંત દૃષ્ટિનો ધારક થાય છે. તેમ થતાં તે મનુષ્ય દેહને અનુરૂપ કાર્ય કરે છે. જેને શરીરમાં હુંપણું છે તેને અન્ય દ્રવ્યોમાં મારાપણાનો ભાવ હંમેશા હોય છે. જ્યાં હુંપણું અને મારાપણું હોય છે. અર્થાત્ પોતાના જ્ઞાયક સ્વભાવને ભૂલીને જેને પરમાં મમત્વ હોય છે તેને પરના કાર્ય હું કરું અને તેને હું ભોગવું એવી માન્યતા અવશ્ય હોય છે. પરના કાર્ય હું કરી શકું છું તેવી માન્યતા અનુસાર તેને તે પ્રકારે કરવાની ઈચ્છા-ભોગવવાની ઈચ્છા વગેરે અવશ્ય હોય છે. તેને ક્રિયાકલાપ શબ્દથી અહીં વર્ણવવામાં આવ્યો છે. જીવની વર્તમાન ઈચ્છા અનુસાર સંયોગો આવતા નથી. ટકતા નથી, ભોગવાતા નથી. દૂર થતાં નથી. તેથી તે સંયોગોના લક્ષે રાગ-દ્વેષ કરે છે. ખરેખર તો તે સમયે તે જીવ દ્રવ્યકર્મ-ઘાતિકર્મોના ઉદયમાં જોડાયને રાગ દ્વેષ કરે છે અને એવા ભાવ પૂર્વક તે બાહ્ય સંયોગોને ખતવે છે.

આ રીતે જેણે શરીરમાં હુંપણું માન્યું છે તે શરીરને પ્રાપ્ત ઈન્દ્રિયો મારફત બાહ્ય સંયોગોમાં જોડાયને પોતાના પરિણામમાં રાગ-દ્વેષ કરે છે. જીવની આવી મોહ-રાગ-દ્વેષ યુક્ત પરિણતિને પરસમય પ્રવૃતિ કહેવામાં આવે છે. ઉપલક્ષણથી તે જીવ પરસમય જીવ કહેવાય છે.

હવે જ્ઞાનીનું વર્ણન કરે છે. તેણે જ્ઞાયક સ્વભાવને જાણ્યો છે. તેમાં હુંપણું સ્થાપ્યું છે. શરીર અને સંયોગોથી ભેદજ્ઞાન કરીને તેણે જ્ઞાયકમાં હુંપણું સ્થાપ્યું છે. જીવને અનુરૂપ હવે તેનું આચરણ છે. જે સ્વસમય પ્રવૃત્તિ એવું નામ પામે છે. પોતાના અસલ સ્વભાવમાં હુંપણું સ્થાપવું તેને સકળ વિદ્યાનું મૂળ દર્શાવ્યું છે. જેને શરીરમાં હુંપણું હતું તે સકળ અવિદ્યાનું મૂળ હતું. જયારે જ્ઞાયક ભાવમાં હુંપણું સ્થાપે છે ત્યારે તેના ભાવો જ્ઞાનમય છે. અજ્ઞાનમય પ્રવૃત્તિ અટકી ગઈ. જ્ઞાયકની માગણી અનુસાર હવે તે વિશ્વનો ઉદાસીન જ્ઞાતા રહે છે.

જીવ અને શરીરને એક માનવારૂપ જે એકાંતદૃષ્ટિ હતી તેના સ્થાને જીવ અને દેહ વચ્ચે અસ્તિ નાસ્તિ છે એવું અનેકાંતનું જ્ઞાન તેને થાય છે. આવા અસ્તિ-નાસ્તિરૂપ અનેકાંત વસ્તુ સ્વરૂપને



લક્ષમાં લેતા જીવ અને શરીરને એક માનવારૂપ એકાંત દૃષ્ટિના આગ્રહો મંદ થાય છે. પોતાની ચોવીસ કલાકની પ્રવૃત્તિમાં કેટલા જીવના કાર્યો અને કેટલા શરીરના કાર્યો એવા ભેદનો વિચાર કરવા લાગે તો તેવા ભેદ સહજરૂપે સમજાય જાય એવા છે. ત્યારબાદ દરેકના સ્વાભાવિક પરિણામો અને નૈમિત્તિક કાર્યો એવા પેટાભેદ પાડે તો તે પ્રકારની વિચારણા તેને ભેદજ્ઞાનમાં ઉપયોગી થાય છે.

સ્વાભાવિક પરિણામ સ્વતંત્ર છે. નૈમિત્તિક પરિણામ સાપેક્ષ છે. શરીરના કાર્યને જાુદુ પાડીને જીવ વર્તમાનમાં જે રાગ-દ્વેષ વગેરે વિભાવ ભાવ કરે છે તે દોષિત પરિણામ છે. જયારે માત્ર જ્ઞાતાદૃષ્ટા સાક્ષીભાવે જાણવું તે સ્વાભાવિક કાર્ય છે. આ રીતે વિચારતા તેને ખ્યાલ આવે છે કે ચાલુ જીવનમાં જીવને ભાગે તો મુખ્યપણે સમજણ જ છે. સંયોગોને અનુકૂળ પ્રતિકૂળ માનીને રાગ દ્વેષ કરે છે તે ખરેખર વ્યર્થ છે. જીવને ભાગે તો બધી પ્રવૃતિ સમયે સમજણ જ છે. તે જ કરવા જેવી છે અર્થાત્ પર સાથેના મમત્વને હિતબુદ્ધિ છોડીને માત્ર જ્ઞાતાભાવે જાણવાનું જ પ્રયોજનવાન છે. જીવ જો રાગ દ્વેષ ન કરે તો તેને બાહ્ય ક્રિયામા જોડાવાપણુ પણ ન રહે. તેની કર્તાબુદ્ધિનો નાશ થાય અને જ્ઞાતાભાવ પ્રગટ થાય. તેથી જ્ઞાનીને ક્રિયાકલાપ અટકી જાય છે. એ જ્ઞાનીને પરમાત્મદશા પ્રગટ થતાં સુધીમાં જેટલા ભવ બાકી રહે છે તે ભવમાં તે દેહ પ્રત્યે તેને આસક્તિ નથી. તે તેનાથી જાુદો જ રહે છે. દૃષ્ટાંત આપે છે તે સમયમાં ઘરમાં એક જ દીપક રહેતો જે ઓરડામાં કામ હોય ત્યાં તેને લઈ જવામાં આવે દીપકને ઓરડા સાથે કાંઈ નિસ્બત નથી. તેમ જીવ માત્ર અન્ય શરીરો જ ધારણ કરે છે પરંતુ તેમાં તેને મમત્વ નથી. અજ્ઞાન અવસ્થામાં હું પરનું કાર્ય કરું છું એવી માન્યતા સમયે પણ તેને ભાગે તો સમજણ જ હતી. તે સમયે શરીર તેનું કાર્ય કરતું હતું અને અન્ય સંયોગો તેના પરિણામના પ્રવાહ ક્રમમાં ચાલ્યા જતા હતા. જ્ઞાની થાય છે ત્યારે તેને જીવના-શરીરના અને સંયોગોના બધાના અલગ સ્વતંત્ર પ્રવાહો ખ્યાલમાં રહે છે તેથી સંયોગો સાથે રાગ ભાવથી ન જોડાતા માત્ર જ્ઞાતાભાવે પરિણમે છે. આ સ્વસમય પ્રવૃતિ છે. તે જીવ-સ્વસમય જીવ છે. આ રીતે વિચારતા અજ્ઞાન છોડીને જ્ઞાની થવા જેવું છે. પરસમય પ્રવૃત્તિનું ફળ અનંત સંસાર છે. સ્વસમય પ્રવૃત્તિનું ફળ સાદિ અનંત મુક્તિ છે.

જિનાગમ અલગ પ્રવૃત્તિઓને લક્ષમાં લઈને સ્વસમય-પરસમય પ્રવૃત્તિ એવા ભેદ પાડતું નથી પરંતુ અજ્ઞાની જીવના બધા પરિણામોને પરસમય પ્રવૃત્તિ કહે છે અને જ્ઞાનીના બધા પરિણામોને સ્વસમય પ્રવૃત્તિ કહે છે. અજ્ઞાની ધ્યાનમાં બેઠા હોય, તેણે દ્રવ્યલિંગ ધારણ કર્યું હોય, તો પણ તે બધી પરસમય પ્રવૃત્તિ છે. જયારે જ્ઞાની અસ્થિરતાના રાગમાં ઊભા હોય તોપણ તેની સ્વસમય પ્રવૃત્તિ છે એવા ભેદ દર્શાવવા માગે છે. જીવ અનાદિનો અજ્ઞાની છે માટે તેની પરસમય પ્રવૃત્તિ છે. તે હેય છે એમ માનીને છોડવા જેવી છે. સ્વભાવમાં હુંપણું સ્થાપીને સ્વસમય પ્રવૃત્તિ કરવા જેવી છે. અહીં જવાબદારી છે. એકવાર ભેદજ્ઞાનનો પ્રયોગ કરીને સ્વસમય પ્રવૃત્તિ શરૂ થાય પછી તેનું ફળ મુક્તિ જ છે. તે જીવ સંસાર અવસ્થામાં પછી રહી શકતો નથી. વળી સાધકને થોડા સમય માટે સાધક દશાના કાળમાં થોડી પરસમય અને થોડી સ્વસમય પ્રવૃત્તિ હોય છે એમ ન વિચારવું. જીવે પોતાનું હુંપણું ક્યાં માન્યુ છે તેના ઉપર વજન છે. તે શું કરે છે તે ગૌણ છે. તેથી જ્ઞાની અને અજ્ઞાની એવા બે ભેદ જ લક્ષમાં લેવા જેવા છે.

શાસ્ત્રમાં મુનિને પણ સૂક્ષ્મ પરસમય પ્રવૃત્તિ હોય છે એવું કથન આવે છે. ત્યાં મુનિ તો આત્માની ઉગ્ર આરાધના કરવા નિકળ્યા છે તેને સ્હેજ પણ બાહ્યમાં લક્ષ જાય તે ન પોસાય એવો ભાવ દર્શાવવા માટેના કથન છે. ગાડામાંથી પડી જાય તો થોડું

છોલાય છે. જયારે પ્લેઈન ક્રેશ થાય તો મોત જ છે. દૃષ્ટાંત : સહદેવ અને નકુળને મારણાંતિક ઉપસર્ગ સમયે મોટા ભાઈઓ (સાધર્મી મુનિઓ) તરફ સહેજ લક્ષ ગયું ત્યાં બે ભવ વધી ગયા. અન્ય ત્રણ તો સમાધિમાં રહીને મોક્ષે ગયા. તેથી આ પરસમય પ્રવૃત્તિ કહેવા પાછળનો આશય આપણા ખ્યાલમાં રહેવો જોઈએ.

### ◆ ગાથા - ૯૫

**છોડયા વિના જ સ્વભાવને ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત છે,**
**વળી ગુણ ને પર્યય સહિત જે, 'દ્રવ્ય' ભાખ્યું તેહને. ૯૫.**

***સ્વભાવને છોડયા વિના જે ઉત્પાદ-વ્યય-ધ્રોવ્ય સંયુક્ત છે તેથી ગુણવાળુને પર્યાય સહિત છે, તેને 'દ્રવ્ય' કહે છે.***

આચાર્યદેવ આ ગાથામાં ફરી મૂળ દ્રવ્યબંધારણનો વિષય ચાલુ રાખે છે. ૯૩ અને ૯૫ ગાથામાં વચ્ચે ૯૪મી ગાથા કેવી રીતે આવી તેનું આશ્ચર્ય જરૂર થાય. તે ગાથાને મૂળ વિષય સાથે કાંઈ સંબંધ નથી એવું લાગે પણ ખરું પરંતુ શાંતિથી વિચારતા ખ્યાલ આવશે કે એ ગાથા દ્વારા આચાર્યદેવ દ્રવ્યબંધારણના અભ્યાસનું પ્રયોજન આપણને સમજાવવા માગે છે. આશય એ છે કે જેને નિજ કલ્યાણ કરવાની ભાવના જાગે છે તેને માટે દ્રવ્ય બંધારણનો અભ્યાસ અત્યંત આવશ્યક છે. તેમાં પાયાના સિદ્ધાંતો ભરેલા છે.

ગા.૯૩માં આચાર્યદેવ પદાર્થ દ્રવ્ય ગુણ પર્યાય સ્વરૂપ છે એવું દર્શાવી ગયા છે. તેમાં દ્રવ્યને ગુણ અને પર્યાયો સાથે કેવો સંબંધ છે તે વાત લીધી છે. દ્રવ્ય અનંત ગુણાત્મક છે, દ્રવ્યમાં બધા પરિણામોને પહોંચી વળવાની શક્તિ છે વગેરે વાત ત્યાં લીધી છે. દ્રવ્યપર્યાયને અન્ય દ્રવ્યો સાથના સંબંધ મારફત દર્શાવી છે. જયારે સ્વાભાવિક ગુણપર્યાયમાં તે પર્યાયના પેટાળમાં અવાંતર સત્તારૂપે ઘણું ભર્યું છે એ બધું આપણે જાણ્યું. આ ગાથામાં આચાર્યદેવ ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એવા ત્રણ શબ્દોની ઓળખાણ કરાવે છે. પદાર્થને દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપે વિસ્તારથી જોઈ શકાય છે. તે જ પ્રમાણે તેને ઉત્પાદ-વ્યય અને ધ્રુવરૂપે પણ જોઈ શકાય છે. બન્ને પ્રકારની અપેક્ષાઓને અલગ રાખીને જ અભ્યાસ કરવાથી તેની સ્પષ્ટતા થાય છે.

ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તમ્ સત્ એવી એક વ્યાખ્યા છે. તેનો વિસ્તાર કરતાં પહેલા અહીં આચાર્યદેવે મૂળ ગાથામાં જે શબ્દનો પ્રયોગ કર્યો છે તેનો વિચાર કરીએ. ગાથાનું પહેલું પદ તે પૂર્વાધ છે.

## છોડયા વિના જ સ્વભાવને

આચાર્યદેવ આ પૂર્વશરત મૂકે છે તેનો ધ્યાનપૂર્વક સ્વીકાર કરવો યોગ્ય છે. દ્રવ્યનું અખંડપણું રાખીને પછી જ ભેદનો વિચાર કરવાનો છે. ભેદમાં જતાં જો અભેદ સ્વભાવ ભૂલાય જાય તો નકામું છે. સ્વભાવની સલામતી રાખીને પછી જ આગળ વિચારવાનું છે. વસ્તુ અનેકાંત સ્વરૂપ છે તે વાત સાચી છે તે જ પ્રમાણે તેનું અભેદ-અખંડપણું પણ એટલું જ સાચું છે. ખરેખર વિચારીએ તો આચાર્યદેવ આ ગાથામાં દ્રવ્યના અખંડપણા ઉપર જ વજન દેવા માગે છે. તે યોગ્ય જ છે. વસ્તુના અખંડપણાને પ્રથમ લક્ષમાં લીધા પછી જ તેના ભેદ સારી રીતે સમજી શકાય છે. આપણું જ્ઞાન ગુણ ભેદને જ સીધા લક્ષમાં લઈ શકે છે. આપણે સીધી સાકર જાણી નથી શકતા.ગળપણ દ્વારા જ સાકર સુધી પહોંચી શકીએ છીએ. આપણે જે કોઈ સંયોગી પદાર્થોનો વપરાશ કરીએ છીએ. તે બધા પહેલા સ્પેર પાર્ટસરૂપે હોય છે અને પછી જ તેમાંથી વસ્તુ બને છે. મોટરના સ્પેરપાર્ટસ બનાવવામાં આવે છે અને પછી તેમાંથી મોટર તૈયાર કરવામાં આવે છે. તેથી આપણને એમ લાગે કે પહેલા ભેદને જાણીએ

અને પછી અભેદમાં જઈએ. પરંતુ તે યોગ્ય નથી. વિચાર કરશો તો ખ્યાલ આવશે કે મોટરનો ખ્યાલ કર્યા બાદ જ તેના સ્પેર પાર્ટસ બનાવીને જોડવામાં આવે છે. મોટરના ખ્યાલ વિના માત્ર સ્પેર પાર્ટસ પહેલા બનાવવા એ રીત નથી. સિદ્ધાંતમાં વસ્તુના અખંડપણાને ખ્યાલમાં લેવાથી જ તેના ભેદ વચ્ચેના સંબંધો સારી રીતે સમજી શકાય છે. ગા.૯૩ના અભ્યાસમાં આપણે એ વાત ખ્યાલમાં લીધી છે કે અનંતગુણો એકબીજા સાથે સંબંધમાં ગૂંથાયેલા છે તે જ દ્રવ્યનું સ્વરૂપ છે. ગુણો વચ્ચેના સંબંધો અવશ્ય છે પરંતુ તે સંબંધના કારણો તો દ્રવ્યની સત્તાને આધારિત છે. તેથી દ્રવ્યના સ્વભાવને લક્ષમાં લીધા પછી જ આ બધા ભેદ સારી રીતે સમજી શકાય છે માટે આચાર્યદેવ જેટલા કોઈ ભેદની વાત કરવા માગે છે તે વસ્તુનું અખંડપણું સ્થાપીને પછી જ કરે છે. ટીકામાં કહે છે કે દ્રવ્ય-ઉત્પાદ-વ્યય-ધ્રુવ વડે લક્ષિત થાય છે. તે દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ વડે પણ લક્ષિત થાય છે. પદાર્થમાં દ્રવ્ય-ગુણ પર્યાય અને ઉત્પાદ-વ્યય-ધ્રુવ એવા છ શબ્દો આવે છે. બાદમાં તો તે બધાનો વિસ્તાર છે.

દ્રવ્યના સ્વભાવને આચાર્યદેવ અસ્તિત્વ સામાન્યરૂપ અન્વય એવા શબ્દ દ્વારા ઓળખાવે છે. આપણે અભેદ અને ભેદ એવા શબ્દોથી પરિચિત છીએ. અહીં અભેદને સામાન્ય અને ભેદને વિશેષ એવા શબ્દોથી સમજાવવામાં આવે છે. ગુણભેદ અને પર્યાયભેદ એ બે પ્રકારના વિશેષો છે. તે બન્નેમાં સામાન્ય તત્ત્વ તો દ્રવ્ય જ છે. ગુણોનું અભેદપણું એવું જે દ્રવ્ય તે જ પર્યાયનું પણ અભેદપણું જ છે. સામાન્ય અને વિશેષની જેમ અન્વય અને વ્યતીરેક શબ્દો પણ વાપરવામાં આવે છે. અન્વય એકરૂપતા દર્શાવે છે. જયારે વ્યતીરેક વિધવિધતા દર્શાવે છે. દ્રવ્ય પોતે અનાદિથી અનંત કાળ સુધીની પર્યાયરૂપે થાય છે. સોનામાંથી જ હાર બને છે. ઘડામાં માટી જ ફેલાયેલી છે. તેથી અહીં દ્રવ્ય પોતે અપેક્ષા ફેરવીને વિચારતા ગુણભેદરૂપે અને પર્યાયના ભેદરૂપે જણાય છે તેથી અહીં દ્રવ્યને અસ્તિત્વ સામાન્યરૂપ અન્વય એવા શબ્દથી ઓળખાવવામાં આવે છે.

**અસ્તિત્વ :-** આચાર્યદેવ બે પ્રકારના અસ્તિત્વ દર્શાવે છે. સ્વરૂપ અસ્તિત્વ અને સાદૃશ અસ્તિત્વ. અહીં પદાર્થના અસ્તિત્વને સ્વરૂપ અસ્તિત્વ એવું નામ આપવામાં આવે છે. આ રીતે આ શબ્દ પદાર્થના અખંડપણાનું સુચક છે. તેમાં દ્રવ્ય-ગુણ-પર્યાય તથા ઉત્પાદ-વ્યય-ધ્રુવ એ બધું આવી જાય છે. પછીની ગાથાઓમાં આનો વિસ્તાર કરશે. વિશ્વના બધા પદાર્થો ભિન્ન છે. તે પદાર્થો અનંત છે, તેથી વિશ્વમાં અનંત સ્વરૂપ અસ્તિત્વો છે.

હવે આચાર્યદેવ દ્રવ્યમાં રહેલા અનંત ગુણોમાંથી થોડાનું વર્ણન કરે છે. **અસ્તિત્વ**ની વાત પ્રથમ લીધી છે. પદાર્થ વિદ્યમાન હોય તો જ તેના વિશેષ વર્ણન થઈ શકે માટે અનંત ગુણોમાં તેને પ્રાધાન્ય આપ્યું છે. છ પ્રકારના દ્રવ્યો તેના અસાધારણ ગુણો દ્વારા ઓળખાય છે. અહીં તેનું પ્રયોજન નથી. અહીં તો દ્રવ્યનું સામાન્ય સ્વરૂપ સમજવું છે તેથી પ્રથમ આ અસ્તિત્વ ગુણને યાદ કર્યો.

**નાસ્તિત્વ :-** અસ્તિવના પ્રતિપક્ષી ધર્મરૂપે નાસ્તિત્વ લેવામાં આવે છે. દરેક પદાર્થ પોતાથી સત્‌મય છે અને અન્ય સમસ્ત દ્રવ્યોનો તેમાં અભાવ છે. અન્ય દ્રવ્યનારૂપે ન હોવાપણું એવો નાસ્તિરૂપ ધર્મ કહ્યો છે. શૂન્ય પણ સત્‌ના પ્રતિપક્ષમાં લેવામાં આવે છે. શૂન્ય અને નાસ્તિત્વમાં મોટો તફાવત છે. વિશ્વમાં શૂન્યને તો ક્યાંય સ્થાન મળતું જ નથી. જયારે જે અન્યનો એક દ્રવ્યમાં અભાવ-નાસ્તિપણું દર્શાવવામાં આવે છે તે દ્રવ્યો તો વિશ્વમાં વિદ્યમાન છે. તે અભાવરૂપ નથી. નાસ્તિત્વનો આ પ્રકારે વિચાર કર્યા બાદ દરેક પદાર્થમાં કેટલાક નાસ્તિરૂપ ધર્મો અસ્તિપણે રહેલા છે, દરેક પદાર્થમાં તેનો

અસાધારણ ધર્મ હોય છે. જેમકે રૂપીપણું એને પુદ્ગલનો અસાધારણ ધર્મ છે. તો અન્ય પાંચ દ્રવ્યોમાં અરૂપીપણારૂપ નાસ્તિરૂપ ધર્મ રહેલ છે. જીવ ચેતન સ્વભાવી છે તો અન્ય દ્રવ્યોમાં અચેતનપણારૂપ નાસ્તિરૂપ ધર્મ રહેલ છે. આ રીતે નાસ્તિત્વ ધર્મને બે પ્રકારે ખ્યાલમાં લઈ શકાય છે અને તે બન્ને અપેક્ષાઓ લક્ષમાં રાખવા યોગ્ય છે.

**એકત્વ :-** આ એક અપેક્ષિત કથન છે. દરેક પદાર્થ સ્વથી એકત્વરૂપ છે. વસ્તુના અનેકાંત સ્વરૂપને સમજાવવા માટે જે એક છે તે એકાંતિક એક નથી પરંતુ અનેકાંત સ્વરૂપ છે માટે તે એકત્વરૂપ છે. વસ્તુના અનંત ધર્મો માત્ર સમૂહરૂપે એક નથી પરંતુ તે અનંતધર્મો એકબીજા સાથે તાદાત્મ્યરૂપ છે. તેથી ''ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે'' એમ કહેવાને બદલે ''ગુણોના સમૂહના એકત્વને દ્રવ્ય કહે છે'' તે પ્રકારે લેવાથી સ્પષ્ટતા વધે છે. સ્વથી એકત્વ એવું બધા પદાર્થોનું સ્વરૂપ છે. એકત્વ તે ગુણ નથી.

**અન્યત્વ :-** પરથી ભિન્નપણા માટે પૃથકત્વ શબ્દ વાપરવામાં આવે છે. એક દ્રવ્યમાં અનંત ધર્મોના જે ભેદ પડે છે તેને અતદ્ભાવરૂપ અથવા અન્યત્વરૂપ ગણવામાં આવે છે. એક પદાર્થને અભેદ દૃષ્ટિથી જોતા ત્યાં એકત્વ લક્ષમાં આવે છે. તેને જ ભેદ દૃષ્ટિથી જોતા ત્યાં અન્યત્વ ખ્યાલમાં આવે છે.

**દ્રવ્યત્વ :-** પદાર્થને એકત્વરૂપે જોતા ત્યાં દ્રવ્ય લક્ષગત થાય છે અને તે જ પદાર્થને અન્યત્વરૂપે જોતા ત્યાં ભેદ ખ્યાલમાં આવે છે.

**પર્યાયત્વ :-** એપણ એક અપેક્ષિત કથન છે. પર્યાય શબ્દથી દ્રવ્યનું ક્ષણેક્ષણે જે નવું રૂપ જોવા મળે છે તે પર્યાય છે. આ પદાર્થનું અનિત્ય સ્વરૂપ છે. પર્યાય શબ્દ દ્વારા ભેદ પણ દર્શાવવામાં આવે છે. બે નયના કથનમાં એક પર્યાયાર્થિક નય છે. તે નયનો વિષય પર્યાય તો છે જ પરંતુ ગુણના ભેદો પણ પર્યાયાર્થિક નયના વિષય થાય છે.

**અસર્વગતત્વ :-** આ શબ્દને એકત્વના અર્થમાં લઈ શકાય. ખરેખર તો ત્યાં પ્રભુત્વ શક્તિ દર્શાવવાનો ભાવ છે. આ રીતે તે ''સ્વથી એકત્વ'' ના ભાવથી જુદો પડે છે. જ્યાં પ્રભુત્વનો વિચાર કરીએ ત્યાં દ્રવ્ય-ગુણ અને નિરંશ અંશો બધા પોતાના સ્વભાવને ધારણ કરીને રહેલા છે. તે બધા સ્વતંત્રતાથી શોભાયમાન છે. એક દ્રવ્યમાં આ બધા નિરંશ અંશો અંતર્ગત છે તો પણ બધા પોતાનું પ્રભુત્વ જાળવીને રહેલા છે. પદાર્થના દરેક ગુણ ''નિર્ગુણ'' રૂપ છે. અર્થાત્ એક ગુણનો જેવો સ્વભાવ છે તેવો સ્વભાવ એ દ્રવ્યમાં અન્ય કોઈ ગુણનો નથી. દૃષ્ટાંતઃ જીવમાં જ્ઞાનગુણ એક જ છે. જાણવાનું કાર્ય એ જ્ઞાનગુણ સિવાય અન્ય કોઈ ગુણ ન કરે આ તેની સ્વતંત્રતા છે. આ તેનું જુદાપણું છે. સમયસાર શાસ્ત્રમાં પ્રભુત્વ શક્તિનું વર્ણન કરતાં તેને સ્વતંત્રતાથી શોભાયમાન કહ્યું છે. તેથી માત્ર એક પદાર્થ અન્ય દ્રવ્યોથી જુદો છે એટલું જ પર્યાપ્ત નથી. અસર્વગતત્વપણુ ગુણોને અને નિરંશ અંશોને પણ લાગુ પડે છે.

**સર્વગતત્વ :-** પ્રભુત્વ શક્તિની સાથે વિભુત્વ શકિત પણ દર્શાવવમાં આવી છે. ત્યાં ''સર્વધર્મ વ્યાપકત્વ એવી વિભુત્વ શક્તિ'' એ રીતે વ્યાખ્યા બાંધવામાં આવી છે. એક પદાર્થમાં રહેલા એક નિરંશ અંશને અસર્વગતત્વ અપેક્ષાએ પોતાનું સ્વતંત્રપણુ ખ્યાલમાં લીધા બાદ એ નિરંશ અંશ આખા દ્રવ્યમાં વ્યાપેલો છે. એક ગુણરૂપે અલગ છે પરંતુ અભેદ વિવક્ષામાં દ્રવ્ય અને ગુણનું એકપણું લક્ષમાં લેતાં આત્મા ચેતન સ્વરૂપ કહેવામાં આવે છે. આ રીતે આત્માને જયારે ચેતન સ્વભાવી કહીએ છીએ ત્યારે આત્માના અનંત ગુણો ચેતનવંત છે અને બધા ગુણોની પર્યાયો પણ ચેતનમય કહેવાય છે. અર્થાત્ એક ચેતન ગુણને અસર્વગતરૂપે જોયા પછી તે ચેતનગુણ જીવમાં તેના અનંતગુણોમાં અને અન્ય અનંત પર્યાયોમાં વ્યાપે છે. આ એનું સર્વગત્વપણું છે.

એક દ્રવ્યમાં આ રીતે સર્વગતત્વપણું લક્ષમાં લેવા માટે આપણે નિરંશ અંશથી વિચારણા શરૂ કરવી જરૂરી બને છે. એકવાર દ્રવ્યના અંતરંગનો આ પ્રકારે વિચાર કર્યા પછી સર્વગતત્વનો બીજી રીતે પણ વિચાર કરી શકાય છે. સર્વજ્ઞના જ્ઞાનને સર્વગત કહેવામાં આવે છે. જ્ઞાન સર્વગત છે માટે આત્મા પણ સર્વગત માન્ય કર્યો છે. વિશ્વના બધા પદાર્થો એકબીજા સાથે કોઈને કોઈ પ્રકારના નિમિત્ત નૈમિત્તિક સંબંધથી જોડાયેલા છે. આ રીતે કોઈ પણ દ્રવ્યના કાર્યને વિશ્વવ્યાપી સંબંધમાં જોઈ શકાય છે. આ તેનું સર્વગતપણું છે. આ પ્રમાણે અસર્વગતત્વ એ પ્રભુત્વ શક્તિને અને સર્વગતત્વ એ વિભુત્વ શક્તિને દર્શાવે છે.

**સપ્રદેશત્વ :-** આ લક્ષણ અસ્તિકાયપણું દર્શાવે છે. છ દ્રવ્યોમાં આકાશ, જીવ, ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ ચાર દ્રવ્યોના પ્રદેશોની સંખ્યા એકથી અધિક હોવાથી તેને અસ્તિકાય કહેવામાં આવે છે. પુદ્ગલ પરમાણુ અને કાળ દ્રવ્યને અધિક પ્રદેશો નથી તેથી તેઓ અસ્તિકાય નથી. પુદ્ગલમાં સ્કંધની રચના થાય છે. સ્કંધમાં અનેક પરમાણુઓ જોડાયેલા છે. તેથી તેને અસ્તિકાયમાં ગણીને પાંચ અસ્તિકાયો છે. એમ વર્ણન કરવામાં આવે છે. તેને અહીં 'સપ્રદેશત્વ' શબ્દથી વર્ણવવામાં આવે છે.

**અપ્રદેશત્વ :-** અહીં 'અ' અક્ષરથી 'એક' એવો ભાવ ખ્યાલમાં લેવો જરૂરી છે. કાળાણું અને પુદ્ગલ પરમાણુ એકપ્રદેશી દ્રવ્યો છે. તેથી તેને અપ્રદેશી દ્રવ્યો કહેવામાં આવે છે. અપ્રદેશનો અર્થ ક્ષેત્ર વિનાનો એ પ્રમાણે ન થાય. આ રીતે આ બે ધર્મો વડે છ દ્રવ્યોમાં નાના મોટા (ક્ષેત્ર અપેક્ષાએ) નો ભેદ દર્શાવવામાં આવ્યો છે. સપ્રદેશ દ્રવ્યોમાં ક્ષેત્રનું અખંડપણુ રાખીને તેમાં પ્રદેશભેદ વિચારવામાં આવે છે. અસ્તિકાયમાં પ્રદેશભેદ લઈ શકાય જ નહીં એવું એકાંત ન કરાય. વળી અસ્તિકાયરૂપ પદાર્થમાં ક્ષેત્ર અપેક્ષાએ અંશ કલ્પના કરવાથી દ્રવ્ય ખંડિત થાય છે એમ ન માનવું. લોકવ્યાપી ધર્માસ્તિકાય એ એક અખંડ દ્રવ્ય છે. જયારે એ જ લોકમાં અસંખ્ય કાળાણુઓ છે. અસંખ્ય ધર્માસ્તિકાય દ્રવ્યો ન કહી શકાય. ધર્મ દ્રવ્યના એક-એક પ્રદેશે અનંતગુણો છે માટે દરેક પ્રદેશે અલગ દ્રવ્યો માની ન શકાય. એવો વિચાર કરીએ તો બધા પદાર્થો એક પ્રદેશી જ છે. એવું માનવાનો પ્રસંગ આવે. પદાર્થોના નાના મોટાના ભેદ ન રહે.

**મૂર્તત્વ :-** રૂપીપણું એ પુદ્ગલ દ્રવ્યનો અસાધારણ ધર્મ છે. સ્પર્શ, રસ, ગંધ, વર્ણ એ ચાર રૂપી ગુણો અને શબ્દ એવી સ્કંધની પર્યાય એ પાંચનો રૂપમાં સમાવેશ થાય છે.

**અમૂર્તત્વ :-** અરૂપીપણું એ નાસ્તિરૂપ ધર્મ પુદ્ગલ સિવાયના અન્ય પાંચ દ્રવ્યોમાં રહેલું છે એ ધર્મના કારણે જીવાદિ દ્રવ્યો રૂપીપણું કયારેય પામી શકતા નથી. તે દ્રવ્યો જો રૂપી થાય તો તે દ્રવ્યના નાશનો પ્રસંગ આવે. આ પ્રકારના વિરોધી ધર્મો એક જ દ્રવ્યમાં કયારેય સાથે રહી શકતા નથી.

**સક્રિયત્વ :-** આ શબ્દથી ક્ષેત્રથી ક્ષેત્રાંતરરૂપની ગતિને સક્રિયત્વ કહેવામાં આવે છે. જીવ અને પુદ્ગલ બે દ્રવ્યોમાં આવી શક્તિ છે. તેને ક્રિયાવતી શક્તિ એવું નામ પણ આપવામાં આવે છે. જીવમાં જે યોગનું કંપન જોવા મળે છે તે ગતિ નામ પામતું નથી. વળી ચાર ગતિને પણ સક્રિયત્વ સાથે સંબંધ નથી.

**અક્રિયત્વ :-** ધર્મ, અધર્મ, આકાશ, અને કાળ એ ચાર દ્રવ્યોમાં ક્ષેત્રથી ક્ષેત્રાંતર થતું નથી તે અપેક્ષાએ તેને અક્રિયત્વ કહેવામાં આવે છે.

**ચેતનત્વ :-** ચેતનપણું એ જીવનો અસાધારણ ગુણ છે. જ્ઞાન ચેતના અને અજ્ઞાન ચેતના આ બે ચેતન ગુણની પર્યાયો છે. અનાદિકાળથી જીવનું હિતબુદ્ધિપૂર્વકનું રોકાણ પરદ્રવ્યમાં જ રહેલું છે તેથી

તેને અજ્ઞાન ચેતના કહેવામાં આવે છે. એ જીવ જયારે પોતાની ચેતન જાગૃતિ પોતાના સ્વભાવમાં રાખે ત્યારે તેને જ્ઞાન ચેતના છે. અહીં જ્ઞાન ગુણની વાત નથી. જ્ઞાન કહેતા પોતાના સ્વભાવમાં જાગૃતિ અને અજ્ઞાન કહેતાં પરદ્રવ્યમાં ચેતન જાગૃતિ એવો અર્થ સમજવો જરૂરી છે.

**અચેતનત્વ :-** આત્મા સિવાયના અન્ય દ્રવ્યો અચેતન છે. આ અચેતનપણું પણ એક નાસ્તિરૂપ ધર્મ છે. તે ધર્મના કારણે પુદ્‌ગલાદિ દ્રવ્યો કયારેય ચેતન સ્વભાવી થઈ શકે નહીં.

**કર્તૃત્વ :-** આ જીવના અજ્ઞાનની એક વિશિષ્ટતા છે. કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યના પરિણામને કયારેય કરી શકે નહીં. પરંતુ અજ્ઞાની એવું માને છે કે તે પરદ્રવ્યના કામ કરી શકે છે. તેને અહીં કર્તૃત્વ શબ્દથી સમજાવવામાં આવે છે. અજ્ઞાની જીવ પરના કાર્ય તો કરી શકતો જ નથી તેથી પરના કાર્ય કરે તેને કર્તૃત્વ નથી કહેતા. પરનું કાર્ય હું કરી શકું છું એવી માન્યતા તે જ કર્તૃત્વ છે. અજ્ઞાની જીવ એવી માન્યતાનો કર્તા અવશ્ય થાય છે.

**અકર્તૃત્વ :-** દરેક પદાર્થ સત્‌મય છે. સત્‌ હંમેશા ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ જ હોય છે. તેથી દરેક પદાર્થ પોતાના પરિણામોને અવશ્ય કરે છે. દ્રવ્ય પોતાના પરિણામનું કર્તા હોવા છતાં તે પરદ્રવ્યના કાર્ય તો કયારેય કરી ન શકે. આ વાત અકર્તૃત્વ શક્તિ દ્વારા સમજાવવામાં આવે છે. આ સિદ્ધાંત છએ દ્રવ્યોને લાગુ પડે છે. તેથી તે અજ્ઞાનીને પણ લાગુ પડે છે. અજ્ઞાનીને કર્તૃત્વ બુદ્ધિનું અભિમાન હોવા છતાં તે પરનું કાર્ય કરવામાં સર્વથા અસમર્થ છે.

**ભોક્તૃત્વ :-** કર્તાપણાની જેમ જ ભોક્તાપણાની વાત છે. કોઈ દ્રવ્ય પરદ્રવ્યના પરિણામોને ભોગવી શકે જ નહીં પરંતુ હું અનેક પ્રકારના સંયોગોને ભોગવું છું. તેને ભોગવતા મને સુખ દુઃખ થાય છે એવી અજ્ઞાનીની માન્યતા છે. એવી માન્યતા સમયે પણ તે પરને તો ભોગવી શકતો જ નથી. તે માત્ર પોતાના અજ્ઞાનમય ભાવોને કરે છે અને તેને ભોગવે છે.

**અભોક્તૃત્વ :-** પરદ્રવ્યને કયારેય ભોગવી શકાતા જ નથી એવું આ શક્તિ દ્વારા સમજાવવામાં આવે છે. જીવે અનાદિથી આજ સુધીમાં કોઈ દ્રવ્ય કર્મને બાંધ્યા નથી કે ભોગવ્યા નથી. આ વાત સમજવી અને સ્વીકારવી અજ્ઞાની માટે મુશ્કેલ બની જાય છે. છતાં તે વાસ્તવિકતા છે.

**અગુરુલઘુત્વ :-** આ એક સામાન્ય ગુણ બધા દ્રવ્યોમાં રહેલો છે. પદાર્થમાં અંતર્ગત જેટલા કોઈ ગુણો વગેરે છે. તે શાશ્વત છે. તેમાં કોઈ પ્રકારની વધઘટ શક્ય નથી. તદ્‌ઉપરાંત તે ગુણનું સૂક્ષ્મરૂપનું કાર્ય પણ પરમાત્માના જ્ઞાનમાં આવ્યું છે. દ્રવ્યની એક સમયની પર્યાય પોતાનું એકરૂપપણું દર્શાવે છે. તેથી પર્યાય એક સમય માટે સ્થિર છે ત્યાં ગતિશિલતા તે સમયે નથી એવી જીવોને ભ્રમણા થાય છે પરંતુ અનાદિથી અનંતકાળના અસ્ખલિત પ્રવાહમાં કયાંય સ્થિરતાની વાત ન કરાય. દરીયામાં ભરતી-ઓટ ચાલ્યા જ કરે છે. સરોવરના પાણીની સ્થિરતા જેવી સ્થિરતા દરીયામાં કયારેય જોવા ન મળે. આપણું જ્ઞાન તો એક સમયના પરિણામને પણ જાણી શકતું નથી. જયારે કેવળજ્ઞાનમાં એક સમયમાં પણ અનંત ષટગુણ વૃદ્ધિહાનિ થઈ રહ્યાનું જણાય છે. આ અગુરુલઘુગુણનું કાર્ય છે. દરેક દ્રવ્યમાં અને ગુણોમાં તેમના એક સમયના પરિણામમાં આ પ્રકારે ષટગુણ વૃદ્ધિહાનિરૂપનું કાર્ય થઈ રહ્યું છે.

ત્યારબાદ છ દ્રવ્યો પોતપોતાના અસાધારણ ધર્મો દ્વારા એકબીજાથી પોતાનું અત્યંત ભિન્નપણું લઈને રહેલા છે. તેવા અસાધારણ ધર્મોની વાત લીધી છે.

## ઉત્પાદ-વ્યય-ધ્રુવ

હવે આચાર્યદેવ ઉત્પાદ-વ્યય અને ધ્રુવનું સ્વરૂપ સમજાવે છે. સત્ હંમેશા ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વરૂપ જ હોય છે. ટકીને બદલવું તે વસ્તુનું સ્વરૂપ છે. દ્રવ્યપર્યાયરૂપ વસ્તુને આ ત્રણ અપેક્ષાથી જોઈ શકાય છે. ત્યાં દ્રવ્ય ધ્રુવ છે અને પર્યાયમાં ઉત્પાદ-વ્યય લાગુ પડે છે. એ સમજાવવા માટે આચાર્યદેવ વસ્ત્રનો દૃષ્ટાંત આપે છે. મલિન વસ્ત્રને ધોવાથી તે સ્વચ્છ થાય છે. વસ્ત્રની બે અવસ્થાઓ છે. મલિન અને નિર્મળ. મલિન અવસ્થાનો વ્યય થાય છે અને નિર્મળ અવસ્થાની પ્રગટતા થાય છે. એ પ્રક્રિયા સમયે વસ્ત્ર પોતાનું વસ્ત્રપણું ટકાવીને જ રહ્યું છે તે એકરૂપ છે.અહીં નિર્મળ અવસ્થાને ઉત્પાદ શબ્દથી સમજાવવામાં આવે છે. તેને ભલે ઉત્પાદ શબ્દો વડે જાુદુ પાડીને સમજાવવામાં આવે પરંતુ તે નિર્મળ અવસ્થા વસ્ત્રની જ છે. તેને વસ્ત્રથી ભિન્નપણું નથી. વસ્ત્ર તેની મલિન અવસ્થા છોડીને નિર્મળ અવસ્થારૂપે થાય છે.

સિદ્ધાંત સમજાવતા આચાર્યદેવ ઉપાદાન અને નિમિત્ત બન્નેની વાત કરે છે.

ઉચિત બહિરંગ સાધનોની સંનિધિના સદ્‌ભાવમાં અનેક પ્રકારની ઘણી અવસ્થાઓ કરે છે તે અંતરંગ સાધનભૂત સ્વરૂપ કર્તાના અને સ્વરૂપ કરણના સામર્થ્યરૂપ સ્વભાવ વડે અનુગૃહિત થતાં ઉત્તર અવસ્થાએ ઊપજતું થકુ તે ઉત્પાદ વડે લક્ષિત થાય છે.

આ રીતે આચાર્યદેવ પર્યાયની ઉત્પત્તિ સમજાવે છે. જે કાંઈ કાર્ય થાય છે તે ઉપાદાનની યોગ્યતા અનુસાર જ થાય છે. ક્રિયાના ષટકારકથી વિચારીએ ત્યારે કર્તા અને કરણ બે કારકની મુખ્યતાથી વાત લઈ શકાય. દ્રવ્યકર્તા થઈને કાર્ય કરે છે. કરણ કહેતા સાધનમાં અંતરંગ ભેદરૂપ સાધન પણ દર્શાવાય અને અભેદરૂપ સાધનની પણ વાત કરાય. જીવ જ્ઞાન વડે જાણે છે એ ભેદરૂપ કથન છે. ત્યાં જ્ઞાન એ કરણ છે. જયારે અભેદ વિવિક્ષા લાગુ પાડીએ ત્યારે આત્મા આત્મા વડે જાણે છે. એ રીતે જીવ પોતે જ કર્તા છે અને પોતે જ કરણ છે. દ્રવ્ય પોતે ત્રિકાળ ઉપાદાનરૂપે અનાદિથી અનંતકાળ સુધીના પરિણામનું કર્તા છે. એ વાત કાયમ રાખીને વર્તમાનમાં જે કોઈ પરિણામરૂપે પરિણમે છે તે તેની ક્ષણિક ઉપાદાનની યોગ્યતા અનુસાર હોય છે. સોનામાં અનેક પ્રકારના દાગીનારૂપે થવાનું સામર્થ્ય છે. તે સામર્થ્ય કાયમ રાખીને જયારે તેમાંથી હાર થાય છે તે તેની ક્ષણિક ઉપાદાનની યોગ્યતા અનુસાર થાય છે. ખ્યાલ રહે કે ઉપાદાન બે નથી પરંતુ એક જ છે. દ્રવ્ય ઉપાદાન છે. તેને જોવાની બે (ખરેખર ત્રણ) દૃષ્ટિઓ છે. દરેક દ્રવ્યના પરિણામોને આ રીતે સ્વતંત્રપણે લક્ષમાં લીધા પછી તે દ્રવ્યનો અન્ય સાથેના સંબંધોનો વિચાર કરીએ ત્યારે તેને બાહ્યમાં ઘણા બધા (ખરેખર તો વિશ્વના બધા) પદાર્થો સાથે સંબંધ છે. આ બધા સંબંધને એક નામ આપીએ તો તે બધા નિમિત્ત નૈમિત્તિક સંબંધ કહી શકાય. એક દ્રવ્યના સ્વતંત્રપણે થતાં પરિણામો સાથે અન્ય દ્રવ્યના પરિણામોના મેળવિશેષ જોવા મળે છે. ખ્યાલમાં રહે કે બે દ્રવ્યના સમયવર્તી પરિણામો વચ્ચે જ નિમિત્ત નૈમિત્તિક સંબંધ હોય છે. આવા સંબંધ થવા માટે બે દ્રવ્યની સમયવર્તી પર્યાયો હોવી જરૂરી છે. આ વાત ખ્યાલમાં રાખીએ તો નિમિત્ત અનુસાર નૈમિત્તિક કાર્ય થાય છે એ વાત ન રહે અર્થાત્ તે સિદ્ધાંતને સાચા અર્થમાં સમજનારને નિમિત્તાધીન દૃષ્ટિ ન રહે. દૃષ્ટાંતઃ કોઈ વાંઝીયો માણસ વેવાઈ ગોતવા નિકળે તો તે શક્ય નથી. પોતાને ત્યાં દિકરો કે દિકરી હોય તો જ વેવાઈ ગોતી શકાય. નિમિત્ત નૈમિત્તિક સંબંધ પહેલા અને દ્રવ્યની પર્યાય પછી એમ શક્ય જ નથી વળી આ સંબંધ બે પદાર્થની સમયવર્તી પર્યાય વચ્ચે જ હોય છે તેથી નિમિત્ત પહેલા મળે અને ઉપાદાનમાં કાર્ય

પછી થાય એમ ન લઈ શકાય. દૃષ્ટાંતઃ પાણી તો ઠંડુ છે. તેને અગ્નિનો સંગ થાય (નિમિત્ત મળે) પછી તે ગરમ થાય. ત્યાં સમયભેદ પડે છે તેથી તેને નિમિત્ત નૈમિત્તિક સંબંધ કહી શકાય નહીં. ઉપાદાન અને નિમિત્ત અંગે આટલી ચોખવટ જરૂરી છે.

## ઉત્પાદ-વ્યયનું સ્વરૂપ

આપણે જયારે પર્યાયનો વિચાર કરીએ ત્યારે પર્યાયનો કાળ એક સમયનો છે. તે ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. સ્વભાવ જેમ શાશ્વત છે તેમ પરિણામો પણ અનાદિકાળથી અનંતકાળ સુધી પ્રવાહરૂપે ચાલુ જ છે. કારણકે સ્વભાવ પર્યાય વિનાનો કયારેય ન હોય. વળી પર્યાય દ્રવ્ય વિના પણ જોવા ન મળે. ઉત્પાદમાં આપણે ઉત્પત્તિ અને વૃદ્ધિ એવી બે અપેક્ષાઓ લાગુ પાડી શકીએ છીએ તેથી ઉત્પાદ શબ્દના ભાવને સારી રીતે સમજવા માટે તેને સર્જનાત્મક પ્રવાહરૂપે લક્ષમાં લેવું જરૂરી છે. **દૃષ્ટાંતઃ** સુદ એકમથી પૂનમ સુધીમાં ચંદ્રની કળા પ્રગટ થાય છે અને વધતી જાય છે. છોડ ઉપર નાની કળી બેસે છે તે મોટી થઈને ખીલે છે. બાળક જન્મે છે અને મોટું થાય છે. એવા અનેક દૃષ્ટાંતો લઈ શકાય. ઉત્પાદ-વ્યય વિશ્વના બધા પદાર્થોમાં જોવા મળે છે.

એજ પ્રમાણે વ્યયનું સ્વરૂપ વિચારીએ ત્યારે વ્યય એટલે માત્ર અભાવ નહીં. અભાવને સત્ ન મળે. ઉત્પાદની જેમ વ્યયમાં પણ હાનિ અને અભાવ એ રીતે વિસર્જનનો પ્રવાહ લક્ષમાં લેવો જરૂરી છે. વદ એકમથી અમાસ સુધીનો વિસર્જનનો પ્રવાહ જોઈ શકાય છે. આ રીતે ઉત્પાદ અને વ્યયનું સ્વરૂપ આપણે સમજવું જરૂરી છે.

વસ્તુના ત્રિકાળ એકરૂપ સ્વભાવને આપણે ટકતા ભાગરૂપે-ધ્રુવરૂપે લક્ષમાં લીધો છે. આ રીતે ઉત્પાદ-વ્યય અને ધ્રુવનું સ્વરૂપ લક્ષમાં લઈને આપણે ટીકામાં જે દૃષ્ટાંત લીધો છે તેનો અભ્યાસ કરીએ. મલિન અને સ્વચ્છ એ બે વસ્ત્રની અવસ્થાઓ છે. હવે વસ્ત્ર એ સ્વચ્છ અવસ્થારૂપે ઉત્પન્ન થાય છે. તેનો વિસ્તારથી વિચાર કરીએ.

**વસ્ત્ર સ્વચ્છ અવસ્થારૂપે ઉપજે છેઃ-** અહીં વસ્ત્ર એ દ્રવ્ય છે અને સ્વચ્છતા એ એની પર્યાય છે. તે રૂપે તેનો ઉત્પાદ છે. ત્યાં વસ્ત્ર અને તેની સ્વચ્છ અવસ્થાની એક જ સત્તા છે. વસ્ત્ર પોતે તે રૂપે થયું છે. તેથી તેને તેની સાથે સ્વરૂપભેદ નથી. પર્યાયને સાચા અર્થમાં સમજવી જરૂરી છે. આ ગાથામાં આચાર્યદેવ કહે છે કે છોડયા વિના જ સ્વભાવને જે ઉત્પાદરૂપ થાય છે. હવે પોતાના સ્વભાવને છોડયા વિના તે ઉત્પાદરૂપ થાય છે. ત્યાં નવું રૂપ જોવા મળે છે તેથી પ્રશ્ન થાય કે મૂળભૂત સ્વભાવ તો શાશ્વત છે. તેના ઉત્પત્તિ-વિનાશ નથી એટલે તેમાં વૃદ્ધિ અને હાનિ પણ નથી. તો તે સ્વભાવ ટંકોત્કિર્ણ એનો એ જો રહે તો પછી પર્યાય કોની ? એ નવારૂપે કોણ થયું ? સ્વભાવ સિવાય અન્ય કાંઈ તો છે જ નહીં. બૌદ્ધ માને છે એવું ક્ષણિક નિરપેક્ષ સત્ હોય શકે નહીં. વિશ્વમાં શૂન્યને કયાંય સ્થાન જ નથી તેથી શૂન્યમાંથી સર્જન અથવા સત્નો વિનાશ એ શક્ય જ નથી. જે બદલતું સ્વરૂપ પર્યાયમાં જોવા મળે છે તે મૂળ સ્વભાવ અંતર્ગત જ જોવા મળે છે. એ દ્રવ્યની જ અવસ્થા છે અને છતાં અહીં કહે છે કે ''છોડયા વિના જ સ્વભાવને''-એનો મેળ કઈ રીતે બેસાડવો ? પદાર્થ પોતાનો સ્વભાવ ન છોડે એનો અર્થ એટલો કે સોનામાંથી ચાંદી કે લોઢુ ન થાય. બાકી સોનાના ઘાટ તો બદલે અર્થાત્ સોનું કયારેક લગડીરૂપે કે હારરૂપે જોવા મળે એવા ફેરફાર થાય ત્યારે પણ સોનાનું સોનાપણું-સુવર્ણત્વ એવુંને એવું ટકી રહે. આ પ્રકારની યુક્તિ આપણને યોગ્ય લાગે અને આપણને તે માન્ય કરવાનું મન થાય. પરંતુ સોનુ અન્ય ધાતુરૂપે ન થાય એટલું જ પર્યાપ્ત નથી. સોનાના સ્વભાવને છોડવાનો તો પ્રશ્ન જ નથી. અહીં તો પોતાના એટલે કે દ્રવ્યના અંતરંગ બંધારણની

વાત છે. તેથી દ્રવ્ય અભેદ અને ગુણ તથા પર્યાયો તેના ભેદ એટલો જ વિચાર કરીએ ત્યારે દ્રવ્યનું અભેદપણું એવુંને એવું સલામત રાખીને તેમાં પર્યાયના ભેદ જોવાની વાત છે. અર્થાત્ દરેક સમયે પર્યાય નવાનવા રૂપ લઈને આવે ત્યારે પણ તેનો સ્વભાવ એવોને એવો રહે તેમ લક્ષમાં લેવું જરૂરી છે. જેને આપણે સ્વભાવરૂપે ખ્યાલમાં લીધો તે ટંકોત્કિર્ણ છે માટે ત્યાં કોઈ જાતના ફેરફાર આપી શકાય જ નહીં. એ વાત લક્ષમાં રહેવી જરૂરી છે. આ રીતે વિચારતા પર્યાય ઉત્પન્ન થઈ ત્યારે શું ઉપજ્યું ? આ વાત ગંભીરતાથી વિચારવાથી જ પર્યાય કઈ રીતે થાય છે તે સમજી શકાય છે. પરદ્રવ્યથી અસ્તિ-નાસ્તિ છે તેથી સ્વભાવ બદલાવવાની વાત તો આવતી જ નથી. મૂળ સ્વભાવ રાખીને અંતર્ગત અનેક પ્રકારના રૂપ તે ધારણ કરે છે એવું ભલે આપણી સામાન્ય માન્યતામાં આવે પરંતુ એવું કરવા જતાં મૂળ સ્વભાવમાં ફેરફાર થાય છે એ વાત સ્વીકારવી જ પડે; પરંતુ તે શક્ય નથી કારણકે એવું માનવાથી મૂળ સ્વભાવ તમને કયારેય જોવા ન મળે એવો પ્રસંગ આવે. પદાર્થ પરિણામ વિનાનો તો કયારેય નથી તેથી તે દરેક સમયે નવા-નવા રૂપે જ જોવા મળે. વળી નય વિભાગથી જોવાની જે રીત છે તેમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એવી બે નયો મુખ્ય છે. પ્રમાણ જ્ઞાનમાં બન્ને નયોનું જ્ઞાન આવી જાય છે. પદાર્થ તો દ્રવ્યપર્યાય બધું એકી સાથે જ લઈને રહેલો છે. તમો જયારે પર્યાયાર્થિક નયથી જાુઓ છો ત્યારે તમોને જો સોનાનો હાર જોવા મળે છે તો તે સમયે તમે (અથવા અન્ય કોઈ) તે પદાર્થને દ્રવ્યાર્થિક નયથી જોવા માગે તો તેને શું દેખાય ? સોનું તો હારનું રૂપ લઈને રહ્યું છે. તે તો એકરૂપ નથી. આ પ્રકારે જયારે દલીલની ભીંસ લેવામાં આવે ત્યારે પર્યાય કઈ રીતે થાય છે તે વિચારવાનું મન થાય. શૂન્યમાંથી સર્જન શક્ય નથી. સ્વભાવ જ પર્યાયનો દાતા છે. પર્યાયની ઉત્પત્તિ સમયે જો સ્વભાવ પોતે અક્કડ થઈને બેસે તે પોતાના મૂળ સ્વભાવમાં કોઈ ફેરફાર કરવા તૈયાર ન થાય ત્યારે પર્યાયમાં શું ઉપજતું હશે અને કેવી રીતે તે થતું હશે તે દિશામાં વિચાર ચાલે.

અહીં આપણને પદાર્થનો અન્ય સિદ્ધાંત યાદ આવે. વસ્તુ અનેકાંત સ્વરૂપ છે. અન્ય ધર્મો આ અનેકાંત સ્વરૂપને માનતા નથી તેથી અનેકાંત એ જૈન દર્શનનો જ મૂળભૂત સિદ્ધાંત છે. જેને આપણે સ્વભાવરૂપે એક કહીએ છીએ તે એકાંતિક એક નથી પરંતુ એકત્વસ્વરૂપ છે. અંતરંગમાં અનેક ભેદોને લઈને રહેલો છે. આ રીતે જયારે અનેકનો વિચાર કરીએ છીએ ત્યારે તે અનેક વચ્ચે સંબંધ વિશેષો થઈ શકે છે. દૃષ્ટાંતઃ બૂફે પાર્ટીમાં અનેક ગ્રુપો બને અને વિખરાય. જે નવી રચના થાય તેને ઉત્પાદ કહેવાય છે અને જે જૂની રચના વિખરાય તેને વ્યય કહે છે. આ રીતે રચનાના ફેરફાર થાય છે તે સમયે પણ તે જેની રચના છે તેમાં ફેરફાર થતાં નથી. દૃષ્ટાંતઃ આલ્ફાબેટના ૨૬ અક્ષરો છે તેનાથી અનેક શબ્દો તથા વાક્યોની રચના થાય છે પરંતુ તે સમયે પણ આલ્ફાબેટના મૂળભૂત અક્ષરોમાં કોઈ પ્રકારના ફેરફાર શક્ય નથી. પર્યાયનું સ્વરૂપ આ રીતે લક્ષમાં લેવાથી ખ્યાલ આવશે કે પર્યાયની વિધવિધતા સમયે પણ સ્વભાવ એકરૂપ અવશ્ય રહે છે. સ્વભાવની એ એકરૂપતા બે પ્રકારે લક્ષમાં લીધી. સ્વભાવથી સ્વભાવાંતર ન થાય અને પર્યાયની પ્રગટતા સમયે પણ એ સ્વભાવ એકરૂપ જ રહે.

## ◆ ગાથા - ૯૬

**ઉત્પાદ-ધ્રૌવ્ય-વિનાશથી, ગુણ ને વિવિધ પર્યાયથી**
**અસ્તિત્વ દ્રવ્યનું સર્વદા જે, તેહ દ્રવ્યસ્વભાવ છે. ૯૬.**

***સર્વ કાળે ગુણો તથા અનેક પ્રકારના પોતાના પર્યાયો વડે તેમજ ઉત્પાદ-વ્યય ધ્રૌવ્ય વડે દ્રવ્યનું જે અસ્તિત્વ, તે ખરેખર સ્વભાવ છે.***

આચાર્યદેવ બે પ્રકારના અસ્તિત્વની વાત કરે છે. સ્વરૂપ અસ્તિત્વ અને સાદૃશ્ય અસ્તિત્વ તેમાં

આ ગાથામાં સ્વરૂપ અસ્તિત્વનું સ્વરૂપ દર્શાવવામાં આવ્યું છે. વિશ્વના દરેક પદાર્થને સ્વરૂપ અસ્તિત્વ ગણવામાં આવ્યા છે. તેને દ્રવ્યના સ્વભાવરૂપે માન્ય કરવામાં આવે છે. દરેક પદાર્થ એકબીજાથી અત્યંત ભિન્ન છે. તેથી દરેક સ્વરૂપ અસ્તિત્વો ભિન્ન છે.

આપણે ગા.૯૩ અને ૯૫ ગાથામાં પદાર્થનું સ્વરૂપ શું છે તે સમજવાની શરૂઆત કરી છે. પદાર્થમાં દ્રવ્ય-ગુણ-પર્યાય તથા ઉત્પાદ-વ્યય-ધ્રુવ આ બધું આવી જાય છે. પદાર્થ પોતે આ વિશ્વમાં પોતાનું સ્વતંત્ર સ્થાન લઈને રહેલો છે. અહીં અસ્તિત્વને દ્રવ્યના સ્વભાવરૂપે દર્શાવવામાં આવ્યું છે. અસ્તિત્વ એક ગુણ છે. સ્વરૂપ અસ્તિત્વ તે એકબીજો શબ્દ છે બન્નેમાં અસ્તિત્વ શબ્દ સમાન છે તેથી આપણે એ વિચારવાનું છે કે આચાર્યદેવ અસ્તિત્વ ગુણને જ સ્વરૂપ અસ્તિત્વ કહેવા માગે છે કે પદાર્થની અખંડ સત્તાને માટે સ્વરૂપ અસ્તિત્વ શબ્દનો પ્રયોગ કરે છે. એક વાત ખ્યાલમાં રહે કે ગુણને સ્વતંત્ર સત્તા મળતી નથી. ગુણો દ્રવ્યના આશ્રયે જ રહેલા હોય છે. સત્તા પદાર્થને મળે છે તેથી અસ્તિત્વ ગુણ એ સ્વરૂપ અસ્તિત્વ નથી.

કોઈ અપેક્ષાએ અસ્તિત્વ ગુણને દ્રવ્યનું લક્ષણ કહી શકાય પરંતુ દ્રવ્યનો સ્વભાવ ન કહી શકાય. વિશ્વમાં જે છ દ્રવ્યો છે તે દરેકને પોતાના અસાધારણ ગુણો છે જેનાથી તે દરેક એકબીજાથી જુદા પડે છે. અહીં જયારે દ્રવ્યના લક્ષણની વાત હોય ત્યારે તે છએ દ્રવ્યોમાં સમાન હોવું જોઈએ. તેથી અસાધારણ ગુણ કામ ન આવે. સામાન્ય ગુણો અનેક છે પરંતુ તેમાં અસ્તિત્વની મુખ્યતા છે. વિદ્યમાનતા હોય તો જ આગળ વર્ણન થઈ શકે જે અવિદ્યમાન હોય તેની આગળ વાત ન ચાલે. સસલાને શિંગડા છે જ નહીં તો પછી તેનું વર્ણન શું થાય? આ રીતે અનેક સામાન્ય ગુણોમાં અસ્તિત્વને મુખ્ય ગણીને તેને દ્રવ્યના લક્ષણરૂપે કહી શકાય. તે દ્રવ્યનો સ્વભાવ ન કહેવાય.

દરેક પદાર્થના સ્વરૂપ અસ્તિત્વો અલગ છે અર્થાત્ વિશ્વના બધા પદાર્થો પોતાનું સ્વતંત્ર સ્થાન લઈને રહેલા છે. ટીકામાં આવા દ્રવ્ય સ્વભાવને સમજાવવામાં આવે છે.

સ્વરૂપ અસ્તિત્વ અનાદિ અનંત છે. અર્થાત્ તેના ઉત્પત્તિ વિનાશ કયારેય બને નહીં. આ પ્રમાણે હોવાથી તેની હયાતી માટે અન્ય કોઈ દ્રવ્યની અપેક્ષા લાગુ પડતી નથી. સત્ શાશ્વત હોવાથી તે પોતાનું એકરૂપપણુ ટકાવીને રહેલ છે. અર્થાત્ તેના મૂળભૂત બંધારણમાં કોઈ ફેરફાર થાય નહીં. અહીં ''એકરૂપ વૃતિ'' શબ્દથી માત્ર ત્રિકાળ સ્વભાવ લેવા માગતા નથી પરંતુ પોતાનું દ્રવ્ય-ગુણ-પર્યાયપણુ સદાય ટકાવી રાખે છે એવો ભાવ લક્ષમાં લેવો જેવો છે. આ રીતે દરેક પદાર્થ પોતાના મૂળભૂત બંધારણને કયારેય છોડતા નથી. ''વિભાવ ધર્મથી વિલક્ષણ'' આ શબ્દ વાંચીએ એટલે આપણને જીવના વિભાવની વાત સહેજે યાદ આવે. પરંતુ અહીં તો છ દ્રવ્યના સિદ્ધાંતની વાત છે તેથી તે અર્થ યોગ્ય નથી. વિભાવ ધર્મથી વિલક્ષણ એટલે પોતાથી જુદા જે કોઈ પદાર્થો છે તેના ભાવની વાત કરવા માગે છે. જીવ પુદ્ગલ દ્રવ્યથી ભિન્ન છે. માટે પુદ્ગલના ભાવનો જીવમાં અભાવ છે. આગળ વિચારીએ તો બે જીવો પણ અલગ જ છે તેથી એક જીવના ભાવમાં અન્ય જીવના ભાવનો અભાવ છે. અર્થાત્ દરેક દ્રવ્ય પોતાના સ્વભાવ અને પરિણામને પરદ્રવ્યથી અત્યંત ભિન્ન રાખીને સદાયને માટે રહેલા છે.

**ભાવ અને ભાવવાન:-** અહીં સ્વરૂપ અસ્તિત્વએ ભાવવાન છે અને તેમાં આ ગુણ પર્યાય વગેરે ભેદ જોવામાં આવે તે ભાવ છે. આ રીતે ભાવ અને ભાવવાન એવા શબ્દો કથંચિત્ જુદાપણાને દર્શાવે છે પરંતુ જેમ બે પદાર્થો જુદા છે એવું જુદાપણું ત્યાં નથી. જ્યાં કથંચિત્ અતદ્ભાવ છે ત્યાં તાદાત્મ્યપણું પણ છે. એક પદાર્થ અને તેના બધા ભેદો એકક્ષેત્રાવગાહરૂપ જ હોય છે. બે પદાર્થો જુદા

છે તો તેમના પ્રદેશો પણ જાુદા છે. એક પદાર્થ અંતર્ગત એવા જાુદા ક્ષેત્રો હોતા નથી. દ્રવ્ય-ગુણ-પર્યાય બધાનું એક જ ક્ષેત્ર છે. આ રીતે જે સ્વરૂપ અસ્તિત્વને દ્રવ્યના સ્વભાવરૂપે દર્શાવવમાં આવે છે તે અખંડિત છે. દ્રવ્ય અને ગુણ વચ્ચે અતદ્‌ભાવ છે તેથી તે બન્નેના સ્વભાવો કથંચિત્ જાુદા ખ્યાલમાં આવે પરંતુ તેવો ભેદ લક્ષમાં લેતા ત્યાં બન્નેના અસ્તિત્વ પણ અલગ છે એમ ન લેવું. સત્ શબ્દ અસ્તિત્વ માટે અને તત્ શબ્દ સ્વભાવ માટે વાપરવામાં આવે છે.

ટીકાકાર આચાર્યદેવ સુવર્ણના દૃષ્ટાંતથી સિદ્ધાંત સમજાવે છે. સોનું એ દ્રવ્ય છે. પીળાશ, ચીકાશ, વજન વેગેરે તેના ગુણો છે. કુંડળ-બાજાુબંધ વગેરે તેની પર્યાયો છે. ટીકામાં ''દ્રવ્યે, ક્ષેત્રે, કાળે કે ભાવે'' એવા જે શબ્દો વાપરવામાં આવ્યા છે તે પદાર્થના અખંડપણાના અર્થમાં લેવા જરૂરી છે. ખરેખર ત્યાં દ્રવ્ય વગેરે ભેદથી વર્ણન કરવા માગતા નથી. દ્રવ્ય છે તે ગુણ કે પર્યાયથી જાુદુ હોતું નથી.

''કર્તા કરણ-અધિકરણ'' એવો જે શબ્દપ્રયોગ છે તે કારકના ભેદ દર્શાવવા માટે નથી. પદાર્થનું અખંડપણું છે માટે પદાર્થ પોતે કર્તા છે. ગુણને સાધન (કરણ) ગણવામાં આવે છે અને અધિકરણ એ આધાર અર્થાત પોતાના સ્વક્ષેત્રમાં આ કાર્ય થાય છે તે સમજાવવા માગે છે. **દૃષ્ટાંતઃ** જીવ જાણે છે ત્યાં જીવ જ્ઞાન વડે જાણે છે એમ કહેવાથી જીવ કર્તા થાય છે અને જ્ઞાન કરણ થાય છે. દ્રવ્ય અને ગુણની એક અખંડ સત્તા દર્શાવવી છે માટે ત્યાં દ્રવ્યને તેની પર્યાય હોય અને ગુણોને તેની પર્યાય હોય એવી વાત લેવી નથી. જયારે અખંડપણાને મુખ્ય રાખીને વાત કરવામાં આવે ત્યારે દ્રવ્યકર્તા છે અને ગુણ તેનું સાધન છે એ પ્રકારનું કથન આવે છે.

આ બધા કથનોમાં દ્રવ્યને મુખ્ય રાખીને ગુણ અને પર્યાયના ભેદો અથવા ઉત્પાદ-વ્યય વગેરે ભેદોનો વિચાર કરવામાં આવ્યો છે. અભેદને મુખ્ય અને ભેદોને ગૌણ કરીને વિસ્તારપૂર્વક સમજાવવામાં આવ્યું છે. આવું મુખ્ય ગૌણપણું પ્રયોજનવશ છે એમ ખ્યાલમાં લેવું. વ્યવસ્થાની મુખ્યતાથી વિચાર કરીએ ત્યારે બધું અવિનાભાવરૂપ હોવાથી ત્યાં મુખ્ય ગૌણ છે નહીં. જેમ ગુણો દ્રવ્યના આધાર વિના ન હોય તેમ દ્રવ્ય પણ ગુણ વિના ન હોય. પર્યાય દ્રવ્યના આશ્રયે થાય છે તેમ નિત્ય સ્વભાવ પણ ક્ષણિક પર્યાય વિના હોય શકે નહીં. આ રીતે સ્વરૂપ અસ્તિત્વમાં આ બધા ભેદો અવિનાભાવરૂપે રહેલા છે તેવું આ ગાથામાં દર્શાવવામાં આવ્યું છે. સ્વરૂપ અસ્તિત્વનું અખંડપણું ખ્યાલમાં લેવું જરૂરી છે.

### ◆ ગાથા - ૯૭

**વિધવિધલક્ષણીનું સરવગત 'સત્ત્વ' લક્ષણ એક છે,**
**—એ ધર્મને ઉપદેશતા જિનવરવૃષભ નિર્દિષ્ટ છે. ૯૭.**

***ધર્મને ખરેખર ઉપદેશતા જિનવર વૃષભે આ વિશ્વમાં વિવિધ લક્ષણવાળા દ્રવ્યોનું, 'સત્' એવું સર્વગત લક્ષણ (સાદૃશ્ય-અસ્તિત્વ) એક કહ્યું છે. આચાર્યદેવ આ ગાથામાં સાદૃશ્ય અસ્તિત્વનું સ્વરૂપ સમજાવે છે. સ્વરૂપ અસ્તિત્વો અનંત છે તેની સામે સાદૃશ્ય અસ્તિત્વ એક છે.***

સૌ પ્રથમ આચાર્યદેવ સાદૃશ્ય અસ્તિત્વ કઈ રીતે સમજાવવા માગે છે તે જોઈએ. સાદૃશ્ય શબ્દ પરિણામોની એકરૂપતા દર્શાવે છે. સર્વગત શબ્દ એમ સૂચવે છે કે આ સત્ બધામાં વ્યાપેલું છે. બધા સ્વરૂપ અસ્તિત્વો ભિન્ન છે પરંતુ જીવ સત્ છે પુદ્‌ગલ પણ સત્ છે એમ બધા પદાર્થો સત્‌મય છે. તે સત્ સ્વરૂપ અસ્તિત્વની માફક માત્ર એક જ દ્રવ્યમાં સીમિત નથી પરંતુ તે બધા દ્રવ્યોમાં એક સરખું વ્યાપેલું છે. એ પ્રકારનો ભાવ દર્શાવવામાં આવ્યો છે. તે અંગે દૃષ્ટાંત પણ આપવામાં આવ્યું છે.

વૃક્ષનો દૃષ્ટાંત છે. જંગલમાં અનેક પ્રકારના વૃક્ષો છે. લીમડો, પીપળો, આંબો વગેરે વૃક્ષોની સંખ્યા પણ અનેક છે. તે બધામાં વૃક્ષત્વ સમાનપણે રહેલું છે. લીમડો વગેરે વિધવિધતાને ગૌણ કરીએ તો તે બધામાં વૃક્ષપણું એકસરખું જોવા મળે છે. આ રીતે સાદૃશ્ય અસ્તિત્વ સમજાવવામાં આવ્યું છે. સાદૃશ્ય અસ્તિત્વની વાત આ એક જ ગાથામાં લેવામાં આવી છે. અન્ય શાસ્ત્રોમાં પણ એનો ઉલ્લેખ નથી તેથી એમ લાગે કે તેની કોઈ વિશિષ્ટતા નથી, વળી સત્ બધા દ્રવ્યોમાં એકરૂપ રહેલું છે એ વાતમાં કાંઈ વિશેષતા લાગે નહીં તેથી તેનો વિશેષ ખુલાસો પણ થાય નહીં.

આ ગાથાનો ભાવ ઉંડાણથી સમજવા માટે પ્રયત્ન કરવા જેવો છે. મારી અંગત વિચારણા આ પ્રમાણે છે. તેને અન્ય કોઈ આધાર નથી. માત્ર આ ગાથા અને તેની ટીકાને લક્ષમાં રાખીને આચાર્યદેવ આ બધી બંધારણની ગાથાઓમાં જે રીતે રજૂઆત કરતા આવ્યા છે તેના આધારે મારા વિચારો રજૂ કરું છું.

સાદૃશ્ય અસ્તિત્વ શબ્દથી આચાર્યદેવ વિશ્વની મહાસત્તા દર્શાવવા માગે છે એવું મારું માનવું છે. તે આ પ્રમાણે. આપણે વસ્તુના અનેકાંત સ્વરૂપનો અભ્યાસ કર્યો છે, અનંત ધર્મો ઉપરાંત વસ્તુમાં પરસ્પર વિરોધી દેખાતા પરંતુ અવિરોધપણે રહીને વસ્તુને નીપજાવનારા ધર્મો પણ અવશ્ય હોવા જોઈએ એવું આપણે શિખ્યા છીએ. તેવા ધર્મોમાં એક-અનેકનો સમાવેશ થાય છે. અહીં એકને એકત્વરૂપ લેવામાં આવે છે. એક એટલે સંખ્યાએ એક અને અનેક એટલે સંખ્યાએ અનેક એમ નથી. ગા.૯૩માં વિસ્તાર સામાન્ય સમુદાયાત્મક અને આયત સામાન્ય સમુદાયાત્મક દ્રવ્ય છે એમ કહ્યું છે. ત્યાં ફૂટનોટમાં તે વાત વિસ્તારથી સમજાવવામાં આવી છે. વિસ્તાર વિશેષો એ ગુણો છે. એ બધા ગુણોના વિશેષોને ગૌણ કરીએ તો ત્યાં આ પણ ગુણ છે. અન્ય પણ ગુણ છે એવું સામાન્યપણું લીધું નથી. આત્મામાં જ્ઞાન-દર્શન-સુખ-અસ્તિત્વ-વસ્તુત્વ વગેરે અનેક ગુણો પોતાના સ્વભાવથી અન્ય ગુણોથી પોતાનું જુદાપણુ રાખીને રહેલા છે. તેમની વિશેષતાને ગૌણ કરીએ તો જ્ઞાન ગુણ છે. તેમ દર્શન-સુખ-અસ્તિત્વ વગેરે પણ ગુણ છે. એવું ગુણત્વરૂપનું સામાન્યપણું લઈ શકાય. પરંતુ આચાર્યદેવ કહે છે કે તેમાં રહેલા વિશેષપણાને ગૌણ કરીએ તો ત્યાં આત્મારૂપ સામાન્યપણું લક્ષમાં આવે છે. દ્રવ્યરૂપી સામાન્યપણું ખ્યાલમાં આવે છે. અર્થાત્ વિસ્તાર સામાન્ય સમુદાયાત્મક તે દ્રવ્ય છે એમ કહીને દ્રવ્ય છે તે અનંત ગુણોના એકત્વરૂપ રહેલ છે. તે દર્શાવવામાં આવ્યું છે. ત્યાં ગુણો અવાંતર સત્તારૂપ છે અને દ્રવ્ય છે તે મહાસત્તા છે. દરેક ગુણની સત્તા તે ગુણ પુરતી જ મર્યાદિત છે જ્યારે દ્રવ્યનું સત્ બધા ગુણોને લાગુ પડે છે. અર્થાત્ દ્રવ્યનું સત્ બધા ગુણોમાં વ્યાપીને રહેલું છે. ગુણો અનંત છે. તેથી તેની સત્તાઓ અનંત છે તેની સામે દ્રવ્યની એક જ સત્તા છે. અર્થાત્ જે સત્ દ્રવ્ય અપેક્ષાએ એક છે તે ગુણભેદની અપેક્ષાએ અનેક છે. ત્યાં અનંત ગુણોનું એકત્વ તે દ્રવ્ય છે.

જે વાત દ્રવ્ય અને ગુણો વચ્ચેના સંબંધોને લાગુ પડે છે, તે જ વાત હવે પદાર્થો અને વિશ્વમાં કઈ રીતે લઈ શકાય તે વિચારીએ. ટીકામાં સાદૃશ્ય અસ્તિત્વ કોને કહે છે તે દર્શાવવામાં આવ્યું છે. સ્વરૂપ અસ્તિત્વો અનેક છે તેની સામે સાદૃશ્ય અસ્તિત્વ એક છે. પદાર્થનું અલગપણુ કઈ રીતે છે અને વિશ્વનું એકપણું કઈ રીતે છે તે વાત ટીકાના શબ્દો દ્વારા જ સમજવાનો પ્રયત્ન કરીએ.

આ વિશ્વમાં, વિચિત્રતાને વિસ્તારના (વિવિધપણું-અનેકપણું દર્શાવતા) અન્ય દ્રવ્યોથી વ્યાવૃત રહીને વર્તતા અને પ્રત્યેક દ્રવ્યની સીમા બાંધતા એવા વિશેષ લક્ષણભૂત સ્વરૂપ અસ્તિત્વ વડે (સર્વ દ્રવ્યો) લક્ષિત થતાં હોવા છતાં, સર્વ દ્રવ્યોનું,

**વિચિત્રતાના વિસ્તારને અસ્ત કરતું. સર્વ દ્રવ્યોમાં પ્રવર્તીને વર્તતું અને પ્રત્યેક દ્રવ્યની બંધાયેલી સીમાને અવગણતું 'સત્' એવું જે સર્વગત સામાન્ય લક્ષણભૂત સાદશ્ય અસ્તિત્વ તે ખરેખર એક જ જાણવું.**

પદાર્થમાં જેમ ગુણો જુદા છે તેમ વિશ્વમાં પદાર્થો જુદા છે. પદાર્થનું જેમ એકપણું છે તેમ વિશ્વનું એકપણું છે. વાક્યની શરૂઆતમાં દ્રવ્યોનું, સ્વરૂપ અસ્તિત્વનું વર્ણન આ પ્રમાણે લીધું છે. (૧) વિવિધપણું દર્શાવતા (૨) અન્ય દ્રવ્યોથી ભિન્ન રહેતા (૩) પ્રત્યેક દ્રવ્યની સીમા બાંધતા (૪) વિશેષ લક્ષણભૂત. જેમ અનંત ગુણોને બધાને અલગ સ્વભાવો છે તેમ બધા દ્રવ્યો વિવિધતા લઈને રહેલા છે. જેમ એક ગુણ નિર્ગુણગુણરૂપે અન્ય ગુણથી જુદો છે તેમ એક પદાર્થ અન્ય પદાર્થથી ભિન્ન છે. જેમ દરેક ગુણની વિશિષ્ટતા છે તેમ દરેક પદાર્થની વિશિષ્ટતા છે. બધા ગુણો એક ક્ષેત્રાવગાહી છે જયારે બધા પદાર્થોના ક્ષેત્ર અલગ છે. તેથી અહીં ''પ્રત્યેક દ્રવ્યની સીમા બાંધતા'' એવો શબ્દ પ્રયોગ કર્યો છે. એક પદાર્થ અને તેના અનંત ગુણો કાયમી એક ક્ષેત્રાવગાહરૂપ છે. જયારે વિશ્વના દરેક પદાર્થને અલગ ક્ષેત્ર છે.

સાદશ્ય અસ્તિત્વનું વર્ણન આ પ્રમાણે છે. (૧) સર્વ દ્રવ્યોની વિચિત્રતાના વિસ્તારને અસ્ત કરતું. (૨) સર્વ દ્રવ્યોમાં પ્રવર્તીને વર્તતું. (૩) સર્વ દ્રવ્યોની બંધાયેલી સીમાને અવગણતું. (૪) સર્વગત સામાન્ય લક્ષણભૂત. વિસ્તાર વિશેષો (ગુણો)ના વિશેષપણાને ગૌણ કરીએ તો ત્યાં દ્રવ્યરૂપ સામાન્યપણું ખ્યાલમાં આવે છે. તેથી દ્રવ્યરૂપ સામાન્યપણું તે ગુણોના વિશેષોને દૂર કરે છે. દ્રવ્યની એકત્વરૂપ સત્તા પાસે કોઈ ગુણની વિશેષતા દેખાતી નથી. તેમ વિશ્વની સત્તા છે તે દરેક દ્રવ્યની વિવિધતાને અસ્ત કરે છે. દ્રવ્યનું સત્ જેમ અનંત ગુણોમાં વ્યાપે છે તેમ વિશ્વની મહાસત્તા પ્રત્યેક દ્રવ્યને આવરી લે છે. વિશ્વનું સત્ સર્વવ્યાપી છે તેથી તે સત્ પ્રત્યેક દ્રવ્યની બંધાયેલી સીમાને અવગણે છે. સ્વરૂપ અસ્તિત્વ મર્યાદિત ક્ષેત્રવાળુ છે. જયારે વિશ્વની મહાસત્તાને કોઈ ક્ષેત્રનું બંધન નડતું નથી. વિશ્વનું અસ્તિત્વ વિશ્વવ્યાપી છે. દરેક સ્વરૂપ અસ્તિત્વ ભિન્નરૂપ અને વિશેષ લક્ષણભૂત છે. જયારે સાદશ્ય અસ્તિત્વ સર્વગત અને સામાન્ય લક્ષણભૂત છે. સ્વરૂપ અસ્તિત્વો અનંત છે. જયારે સાદશ્ય અસ્તિત્વ સંખ્યાએ એક જ છે. જેમ ગુણો અનંત છે અને દ્રવ્ય એક છે તેમ પદાર્થો અનંત છે અને વિશ્વ એક છે.

આ રીતે આચાર્યદેવે સાદશ્ય અસ્તિત્વનું વર્ણન કરતાં તેની સ્વરૂપ અસ્તિત્વ સાથે સરખામણી પણ કરી છે. વિશ્વની મહાસત્તાને સાદશ્ય અસ્તિત્વ અને પદાર્થની સત્તાને સ્વરૂપ અસ્તિત્વ નામ લાગુ પડે છે. દરેક પદાર્થને તો સ્વરૂપ અસ્તિત્વ કહ્યું છે પરંતુ સાદશ્ય અસ્તિત્વ એ વિશ્વની મહાસત્તા છે. એવું સ્પષ્ટ શબ્દોમાં લખાણ નથી, તેથી આ વિધાન અંગે પ્રશ્નો અવશ્ય ઉત્પન્ન થાય.

**પ્ર.: વિશ્વનું એકપણું - પદાર્થના એકપણા જેવું છે ?**

**ઉ.** ના, વિશ્વનું એકપણું પદાર્થના એકપણા જેવું નથી. પદાર્થમાં જે કાંઈ છે તે બધું એક ક્ષેત્રાવગાહરૂપ અને તાદાત્મ્ય સ્વરૂપ છે. જયારે વિશ્વના પદાર્થો એક ક્ષેત્રાવગાહરૂપ નથી. વિશ્વનું ક્ષેત્ર અમર્યાદ છે જયારે આકાશ સિવાયના અન્ય દ્રવ્યો મર્યાદિત ક્ષેત્રવાળા છે. પદાર્થમાં દ્રવ્ય-ગુણ અને પર્યાય વચ્ચે કથંચિત્ અતદ્‌ભાવ અને કથંચિત્ તાદાત્મ્યપણું છે. જયારે પદાર્થો વચ્ચે અસ્તિ-નાસ્તિ છે. પદાર્થો વચ્ચે તાદાત્મ્યપણું નથી. પદાર્થમાં જેમ અનંતગુણોનું એકત્વ તે દ્રવ્ય છે. તેમ અનંત પદાર્થોનું એકત્વ તે વિશ્વ નથી.

**પ્ર.: જો પદાર્થના એકપણા જેવું વિશ્વનું એકપણું માનીએ તો શું દોષ આવે ?**

ઉ. વિશ્વના એકપણાને પદાર્થના એકપણા જેવું માનીએ તો અદ્વૈતબ્રહ્મ જેવું માનવાનો પ્રસંગ આવે. અન્ય મતીમાં વિશ્વને અદ્વૈતબ્રહ્મરૂપ માનનારા જીવો પણ છે. જીવ અને તેના ગુણો કથંચિત્ ભિન્ન હોવા છતાં જીવ પોતે સંસાર ઈચ્છે તો તેના અનંતગુણો તે પ્રમાણે પરિણમે છે અને જો તે જ જીવ મુક્તિ ઈચ્છે તો તેના અનંતગુણો તે અનુસાર કાર્ય કરે છે. અજ્ઞાની જીવ ભોગવટા પ્રધાની છે તેથી તેના જ્ઞાન દર્શન-ચારિત્ર વગેરે ગુણો બાહ્ય વિષયોને ભોગવતા સુખ થાય છે તે પ્રમાણે કાર્ય કરતા જોવા મળે છે. તે જીવ જયારે પોતાનું અજ્ઞાન દૂર કરીને કર્તા-ભોક્તા ભાવોને છોડીને મોક્ષ ઈચ્છે છે ત્યારે તેના જ્ઞાન દર્શન વગેરે ગુણો ભેદજ્ઞાન વડે સ્વરૂપમાં લીન રહીને બાહ્ય વિષયોનો ત્યાગ કરતાં જોવા મળે છે. પદાર્થના એકપણાની જેમ વિશ્વનું અદ્વૈતબ્રહ્મ સ્વીકારીએ તો જેમ ઈશ્વર કર્તાવાદિ માને છે કે ઈશ્વરની ઈચ્છા વિના પાંદડુ પણ હલે નહીં અર્થાત્ પરમાત્માનો અંશ દરેક સચેત-અચેત્ પદાર્થોમાં રહેલો છે તે પરમાત્માની ઈચ્છા મુજબ કામ કરે છે એવું અદ્વૈત સ્વરૂપ માનવાનો પ્રસંગ આવે પરંતુ એમ તો છે નહીં.

કોઈ સર્વથા અદ્વૈત બ્રહ્મવાદિ બ્રહ્મ સત્ અને જગત મિથ્યા માને છે અર્થાત્ વિશ્વના જે અનેક પદાર્થો જોવા મળે છે તેને ભ્રમણા માને છે. એવું પણ વિશ્વ નથી. તેથી પદાર્થના એકપણા જેવું વિશ્વનું એકપણું નથી.

**પ્ર.: જો પદાર્થના એકપણા જેવું વિશ્વનું એકપણું નથી તો વિશ્વનું એકપણું શા માટે માનવું જોઈએ ? વિશ્વમાં અનંત પદાર્થો રહેલા છે તેથી વિશ્વને પદાર્થોના સમૂહરૂપ માનીએ તો શો દોષ આવે ?**

ઉ. જંગલ અથવા ટોળાની માફક વિશ્વને માત્ર સમૂહવાચક નામ દ્વારા જ ઓળખાવવામાં આવે છે એમ માનવું યોગ્ય નથી. સમૂહવાચક નામમાં માત્ર સમૂહપણું આવે છે. ત્યાં એકપણું નામ માત્ર રહી જાય છે અને તે જેનો સમૂહ છે તે વચ્ચેના સંબંધોની વાત પણ એમાં આવતી નથી. ગુણોનો સમૂહ તે દ્રવ્ય તેમાં દ્રવ્ય માત્ર સમૂહવાચક નામ નથી. તેથી તેની સ્પષ્ટતા માટે ગુણોના સમૂહનું એકત્વ તે દ્રવ્ય છે એમ કહેવું યોગ્ય છે. એમ કહેવાથી દ્રવ્યની એક સત્તા ખ્યાલમાં આવે છે અને સાથો સાથ બધા ગુણો એક બીજા સાથે સંબંધમાં આવે છે એની પણ ચોખવટ થાય છે. આ સમજવા માટે દૃષ્ટાંતરૂપે મોટર લઈ શકાય. મોટરના સ્પેર પાર્ટસનો ઢગલો તે મોટર નથી પરંતુ તે સ્પેર પાર્ટસનું એકત્વ તે મોટર છે. વિશ્વનું એકપણું પદાર્થના એકપણા જેવું ન હોવા છતાં વિશ્વ એ માત્ર સમૂહવાચક નામ નથી. જો વિશ્વને માત્ર પદાર્થોના સમૂહરૂપ જ માનવામાં આવે તો વિશ્વની એક સત્તા ન રહે અને બધા પદાર્થો વચ્ચેના સંબંધો ન દર્શાવી શકાય.

**પ્ર.: બધા પદાર્થો સ્વથી એકત્વ અને પરથી વિભક્તરૂપ સદાય રહેલા છે. આ રીતે અસ્તિનાસ્તિ અનેકાંત સ્વરૂપ અમે સમજયા છીએ તો પછી પદાર્થ વચ્ચેના સંબંધની શી જરૂર છે ?**

ઉ. પદાર્થો વચ્ચે સંબંધ જરૂર છે. તે આપણા જ્ઞાનમાં જણાય છે. બે પદાર્થો વચ્ચે અનેક પ્રકારના નિમિત્ત નૈમિત્તિક સંબંધો આપણા ખ્યાલમાં આવે છે. એક સિદ્ધાંત આપણા ખ્યાલમાં છે કે ગુણો વચ્ચે સંબંધ છે. પરંતુ તે સંબંધના કારણો દ્રવ્યની સત્તા પાસે છે. અર્થાત્

મહાસત્તા પાસે કારણ છે અને તેના ફળરૂપે અવાંતર સત્તાઓ વચ્ચે સંબંધો છે. અહીં વિશ્વ એ મહાસત્તા છે અને અનંત પદાર્થો અવાંતર સત્તાઓ છે. દરેક પદાર્થ અન્ય પદાર્થથી અત્યંત ભિન્ન છે. તેનો સ્વભાવ અલગ છે તેથી તેમની વચ્ચેસંબંધ શક્ય જ નથી. દરેક પદાર્થ પોતાના સ્વભાવરૂપે જ પરિણમે છે. જો વિશ્વની એકત્વરૂપસત્તા માનવામાં ન આવે તો પદાર્થો વચ્ચેના સંબંધો સ્થાપી શકાય જ નહીં. વિશ્વ જો માત્ર સમૂહવાચક નામરૂપે જ હોય તો પદાર્થો વચ્ચેના સંબંધો શક્ય જ નથી.

**પ્ર.: વિશ્વનું એકપણું કઈ રીતે લેવા માગો છો ?**

**ઉ.** વિશ્વનું એકપણું પદાર્થના એકપણારૂપ નથી. વિશ્વમાં અદ્વૈતબ્રહ્મ જેવું કાંઈ છે જ નહીં. વિશ્વ એ સમૂહવાચક નામ માત્ર નથી. વિશ્વનું એકપણું અવશ્ય છે. તે એકપણું નાટકરૂપે છે. નાટકના બધા પાત્રો પોતાને ભાગે આવતું જ કાર્ય કરે છે અને એકબીજા સાથે સંબંધમાં પણ આવે છે. સંવાદમાં બે વચ્ચેના કથનો વચ્ચે મેળ વિશેષ અવશ્ય હોય છે. તેને આપણે નિમિત્ત નૈમિત્તિક સંબંધરૂપે જોઈ શકીએ છીએ. આ રીતે વિચારવાથી દોષ રહિત બંધારણ આપણા ખ્યાલમાં આવે છે. વિશ્વની મહાસત્તાને સાદશ્ય અસ્તિત્વ કહેવામાં આવે છે. તે વિશ્વના બધા પદાર્થોને આવરી લે છે. આ રીતે વિચારવાથી ટીકામાં જે વર્ણન સાદશ્ય અસ્તિત્વ માટે કરવામાં આવ્યું છે. તે બરોબર લાગુ પડે છે.

## ◆ ગાથા - ૯૮

દ્રવ્યો સ્વભાવેને સિદ્ધ ને 'સત્' — તત્ત્વતઃ શ્રી જિનો કહે;
એ સિદ્ધ છે આગમ થકી, માને ન તે પરસમય છે. ૯૮.

*દ્રવ્ય સ્વભાવથી સિદ્ધ અને 'સત્' છે એમ જિનોએ તત્ત્વતઃ કહ્યું છે, એ પ્રમાણે આગમ દ્વારા સિદ્ધ છે; જે ન માને તે ખરેખર પરસમય છે.*

આ ગાથામાં દ્રવ્યનું સ્વતઃ સિદ્ધપણું અને સત્‌મયપણું દર્શાવવામાં આવ્યું છે. વિશ્વમાં શૂન્યને સ્થાન નથી માટે સંપૂર્ણ વિશ્વ સત્‌મય છે. શૂન્ય ન હોવાથી શૂન્યમાંથી સર્જન થાય તેમ બને નહીં, વળી સત્ નો વિનાશ થાય તો ફરી શૂન્યનો પ્રસંગ બને તેથી સત્ અનાદિ અનુત્પન્ન-અવિનાશી છે. શાશ્વત છે. આ પ્રમાણે હોવાથી તે સ્વતઃ સિદ્ધ છે. અર્થાત્ પોતે પોતાથી જ વિદ્યમાન છે. તેની હયાતી માટે અન્ય કોઈની અપેક્ષા આવતી નથી.

જે નવું ઉત્પન્ન થતું દેખાય છે તે પર્યાય છે, પર્યાયના ઉત્પત્તિ-વિનાશ હોવાથી તે ક્ષણિક છે. તે નિત્ય ટકનાર સ્વભાવના આશ્રયે જ હોય છે. વિશ્વમાં નવા નવા પદાર્થો ઉત્પન્ન થતાં રહે તો વિશ્વની કોઈ વ્યવસ્થા જ શક્ય ન બને. વળી પદાર્થનો નાશ થાય તો વિશ્વના નાશનો પ્રસંગ આવે પરંતુ એમ થવું શક્ય જ નથી. સત્ હંમેશા કાયમ ટકનાર જ રહે છે. શૂન્યની દલીલ એ સત્‌ની મજબૂતી માટે જ કરવામાં આવે છે.

આ રીતે આચાર્યદેવે દરેક દ્રવ્યની વાત કરતાં તેના સ્વભાવનું નિત્ય ટકવાપણું અને ટકીને બદલવાપણું આ બન્ને વાત કરી. ખરેખર તો ટકીને બદલવું એ દરેક દ્રવ્યનો સ્વભાવ જ છે.

આવો પદાર્થ પોતે પોતાથી જ સિદ્ધ છે. એવો સ્વભાવ આપણા લક્ષમાં, અનુભવમાં આવે છે. હવે આચાર્યદેવ તેના અસ્તિત્વની વાત કરે છે. દ્રવ્ય અને તેનું અસ્તિત્વ એમ દ્વૈત કરે છે. ખરેખર તો પદાર્થની એક જ સત્તા છે એ વાત આપણે ૯૫મી તથા ૯૬મી ગાથામાં જોઈ ગયા છીએ. દ્રવ્ય અને ગુણોની કથંચિત્ એક જ સત્તા છે. આ દ્રવ્ય અને આ ગુણ એવા અતદભાવરૂપના ભેદ પડે છે પરંતુ છે બધું તાદાત્મ્યરૂપ અવિનાભાવરૂપે રહેલું.

અસ્તિત્વ ગુણ અને દ્રવ્યો એની એક સત્તા છે કે ભિન્ન ભિન્ન સત્તાઓ છે તેની અહીં ટીકામાં ચર્ચા કરવામાં આવી છે.

## યુતસિદ્ધપણું

ગાથામાં આ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. તેનો ભાવ સમજીએ. જોડાઈને સિદ્ધ થયેલું અર્થાત્ સંયોગથી સિદ્ધ થયેલું. દ્રવ્ય અને અસ્તિત્વ એ બન્ને વચ્ચે યુતસિદ્ધપણું છે કે નહીં એવો પ્રશ્ન કરવામાં આવ્યો છે. ખરેખર દ્રવ્ય અને અસ્તિત્વનું એકપણું હોવાથી ત્યાં યુતસિદ્ધપણું નથી એમ દર્શાવવું છે. આ અંગે દૃષ્ટાંત આપીને તેની વિસ્તારથી ચર્ચા કરવામાં આવી છે. યુતસિદ્ધપણાના દૃષ્ટાંતમાં લાકડીવાળો પુરુષ લીધો છે. ત્યાં લાકડી અને પુરુષ બન્ને જાુદા છે. લાકડી હાથમાં લેવાથી પુરુષને લાકડીવાળો કહેવામાં આવ્યો છે. પુરુષની આ લાકડી એમ ભેદનું કથન થઈ શકે. વળી અન્ય દૃષ્ટાંત લઈએ તો પુરુષનો આ હાથ એમ પણ ભેદનું કથન કરી શકાય. હવે બન્નેને સરખાવો પુરુષની લાકડી અને પુરુષનો હાથ એ બન્નેમાં કોઈ તફાવત ખ્યાલમાં આવે છે ? કથનનો પ્રકાર, કથનના શબ્દો એક સરખા હોવા છતાં બન્નેમાં મોટો તફાવત છે. પુરુષ અને લાકડી જેવા જાુદા છે એવું પુરુષ અને તેના હાથ વચ્ચે નથી.

પુરુષ અને લાકડી એ બે જાુદા પદાર્થો છે. બે સ્વતંત્ર પદાર્થો છે. તે બે વચ્ચે અસ્તિ નાસ્તિ છે. જે સંયોગી સંબંધ જોવા મળે છે. તે તેમની વચ્ચેની અસ્તિ-નાસ્તિ ટકાવીને જોવા મળે છે. પુરુષ અને તેનો હાથ ત્યાં એક જ પદાર્થ છે. હાથ શરીરનું જ એક અંગ છે. હાથ અને શરીર વચ્ચે અંશ અને અંશી એવો સંબંધ છે. ત્યાં બે સ્વતંત્ર પદાર્થો નથી. અંશ અને અંશીનું જાુદાપણું છે તેને કથંચિત્ ભિન્નપણું કહેવામાં આવે છે. જ્યાં કથંચિત્ ભિન્નપણું છે ત્યાં અવિનાભાવપણું છે. એમ દ્રવ્ય અને અસ્તિત્વ વચ્ચે ગુણી અને ગુણ અંશી અને અંશ એવો ભેદ રહેલો છે. એવા ભેદને અતદભાવથી ઓળખાવવામાં આવે છે. અસ્તિ નાસ્તિ બે પદાર્થ વચ્ચે હોય છે. જ્યારે અતદભાવ એક જ પદાર્થમાં લાગુ પડે છે.

બે પદાર્થો જાુદા છે ત્યાં બન્નેના ક્ષેત્રો પણ જાુદા છે. આકાશના એક ક્ષેત્રમાં લોકના પુરા ભાગમાં રહેલા ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એવા બે દ્રવ્યો અલગ છે. એ બન્ને કાયમને માટે આકાશના એક જ ક્ષેત્રમાં અવગાહન પામીને રહેલા છે તોપણ બન્ને પદાર્થ અલગ હોવાથી બન્નેના ક્ષેત્ર અલગ જ છે. અતદભાવને માટે અન્યત્વ અને અસ્તિ નાસ્તિ માટે પૃથક્ત્વ એવા શબ્દો પણ વાપરવામાં આવે છે. જ્યાં અન્યત્વ છે ત્યાં એક જ ક્ષેત્ર છે અને જ્યાં પૃથક્ત્વ છે ત્યાં ભિન્ન પ્રદેશપણું છે. આ સિદ્ધાંત બરોબર લક્ષમાં રાખવા જેવો છે. પદાર્થ અને તેનું અસ્તિત્વ એની એક જ સત્તા છે એવું દર્શાવવામાં આવે છે.

આ દ્રવ્ય અને આ એનું અસ્તિત્વ એવો ભેદ જ્યારે જોવા માગીએ ત્યારે જ જોવા મળે છે. પ્રમાણ જ્ઞાન તો બધું જેમ છે તેમ એકી સાથે જાણી લે છે. જ્યારે નયજ્ઞાન વડે જોવા માગીએ ત્યારે અભેદ જોવા માગીએ તો તે જણાય અને ભેદ જાણવા માગીએ તો તે જણાય. ભેદ જાણવા માગીએ ત્યારે ભેદ ઉન્મગ્ન થાય છે અને જ્યારે અભેદ જાણવા માગીએ ત્યારે ભેદ નિમગ્ન થાય છે. આ પ્રમાણેનો નયવિભાગ છે.

અહીં એક પ્રશ્ન એ થાય કે પહેલા પદાર્થના સ્વભાવની વાત કરીને પછી અસ્તિત્વની વાત શા માટે કરી ? જવાબ સહજ છે. આપણે ઈન્દ્રિય જ્ઞાનમાં રૂપી પદાર્થોને જાણી શકીએ છીએ તેથી પ્રથમ પદાર્થની હા આવે છે. અસ્તિત્વ એને ઈન્દ્રિયજ્ઞાનનો વિષય નથી. તર્કનો વિષય છે. અસ્તિપણું હોય તો જ આગળ વિશેષ વર્ણન શકય બને છે તેથી મનના સંગે અસ્તિત્વનો નિર્ણય કરવામાં આવે છે.

## ◆ ગાથા - ૯૯

**દ્રવ્યો સ્વભાવ વિષે અવસ્થિત, તેથી 'સત્' સૌ દ્રવ્ય છે ;**
**ઉત્પાદ-ધ્રૌવ્ય-વિનાશયુત પરિણામ દ્રવ્યસ્વભાવ છે. ૯૯.**

***સ્વભાવમાં અવસ્થિત (હોવાથી) દ્રવ્ય 'સત્' છે; દ્રવ્યનો જે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સહિત પરિણામ તે પદાર્થોનો સ્વભાવ છે. નિત્ય ટકવું જેમ વસ્તુનો સ્વભાવ છે. તેમ સદાય પરિણમન કરવું તે પણ વસ્તુનો સ્વભાવ છે. ૯૮મી ગાથામાં જેમ દ્રવ્ય અને અસ્તિત્વની વાત લીધી હતી તેમ અહીં ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યની વાત લીધી છે.***

આ ગાથામાં અન્વય અને વ્યતિરેક શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પર્યાયમાં ઉત્પાદ અને વ્યય થતાં હોવાથી પર્યાયમાં દરેક સમયે નવા પરિણામો, ભાવો, જોવા મળે છે. નિત્ય સ્વભાવ સત્ અહેતુકપણે અનાદિ અનંત હોવાથી શાશ્વત સ્વતઃસિદ્ધ જોવા મળે છે. તે ટંકોત્કિર્ણ છે તેથી સદાય એકરૂપ જ છે. પર્યાયોના ઉત્પત્તિવૃદ્ધિ-હાનિ અને અભાવ એ ચાર લક્ષણો જોવા મળે છે. પર્યાયના એક પછી એક થાય છે માટે ત્યાં ક્રમ છે. તે પર્યાયો આગળ-પાછળ સંધિપૂર્વક જોડાયેલી હોવાથી ત્યાં બદ્ધતા પણ છે. વિશ્વમાં શૂન્ય છે જ નહીં તેથી શૂન્યમાંથી સર્જન અને સત્‌નો વિનાશ કયારેય બને નહીં. શાશ્વત સ્વભાવ જે છે તે પરિપૂર્ણ અને શુદ્ધ જ છે. નિત્ય સ્વભાવમાં ત્રણ કાળના પરિણામોને પહોંચી વળવાની શક્તિ છે.

પર્યાય નવી ઉત્પન્ન થાય છે એવું વાંચીને આપણને એમ લાગે કે દૃષ્ટાંતરૂપે ઈંડુ લઈ શકાય. મરઘીમાંથી ઈંડુ ઉત્પન્ન થાય છે. તે નવીન ઉત્પત્તિ જ છે પરંતુ એ દૃષ્ટાંત લાગુ ન પડે કારણકે મરઘી અને ઈંડાના ક્ષેત્ર જુદા છે. સોનું હાર રૂપે થાય છે તે દૃષ્ટાંત યોગ્ય છે. સોનામાં બધી જાતના દાગીનારૂપે થવાની શક્તિ છે. તે સોનું પોતાના સંપૂર્ણ સ્વભાવ વડે વ્યાપક થઈને વ્યાપ્ય એવી પર્યાયરૂપે થાય છે. હારમાં આદિ-મધ્ય-અંતમાં સોનું વ્યાપેલું છે. ઘડામાં એ જ રીતે માટી વ્યાપેલી છે. આવા દૃષ્ટાંતો લેવાથી આપણને દ્રવ્ય-પર્યાય સ્વરૂપ પદાર્થ કેવો છે તેનો ખ્યાલ આવે છે. દાગીનાના બદલતા ઘાટ સમયે પણ તેમાં સોનું એકરૂપ જ રહેલું છે.

| | |
|---|---|
| દ્રવ્ય | પર્યાય |
| વ્યાપક | વ્યાપ્ય |
| કર્તા | કર્મ |
| અન્વય | વ્યતિરેક |
| ધ્રુવ | ઉત્પાદ-વ્યય |

આ પ્રકારનું દ્રવ્ય બંધારણ સમજાવવામાં આવે છે. આને લક્ષમાં રાખીને આપણે દ્રવ્ય-પર્યાયરૂપ પદાર્થ અંગે આપણી સમજણમાં ચોખવટ કરીએ.

①



②



નં. ① પ્રમાણે વિચારવાથી આપણા જ્ઞાનમાં દ્રવ્ય અને પર્યાયનું જુદાપણું ખ્યાલમાં આવે છે. ત્યાં શાંતિથી વિચારતા સમજાશે કે એ રીતે દ્રવ્ય અને પર્યાય ઘંટીના બે પડ જેવી લાગે છે. ઘંટીનું નીચલું પડ સ્થિર છે જ્યારે ઉપરનું પડ ફરે છે. બે પડ વચ્ચે કાંઈ સંબંધ નથી. ઘંટીના બે પડ તો સરખા છે. બન્ને પડને સત્તા મળે છે પરંતુ પદાર્થનું બંધારણ એ રીતે નથી.

નં. ② વસ્તુ સ્વરૂપ આ પ્રકારે છે. શૂન્યથી બચાવીને જેની સત્‌રૂપે સ્થાપના કરી છે. તેમાં બધા પરિણામોરૂપે થવાની શક્તિ છે. જે સોનામાં બધા દાગીનારૂપે થવાની શક્તિ છે. તે જ સોનામાંથી દાગીના થાય છે. જે મોટરમાં એક હોર્સપાવર જેટલી શક્તિ છે તે જ મોટર પાણી ઉપર ચડાવવામાં ઉપયોગી થાય છે.

દરીયામાં જે પાણી છે તે જ ભરતી-ઓટ રૂપે થાય છે. તેથી જે દ્રવ્યસ્વભાવને શાશ્વતરૂપે-ટંકોત્કિર્ણરૂપે લેતા જે ''એનું એ'' સ્વરૂપ ખ્યાલમાં આવે છે. તે જ સ્વભાવ હવે પરિણામી દૃષ્ટિથી જોતા પરિણામનો દાતાર થઈને એક પછી એક બધી પર્યાયોરૂપે થાય છે. આ રીતે અપરિણામી દૃષ્ટિ અને સમયવર્તી પરિણામ વચ્ચે પરિણમતું દ્રવ્ય એ કડીરૂપ છે. ખરેખર તો દ્રવ્ય સામાન્યને જોવાની આ બે દૃષ્ટિઓ છે. શૂન્યથી બચાવીને જ્યારે સત્‌ની સ્વભાવની સ્થાપના કરવામાં આવે છે ત્યારે તે એકરૂપ ટંકોત્કિર્ણ દેખાય છે તે અપરિણામી દૃષ્ટિ છે. એ દૃષ્ટિ પરિણામના કારણો નથી આપતી. એ સ્વભાવ જો એકાંતિક હોત તો પર્યાય થવાની શક્યતા જ રહેત નહીં. એ સ્વભાવ અનેકાંત સ્વરૂપ છે. અર્થાત્ દ્રવ્ય અનંત ગુણાત્મક છે એ અનંતગુણો એકબીજા સાથે તન્મય સંબંધમાં એકરૂપ રહે છે. અનેકમાં એકબીજા વચ્ચે સંબંધ વિશેષો બદલાતા જાય છે. એ બધાની અનેક પ્રકારે ગોઠવણી શક્ય બને છે જેનાથી પર્યાયો થાય છે.

દ્રવ્ય પર્યાયને આ રીતે સમજવાથી પર્યાયના ષટકારકો પણ સારી રીતે સમજી શકાય છે. દરેક પર્યાય તે કર્મ છે તો દ્રવ્ય તેનું કર્તા છે. દ્રવ્ય સ્વભાવથી થતી અનેક પ્રકારની રચનાઓ એજ પર્યાયો છે. બૌધ માને છે એવા નિરપેક્ષ ઉત્પત્તિ-વિનાશની શક્યતા જ નથી તેથી નિત્ય ટકનાર સ્વભાવની ઓથમાં જ તે સ્વભાવ રમતે ચડે છે. તે રીતે સમયે સમયે નવા નવા રૂપ દર્શાવે છે. દ્રવ્ય અને પર્યાયનું આ રીતે જોડકું છે, અવિનાભાવપણું છે. ત્યાં દ્રવ્ય અન્વય છે અને પર્યાય વ્યતિરેકરૂપ છે. આ રીતે અન્વય અને વ્યતિરેક એ બન્ને પણ જોડકારૂપે જ લક્ષમાં આવે છે. માત્ર અન્વય કે માત્ર વ્યતિરેક તે શક્ય જ નથી.

આટલી ભૂમિકા ખ્યાલમાં રાખીને હવે આપણે ટીકામાં કઈ રીતે લેવામાં આવ્યું છે તે જોઈએ. વ્યતિરેક લક્ષણ દર્શાવવા માટે પ્રથમ ક્ષેત્રનો દૃષ્ટાંત આપે છે. અસ્તિકાયરૂપ પદાર્થને અખંડિત ક્ષેત્ર છે. જેમકે જીવને અસંખ્ય પ્રદેશો છે. જીવનું ક્ષેત્ર અખંડ હોવા છતાં તેના અસંખ્ય પ્રદેશોને કોઈ એક દૃષ્ટિથી એક પછી એક જોઈ શકાય છે. જેમકે ઓરડામાં લાદી ચોડવામાં આવી હોય તો તેને એક પછી એક એમ ગણી શકાય છે. તે દરેક લાદી અન્ય લાદીઓથી ભિન્ન છે. ક્ષેત્રના આવા એકમને પ્રદેશ કહેવામાં આવે છે.

સ્વભાવ જેમ અનાદિથી અનંત કાળ સુધી એકરૂપ છે તેમ પરિણામો પણ અનાદિથી અનંત છે. પરિણામો એક પછી એક થતાં હોવાથી પ્રવાહરૂપ છે. પર્યાયના આ બદલતા પ્રવાહમાં વ્યતિરેક લક્ષણ લાગુ પડે છે. પરિણમનનો અતૂટ પ્રવાહ ચાલે છે તેના નાનામાં નાના અંશને સમય કહેવામાં આવે છે. એક પછી એક થતાં સમયો એકબીજાથી જુદા છે અર્થાત્ વ્યતિરેકરૂપ છે.

ઉત્પાદ-વ્યય-ધ્રુવને સમજાવવા માટે ફરીને ક્ષેત્રનો દૃષ્ટાંત લેવામાં આવે છે. એક સળંગ લાંબી ઓસરી છે તેના એક છેડા ઉપર ઉભા રહીને એક પછી એક લાદી ઉપર પગ મૂકીને સામે છેડે પહોંચીએ ત્યારે નવી લાદી ઉપર પગ મૂકીએ ત્યારે ત્યાર પહેલાની લાદી ઉપરથી પગ ઉપાડતા જઈએ છીએ. પહેલાની લાદી છોડી તેને વ્યય અને નવી લાદી, પછીની લાદી, ઉપર પગ મૂકયો તેને ઉત્પાદ

ગણવામાં આવ્યો છે. ઓસરીમાં સળંગ લાદી નાખી હોવાથી તેનું અખંડપણું લક્ષમાં લેવું તે ધ્રુવ ગણવામાં આવ્યું છે. પર્યાયમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ સમજવા સહેલા છે. પદાર્થમાંથી એક સમયે જે રચના થઈ છે તેને છોડીને પછીના સમયે તે જ સ્વભાવથી નવી રચના કરવામાં આવે છે. જે સોનું હારરૂપે હતું તે હારને ગાળીને સોનામાંથી બંગડી બનાવવામાં આવે છે. ત્યાં હારનો વ્યય અને બંગડીનો ઉત્પાદ છે. ત્યાં અન્વયરૂપે જે સોનું છે તે ધ્રુવ છે.

આ રીતે આચાર્યદેવે પર્યાયમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ કઈ રીતે છે તે સમજાવ્યું. ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે અવિનાભાવરૂપે સાથે જ છે, તેને ત્રિલક્ષણપણું પણ કહેવામાં આવે છે. અર્થાત્ એ રીતે એ ત્રણેને એકરૂપે પણ જોઈ શકાય છે. આ પ્રમાણે કહીને ''ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તમ્ સત'' એ સૂત્ર અનુસાર સત્‌ને આ પ્રમાણે ત્રિલક્ષણ માન્ય રાખવું એવું પ્રતિપાદન કરે છે. આ સિદ્ધાંત સમજાવવા માટે લટકતા મોતીના હારનો દૃષ્ટાંત આપે છે. એક પછી એક રહેલા મોતીઓને પર્યાયના સ્થાને ગણે છે. બધા મોતીઓને એકસૂત્ર રાખનાર દોરો છે તેને ધ્રુવગણે છે. ક્ષેત્રના દૃષ્ટાંતની માફક જ આ દૃષ્ટાંત ગણાય. તે બધી રીતે લાગુ ન પડે. વર્તમાન ઉપલબ્ધ દૃષ્ટાંતમાં સોનાની સાંકળી લઈ શકાય. સોનાની કડીઓ બધી અલગ અલગ છે તેમ છતાં બધી કડીઓ સાંકળીરૂપે ગૂંથાયેલી છે. મોતી અને દોરાની જાત જુદી છે ત્યાં બે અલગ દ્રવ્યો થઈ જાય છે. સાંકળીના દૃષ્ટાંતમાં એ દોષ આવતો નથી. બધી કડીમાં સોનુ જ અંતર્વ્યાપક છે વળી પર્યાયો પ્રવાહરૂપે પણ એકબીજા સાથે જોડાયેલી છે. આ વાત હવે પછીની ગાથામાં આવશે.

સમયસારમાં જ્યાં ૪૭ શક્તિઓ લેવામાં આવી છે ત્યાં આ વિષય લેવામાં આવ્યો છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ શક્તિ છે. તે ઉપરાંત ભાવ શક્તિ-ભાવ અભાવ શક્તિ અને અભાવ ભાવ શક્તિ એવી ત્રણ શક્તિઓ પણ લીધી છે. કોઈ પણ દ્રવ્યને કોઈપણ સમયે લક્ષમાં લેવામાં આવે ત્યારે તેની કોઈને કોઈ એક પર્યાય અવશ્ય હોય છે એ ભાવશક્તિ છે. જે પર્યાય વર્તમાનમાં વિદ્યમાન છે તેનો વ્યય થાય છે એ ભાવ અભાવ શક્તિનું કાર્ય છે. ભવિષ્યની જે પર્યાય વર્તમાનમાં અવિદ્યમાન છે તે વિદ્યમાન થાય છે એવું અભાવ ભાવ શક્તિ દ્વારા સમજાવવામાં આવે છે. આ રીતે ભાવ અભાવ અને અભાવભાવ રૂપે પર્યાયોનો પ્રવાહ અનાદિથી અનંતકાળ સુધી ચાલે છે.

આ રીતે આ ગાથામાં દ્રવ્ય-પર્યાયની એક સત્તા છે તે દર્શાવ્યું ગુણભેદનો અને પર્યાયભેદ બન્નેનો સાથે વિચાર કરીએ ત્યારે જીવના દ્રવ્ય સામાન્યને એકરૂપ ગણીએ ત્યારે તેમાં અસંખ્ય પ્રદેશો એવા ક્ષેત્રના પ્રદેશ ભેદો છે. ગુણ ભેદો છે અને પર્યાયના ભેદો છે. તે દરેકમાં ક્ષેત્રમાં અંશ કલ્પના, ગુણોના ભેદ અને એક પછી એક થતી એવી પર્યાયોનું વ્યતિરેકપણું ખ્યાલમાં આવે છે. આવા ત્રણ પ્રકારના ભેદો સમયે પણ દ્રવ્યનું અખંડપણું તો એવુંને એવું છે.

## ◆ ગાથા - ૧૦૦

**ઉત્પાદ ભંગ વિના નહીં, સંહાર સર્ગ વિના નહીં;**
**ઉત્પાદ તેમ જ ભંગ, ધ્રૌવ્ય-પદાર્થ વિણ વર્તે નહીં. ૧૦૦.**

***ઉત્પાદ ભંગ વિના હોતો નથી અને ભંગ ઉત્પાદ વિના હોતો નથી; ઉત્પાદ તેમજ ભંગ ધ્રૌવ્ય પદાર્થ વિના હોતા નથી.***

આ ગાથામાં ઉત્પાદ-વ્યય-ધ્રુવને હજુ વિશેષપણે ચર્ચે છે. ઉત્પાદ-વ્યય અને ધ્રુવને અલગરૂપે લક્ષમાં લીધા. બધું અભેદપણે પદાર્થરૂપ છે એ પણ લક્ષમાં લીધું. હવે એ ત્રણને એકબીજા

વચ્ચે જે સંબંધો છે તે સમજાવે છે. ઉત્પાદ અને વ્યયને સંબંધ છે. ઉત્પાદને અને ધ્રુવને સંબંધ છે અને વ્યયને તથા ધ્રુવને સંબંધ છે. આ રીતે બેના જોડકા લઈને સમજાવવામાં આવે છે. સૌ પ્રથમ ઉત્પાદ અને વ્યય વચ્ચેના સંબંધને દર્શાવીને પછી એ ઉત્પાદ-વ્યય નિત્ય ટકનાર એવા સ્વભાવની ઓથમાં જ જોવા મળે તેથી તે દરેક ધ્રુવ એવા સ્વભાવ વિના જોવા ન મળે એવું ખ્યાલમાં લેવું રહ્યું.

પરિણમનનો અનાદિ અનંતકાળ સુધીનો પ્રવાહ ચાલે છે. તે દરેક પર્યાયમાં દ્રવ્ય અન્વયરૂપે વ્યાપે છે. પર્યાયો ક્રમવર્તી છે એટલે એક પછી એક થાય છે. દ્રવ્ય પોતે પૂરા સ્વભાવ વડે એક પર્યાયની રચના કરે છે. તે સ્વાંગને છોડે તો જ તે નવું રૂપ લઈ શકે તેથી ભાવઅભાવ અને અભાવભાવનું સ્વરૂપ પણ આપણે લક્ષમાં લીધું છે. નવી પર્યાયની પ્રગટતા પૂર્વ પર્યાયના અભાવની અપેક્ષા રાખનાર છે તેથી કહે છે કે ઉત્પાદ ભંગ વિના ન હોય અને સંહાર-સર્ગ (ઉત્પત્તિ) વિના ન હોય. હવે આગળ કહે છે કે જે ઉત્પાદ છે તે જ સંહાર છે. આવું કથન વિરોધાભાસી લાગે. ઉત્પત્તિને વિનાશ કઈ રીતે કહી શકાય ? અહીં આપણે અપેક્ષા લઈને વિચારવું રહ્યું. સ્વરૂપ અસ્તિત્વ અખંડ એક સત્તા છે. તે પ્રમાણ જ્ઞાનનો વિષય છે તેમાં દ્રવ્ય-ગુણ-પર્યાય-ઉત્પાદ-વ્યય-ધ્રુવ એવી છ અપેક્ષાથી તેને જોઈ શકાય છે. છ અલગ વ્યક્તિઓ પદાર્થને અલગ અપેક્ષાથી જોવા માગે તો જોઈ શકે છે. જે પદાર્થ એકને ઉત્પાદરૂપે લક્ષમાં આવે છે તે જ પદાર્થ એ જ સમયે અન્યને વ્યયરૂપે લક્ષમાં આવે છે. ટકતા ભાગ ઉપર લક્ષ રાખનારને જેની ઉત્પત્તિ છે તેનો જ નાશ છે એવું ખ્યાલમાં આવે છે. હવે બીજી રીતે વિચારીએ. કોઈ એક પર્યાયની ઉત્પત્તિ થાય છે. તે જેના જ્ઞાનમાં આવે છે તે મતિજ્ઞાન છે. તે જીવ ત્યાંથી તર્કણાત્મક જ્ઞાન (શ્રુતજ્ઞાન) લંબાવે તો તેનું જ્ઞાન કઈ અવસ્થાના અભાવપૂર્વક વર્તમાન પર્યાય પ્રગટ થઈ છે તેનો નિર્ણય કરી શકે છે. તેથી મતિજ્ઞાન ઉત્પાદને લક્ષમાં લે છે ત્યાર પછી શ્રુતજ્ઞાન વ્યયનો નિર્ણય કરી લે છે. તે જ જ્ઞાન વ્યયની જેમ બન્ને અવસ્થામાં અન્વયરૂપ રહેનાર ધ્રુવનો પણ નિર્ણય કરી લે છે. વળી તે જ્ઞાન આ બધું એક સ્વરૂપ અસ્તિત્વની અંતર્ગત છે એમ પણ નક્કી કરી લે છે.

જે રીતે ઉત્પાદ વ્યયનો નિર્ણય કરી લે છે તે જ પ્રકારે વ્યય પણ ઉત્પાદનો નિર્ણય કરી લે છે. ઉત્પાદને વ્યયની અપેક્ષા છે તો વ્યયને ઉત્પાદની અપેક્ષા છે. વળી ઉત્પાદ અને વ્યય બન્ને ટકતા ભાગની અપેક્ષા રાખે છે.

ઘડાનો ઉત્પાદ છે તે પિંડના વ્યય સ્વરૂપ છે તેને માટે ટીકામાં આ પ્રકારે શબ્દ પ્રયોગ કરવામાં આવ્યો છે. ''કારણકે ભાવનું ભાવાંતરના અભાવ સ્વભાવે અવભાસન છે.'' તેને આ પ્રમાણે સમજી શકાય. ઘડાનું પિંડના અભાવ સ્વભાવે જ્ઞાન છે. ઘડો ભાવ છે તો તેની અપેક્ષાએ પિંડ એ ભાવાંતર છે. તે પિંડનો અભાવ થાય તો જ ઘડાની ઉત્પત્તિ થાય. અહીં ભાવાંતરમાં ભૂતકાળની પર્યાય લેવામાં આવી છે. એ જ રીતે પિંડનો નાશ એ જ ઘડાની ઉત્પત્તિ છે તેને માટે શબ્દો છે. ''અભાવનું ભાવાંતરના ભાવ સ્વભાવે અવભાવસન છે'' ત્યાં પિંડનું ઘડાના ભાવ સ્વભાવે અવભાસન છે. અહીં ભાવાંતરમાં ભવિષ્યની પર્યાય લેવામાં આવી છે. વર્તમાન પર્યાયની ઉત્પત્તિ તે ભૂતકાળની પર્યાયના વ્યયની અપેક્ષા રાખે છે. જ્યારે ભવિષ્યની પર્યાય એજ રીતે વર્તમાન પર્યાયના અભાવની અપેક્ષા રાખે છે. વળી વર્તમાન પર્યાય ભવિષ્યની પર્યાયના ઉત્પાદની પણ અપેક્ષા રાખે છે. વર્તમાન ઘડાની ઉત્પાદરૂપ પર્યાય પિંડના વ્યયને દર્શાવે છે એમ પિંડની વ્યયરૂપ પર્યાય ઘડાના ઉત્પાદને સૂચવે છે. આ બન્ને પિંડ અને ઘડારૂપ અવસ્થાઓ માટીની હાજરી જાહેર કરે છે કારણકે તે બન્ને અવસ્થાઓમાં માટી અન્વયરૂપ રહેલી છે.

## દ્રવ્ય સ્વભાવ

દ્રવ્ય સ્વભાવને આપણે પર્યાયના દાતારરૂપે લક્ષમાં લીધો છે. તેને આપણે નિત્ય ટકનારરૂપે પણ લક્ષમાં લીધો છે. આ બે એક જ સ્વભાવને લક્ષમાં લેવાની બે દૃષ્ટિઓ છે તે વાત આપણા જ્ઞાનમાં સ્પષ્ટ હોવી જરૂરી છે.

**અપરિણામી દૃષ્ટિ:** જ્યારે આપણે સત્‌ની અને સ્વભાવની સ્થાપના કરીએ છીએ ત્યારે તેને શૂન્યથી બચાવીને સત્‌રૂપે ખ્યાલમાં લઈએ છીએ. વિશ્વ સત્‌મય છે. વિશ્વમાં શૂન્યને ક્યાંય સ્થાન નથી. તેથી જે સત્ છે તે અનાદિ અનુત્પન્ન અને અવિનાશી છે. શાશ્વત છે. સ્વતઃસિદ્ધ છે. ટંકોત્કિર્ણ છે. તે પોતાનું એકરૂપપણું સદાયને માટે ટકાવીને રહેલ છે. આ અપેક્ષાએ એ પોતાનો ''એનોએ'' સ્વભાવ કાયમને માટે ટકાવે છે. એ સ્વભાવ પરિપૂર્ણ છે અને શુદ્ધ છે. જીવના આ સ્વભાવને આપણે આશ્રયભૂત તત્ત્વરૂપે ઓળખીએ છીએ.

**પરિણામી દૃષ્ટિ :** હવે જયારે પદાર્થના બદલાતા સ્વરૂપનો વિચાર કરીએ છીએ ત્યારે પર્યાય ક્ષણિક છે. તે ઉત્પન્ન ધ્વંસી છે. તે પર્યાય કયાંથી ઉપજે છે તેનો વિચાર કરીએ ત્યારે તે એકાંતે સર્વથા ક્ષણિક હોય ન શકે. બૌદ્ધની ભલે તે પ્રકારની માન્યતા હોય પરંતુ વિશ્વમાં શૂન્યને સ્થાન જ નથી તેથી શૂન્યમાંથી સર્જન અને સત્‌નો વિનાશ શક્ય જ નથી. તેથી હવે સત્‌મય પદાર્થ જ પર્યાયનો દાતાર હોવા જોઈએ. સત્‌મય પદાર્થને આપણે જે અપરિણામી દૃષ્ટિથી લક્ષમાં લીધો છે તે દૃષ્ટિમાં તો ઉત્પત્તિ વિનાશની શક્યતા જ નથી, જન્મ મરણ નથી તો વૃદ્ધિ અને હાનિ પણ નથી. તે દૃષ્ટિ તો પરિણામની દાતાર છે જ નહીં. તેથી પરિણામનો દાતાર કોણ છે એવો પ્રશ્ન થાય. આ સ્વભાવ સિવાય વિશ્વમાં બીજુ કાંઈ છે જ નહીં તેથી પર્યાય તેમાંથી જ આવવી જોઈએ. એ રીતે દલીલની ભીંસ લેવી જોઈએ. જેને આપણે અપરિણામી દૃષ્ટિમાં નિત્ય ટકનાર એકરૂપે લક્ષમાં લીધો તે એકાંતિક એક નથી. તે અનેકાંત સ્વરૂપ છે. અર્થાત્ એ પોતાના પેટાળમાં અનેક ધર્મોને લઈને રહેલો હોવાથી એકત્વસ્વરૂપ છે. આ એક અને એકત્વ વચ્ચેનો તફાવત આપણા ખ્યાલમાં આવવો જરૂરી છે. વિશેષ ચોખવટ માટે દૃષ્ટાંત લઈએ. કાપડને માપવા માટે મીટર એકમ (Unit) છે. જ્યારે બે ગામ વચ્ચેના અંતર માટે કિલોમીટર એકમ છે. હવે એક કિલોમીટરમાં ૧૦૦૦ મીટર છે તે વાત આપણા લક્ષમાં છે. કિલોમીટર કોને કહેવાય એવા પ્રશ્નના જવાબરૂપે આપણે એ જ કહીશું. પરંતુ રાજકોટ થી સોનગઢ કેટલું ? તેના જવાબમાં ૧૪૩ કિલોમીટર કહીશું. ત્યારે તે ૧૪૩૦૦૦ મીટર દૂર છે એવું કોઈ વિચારીશું નહીં. એક કિલોમીટરના એક હજાર મીટર થાય એવું લઈએ ત્યારે તેને આપણે એકત્વરૂપ જોઈએ છીએ. પરંતુ જ્યારે બે ગામ વચ્ચેના અંતરની વાત આવે ત્યારે તે એકત્વરૂપ નહીં પરંતુ એકરૂપે જણાય છે. અપરિણામી દૃષ્ટિ 'એક'પણું સૂચવે છે જ્યારે તે એકાંતિક એક નથી અનેકાંત સ્વરૂપ હોવાથી ''એકત્વ''રૂપ છે એમ જ્યારે કહીએ છીએ ત્યારે આપણે તે જ દ્રવ્ય સ્વભાવને પરિણામી દૃષ્ટિરૂપે ખ્યાલમાં લઈએ છીએ.

આ અનેકાંત સ્વરૂપ અર્થાત્ એકના પેટાળમાં જે અનેક જોવા મળે છે તે જ પર્યાયના કારણો આપે છે. એ અનેક વચ્ચેના બદલતા સંબંધો થઈ શકે છે. તે બદલતા સંબંધો જ પર્યાયો છે. આલ્ફાબેટના ૨૬ અક્ષરો છે તે અક્ષરોમાં કોઈ ફેરફાર થતો નથી પરંતુ તેમના સંબંધ વિશષથી નવા નવા શબ્દો બને છે. દૃષ્ટાંતરૂપે RAT, TAR અને ART લઈ શકાય. આપણે પહેલા ૯૫મી ગાથામાં શિખ્યા છીએ કે સ્વભાવને છોડયા વિના જે ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ છે. તેથી મૂળભૂત સ્વભાવ તો પર્યાયના વિસદશ ભાગમાં પણ એવોનો એવો રહે છે. આ પ્રમાણે હોવાથી

દ્રવ્યાર્થિક નયથી જોતા તે ખ્યાલમાં આવે છે. આ રીતે જે દ્રવ્ય સ્વભાવને આપણે અપરિણામી દૃષ્ટિથી જોતા એકરૂપ લક્ષમાં લઈએ છીએ એ દૃષ્ટિ તો પરિણામના કારણો આપતી નથી. એ જ દ્રવ્ય સ્વભાવને 'એક'રૂપ નહીં પરંતુ 'એકત્વ'રૂપે જોતા તે પરિણામના કારણો પુરા પાડે છે. તે પરિણામી દૃષ્ટિ છે અને એ અપેક્ષાએ તે દ્રવ્ય સ્વભાવ પરિણમતું દ્રવ્ય છે. આ વ્યવસ્થા ટેબલના રૂપમાં આ રીતે દર્શાવી શકાય.

**દ્રવ્ય સામાન્ય**

અપરિણામી દૃષ્ટિ | પરિણામી દૃષ્ટિ (પરિણમતું દ્રવ્ય)

આ વાત આપણે ૯૯ મી ગાથામાં પણ વિચારી ગયા છીએ. બંધારણનો અભ્યાસ જરૂરી હોવાથી અહીં પુનરોક્તિ દોષ ન લેવો.

આવું વસ્તુ સ્વરૂપ ન માને તો શું દોષ આવે એ હવે વિસ્તારથી સમજાવવામાં આવે છે. ત્રણ પ્રકારના દોષનું વર્ણન કરવામાં આવે છે. એ ત્રણે એકાંત માન્યતાને પોષણ કરનારા છે અર્થાત્ ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એ બધાને અતદ્ભાવરૂપે સર્વથા માનનારા છે. જ્યાં અતદ્ભાવ છે ત્યાં તાદાત્મ્યપણું પણ છે તેમ માને તો તે તો વસ્તુની વ્યવસ્થા છે.

## કેવળ ઉત્પાદ માનનારા

કોઈ એકાંતવાદી નિરપેક્ષ ઉત્પાદ માને છે. તે વ્યય અને ધ્રુવ બન્નેમાંથી કોઈને માનતા નથી. આવી માન્યતા ભૂલ ભરેલી છે તે સમજી શકાય તેમ છે પરંતુ એવું માનવા જતાં શું થાય તે જાણવા જેવું છે. પ્રથમ ધ્રુવને ન માને તો શું દોષ આવે તે વિચારીએ. આશ્રયભૂત દ્રવ્ય વિના ઉત્પાદ માનવામાં આવે તો શૂન્યમાંથી સર્જનનો પ્રસંગ આવે. શૂન્ય છે વિશ્વમાં જ નહીં તેથી ઉત્પાદ સાબિત જ ન થાય. ટીકામાં અસત્નો ઉત્પાદ થાય એટલે કે આકાશમાં પુષ્પ ઉગવા માંડે એવું લખાણ છે પરંતુ એ શક્ય જ નથી. હવે વ્યયને ન માને તો શું દોષ આવે તેનો વિચાર કરીએ. અહીં આચાર્યદેવ વ્યયને 'ઉત્પાદન કારણ' રૂપે ઓળખાવે છે. તે સમજવા જેવું છે. સાચું સ્વરૂપ આપણા ખ્યાલમાં છે કે પરિણમતા દ્રવ્યની દરેક સમયે કોઈ એક પર્યાય અવશ્ય હોય છે. તે પર્યાયનો અભાવ કરીને તે દ્રવ્ય નવી પર્યાયરૂપે થઈ શકે. સોનું હારરૂપે હોય છે તેમાંથી બંગડી બનાવવામાં આવે ત્યારે સામાન્ય રીતે અમે હારમાંથી બંગડી બનાવી એવું કહીએ છીએ. ખરેખર તો જે સોનું પ્રથમ હારરૂપે હતું તે અવસ્થાનો વ્યય થાય તો જ બંગડીરૂપની નવી અવસ્થા પ્રગટ થાય. જો પૂર્વ પર્યાયનો વ્યય ન થાય તો ઉત્તર પર્યાયનો ઉત્પાદ ન થાય તેથી પૂર્વ પર્યાયના વ્યયને ઉત્તર પર્યાયના ઉત્પાદન કારણરૂપે ગણવામાં આવે છે. આ વાત લક્ષમાં રાખીને હવે વિચારીએ તો ખ્યાલ આવે કે વ્યયને જો ન માનવામાં આવે તો ઉત્પાદ થઈ જ ન શકે એ મોટો દોષ આવે. આ રીતે વ્યય કે ધ્રુવને ન માનવામાં આવે તો ઉપરોક્ત બે પ્રકારના દોષ આવે. અર્થાત્ એવું વિશ્વમાં બની જ ન શકે.

## કેવળ વ્યય માનનારા

કેવળ ઉત્પાદની જેમ કેવળ વ્યય માનનારા જીવો પણ હોય શકે છે ત્યાં પણ એ જ પ્રકારે દોષ આવે તે સમજવાનું સુગમ છે. અહીં વ્યયનો અર્થ અભાવ ન લેતાં ત્યાં વ્યયનો અર્થ વિસર્જનનો પ્રવાહ એમ લઈએ તો ત્યાં ધ્રુવને લક્ષમાં લેવાથી જ વિસર્જનનો પ્રવાહ સમજી શકાય. ઉત્પાદને અહીં ''સંહાર કારણ''રૂપે લેવામાં આવે છે. જેમ વ્યયને ઉત્પાદકારણરૂપે ગણ્યું છે એજ યુક્તિ અહીં લાગુ પડે છે. પૂર્વ પર્યાયનો વ્યય થાય તો જ નવી પર્યાય થઈ શકે તે વાત સહજપણે સ્વીકારી લેવામાં આવે છે. પરંતુ કોઈ પર્યાયના વ્યયમાં નવી પર્યાયની

ઉત્પત્તિ અનિવાર્ય લાગતી નથી. જો કેવળ વ્યય માનવામાં આવે તો સત્‌ના નાશનો પ્રસંગ આવે. તેમ થતાં ત્યાં શૂન્ય માનવું પડે તે શક્ય નથી તેથી ધ્રુવ વિના વ્યય માનવો નિરર્થક છે. વળી જો પર્યાયનો નાશ થાય અને નવી પર્યાય પ્રગટ ન થાય તો તે દ્રવ્ય પરિણામ વિનાનું રહી જાય તે પણ શક્ય નથી. એ વાત બીજી રીતે લઈએ તો ધ્રુવ વિનાનો વ્યય માનતા બોદ્ધનો પ્રસંગ અર્થાત્ સર્વથા ક્ષણિક વાદનો પ્રસંગ આવે. જો ઉત્પાદને ન માનવામાં આવે તો દ્રવ્ય પર્યાય વિનાનું રહી જતાં ત્યાં વેદાંતનો પ્રસંગ આવે. એ બન્ને એકાંત માન્યતાઓ છે. તેથી નિરપેક્ષ વ્યય માની શકાય જ નહીં.

આ બન્નેનો સાથે વિચાર કરતાંખ્યાલ આવે કે જૈન દર્શન જે રીતે વસ્તુ સ્વરૂપ સમજાવે છે તે જ સત્ય છે.

## કેવળ સ્થિતિ માનનાર

આ દલીલ સમજવા માટે દ્રવ્ય સામાન્યને જોવાની બે દૃષ્ટિઓનો ખ્યાલ જરૂરી છે. દ્રવ્ય પર્યાય સ્વરૂપ અવશ્ય હોય છે એવી દલીલ ન કરતાં અન્વય અને વ્યતિરેકની વાત છે. દ્રવ્ય અન્વયરૂપ છે અને પર્યાય વ્યતિરેકરૂપ છે. તે બન્ને અવિનાભાવરૂપ સાથે જ છે. ખરેખર એક સત્તારૂપ જ છે અર્થાત્ દ્રવ્ય પ્રત્યેક સમયે પર્યાયમાં વ્યાપીને રહે છે. અપરિણામી દૃષ્ટિતો વસ્તુને કૂટસ્થરૂપ જ દર્શાવવા માગે છે. એ દૃષ્ટિમાં તો સ્વભાવ એનો એ જ રહે છે. કૂટસ્થ શબ્દનો પ્રયોગ વેદાંતમાં થાય છે. જ્યારે જૈનો તેને માટે નિયત શબ્દ વાપરે છે. પરિણમતું દ્રવ્ય કહીએ ત્યારે તે દ્રવ્ય પર્યાયમાં વ્યાપે છે. તે ધ્રુવ છે અને અન્વયરૂપ છે.

અહીં દલીલ કરી છે કે સ્વભાવને જોવાની જે બે દૃષ્ટિઓ છે તે નિત્ય અને અનિત્ય એવી બે અપેક્ષાઓ રાખે છે. અપરિણામી દૃષ્ટિ તે નિત્યતાને દર્શાવે છે. જ્યારે પરિણમતું દ્રવ્ય ધ્રુવ-અન્વયરૂપ-દરેક પર્યાયરૂપે થાય છે તેથી તેને પર્યાયના ઉત્પાદ-વ્યય લક્ષણ લાગુ પડે છે. તેથી તેને ક્ષણિકપણું લાગુ પડે છે. જો આ ધ્રુવનો, અન્વયનો, સ્વીકાર કરવામાં ન આવે તો વ્યતિરેકનો પણ સ્વીકાર ન થાય. તેથી વસ્તુ સર્વથા નિત્ય છે એવો પ્રસંગ બને. તેની સામે ધ્રુવ અને અપરિણામી દૃષ્ટિ વચ્ચેનો ભેદ જો ખ્યાલમાં ન લેતો પર્યાયના પ્રવાહમાં જે એકરૂપ સ્વભાવ (ધ્રુવ-અન્વય) લક્ષમાં આવે છે તે (પર્યાયમાં અનિત્ય લક્ષણરૂપે હોવા છતાં) તેને જ ધ્રુવ માની લેવાની ભૂલ કરે છે તેથી ધ્રુવ જે ક્ષણિક છે તેને જ નિત્ય માનવાની ભૂલ કરે છે. તેથી દ્રવ્ય સામાન્યને જોવાની આ બન્ને દૃષ્ટિઓને યોગ્ય રીતે સમજે તો તેને નિત્ય-અનિત્ય બન્ને યથાર્થ રીતે ખ્યાલમાં રહે. લક્ષમાં રાખવું જરૂરી છે કે ખરેખર તો પર્યાય જ ક્ષણિક છે. દ્રવ્ય સામાન્ય તો નિત્ય જ છે. પરંતુ પર્યાયમાં અન્વયરૂપ દ્રવ્ય હોવાથી (નિત્ય અને અનિત્ય ધર્મો સાથે સંધિરૂપ હોવાથી) તે અનિત્યપણું લઈને રહેલું છે. તે અપેક્ષાએ તેને ક્ષણિક ધ્રુવ એવું નામ પણ કયારેક આપવામાં આવે છે.

## ◆ ગાથા - ૧૦૧

**ઉત્પાદ તેમ જ ધ્રૌવ્ય ને સંહાર વર્તે પર્યયે,**
**ને પર્યયો દ્રવ્યે નિયમથી, સર્વ તેથી દ્રવ્ય છે. ૧૦૧.**

***ઉત્પાદ-સ્થિતિ અને ભંગ પર્યાયોમાં વર્તે છે; પર્યાયો નિયમથી દ્રવ્યમાં હોય છે, તેથી (તે) બધુંય દ્રવ્ય છે.***

ચાલુ વિષયને આ ગાથામાં વિશેષ ચર્ચવામાં આવ્યો છે. બે ભાગમાં તેને સમજાવવામાં આવે છે. પ્રથમ તો પર્યાય દ્રવ્યને અવલંબે છે. અને ત્યારબાદ ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણ પર્યાયને અવલંબે છે એ રીતે રજૂઆત કરવામાં આવી છે. અહીં દ્રવ્ય શબ્દથી પ્રમાણનું દ્રવ્ય નથી લેવું પરંતુ દ્રવ્ય સામાન્ય લેવું છે. ત્યારબાદ તે બધું દ્રવ્ય છે એમ કહીને મૂળ સ્વરૂપ અસ્તિત્વ સુધી જવું છે. આયત સામાન્ય

સમુદાયાત્મક તે દ્રવ્ય છે. અર્થાત્ દ્રવ્ય સામાન્યમાં અનંત પર્યાયોને પ્રગટ કરવાનું સામર્થ્ય છે. દ્રવ્ય અને પર્યાય વચ્ચેના સંબંધોને આપણે બે અપેક્ષાથી સમજી શકીએ છીએ. તેથી તે બન્ને અપેક્ષાઓ પહેલા લક્ષમાં લેવી જરૂરી છે. જેથી કરીને ગાથાનો ભાવ સારી રીતે સમજી શકાય.

①




પરિણામને કારકના ભેદની અપેક્ષાથી જોતાં ત્યાં પરિણમતું દ્રવ્ય અને પર્યાય બન્ને સાથે લેવામાં આવે છે. દ્રવ્ય પણ પરિણામના પ્રવાહમાં જન્મ-મરણના લક્ષણરૂપે ક્ષણિક ધ્રુવરૂપે જોવા મળે છે. ઉત્પાદ-વ્યય પર્યાયમાં જોવા મળે છે.

(સમયસાર ૪૭ શક્તિમાં ૩૯-૪૦ શક્તિ)

②




અહીં પરિણામને સદૃશ અને વિસદૃશ એ બે અપેક્ષાએ જોવામાં આવે છે. તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ લાગુ પાડવામાં આવે છે.

(સમયસાર ૧૯મી શક્તિ)

આ બધું ફરી એકવાર સમુચ્ચયરૂપે વિચારીએ તો નીચે મુજબ કહી શકાય.

③



આ પૂર્વભૂમિકા ખ્યાલમાં રાખીએ તો આપણે લક્ષમાં લઈએ છીએ કે સૌ પ્રથમ સત્‌ને શૂન્યથી બચાવીને શાશ્વત લક્ષમાં લેવું જરૂરી છે. વસ્તુ નિત્ય-અનિત્ય ઉભયાત્મક છે. પરંતુ પ્રથમ નિત્ય સ્વભાવની સ્થાપના કર્યા બાદ જ ક્ષણિક ધર્મ સારી રીતે સમજી શકાય છે. નિત્ય ટકનાર સ્વભાવને કાયમ રાખીને તેની ઓથમાં જ ક્ષણિક પર્યાય સમજવી જરૂરી છે. જો નિત્ય સ્વભાવની સ્થાપના ન કરવામાં આવે તો ક્ષણિક ધર્મ લક્ષમાં જ ન આવે અથવા અન્યથા લક્ષમાં આવે. ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એ પર્યાયના જ લક્ષણો છે તેમ પ્રથમ આપણા જ્ઞાનને વ્યવસ્થિત કરવાની જરૂર છે આ વાત વિરોધાભાસી લાગે છે પરંતુ શાંતિથી વિચારતા તે સત્ય છે એમ જરૂર જણાશે. આપણે પદાર્થના દ્રવ્ય અને પર્યાય એવા બે ભાગ પાડવાને ટેવાયેલા છીએ. એક દ્રવ્યાર્થિક નયનો વિષય અને બીજો પર્યાયાર્થિક નયનો વિષય. આવો ભેદ એક અપેક્ષાએ સાચો છે, વળી દ્રવ્યને જોવાની બે દૃષ્ટિઓ છે અને એ જ રીતે પર્યાયને જોવાની બે દૃષ્ટિઓ છે જે ટેબલ નં.૩ માં લેવામાં આવી છે.

દ્રવ્ય અને પર્યાય વચ્ચેનો સંબંધ ક્યાં અને કઈ રીતે થાય છે તેની ચોખવટ કરીએ ત્યારે જો પ્રથમ નિત્ય સત્‌ની સ્થાપના કરી હશે તો તે સિવાય વિશ્વમાં બીજું કાંઈ છે જ નહીં. તેથી જે પર્યાયની ઉત્પત્તિ થાય છે તે પર્યાય આ નિત્ય સ્વભાવના આશ્રયે જ લેવી રહી. પરિણામી દૃષ્ટિ આ વાતનું પોષણ કરે છે. પરિણમતું દ્રવ્ય તે અન્વય છે અને પર્યાયો વ્યતિરેક લક્ષણ લઈને રહેલી છે તે વાત આપણે ૯૯-૧૦૦ ગાથામાં શીખી ગયા છીએ. તે જ સિદ્ધાંતને અહીં વિશેષ સ્પષ્ટ કરવામાં આવ્યો છે. ઉત્પાદ-વ્યય પર્યાયમાં ન લેતા સીધા દ્રવ્યમાં લાગુ ન પડાય. એ વાત ટીકામાં સ્પષ્ટપણે દર્શાવે છે.

## પર્યાય દ્રવ્યને અવલંબે છે.

ક્ષણિક પર્યાય નિત્ય સ્વભાવના આશ્રયે જ જોવા મળે છે. જો તેને નિત્ય સ્વભાવનો આશ્રય ન હોય તો તે નિરાશ્રય હોય. શૂન્યમાંથી સર્જન શક્ય જ નથી કારણકે વિશ્વમાં શૂન્યને સ્થાન જ નથી તેથી શૂન્યમાંથી સર્જનનો પ્રશ્ન અસ્થાને છે. દ્રવ્ય પર્યાયને અવલંબે છે એવું પણ કોઈ અપેક્ષાએ કહી શકાય છે. ત્યાં આશ્રયની વાત નથી પરંતુ અવિનાભાવપણાની વાત છે. દ્રવ્ય અને પર્યાય બન્ને પરસ્પર સાપેક્ષ છે. એકની સિદ્ધિમાં જ અન્યની સિદ્ધિ આવી જાય છે. જો એક ન હોય તો અન્ય પણ ન હોય. આ રીતે પર્યાયને દ્રવ્યના આશ્રયે જોયા બાદ હવે ઉત્પાદ-વ્યય-ધ્રુવને પર્યાયના આશ્રયે જોઈએ.

## ઉત્પાદ-વ્યય-ધ્રુવ પર્યાયના આશ્રયે

પદાર્થને નિરંતર વહેતા પરિણામના પ્રવાહમાં જોઈએ ત્યારે ત્યાં ઉત્પાદ-વ્યય અને ધ્રુવ લક્ષણો ખ્યાલમાં આવે છે. પદાર્થને નિત્ય અવસ્થિત જોઈએ. શૂન્યથી બચાવીને સત્‌ની સ્થાપના કરીએ તો તેના તો ઉત્પાદ-વ્યય હોય જ નહીં. ધ્રુવને અન્વયરૂપ ગણીને અન્વય વ્યતિરેકની સાપેક્ષતા લેવાથી તે ધ્રુવને પર્યાયના અંગમાં ષટ કારકના ભેદરૂપે લક્ષમાં લેવામાં આવે છે. આ રીતે ધ્રુવને ક્ષણિક લક્ષણ દર્શાવવામાં આવે છે. તેથી નિત્ય અને ધ્રુવના ક્ષણિક વચ્ચે કથંચિત્ ભેદ ખ્યાલમાં લેવો જરૂરી થાય છે. દ્રવ્ય સામાન્યને બે અપેક્ષાથી જોવાથી એ સારી રીતે સમજી શકાય છે. અપરિણામી દૃષ્ટિમાં શક્તિરૂપ સામર્થ્ય છે. જેનામાં શક્તિરૂપ સામર્થ્ય હોય તેની જ વ્યક્તિ થાય. તેથી તે જ સ્વભાવ, અપેક્ષા ફેરવતા, દરેક પર્યાયમાં અન્વયરૂપે વ્યાપેલો જોવા મળે છે. વળી જે દૃષ્ટિમાં તે કોઈ એક અવસ્થા વિશેષરૂપે જોવા મળે છે તે જ સમયે ત્યાં અપરિણામી દૃષ્ટિને પણ સ્થાન અવશ્ય છે.

ટીકામાં ''દ્રવ્ય પર્યાયો વડે આલંબાય છે'' તેની સ્પષ્ટતા કરતો જે દૃષ્ટાંત આપવામાં આવ્યો છે તે દૃષ્ટાંતમાં ઉત્પાદ-વ્યય નથી આવતા. વૃક્ષમાં

સ્કંધમૂળ અને શાખાઓની વાત લીધી છે. તેથી ત્યાં પર્યાયને ભેદના અર્થમાં લેવાથી સમજવું સહેલું પડે છે. થડ, મૂળ અને શાખાઓ એ બધા વૃક્ષના જ અંશો છે. વૃક્ષ અંશી છે. આ રીતે આ ત્રણને વૃક્ષના (અંશીના) અંશ ગણવામાં આવે છે. પરંતુ અહીં થડ, મૂળ અને શાખાના સ્થાને ઉત્પાદ-વ્યય અને ધ્રુવ લઈ શકાય નહીં કારણકે થડ-મૂળ વગેરેમાં પર્યાયમાં ધ્વનિ નથી આવતો. વળી સિદ્ધાંતમાં ઉત્પાદ-વ્યય અને ધ્રુવને અંશીના અંશરૂપે લેવા માગતા નથી. તે ઉત્પાદ વગેરેનો પર્યાયના (અંશ) આશ્રયે લીધા બાદ પર્યાયને (અંશ) દ્રવ્યના આશ્રયે લેવા માગે છે.

## પર્યાયો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વડે આલંબાય છે.

અહીં દૃષ્ટાંતમાં બીજ અંકુર અને વૃક્ષત્વ લેવામાં આવ્યા છે. ત્યાં પર્યાયના લક્ષણ બરોબર બેસે છે. બીજનો વ્યય, અંકુરનો ઉત્પાદ અને વૃક્ષત્વનું ધ્રુવપણું લેવામાં આવે છે. વૃક્ષ બીજ અવસ્થાને છોડતું અંકુર રૂપે ઉપજે છે. પર્યાય અંશ છે. દ્રવ્ય અંશી છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ અંશના લક્ષણો ધર્મો છે. તે અંશીના નથી. અર્થાત્ ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણેય પર્યાયને લાગુ પડે છે. તેમ ન લેતાં એ ત્રણેયને સીધા દ્રવ્યમાં (અંશીમાં) લાગુ પાડીએ તો શો દોષ આવે તે વાત આચાર્યદેવ સમજાવવા માગે છે. (ટીકામાં વૃક્ષને અંશી કહ્યું છે તેના સ્થાને પર્યાય ગણવી જરૂરી છે).

પ્રથમ દ્રવ્યનો વ્યય લેવામાં આવે છે. ત્યાં બે વાત સમજાવે છે. એક દ્રવ્યનો નાશ થાય તો બધા દ્રવ્યોનો નાશ થાય. અહીં તો દ્રવ્યની વાત લીધી છે. પરંતુ દ્રવ્યમાં અનંત ગુણો છે. તેમાં નામ વિનાના પણ અનંત ગુણો છે. તે અનંતમાંથી એકાદ ગુણનો નાશ થાય તો શું વાંધો આવે ? નામ વિનાના (કામ વિનાના) ગુણની શી કિંમત ? કાનખજૂરાનો એક પગ ભાંગે તો શું વાંધો ? પરંતુ તે શક્ય જ નથી. જેને નિત્ય સ્વભાવરૂપે સ્થાપવામાં આવે છે. જેની ઉત્પત્તિ જ નથી અર્થાત્ જે અનાદિનો છે તેનો નાશ થઈ જ ન શકે. વળી દ્રવ્યનો તથા ગુણનો (સત્‌નો) નાશ થાય તો શૂન્ય પ્રસંગ આવે. આ રીતે દ્રવ્યનો નાશ માનવામાં મોટો દોષ આવે છે.

દ્રવ્યના ઉત્પાદમાં પણ એ જ દલીલ છે. લોકમાં છ પ્રકારના દ્રવ્યો છે. બધા થઈને અનંતાનંત દ્રવ્યો છે. જે લોકમાં પોતાનું નિશ્ચિત સ્થાન લઈને રહેલા છે. અસત્‌નો ઉત્પાદ અર્થાત્ શૂન્યમાંથી સર્જન તો શક્ય જ નથી કારણકે વિશ્વમાં શૂન્યને સ્થાન જ નથી. પરંતુ એકમાંથી અનેક થઈ શકે ને ! એવો એક પ્રશ્ન વિચારવા માટે લઈએ. ઘઉંનો એક દાણો વાવીએ છીએ ત્યારે તેમાંથી અનેક દાણા ઊગે છે. નવા બાળકો જન્મે છે વગેરે પરંતુ તે વાત સત્ય નથી. ઘઉંનો દાણો નાશ પામે છે. નવા ઘઉં જે ઉત્પન્ન થાય છે તે તો ખાતર, પાણી, હવા, પ્રકાશ વગેરેથી બને છે. તેથી એકમાંથી અનેક થાય છે એમ બનતું નથી. વળી એક દ્રવ્યમાંથી અનંત નવા દ્રવ્યો બને એવા અનંત દ્રવ્યો છે. તેમાંથી અનંતાનંત નાવ દ્રવ્યો બને તેની વ્યવસ્થા વિશ્વમાં કેવી રીતે બની શકે ? માટે દ્રવ્યનો ઉત્પાદ પણ શક્ય નથી. ૯૮મી ગાથામાં આવી ગયું છે કે દ્રવ્યમાંથી દ્રવ્યાંતર થતું નથી. જે નવું ઉપજે છે તે કાદાચિત્કપણાને લીધે પર્યાય છે.

દ્રવ્યનું ધ્રુવ - આ વાત આવે ત્યારે દ્રવ્ય તો ધ્રુવ જ છે માટે હા પાડવાનું મન થઈ જાય પરંતુ અહીં આપણને દ્રવ્યને જોવાની બે અપેક્ષાઓ યાદ આવી જાય તો તે ઉપયોગી થાય. પર્યાયના ક્ષણિકપણાની અપેક્ષાએ દ્રવ્ય નિત્ય છે પરંતુ દ્રવ્યને શાશ્વત અપરિણામી અને જો માનવામાં તો ત્યાં નિત્યપણું બરોબર છે પરંતુ એ જ દ્રવ્યને જ્યારે પરિણામના સભ્યરૂપે દરેક ઉત્પન્નધ્વંસી પર્યાયોમાં અંતર્વ્યાપકરૂપે જોઈએ છીએ ત્યારે તેનું ક્ષણિક લક્ષણ આપણા ખ્યાલમાં આવે છે. આ રીતે ધ્રુવમાં અનિત્ય લક્ષણ અને અપરિણામીમાં નિત્ય લક્ષણ

એવા એક દ્રવ્ય સામાન્યને જોવાના બે પડખા આપણા ખ્યાલમાં આવે છે. તે વાત અહીં કરે છે. દ્રવ્ય સામાન્યના બે પડખા નિત્ય અને અનિત્ય એ વાત નથી. આશ્ચર્યજનક લાગે પરંતુ શાંતિથી સમજીને તેનો સ્વીકાર કરવા યોગ્ય છે. આ સિદ્ધાંત સમજાય તો ખ્યાલ આવે કે માત્ર અપરિણામી માનીએ તો ક્ષણિકપણું (ધ્રુવ) ન માન્યું અને એકલું ક્ષણિકપણું (ધ્રુવ) માનીએ તો અપરિણામી સ્વભાવ ન માન્યો.

સોનામાં બધી જાતના દાગીનારૂપે થવાની શક્તિ છે. તેને ત્રૈકાલિક સામર્થ્ય કહેવામાં આવે છે. તેમાંથી જ્યારે હાર બને છે ત્યારે ત્રિકાળ ઉપાદાન ઉપરાંત આપણે ક્ષણિક ઉપાદાનની વાત પણ કરવી જરૂરી છે. માત્ર ત્રિકાળ ઉપાદાનથી જ વિચારીએ તો સોનામાંથી વર્તમાનમાં હાર જ કેમ બન્યો તેનો કોઈ બુદ્ધિગમ્ય ખુલાસો કરી ન શકીએ. માત્ર ક્ષણિક ઉપાદાન - તત્સમયની યોગ્યતા જ માનીએ તો તે શક્ય નથી. જેનામાં ત્રૈકાલિક સામર્થ્ય નથી તો તેવી ક્ષણિક યોગ્યતા પણ શક્ય નથી. પુદ્‌ગલમાં સ્પર્શ ગુણ છે. તેની ટાઢી-ગરમ અવસ્થાઓ થાય છે. અન્ય દ્રવ્યોમાં સ્પર્શ ગુણ નથી તેથી શરીર દાઝી જાય છે ત્યારે પણ આકાશ ગરમ થતું નથી અને જીવ દાઝતો નથી. માટે નિત્ય સ્વભાવ ત્રૈકાલિક સામર્થ્ય, ત્રિકાળ ઉપાદાન અને ક્ષણિક ઉપાદાન બન્ને માનવા જરૂરી છે. એ વાત ખ્યાલમાં રહે કે ખરેખર બે ઉપાદાન કારણો નથી પરંતુ એક ઉપાદાનને જોવાની બે દૃષ્ટિઓ છે. જે સોનામાં બધી જાતના દાગીનારૂપે થવાની યોગ્યતા છે. તેમાંથી જ હાર બને છે. તેથી દ્રવ્યનું જ ધ્રુવ માનવામાં આવે તો આપણે માત્ર નિત્ય માન્યું તેના સામે માત્ર ધ્રુવનો સ્વીકાર કરીએ તો માત્ર ક્ષણિકપણું માન્યું માટે બન્ને માન્ય કરવા જરૂરી છે.

દ્રવ્યને જોવાની બે દૃષ્ટિઓની ઉપયોગિતા આ રીતે લક્ષમાં લીધી ત્યારે સાથોસાથ પર્યાયને જોવાની બે દૃષ્ટિઓની પણ વિચારણા કરી લઈએ. પર્યાયને એક સમયપૂરતી ન જોતા જ્યારે તેને પ્રવાહરૂપે જોઈએ છીએ ત્યારે જ તેના આ બે પડખા જોવા મળે છે. સદૃશ પરિણામની વાત કરીએ ત્યારે એક વાત ખ્યાલમાં રહે કે અહીં અનાદિથી અનંતકાળ સુધીની સદૃશતા લેવાની રહે છે, ક્ષણિક સદૃશતા નહીં. દૃષ્ટાંતરૂપે જીવ સદાય જીવરૂપે જ પરિણમે તે સદૃશતા અને બહિરાત્મા-અંતરાત્મા અને પરમાત્મા એવા ભેદ તે વિસદૃશતા છે.

હવે આપણે આ બધું અર્થાત્ દ્રવ્ય અને પર્યાયના ભેદોનો સાથે વિચાર કરીએ અને તેનું પ્રયોજન સમજવાનો પ્રયાસ કરીએ.

ટેબલ નં.૩માં આપણે પદાર્થના દ્રવ્ય-પર્યાય એવા બે ભેદો અને તે દરેકને જોવાની બે દૃષ્ટિઓની વાત લીધી છે. તેથી આપણી પાસે નીચે મુજબ ચાર દૃષ્ટિઓ એક જ પદાર્થને એક જ સમયે જોવા માટે છે.

| | |
|---|---|
| ૧) અપરિણામી દૃષ્ટિ<br>૨) પરિણામી દૃષ્ટિ | દ્રવ્ય |
| ૩) સદૃશ પરિણામ<br>૪) વિસદૃશ પરિણામ | પર્યાય |

શૂન્યથી બચાવીને જે અપરિણામી સ્વભાવને સ્થાપવામાં આવે છે તે જ પોતે પરિણામી દૃષ્ટિ વડે પોતાનું એકરૂપ અન્વયપણું (ધ્રુવપણું) ટકાવીને દરેક પર્યાયમાં વ્યાપે છે. અનેકરૂપ, વ્યતિરેક પર્યાયરૂપે થાય છે. પર્યાયના વિસદૃશ ભાગમાં પણ સ્વભાવનું એકરૂપપણું એવુંને એવું સલામત રહે છે. આ રીતે વસ્તુ સ્વરૂપને સમજયા બાદ હવે તે સમજણનો ઉપયોગ કેવી રીતે કરવો તે વિચારીએ.

અજ્ઞાની જીવ પર્યાયના વિસદૃશ ભાગમાં જ રાચે છે. બદલતા સ્વરૂપમાં રાગ અને દ્વેષ કરે છે. મને લાડવો ભાવે અને શીરો ન ભાવે ત્યાં અજ્ઞાની

સ્થિત છે. બાહ્ય વિષયોને જ્ઞાનના જ્ઞેય માત્ર ન માનતાં તે બાહ્ય વિષયોને પોતે ભોગવી શકે છે. અને તેને ભોગવતા તેને સુખ-દુઃખ થાય છે એવી તેની માન્યતા છે. માટે તો તે રાગી-દ્વેષી થાય છે. તેને જ્યારે બાહ્ય વિષયો મારાથી અત્યંત ભિન્ન છે એવું જ્ઞાન અને શ્રદ્ધાન થાય છે ત્યારે તેની વિપરીત માન્યતા છૂટી જાય છે. તે પરદ્રવ્યને માત્ર જ્ઞાનના જ્ઞેયરૂપે જ હવે લક્ષમાં લે છે. પરદ્રવ્યના વિસદૃશ પરિણામને જાણતા પણ હવે તેને રાગ દ્વેષ થતાં નથી તેને હવે લાડવામાં અને શીરામાં ઘી-લોટ-ગોળ જ જણાય છે. સ્વાદ ગૌણ થાય છે. માત્ર શક્તિ માટે દેહને ટકાવવાનું જ લક્ષ છે. આ રીતે તે પરદ્રવ્યના વિસદૃશ ભાગને છોડીને સદૃશ પરિણામનું લક્ષ કરે છે. ખરેખર તો પોતે પોતાનામાં થતાં જ્ઞેયાકાર જ્ઞાનને (જ્ઞેય જ્ઞાયક સંબંધથી પોતાની જ્ઞાનની પર્યાય જ્ઞેયના જેવું રૂપ દર્શાવે છે) ગૌણ કરે છે. જ્યારે જ્ઞેયની મુખ્યતા નથી રહેતી ત્યારે જ્ઞેયાકાર જ્ઞાન પણ ગૌણ થાય છે અર્થાત્ તે પોતાના જ્ઞાનની પર્યાયની વિસદૃશતાને ગૌણ કરે છે. દરેક સમયે હું તો જાણવાનું એકરૂપ કાર્ય જ કરું છું. બાહ્ય વિષયોને ભોગવવાની ગૌણતા થતાં પોતાના જ્ઞેયાકારપણાને પણ ગૌણ કરે છે. આ રીતે તે વિસદૃશ પરિણામમાંથી સદૃશ પરિણામાં આવે છે. એકવાર સદૃશ પરિણામમાં આવે ત્યારે તે પરિણામ માત્રને ગૌણ કરીને પરિણમતા સ્વભાવ પાસે આવે છે. પર્યાય વ્યક્ત છે પરંતુ તે પર્યાયની વ્યક્તતા તો સ્વભાવની શક્તિને આધારે છે. તેથી તે સ્વભાવની કિંમત સમજીને તેનો મહિમા કરે છે. આ રીતે સદૃશ પરિણામમાંથી પરિણમતા દ્રવ્ય સુધી પહોંચી શકાય છે. અહીં આપણે વિશ્રામસ્થાન માનીએ છીએ પરંતુ જ્યારે દ્રવ્યને જોવાની બે દૃષ્ટિઓનો વિચાર કરીએ છીએ ત્યારે ખ્યાલ આવે છે કે હજુ મંઝીલ દૂર છે. આપણે અપરિણામી દૃષ્ટિ સુધી પહોંચવું છે. નવ તત્ત્વમાં જે જીવ છે તે તો આસ્રવબંધ રૂપે થાય છે. આપણે તો નવતત્ત્વમાં છૂપાયેલી આત્મજયોતિ સુધી પહોંચીને તેમાં હુંપણું સ્થાપવાનું છે. તેનો આશ્રય લેવાનો છે. દ્રવ્ય સામાન્ય બે નથી માત્ર તેને જોવાની દૃષ્ટિઓ બે છે. તેથી જે પરિણમતા દ્રવ્ય સુધી પહોંચે છે તે ક્ષણિક સામર્થ્યને, ક્ષણિક ઉપાદાનને, ગૌણ કરીને એકરૂપ સ્વભાવ સુધી પહોંચી જાય છે.

પંચાધ્યાયીમાં જ્યાં નયનો વિષય લીધો છે તેને યાદ કરી લઈએ. જ્ઞેયને ગૌણ કરીને પ્રથમ જ્ઞેયાકાર જ્ઞાનની પર્યાય સુધી આવવું રહ્યું. તે જીવની જ પર્યાય હોવાથી ત્યાંથી ઉપચરિત સદ્ભૂત વ્યવહાર નય શરૂ થાય છે. જ્ઞાનની પર્યાય જ્ઞેયાકારરૂપે લક્ષમાં લીધી છે. તેથી જ્ઞાનની પર્યાયને જ્ઞેયની મારફત ઓળખાવવામાં આવે છે તેથી તેને ઉપચરિત સ. વ્યવહાર નય કહેવામાં આવે છે. તે સાધન છે અને અનુપચરિત સદ્ભૂત વ્યવહાર નય સાધ્ય છે. જ્ઞેયની સાપેક્ષતાવાળી જ્ઞેયાકાર અવસ્થા તે વિસદૃશ પરિણામ છે અને એકરૂપ જ્ઞપ્તિ ક્રિયા તે સદૃશ પરિણામ છે. વિસદૃશ પરિણામ તે સાધન છે અને સદૃશ પરિણામ સાધ્ય છે. હવે જે અહીં સુધી પહોંચે છે તે જ્ઞપ્તિ ક્રિયા જ્ઞાન ગુણ વિના ન હોય. તે અભેદ છે ત્યાં અન્યનો ઉપચાર નથી તેની અનુપચાર કહેવામાં આવે છે. જ્ઞપ્તિ ક્રિયા મારફત જ્ઞાન ગુણ સુધી પહોંચતા હવે ત્યાં સદ્ભૂત વ્યવહારનય ઉપયોગી થાય છે. વસ્તુનો વચનગોચર અસાધારણ ગુણ વસ્તુને દર્શાવે છે. અન્ય દ્રવ્યોથી ભિન્ન દર્શાવે છે તેથી જ્ઞાન ગુણ મારફત જીવ સુધી પહોંચી જવાય છે. અહીં ગુણની પર્યાય એવા ભેદને ગૌણ કરો તો પર્યાયના વિસદૃશ ભાગમાંથી પ્રવેશ લઈને દ્રવ્ય સામાન્ય સુધી પહોંચવાનો માર્ગ દર્શાવવામાં આવ્યો છે. આ બધું શક્ય છે કારણકે આ બધું અભેદપણે એક પદાર્થ જ છે. બધા તાદાત્મ્ય સંબંધથી ગૂંથાયેલા છે. પદાર્થ બંધારણને સમજવાનું આ ફળ છે.

**પ્ર : અપરિણામી દૃષ્ટિ-પરિણમતું દ્રવ્ય અને સદૃશ પરિણામ આવા ત્રણ ભેદ દર્શાવવામાં આવ્યા પરંતુ ત્યાં બધે એક સરખું જ જોવા**

**મળે છે તો તેને એક જ શા માટે ન ગણવું ? ત્રણ ભેદ પાડવાની શી જરૂર છે ? ત્રણ ભેદ છે ખરા ?**

**ઉ :** ત્રણ ભેદ છે ખરા, વળી તેને ત્રણરૂપે જાણવા પણ જરૂરી છે. જ્ઞેય અને જ્ઞેયાકાર જ્ઞાન બન્નેનું વર્ણન એકસરખું જ આવે છે પરંતુ ત્યાં બે દ્રવ્યો જુદા છે. જેને જ્ઞેયનું અત્યંત જુદાપણું ખ્યાલમાં આવે અને જે આત્મહિત કરવા માગે છે તેને માટે જ્ઞેયાકાર જ્ઞાન સુધી આવવું જરૂરી છે. બન્નેના સ્વરૂપ એકસરખા હોવાથી એ શક્ય બને છે.

એકવાર જે જ્ઞેયને છોડીને જ્ઞેયાકાર જ્ઞાન સુધી આવે છે તેને હવે જ્ઞેયાકારને ગૌણ કરવામાં કાંઈ વાંધો નથી આવતો. જો જ્ઞેયનું પ્રયોજન નથી તો તેને જ્ઞેયાકાર જ્ઞાનનું પણ પ્રયોજન નથી. જ્ઞેયોમાંથી સુખ આવતું નથી અને જ્ઞેયો ભોગવાતા નથી તેથી તેનાથી વિમુખ થનાર માટે હવે તે જ્ઞેયને જાણવાની પણ એટલી જરૂર લાગતી નથી. વળી તેને જ્ઞાયકને પ્રાપ્ત કરવાની ભાવના છે તેથી તે પોતાના પરિણામને જ્ઞેયની સાપેક્ષતાથી જોવાનું બંધ કરે છે. બીજી રીતે વિચારીએ તો દરેક સમયે જીવ તો જાણવાનું કામ જ કરે છે. તે ક્રિયા તો એકરૂપ જ છે. સદૃશ અને વિસદૃશ બન્ને ખરેખર તો એકજ પર્યાયને જોવાની બે દૃષ્ટિઓ છે. બાહ્ય વિષયોને ભોગવવાની મુખ્યતા હતી ત્યારે તે જ્ઞપ્તિ ક્રિયાને ગૌણ કરી જ્ઞેય જ્ઞાયક સંબંધ મારફત બાહ્ય વિષયો (જ્ઞેયો)માં રમવા લાગતો હતો. હવે તે જ્ઞેયને ગૌણ કરે છે. જ્ઞેયાકાર જ્ઞાનને ગૌણ કરે છે અને જ્ઞપ્તિ ક્રિયાની મર્યાદામાં આવે છે.

પરિણમતું દ્રવ્ય અને સદૃશ પરિણામ વચ્ચેના ભેદ સમજવામાં ઘણી મુશ્કેલી પડે છે. પરંતુ સદૃશ પરિણામ એ પોતે પર્યાય જ છે. પર્યાયમાંથી અન્ય પર્યાય નથી આવતી. જ્યારે પરિણમતું દ્રવ્ય તો વર્તમાન અને ભૂત-ભાવિની બધી પર્યાયનો દાતાર છે. પર્યાય પ્રગટ કરવા માટે ઉપાદેય હોવા છતાં તેની વિદ્યમાનતાનો આધાર તો દ્રવ્ય સ્વભાવ જ છે. દ્રવ્યની કિંમત હંમેશા વધારે જ હોય છે. માટે સદૃશ પરિણામ અને પરિણમતા દ્રવ્ય વચ્ચે કોઈ તફાવત ખ્યાલમાં આવે નહીં. તો પણ ત્યાં મોટો તફાવત છે. એક પર્યાય છે અને બીજું તે પર્યાયનું કારણ છે. બન્નેનું સ્વરૂપ સમાન છે તેથી પ્રયોજનને લક્ષમાં રાખીને સદૃશ પરિણામ ઉપરથી કર્તા અંશ એવા પરિણમતા દ્રવ્ય સુધી પહોંચવામાં મુશ્કેલી નથી.

અપરિણામી દૃષ્ટિ અને પરિણામી દૃષ્ટિ એ એક જ દ્રવ્ય સામાન્યને જોવાની બે દૃષ્ટિઓ છે. પરિણમતું દ્રવ્ય (પરિણામી દૃષ્ટિ) પરિણામના કારણો આપે છે. તે એકત્વ દૃષ્ટિ છે. એકત્વ તેમાં અંતર્ગર્ભિત અનેકપણાનો ધ્વનિ રહેલો છે. અનેક વચ્ચેના સંબંધ વિશેષોથી પર્યાયની રચના થાય છે. જ્યારે તેને ગૌણ કરીને અપરિણામી દૃષ્ટિ કરીએ છીએ ત્યારે તે એકરૂપ છે. એક અને એકત્વ સરખા લાગતા હોવા છતાં એકત્વની દૃષ્ટિ પરિણામના કારણો આપે છે જ્યારે ''એક'' એવી દૃષ્ટિમાં પરિણામના કારણો દેખાતા નથી. એ એકમાં હુંપણું સ્થાપવું છે. તેનો આશ્રય કરવો છે. માટે પરિણમતા દ્રવ્યમાં અપરિણામી દૃષ્ટિ કરવી જરૂરી બની જાય છે. ખરેખર તો તે અભેદપણે એક જ છે.

## ◆ ગાથા - ૧૦૨

**ઉત્પાદ-ધ્રૌવ્ય-વિનાશસંજ્ઞિત અર્થ સહ સમવેત છે,**
**એક જ સમયમાં દ્રવ્ય નિશ્ચય, તેથી એ ત્રિક દ્રવ્ય છે. ૧૦૨.**

***દ્રવ્ય એક જ સમયમાં ઉત્પાદ, સ્થિતિ અને નાશ નામના અર્થો સાથે ખરેખર સમવેત (એકમેક) છે; તેથી એ ત્રિક ખરેખર દ્રવ્ય છે.***

આગલી ગાથાઓમાં આપણે એ નક્કી કર્યું કે ઉત્પાદ-વ્યય અને ધ્રુવ પર્યાયના આશ્રયે છે અને પર્યાય દ્રવ્યના આશ્રયે છે. ઉત્પાદ-વ્યય અને ધ્રુવને

સીધા દ્રવ્યમાં લાગુ ન પડાય. હવે આ ગાથામાં આચાર્યદેવ ઉત્પાદ-વ્યય અને ધ્રુવ જે પર્યાયના અંગ છે. જે પર્યાયને જોવાની ત્રણ દૃષ્ટિઓ છે તેમાં સમય ભેદ નથી એવું દર્શાવવા માગે છે. પર્યાય એક સમયની છે તેથી આ સમજવું સહેલું છે એવું આપણને લાગે પરંતુ જ્યારે તેનો વિસ્તારથી વિચાર કરીશું ત્યારે ખ્યાલ આવશે કે માનીએ છીએ એવું સહેલ નથી.

અન્વયાર્થમાં ''અર્થો'' શબ્દનો પ્રયોગ કર્યો છે. ઉત્પાદ-વ્યય અને ધ્રુવને માટે આ શબ્દ વાપર્યો છે. ગાથા ૮૭માં દ્રવ્ય-ગુણ અને પર્યાય ત્રણને 'અર્થ' સંજ્ઞા આપી છે. અર્થ શબ્દ દ્વારા જેનાથી પ્રાપ્ત કરાય, પહોંચાય એવો ભાવ સમજાવવામાં આવ્યો છે. ત્રણમાંથી કોઈ એકને જાણીએ તો તેના દ્વારા અન્ય બેને જાણી શકાય છે. પદાર્થની અખંડ સત્તા હોવાથી એ શક્ય છે. અહીં પણ એક જ ભાવ લેવાનો છે. અહીં ઉત્પાદ-વ્યય કે ધ્રુવ એ ત્રણમાંથી કોઈ એકને ગ્રહણ કરવામાં આવે તો અન્ય બે જણાય જાય છે. પદાર્થની અખંડ સત્તા તો છે જ અર્થાત્ એ ત્રણેય તાદાત્મ્યરૂપ તો છે જ પણ આગળ વધીને વિચારતાં એ ત્રણે પર્યાયના ભેદો હોવાથી ત્યાં સમયભેદ નથી એવું દર્શાવવાનો આશય છે.

ટીકાકાર આચાર્યદેવ સૌ પ્રથમ ત્યાં અર્થાત્ ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં સમયભેદ છે એવી રજૂઆત કરે છે. ઉત્પાદ માટે એક સમય ટકવા માટે એક સમય અને નાશ માટે એક સમય. સમય તો કાળનું નાનામાં નાનું માપ છે તેથી આ રીતે ત્રણ સમય ઓછામાં ઓછા લાગે એવું દલીલરૂપે કહે છે એનું સમાધાન કરતાં કહે છે કે એમ નથી. જો દ્રવ્ય ઉપજે છે દ્રવ્ય ટકે છે અને દ્રવ્ય નાશ પામે છે. એવું લઈએ તો સમય ભેદ થવાની શક્યતા રહે છે. પરંતુ દ્રવ્યનો તો ઉત્પાદ-વ્યય નથી તેથી ત્યાં સમયભેદ નથી એવું સમજાવવા માગે છે.

હવે પર્યાયનો વિચાર કરીએ. ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણ પર્યાયના ભેદો છે. પર્યાયો ક્રમવર્તી છે અર્થાત્ એક પછી એક થાય છે. સંપૂર્ણ દ્રવ્ય પર્યાયમાં વ્યાપક થાય છે. દ્રવ્યમાં એક સમયે એક પર્યાય હોય છે. એ વાત ભાવ શક્તિમાં લેવામાં આવી છે. અભાવ શક્તિ એમ સૂચવે છે કે અન્ય પર્યાયો ભૂત અને ભાવિની પર્યાયો અવિદ્યમાન શૂન્ય રૂપ છે. ત્યાર બાદ ભાવ અભાવ શક્તિ દર્શાવે છે કે જે પર્યાય વર્તમાનમાં વિદ્યમાન છે તેનો બીજા સમયે અભાવ થાય છે. અભાવ ભાવ શક્તિ દર્શાવે છે કે ભવિષ્યની જે પર્યાય વર્તમાનમાં અભાવરૂપ છે તે પછીના સમયે ભાવરૂપ થશે. આ ચાર શક્તિનો સાથે વિચાર કરીએ ત્યારે ખ્યાલ આવે કે પદાર્થમાં એક સમયે એક જ પર્યાય હયાત છે. પર્યાયો ક્રમપૂર્વક એક પછી એક થાય છે. વર્તમાન પર્યાય ભૂતકાળમાં ચાલી જાય અને ભવિષ્યની પર્યાય વર્તમાનરૂપ થતી જાય. જે સમયે કોઈ એક પર્યાય હયાત છે તે સમયે તે એક જ વિદ્યમાન છે. આ રીતે પર્યાયો ક્રમવર્તી છે એ નક્કી થાય છે.

તે પર્યાયોમાં વ્યતિરેક લક્ષણ પણ છે અર્થાત્ દરેક પર્યાય અન્ય પર્યાયોથી પોતાનું ભિન્નપણું ટકાવી રાખે છે. પર્યાયના સ્વરૂપને સમજાવતા શાસ્ત્રમાં મોતીના લટકતા હારનો દૃષ્ટાંત આપવામાં આવે છે. ત્યાં બધા મોતીઓ એક પછી એક ગોઠવાયેલા છે અને તેમને એક સૂત્ર રાખનાર દોરો છે. મોતીને પર્યાયના સ્થાને ગણવામાં આવ્યા છે.

પર્યાયનું આ સ્વરૂપ લક્ષમાં રાખીને ઉત્પાદ-વ્યય અને ધ્રુવનું સ્વરૂપ વિચારીએ. આપણે વ્યયનો અર્થ અભાવ કરીએ છીએ. બે પર્યાયો એકી સાથે એક સમયે ન હોય. એક હયાત છે ત્યારે અન્ય અવિદ્યમાન છે. તેથી ઉત્પાદ અને વ્યય વચ્ચે સમયભેદ અવશ્ય હોવો જરૂરી છે. વ્યય તે ખરેખર અભાવરૂપ લેવાથી તેને સત્ કઈ રીતે કહી શકાય એવો પ્રશ્ન પણ થાય ખરો. ઉત્પાદને આપણે સત્

આપીએ. એ ઉત્પાદ ધ્રુવ વિના હોય નહીં તેથી ઉત્પાદ અને ધ્રુવ તો એક જ સમયે વિદ્યમાન છે માટે તેનો સ્વીકાર આવે છે. વ્યયરૂપની પર્યાય તો વીતી ચૂકી છે તે તો ભૂતકાળમાં ચાલી ગઈ છે તેથી તેની વિદ્યમાનતા જ નથી તેથી જ ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એક જ સમયે શક્ય નથી મનુષ્ય મરે છે પછી દેવ જન્મે છે. આ રીતે દ્રવ્યના જન્મ મરણ ન લઈએ પરંતુ પર્યાયના ઉત્પાદ-વ્યય લઈએ તો પણ ત્યાં સમયભેદ અવશ્ય આવે છે. - એનું સમાધાન. જે અપેક્ષાએ પર્યાયનું ક્રમવર્તીપણું અને વ્યતિરેકપણું વિચારીએ છીએ તે અપેક્ષાએ સત્ય છે. પરંતુ એ સ્થૂળ કથન છે. પર્યાયના ઉત્પાદ-વ્યય અંગે ફરીથી જુદી રીતે વિચારીએ. સ્વભાવ જેમ શાશ્વત છે તેમ પરિણામ શાશ્વત છે. સ્વભાવ પોતાનું એકરૂપપણું રાખીને શાશ્વત છે. તેમ પરિણામ પોતાનું ક્ષણિક બદલતું અનેકરૂપ લક્ષણ રાખીને પણ અનાદિ અનંત કાળ સુધી એક પ્રવાહરૂપે હોય છે. પર્યાયનો વિચાર કરીએ ત્યારે માત્ર એક સમયની પર્યાય એ રીતે ન વિચારતા તેને અનાદિથી અનંતકાળ સુધી ચાલતા પ્રવાહરૂપે જોવી જરૂરી છે. વિશેષ ચોખવટ માટે આપણે ઉત્પાદ શબ્દથી સર્જનાત્મક પ્રવાહ એવો ભાવ લક્ષમાં લઈએ છીએ. ચંદ્રનો સુદ એકમથી પૂનમ સુધી પંદર દિવસનો એક સર્જનરૂપ પ્રવાહ છે. માટીના પિંડમાંથી ઘડો પણ એજ રીતે બને છે. જેમ સર્જનનો પ્રવાહ છે તેમ વિસર્જનનો પણ એક પ્રવાહ છે. અભાવ એ તો આ પ્રવાહનું અંતિમ ચરણ છે. વદ એકમથી અમાસ સુધીનો વિસર્જનનો પ્રવાહ છે. જેમ ઉત્પાદને આપણે સર્જનાત્મક પ્રવાહરૂપે જોઈએ છીએ તેમ વિસર્જનાત્મક પ્રવાહને વ્યયરૂપે જોવામાં આવે છે. ઉત્પાદ વ્યયને આ રીતે પ્રવાહરૂપે જોવા જઈએ ત્યારે ત્યાં ધ્રુવરૂપ પરિણમતું દ્રવ્ય પણ અન્વયરૂપે અવશ્ય જોવા મળે છે. ઉત્પાદ અને ધ્રુવ જેમ અવિનાભાવ રૂપ છે તેમ ધ્રુવ અને વ્યય પણ અવિનાભાવરૂપ છે. ધ્રુવને પ્રવાહરૂપે જોવાથી તેને પણ સત્ લાગુ પડે છે. આ પ્રમાણે ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એ ત્રણેયને સત્ ગણવામાં આવ્યા છે.

નિત્ય સ્વભાવના લક્ષણમાં આપણે તેને અનાદિ-અનંત-અનુત્પન્ન-અવિનાશીરૂપે લક્ષમાં લઈએ છીએ. જ્યારે પર્યાયના લક્ષણનો વિચાર કરીએ ત્યારે તે ઉત્પન્નધ્વંશી છે. અર્થાત્ તે નવી ઉપજે છે અને નાશ પામે છે. ઉત્પાદમાં સર્જનાત્મક પ્રવાહનો ભાવ લક્ષમાં લઈએ ત્યારે તેને જન્મ અને વૃદ્ધિ એવા શબ્દોથી પણ સમજાવી શકાય છે. વ્યયને એ રીતે હાનિ અને અભાવરૂપે જોઈ શકાય છે. તેથી પર્યાયના લક્ષણમાં ઉત્પત્તિ-વૃદ્ધિ-હાનિ અને અભાવ એવા ચાર લક્ષણો આપણને જોવા મળે છે. ખ્યાલમાં રહે કે પર્યાયને પ્રવાહરૂપે જોઈએ ત્યારે જ આ ચાર લક્ષણો આપણા ખ્યાલમાં આવે છે. માત્ર એક સમય પૂરતી જ પર્યાય લક્ષમાં લઈએ તો તે ખ્યાલમાં ન આવે. સાધકને સંવર-નિર્જરા તત્ત્વ સાથે હોય છે. બન્નેમાં પર્યાયની શુદ્ધતાની વાત છે. સંવર એ શુદ્ધતાની પ્રગટતા છે જ્યારે નિર્જરા એ શુદ્ધતાની વૃદ્ધિ છે. માત્ર એક સમયની પર્યાયનો જ વિચાર કરીએ તો ત્યાં નિર્જરા તત્ત્વ હોવા છતાં તે સાબિત ન થાય. પર્યાયનો પ્રવાહ લક્ષમાં લેવાથી જ શુદ્ધતાની વૃદ્ધિ ખ્યાલમાં આવે. બીજો દૃષ્ટાંત આઠમના ચંદ્રનો છે. આઠમને દિવસે ચંદ્ર અર્ધો દેખાય છે. તે સુદની આઠમ છે કે વદની આઠમ તે માત્ર એક જ દિવસને લક્ષમાં લેવાથી નક્કી નહીં થાય. જો તે સુદ આઠમ હશે તો ત્યાં સર્જનાત્મક પ્રવાહ છે અને વદમાં વિસર્જનનો પ્રવાહ છે.

આ ભૂમિકા ખ્યાલમાં રાખીને, પર્યાય હંમેશા અનાદિથી અનંતકાળ સુધી ચાલતા પ્રવાહનું જ અંગ છે તે વાત ખ્યાલમાં રાખીને, કોઈ એક સમયની પર્યાયને લક્ષમાં રાખીએ ત્યારે ત્યાં જન્મ-વૃદ્ધિ-હાનિ અને અભાવ આ ચાર લક્ષણો અવશ્ય જોવા મળશે. બીજા શબ્દમાં ત્યાં ઉત્પાદ-વ્યય અને ધ્રુવ ત્રણેય એક પર્યાયમાં અવશ્ય જોવા મળશે. હવે પર્યાયનો

કાળ એક સમયનો છે માટે ઉત્પાદ-વ્યય અને ધ્રુવ ત્રણેય એક સમયે અવશ્ય હોય છે એ સિદ્ધ થયું.

અહીં એક વાત ખ્યાલમાં લેવી કે સર્જન કોઈ એક દૃષ્ટિએ છે અને વિસર્જન માટે અન્ય દૃષ્ટિ છે. એક જ દૃષ્ટિમાં સર્જન-વિસર્જન નથી. અર્થાત્ માટીના પિંડનો વ્યય અને ઘડાની ઉત્પત્તિ દૃષ્ટાંતરૂપે લઈ શકાય છે. પર્યાયના વિસદૃશ પરિણામોમાં આ રીતે ઉત્પાદ-વ્યય ખ્યાલમાં લઈએ છીએ. આપણે પહેલા પર્યાયનો ક્રમ વિચાર્યો હતો ત્યારે એક પર્યાયના વ્યય બાદ નવી પર્યાય પ્રગટ થાય છે ત્યાં વ્યય પૂર્વ પર્યાયમાં અને ઉત્પાદ અને ધ્રુવ વર્તમાન પર્યાયમાં છે એવું આપણા ખ્યાલમાં આવતું હતું. વ્યયને અભાવના અર્થમાં લેવાથી તેને સત્ નથી મળતું અને તેને ઉત્પાદ સાથે સમયભેદ છે એવું લક્ષમાં આવે છે. વ્યયને વિસર્જનાત્મક પ્રવાહરૂપે લેવાથી તેને સત્ મળે છે અને ઉત્પાદ-વ્યય બન્ને એક જ સમયે હોય છે તેની હા આવે છે. તે વાત વિશેષ વિસ્તારથી સમજીએ.

## સ્થૂળ અને સૂક્ષ્મ પ્રવાહો

પર્યાયના પ્રવાહને આપણે સ્થૂળરૂપે અને સૂક્ષ્મરૂપે બન્ને રીતે જોઈ શકીએ છીએ. સામાન્ય રીતે આપણું જ્ઞાન સ્થૂળ હોવાથી સ્થૂળરૂપે જ જોવા ટેવાયેલા છીએ. ઉત્પાદ-વ્યય એવા શબ્દોથી છે અને નથી એવા સ્પષ્ટ જુદા વિભાગો આપણા જ્ઞાનમાં આવે છે. આ સ્થૂળ કથન છે. જ્યારે ઉત્પાદ અને વ્યયને સર્જનાત્મક પ્રવાહ અને વિસર્જનાત્મક પ્રવાહ એમ લક્ષમાં લઈએ ત્યારે ખ્યાલમાં આવે છે કે સ્થૂળ પ્રવાહમાં એક સૂક્ષ્મ પ્રવાહ પણ ચાલ્યો જાય છે. દૃષ્ટાંતો : આપણે હાથ ઊંચો કરીએ ત્યારે પહેલા નીચો હતો અને હવે ઊંચો છે એમ બે જ સ્થિતિ લક્ષમાં લઈએ છીએ. સૂક્ષ્મતાથી જોઈએ ત્યારે એ હાથ ધીમે ધીમે નીચેથી ઉપર જાય છે ત્યાં પ્રવાહ લક્ષણ ખ્યાલમાં આવે છે. માટીના પિંડના વ્યયને અને ઘડાની ઉત્પત્તિને પણ એ જ રીતે વિચારીએ ત્યારે પિંડરૂપ રહેલા માટીના પરમાણુઓ એક બીજા સાથે ખસતા-ખસતા છેવટ ઘડારૂપે થાય છે. ઈંટના ઢગલાનો અભાવ અને દિવાલનું સર્જન વગેરે. આ રીતે પ્રવાહ જોવાની ટેવ પડે અને તેમાં પણ સૂક્ષ્મ પ્રવાહ જોવાની ટેવ પડે તો કોઈ એક અંશ સર્જનની ક્રિયારૂપે જોવા મળે ત્યારે તે જ અંશ કયાંયથી વિસર્જનની પ્રક્રિયા રૂપે પણ છે તેમ લક્ષમાં આવે છે. આ રીતે સર્જન-વિસર્જન બન્ને એક સમયે લક્ષગત થાય છે. આ વાત વિશેષ સ્પષ્ટતાથી સમજવા માટે ફરીને પર્યાયના લક્ષણોનો વિચાર કરીએ.

પર્યાયનું ક્રમવર્તીપણું આપણે લક્ષમાં લીધું. તેમ લક્ષમાં લેતાં પર્યાયો એક પછી એક થાય છે અને તેમ વિચારતા વ્યય અને ઉત્પાદમાં સમયભેદ લક્ષગત થાય છે. પર્યાય ક્રમવર્તી છે તેટલું જ પર્યાપ્ત નથી. તે પર્યાયો ક્રમબદ્ધ પણ છે.

## પર્યાયનું ક્રમબદ્ધપણું

પર્યાયો એક બીજા સાથે ગૂંથાયેલી છે એ વાત વાંચતા કે સાંભળતા આપણને એવું લક્ષમાં આવે છે કે પર્યાયો ક્રમબદ્ધ હોય તો પછી જીવના પુરુષાર્થને ક્યાં સ્થાન મળે છે ? ખરેખર પુરુષાર્થ સાથે તેને અથડામણ નથી પરંતુ એ ચર્ચા વર્તમાનમાં આ ગાથા સાથે સંબંધરૂપ નહીં હોવાથી નહીં કરીએ. બીજો ખ્યાલ એ આવે કે બધી પર્યાયોમાં અન્વયરૂપ દ્રવ્ય રહેલું છે તેથી બધી પર્યાયો દ્રવ્ય સામાન્ય મારફત એક બીજા સાથે સંકળાયેલી છે. એ દૃષ્ટિએ એ વાત સાચી છે. પરંતુ અહીં આપણે પર્યાયનું બદ્ધપણું જુદી રીતે વિચારમાં લેવું છે.

પર્યાયના પ્રવાહને સૂક્ષ્મ રીતે જોવાનો આપણે પ્રયત્ન કર્યો છે. દિવાલમાં એક ઈંટ મૂકવામાં આવે ત્યારે તે ક્યાંથી આવી તેનો વિચાર આપણે કરીએ છીએ. તે ઈંટ કોઈ એક અન્ય રચનારૂપે હતી ત્યાંથી છૂટી પડીને અહીં આવી છે. એક રચના છોડીને એ

તુરત અન્ય રચનામાં લાગી જાય છે. પર્યાયનો પ્રવાહ કયારેય અટકતો નથી. દરીયામાં ભરતી અને ઓટ ચાલ્યા જ કરે છે. ક્યાંય વિશ્રામ નથી. ઈન્દ્રિય જ્ઞાનમાં એકસરખા પરિણામ અસંખ્ય સમય સુધી રહે તો જ જણાય છે. કેવળજ્ઞાન એક એક સમયના પરિણામને જાણી શકે છે. પરિણામ એક સમય માટે એકરૂપ રહે છે. સમય કાળનું નાનામાં નાનુ માપ હોવાથી પદાર્થ જે નવા નવા રૂપ લે છે તે એક સમય પૂરતા તો એકરૂપ હોવા જોઈએ. આમ હોવાથી આપણે એક સમય માટે પરિણામમાં સ્થિરતા આવે છે એવું માનવાની ભૂલ કરીએ છીએ. ખરેખર પર્યાયનો પ્રવાહ હંમેશા ગતિશીલ જ હોય છે. ટ્રાન્સીસ્ટર ઘડિયાળની જેમ અટકીને પાછી ચાલે એવું ત્યાં નથી. એક સમયની પર્યાયમાં પણ ષટગુણ વૃદ્ધિ-હાનિ પરમાત્માના જ્ઞાનમાં જણાય છે માટે એક સમય માટે પણ પરિણામના પ્રવાહમાં અટકવાપણું નથી. એનો અર્થ એ થાય છે કે વિસર્જનનો પ્રવાહ અને સર્જનનો પ્રવાહ એકી સાથે ચાલે છે. વર્તમાન પર્યાયના વિસર્જનમાં પછીની પર્યાયનું સર્જન કાર્ય શરૂ થઈ જાય છે.

પર્યાયના ક્રમવર્તીપણા માટે લટકતા મોતીના હારનો દૃષ્ટાંત લીધો હતો. હવે ક્રમબદ્ધ એવા પર્યાયના લક્ષણને સમજવા માટે સોનાની સાંકળીનો દૃષ્ટાંત સુગમ રહેશે. સોનાની સાંકળીમાં બધી કડી અલગ પણ છે અને એક બીજા સાથે જોડાયેલી પણ છે. મોતીના હારમાં અન્વયરૂપ દોરાની જાત જાુદી હતી જ્યારે સાંકળીમાં અન્વયરૂપ સોનુ છે ત્યાં જાુદી જાતનો પ્રશ્ન નથી. વળી બધી કડીઓ (પર્યાયો) એક બીજા સાથે ગૂંથાયેલી છે. અન્વય દ્વારા બે પર્યાયો જોડાયેલી છે તે વાત કાયમ રાખીને પૂર્વ-ઉત્તર પર્યાયો સીધી એક બીજા સાથે જોડાયેલી છે.  આને ગ્રાફના સ્વરૂપમાં વિચારીએ. તો એક પર્યાય આ રીતે દર્શાવી શકાય  જ્યારે પર્યાયોને પ્રવાહરૂપે જોઈએ ત્યારે  આ રીતે જોવાને બદલે  આ રીતે જોઈ શકાય છે. આ રીતે વિચારતા વર્તમાન એક પર્યાયમાં ભૂત અને ભવિષ્યની પર્યાય જોવા મળે છે. ભૂતકાળની પર્યાયના વિસર્જનમાં વર્તમાન પર્યાયનું સર્જન અને વર્તમાન પર્યાયના વ્યયમાં ઉત્તર-ભવિષ્યની પર્યાયનું ઉત્પાદરૂપ કાર્ય જોઈ શકાય છે. આ રીતે જોતા ઉત્પાદ વ્યય અને ધ્રુવ વચ્ચે સમયભેદ નથી એ સિદ્ધ થાય છે.

## સદૃશ પરિણામ

પર્યાયના વિસદૃશ ભાગમાં તો અન્યનો ઉત્પાદ અને અન્યનો વ્યય લક્ષમાં આવે પરંતુ સદૃશ ભાગનો વિચાર કરીએ ત્યારે ત્યાં તો પરિણામના પ્રવાહમાંથી પસાર થઈને એકરૂપતા જ છે તેથી ત્યાં ઉત્પાદ-વ્યય એકી સાથે જોવામાં મુશ્કેલી નડતી નથી. પર્યાયમાં જન્મ-વૃદ્ધિ હાનિ અને અભાવ લક્ષણો છે તે સદૃશ પર્યાયમાં જોવા મળે છે. પર્યાયનો કાળ એક સમયનો છે માટે એક સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ સાથે જ જોવા મળે છે. આ વાત આચાર્યદેવ આ ગાથામાં સિદ્ધ કરવા માગે છે.

## ◆ ગાથા - ૧૦૩

**ઉપજે દરવનો અન્ય પર્યય, અન્ય કો વિણસે વળી,**
**પણ દ્રવ્ય તો નથી નષ્ટ કે ઉત્પન્ન દ્રવ્ય નથી તહીં. ૧૦૩.**

***દ્રવ્યનો અન્ય પર્યાય ઉત્પન્ન થાય છે અને કોઈ અન્ય પર્યાય નષ્ટ થાય છે; પરંતુ દ્રવ્ય તો નષ્ટ પણ નથી, ઉત્પન્ન પણ નથી (ધ્રુવ છે).***

આ ગાથાના મથાળામાં કહે છે કે હવે દ્રવ્યના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અનેક દ્રવ્ય પર્યાય દ્વારા વિચારે છે. આ મથાળાને લક્ષમાં રાખીને ગાથાના ભાવ આપણે સમજવો જરૂરી છે. આ પહેલાની ગાથાઓમાં આચાર્યદેવે દ્રવ્યની પર્યાયમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવની વાત લીધી છે. ત્યાં દ્રવ્યની પર્યાયરૂપે સોનામાંથી હાર-બાજુ બંધ વગેરે તથા માટી પિંડ

અવસ્થા છોડીને ઘડારૂપે થાય છે. એવા દૃષ્ટાંતો લક્ષમાં લેવામાં આવ્યા. હવે આ ગાથામાં શું લેવા માગે છે તેનો વિચાર કરીએ. સત્ હંમેશા ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વરૂપ જ છે. જેને આપણે નિત્ય સ્વભાવરૂપે લક્ષમાં લઈએ તેના પરિણામ ઉત્પાદ-વ્યયરૂપે આપણે લક્ષમાં લીધા છે. દ્રવ્ય અને પર્યાય - નિત્ય અને અનિત્ય આ જોડકારૂપે લક્ષમાં લઈએ છીએ. હવે ફરી આપણે ૯૩મી ગાથામાં આચાર્યદેવે દ્રવ્ય પર્યાય કઈ રીતે દર્શાવી હતી. તેને યાદ કરીએ. ત્યાં સમાન જાતીય અને અસમાન જાતીય દ્રવ્ય પર્યાયને સમજાવવામાં આવી હતી. ત્યાં પણ આપણે જોયું કે એક દ્રવ્યની પર્યાયને અન્ય દ્રવ્યો સાથેના સંબંધમાં પણ જોઈ શકાય છે. વળી એ સંબંધમાં જે જોવા મળે છે તેમાંથી એક દ્રવ્યની પર્યાયને કઈ રીતે લક્ષમાં લઈ શકાય તેનો પણ આપણે ત્યાં વિચાર કર્યો હતો. અહીં આ ગાથામાં આચાર્યદેવ એ વાત વિશેષ સ્પષ્ટતાથી સમજાવવા માગે છે. દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવનો વિચાર આપણે નીચે પ્રમાણે કરીએ છીએ.

| | |
|---|---|
| દ્રવ્ય | પર્યાય |
| ધ્રુવ | ઉત્પાદ-વ્યય |
| અન્વય | વ્યતિરેક |

અર્થાત્ દ્રવ્ય પોતાનું એકરૂપપણું એવુંને એવું ટકાવીને પર્યાયમાં અનેક રૂપતા દર્શાવે છે. પર્યાયમાં અનેકપણું (સંખ્યાએ) પણ છે અને વિધવિધતા પણ છે. જ્યારે દ્રવ્ય સામાન્ય સ્વભાવ સંખ્યાએ એક અને સ્વરૂપ પણ એક (એકરૂપ), સ્વભાવ એકરૂપ છે છતાં પર્યાયોમાં વિધવિધતા દેખાય છે ત્યાં આશ્ચર્ય જરૂર છે પરંતુ વિરોધાભાસ નથી. ત્યાં જે વિવિધતા જોવા મળે છે તે સ્વભાવ અંતર્ગત છે. આ વાત ખ્યાલમાં રાખીને હવે એક પદાર્થ અન્ય પદાર્થો સાથે સંબંધમાં આવે છે તે વાત બે અલગ દૃષ્ટાંતો દ્વારા સમજાવે છે. સમાન જાતીય દ્રવ્ય પર્યાય માટે પુદ્ગલનો દૃષ્ટાંત લે છે જ્યારે અસમાન જાતીય દ્રવ્ય પર્યાય માટે જીવ-પુદ્ગલની વાત કરે છે.

## સમાન જાતીય અનેક દ્રવ્ય પર્યાય

જિનાગમમાં પરમાણુને દ્રવ્યરૂપે માન્ય કરે છે. પરમાણુ આપણા ઈન્દ્રિય જ્ઞાનનો વિષય થતો નથી. સ્કંધ છે તે પરમાણુ ભેગા થતાં બને છે. તેને એક દ્રવ્યરૂપે માની લેવામાં આવે છે. વિજ્ઞાન પણ સોનું-ચાંદી વગેરેને મૂળ દ્રવ્યરૂપે માને છે. આપણને પણ એવું લાગે છે કે ખાણમાં પણ સોનાના કણો સોનારૂપે જ છે. વળી છરીમાં જે લોહનો ભાગ છે તે જ લોહીમાં રક્તકણમાં જોવા મળે છે. આ રીતે પાણીને પણ એક દ્રવ્યરૂપે માન્ય કરીએ છીએ. વાસ્તવિકતા એ છે કે જેને આપણે દ્રવ્યરૂપે માનીએ છીએ તે ખરેખર સ્થૂળ સ્કંધો છે. તે સ્કંધો પરમાણુઓના બનેલા છે. સ્કંધો બે પરમાણુઓ-સંખ્યાત-અસંખ્યાત અને અનંત પરમાણુઓના બને છે. સ્કંધના છ ભેદ જિનાગમ દર્શાવે છે. સ્કંધને જિનાગમમાં પુદ્ગલની પર્યાયરૂપે ગણવામાં આવે છે. જો એક પરમાણુને પુદ્ગલ દ્રવ્યરૂપે માન્ય કરવામાં આવે તો સ્કંધ એ સંયોગી પદાર્થ હોવાથી તેને અનેક દ્રવ્યરૂપ ગણવો યોગ્ય છે. તેથી સ્કંધ અને તેની પર્યાયો બધું અનેક દ્રવ્ય પર્યાયરૂપ ઓળખાવવામાં આવે છે.

એ સ્કંધ જેના બને છે તે પરમાણુઓની એક જ જાત છે. સ્કંધના ભેદોની જેમ પરમાણુના અનેક પ્રકાર નથી. અર્થાત્ સોનાના પરમાણુ હંમેશા સોનારૂપ જ રહે એવું નથી. જેટલી સ્કંધની જાતો એટલી પરમાણુઓની જાતો નથી. સ્કંધના અનેક પ્રકાર છે જ્યારે બધા પરમાણુઓની એક જ જાત છે. આપણે સોના વગેરે સ્કંધોને મૂળભૂત દ્રવ્યો માની લીધા છે. તેથી આ સમજવામાં આપણને મુશ્કેલી નડે છે.

આગળ વિચાર કરતાં પહેલા અહીં દ્રવ્ય

શબ્દનો અર્થ ફરીથી સમજી લઈએ. શાસ્ત્રમાં ફૂટનોટમાં તેની ચોખવટ કરી છે. આપણે દ્રવ્ય શબ્દ બે અર્થમાં વાપરીએ છીએ. પ્રમાણના દ્રવ્યને પણ દ્રવ્ય કહીએ છીએ. જેમ કે અહીં આ ગાથામાં આપણે ''અનેક દ્રવ્ય પર્યાય'' એવો શબ્દ પ્રયોગ કર્યો છે. જ્યારે કયાંક આપણે દ્રવ્ય સામાન્ય માટે દ્રવ્ય શબ્દ વાપરીએ છીએ. એક જ શબ્દ પ્રમાણ જ્ઞાનના વિષય માટે અને નિશ્ચયનયના વિષય માટે વાપરીએ છીએ તેથી મુશ્કેલી નડે છે. જો કે આપણે જે લખાણ લખીએ છીએ તેમાં પ્રમાણ જ્ઞાનના વિષયને પદાર્થ શબ્દથી જ વર્ણવીએ છીએ એટલે ચોખવટ સહજપણે રહે છે. હવે આ ગાથામાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ કેવી રીતે લેવા તે ટેબલરૂપે વિચારીએ.

**સ્કંધો**

| | |
|---|---|
| (અનેક) | ઉત્પાદ-વ્યયરૂપ |
| પરમાણુ | વ્યતિરેક |
| ધ્રુવ | ભિન્ન-ભિન્ન |
| અન્વય | |
| એકરૂપ | |

અહીં અનેક પરમાણુઓ એકબીજા સાથે મેળ વિશેષરૂપે સંબંધમાં આવીને સ્કંધની રચના કરે છે. પરમાણુઓ ભેગા મળીને સ્કંધ બને અને તે વીખરાઈને અન્ય સ્કંધો અને પરમાણુઓ બને તે તો પુદ્‌ગલનો સ્વભાવ છે. પુદ-અર્થાત્ પૂરણ અને ગલ-અર્થાત્ ગલન તેનાથી જ પુદ્‌ગલ શબ્દ બન્યો છે.

પરમાણુને દ્રવ્યરૂપે માન્યો છે જ્યારે સ્કંધને પુદ્‌ગલની સ્કંધ પર્યાય ગણી છે. તે સ્કંધોના પણ પરિણામો જોવા મળે છે. જેમ કે આપણે સોનાને દ્રવ્યરૂપે માનીને તેમાંથી અલગ અલગ દાગીના બને છે. તેની પર્યાય કહીએ છીએ. ખરેખર સોનું એ દ્રવ્ય નથી પરંતુ સ્કંધ છે. પરમાણુઓ ભેગા થાય તેમાંથી સોનું બને તે સોનામાંથી વળી પરમાણુઓ છૂટા પડી જાય તેથી સ્કંધ પણ ઉત્પાદ-વ્યયરૂપ જ છે માટે તો તેને સ્કંધ પર્યાય કહી છે. તેની વળી પર્યાયો છે એવું આપણે સમજીએ છીએ.

અહીં પરમાણુઓ પોતાનું એકરૂપપણું-અન્વયરૂપ ધ્રુવપણું ટકાવે છે. તેને દ્રવ્યના એકરૂપપણા સાથે સરખાવવામાં આવ્યું છે. જ્યારે એક પદાર્થમાં ધ્રુવપણાની વાત લઈએ ત્યારે ત્યાં નિશ્ચયનયના વિષયભૂત દ્રવ્ય સામાન્યની વાત છે. જ્યારે સ્કંધનો વિચાર કરીએ, અનેક દ્રવ્ય પર્યાયમાં એકરૂપ પરમાણુ છે તેનો વિચાર કરીએ, ત્યારે તે પરમાણુ પ્રમાણ જ્ઞાનના વિષયભૂત પદાર્થ છે.

સ્કંધમાં ભાગ લેનારા બધા પરમાણુઓ પોતાનું પરમાણું રૂપનું એકાકારપણું ટકાવીને સ્કંધની રચનામાં અનેક પ્રકારની વિધવિધતા દર્શાવે છે. સ્કંધને આપણે આ અપેક્ષાએ ઉત્પાદ-વ્યયરૂપ લક્ષમાં લઈએ છીએ. સ્કંધમાં લક્ષમાં આવતી વિધવિધતા તે અનેક સમાન જાતીય પરમાણુના સંબંધરૂપ મેળ વિશેષને આભારી છે. એક પદાર્થ અંતર્ગત વિધવિધતા પોતાના સ્વભાવને આધીન છે. જ્યારે સ્કંધની વિવિધતા બે પદાર્થોની સાપેક્ષતાથી થતી જોવા મળે છે. દૃષ્ટાંતરૂપે એક પરમાણુ પોતે રંગની લાલ-લીલી અવસ્થારૂપે થાય તે પોતાના અંતરંગ પરિણામ અનુસાર છે. જ્ઞાનમાં એકેન્દ્રિયના જ્ઞાનથી લઈને સંજ્ઞી પંચેન્દ્રિય સુધીનો ઉઘાડ અને કેવળજ્ઞાન એ બધા જ્ઞાન ગુણની પર્યાયના અંતર્ગત ભેદો છે. જ્યારે તે જ જ્ઞાન કોને જાણે છે. તેમાં મતિ-શ્રુત વગેરે ભેદો તે અન્ય દ્રવ્યની સાપક્ષતાથી થતાં વિવિધ ભેદો છે. આ રીતે સમાન જાતીય અનેક દ્રવ્ય પર્યાયનું સ્વરૂપ લક્ષમાં લેવું. આવી પર્યાય સમયે પણ પરમાણુ એક સ્વતંત્ર પદાર્થ છે. એ વાત મુખ્ય રહેવી જોઈએ. સ્કંધની રચનામાં પરાધીનતા નથી.

અસમાન જાતીય અનેક દ્રવ્ય પર્યાયમાં જીવ

અને શરીરની વાત લેવામાં આવી છે. જેને મનુષ્યરૂપે ઓળખવામાં આવે છે ત્યાં મનુષ્યદેહ અને તે દેહમાં રહેવાની યોગ્યતાવાળો જીવ એમ બે છે. દેહની પણ મનુષ્ય પર્યાય અને જીવની પણ મનુષ્ય પર્યાય એ બે વચ્ચે ખરેખર તો મેળ વિશેષ જ છે પરંતુ તે એક જેવા લાગે છે. સમાજમાં તેને એક ગણવામાં આવે છે. અજ્ઞાની જીવો શરીર સાથે આ રીતે જ એકત્વ બુદ્ધિ કરી રહ્યા છે. એવા મેળ વિશેષ સમયે પણ જીવ અને શરીર બન્ને જુદા છે. સ્વતંત્રપણે પોતાના પરિણામોને કરે છે. જે સિદ્ધાંત સમાન જાતીય અનેક દ્રવ્ય પર્યાયમાં લક્ષમાં લીધો છે તે અહીં પણ લાગુ પડે છે. અહીં વિશેષતા એ લક્ષમાં લેવી છે કે આવા અસમાન જાતીય અનેક દ્રવ્ય પર્યાયરૂપ મનુષ્ય પર્યાય દ્વારા તે સમયે પણ જીવ જુદો છે એ વાત લક્ષમાં લઈને જીવની ઓળખાણ કરવી જરૂરી છે. અન્ય દ્રવ્યો સાથેના સંબંધ અહીં મનુષ્ય પર્યાયરૂપે આપણા જ્ઞાનમાં પકડાય છે. તે મારફત જીવની પોતાની દ્રવ્ય પર્યાયની ઓળખાણ અને એ રીતે જીવ દ્રવ્ય સ્વભાવ સુધી પહોંચવાનું પ્રયોજન છે.

## ◆ ગાથા - ૧૦૪

**અવિશિષ્ટસત્ત્વ સ્વયં દરવ ગુણથી ગુણાંતર પરિણમે,**
**તેથી વળી દ્રવ્ય જ કહ્યા છે સર્વગુણપર્યાયને. ૧૦૪.**

***સત્તા અપેક્ષાએ અવિશષ્ટપણે, દ્રવ્ય પોતે જ ગુણમાંથી ગુણાંતરે પરિણમે છે (અર્થાત્ દ્રવ્ય પોતે જ એક ગુણ પર્યાયમાંથી અન્ય ગુણ પર્યાયે પરિણમે છે અને તેની સત્તા ગુણ પર્યાયની સત્તા સાથે અવિશિષ્ટ-અભિન્ન-એક જ રહે છે). તેથી વળી ગુણ પર્યાયો દ્રવ્ય જ કહેવામાં આવ્યા છે.***

ઉત્પાદ-વ્યય-ધ્રુવને કેન્દ્રમાં રાખીને વિચારણા ચાલે છે. તેને નિત્ય-અનિત્ય એ રીતે પણ વિચારવામાં આવે છે. દ્રવ્ય પર્યાયરૂપ વસ્તુ ટકીને બદલે છે. આ રીતે આપણે સ્વભાવનું નિત્ય ટકવાપણું અને સ્વભાવ અંતર્ગત નવી નવી રચનાઓમાં ઉત્પાદ-વ્યયને લક્ષમાં લઈએ છીએ.

મહાસત્તા અને અવાંતર સત્તાઓનો વિચાર કરીએ ત્યારે દ્રવ્યમાં દ્રવ્યની પર્યાયો થાય છે. તેમ ગુણને ગુણનો સ્વભાવ છે તેથી ગુણમાં ગુણની પર્યાયો થાય છે. એ જ રીતે નિરંશ અંશને તેનો સ્વભાવ છે અને ત્યાં અવિભાગ પરિચ્છેદ રૂપના પરિણામો થાય છે. આ રીતે દરેક સ્વભાવની સાથે તેને અનુરૂપ પરિણમન થાય છે. મહાસત્તા અને અવાંતર સત્તાનો મૂળભૂત આશય સમજીએ તો ખ્યાલ આવે છે કે જેમ સ્વભાવ મહાસત્તા અને અવાંતર સત્તારૂપે લક્ષમાં આવે તેમ તે સ્વભાવોથી થતી પર્યાયો પણ એજ રીતે એક અનેક-એકત્વરૂપે રહેલી છે.

આ પ્રમાણે સમુચ્ચયરૂપે વિચાર કરવાથી આપણને ખ્યાલ આવે કે જ્યારે કોઈ એક સ્વભાવના પરિણામનો ખ્યાલ કરીએ ત્યારે તે સ્વભાવને અનુરૂપ તેનું ચોક્કસ પ્રકારનું કાર્ય ત્યાં અવશ્ય હોય છે. તે સ્વભાવને મહાસત્તારૂપે લક્ષમાં લઈએ ત્યારે તેમાં રહેલી અવાંતર સત્તાઓના એકત્વરૂપ આ મહાસત્તા છે. માટે અવાંતર સત્તાઓના પરિણામોના એકત્વરૂપ ભાવને પણ મહાસત્તાના પરિણામરૂપે જોઈ શકીએ. અર્થાત્ અવાંતર સત્તાઓ વચ્ચેના સંકલનનું કાર્ય મહાસત્તા પાસે જોવા મળે છે.

એ સ્વભાવને મહાસત્તારૂપે જોવાને બદલે તેને અવાંતર સત્તારૂપે જોવાથી તે કોઈ એક મહાસત્તાના ભેદરૂપે ખ્યાલમાં આવે છે. આ પ્રમાણે હોવાથી તેને તેના જેવી અન્ય અવાંતર સત્તાઓ સાથેના સંબંધો પણ લક્ષમાં આવે છે. આ રીતે એક સ્વભાવને તેના પરિણામથી વિચારીએ ત્યારે ત્યાં ત્રણ અપેક્ષાઓ લાગુ પડે છે. (૧) તે સ્વભાવનું પોતાનું સ્વતંત્ર કાર્ય. (૨) તે સ્વભાવની અવાંતર સત્તાઓ વચ્ચેના સંકલનનું કાર્ય. (૩) તેના જેવા અન્ય સ્વભાવો સાથેના સંબંધનું કાર્ય.

દૃષ્ટાંત લેવાથી આ વાત સારી રીતે સમજી શકાય એવી છે. આપણા દેશમાં પંચાયત રાજ્ય છે. તેમાં જિલ્લા પંચાયત-તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયત. આ ત્રણનો સાથે વિચાર કરીએ. પ્રથમ તો એ વાત સિદ્ધાંતરૂપે લક્ષમાં લઈએ કે દરેક પંચાયતને તેના ચોક્કસ સ્વતંત્ર કાર્યો હોય છે. ત્યારબાદ તાલુકા પંચાયતના કાર્યનો વિચાર કરીએ તો ખ્યાલ આવે કે તાલુકા પંચાયતને તેનું ચોક્કસ કાર્ય અવશ્ય હોય છે. દરેક ગ્રામ પંચાયતો તો તેના સ્વતંત્ર કાર્યો અવશ્ય કરે છે પરંતુ તે બધી ગ્રામ પંચાયતોના કાર્યનું સંકલન તો તાલુકા કક્ષાએ થાય છે. વળી એ તાલુકા પંચાયત કોઈ એક જિલ્લા પંચાયતની છે. જિલ્લામાં આવા અનેક તાલુકાઓ છે તેથી તાલુકા વચ્ચેના સંબંધો પણ આપણને ત્યાં જોવા મળે છે. આ રીતે તાલુકા પંચાયત પાસે પોતાના સ્વતંત્ર કાર્ય ઉપરાંત ગ્રામ પંચાયતોના સંકલનનું કાર્ય અને અન્ય તાલુકાઓ સાથેના સંબંધના કાર્યો જોવા મળે છે.

આપણે દ્રવ્યના ઉત્પાદ-વ્યય-ધ્રુવનો અભ્યાસ કર્યો. પછી ૧૦૩ ગાથામાં દ્રવ્યના અન્ય દ્રવ્યોના સંબંધને લક્ષમાં લીધા અને હવે આ ગાથામાં ગુણની પર્યાયો દ્વારા દ્રવ્યને લક્ષમાં લેવાનું છે.

ગા. ૯૩માં આપણે પદાર્થનું સ્વરૂપ લક્ષમાં લીધું ત્યાં દ્રવ્ય અને ગુણો બધાને તેની પર્યાયો હોય છે એ જાણ્યું. ગા. ૯૫-૯૬માં પદાર્થનું અખંડપણું લક્ષમાં લીધું. તે અખંડપણાને લક્ષમાં રાખીને આ ગાથાનો ભાવ આપણે સમજવાનો છે. આપણા વર્તમાન જ્ઞાનની એ મર્યાદા છે કે આપણે દ્રવ્યના પરિણામને સીધા જાણી શકતા નથી. ગુણની પર્યાય લક્ષમાં આવે છે. અસંજ્ઞી પ્રાણીને કેરીનો સ્વાદ આવે પણ એ કેરી છે તે નક્કી ન કરી શકે. સંજ્ઞી પ્રાણી ગુણની પર્યાય મારફત દ્રવ્યને જાણી શકે છે. આપણને સાકરની ઓળખાણ છે. ત્યારબાદ પણ જોઈને અથવા ચાખીને જ સાકરનો નિર્ણય દરેક સમયે થાય છે. જીવની ઓળખાણ પણ, જાણે તે જીવ, સુખ દુઃખનો અનુભવ કરે તે જીવ, રાગ-દ્વેષ કરે તે જીવ એ રીતે થાય છે. તેથી આ ગાથામાં તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

જ્યારે દ્રવ્ય અને ગુણનું જુદાપણું લક્ષમાં રાખીએ છીએ ત્યારે જીવ તેની પર્યાયને કરે અને જીવનો જ્ઞાન ગુણ તેની પર્યાયને કરે અર્થાત્ ભેદ દૃષ્ટિમાં જ્ઞપ્તિ ક્રિયા એ જ્ઞાન ગુણનું કાર્ય છે.

જ્યારે દ્રવ્ય અને ગુણને અભેદપણે લક્ષમાં લઈએ ત્યારે દ્રવ્યને ગુણના કાર્યના કર્તારૂપે લેવામાં આવે છે. જેમકે જીવ જાણવાનું કામ કરે છે. જીવને જ્યારે કર્તા કહીએ ત્યારે જ્ઞાનને કરણ અર્થાત્ સાધન કહેવામાં આવે છે. આ રીતે ભેદ દૃષ્ટિમાં જ્ઞાન ગુણ જાણવાનું કામ કરે છે અને અભેદ વિવિક્ષામાં જીવ જાણવાનું કામ કરે છે. આવા બે પ્રકારના કથનોમાં વિરોધાભાસ નથી.

```
પદાર્થ                 પદાર્થ
  |                      |
દ્રવ્ય —પર્યાય          દ્રવ્ય   ગુણપર્યાય
  |
ગુણ —પર્યાય
```

આ પ્રકારની મૂળભૂત વ્યવસ્થા ખ્યાલમાં રાખીને આ રીતે પણ વિચારી શકાય. જ્ઞપ્તિ ક્રિયાને જ્ઞાન ગુણમાં ગર્ભિત કરીને પછી ગુણોને દ્રવ્યના આશ્રયે દર્શાવી શકાય અને જાણન ક્રિયાને સીધી જીવમાં પણ દર્શાવી શકાય છે. બન્ને અપેક્ષાઓમાં પદાર્થનું અખંડપણું મુખ્ય છે.

ટીકામાં આચાર્યદેવે કેરીનો દૃષ્ટાંત આપ્યો છે. કેરી લીલીમાંથી પીળી થાય છે. કેરી દ્રવ્ય છે. લીલી અને પીળી એ ગુણ પર્યાય છે. આ બધું અભેદપણે એક જ છે. એ રીતે બધા દ્રવ્યોમાં જોવા મળે છે. અહીં દ્રવ્યને ધ્રુવ અને ગુણની પર્યાયને ઉત્પાદ-વ્યયરૂપ ગણવામાં આવે છે.

**દ્રવ્ય**

| અનેક દ્રવ્ય પર્યાય | દ્રવ્યની પર્યાય | ગુણની પર્યાય |
|---|---|---|
| ↓ | ↓ | ↓ |
| અન્ય દ્રવ્ય સાથેના સંબંધમાં થતી પર્યાયો સ્કંધ એ સમાન જાતીય અનેક દ્રવ્ય પર્યાયો છે. મનુષ્ય-દેવ વગેરે અસમાન જાતીય અનેક દ્રવ્ય પર્યાયો છે. આ બધી પર્યાયો ઉત્પાદ-વ્યયરૂપ છે. | દરેક સ્વભાવ પોતાના સ્વભાવરૂપે અવશ્ય પરિણમે છે. આ પર્યાય પણ ઉત્પાદ-વ્યયરૂપ છે. | દ્રવ્ય એક ગુણની પર્યાયરૂપે પરિણમે છે. દ્રવ્ય પાસે અનેક ગુણોની પર્યાયોનું સંકલન પણ જોવા મળે છે. આ બધી પર્યાયો પણ ઉત્પાદ-વ્યયરૂપ છે. |

## ◆ ગાથા - ૧૦૫

**જો દ્રવ્ય હોય ન સત્, ઠરે જ અસત્, બને કયમ દ્રવ્ય એ ?**
**વા ભિન્ન ઠરતું સત્ત્વથી ! તેથી સ્વયં તે સત્ત્વ છે.૧૦૫.**

***જો દ્રવ્ય (સ્વરૂપથી જ) સત્ ન હોય તો નક્કી તે અસત્ હોય; જે અસત્ હોય તે દ્રવ્ય કેમ હોય શકે ? અથવા (જો અસત્ ન હોય) તો તે સત્તાથી અન્ય (જુદું) હોય ! (તે પણ કેમ બને ?) માટે દ્રવ્ય પોતે જ સત્તા છે.***

દ્રવ્ય સ્વભાવ અને અસ્તિત્વ ખરેખર એક પદાર્થરૂપ જ છે. તે બન્ને જુદા કયારેય ન હોય શકે એ સિદ્ધાંત ફરીને દૃઢ કરાવે છે. બેનું જુદાપણું માનનારા જીવો પણ હશે તેથી જ આટલી અલગ અલગ રીતે દ્રવ્ય અને એના અસ્તિત્વનું એકપણું પાકુ કરાવવામાં આવે છે. આ ગાથામાં જે જીવો તેનું એકપણું નથી માનતા તેમને દલીલથી સમજાવે છે. જો દ્રવ્ય અને અસ્તિત્વને ભિન્ન પદાર્થરૂપ માનો તો શું દોષ આવે તે કહે છે. બે દોષ એક પછી એક કહે છે.

(૧) જો દ્રવ્ય સ્વરૂપથી જ સત્ ન હોય તો દ્રવ્ય અસત્ ઠરે અર્થાત્ દ્રવ્યનું વિદ્યમાનપણું જ ન હોય પદાર્થનું વિદ્યમાનપણું અસ્તિત્વને આભારી છે. જો તે દ્રવ્ય અસ્તિત્વથી ભિન્ન હોય તો પદાર્થ વિદ્યમાન જ ન હોય. તે હોય જ નહીં તો ત્યાં નિત્યપણાનો કે તેની (નિત્યપણાની) ઓથમાં અનિત્ય એવા ઉત્પાદ-વ્યયનો કોઈ પ્રશ્ન જ રહેતો નથી. આ રીતે દ્રવ્ય-ગુણ-પર્યાય કે ઉત્પાદ-વ્યય-ધ્રુવ એકપણ વાત રહે નહીં. આ રીતે અસ્તિત્વથી અત્યંત ભિન્ન એવા દ્રવ્યની હયાતી જ ન રહે.

(૨) અથવા દ્રવ્ય અને સત્તા (અસ્તિત્વ) બે અલગ પદાર્થરૂપે જ હોય. જો એ બેને અલગ સ્વતંત્ર પદાર્થરૂપે માનવામાં આવે તો. અસ્તિત્વ વિના પણ દ્રવ્યની વિદ્યમાનતાનો સ્વીકાર કરવાનો પ્રસંગ આવે. જો એવું માનીએ તો અસ્તિત્વ ગુણ જ ન રહે એવું કહેવા માગે છે. અસ્તિત્વનું કાર્ય અર્થાત્ પ્રયોજન જ હયાતી છે. અસ્તિત્વ ગુણ પોતે જ હયાત છે અને તેના કારણે દ્રવ્યને પણ હયાતી બક્ષે છે. હવે જો દ્રવ્ય પોતે અસ્તિત્વ ગુણથી નિરપેક્ષપણે પોતાથી ટકતો હોય, વિદ્યમાન હોય તો વિશ્વમાં અસ્તિત્વ ગુણની કોઈ કિંમત જ ન રહે. તેની કોઈ ઉપયોગિતા જ ન રહે તેથી અસ્તિત્વ ગુણનો

જ નાશ થાય. આ રીતે બે દોષ આ રીતે દર્શાવ્યા. એક દોષમાં દ્રવ્ય જ ન રહે અને બીજા દોષમાં અસ્તિત્વ ગુણ જ ન રહે.

આ વાત વિસ્તારથી સમજીએ. દરેક પદાર્થ અનેકાંત સ્વરૂપ છે. દરેક પદાર્થમાં અનંત ગુણો-ધર્મો છે. જે આપણે અનંત ધર્મત્વ શક્તિ દ્વારા સમજી શકીએ છીએ. અનંત ધર્મત્વની સાથે વિરુદ્ધ ધર્મત્વ શક્તિ પણ લેવામાં આવી છે. અર્થાત્ એ વસ્તુમાં રહેલા અનંત ધર્મોની સાથે ''પરસ્પર વિરોધી દેખાતા પરંતુ અવિરોધપણે વસ્તુમાં રહીને વસ્તુને નીપજાવનારા'' નિત્ય-અનિત્ય અને એક-અનેક એવા ધર્મો પણ વસ્તુમાં રહેલા છે.

એનો અર્થ એ થયો કે વસ્તુમાં રહેલા અનંત ગુણો અને ધર્મો એ વસ્તુની અંતરંગ વ્યવસ્થાનો જ એક ભાગ છે. એ બધા વસ્તુના અંતરંગ બંધારણરૂપે જ જોવા મળે છે. પદાર્થ એના અનંત ગુણોથી ભિન્ન કયારેય ન હોય શકે. દ્રવ્યને દ્રવ્યનો સ્વભાવ છે અને ત્યાં દ્રવ્યનું કાર્ય છે તેમ અનંત ગુણોને તેના સ્વભાવો છે અને ગુણને ગુણની પર્યાયો હોય છે. એ વાત કાયમ રાખીને અનંત ગુણોનું કાર્ય એકત્વરૂપે દ્રવ્ય પાસે પણ જોવા મળે છે. જેને આપણે જીવની મોક્ષમાર્ગ પર્યાય કહીએ તે જ મોક્ષમાર્ગની પર્યાયનું વર્ણન કરવાનું આવે ત્યારે સમ્યગ્દર્શન - સમ્યગ્જ્ઞાન - સમ્યક્ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ એવી રીતે તેનું વર્ણન થાય. મોક્ષમાર્ગ એ જીવ દ્રવ્યની - અભેદ પર્યાય અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચરિત્ર એ ગુણની ભેદરૂપ પર્યાયો છે. બધા ગુણોનું કાર્ય આપણને દ્રવ્ય પાસે એકત્વરૂપે જોવા મળે છે. સંયોગી પદાર્થોના દૃષ્ટાંતો લેવાથી આ વાત સારી રીતે સમજી શકાય છે. મોટરમાં આનંદથી મુસાફરી કરતા હોઈએ ત્યારે માત્ર મોટર ચાલે છે એમ નથી. મોટરના બધા ભાગો વ્યવસ્થિતરૂપે કાર્ય કરી રહ્યા છે. મોટરના પૈડા અને સ્ટીયરીંગ ચાલતું દેખાય. તે તેના ભાગનું કામ કરતા દેખાય. મશીનમાં પીસ્ટન અને રીંગમાં પીસ્ટન આઘું પાછું થઈ રહ્યું છે. તે તો ઠીક છે પરંતુ પૈડાને મોટરમાં ફીટ કરવામાં લગાડવામાં આવેલા ચાર નટ બોલ્ટ પણ પોતાના કામ કરે છે. તે નટ બોલ્ટ જો પૈડાને પકડી ન રાખે તો શું થાય ? અર્થાત્ મોટરના બધા પાર્ટસ પોતાના કાર્ય કરે છે. નાટક જોવાની મઝા આવી કયારે ? તેમાં ભાગ લેનારા બધા પાત્રો પોતાને ભાગે આવતું કાર્ય બરોબર કરે છે ત્યારે. આવા અનેક દૃષ્ટાંતો લઈ શકાય. વિચારી જુઓ કે નાની ઘડીયાળમાં તો થોડા પાર્ટસ હોય તેની સરખામણીમાં જમ્બો જેટમાં કેટલા વધુ પાર્ટસ હોય હવે જમ્બો જેટમાં કેટલા નકામા પાર્ટસ ગોઠવ્યા હશે ? જવાબ શું આવશે કે કોઈ પણ વસ્તુ હોય તેમાં જેનું કોઈ પણ કામ ન હોય એવા એક પણ પાર્ટ ન હોય. આપણને જવાબ મળી ગયો. દ્રવ્યમાં અનંત ગુણો છે. તેમાં વચન ગોચર ગુણો તો મર્યાદિત છે. નામ વિનાના અનેક ગુણો છે. તેમાં નકામા - કામ વિનાના ગુણો કેટલા હોય ! એક પણ ગુણ કામ વિનાના ન હોય અને દરેક ગુણ વસ્તુના અંતરંગ બંધારણના ભાગરૂપે રહીને વસ્તુના કાર્યમાં ભાગ ભજવે છે. જો બધા ગુણો કાર્યકારી છે તો અસ્તિત્વ વિના તો ચાલે જ નહીં. કોઈ વસ્તુ વિદ્યમાન હોય તો જ તેના વિશેષ વર્ણન થઈ શકે.

ગા. ૧૦૪માં દ્રવ્ય છે તે ગુણનું કાર્ય કરે છે એમ લીધું હતું. કેરી લીલીમાંથી પીળી થાય છે. જીવ જાણવાનું કામ કરે છે. જીવ પોતાનું દ્રવ્યરૂપે કાર્ય કરે છે અને ગુણનું કાર્ય પણ જીવ કરે છે એમ લીધું હતું. જ્યારે આ ગાથામાં અસ્તિત્વ ગુણ પોતે પોતાનું કાર્ય કરે છે અને તે દ્રવ્યની વિદ્યમાનતાનું કાર્ય પણ કરે છે અર્થાત્ ગુણ પોતે ગુણના કાર્ય ઉપરાંત દ્રવ્યની ક્રિયા પણ કરે છે એવી રજૂઆત કરી છે. પદાર્થમાં દ્રવ્ય અને ગુણની એક સત્તા હોવાથી એ પ્રમાણે કહી શકાય છે. પરમાર્થ વિચારીએ તો દ્રવ્ય દ્રવ્યનું

કાર્ય કરે છે અને દરેક ગુણ પોતાના સ્વભાવરૂપે પરિણમે છે.

## ◆ ગાથા - ૧૦૬

**જિન વીરનો ઉપદેશ એમ —પૃથક્ત્વ ભિન્ન પ્રદેશતા,**
**અન્યત્વ જાણ અતત્પણું; નહિ તે-પણે તે એક ક્યાં ? ૧૦૬.**

***વિભક્ત પ્રદેશત્વ તે પૃથક્ત્વ છે એમ વીરનો ઉપદેશ છે. અતદ્‌ભાવ (અતત્પણું અર્થાત્ તે-પણે નહીં હોવું) તે અન્યત્વ છે. જે તે-પણે ન હોય તે એક કેમ હોય ? (કથંચિત્ સત્તા દ્રવ્યપણે નથી અને દ્રવ્ય સત્તાપણે નથી માટે તેઓ એક નથી).***

જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અધિકારમાં પદાર્થના સ્વરૂપ અસ્તિત્વનું અખંડપણું દર્શાવ્યું. તેમાં દ્રવ્ય-ગુણ-પર્યાય અને ઉત્પાદ-વ્યય-ધ્રુવ એવા છ ભેદો પણ દર્શાવ્યા. તે દરેકને અલગરૂપે પણ જણાવ્યા અને એકબીજા વચ્ચેના સંબંધો પણ અનેક પ્રકારે દેખાડયા. આ રીતે અભેદ અને ભેદ એ બધાની અનેક પ્રકારે ડ્રીલ લેવડાવી વસ્તુના અનેકાંત સ્વરૂપને આ રીતે સમજાવ્યું.

દ્રવ્યની પર્યાય અને ગુણની પર્યાય એક દ્રવ્ય પર્યાયરૂપ છે. ધ્રુવનો વિચાર કરીએ ત્યારે જ્યાં એક દ્રવ્ય પર્યાયની વાત છે ત્યાં અન્વયરૂપ ધ્રુવ-દ્રવ્ય સામાન્ય તત્ત્વ છે. જ્યારે અનેક દ્રવ્ય પર્યાયનો વિચાર કરીએ છીએ ત્યારે ત્યાં અન્વયરૂપ-ધ્રુવરૂપ દ્રવ્ય સામાન્ય તત્ત્વ નથી પરંતુ દ્રવ્ય-પર્યાયરૂપ આખો પદાર્થ અર્થાત્ પ્રમાણ જ્ઞાનના વિષયભૂત આખું સ્વરૂપ અસ્તિત્વ તે ધ્રુવ છે. અહીં અનેક દ્રવ્ય પર્યાયનો વિચાર કરીએ છીએ તેથી ત્યાં માત્ર એક જ દ્રવ્ય નહીં પરંતુ જેટલા દ્રવ્યો સાથે મળીને એ રચના થાય છે તે બધા દ્રવ્યો ધ્રુવરૂપ છે. અર્થાત્ સ્કંધમાં બે પરમાણુથી લઈને અનંત પરમાણુઓ હોય છે તેથી ત્યાં અન્વયરૂપ-ધ્રુવરૂપ બધા દ્રવ્યો પરમાણુઓ હોય છે જયારે મનુષ્ય પર્યાય વગેરેનો વિચાર કરીએ ત્યારે જીવ અને દેહ બે ધ્રુવરૂપ રહે છે. આ રીતે ઉત્પાદ-વ્યય અને ધ્રુવનું સ્વરૂપ આચાર્યદેવ એક દ્રવ્ય પર્યાયરૂપે અને અનેક દ્રવ્ય પર્યાયરૂપે આપણને સમજાવવા માગે છે.

આ રીતે વિચારતા માત્ર દ્રવ્ય પાસે જ નહીં પરંતુ કાંઈપણ સ્વભાવથી વિચાર કરી શકાય છે. તે સ્વભાવની સ્વભાવગત પર્યાયનો વિચાર કર્યા બાદ તેના ઉપરના અને નીચેના બન્ને પ્રકારના સંબંધો દ્વારા પણ વિચાર કરી શકાય. મનુષ્ય દેહ




તત્ - અતત્
સત્ - અસત્
જુદાપણું - તેને
અતદ્‌ભાવ અથવા અન્યત્વ કહે છે. જ્યાં
અતદ્‌ભાવ છે. ત્યાં તાદાત્મ્યપણું છે.



મારફત જીવની ઓળખાણ થાય એ રીતે જ્ઞાન ગુણ મારફત પણ જીવની ઓળખાણ થાય. ઈન્દ્રિય જ્ઞાનમાં રૂપી દેહ જણાય છે. તેની મારફત અરૂપી જીવનો નિર્ણય થાય છે. જ્ઞાન વેદનભૂત લક્ષણ છે તેથી તેની મારફત પણ જીવનો સ્વીકાર આવી શકે છે.

હવે અનેકાંતનું સ્વરૂપ અન્યરૂપે સમજાવે છે. જેને અસ્તિ-નાસ્તિ અનેકાંત કહેવામાં આવે છે. દરેક પદાર્થ ''સ્વથી એકત્વ અને પરથી વિભક્ત'' એ રીતે જ સદાય રહેલો છે. આ રીતે બે પદાર્થની સ્વરૂપ અસ્તિત્વરૂપ સત્તાઓ અલગ જ છે. જ્યાં સત્ જાુદું છે ત્યાં તેમનું ક્ષેત્રપણ જાુદું છે એવું આ ગાથામાં કહેવા માગે છે. એક પદાર્થમાં જે કાંઈ છે તે બધું એક જ ક્ષેત્રમાં છે. અર્થાત્ જે દ્રવ્યનું ક્ષેત્ર તે જ ગુણોનું અને પર્યાયનું ક્ષેત્ર છે. દ્રવ્ય કરતાં ગુણનું ક્ષેત્ર મોટું હોય તો જેટલા ભાગમાં દ્રવ્ય નથી ત્યાં ગુણ આધાર વિના ટકી ન શકે. જો ગુણનું ક્ષેત્ર ઓછું હોય તો જેટલા ભાગમાં ગુણ નથી તેટલા દ્રવ્યના ભાગમાં ગુણનું કાર્ય જોવા ન મળે. જીવ અને જ્ઞાનથી વિચારીએ તો જો જ્ઞાનનું ક્ષેત્ર મોટું હોય તો તેટલા ભાગનો જ્ઞાન ગુણ જીવના આધાર વિના ટકી ન શકે અને જો જ્ઞાનનું ક્ષેત્ર નાનું હોય તો જીવના જેટલા ભાગમાં જ્ઞાન ગુણ નથી તેટલા ભાગમાં જીવ જાણવાનું કામ કરી શકે નહીં. જેમ દ્રવ્ય અને ગુણનું એક જ ક્ષેત્ર છે તેમજ દ્રવ્ય અને પર્યાયનું ક્ષેત્ર છે. જેટલું પાણીનું ક્ષેત્ર છે તેટલું જ ભરતી-ઓટનું ક્ષેત્ર છે. જ્યાં સોનું છે ત્યાં જ તેનો ઘાટ છે. આ રીતે એક દ્રવ્યમાં જે કાંઈ છે તે બધાનું ક્ષેત્ર એક જ છે. જ્યારે બે પદાર્થોના અસ્તિત્વ જ જાુદા છે. ત્યાં તેમના ક્ષેત્રો પણ અલગ જ છે. એક પદાર્થમાં જ્યાં જેમની વચ્ચે અતદ્ભાવ છે ત્યાં તાદાત્મ્ય પણ છે અર્થાત્ દ્રવ્ય તે ગુણ નથી તેમ કહેતાં ત્યાં જે અતદ્ભાવ કહેવામાં આવે છે તે કથંચિત્ છે. દ્રવ્ય અને ગુણ વચ્ચે આ રીતે કથંચિત્ અતદ્ભાવ અને કથંચિત્ તાદાત્મ્ય છે. કારણકે તેમનું પરમાર્થે એક અખંડ અસ્તિત્વ છે અને એક અખંડ ક્ષેત્ર છે. તેની સામે જ્યાં બે પદાર્થોનું જાુદાપણું છે ત્યાં અસ્તિ નાસ્તિ છે જેને માટે જિનાગમમાં પૃથક્ત્વ શબ્દ વપરાય છે. અતદ્ભાવને અન્યત્વ પણ કહે છે. જ્યારે અસ્તિ-નાસ્તિને પૃથક્ત્વ કહે છે. અન્યત્વ અને પૃથક્ત્વ સમાનઅર્થી લાગવા છતાં એ બન્ને વચ્ચે આ તફાવત છે કે એક પદાર્થમાં અંતર્ગર્ભિત જે ભેદ છે તેને માટે અન્યત્વ શબ્દ વપરાય છે અને બે પદાર્થના જાુદાપણા માટે પૃથક્ત્વ શબ્દ વપરાય છે.

જ્યાં અન્યત્વ છે ત્યાં તાદાત્મ્યસિદ્ધ સંબંધ છે. જ્યારે પૃથક્ત્વ છે ત્યાં એવો તાદાત્મ્ય સંબંધ નથી. ''નાસ્તિ સર્વ અપિ સંબંધઃ પરદ્રવ્ય આત્મ દ્રવ્યેભ્યઃ'' અર્થાત્ આત્માને પરદ્રવ્ય સાથે કોઈપણ પ્રકારનો સંબંધ નથી. આ રીતે અસ્તિ અને નાસ્તિ દ્વારા પૃથક્ત્વ સમજાવવામાં આવે છે. જ્યારે આ રીતે જાુદાપણાનો વિચાર કરીએ ત્યારે તે પણ એકાંતે નથી એવું આપણે લક્ષમાં લેવું જોઈએ. વિશ્વમાં પદાર્થો વચ્ચે અનેક પ્રકારના સંબંધો જોવા મળે છે. તેથી જો અસ્તિ નાસ્તિનું એકાંત કરીએ તો વિરોધાભાસ આવે. બે પદાર્થો વચ્ચે તાદાત્મ્યસિદ્ધ સંબંધ નથી કારણકે તાદાત્મ્ય-તન્મયપણું એક જ પદાર્થમાં જોવા મળે છે. તેથી બે પદાર્થ વચ્ચેના સંબંધને નિમિત્ત નૈમિત્તિક સંબંધ કહેવામાં આવે છે. ખ્યાલમાં રહે કે બે પદાર્થો કે બે પદાર્થના ગુણો એકબીજા સાથે સંબંધમાં નથી આવતા કારણકે દ્રવ્ય અને ગુણની ત્રિકાળ સત્તાઓ છે અને જે ત્રિકાળ શાશ્વત હોય તેને અહેતુક ગણવામાં આવે છે. તેથી બે પદાર્થની સમયવર્તી પર્યાયો સાથે જ સંબંધ શક્ય છે. નિમિત્ત નૈમિત્તિક સંબંધના અનેક પ્રકારના વર્ણન કરવામાં આવે છે. જેમ કે બિંબ-પ્રતિબિંબ સંબંધ પ્રકાશ્ય -પ્રકાશક સંબંધ.

| એક પદાર્થ | બે પદાર્થો |
|---|---|
| તત્-અતત્ | અસ્તિ-નાસ્તિ |
| અતદ્‌ભાવ-અન્યત્વ | પૃથક્ત્વ |
| જ્યાં અતદ્‌ભાવ ત્યાં | જ્યાં અસ્તિ-નાસ્તિ ત્યાં |
| તાદાત્મ્યસિદ્ધ સંબંધ | નિમિત્ત નૈમિત્તિક સંબંધ |

જીવ અને શરીર બે વચ્ચે પૃથક્ત્વ છે છતાં તે એક જેવા લાગે છે. અહીં આપણે જીવને અને શરીરને તેમના સ્વલક્ષણોથી ભિન્ન ખ્યાલમાં નથી લેતા તે અજ્ઞાન છે. જેમ બન્નેના સ્વભાવથી અજ્ઞાની અજાણ છે. જે સ્વભાવને જુદા રાખવામાં ભૂલ કરે છે તે તેમની વચ્ચેના સંબંધને સમજવામાં પણ ભૂલ કરે છે. નિમિત્ત નૈમિત્તિક સંબંધો તેને તાદાત્મ્યરૂપ લાગે છે. તેથી નિમિત્તને કર્તા માનવાની ભૂલ કરે છે. કર્તા કર્મપણું એક જ પદાર્થમાં દ્રવ્ય અને પર્યાય વચ્ચે હોય. બે પદાર્થ વચ્ચે તો માત્ર નિમિત્ત નૈમિત્તિક સંબંધ જ હોય. માટે દરેક પદાર્થને તેના સ્વભાવથી જાણવો જેટલું જરૂરી છે તેટલું જ સંબંધના પ્રકારને જાણવું જરૂરી છે.

ટીકાકાર આચાર્યદેવ દ્રવ્ય અને અસ્તિત્વ વચ્ચે અન્યત્વ છે પરંતુ ત્યાં પૃથક્ત્વ નથી એમ કહે છે. દ્રવ્ય અને સત્તા વચ્ચે પૃથક્ત્વ નથી તો તો અન્યત્વ પણ નથી એમ કોઈ કહે તો તે પણ ખોટું છે. અર્થાત્ તે બે વચ્ચે અન્યત્વ અવશ્ય છે એવું દર્શાવે છે. પૃથક્ત્વનો ભાવ સમજાવતા ગાથાના રચયિતા ભગવાન મહાવીરની સાક્ષી આપે છે. શાસ્ત્રમાં ઘણી જગ્યાએ આ રીતે અરિહંત પરમાત્મા ગણધર દેવ અને શ્રુતકેવળીની શાખ આપતા હોય છે. અન્વયાર્થ વાંચતા આપણે વિચારમાં પડી જઈએ. ''જે તે-પણે ન હોય તે એક કેમ હોય ?'' આ લખાણમાં વિરોધાભાસ લાગે કારણકે આપણને ખ્યાલ છે કે જ્યાં અતદ્‌ભાવ છે ત્યાં જ તાદાત્મ્ય છે. અવિનાભાવરૂપ એકપણું છે. તો પછી અહીં ''એક કેમ હોય ?'' એવો પ્રશ્ન કેમ કર્યો ? વિચારતા એવું લાગે કે કોઈ એવી માન્યતા રાખતું હોય છે કે પદાર્થ અખંડ જ છે તેમાં અંશ કલ્પના કરી જ ન શકાય. અથવા ભેદ તો જે વસ્તુને ન સમજતા હોય તેને સમજાવવા માટે જ છે. આવા જીવો એકાંતમાં ન ખેંચાય જાય માટે અહીં તેની સ્પષ્ટતા કરવામાં આવે છે. પદાર્થનું અખંડપણું પણ છે અને તેમાં દ્રવ્ય-ગુણ-પર્યાય વગેરે ભેદો પણ છે, અહીં ટીકાકાર દ્રવ્ય અને સત્તા બે વચ્ચેનો અતદ્‌ભાવ સિદ્ધ કરે છે. તે પછી ઉપલક્ષણથી બધા ગુણો અને અન્ય ભેદોને પણ લાગુ પડે છે.

કોઈ જીવો એવા હોય છે જે અનંતગુણોની સત્તા માને અને દ્રવ્ય શબ્દ વાપરે પરંતુ તેને સમૂહવાચક નામરૂપે જ લક્ષમાં લે અનંતગુણો એકબીજા સાથે સંબંધમાં આવે તે જ દ્રવ્ય છે. તે દ્રવ્યને સ્વતંત્ર સત્તારૂપે ખ્યાલમાં લઈ શકતા નથી. અનંત ગુણોના કાર્યને સાથે જોવું તે જ દ્રવ્યનું કાર્ય માને છે. જેમ ગુણ એક સ્વભાવ છે, શાશ્વત છે, અહેતુક છે અને તેને તેના પરિણામો છે તે રીતે જ દ્રવ્ય પણ એક સ્વભાવી છે. શાશ્વત અને અહેતુક છે. તેને તેના સ્વતંત્ર પરિણામ છે પરંતુ દ્રવ્ય અને ગુણ બન્નેને સત્ સ્વતઃસિદ્ધ સ્થાપીને પછી તેમના સંબંધ લક્ષમાં લેવા એવું એ કરતો નથી.

અન્ય કોઈ જીવો દ્રવ્યની સત્તા માને છે. ગુણોને તે દ્રવ્યના વર્ણનરૂપે જ માને છે. તે ગુણોને સ્વતંત્ર સત્તા અને દરેક ગુણને તેના સ્વભાવ અનુરૂપ કાર્ય હોય છે એવું માનતા નથી. વળી એવા કોઈ જીવો દ્રવ્યને સર્વથા અભેદ જ માને છે ભેદ માનતા નથી. ભેદથી વાત આવે ત્યારે તે ભેદ તો માત્ર સમજાવવા માટે જ છે એવું માને છે. કોઈ વળી વસ્તુમાં પ્રયોજનવશ ભેદ પાડવામાં આવે છે એવું માને છે. શાસ્ત્રમાં ''અંશ કલ્પના'' ''ભેદ કલ્પના'' એવા શબ્દ પ્રયોગો આવે છે. તેથી તેની માન્યતાને દૃઢતા મળે છે. ભેદને તો કલ્પના કહી છે અર્થાત્ ખરેખર વસ્તુમાં ભેદ નથી એવા એકાંત અભિપ્રાયને

મજબૂત કરે છે. વાસ્તવિકતા એ છે કે પદાર્થમાં અભેદપણું પણ છે અને ભેદ પણ છે. એ અપેક્ષાએ સ્વરૂપ અસ્તિત્વને ભેદા ભેદ અભેદ પણ ગણવામાં આવે છે. સર્વજ્ઞ પરમાત્મા અભેદ અને ભેદ બધું જાણે છે. કારણકે વસ્તુનું સ્વરૂપ જ એવું અનેકાંતરૂપ છે.

ટીકામાં આચાર્યદેવ દ્રવ્યના અને અસ્તિત્વના (ગુણના) સ્પષ્ટ ભેદો આ પ્રમાણે દર્શાવે છે.

| **ગુણ (અસ્તિત્વ)** | **દ્રવ્ય** |
|---|---|
| ૧) કોઈના આશ્રયે રહેતા | ૧) કોઈના આશ્રય વિનાનું |
| ૨) નિર્ગુણ | ૨) ગુણવાળું |
| ૩) એક ગુણથી બનેલ | ૩) અનેક ગુણોનું બનેલું |
| ૪) વિશેષણ | ૪) વિશેષ્ય |
| ૫) વિધાયક | ૫) વિધીયમાન |
| ૬) વૃતિ સ્વરૂપ | ૬) વૃતિમાન |

હવે તે દરેકની સ્પષ્ટતા કરીએ. ગુણો હંમેશા દ્રવ્યના આશ્રયે જ હોય છે. દ્રવ્ય વિના એકલા ગુણો કયાંય જોવા મળતા નથી. દ્રવ્યો સ્વતંત્રપણે વિદ્યમાન છે. દ્રવ્યને કોઈનો આશ્રય નથી. દ્રવ્ય ગુણોને આશ્રય આપે છે પરંતુ પોતે આશ્રય લેતા નથી. આધાર આધેય માટે દૃષ્ટાંત લેવામાં આવે છે. દૂધ તપેલીના આધારે છે. પરંતુ તે દૃષ્ટાંત દ્રવ્ય અને ગુણના સંબંધમાં લાગુ ન પડે. ગાથામાં સફેદી વસ્ત્રના આધારે છે એમ લીધું છે. એક જ સત્તામાં ગુણો દ્રવ્યના આધારે લેવામાં આવે છે. દ્રવ્યને કોઈનો આધાર નથી. તેથી ''દૂધ તપેલીના આધારે છે'' તે માત્ર વ્યવહારનયનું કથન થાય. સમયસારમાં દરેક પદાર્થ કોઈ અન્ય આધાર વિનાનો છે એમ દર્શાવવા માટે કહે છે કે એમ વિચારો કે આકાશ કોના આધારે છે ? ખરેખર આકાશને કોઈ અન્ય દ્રવ્યનો આધાર જણાતો નથી. તે રીતે કોઈપણ દ્રવ્યને અન્ય દ્રવ્યનો આધાર નથી. બે પદાર્થ વચ્ચે અસ્તિ-નાસ્તિની અપેક્ષા લઈએ ત્યારે બન્ને તદ્દન ભિન્ન લક્ષમાં આવે છે. તેમની સત્તાઓ અને ક્ષેત્રો અલગ છે. તેથી ત્યાં આધાર આધેયપણું નથી. એક જ પદાર્થમાં ગુણો દ્રવ્યના આશ્રયે રહેલા હોય છે.

દ્રવ્ય અનેક ગુણાત્મક છે એમ કહીએ કે તે ગુણવાળુ છે એમ કહીએ તેમાં ખાસ તફાવત નથી. ગુણ એક ગુણરૂપ જ હોય તેને નિર્ગુણ કહેવામાં આવે છે. નિર્ગુણ શબ્દનો અર્થ સમજવો રહ્યો. એક ગુણમાં અન્ય ગુણો ન હોય એટલો જ ભાવ પર્યાપ્ત નથી. દ્રવ્ય ગુણવાળુ છે અને ગુણો ગુણવાળા નથી એ વાતમાં ખાસ વિશેષતા લાગતી નથી. એક ગુણને કોઈ ગુણો નહીં. અર્થાત્ દરેક ગુણ પોતાના સ્વભાવથી પરિપૂર્ણ છે. તેથી તેને કોઈ ગુણે અર્થાત્ મદદ કરે એવું વસ્તુનું સ્વરૂપ નથી. દરેક ગુણ અનાદિ-અવિનાશી-સ્વતઃસિદ્ધ શાશ્વત અને પરિપૂર્ણ શુદ્ધ છે. પરમ પારિણામિક ભાવે રહેલ છે. ગુણનું આવું સ્વરૂપ લક્ષમાં લેવાથી દરેક ગુણ પોતાના અલગ સ્વભાવને સાંચવીને રહેલ છે. વસ્તુના અનેકાંત સ્વરૂપનો ખ્યાલ કરીએ ત્યારે દ્રવ્યમાં જેમ અનંતગુણો છે તેમ ગુણમાં પણ અનંત ગુણાંશો-નિરંશ અંશો રહેલા છે. દ્રવ્યમાં જે અનંત ગુણો છે તે બધાના સ્વભાવો અલગ છે. જ્યારે ગુણના નિરંશ અંશો બધા એક જ જાતના છે. આ એક મોટો તફાવત આચાર્યદેવ દર્શાવવા માગે છે. દૃષ્ટાંત લેવાથી સમજાશે. એક આંબાનું વૃક્ષ છે તેમાં થડ-મૂળ-ડાળી-પાંદડા-ફૂલ-ફળ વગેરે અનેક ભેદોનો વિચાર કરી શકાય છે. તે બધા એક અપેક્ષાએ આંબામય જ છે. એ વાત કાયમ રાખીને મૂળ અને પાંદડા તદ્દન અલગ સ્વભાવના જોવા મળે છે. હવે વૃક્ષની અપેક્ષા છોડીને મૂળનો વિચાર કરીએ ત્યારે મૂળીયાનો વિસ્તાર ઘણો જોવા મળે પરંતુ તે બધું મૂળમય જ છે. ત્યાં તેના વિસ્તારમાં વિધવિધતા જોવા મળતી નથી. તેને અહીં નિર્ગુણ દૃષ્ટિ કહેવા માગે છે.

જીવના અનંત ગુણો છે. જ્ઞાન-દર્શન,

અસ્તિત્વ, સુખ વગેરે તે અનંતના સ્વભાવો અલગ છે. તેમાંથી કોઈ એક ગુણનો વિચાર કરો. જેમકે અસ્તિત્વ ગુણ તો તેના પેટાળમાં જે અનંત નિરંશ અંશો છે તે બધાય અસ્તિત્વરૂપ જ છે ત્યાં કોઈ વિધવિધતા જોવા મળતી નથી. તેથી સિદ્ધાંતમાં દ્રવ્ય અનેક ગુણવાળુ છે જ્યારે ગુણ એકરૂપ જ છે. સ્વભાવ એકરૂપ અને તેમાં ગર્ભિત જેટલા ભેદો છે તે પણ બધા એકરૂપ જ છે. એવું દર્શાવવા માગે છે. આ રીતે દ્રવ્ય અને ગુણ વચ્ચે તફાવત રહેલો છે.

| | |
|---|---|
| વિશેષણ | વિશષ્ય |
| ખાસિયત | ખાસિયતવાળું |
| લક્ષણ | લક્ષ્ય |
| ભેદક | ભેદ્ય |

વિશેષણ શબ્દથી આપણે પરિચિત છીએ તેથી તેનો ભાવ લક્ષમાં આવી જાય. વસ્તુના ભેદરૂપ વર્ણનને વિશેષણ કહેવામાં આવે છે. વિશેષણને ખાસિયત પણ કહેવામાં આવે છે. અહીં ગુણ અને દ્રવ્ય વચ્ચે વિશેષણ વિશેષ્યપણું દર્શાવવામાં આવ્યું છે. અહીં કોઈ જીવ ભૂલ કરે તેવી શક્યતા છે તેથી ચોખવટ જરૂરી છે. કોઈ દ્રવ્યને જ સત્તા આપે અને ગુણને તો માત્ર ભેદરૂપ વર્ણનના અર્થમાં જ માની લે તો મોટો અનર્થ થાય. દ્રવ્ય અને ગુણો બધાને ત્રિકાળ શુદ્ધ પારિણામિક ભાવરૂપે સમજે તો લાભનું કારણ થાય.

લક્ષ્ય લક્ષણનું સ્વરૂપ એવું છે કે જેને લક્ષ્ય ખ્યાલમાં નથી પરંતુ જેને લક્ષણનો ખ્યાલ છે તેને લક્ષણ દ્વારા લક્ષ્ય દર્શાવવામાં આવે છે. આપણું જ્ઞાન ગુણ ભેદને જાણી શકે છે પરંતુ દ્રવ્યને સીધું જાણી શકતું નથી. આપણું પ્રયોજન દ્રવ્યને જાણવાનું છે તેથી દ્રવ્ય લક્ષ્ય છે અને તે ગુણરૂપી લક્ષણ દ્વારા જાણી શકાય છે. ગળપણના સ્વાદ દ્વારા સાકરનો નિર્ણય કરવામાં આવે છે. તે રીતે જ્ઞાન લક્ષણ દ્વારા જીવની ઓળખાણ થાય છે, એક વાત ખ્યાલમાં રહે કે કોઈ ગુણને જાણવા માગે અર્થાત્ તેનું લક્ષ્ય જો ગુણ હોય તો ગુણ તો સીધો જણાય છે તેથી ત્યાં લક્ષણ દ્વારા લક્ષ્યની વાત રહેતી નથી. વળી કોઈ ગુણ ભેદને (લક્ષણને) જાણતું ન હોય તો તેને લક્ષ્ય સુધી લઈ જઈ શકાય નહીં. દૃષ્ટાંતઃ દૂધ ધોળુ છે. ત્યાં દૂધ દ્રવ્ય છે અને તે લક્ષ્ય છે. સફેદપણું એ ગુણ છે અને લક્ષણ છે. માટે એવા લક્ષણ દ્વારા લક્ષ્ય જાણી શકાય છે. (અહીં અતિ વ્યાપ્તિ દોષનો વિચાર નથી કરતા) હવે એક માણસ આંધળો છે તેને સફેદી લક્ષમાં જ આવતી નથી. તેથી તે લક્ષણને જ જાણતો ન હોવાથી તે આ લક્ષણ વડે લક્ષ્ય સુધી પહોંચી શકે નહીં.

ભેદ્ય-ભેદક અહીં અભેદ એવું દ્રવ્ય ગુણો વડે ભેદવા યોગ્ય છે. એવું કહેવા માગે છે. અભેદ દ્રવ્યના ભેદ અર્થાત્ કટકા થઈ જાય છે એવો આશય નથી પરંતુ જે અભેદ સત્તા છે તે એકાંતિક એક અભેદરૂપ નથી પરંતુ અનેકાંત સ્વરૂપ હોવાથી તેમાં ગુણના ભેદ અવશ્ય હોય છે. એવો ભાવ દર્શાવવા માગે છે. તેથી દ્રવ્યને ભેદાવા યોગ્ય અને ગુણને ભેદનાર રૂપે ઓળખાવવામાં આવે છે.

વિધાયક એટલે રચનાર એ ગુણો છે અને દ્રવ્ય વિધીયમાન છે એટલે કે તે ગુણો દ્વારા રચાય છે. આ ભાવ યથાર્થપણે આપણા જ્ઞાનમાં સમજવા જેવો છે. દ્રવ્યને એક સ્વતંત્ર સત્તારૂપે લક્ષમાં લીધા બાદ તે ગુણો વડે રચાયેલ છે એ વાત કેવી રીતે માન્ય રહે ? એક ગુણ એક સ્વભાવી છે. ત્યારે દ્રવ્ય બહુસ્વભાવી એક છે. એક મોટરમાં રહેલા અનેક સ્પેર પાર્ટસ એ મોટરની રચનાના ભાગો જ છે. એ બધા પાર્ટસ મળીને જ મોટર તૈયાર થાય છે. મોટરના કાર્યમાં આ બધા પાર્ટસના કાર્યો અવશ્ય જોવા મળે છે. બધા ગુણોમાં દ્રવ્યના સ્વભાવની રચના કરવાનું સામર્થ્ય છે. દ્રવ્યની એક સ્વતંત્ર સત્તા લક્ષમાં લીધા બાદ તેને એકત્વરૂપે લક્ષમાં લઈએ છીએ ત્યારે ત્યાં તે અનંત ગુણાત્મકરૂપે લક્ષગત થાય છે અને તે

બધા ગુણોના કાર્યો ત્યાં એક સત્તારૂપે ખ્યાલમાં આવે છે. હું મંદિરે આવ્યો. મેં ખાધું. વગેરે કહીએ છીએ ત્યારે ત્યાં એ વાત લક્ષમાં રહે છે કે શરીરના જુદા-જુદા અંગ ઉપાંગો પોતાના કાર્ય સારી રીતે કરે છે ત્યારે જ આપણે શરીરના એક કાર્યની વાત કરી શકીએ છીએ. નાટકમાં ભાગ લેનારા બધા પાત્રો પોતાના ભાગે આવતા કાર્યો સારી રીતે કરે તે જ નાટકની શોભા છે. આવા દૃષ્ટાંતો લક્ષમાં લેવાથી આ બોલ પાછળનો ભાવ સારી રીતે સમજી શકાય છે. ખ્યાલમાં રહે કે દ્રવ્ય સ્વભાવનું પોતાનું સ્વતંત્ર કાર્ય પણ છે અને અન્ય દ્રવ્યો સાથેના કાર્યો પણ ત્યાં જોવા મળે છે. અહીં તો દ્રવ્યના ગુણ સાથેના સંબંધની જ વાત લેવામાં આવી છે.

વૃતિ અને વૃતિમાન - વૃતિ શબ્દથી હયાતી-ઉત્પાદ-વ્યય અને ધ્રુવ. અહીં અસ્તિત્વ ગુણથી વાત લીધી છે માટે હયાતી અર્થ લીધો છે. એ જ પ્રમાણે અન્ય ગુણનું પણ વિચારવું. તેની સામે દ્રવ્ય છે તે વૃતિમાન છે એટલે કે એવા સ્વભાવને ધરનાર છે. આ રીતે દ્રવ્ય અને ગુણનું કથંચિત્ જુદાપણું દર્શાવવામાં આવ્યું છે.

અન્ય પદાર્થની અપેક્ષાએ એક પદાર્થ પોતાનું એકપણું અનન્યપણું રાખીને રહેલ છે. અંતરંગમાં અતદ્ભાવ રૂપના ભેદોને પણ યોગ્ય સ્થાન અવશ્ય મળે છે.

## ◆ ગાથા - ૧૦૭

'સત્ દ્રવ્ય', 'સત્ પર્યય', 'સત્ ગુણ' -સત્ત્વનો વિસ્તાર છે;
નથી તે-પણે અન્યોન્ય તેહ અતત્પણું જ્ઞાતવ્ય છે. ૧૦૭.

***'સત્ દ્રવ્ય' 'સત્ ગુણ' અને 'સત્ પર્યાય' એમ (સત્તાગુણનો) વિસ્તાર છે. (તેમને પરસ્પર) જે 'તેનો અભાવ' અર્થાત્ 'તે-પણે હોવાનો અભાવ' છે તે તદ્અભાવ' એટલે કે 'અતદ્ભાવ' છે.***

પદાર્થ
|
દ્રવ્ય — પર્યાયો
|
ગુણો — પર્યાયો

પદાર્થનું દ્રવ્ય-ગુણ પર્યાયરૂપ સ્વરૂપ આપણે લક્ષમાં લીધું છે. તેમાં દ્રવ્ય-ગુણ, પર્યાય વચ્ચે અતદ્ભાવ પણ રહેલો છે. તે વાત પણ આપણે ખ્યાલમાં લીધી છે. હવે તેની વિશેષ સ્પષ્ટતા માટે દ્રવ્યના અનંત ગુણમાંથી એક ગુણને અલગ પાડીને વિચારીએ. ગાથામાં અસ્તિત્વ ગુણથી વાત લીધી છે. તે અસ્તિત્વ ગુણ પોતાના નિર્ગુણ સ્વભાવને લઈને રહેલો છે તેથી તે પોતાનું તત્પણું ટકાવીને રહેલ છે. તે જે રીતે પોતાથી તત્સ્વરૂપ છે. એ રીતે તે પરથી અતત્પણે પણ છે. આ રીતે તે અસ્તિત્વગુણ અન્ય ગુણોથી, દ્રવ્યથી અને બધી પર્યાયોથી પોતાનું જુદાપણું સદાયને માટે ટકાવીને રહેલ છે. તેથી અસ્તિત્વ ગુણ પોતાથી તત્સ્વભાવે અને અન્ય બધાથી અતત્સ્વભાવે સદાય રહેલ છે. જે વાત અસ્તિત્વ ગુણને લાગુ પડે છે. તે વાત અન્ય સમસ્ત ગુણોને લાગુ પડે છે. બધાના સિદ્ધાંતો એક સરખા જ છે.

દ્રવ્ય અને ગુણનો વિચાર કરીએ ત્યારે એક સિદ્ધાંત ધ્યાન ખેંચે એવો છે. આ સિદ્ધાંત સામાન્ય રીતે ખ્યાલમાં આવે એવો નથી. દ્રવ્યને જ મુખ્યપણે સત્તા આપવાની આપણને ટેવ છે. શાસ્ત્રમાં પણ સ્વરૂપ અસ્તિત્વની વાત આવે છે. તેમાં દ્રવ્ય-ગુણ વગેરે ભેદો અતદ્ભાવરૂપે લક્ષમાં લેવામાં આવે છે. આ અતદ્ભાવ દર્શાવતા સમયે પણ ત્યાં તેમના અસ્તિત્વને જુદું દર્શાવવામાં આવતું નથી. હવે જ્યારે આ રીતે સ્વરૂપ અસ્તિત્વ અને અસ્તિત્વ ગુણનો વિચાર કરીએ ત્યારે અસ્તિત્વગુણ અન્ય બધાથી અતદ્ભાવે રહેલ છે. પરંતુ તેને સ્વતંત્ર અસ્તિત્વ ન મળે એવો પ્રસંગ આવે. વાસ્તવિકતા એ છે કે

જેમ દ્રવ્ય પોતાની સત્તા અહેતુકપણે લઈને રહેલ છે. તેમ બધા ગુણ પણ સ્વતઃસિદ્ધપણે પારિણામિક ભાવે રહેલ છે. દ્રવ્ય ગુણના આધારે નથી કે ગુણ દ્રવ્યના આધારે નહીં. હજુ આગળ વિચારીએ દ્રવ્ય સત્ છે એમ કહીએ છીએ અને અસ્તિત્વ ગુણ સત્‌મય છે. ગુણો વિધાયક છે અને દ્રવ્ય વિધીયમાન છે એવા ભેદ આપણે ૧૦૬ ગાથામાં લક્ષમાં લીધેલ છે. તે અનુસાર ગુણો દ્વારા દ્રવ્યની રચના થાય છે. અનેકાંતની વ્યાખ્યામાં પણ એ વાત આવે છે. ''પરસ્પર વિરોધી દેખાતા પરંતુ અવિરોધપણે રહીને વસ્તુને નીપજાવનારા'' અનેક ધર્મો. અહીં પણ વસ્તુના ધર્મો વસ્તુને નીપજાવે છે. આ રીતે વિચારીએ ત્યારે અસ્તિત્વ ગુણ પોતાનો સત્ સ્વભાવ લઈને રહેલો છે. વિદ્યમાનતા અંગેની સંપૂર્ણ જવાબદારી તેની છે. તે અસ્તિત્વ ગુણના કારણે દ્રવ્યને સત્તા મળે છે. બીજો દૃષ્ટાંત લઈએ તો જીવમાં એક ચૈતન્ય ગુણ છે તેના કારણે જીવને ચેતયિતા કહેવાય છે. જાણવાનું કામ જ્ઞાન ગુણ કરે છે. તે જ્ઞાન ગુણને કારણે જીવને જ્ઞાયક કહેવામાં આવે છે. પુદ્‌ગલ દ્રવ્યમા રૂપી ગુણો ચાર જ છે. તે રૂપી ગુણોના કારણે પુદ્‌ગલને રૂપી કહેવામાં આવે છે. આ રીતે દરેક ગુણને તેના સ્વભાવથી અલગ રૂપે જ્ઞાનમાં લઈને પછી તેને દ્રવ્યમાં અભેદ કરીએ ત્યારે તે દ્રવ્ય તે ગુણરૂપે આપણા જ્ઞાનમાં જણાય છે. દૂધપાક-દૂધ-ખાંડ અને ચોખાથી બનેલો છે તેથી દૂધપાકમાં એ ત્રણ જોવા મળે છે. ઘી-લોટ-ગોળ વડે લાડવા થાય છે માટે લાડવામાં ઘી-લોટ-ગોળ એકરસરૂપે જોવા મળે છે. સંયોગી પદાર્થોમાં તો જુદા જુદા પદાર્થોને મેળવીને સંયોગી પદાર્થ બનાવવામાં આવે છે. વિશ્વમાં એક પદાર્થ એ રીતે બનતો નથી. પહેલા ગુણો હોય અને બાદમાં તેમને ભેગા કરીને દ્રવ્યની રચના થતી નથી. દ્રવ્ય-ગુણ બધું સાથે જ જોવા મળે છે.

એકવાર એક ગુણના સ્વભાવને, ગુણ-ગુણીની એક સત્તાને કારણે, દ્રવ્યમાં આરોપિત કરવો. અહીં અસ્તિત્વ ગુણથી વાત લીધી છે. તેથી અસ્તિત્વ ગુણના કારણે ''સત્ દ્રવ્ય'' એ પ્રકારે કહી શકાય છે. દ્રવ્યની અભેદ એક સત્તા હોવાથી હવે તે અભેદના ભેદરૂપે રહેલા અન્ય ગુણો અને બધી પર્યાયોને એ ''સત્'' નો દાવો કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. અર્થાત્ જ્યારે આપણે દ્રવ્યને સત્‌મય લક્ષમાં લઈએ છીએ ત્યારે અન્ય સમસ્ત ગુણો પણ સત્‌મય અને બધી પર્યાયો પણ સત્‌મય કહી શકાય છે. **દૃષ્ટાંત :** એક કુટુમ્બની એક કરોડની મિલકત હોય તો કુટુમ્બના બધા સભ્યો પોતાને કરોડપતી રૂપે ઓળખાવે. એન્જીનીયર, પ્લમ્બર અને ઈલેકટ્રીશીયન બધા એક મકાન અમે બાંધ્યું એવો દાવો કરે છે. નાટકમાં ભાગ લેનારા બધા ''અમે નાટક કર્યું'' એમ કહે છે. આ રીતે પદાર્થનું અખંડપણું હોવાથી અન્ય ગુણો પણ સત્‌નો દાવો કરે છે. તેથી અસ્તિત્વ ગુણને મુખ્ય રાખીને દ્રવ્યને સત્ કહ્યું. તે જ પ્રકારે અન્ય ગુણો અને બધી પર્યાયો પણ સત્‌મય થાય છે.

પદાર્થમાં અસ્તિત્વ ગુણ એક જ છે. તે પોતે પોતાના સ્વભાવથી પરિપૂર્ણ છે. સાર્વ ભોમ છે. તે પોતાનું કાર્ય કરવા માટે સંપૂર્ણપણે સક્ષમ છે અને અન્ય ગુણોથી અત્યંત ભિન્નપણે રહેલ છે. તેને અતદ્‌ભાવરૂપ ગણવામાં આવે છે. તેને પ્રભુત્વ પણ કહી શકાય. એ જ અસ્તિત્વ હવે દ્રવ્યમાં અન્ય ગુણોમાં અને સમસ્ત પર્યાયોમાં જોવા મળે છે. તે તેનો વિસ્તાર છે. તેને વિભુત્વપણું કહેવામાં આવે છે. આ રીતે બધા ગુણોનો વિચાર કરી શકાય.

| | |
|---|---|
| અસ્તિત્વ ગુણ<br>ચેતન ગુણ<br>રંગ ગુણ<br>જ્ઞાન ગુણ<br>પુરુષાર્થ ગુણ<br>વગેરે | પદાર્થ<br>\|<br>દ્રવ્ય — પર્યાયો<br>\|<br>ગુણો — પર્યાયો |

આ રીતે અતદ્ભાવ લક્ષમાં લીધા બાદ તે બધા સાથે સંબંધમાં કેવી રીતે આવે છે તે જોઈએ.

દ્રવ્ય → પર્યાયો
↗ ↓ ↓
એક ગુણ ગુણો → પર્યાયો

એક ગુણને અતદ્ભાવથી અન્ય જોયા બાદ હવે અન્ય સાથે સંબંધમાં જોવા માટે તે ગુણને સૌ પ્રથમ દ્રવ્યમાં અભેદ કરવામાં આવે. ત્યારબાદ જેને પદાર્થના સ્વભાવરૂપે લક્ષમાં લેવામાં આવે છે તે લક્ષણ અન્ય સમસ્ત ગુણો અને પર્યાયોમાં લાગુ પડે છે.

### ◆ ગાથા - ૧૦૮

**સ્વરૂપે નથી જે દ્રવ્ય તે ગુણ, ગુણ તે નહિ દ્રવ્ય છે,**
**-આને અતત્પણું જાણવું, ન અભાવને; ભાખ્યું જિને. ૧૦૮.**

***સ્વરૂપ-અપેક્ષાએ જે દ્રવ્ય છે તે ગુણ નથી અને જે ગુણ છે તે દ્રવ્ય નથી; આ અતદ્ભાવ છે; સર્વથા અભાવ તે અતદ્ભાવ નથી; આમ (જિનેન્દ્ર દ્વારા) દર્શાવવામાં આવ્યું છે.***

આ ગાથામાં ફરી અન્યત્વ અને પૃથક્ત્વનો ભેદ સમજાવે છે. બે પદાર્થ વચ્ચે પૃથક્ત્વ છે. અસ્તિ નાસ્તિ છે. બન્નેના અસ્તિત્વ અને ક્ષેત્રો અલગ છે. બે પદાર્થ વચ્ચે તાદાત્મ્યપણું નથી. માત્ર નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. એક દ્રવ્યમાં જે દ્રવ્ય, ગુણ અને પર્યાયો વચ્ચે જુદાપણું લેવામાં આવે છે તેને અન્યત્વ અથવા અતદ્ભાવ કહેવામાં આવે બે પદાર્થ વચ્ચેનું જુદાપણું છે તે સર્વથા ગણવામાં આવે છે. જ્યારે અતદ્ભાવમાં જે જુદાપણાની વાત લેવામાં આવે છે તે કથંચિત્ છે. જ્યાં અતદ્ભાવ છે. ત્યાં તો તાદાત્મ્યપણ છે. જ્યાં જુદાપણું છે ત્યાં એકપણું-એકત્વ પણ છે.

આ રીતે પૃથક્ત્વ અને અન્યત્વના ભેદ છે.

| પૃથક્ત્વ | અન્યત્વ-અતદ્ભાવ |
|---|---|
| ૧) બે પદાર્થો વચ્ચે. | ૧) એકજ પદાર્થમાં દ્રવ્ય-ગુણ અને પર્યાયો વચ્ચે. |
| ૨) બે પદાર્થોની સત્તાઓ અને ક્ષેત્રો અલગ છે. | ૨) જ્યાં અતદ્ભાવ છે ત્યાં સત્તા અને ક્ષેત્રો જુદા નથી. |
| ૩) સર્વથા જુદાપણું છે. | ૩) કથંચિત્ જુદાપણું છે. |
| ૪) તાદાત્મ્યસિદ્ધ સંબંધ નથી. | ૪) કથંચિત્ તાદાત્મ્યપણું છે. |

## તત્પણું-અતત્પણું

એક જ દ્રવ્યમાં આ બે પ્રકારે ભેદથી વિચારી શકાય છે. જે ભેદને લક્ષમાં લઈએ તે ભેદ પોતાના સ્વભાવને લઈને રહેલો છે તે અપેક્ષાએ તે તત્ સ્વરૂપ છે. તે ભેદમાં અન્ય ભેદોરૂપે ન હોવાપણું તેને અતત્પણું અર્થાત્ અતદ્ભાવ અન્યત્વ કહેવામાં આવે છે. આ રીતે દરેક ભેદમાં તત્પણું અને અતત્પણું લાગુ પડે છે.

દ્રવ્ય પોતાના સ્વભાવથી તત્પણે. ગુણ અને પર્યાયોના સ્વભાવથી અતત્પણે છે. ગુણ પોતાની સ્વભાવથી તત્પણે. દ્રવ્ય અને પર્યાયોના સ્વભાવથી અતત્પણે છે. પર્યાય પોતાના સ્વભાવથી તત્પણે. દ્રવ્ય અને ગુણો સ્વભાવથી અતત્પણે છે.

તત્પણું એ અસ્તિરૂપ કથન છે. અતત્પણું તે નાસ્તિરૂપ કથન છે. તત્પણું નિરપેક્ષપણે દર્શાવવામાં આવે છે. જ્યારે અતત્પણું દર્શાવવું હોય ત્યારે જેના અભાવની વાત કરવી હોય એવા અન્યની અપેક્ષા લેવી અનિવાર્ય છે માટે અતત્પણું એ સાપેક્ષ કથન છે.

નિરપેક્ષ કથનને નિશ્ચયનું કથન કહી શકાય છે તેથી તત્પણું એ નિશ્ચયનું કથન છે. સાપેક્ષ કથનને વ્યવહારના કથનરૂપે દર્શાવવામાં આવે છે. તેથી અતત્પણું એ વ્યવહારનું કથન છે. અહીં નિશ્ચય અને વ્યવહાર બન્ને કથનો સાચા છે.

આ ગાથાનો મુખ્ય આશય અતદ્ભાવ અને અસ્તિ-નાસ્તિ વચ્ચેની ચોખવટ કરવા માટેનો છે. બન્નેમાં જાુદાપણાનો ધ્વનિ સમાન છે પરંતુ તેમ હોવા છતાં પણ બન્ને એકાર્થમાં વાપરી શકાય નહીં. દ્રવ્ય અને ગુણ કથંચિત્ જાુદા છે તે સિદ્ધાંત છે. તે કથંચિત જાુદાપણું દર્શાવવા માટે ત્યાં અતદ્ભાવ શબ્દ વાપરવામાં આવે છે. દ્રવ્ય અને ગુણ વચ્ચે સર્વથા જાુદાપણું નથી. સર્વથા જાુદાપણું તો બે દ્રવ્ય વચ્ચે હોય. તેથી જો દ્રવ્ય અને ગુણને સર્વથા જાુદા માનવામાં આવે તો ત્રણ પ્રકારના દોષ આવે એવું આ ગાથામાં વિસ્તારથી સમજાવવામાં આવે છે.

## પ્રથમ દોષ

જિનાગમમાં અનેકાંત વસ્તુનું સ્વરૂપ દર્શાવતા ત્યાં પરસ્પર વિરોધી દેખાતા ધર્મો પણ એક દ્રવ્યમાં અવિરોધપણે રહે છે. તે વસ્તુના અંતરંગ બંધારણમાં ફાળો આપે છે. તેમાં નિત્ય અને અનિત્ય તથા એક-અનેક એવા બે ધર્મોની વાત મુખ્યપણે લેવામાં આવે છે. નિત્ય-અનિત્યમાં દ્રવ્ય-પર્યાય લાગુ પડે છે. જ્યારે એક-અનેકમાં દ્રવ્ય અને ગુણની વાત આવે છે. ચેતન અને જડ એ બે એવા ધર્મો છે. જે એવા વિરોધી છે કે એક દ્રવ્યમાં સાથે કદી રહી શકે નહીં. આ સિદ્ધાંતને લક્ષમાં રાખીને પહેલા દોષનો વિચાર કરીએ. જીવમાં અચેતનપણાનો અભાવ છે અને પુદ્ગલમાં ચેતનપણાનો અભાવ છે. તેથી ચેતન અને જડ એ બે સ્વભાવ બે અલગ દ્રવ્યોમાં જ સંભવી શકે છે. અર્થાત્ ત્યાં અનેક દ્રવ્યપણું અવશ્યંભાવી છે. પરંતુ દ્રવ્ય અને ગુણ એક અને એકત્વ એવા વિરોધી ધર્મો નથી. બલ્કે તે જોડકું દરેક દ્રવ્યમાં અવશ્ય જોવા મળે છે. તેથી દ્રવ્ય અને ગુણ વચ્ચે જે અતદ્ભાવ છે ત્યાં બે જાુદા પદાર્થો નથી. એક જ દ્રવ્યમાં આ બન્ને હોય છે. તેથી ત્યાં અનેક દ્રવ્યપણું નથી પણ એકત્વ છે. દ્રવ્ય અને ગુણને ચેતન અને જડ જેવા માનીએ તો ત્યાં એક દ્રવ્યપણું ન રહે તે મોટો દોષ આવે.

## બીજો દોષ

ઉભય શૂન્ય એ બીજો દોષ છે. ગુણો દ્રવ્યના આધારે જ હોય છે. હવે જો દ્રવ્યની સત્તા ગુણથી જાુદી માનવામાં આવે તો જેને ગુણની સત્તારૂપે સ્વીકારવામાં આવે છે ત્યાં દ્રવ્ય તો નથી તેથી દ્રવ્યનો અભાવ છે. વળી જે ગુણો છે તે દ્રવ્યના આશ્રય વિના રહી ન શકે તેથી ત્યાં ગુણનો પણ અભાવ થાય એ રીતે દ્રવ્ય અને ગુણ બન્નેના અભાવનો પ્રસંગ આવે.

એ પ્રમાણે જે દ્રવ્યની સત્તા ગુણ વિના માને તેના અભિપ્રાયમાં દ્રવ્ય ગુણ વિનાનું રહ્યું અર્થાત્ તે દ્રવ્યને એકાંતિક એક માને છે. જ્યારે જિનાગમ વસ્તુના અનેકાંત સ્વરૂપનો સ્વીકાર કરે છે. સર્વથા એકાંત વિશ્વમાં કોઈ પદાર્થ જ નથી. કોઈ માને કે ગુણો તો દ્રવ્યના આશ્રય વિના ન હોય. જ્યારે દ્રવ્યને કોઈના આશ્રયની જરૂર નથી તેથી દ્રવ્યની સ્વતંત્ર સત્તા (ગુણો વિનાની) સંભવી શકે છે. પરંતુ એમ તો નથી. દ્રવ્ય એ મહાસત્તા છે. જે ગુણરૂપ અવાંતર સત્તાની અપેક્ષા અવશ્ય રાખે છે. દરેક પદાર્થ અનેકાંત સ્વરૂપ હોવાથી તેમાં ગુણો અવશ્ય હોવા જોઈએ. તેથી દ્રવ્ય ગુણ વિના ન હોય અને ગુણો દ્રવ્ય વિના ન હોય. કોઈ એ બે અલગરૂપે રહે છે એવું માને તો ખરેખર બન્નેનો અભાવ રહે અર્થાત્ ત્યાં ઉભય શૂન્યતાનો પ્રસંગ આવે.

## ત્રીજો દોષ

અહીં અપોહપણું લેવામાં આવ્યું છે તેના બે અર્થ અલગરૂપે વિચારીએ. સર્વથા નકારાત્મકપણું અને સર્વથા ભિન્નતા.

## સર્વથા નકારાત્મકપણું

અન્ય ધર્મોમાં નેતિ શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. ''ન-ઈતિ'' એટલે કે એ રૂપે ન હોવું. જીવના સ્વરૂપનું વર્ણન કરવામાં આવે ત્યારે જેટલા ઈન્દ્રિય ગ્રાહ્ય વિષયો છે તેનો તેમાં અભાવ છે. એ રીતે દર્શાવવું રહ્યું. તેથી તમે જે કાંઈ જાણો છો. એવો જીવ નથી એમ આવે. પરંતુ માત્ર નકારાત્મક વર્ણનથી પ્રયોજન ન સરે. વસ્તુ કેવી છે તેનું અસ્તિરૂપે વર્ણન અવશ્ય કરવું જોઈએ. જો એ ન કરીએ તો વસ્તુ લક્ષગત થઈ શકે નહીં.

જિનાગમમાં શૂન્ય શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. સત્‌ના પ્રતિપક્ષીરૂપે તેની વાત આવે છે. વાસ્તવિકતા જોઈએ તો વિશ્વમાં શૂન્ય છે જ નહીં. શૂન્ય કહેતાં સર્વથા અભાવ. વિશ્વમાં શૂન્યને સ્થાન કયાંય નથી તેથી વિશ્વ જે કાંઈ છે અને જેવડું છે તે સત્‌મય જ છે એમ તેમાંથી નક્કી થાય છે. શૂન્યની દલીલ માત્ર સત્‌ની સ્થાપના તથા મજબૂતિ માટે જ કરવામાં આવે છે. સસલાના શિંગડાનું વર્ણન થઈ જ ન શકે કારણ કે તેનું અસ્તિત્વ જ નથી. આ રીતે કેવળ નકારાત્મકપણું દર્શાવવાથી કાંઈ સાબિત ન થાય. તેથી અપોહપણું એટલે માત્ર નકારાત્મકપણું એ બે દ્રવ્યનું જાુદાપણું દેખાડવા માટે કે દ્રવ્ય અને ગુણનું જાુદાપણું દેખાડવા માટે કોઈ રીતે વાપરી શકાય તેમ નથી.

## સર્વથા ભિન્નતા

એક પદાર્થમાં દ્રવ્ય અને ગુણ વચ્ચે કથંચિત ભિન્નતા છે અને બે દ્રવ્યો વચ્ચે સર્વથા ભિન્નતા હોય છે. તેથી અહીં દ્રવ્ય અને ગુણની વાત ચાલે છે ત્યાં સર્વથા ભિન્નતા શક્ય જ નથી. દ્રવ્ય તે ગુણ નથી એમ કહ્યા બાદ એ દ્રવ્ય અનંત ગુણાત્મક પણ છે એ પણ એટલું જ સત્ય છે તેથી ત્યાં સર્વથા ભિન્ન-પણાનો પ્રશ્ન જ રહેતો નથી. દ્રવ્ય અને ગુણ બન્ને વચ્ચે અવિનાભાવપણું છે. તેથી ત્યાં તાદાત્મ્યપણું પણ છે. તેને અનપોહત્વ છે.

માટે દ્રવ્ય અને ગુણ વચ્ચે જ્યાં અતદ્‌ભાવ છે ત્યાં એકત્વ, અશૂન્યત્વ અને અનપોહત્વ પણ અવશ્ય છે એમ સંમત કરવું. આ રીતે આ ગાથામાં અતદ્‌ભાવને સર્વથા અભાવરૂપ ન લઈ શકાય એ સિદ્ધ કર્યું.

અન્યત્વ અને પૃથક્‌ત્વ બન્ને શબ્દો સમાનાર્થી લાગવા છતાં તે સમાન અર્થવાળા નથી. બન્નેના ભાવમાં ફેર છે. એક પદાર્થ અંતર્ગર્ભિત ભેદ માટે અન્યત્વ અને બે પદાર્થોના જાુદાપણા માટે પૃથક્‌ત્વ શબ્દ વાપરવામાં આવે છે.

જીવના દ્રવ્ય સામાન્ય સ્વભાવને સ્વ અને તેની અપેક્ષાએ શરીર, સંયોગો, દ્રવ્યકર્મો અને ભાવકર્મોને પર કહેવામાં આવે છે. ગુણ અને પર્યાયોને પણ કથંચિત્ ભિન્ન કહેવામાં આવે છે. તેથી જ્ઞાયક સ્વભાવ તે સ્વ અને અન્ય બધું પર એમ વિભાગ પાડવામાં આવે છે. ત્યાં 'પર' માં જે બધાની વાત લેવામાં આવી છે ત્યાં તેમના જાુદાપણામાં રહેલા તફાવતને પણ ધ્યાનમાં લેવો જરૂરી છે.

જીવથી દ્રવ્યકર્મો, શરીર અને સંયોગો જાુદા છે.

જીવથી ભાવકર્મ ભિન્ન છે.

જીવથી (દ્રવ્ય સામાન્યથી) ગુણો અને પર્યાયો પણ ભિન્ન છે. ત્યાં જ્ઞાયક સ્વભાવ આ ત્રણેયથી જાુદો છે એમ લીધું છે પરંતુ તે ત્રણ વચ્ચે જાુદાપણામાં શું તફાવત છે એ વાત આપણા ખ્યાલમાં આવવી જોઈએ. દ્રવ્ય સામાન્ય તે સ્વ અને દ્રવ્યકર્મ શરીર તથા સંયોગો પર એમ કહીએ ત્યાં તેમની વચ્ચે અસ્તિ-નાસ્તિ છે. ત્યાં પૃથક્‌ત્વ છે. દ્રવ્યકર્મ, શરીર અને સંયોગો પુદ્‌ગલમય છે. જ્યારે જીવ ચેતન સ્વભાવી અને અરૂપી છે તેથી ત્યાં પૃથક્‌ત્વરૂપ જાુદાપણું છે. દ્રવ્ય સામાન્ય જીવ, (જ્ઞાયક સ્વભાવ) ગુણ અને પર્યાયોથી કથંચિત્ ભિન્ન છે. ત્યાં અન્યત્વરૂપનું જાુદાપણું છે. પૃથક્‌ત્વરૂપનું

જુદાપણું નથી. ભેદજ્ઞાનના પ્રયોગમાં જ્ઞાયક સ્વભાવને ગુણ અને પર્યાયથી જુદો પાડવામાં આવતો નથી કારણકે તે જુદા પડી શકે તેમજ નથી. ભેદ જ્ઞાનમાં પરથી જુદા પડવાનું નથી કારણકે પરદ્રવ્યો તો જુદા જ છે. તેમાં એક પણાની માન્યતા કરી હતી તેથી તે વિપરીત અભિપ્રાય જ છોડવાનો છે.

જીવ અને વિભાવ પર્યાયનું જુદાપણું જ્યારે લેવામાં આવે છે ત્યારે ત્યાં સમજણ જરૂરી છે. વિવેક જરૂરી છે. વિભાવ થાય છે જીવની પર્યાયમાં તેથી તે પરદ્રવ્ય જેવો જુદો નથી. જીવને વિભાવ પર્યાય વચ્ચે અતદ્‌ભાવરૂપનું ભિન્નપણું છે પરંતુ તે જ સમયે ત્યાં તાદાત્મ્યપણું પણ અવશ્ય છે. તેથી જીવ અને વિભાવ પર્યાય એકરૂપ જ છે. શુભભાવે પરિણમતા આખો જીવ શુભ છે. એ જ રીતે એ અશુભભાવ અને શુદ્ધ ભાવમાં પણ તન્મય છે આ રીતે અજ્ઞાની જીવ તો પોતે વિભાવરૂપે પરિણમવા માગે છે અને પરિણમે છે માટે તે તો વિભાવથી જુદો ખરેખર નથી.

સાધકને પણ પોતાના અસ્થિરતાના દોષનો બરોબર ખ્યાલ છે અને તે દોષથી છુટવા માટેનો સ્વભાવ સન્મુખનો તેનો પુરુષાર્થ ચાલુ જ છે. તે જ્ઞાની વિભાવ સમયે પણ તે વિભાવ સાથે મારે કોઈ સંબંધ નથી એવું પણ કહે છે. તેનું સ્વામીત્વ છોડે છે. ત્યારે પણ પોતાને બરોબર ખ્યાલ છે કે તે પોતાનો દોષ છે પરંતુ પોતે સ્વતંત્રપણે પરિણમીને શુદ્ધ પર્યાય જ કરે છે. તેથી વિભાવને કર્મકૃત કહે છે.

વિભાવને કરે એવો કોઈ ત્રિકાળ સ્વભાવ જીવમાં નથી. સ્વભાવના આશ્રયે એકવાર વિભાવનો નાશ કરવામાં આવે તો તે ફરીવાર થતો નથી. તેથી જે ભાવ પોતાનામાંથી નીકળી જાય તેમ છતાં પોતાને કોઈ અડચણ ન થાય એ પોતાનું સ્વરૂપ નથી. ખરેખર તો વિભાવ દૂર થતાં જીવ સુખી થાય છે. માટે એ અપેક્ષાએ વિભાવને જીવથી અત્યંત ભિન્ન પણ ગણવામાં આવે છે.

## ◆ ગાથા - ૧૦૯

**પરિણામ દ્રવ્યસ્વભાવ જે, તે ગુણ 'સત્' —અવિશિષ્ટ છે;**
**'દ્રવ્યો સ્વભાવે સ્થિત સત્ છે' — એ જ આ ઉપદેશ છે. ૧૦૯.**

***જે દ્રવ્યના સ્વભાવભૂત (ઉત્પાદ વ્યય ધ્રૌવ્યાત્મક) પરિણામ છે તે (પરિણામ) 'સત્' થી અવિશિષ્ટ (સત્તાથી કોઈ જુદો નહીં એવો) ગુણ છે. સ્વભાવમાં અવસ્થિત (હોવાથી) દ્રવ્ય સત્ છે. એવો જે (૯૯મી ગાથામાં કહેલો) જિનોપદેશ તે જ આ છે. (અર્થાત્ ૯૯મી ગાથાના કથનમાંથી આ ગાથામાં કહેલો ભાવ સહેજે નીકળે છે.)***

સૌ પ્રથમ થોડા શબ્દોને ઝુમખારૂપે લખીએ અને પછી તેમની વચ્ચેના સંબંધનો વિચાર કરીએ. પદાર્થ-સત્-સ્વભાવ - પરિણામ - સ્વરૂપ અસ્તિત્વ - ઉત્પાદ વ્યય ધ્રુવ, દ્રવ્ય, અસ્તિત્વગુણ, દ્રવ્યત્વ ગુણ, હવે આ બધા શબ્દોનો સમન્વય કરીને આપણે જે રીતે પદાર્થ બંધારણ સમજ્યા છીએ તે રીતે ગોઠવીએ.

પદાર્થ     સ્વરૂપ અસ્તિત્વ
  |          |
દ્રવ્ય — પર્યાય

ગુણ

ધ્રુવ     ઉત્પાદ-વ્યય

દ્રવ્ય અને ગુણ વચ્ચે તથા તે બન્નેની પર્યાયો વચ્ચે કથંચિત્ અતદ્‌ભાવ અને કથંચિત્ એકત્વ આ રીતે વસ્તુ સ્વરૂપ છે. ગુણોને વિધાયક અને દ્રવ્યને વિધીયમાન પણ એક અપેક્ષાએ કહેવામાં આવે છે. એ રીતે વિચારતા ગુણો દ્વારા દ્રવ્યની રચના થાય છે અન્ય અપેક્ષામાં દ્રવ્યની સત્તા પ્રથમ સ્થાપીને પછી ગુણના ભેદોને સમજવામાં આવે છે. દ્રવ્યને

દ્રવ્યની પર્યાય છે. અર્થાત્ દ્રવ્યને તેનો સ્વભાવ છે તે સ્વભાવને ટકાવીને, ધ્રુવ રાખીને, તે સ્વભાવને અનુરૂપ - સ્વભાવની મર્યાદાવાળા પરિણામરૂપે- ઉત્પાદ-વ્યયરૂપે થાય છે. તે પ્રમાણે ગુણો પણ પોતાના સ્વભાવને સલામત રાખીને સ્વભાવ અંતર્ગત પોતાના પરિણામોને કરે છે. દ્રવ્ય તેની પર્યાયોને કરે અને ગુણો પોતાના પરિણામને કરે એવું ભેદરૂપે વિચાર્યા બાદ જ્યારે પદાર્થનું અખંડપણું લક્ષમાં રાખીએ છીએ ત્યારે અનંત ગુણોના કાર્યનું એકત્વરૂપ પરિણામ-સંકલનરૂપ કાર્ય દ્રવ્ય પાસે જોવા મળે છે. વળી એક એક ગુણના કાર્યને પણ દ્રવ્યના કાર્યરૂપે જોવામાં આવે છે. આ દૃષ્ટિમાં જીવ જાણવાનું કાર્ય કરે છે તેથી જીવ કર્તા છે અને જ્ઞપ્તિ ક્રિયા તે તેનું કર્મ છે. ત્યારે જ્ઞાન ગુણ-સાધનરૂપ - કરણરૂપ લક્ષમાં આવે છે. આ રીતે બધા ગુણોના પર્યાયો સમુચ્ચયરૂપે અને વ્યક્તિગત કાર્યરૂપે દ્રવ્યમાં જોવા મળે છે. આ રીતે વિચારતા અસ્તિત્વ ગુણ પાસે જ વિદ્યમાનતા રૂપનો સ્વભાવ છે. દ્રવ્યત્વ ગુણમાં દ્રવવું-પરિણમવું એવું કાર્ય જોવા મળે છે. તેથી ખરેખર તો ઉત્પાદ-વ્યય-ધ્રુવ એ દ્રવ્યત્વ ગુણનું કાર્ય છે. તે દ્રવ્યત્વ ગુણનો સ્વભાવ છે. હવે જ્યારે અસ્તિત્વ અને દ્રવ્યત્વ ગુણોને અભેદ કરીને તેને દ્રવ્યરૂપે લક્ષમાં લઈએ ત્યારે સત્ અને ઉત્પાદ-વ્યય-ધ્રુવ એ બધું દ્રવ્યને લાગુ પડે છે. ત્યારે ઉત્પાદ વ્યય ધ્રુવ સ્વરૂપ પરિણમન સ્વભાવ તેને દ્રવ્યના પરિણામ સ્વભાવરૂપે લક્ષમાં લઈએ છીએ અને એવા દ્રવ્ય સ્વભાવને સત્ લાગુ પાડીને પદાર્થ એવા સ્વરૂપ અસ્તિત્વ સ્વભાવરૂપ લક્ષમાં લઈએ છીએ. આ રીતે વિચારતા પદાર્થની હયાતી અસ્તિત્વ ગુણને આભારી છે અને તેનો ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ પરિણામ સ્વભાવ તેના દ્રવ્યત્વ ગુણને આભારી છે એવું લક્ષમાં આવે છે. એ રીતે અન્ય ગુણોના કાર્યો પણ એ જ રીતે દ્રવ્યમાં જોવા મળે છે. જેમ કે જાણન ક્રિયા જ્ઞાન ગુણનું અસલ કાર્ય છે તેને જીવમાં આરોપિત કરીને જીવના કાર્યરૂપે જોવામાં આવે છે.

આ ગાથામાં સત્તા અને દ્રવ્યનું ગુણ અને ગુણીરૂપે એકપણું સિદ્ધ કરે છે. ગાથા ૯૯ માં જે ભાવ દર્શાવવામાં આવ્યો છે. તેને અહીં ફરીથી તાજો કરે છે. દ્રવ્ય સ્વભાવમાં સ્થિત હોવાથી સત્ છે. પરિણામને સ્વભાવરૂપે દર્શાવ્યા છે. પરિણામ ઉત્પાદ-વ્યય-ધ્રુવમય છે. તેથી આ બધું ભેગું કરીએ ત્યારે ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વરૂપ પરિણામ જેનો સ્વભાવ છે તે દ્રવ્ય સત્મય છે એવો ભાવ ખ્યાલમાં આવે છે. આ પ્રમાણે કહીને એમ સિદ્ધ કરવામાં આવે છે કે જે દ્રવ્યના સ્વભાવ ભૂત પરિણામ છે તે 'સત્' થી અનન્યમય એવો ગુણ છે. આ વાક્યના ભાવને સમજવાનો પ્રયત્ન કરીએ. જે સ્વરૂપ અસ્તિત્વરૂપે પદાર્થની સત્તા લક્ષમાં લઈએ છીએ તે સત્ ખરેખર તો અસ્તિત્વ ગુણનો જ સ્વભાવ છે. અસ્તિત્વ ગુણ પોતાના સ્વભાવ વડે દ્રવ્યની સત્તાની રચના કરે છે. ગુણ અને ગુણીની એક સત્તા હોવાથી આમ બને છે.

હવે ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ એવા સ્વભાવની, પરિણામ સ્વભાવની, વાત કરે છે. ટકીને બદલવું એવા સ્વભાવને સત્ સાથે જોડે છે. ખરેખર એ સ્વભાવ તો દ્રવ્યત્વ ગુણનો છે. તેને અહીં ''દ્રવ્યના સ્વરૂપની વૃત્તિભૂત'' શબ્દથી દર્શાવે છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ તેને પરિણામ સ્વભાવ કહ્યો છે. તે દ્રવ્યત્વ ગુણનો સ્વભાવ છે. તેને સત્ સાથે જોડીને સત્ હંમેશા ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વરૂપ હોય છે એવું કથન કરવામાં આવે છે. તેથી ટીકાના બીજા પેરેગ્રાફમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ એવા પરિણામને અસ્તિત્વથી અનન્યભૂત એવા ગુણ (દ્રવ્યત્વગુણ) સાથે સબંધમાં દર્શાવ્યું છે. આ રીતે ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ પરિણામ સ્વભાવને દ્રવ્યના અસ્તિત્વરૂપ દર્શાવીને તેને અસ્તિત્વ અને દ્રવ્યત્વ ગુણના કાર્યરૂપે

લક્ષમાં લેવાથી દ્રવ્ય અને ગુણની એક સત્તા લક્ષગત થાય છે. એ જ રીતે ગુણની પર્યાયોને પણ દ્રવ્યની પર્યાયરૂપે દેખાડવામાં આવે છે. પદાર્થની અખંડતા હોવાથી એ શક્ય બને છે.

### ◆ ગાથા - ૧૧૦

**પર્યાય કે ગુણ એવું કોઈ ન દ્રવ્ય વિણ વિશ્વે દીસે;**
**દ્રવ્યત્વ છે વળી ભાવ; તેથી દ્રવ્ય પોતે સત્ત્વ છે. ૧૧૦.**

***આ વિશ્વમાં ગુણ એવું કોઈ કે પર્યાય એવું કોઈ, દ્રવ્ય વિના (દ્રવ્યથી જુદું) હોતું નથી, અને દ્રવ્યત્વ તે ભાવ છે. (અર્થાત્ અસ્તિત્વ તે ગુણ છે); તેથી દ્રવ્ય પોતે સત્તા (અર્થાત્ અસ્તિત્વ) છે.***

આ ગાથામાં દ્રવ્ય-ગુણ અને પર્યાયની એક સત્તા છે તે વાત સોનાના દૃષ્ટાંતથી દૃઢ કરાવી છે.

### ◆ ગા. ૧૧૧

**આવું દરવ દ્રવ્યાર્થ-પર્યાયાર્થથી નિજભાવમાં**
**સદ્ભાવ-અણસદ્ભાવયુત ઉત્પાદને પામે સદા. ૧૧૧.**

***આવું (પૂર્વોક્ત) દ્રવ્ય સ્વભાવમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયો વડે સદભાવ સંબદ્ધ અને અસદ્ભાવ સંબદ્ધ ઉત્પાદને સદા પામે છે.***

આ ગાથામાં આચાર્યદેવ ઉત્પાદનું સ્વરૂપ વિસ્તારથી સમજાવવા માગે છે. ઉત્પાદ શબ્દ આવે એટલે પર્યાયની વાત કરવા માગે છે એવું સહેજે લક્ષમાં આવે છે. આચાર્યદેવ ઉત્પાદના બે ભેદ દર્શાવે છે. બીજા શબ્દોમાં ઉત્પાદને જોવાની બે દૃષ્ટિઓ છે. સત્ ઉત્પાદ અને અસત્ ઉત્પાદ.

સ્વભાવ તો શાશ્વત છે માટે તેના તો ઉત્પત્તિ વિનાશ હોય જ નહીં. જે નવું ઉપજે તે પર્યાય હોય. આ બન્નેનો અર્થાત્ દ્રવ્ય અને પર્યાયનો સાથે વિચાર કરીએ ત્યારે દ્રવ્ય નિત્ય છે અને પર્યાય અનિત્ય છે. આ સંદર્ભમાં જ્યારે આપણે સત્‌નો વિચાર કરીએ ત્યારે સત્ શબ્દ નિત્ય વિદ્યમાનતાના અર્થમાં લેવો રહ્યો. તેથી હવે આપણી પાસે સત્, સત્ ઉત્પાદ અને અસત્ ઉત્પાદ એવા ત્રણ શબ્દો રહ્યા. તેમના ભાવની ચોખવટ માટે આપણે ફરીને જે બંધારણ શીખ્યા છીએ તેને યાદ કરી લઈએ.




પદાર્થમાં ઉત્પાદ, વ્યય, ધ્રુવ કેવી રીતે લાગુ પડે છે તે બન્ને રીત ખ્યાલમાં લેવી જરૂરી છે. હવે જ્યારે આપણે ઉત્પાદનો વિચાર કરવા માગીએ છીએ ત્યારે એક વાત સ્પષ્ટ થાય છે કે આપણે પર્યાયની જ વાત કરવા માગીએ છીએ. અર્થાત્ આપણે સ્વભાવની દ્રવ્યની વાત કરવા માગતા નથી. આ રીતે આપણે નક્કી કરીએ તો પર્યાયો વ્યતિરેકરૂપે આપણા જ્ઞાનમાં જણાશે. પર્યાયો એક પછી એક થાય છે અને દરેક પર્યાય તેનું નવું સ્વરૂપ લઈને આવે છે. હવે જ્યારે તે ઉત્પાદને જોવાની બે દૃષ્ટિઓ છે એમ લક્ષમાં લઈએ ત્યારે પર્યાયના સદશ અને વિસદશ એવા બે ભેદથી વિચારવું રહ્યું. સત્ એ હયાતી દર્શાવે છે. સત્ ઉત્પાદ કહેતાં જે હતું તે ઉત્પન્ન થયું એવો ભાવ ખ્યાલમાં આવે છે. અસત્ ઉત્પાદમાં જે ન હતું તે ઉત્પન્ન થયું કહેવાય. આવા શબ્દપ્રયોગની પાછળ ભાવની ચોખવટ જરૂરી છે. ''જે હતું તે ઉત્પન્ન થયું'' એમાં શું કહેવા માગે છે ? જે હતું તે હતું. અથવા તે છે જ. તેમાં ઉત્પન્ન થવાની વાત ક્યાંથી આવે ? આવા પ્રશ્નનું નિરાકરણ એ છે કે દ્રવ્યના સદશ પરિણામને આચાર્યદેવ સત્ ઉત્પાદરૂપે દર્શાવવા માગેછે. પર્યાયના ભેદનો

વિચાર ન કરીએ તો દરેક સમયે નવી નવી પર્યાય પ્રગટ થયા કરે છે. એવી નવીનતાને કાયમ રાખીને તે પર્યાયમાં સદશ અને વિસદશ એવા ભેદનો વિચાર કરીએ ત્યારે તે દ્રવ્ય પર્યાયરૂપે થતાં જન્મ-મરણના ફેરામાંથી પસાર થાય છે. પર્યાયના ચાર લક્ષણો જન્મ, વૃદ્ધિ, હાનિ અને અભાવ છે. હવે જ્યારે સદશ પરિણામની વાત કરીએ છીએ ત્યારે તે આવા ચાર લક્ષણ રાખીને છેવટ પરિણામ તો એક સરખા જ બતાવે છે. એ જ પર્યાયને અપેક્ષા ફેરવીને વિચારીએ ત્યારે ત્યાં વિસદશતા જોવા મળે છે. તે અસત્ ઉત્પાદ છે. આ રીતે વિચારવાથી સત્ ઉત્પાદ અને અસત્ ઉત્પાદ બન્ને પર્યાયમાં લાગુ પડયા. ઉત્પાદ પર્યાયનો જ હોય દ્રવ્યમાં ઉત્પત્તિ-વિનાશ કયારેય હોય નહીં.

## પરિણમતું દ્રવ્ય અને સદશ પરિણામ

આ બન્નેનું સ્વરૂપ એકસરખું જ છે પરંતુ બન્ને એક નથી. ભાવમાં તફાવત છે. પરિણમતા, દ્રવ્યોમાંથી પર્યાયો પ્રગટ થાય છે. જ્યારે સદશ પરિણામ પોતે જ પર્યાય હોવાથી તેમાંથી બીજી પર્યાય પ્રગટ ન થાય. દ્રવ્યમાં ધ્રુવ અને પર્યાયમાં ઉત્પાદ-વ્યય લેવામાં આવે છે ત્યારે દ્રવ્ય પોતે વ્યાપક થઈને દરેક પર્યાયમાં વ્યાપે છે એમ લઈએ છીએ. પર્યાયમાં વ્યતિરેક લક્ષણ છે અને દ્રવ્યનું અન્વય લક્ષણ છે. પર્યાયના ભાગરૂપે તેમાં અન્વયરૂપ રહેલા દ્રવ્યનો વિચાર કરવામાં આવે છે ત્યારે તેને આપણે પરિણમતા દ્રવ્યરૂપે દર્શાવીએ છીએ. એક ન્યાયથી આ પરિણમતા દ્રવ્યમાં પર્યાયના ચાર ઉપરોક્ત લક્ષણ જોવા મળે છે. તેમ હોવા છતાં તે પર્યાય નથી. તેથી ત્યાં ખરેખર ઉત્પાદ શબ્દ વાપરી ન શકાય. સત્ ઉત્પાદ, ધ્રુવ એવા પરિણમતા દ્રવ્યમાં લાગુ ન પડે. પરિણમતા દ્રવ્યમાં ખરેખર કાંઈ ઉત્પાદ લક્ષણ નથી, ઉત્પાદ લક્ષણ પર્યાયનું છે દ્રવ્યનું નહીં. તેથી પર્યાયમાં દ્રવ્ય સ્વભાવને અન્વયરૂપે જોવા જઈએ ત્યારે તે પરિણામના સભ્યરૂપે લક્ષમાં આવે છે. આ રીતે વિચારતા દ્રવ્ય સ્વભાવને પરિણમતા દ્રવ્યરૂપે આપણે જોવું રહ્યું. તે રીતે જોતા તેને પર્યાયના લક્ષણો વ્યવહારનયે લાગું પડે. ઉપચાર કથનથી પરિણમતા દ્રવ્યને ક્ષણિકના લક્ષણો લાગુ પાડી શકાય. પરમાર્થે તો તે નિત્ય જ છે.

પદાર્થ છે તે પ્રમાણ જ્ઞાનનો વિષય છે. તેને નય વિભાગથી જોઈ શકાય છે. દ્રવ્ય સામાન્યએ દ્રવ્યાર્થિક નયનો વિષય છે જ્યારે પર્યાય એ પર્યાયાર્થિક નયનો વિષય છે. આપણે પર્યાયાર્થિક નયથી જ વસ્તુને જોવાને ટેવાયેલા છીએ. તેથી આપણે પર્યાયને વિષય કરીએ છીએ. ખરેખર તો પર્યાયના નવા નવા બદલતા સ્વરૂપને જ જોઈએ છીએ. સોનાની પર્યાય કઈ એવા પ્રશ્નના જવાબમાં આપણે સહજપણે હાર, બંગડી, બાજુબંધ, કડા વગેરે કહીશું. ખરેખર પર્યાયને આપણે વિસદશ પરિણામની મુખ્યતાથી જ જોવાને ટેવાયેલા છીએ પરંતુ આપણે પર્યાયના વિસદશ ભાગને જોઈએ છીએ એવું ન લાગતા આપણે પર્યાયનું જ વર્ણન કરીએ છીએ એમ લાગે છે.

આચાર્યદેવ આપણને પર્યાયને બે દૃષ્ટિથી જોવાનું શીખવે છે. સમયસાર શક્તિના વર્ણનમાં પરિણામ શક્તિની વ્યાખ્યા કરતાં સદશ અને વિસદશ જેનું રૂપ છે એવી પરિણામ શક્તિ દર્શાવી છે. એક વસ્તુ ખ્યાલમાં રહે કે જ્યારે આપણે એક પર્યાયને (દ્રવ્યથી કથંચિત જાુદી છે) એ રીતે લક્ષમાં લઈએ છીએ ત્યારે તેની વિસદશતાથી જ જોઈએ છીએ. તે પર્યાયમાં અન્વયરૂપ દ્રવ્ય છે એવું આપણે વિચારીએ છીએ. દ્રવ્ય પર્યાયનો આ પ્રકારે અભ્યાસ બરોબર છે. પરંતુ તે સ્થૂળ કથન છે. પર્યાયને એક સમયરૂપે જાુદી પાડીને ન જોતા પર્યાયને પ્રવાહરૂપે લક્ષમાં લઈએ ત્યારે પર્યાયના બદલાતા નવા નવા રૂપ ધારણ કરતા સ્વરૂપમાં આપણને પર્યાયની એકરૂપતા જોવા મળે છે. દૃષ્ટાંત : આપણે ચારે બાજાુ નજર નાખીએ ત્યારે અનેક પદાર્થો જ્ઞાનમાં જણાય છે. તે દરેક પદાર્થને જાણતાં જ્ઞાનની પર્યાય

અનેક પ્રકારના જ્ઞેયાકારોરૂપે થાય છે. જ્ઞેય જ્ઞાયક સંબંધની મુખ્યતાથી જ્ઞાનની પર્યાય આવી અનેક જ્ઞેયાકારરૂપ વિધવિધતા સમયે સમયે દર્શાવે છે. હવે જ્ઞેયને ગૌણ કરો. સાથો સાથ જ્ઞાનની જ્ઞેયાકાર પર્યાય પણ ગૌણ થઈ જશે. ત્યાં તમોને જીવ નિરંતર એકરૂપ જાણવાનું કાર્ય જ કરે છે એવું લક્ષમાં આવશે. દરેક સમયે જીવે તો જાણવાનું કાર્ય જ કર્યું છે. તે એકરૂપ જ છે. આવા એકરૂપ જ્ઞપ્તિ કાર્યને સદૃશ પરિણામ કહેવામાં આવે છે. તે જ્ઞાનની પર્યાયને જ્ઞેયાકારની મુખ્યતાથી જોઈએ તો તે વિસદૃશરૂપ દેખાય છે. સદૃશતા ખ્યાલમાં લેવા માટે તમારે પર્યાયને પ્રવાહરૂપ લક્ષમાં લેવી આવશ્યક છે. માત્ર એક જ પર્યાયનો વિચાર કરવાથી સદૃશતાનો ખ્યાલ ન આવે. અનાદિથી અનંત કાળ સુધીની આવી પર્યાયની એકરૂપતાને જ સદૃશ પરિણામ કહેવામાં આવે છે. જીવ સદાય જીવરૂપે જ પરિણમે છે. જ્ઞાન નિરંતર એકરૂપ જાણવાનું કાર્ય જ કરે છે. ''જડ ભાવે, જડ પરિણમે, ચેતન ચેતન ભાવ'' આ લીટીમાં પણ આ જ ભાવ દર્શાવવામાં આવ્યો છે.

પર્યાયની વિધવિધતા પર સાપેક્ષરૂપ પણ હોય છે અને પર નિરપેક્ષરૂપ પણ હોય છે. સ્પર્શ, રસ વગેરે ગુણોની પર્યાયોની વિધવિધતા તે પદાર્થમાં સ્વતંત્રરૂપે પોતાથી જ થતી જોવા મળે છે. જ્ઞાનની પર્યાયમાં ઓછો વધતો ઉઘાડ જોવા મળે છે. તે (દ્રવ્યની સાપેક્ષતા ગૌણ કરો તો) પોતાની જ યોગ્યતા અનુસાર છે. અર્થાત્ અજ્ઞાની જીવે સ્વભાવનો અનાદર કરવાના કારણે અલ્પજ્ઞ અને મિથ્યાજ્ઞાન રૂપની પોતાની હાલત બનાવી છે. દ્રવ્ય કર્મ તો નિમિત્ત માત્ર છે. પોતાની દીન હાલત માટે પોતે જ જવાબદાર છે.

જ્ઞાનની પર્યાયમાં પર સાપેક્ષતાથી જે જ્ઞેયાકારરૂપ અવસ્થા થાય છે તે વિસદૃશ પરિણામ છે. અજ્ઞાની હિતબુદ્ધિપૂર્વક બહારમાં રોકાય છે. પોતાને ભૂલીને બહારમાં ભટકે છે તેથી તેને ભેદજ્ઞાન કરાવીને પરથી પાછો વાળવામાં આવે છે. આવું થતાં અર્થાત્ જ્યારે બાહ્યમાંથી હિતબુદ્ધિ-અધ્યવસાન, મિથ્યાત્વ છોડે છે ત્યારે તેને જ્ઞાનના જ્ઞેયાકાર ભાગની પણ ઉપેક્ષા થાય છે. મારે બાહ્ય સાથે નિસ્બત નથી એમ વિચારનારની દૃષ્ટિ પોતાની જ્ઞાનની પર્યાયના જ્ઞેયાકાર ભાગ ઉપરથી ખસીને, અર્થાત્ વિસદૃશ ભાગ ઉપરથી ખસીને, પ્રથમ પોતાના જ્ઞાનના સદૃશ પરિણામમાં આવે છે. મોહ-રાગ-દ્વેષરૂપ વિકાર છૂટી જતાં જ્ઞાન પણ નિર્મળ થાય છે. હું તો માત્ર જાણનાર છું તેથી જાણવું એટલું જ મારું કાર્ય છે એવા ભાવપૂર્વક તે પર્યાયના જ્ઞેયાકારરૂપ વિસદૃશ ભાવને ગૌણ કરીને પોતામાં ચાલતા જ્ઞાનના એકરૂપ પ્રવાહને લક્ષમાં લે છે અર્થાત્ સદૃશ પરિણામને લક્ષમાં લે છે.

એકવાર પરનું લક્ષ છોડીને જે પોતાના સ્વ તત્ત્વની મર્યાદામાં આવવા માગે છે તે હવે પરિણામને ગૌણ કરીને એવો પર્યાયનો પ્રવાહ ક્યાંથી આવે છે ત્યાં નજર કરે છે અને જેનામાં એવું ત્રૈકાલિક સામર્થ્ય પડયું છે તે હું છું એવું ભાવ ભાસન કરે છે. આ આપણે નીચે મુજબ લક્ષમાં લઈ શકીએ.

પર્યાય

↓

વિસદૃશ પરિણામ

↓

સદૃશ પરિણામ

↓

પરિણમતું દ્રવ્ય

↓

અપરિણામી દૃષ્ટિ

આ ક્રમમાં જવાથી આપણને સમજણમાં ચોખવટ થાય છે અને આ સમજવાનું પ્રયોજન ખ્યાલમાં આવે છે. સામાન્ય રીતે સ્થૂળ દૃષ્ટિથી

વિચારીએ ત્યારે આપણે નીચે મુજબ વિચારીએ છીએ.

પર્યાયનો વિસદૃશ ભાગ
↓
દ્રવ્ય અન્વયરૂપ

આ રીતે વિચારવામાં આપણે પર્યાયને જોવાની બે દૃષ્ટિઓ અને દ્રવ્ય સામાન્યને જોવાની બે દૃષ્ટિઓ લક્ષમાં લેતા જ નથી. અથવા પરની સાપેક્ષતા છોડી દઈએ અને હું તો માત્ર જ્ઞાતા દૃષ્ટા જ છું. એવા ભાવથી સંતોષ માની લઈએ છીએ. આચાર્યદેવે આપણને આ ગાથામાં ઉત્પાદને જોવાની બે દૃષ્ટિઓ જે દર્શાવી છે. તેની ઉપયોગિતા આપણને સમજાય તે જરૂરનું છે.

સમયસાર ગા.૬માં આવે છે કે ''જ્ઞેયાકાર અવસ્થામાં જે જ્ઞાયક પણે જણાયો'' હવે આ વાક્યનો શબ્દ પ્રમાણે અર્થ કરવા જઈએ તો મુશ્કેલી જ પડે કારણકે જ્ઞેયાકાર અવસ્થાનો અર્થ જ એ થાય કે તે જીવ જ્ઞેયને જાણે છે. ઉપયોગ બાહ્યમાં હોય ત્યારે આત્મા જણાય નહીં તેથી જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયક જણાય નહીં. જ્યારે અહીં તો કહે છે કે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો. તેથી શબ્દોનો ઉંડો ભાવ સમજવાનો પ્રયત્ન કરવો રહ્યો. જે પરને અનાદિ કાળથી જાણે છે તે સ્વને જાણવા માગે ત્યારે જાણી શકાય. ઉપયોગ અંદરમાં વાળે ત્યારે સ્વ જણાય એવું આપણે સહજરૂપે સ્વીકારીએ છીએ. વળી જીવને પર્યાયાર્થિક નયથી જોવાને બદલે દ્રવ્યાર્થિક નયથી જોવાથી દ્રવ્ય સામાન્ય જણાય. એ વાતનો પણ સ્વીકાર આવે. અહીં એવું કાંઈ નથી કહેવું. તમે પર્યાયના વિસદૃશ ભાગને ગૌણ કરીને પર્યાયની સદૃશતા જુઓ. એ સદૃશતામાં જ તમને (પર્યાય દ્રવ્ય વિના ન હોય માટે) પરિણમતું દ્રવ્ય દેખાશે. અર્થાત્ જ્યાં પોતાની પર્યાયનો સ્વીકાર આવ્યો ત્યાં તેની પાછળ દ્રવ્ય સ્વભાવની હા આવશે. સ્વભાવ ચોક્કસ છે એવો ભરોસો આવશે. સ્વભાવ દેખાશે નહીં છતાં સ્વભાવનો સ્વીકાર આવશે. એવો સ્વીકાર આવ્યા બાદ હવે તે સ્વભાવની સન્મુખ થવા માટે તમે ઉપયોગ બહારમાંથી અંદર લાવો અને પર્યાયમાંથી સ્વભાવ સુધી પહોંચો. વ્યતિરેક પર્યાયમાં અન્વયરૂપ દ્રવ્યને જોવાની વાત છે. અન્વયરૂપ જે દ્રવ્યને પર્યાયના પ્રવાહમાં લક્ષમાં લીધું તે પરિણમતું દ્રવ્ય છે તેમાં પણ અપરિણામી દૃષ્ટિ કરવાની રહે છે ત્યારે નવ તત્ત્વમાં છૂપાયેલી આત્મજ્યોતિ સુધી પહોંચી શકાય છે.

ટીકાકાર આચાર્યદેવ સત્ ઉત્પાદ માટે સદ્ભાવ સંબદ્ધ અને અસત્ ઉત્પાદ માટે અસદ્ભાવ સંબદ્ધ શબ્દનો પ્રયોગ કરે છે. માટે તે શબ્દનો અર્થ સમજવાનો પ્રયત્ન કરીએ. બે ટેબલ સમજી લઈએ.



પ્રથમ વિસદૃશ પરિણામને બે અપેક્ષાએ લક્ષમાં લઈએ. દ્રવ્યની પર્યાયમાં જે વિધવિધતા જોવા મળે છે. તે સ્વભાવ અંતર્ગત વિધવિધતા છે. તેમાં વિશેષ ગુણોનું પરિણમન મુખ્ય ભાગ ભજવે છે. સ્પર્શ ગુણની આઠ પર્યાયો, રંગ અને સ્વાદના પાંચ પ્રકારો. વગેરે રૂપી પદાર્થોની પર્યાયો આપણા ઈન્દ્રિય જ્ઞાનમાં જણાય છે. તે બધા પરિણામો પર્યાયની વિધવિધતા દર્શાવે છે. બધા પરમાણુઓ એક પ્રદેશી હોવા છતાં બધા પરમાણુઓની અર્થ પર્યાયો અલગ અલગ હોય છે. દરેક દ્રવ્ય વિશ્વના અન્ય દ્રવ્યો સાથે સંબંધમાં આવીને અનેકરૂપતા પણ દર્શાવે છે. પુદ્‌ગલમાં સ્કંધોની વિધવિધતાથી આપણે પરિચિત છીએ. જીવના મોહ-રાગ-દ્વેષ એવા વિભાવ ભાવો અને જ્ઞાનની જ્ઞેયાકાર અવસ્થા એ બધા પર સાપેક્ષ વિધવિધતાના દૃષ્ટાંતો છે. દરેક પદાર્થમાં અંતર્ગત વિધવિધતા અને પર સાપેક્ષ વિધવિધતા બન્ને સાથે જ હોય છે. એક પદાર્થને જુદો લક્ષમાં લઈએ અને તેના પરિણામના પ્રવાહને જોઈએ ત્યારે ત્યાં સ્વભાવગત વિધવિધતા જોવા મળે છે. એ જ પદાર્થને અન્ય દ્રવ્યો સાથે સંબંધમાં જોઈએ ત્યારે પર સાપેક્ષ વિધવિધતા જોવા મળે. વિસદૃશતાને આ પ્રકારે બે ભેદરૂપે લક્ષમાં લઈ શકાય છે. આ ભેદ પાડવાનું પ્રયોજન હવે પછી વિચારીશું.

પર્યાયના સદૃશ પરિણામને સત્ ઉત્પાદ અથવા સદ્‌ભાવ સંબદ્ધ કહેવામાં આવે છે. ત્યાં સત્ (નિત્ય) + ભાવ (સ્વભાવ) + સંબદ્ધ સાથે જોડાયેલ (સંકળાયેલ) આ રીતે સત્ ઉત્પાદ કહેતાં સદૃશ પરિણામને ત્રિકાળ સત્‌મય સ્વભાવ સાથે સંબંધ છે. સ્વભાવ એકરૂપ છે માટે સ્વભાવ સાથે સંબંધ રાખનારા સદૃશ પરિણામો પણ અનાદિથી અનંતકાળ સુધી એકરૂપ જ છે.

વિસદૃશ પરિણામને અસત્ ઉત્પાદ કહે છે ત્યાં અસત્ ભાવ અર્થાત્ પોતાના સ્વભાવથી ભિન્ન એવા પરદ્રવ્યો તેની સાથેના સંબંધ. વિસદૃશ પરિણામોમાં પર સાપેક્ષતાથી વિધવિધતા થાય છે. તે રીતે વિસદૃશ પરિણામોને અસત્ ઉત્પાદ અથવા અસદ્‌ભાવ સંબદ્ધ કહેવામાં આવે છે.

એક પર્યાયના સદૃશ ભાવને સ્વભાવની એકરૂપતા સાથે સંબંધ છે. જ્યારે પર્યાયની વિસદૃશતાને પરદ્રવ્યો સાથે સંબંધ છે. વિસદૃશ ભાગને પર્યાયાર્થિક નયના વિષયરૂપે લેવામાં આવે છે. સદૃશ પરિણામ પણ પર્યાયનો જ ભાગ છે તે અપેક્ષાએ તે પર્યાયર્થિક નયના વિષયમાં આવે પરંતુ જ્યારે તે સદૃશ પરિણામને તે શેમાંથી ઉત્પન્ન થયા છે એવા પરિણમતા દ્રવ્ય સાથે સંબંધમાં જોવામાં આવે ત્યારે તે પરિણમતું દ્રવ્ય પણ તે પર્યાયમાં અન્વયરૂપ વ્યાપીને રહ્યું હોવાથી તે પરિણામમાં જ સ્વભાવ લક્ષગત થાય છે. જે સ્વભાવ ખ્યાલમાં આવે છે તે દ્રવ્યાર્થિક નયનો વિષય છે. આ રીતે આ ગાથામાં દ્રવ્યાર્થિક અને પર્યાયર્થિક એમ બે નયનું કથન કર્યું છે. આ કથન સત્ ઉત્પાદ અને અસત્ ઉત્પાદને લાગુ પાડયું છે. આ રીતે સદ્‌ભાવ સંબદ્ધ અને અસદ્‌ભાવ સંબદ્ધ શબ્દનો ભાવ લક્ષમાં લેવો રહ્યો.

ટીકામાં પરિણમતા દ્રવ્યને નય વિભાગથી દર્શાવવામાં આવે છે. પ્રથમ દ્રવ્યાર્થિક નયથી વાત કરે છે પરંતુ તે દ્રવ્યને ફૂટસ્થ લક્ષમાં નથી લેતું. પર્યાયના દાતારરૂપે લક્ષમાં લે છે. તેથી દ્રવ્ય અને પર્યાય વચ્ચે સંબંધ રાખીને તે બે વચ્ચે ક્યા પ્રકારનો તફાવત છે તેનું વર્ણન કરે છે. આ ગાથામાં પર્યાયના સત્ અને અસત્ એવા બે ભેદ દર્શાવવા છે તેથી પર્યાયમાં જ દ્રવ્યને લક્ષમાં લે છે એવો ભાવ ખ્યાલમાં રાખીએ. દ્રવ્ય અને પર્યાયના લક્ષણો વચ્ચે ભેદ કઈ રીતે છે તે સમજવા માટે આપણે પ્રથમ પર્યાયના લક્ષણો લખીશું અને તેને દ્રવ્યના લક્ષણ સાથે સરખાવીશું.

| પર્યાય | દ્રવ્ય |
| --- | --- |
| ઉત્પત્તિ-વિનાશ | ઉત્પત્તિ-વિનાશ |
| લક્ષણ સહિત | લક્ષણ રહિત |
| ક્રમે પ્રવર્તતી | યુગપદ્ પ્રવર્તતી |
| વ્યતિરેકરૂપ | અન્વય શક્તિઓ |

દ્રવ્ય અને પર્યાયની એક સત્તા માન્ય રાખીને તેમના ભિન્ન લક્ષણોને ત્રણ અપેક્ષા રાખીને સમજાવે છે. આ ત્રણ લક્ષણોનો આપણને સામાન્ય ખ્યાલ જરૂર છે. ઉત્પાદ અને વિનાશ પર્યાયના જ હોય તે દ્રવ્યના લક્ષણ કયારેય ન હોય એ નિર્ણય સહજ છે. તે પ્રમાણે અન્વય અને વ્યતિરેક લક્ષણનો પણ આપણને ખ્યાલ છે. દરેક પર્યાય એક બીજાથી ભિન્ન છે. જુદી છે અને તે દરેક પર્યાયમાં દ્રવ્ય અન્વયરૂપ એકરૂપ જોવા મળે છે. હવે જે ક્રમે પ્રવર્તવું એવું જે પર્યાયનું લક્ષણ છે તે પણ સહજરૂપે માન્ય થાય તેમ છે. પરંતુ ક્રમથી વિરુદ્ધ જે યુગપદ વિશેષણ વાપર્યું છે તે અવશ્ય વિચાર માગી લે છે. દ્રવ્ય સ્વભાવ એક જ છે તો ત્યાં યુગપદ શબ્દ કેવી રીતે લાગુ પડે ? માટે આપણે ત્યાં દ્રવ્યની વાત ન લેતા ગુણોની વાત લેવી રહી.

પદાર્થનું અખંડપણું હોવાથી જીવ જાણવાનું કાર્ય કરે છે એમ કહી શકાય છે. ત્યાં જીવ કર્તા અને જ્ઞાન કરણ લેવામાં આવે છે. તે પદ્ધતિ અહીં લાગુ પાડવાથી નિત્ય વિભાગમાં ''યુગપદ પ્રવર્તતી'' એવો શબ્દ પ્રયોગ કર્યો છે. તેના અનુસંધાનમાં અન્વય શક્તિ એમ ન લેતા અન્વય શક્તિઓ એવું લખાણ કર્યું છે. વળી તે ગુણો વિધાયક છે અને દ્રવ્ય વિધીયમાન છે એ વાત જે ગા. ૧૦૬ માં લીધી છે તે અનુસાર ''દ્રવ્યની નિપજાવનારી અન્વય શક્તિઓ'' એ પ્રકારે નિત્ય સ્વભાવને પર્યાયના-ઉત્પાદના-ક્ષણિક લક્ષણથી જુદો દર્શાવ્યો છે. આવા બદલતા પરિણામો વખતે પણ દ્રવ્યનું એકરૂપપણું એવુંને એવું રહે છે. તે સ્વરૂપમાં (સ્વભાવમાં) કોઈ ફેર પડતો નથી. તેથી તે સદ્ભાવ સંબદ્ધ કહેવામાં આવ્યું છે. અર્થાત્ સ્વરૂપની એકરૂપતા (સદૃશ પરિણામની પણ એકરૂપતા) લક્ષમાં લઈને સત્ ઉત્પાદ અથવા સદ્ભાવ સંબદ્ધ કહેવામાં આવ્યું છે. પર્યાય એકબીજાથી જુદી હોવા છતાં સદૃશ પરિણામના પ્રવાહમાં એકરૂપતા જ રહે છે.

ટીકાના બીજા પેરેગ્રાફમાં પર્યાયની મુખ્યતાથી વાત કરી છે. પર્યાય દ્રવ્યને પામે છે એમ લીધું છે. ત્યાં દ્રવ્ય ગૌણ છે. પર્યાયનું વ્યતિરેકપણું-વિસદૃશતાને મુખ્ય કરીને ત્યાં અસદ્ભાવ સંબદ્ધ અર્થાત્ અસત્ ઉત્પાદનું સ્વરૂપ વર્ણવ્યું છે. બન્ને પેરેગ્રાફમાં શબ્દો સરખા જ છે માટે એકની એક વાત કરે છે એમ ન લેવું. દ્રવ્યની મુખ્યતામાં એકરૂપપણું અને પર્યાયની મુખ્યતામાં વિધવિધતા એમ તફાવત લક્ષમાં લેવો. એકરૂપ પણામાં જે હતું તે ઉત્પન્ન થયું અને અનેક પ્રકારની પર્યાયમાં જે ન હતું તે ઉત્પન્ન થયું એવા ભાવ લઈને સત્ ઉત્પાદ અને અસત્ ઉત્પાદને સમજવા.

દ્રવ્ય અને પર્યાય વચ્ચેનો ભેદ દર્શાવીને છેલ્લા પેરેગ્રાફમાં તે બન્નેનું અભેદપણું દર્શાવે છે. તે દ્રવ્ય અનેકરૂપ પર્યાયોરૂપે થાય છે અને તે વ્યતિરેકી પર્યાય અન્વય શક્તિઓ દ્વારા દ્રવ્યપણાને પામે છે. આ રીતે આ ગાથામાં દ્રવ્ય અને પર્યાયનું કથંચિત્ એકપણું અને કથંચિત્ ભિન્નપણું દર્શાવ્યું છે.

## ◆ ગાથા - ૧૧૨

**જીવ પરિણમે તેથી નરાદિક એ થશે; પણ તે-રૂપે**
**શું છોડતો દ્રવ્યત્વને ? નહિ છોડતો કયમ અન્ય એ ? ૧૧૨.**

***જીવ પરિણમતો હોવાતી મનુષ્ય, દેવ અથવા બીજું કાંઇ (તિર્યંચ, નારક કે સિદ્ધ) થશે. પરંતુ મનુષ્ય દેવાદિક થઈને શું તે દ્રવ્યપણાને***

*છોડે છે? નહિ છોડતો થકો તે અન્ય કેમ હોય? (અર્થાત્ તે અન્ય નથી, તેનો તે જ છે)*

૧૧૨-૧૧૩ અને ૧૧૪ ગાથાઓમાં અન્યપણાની અને અનન્યપણાની વાત જ્ઞાન અપેક્ષાએ લીધી છે. આ ગાથામાં દ્રવ્યાર્થિક નયથી, ૧૧૩માં પર્યાયાર્થિક નયથી અને ૧૧૪ ગાથામાં પ્રમાણ જ્ઞાનથી વસ્તુ સ્વરૂપ સમજાવ્યું છે. વસ્તુને પ્રમાણ જ્ઞાનથી પણ જોઈ શકાય અને નયજ્ઞાન વડે પણ જાણી શકાય છે.

આ ગાથામાં અન્વયપણાની - એકરૂપ પણાની વાત લેવામાં આવી છે. દ્રવ્ય અને પર્યાયમાં દ્રવ્ય અન્વયરૂપ છે અને પર્યાયો વ્યતિરેકરૂપ છે. દ્રવ્ય સામાન્ય એકરૂપ છે. ગાથામાં જીવની મનુષ્ય, દેવ વગેરે પર્યાયના દૃષ્ટાંતથી વાત લીધી છે માટે ગાથાનો ભાવ વિસ્તારથી સમજતા પહેલા આપણે આપણા જ્ઞાનને તાજુ કરી લઈએ. આ ગાથામાં એક પદાર્થમાં અન્વય અને વ્યતિરેકનું સ્વરૂપ લીધું છે. તેથી દ્રવ્ય અન્વયરૂપે દરેક પર્યાયમાં વ્યાપે છે. દ્રવ્ય પોતે પર્યાયરૂપે અનેક વિધતા ધારણ કરે છે. જેને પર્યાય કઈ રીતે થાય છે તેનો સ્પષ્ટ ખ્યાલ છે તે તો જાણે છે કે મૂળ સ્વભાવ તો સદાય એકરૂપ જ રહે છે. જે ઉત્પત્તિ-વિનાશ દેખાય છે તે તો સ્વભાવથી થતી વ્યવસ્થાના ફેરફારને કારણે છે. અર્થાત્ વ્યવસ્થાના ઉત્પત્તિ-વિનાશ થાય છે તે સમયે પણ તે વ્યવસ્થા જેની છે તે સ્વભાવ તો સદાય એકરૂપ જ રહે છે. દૃષ્ટાંત આલ્ફાબેટના ૨૬ અક્ષરોમાં કોઈ ફેરફાર નથી. તે અક્ષરોથી જે શબ્દો અને વાક્યોની રચના થાય છે તે સમયે અક્ષરોની ગોઠવણીમાં ફેરફાર થાય છે. જીવ શુભભાવ રૂપે પરિણમે છે ત્યારે જીવ શુભભાવરૂપ થઈ ગયો છે તે વાત સાચી છે. તેમ હોવા છતાં તે સમયે પણ જીવે પોતાનું એકરૂપ શુદ્ધપણું એવુંને એવું ટકાવી રાખ્યું છે. પદાર્થમાં અનાદિથી અનંત કાળ સુધીના પરિણામોને પહોંચી વળવાનું સામર્થ્ય છે. દરેક સમયે તે સ્વભાવથી કોઈ એક પર્યાય વ્યક્તરૂપે થશે. જે શક્તિરૂપ સામર્થ્ય છે એમાંથી જ કોઈ એક પર્યાય થશે. તે પર્યાયની પ્રગટતા સમયે પણ અર્થાત્ શુભ ભાવ થાય છે તે સમયે પણ જીવનું શક્તિરૂપ સામર્થ્ય તો એકરૂપ જ છે. જીવ નિગોદમાં છે ત્યારે જ્ઞાનની પર્યાય માત્ર ટાઢા ઉનાને જાણી શકે એટલું જ કામ કરે છે. ત્યારે પણ તેને સર્વજ્ઞ સ્વભાવ તો એવોને એવો સલામત છે. તેથી શુભભાવરૂપે જીવ પરિણમ્યો છે તે વાત પણ સાચી છે અને તે સમયે જીવ એકરૂપ રહ્યો છે તે વાત પણ એટલી જ સાચી છે. આ સિદ્ધાંત બધા દ્રવ્યોને લાગુ પડે છે.

હવે આપણે બે દ્રવ્યોના સંબંધનો વિચાર કરીએ. જીવની મનુષ્ય પર્યાય છે ત્યારે શરીર પણ મનુષ્યદેહરૂપે છે. ગાથા ૯૩માં દ્રવ્ય પર્યાયનું સ્વરૂપ દર્શાવ્યું ત્યારે સમાનજાતીય સ્કંધો અને અસમાન જાતીય મનુષ્ય વગેરે પર્યાયની વાત લીધી હતી. સ્કંધમાં બધા પરમાણુઓ એકરૂપ થઈ ગયા છે. તે લક્ષમાં આવે છે. તે સમયે દરેક પરમાણુ તે સમયે પણ સ્વતંત્ર અને ભિન્ન છે તેના તરફ આપણું લક્ષ ખેંચાતું નથી છતાં સ્કંધમાં પરમાણુ સ્વતંત્ર અને જુદા છે. જ્યારે બે પદાર્થ વચ્ચેના આવા સંબંધનો વિચાર કરીએ છીએ ત્યારે તે બન્ને પદાર્થોને પ્રમાણ જ્ઞાનના વિષયરૂપે એકરૂપ રહ્યા છે તેમ વિચારવું રહ્યું. એક પદાર્થમાં અન્વય અને વ્યતિરેકનો વિચાર કરીએ ત્યારે દ્રવ્ય સામાન્ય અન્વયરૂપ છે પરંતુ જ્યારે મનુષ્ય પર્યાયનો વિચાર કરીએ તો તે અસમાન જાતીય વિભાવ વ્યંજન પર્યાયના બે સભ્યો જીવ અને શરીર તે બન્ને અલગરૂપે અન્વયરૂપે જોવા મળે છે એનો અર્થ એ થયો કે જ્યારે આપણે જીવનો એક પદાર્થરૂપે વિચાર કરીએ ત્યારે જ્ઞાયક ભાવ અન્વયરૂપ છે અને મનુષ્ય પર્યાય વ્યતિરેકરૂપ છે. જ્યારે જીવ અને શરીર બંને એક ગણીને તેમાં હુંપણું રાખીએ છીએ તે સમયે પણ ત્યાં પ્રમાણ જ્ઞાનના વિષયભૂત દેહ અને જીવ જુદા છે. અર્થાત્ જીવ

અને તેની મનુષ્ય પર્યાય બન્નેને એક ગણીને તેને અન્વયરૂપ લેવામાં આવે છે.

ગાથા ૧૧૧ માં ઉત્પાદનું સ્વરૂપ સમજાવ્યું. ઉત્પાદમાં સત્ ઉત્પાદ અને અસત્ ઉત્પાદ એવા બે ભેદ પાડયા. ઉત્પાદ પર્યાયનો જ હોય દ્રવ્યનો નહીં તેથી પર્યાયને સત્ ઉત્પાદ અને અસત્ ઉત્પાદ એમ બે અપેક્ષાએ જોઈ શકાય છે. એ વાત ત્યાં લેવામાં આવી. હવે આ ગાથામાં દ્રવ્યને સત્ ઉત્પાદ લાગુ પાડીને વાત કરે છે. જીવથી વાત લીધી છે. મનુષ્ય, દેવ વગેરે પાંચ પ્રકારની પર્યાયોરૂપે જીવ થાય છે તેથી જીવ અન્વયરૂપ, (એકરૂપ) છે અને મનુષ્ય વગેરે પર્યાયો વ્યતિરેકરૂપ છે. એ બધી બદલતી અવસ્થામાં જ્યારે જીવનું લક્ષ કરીએ છીએ ત્યારે જીવ ત્યાં એકરૂપે જ, અનન્યરૂપે જ જોવા મળે છે. જીવ મનુષ્યરૂપે થાય છે. ત્યારે પણ તે પોતાનું જીવપણું એવુંને એવું ટકાવીને મનુષ્યરૂપે થાય છે. જીવપણું છોડીને મનુષ્યરૂપે નથી થતો. તેથી મનુષ્ય, દેવ વગેરે બધી પર્યાયોમાં જીવ જીવરૂપે સદાય જોવા મળે છે. આ રીતે જીવનું અનન્યપણું દર્શાવ્યું છે.

ટીકા સમજવા માટે પ્રથમ ટેબલનો અભ્યાસ કરીએ.

જીવ ⟶ પરિણમતો જીવ ⟶ મનુષ્ય / દેવ / તિર્યંચ / નારકી / સિધ્ધ } વ્યતિરેક

અપરિણામી દૃષ્ટિ → સત્ (નિત્યપણું)

પરિણમતો જીવ ↓ અન્વય ↓ સત્ ઉત્પાદ

જીવને અપરિણામીરૂપે જોતા તે સત્‌રૂપ લક્ષમાં આવે છે. હવે પદાર્થ પર્યાય વિનાનો કયારેય ન હોય તેથી જીવ પણ પરિણામ વિનાનો કયારેય ન હોય. અહીં જીવની દ્રવ્ય પર્યાયથી વાત લીધી છે. પર્યાય ઉત્પન્ન થાય છે. તેથી જીવ પર્યાય અપેક્ષાએ ઉપજે છે. આ અપેક્ષાએ જીવને સત્ ઉત્પાદરૂપે જોવામાં આવે છે. જે સત્‌ને અપરિણામી દૃષ્ટિમાં નિત્ય અવસ્થિત જોયું હતું. તે જ સત્‌ને હવે સત્ ઉત્પાદરૂપે જોવામાં આવે છે. જીવ મનુષ્યરૂપે ઉપજે છે. તે જીવનો સત્ ઉત્પાદ છે.

ગા. ૧૧૧ માં સત્ ઉત્પાદ અને અસત્ ઉત્પાદ બન્ને પર્યાયમાં લાગુ પાડયા હતા. ત્યાં સદ્દશ પરિણામને સત્ ઉત્પાદ કહ્યો કારણકે તેને સત્ એવા એકરૂપ સ્વભાવ સાથે સંબંધમાં પરિણામના

**પર્યાય**

- સદ્દશ પરિણામ → સત્ ઉત્પાદ (સત્ એવા સ્વભાવ સાથે સંબંધ ⟶)
- વિસદ્દશ પરિણામ → અસત્ ઉત્પાદ (⟵ અન્ય દ્રવ્ય (અસત્) સાથે સંબંધ)

ગા. ૧૧૨ અને ૧૧૩ માં સત્ ઉત્પાદ અને અસત્ ઉત્પાદ તે પર્યાયમાં લાગુ ન પાડતા દ્રવ્યને લાગુ પાડવામાં આવે છે.

**દ્રવ્ય**

- અપરિણામી દૃષ્ટિ ↓ સત્
- પરિણમતું દ્રવ્ય પર્યાયરૂપે થાય છે માટે સત્ ઉત્પાદ

પ્રવાહમાં પણ અનાદિથી અનંત કાળ સુધીની એકરૂપતા છે. પર્યાયના વિસદૃશ પરિણામોને અસત્ ઉત્પાદ કહ્યા. પહેલા ન હતા એવા પરિણામો થાય છે માટે ત્યાં વિધવિધતા જોવા મળે છે. તે વિધવિધતાને અન્ય દ્રવ્યની સાથે (પોતાના સત્‌મય દ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય અસત્ છે માટે), અસત્ સાથે સંબંધ હોવાથી વિસદૃશ પરિણામને અસત્ ઉત્પાદ કહ્યો છે.

આ દૃષ્ટિમાં પર્યાયના સદૃશ અને વિસદૃશ એવા બે ભેદ પાડવામાં નથી આવતા. અહીં દ્રવ્યને સત્‌રૂપે અને સત્ ઉત્પાદ રૂપે એ બે પ્રકારે લક્ષમાં લેવામાં આવે છે. જીવને મનુષ્યાદિ પર્યાયરૂપે જોવામાં આવે તે જીવનો સત્ ઉત્પાદ છે. જીવ એવી મનુષ્યાદિ પર્યાયરૂપે થાય છે ત્યારે પણ પોતાનું એકરૂપપણું છોડતો નથી એ વાત દૃઢ કરાવે છે.

ગા. ૧૧૧માં દ્રવ્યની પર્યાયોની વાત કરી હતી ત્યારે દ્રવ્ય અને પર્યાય ભિન્ન લક્ષણો દર્શાવવા માગતા હતા. યુગપદે પર્યાયમાં ક્રમ અને વ્યતિરેકપણું લેવામાં આવ્યું તેથી દ્રવ્યમાં અને અન્વય શક્તિઓ એવા શબ્દપ્રયોગ કર્યા હતો. અર્થાત્ ત્યાં ગુણોની પર્યાયને દ્રવ્યના પરિણામરૂપે દર્શાવવામાં આવી હતી. તેથી તે પર્યાયોમાં અન્વયરૂપ-અન્વય શક્તિઓ કહીને ગુણોની વાત લેવામાં આવી હતી.

આ ગાથામાં પર્યાયરૂપે ગુણનું કાર્ય નથી લેવું પરંતુ દ્રવ્યની પર્યાય દર્શાવવી છે તેથી ત્યાં અન્વયરૂપ દ્રવ્ય જ લીધું છે. તેથી ત્યાં ''દ્રવ્યત્વ ભૂત અન્વય શક્તિ'' એવો શબ્દ પ્રયોગ કરવામાં આવ્યો છે.

ટીકાના બીજા પેરેગ્રાફમાં કહે છે કે જીવ દ્રવ્ય હોવાથી અને દ્રવ્ય પર્યાયમાં વર્તતું હોવાથી મનુષ્યત્વ વગેરે કોઈ એક પર્યાયે અવશ્યમેય પરિણમશે. આ વાક્યમાં ''જીવ દ્રવ્ય હોવાથી'' શબ્દ રચના દ્વારા જીવના અપરિણામી સ્વભાવને, નિત્ય સ્વભાવને 'સત્' રૂપે દર્શાવે છે. પછી તે દ્રવ્ય હોવાથી પર્યાયરૂપે વર્તે છે કહીને ત્યાં સત્ ઉત્પાદ દર્શાવ્યો છે. જીવ આવા પાંચ પરિણામમાંથી કોઈ એક પર્યાયરૂપે એક સમયે (વખતે) થાય છે તે વાત પણ સાચી છે અને જીવની આ બધી બદલતી અવસ્થાઓમાં પણ જીવ પોતાના ત્રૈકાલિક સામર્થ્યને લઈને એવોને એવો રહે છે. આ અન્વયરૂપ એકપણું પણ એટલું જ સત્યાર્થ છે. સમયસાર કળશ-૭ માં પણ આ વાત લીધી છે. નવ તત્ત્વરૂપે થવા છતાં જેણે પોતાનું એકરૂપપણું છોડયું નથી. આ રીતે પર્યાય અપેક્ષાએ સત્ ઉત્પાદરૂપે અન્ય-અન્યરૂપે જીવ થયો હોવા છતાં તે પર્યાયના પ્રવાહમાં પણ અન્વયરૂપ જ રહે છે. ટીકામાં આગળ દ્રવ્યને ત્રિકોટી સત્તારૂપે દર્શાવે છે. અર્થાત્ દ્રવ્ય ત્રણ કાળના પરિણામોને પહોંચી વળવાની શક્તિ-સામર્થ્ય ધરાવે છે. એ સામર્થ્ય અન્ અન્ય-અનન્ય અર્થાત્ એવુંને એવું રહે છે.

## ◆ ગાથા - ૧૧૩

**માનવ નથી સુર, સુર પણ નહિ મનુજ કે નહિ સિદ્ધ છે;**
**એ રીત નહિ હોતો થકો ક્યમ તે અનન્યપણું ધરે? ૧૧૩.**

***મનુષ્ય તે દેવ નથી, અથવા દેવ તે મનુષ્ય કે સિદ્ધ નથી; એમ નહીં હોતો થકો અનન્ય કેમ હોય?***

આગલી ગાથામાં દ્રવ્યને સત્ ઉત્પાદરૂપે દર્શાવ્યા બાદ આ ગાથામાં જીવને અસત્ ઉત્પાદરૂપે દર્શાવે છે. કઈ રીતે દર્શાવે છે તે હવે સમજવાનો પ્રયત્ન કરીએ. ગા. ૧૧૧માં આપણે પર્યાયના વિસદૃશ ભાગને અસત્ ઉત્પાદરૂપે લક્ષમાં લીધો હતો. પર્યાયો એક પછી એક થાય છે. પર્યાયો એકબીજાથી જુદી છે. દરેક પર્યાયનું સ્વરૂપ ભિન્ન છે. વિસદૃશ પર્યાયમાં વિધવિધતા પર સાપેક્ષતાથી થાય છે એવું આપણે નક્કી કરી ગયા છીએ. ૪૭ શક્તિમાં અભાવ ભાવ શક્તિ આવે છે. જે ભવિષ્યની પર્યાય વર્તમાનમાં અભાવરૂપ છે તે પછીના સમયે ભાવરૂપે થાય છે. દરેક પર્યાય આ રીતે અસત્

ઉત્પાદરૂપ થાય છે. ભવિષ્યની પર્યાય જે અભાવરૂપ-અસત્‌રૂપ હતી તે ભાવરૂપ અર્થાત્ સત્‌રૂપ-ઉત્પાદરૂપ થાય છે. આ રીતે પર્યાયો તેના ક્રમમાં એક પછી એક અસત્ ઉત્પાદને પામે છે. તે દરેક પર્યાયમાં અન્વયરૂપ દ્રવ્ય જ છે. તે દ્રવ્ય અન્વયરૂપે એકરૂપ હોવા છતાં તે દરેક પર્યાયરૂપે ઉપજે છે ત્યારે તે પર્યાયોની વિધવિધતાને કારણે અનેકરૂપ થાય છે. દ્રવ્ય અન્વયરૂપ અનન્ય છે જ્યારે તે દ્રવ્યને વ્યતિરેકરૂપે, પર્યાયરૂપે જોવા જતા તે અન્યરૂપ ભાસે છે. આ રીતે ખરેખર પર્યાય અસત્‌રૂપ છે પરંતુ પર્યાયનું દ્રવ્ય સાથે અભેદપણું લક્ષમાં લેતા દ્રવ્ય પણ અન્યરૂપ-અસત્ ઉત્પાદરૂપ લક્ષગત થાય છે.

*''પર્યાયો પર્યાયભૂત સ્વ વ્યતિરેક વ્યક્તિના કાળે જ સત્ હોવાને લીધે તેનાથી અન્ય કાળોમાં અસત્ જ છે''*

ટીકામાં પર્યાય તે ''પર્યાયભૂત સ્વવ્યતિરેક વ્યક્તિ'' રૂપે દર્શાવી છે. અર્થાત્ પર્યાય કહેતા જ તે ક્ષણિક છે અને વ્યતિરેક લક્ષણવાળી છે. તે દરેક પર્યાયનો કાળ એક સમયનો જ છે. દરેક દ્રવ્યમાં કોઈ એક સમયે એક જ પર્યાય ભાવરૂપ સત્‌રૂપ હોય છે. તે સમયે અન્ય કોઈ પર્યાય હોતી નથી. અન્ય પર્યાયો એ અપેક્ષાએ તે સમયે અભાવરૂપ-અસત્-શૂન્યરૂપ જ હોય છે. દરેક પર્યાય એ રીતે પોતાના સ્વકાળે જ ઉત્પાદરૂપ હોય છે. તે પર્યાય તુરત જ નાશ પામે છે તેથી અન્ય સમયોમાં તે અવિદ્યમાન જ હોય છે. તેથી કહે છે કે પર્યાય સ્વવ્યતિરેક વ્યક્તિરૂપ છે. પર્યાય તેના સ્વકાળે જ વ્યક્ત હોય છે અને તે ભિન્ન લક્ષણવાળી હોય છે. આ રીતે વિચારતા પર્યાયો ક્રમે થાય છે. એ વાત સહજપણે આવી જાય છે. ક્રમવર્તીપણું એ પર્યાયનું લક્ષણ છે. વળી દરેક પર્યાયની જન્મક્ષણ નિશ્ચિત છે તે અપેક્ષાએ પર્યાયને ક્રમબદ્ધ પણ કહેવામાં આવે છે. પર્યાયો મોતીની માળાની જેમ નહીં પરંતુ સોનાની સાંકળી જેવી છે. પર્યાયના આ લક્ષણને પુરુષાર્થ સાથે કોઈ વિરોધાભાસ નથી.

પર્યાયો દ્રવ્યત્વભૂત અન્વયશક્તિ સાથે ગૂંથાયેલી છે. અનાદિથી અનંત કાળ સુધીમાં જે અનંત પર્યાયો ક્રમપૂર્વક થાય છે તે બધી વ્યતિરેકરૂપ પર્યાયોમાં અન્વયરૂપ એક જ દ્રવ્ય રહેલું છે. આ અપેક્ષાએ બધી પર્યાયો દ્રવ્ય સામાન્ય સ્વભાવ વડે એક બીજા સાથે જોડાયેલી છે. દ્રવ્ય વ્યાપક અને પર્યાય વ્યાપ્ય છે માટે ત્યાં તાદાત્મ્યપણારૂપ ગૂંથણી છે. જેવી રીતે દ્રવ્ય અને પર્યાય એક સત્તારૂપ છે તેવી રીતે બે પર્યાયો સંબંધમાં નથી કારણકે ત્યાં સમયભેદ છે. અનાદિથી અનંતકાળ સુધીની પર્યાયો દ્રવ્ય સામાન્ય મારફત સંબંધમાં છે.

દ્રવ્ય છે તે પર્યાય સાથે તાદાત્મ્યરૂપ છે તે વાત ષટકારક અનુસાર પણ સમજાવવામાં આવે છે. છ કારકોમાં પર્યાયના ભાગે તો માત્ર કર્મ કારક જ લાગુ પડે છે. કર્તા, કરણ અને અધિકરણ તો કર્તારૂપ નિત્ય છે જ એકાંત નથી. છ કારકો અભેદરૂપ જ હોય છે. પર્યાયો ક્રમપૂર્વક થાય છે એ વાત સ્વીકારીને તે દ્રવ્ય આવી પર્યાયોને ક્રમપૂર્વક પ્રગટ કરે છે અર્થાત્ પોતે તે પર્યાયોરૂપે થાય છે. તેથી દ્રવ્યને પર્યાય અપેક્ષાએ અસત્ ઉત્પાદ છે અને તે કારણે દ્રવ્ય દરેક સમયે અન્ય અન્ય હોય છે.

## સત્ ઉત્પાદ અને અસત્ ઉત્પાદ

ગા. ૧૧૧ થી ૧૧૩

૧) ઉત્પાદને જોવાની બે દૃષ્ટિઓ છે. ઉત્પાદ પર્યાયનો જ હોય દ્રવ્ય તો અનાદિ અનુત્પન્ન જ હોય તેથી સત્ ઉત્પાદ અને અસત્ ઉત્પાદ પર્યાયને જ લાગુ પડે.

૨) જે હતું તે ઉત્પન્ન થયું માટે સત્ ઉત્પાદ. અર્થાત્ સ્વભાવ (સત્) જેવો છે તેવી પર્યાય ઉત્પન્ન થઈ માટે સદૃશ પરિણામ તે સત્ ઉત્પાદ છે.

૩) વર્તમાન પર્યાય જ વિદ્યમાન છે. (ભાવ શક્તિ)

તે રીતે પર્યાયને વર્તમાન વિદ્યમાનરૂપે જોવી તે સત્ ઉત્પાદ. પર્યાયને ઉત્પાદરૂપે લક્ષમાં લીધી તેથી ઉત્પાદ અને વર્તમાન વિદ્યમાનતા માટે સત્ એ રીતે પર્યાયનો સત્ ઉત્પાદ.

૪) દ્રવ્ય અને પર્યાયનું તાદાત્મ્યપણું હોવાથી દ્રવ્ય પોતે સ્વભાવ અપેક્ષાએ, અપરિણામી દૃષ્ટિમાં સત્‌રૂપ રહીને પર્યાય અપેક્ષાએ પર્યાયરૂપે ઉપજે છે. તેથી જે સત્‌ને કોઈ એક દૃષ્ટિમાં (અપરિણામી) નિત્ય અવસ્થિત લક્ષમાં લેવામાં આવ્યું હતું તે હવે પર્યાય દૃષ્ટિએ પર્યાયરૂપે ઉપજે છે. તેથી દ્રવ્યને સત્ ઉત્પાદ છે. આ રીતે દ્રવ્યને સત્ ઉત્પાદ લાગુ પડે છે. અહીં કઈ પર્યાય તેની મુખ્યતા નથી. દ્રવ્ય દરેક સમયે કોઈને કોઈ પર્યાયરૂપે ઉપજે છે તે દ્રવ્યનો સત્ ઉત્પાદ છે. આ દૃષ્ટિમાં પર્યાયના સદૃશ પરિણામ અને વિસદૃશ પરિણામ એવા ભેદ લક્ષમાં લેવાની જરૂર નથી.

૫) પર્યાયને સત્ ઉત્પાદરૂપે બે દૃષ્ટિથી જોઈ શકાય છે. એક દૃષ્ટિમાં પર્યાય વર્તમાન માત્ર જ ઉત્પાદરૂપે (સત્‌રૂપે) વિદ્યમાન છે માટે સત્ ઉત્પાદ. વળી અન્ય દૃષ્ટિમાં પર્યાયના સદૃશ પરિણામને સત્ ઉત્પાદરૂપે લક્ષમાં લેવામાં આવે છે. ત્યાં તે પર્યાયને સત્ એવા શાશ્વત-એકરૂપ દ્રવ્ય સાથે સંબંધમાં લેવામાં આવે છે. સત્ એવા સ્વભાવ એકરૂપ અને સત્ ઉત્પાદરૂપ પર્યાયના અનાદિથી અનંત કાળ સુધીના એકરૂપ-(સદૃશ) પરિણામને, આ રીતે સદૃશ પરિણામને, સત્ એવા પોતાના સ્વભાવ સાથેનો સંબંધ લેવામાં આવે છે.

૬) સત્ ઉત્પાદ એ ખરેખર પર્યાયનો છે. દ્રવ્ય અને પર્યાય તો અભેદ છે. તેથી દ્રવ્ય પર્યાયરૂપે ઉપજ્યું તેને સત્ ઉત્પાદ કહીએ છીએ. આ રીતે સત્ ઉત્પાદ દ્રવ્યને પણ લાગુ પડે છે.

૭) સત્ ઉત્પાદ પર્યાયને લાગુ પડે છે. તે નિશ્ચયનું કથન છે અને સત્ ઉત્પાદ દ્રવ્યને લાગુ પડે છે તે વ્યવહારનયનું કથન છે.

૮) દ્રવ્ય પોતે નિત્યપણું ટકાવીને પર્યાયરૂપે (સત્ ઉત્પાદરૂપે) થાય છે માટે દ્રવ્ય નિશ્ચયનયે સત્ એવું નિત્યપણું અને વ્યવહારનયે પર્યાયરૂપ (સત્ ઉત્પાદ) થાય છે.

૯) દ્રવ્ય પોતે જ પર્યાયરૂપે ઉપજે છે તે અપેક્ષાએ દ્રવ્યનો સત્ ઉત્પાદએ નિશ્ચયનયનું કથન છે. અર્થાત્ પરમાર્થ કથન છે.

૧૦) અસત્ ઉત્પાદ :- જે પર્યાય વર્તમાનમાં સત્ ઉત્પાદરૂપે કઈ રીતે થઈ તેનો વિચાર કરે ત્યારે જે ભવિષ્યની પર્યાય અસત્‌રૂપે હતી તે વર્તમાનમાં સત્‌રૂપે પ્રગટ થઈ છે તેથી આ અપેક્ષાએ અસત્ ઉત્પાદ છે. અભાવ ભાવ શક્તિનું વર્ણન આવે છે ત્યાં એ જ વાત લીધી છે. ભવિષ્યની જે પર્યાય અભાવરૂપ છે તે હવે ભાવરૂપ થાય છે. અભાવ કહો કે અસત્ કહો અને ભાવ કહો કે ઉત્પાદરૂપ કહો બન્ને એક જ વાત છે તેથી અભાવનો ભાવ તે અસત્ ઉત્પાદ છે. આ રીતે પર્યાય અસત્ ઉત્પાદરૂપ છે.

૧૧) વિસદૃશ પરિણામને અસત્ ઉત્પાદ કહેવામાં આવે છે. સત્ ઉત્પાદ તે સદૃશ પરિણામ છે ત્યારે વિસદૃશ પરિણામ તે અસત્ ઉત્પાદ છે. અહીં સત્ શબ્દથી પરિણામની એકરૂપતા અને અસત્ શબ્દથી પર્યાયોની વિધવિધતા સમજાય છે.

૧૨) વિસદૃશ પરિણામ બે પ્રકારના હોય છે. એક સ્વભાવ અંતર્ગત વિધવિધતા જેમકે સ્પર્શ, રસ, રંગ વગેરેના આઠ અને પાંચ ભેદો જોવા મળે છે. પરિણામ પર સાપેક્ષતાથી પણ

વિધવિધતા દર્શાવે છે જેમકે જીવની મનુષ્ય વગેરે પર્યાયો દેહની સાપેક્ષતાવાળી છે. જીવ જે દેહને પ્રાપ્ત થાય છે તે અનુસાર પોતાનું જીવન ગોઠવે છે. તેથી જીવની મનુષ્ય પર્યાય એટલે મનુષ્ય દેહમાં રહેવાની જીવની યોગ્યતા.

૧૩) શરીર જીવ ભિન્ન છે. જીવને સત્ કહીએ તો શરીર અસત્ છે. જીવની મનુષ્ય પર્યાયને મનુષ્ય દેહ સાથેના સંબંધથી જોતા તે પર્યાય અસત્ ઉત્પાદરૂપ છે. અર્થાત્ મનુષ્ય પર્યાયને અસત્ એવા દેહ સાથે સંબંધ છે.

૧૪) આવા વિસદૃશ પરિણામો અસત્ ઉત્પાદરૂપે દ્રવ્ય થાય છે. અર્થાત્ દ્રવ્ય અને પર્યાયની એક સત્તા લક્ષમાં લેતા હવે દ્રવ્યનો અસત્ ઉત્પાદ છે એવું કથન કરવામાં આવે છે.

૧૫) જે રીતે સત્ ઉત્પાદમાં નિશ્ચય વ્યવહાર લાગુ પાડવામાં આવ્યો છે એ રીતે અસત્ ઉત્પાદમાં પણ નિશ્ચય અને વ્યવહાર લાગુ પડે છે.

ગાથા ૧૧૧ પર્યાયને જોવાની બે દૃષ્ટિઓ સાદૃશ પરિણામ સત્ ઉત્પાદ અને વિસદૃશ પરિણામ અસત્ ઉત્પાદ.

ગાથા ૧૧૨ દ્રવ્યને જોવાની બે દૃષ્ટિઓ અપરિણામી દૃષ્ટિમાં દ્રવ્ય સત્ સ્વરૂપ છે. તે દ્રવ્ય પર્યાયરૂપે ઉપજે છે તેથી તે દૃષ્ટિમાં તે દ્રવ્ય સત્ ઉત્પાદરૂપ છે.

ગાથા ૧૧૩ દ્રવ્યનો અસત્ ઉત્પાદ છે બે અપેક્ષાએ કહી શકાય છે.

૧) જે ભવિષ્યની પર્યાય અસત્રૂપ હતી તે વર્તમાનમાં સત્રૂપ થઈ તેથી દ્રવ્ય આ અપેક્ષાએ અસત્ ઉત્પાદરૂપ થયું છે.

૨) પર્યાયના વિસદૃશ ભાગને લક્ષમાં લેતા પરિણામોની વિધવિધતા છે માટે ત્યાં તે દ્રવ્ય આવી પર્યાયરૂપે ઉપજે છે માટે તે દ્રવ્યનો અસત્ ઉત્પાદ છે.

ગા. ૧૧૧માં પર્યાયમાં સત્ ઉત્પાદ અને અસત્ ઉત્પાદ જોયા બાદ તેને દ્રવ્યમાં લાગુ પાડીને દ્રવ્યના સત્ ઉત્પાદ અને અસત્ ઉત્પાદ કહી શકાય છે. ગા. ૧૧૨માં દ્રવ્યને સત્ ઉત્પાદરૂપ જોવામાં આવે છે ત્યારે પર્યાયના ઉપરોક્ત બે પ્રકારના ભેદની વાત લેવામાં આવતી નથી. ત્યાં તો દ્રવ્ય પર્યાયરૂપે ઉત્પન્ન થાય છે એટલી જ અપેક્ષા છે. પર્યાય કેવી છે તેનો વિચાર કરવાનો રહેતો નથી. ગા. ૧૧૩માં ફરીને એક અન્ય પ્રકારે પર્યાયના બે ભેદ વિચારવામાં આવે છે. ભવિષ્યની પર્યાય વર્તમાનરૂપ થઈ માટે તેને અસત્ ઉત્પાદરૂપ કહી છે ત્યાં પર્યાયની સદૃશતા કે વિસદૃશતાની વાત નથી. આ દૃષ્ટિમાં સદૃશ પર્યાય પણ અસત્ ઉત્પાદરૂપ છે. વિસદૃશ પર્યાયતો અસત્ ઉત્પાદરૂપ છે જ. તેથી આ ગાથામાં પર્યાયના અસત્ ઉત્પાદને બે અપેક્ષાએ ખતવવામાં આવે છે અને તેને દ્રવ્યમાં લાગુ પાડવામાં આવે છે.

## ◆ ગાથા - ૧૧૪

**દ્રવ્યાર્થિકે બધું દ્રવ્ય છે; ને તે જ પર્યાયાર્થિકે**
**છે અન્ય, જેથી તે સમય તદ્રૂપ હોઈ અનન્ય છે. ૧૧૪.**

***દ્રવ્યાર્થિક (નય) વડે સઘળું દ્રવ્ય છે; અને વળી પર્યાયાર્થિક (નય) વડે તે (દ્રવ્ય) અન્ય-અન્ય છે, કારણકે તે કાળે તન્મય હોવાને લીધે (દ્રવ્ય પર્યાયોથી) અનન્ય છે.***

પદાર્થ દ્રવ્ય-પર્યાયરૂપ છે. તે પદાર્થ ખરેખર અખંડ, અભેદ, એકત્વરૂપ એક સત્મય છે. પદાર્થનું એક અસ્તિત્વ હોવાથી તેનું એક ક્ષેત્ર છે. તે પદાર્થ પ્રમાણ જ્ઞાન વડે જાણી શકાય છે. તે નય જ્ઞાનનો વિષય પણ થાય છે. આપણે વર્તમાનમાં નયજ્ઞાન વડે જાણીએ છીએ તેથી આ ગાથામાં આ બે નય-

દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક વડે વસ્તુ કેવી જણાય છે તે અહીં સમજાવવામાં આવે છે.

પ્રમાણ જ્ઞાન વસ્તુના સ્વરૂપને યથાર્થરૂપે દર્શાવે છે. તેનો વિષય આખો પદાર્થ છે. તે જ્ઞાન વસ્તુના પરિપૂર્ણ સ્વરૂપને બધે પડખેથી જાણે છે. નય જ્ઞાનનો વિષય વસ્તુનો એક વિધિપૂર્વકનો અંશ છે. તેથી એ અપેક્ષાએ નય જ્ઞાનનો વિષય આખો પદાર્થ નથી. અર્થાત્ નય જ્ઞાનને મર્યાદા હોવાથી તે માત્ર કોઈ એક ભેદને જ દર્શાવી શકે છે. પદાર્થ અનંત ધર્માત્મક છે. એક એક ધર્મને વિષય કરનાર એક નય લઈએ તો અનંત નયો થાય. શબ્દો મર્યાદિત છે. સમજવા-સમજાવવામાં શિષ્ય અને ગુરુ વચ્ચે શબ્દો માધ્યમ બને છે. તેથી નય દ્વારા જ આ શક્ય બને છે. કેવળજ્ઞાન એ પ્રમાણજ્ઞાન છે. તેને અનુસરનારી દિવ્ય ધ્વનિ એકાક્ષરી છે તેથી ત્યાં ક્રમ. નથી પરંતુ સમજનાર નય વિભાગથી જ સમજી શકે છે માટે ભગવાનની વાણીને પણ દ્વિ નયાશ્રિત ગણવામાં આવે છે. અરિહંત પરમાત્માની પરંપરામાં અન્ય આચાર્યો અને જ્ઞાની ગુરુ દ્વારા જે સમજાવવામાં આવે છે તે નય વિભાગથી જ હોય છે. અહીં આ ગાથાઓ દરેક પદાર્થની સ્વ વ્યવસ્થાને સમજાવનારી હોવા છતાં, અર્થાત્ દરેક પદાર્થો દ્રવ્યપર્યાયરૂપ હોવા છતાં, અહીં આપણે જીવની મુખ્યતાથી વિચારવું રહ્યું. પ્રમાણ જ્ઞાન દ્વારા સ્વાનુભૂતિ સમજવી રહી. આત્માનો અનુભવ કરનાર અન્ય પાત્ર જીવોને આત્માનું સ્વરૂપ સમજાવી શકે છે. એ ગુરુ શિષ્યને કેવી રીતે સમજાવે છે તે વિચારીએ.

| **ગુરુ** | **શિષ્ય** |
|---|---|
| પ્રમાણ જ્ઞાન | પ્રમાણ જ્ઞાનનો અભાવ |
| સમ્યક્ નય | મિથ્યા - (એકાંત) નય |
| | ↓ |
| | અનુમાન પ્રમાણ |

જ્ઞાની ગુરુને સ્વાનુભૂતિ હોવાથી તેણે પોતાના આત્માને જાણ્યો છે. સ્વાનુભૂતિ એ નયાતિક્રાંત દશા છે. ગુરુ જ્યારે શિષ્યને સમજાવવા માગે છે ત્યારે તે ભેદમાં આવીને સમજાવે છે. અનુભૂતિ એ અભેદ છે અને નય એ ભેદ છે. શિષ્ય સીધે સીધું વસ્તુ સ્વરૂપ જાણી શકે તેમ નથી. તેની ક્ષમતા માત્ર ગુણ ભેદને જાણી શકે એટલી જ છે. માટે જો ગુરુ સમજાવવા માગે તો તે પણ ગુણ ભેદમાં આવીને જ સમજાવી શકે. તેથી તે પ્રમાણજ્ઞાનપૂર્વક નય જ્ઞાન વડે સમજાવે છે. સમજનારને પ્રમાણજ્ઞાન કે નયજ્ઞાન કાંઈ નથી. તે ગુરુ પાસેથી નયજ્ઞાન વડે સમજે છે. ગુરુ ગુણભેદનું વર્ણન કરે છે અને શિષ્ય તે સમજે છે. ગુરુ અને શિષ્ય બન્ને નય દ્વારા સમજે છે. અહીં આપણે થોડું વિશેષ વિચારીએ.

## સમ્યક્નય અને મિથ્યાનય

જેને પ્રમાણ જ્ઞાન હોય છે તેને નયજ્ઞાન સાચું હોય છે. પરસ્પર વિરોધી દેખાતા ધર્મો પણ વસ્તુમાં અવિરોધપણે રહેલા છે. જ્યાં એકબીજાથી જુદાપણું છે ત્યાં તાદાત્મ્યપણું પણ છે. વસ્તુનું અનેકાંત સ્વરૂપ સ્યાદવાદ શૈલીથી જ સારી રીતે સમજી શકાય છે. જેને યથાર્થ જ્ઞાન થાય છે તેને નયોનો વિરોધ મટી જાય છે. એકાંત નય મિથ્યા છે જ્યારે સાપેક્ષનય સમ્યક્ છે. તેથી જ્ઞાનીના નયો સાચા છે. જ્ઞાની જ્યારે નય વિભાગથી સમજાવે છે ત્યારે તે સમ્યક્નય વડે સમજાવે છે. તે પ્રમાણ જ્ઞાનપૂર્વક નયમાં આવે છે. બધા ધર્મો પદાર્થ પાસે એકત્વ હોવાથી એકબીજા સાથે સંબંધથી જોડાયેલા છે. તેમાંથી એક ધર્મને જુદો પાડીને જ્ઞાની સમજાવે છે. અજ્ઞાની પાસે એ ભૂમિકા નથી. તેથી અજ્ઞાની તો જે ધર્મ સમજાવે તેટલું જ લક્ષમાં લઈ શકે છે. આપણે અન્યમતિની વાત નથી કરતા. શિષ્યને એકાંતનો દુરાગ્રહ નથી. તે સાચું સમજવા માગે છે. મારે ભેદને જાણીને અભેદ સુધી પહોંચવાનું

છે તેવો તેને ખ્યાલ છે. ગુરુએ એવી પૂર્વભૂમિકા બાંધી આપી છે તેથી પાત્ર જીવ નય વિભાગથી સમજે છે ત્યારે ભલે તેના નયો મિથ્યા છે પરંતુ તે એકાંતવાદી જેવા નથી. શિષ્ય ભેદને જાણીને ત્યાં અટકતો નથી. ભેદ દ્વારા તે અભેદ તરફ જવા માગે છે તે માટેનો પ્રયત્ન પણ તે કરે છે. વિકલ્પની ભૂમિકામાં પણ તે નયના વિષયોને સામ સામા અથડાવતો નથી પરંતુ તેમનો સુમેળ સમજવા માગે છે, તે મનના સંગે એક સાચુ ચિત્ર તૈયાર કરવા લાગે છે.

આટલી ભૂમિકાને સમજીએ ત્યારે જ્ઞાની પ્રમાણ જ્ઞાનપૂર્વક નયના વિષયમાં (ભેદમાં) આવે છે અને નય વિભાગથી સમજાવે છે. પાત્ર જીવ વસ્તુના એક ભેદને જાણીને તેના દ્વારા અભેદ સુધી પહોંચવાનો પ્રયત્ન કરે છે. અલગ અલગ ભેદોનો સમન્વય કરે છે. જ્ઞાની અનુભવ પ્રમાણમાં સ્થિત છે. જ્યારે શિષ્ય અનુમાન પ્રમાણ વડે વસ્તુનો યથાર્થ નિર્ણય કરે છે. તેને અનુમાન પ્રમાણથી સંતોષ નથી તેથી તે આગળ વધીને અનુભવ કરે છે. નય દ્વારા સમજવા અને સમજાવવાની આ પદ્ધતિને ખ્યાલમાં રાખીને હવે આગળ અભ્યાસ કરીએ.

પ્રમાણ જ્ઞાનનો વિષય આખો પદાર્થ છે અને નયનો વિષય તે પદાર્થનો એક અંશ છે એવું યથાર્થ જ્ઞાન કર્યા પછી હવે ફરીથી વિચારીએ ત્યારે ખ્યાલ આવશે કે બન્નેનો વિષય આખો પદાર્થ છે. સાપેક્ષ નયો લક્ષમાં લેવાથી એક નયથી જ્યારે વાત કરીએ ત્યારે બીજા નયના વિષયનો ગર્ભિત સ્વીકાર આવી જાય છે. વસ્તુ કથંચિત્ નિત્ય છે એમ કહીએ ત્યારે તે વસ્તુ કથંચિત્ અનિત્ય છે. એવું તેમાં આવી જાય જ છે. તેથી નયજ્ઞાન મુખ્ય-ગૌણ કરીને આખી વસ્તુને જાણે છે. જ્યારે પ્રમાણ જ્ઞાનમાં મુખ્યગૌણપણું નથી એવો તફાવત છે. પ્રમાણ જ્ઞાનમાં બધા ધર્મો યુગપદ જણાય છે. ત્યાં મુખ્યગૌણ નથી પરંતુ દ્રવ્ય સામાન્ય કિંમતી અંશ છે તેથી તે રીતે જ જણાય છે અર્થાત્ બધા ધર્મો તેની કિંમત સહિત એકી સાથે જણાય છે.

**નયજ્ઞાન વડે શું જણાય ?**

૧) નયજ્ઞાનનો જે વિષય હોય તે જણાય. દ્રવ્યાર્થિકનયનો વિષય દ્રવ્ય સામાન્ય છે માટે તે નય દ્વારા દ્રવ્ય સામાન્ય જણાય.

૨) નયજ્ઞાન વડે આખો પદાર્થ જણાય. મતિજ્ઞાન વડે વસ્તુનો એક ધર્મ જણાય છે તે દ્વારા શ્રુતજ્ઞાન આખા પદાર્થનું જ્ઞાન કરી લે છે. ગળપણના સ્વાદ મારફત સાકર જાણી શકાય છે. બધા ધર્મો જાણીએ તો જ ધર્મી જાણી શકાય એવું હોય તો ધર્મી કયારેય જાણી ન શકાય. વળી નય જ્ઞાન માત્ર એક ધર્મને જણાવે એટલું જ હોય તો તે ધર્મને જાણવાથી પ્રયોજન સિદ્ધ ન થાય. દ્રવ્ય લક્ષ્ય છે અને ગુણ તેનું લક્ષણ છે. લક્ષ્ય લક્ષણની એક સત્તા છે. જેને લક્ષણ જણાય છે તે લક્ષણ દ્વારા લક્ષ્ય સુધી પહોંચી શકે છે. આપણે ઈન્દ્રિય જ્ઞાન વડે રૂપી પદાર્થોને એ રીતે જ જાણીએ છીએ માટે નયજ્ઞાન દ્વારા આખો પદાર્થ-અનંત ધર્માત્મકરૂપે જાણી શકાય છે.

૩) નયજ્ઞાન વડે એ આખો પદાર્થ એક ધર્મરૂપે જ જાણવામાં આવે છે. અસ્તિત્વની મુખ્યતાથી આખો પદાર્થ સત્‌મય ભાસે છે. ચેતન ગુણની મુખ્યતા કરતા આત્મા ચેતાયિતારૂપે ભાસે છે. સ્પર્શ-રસ વગેરે ગુણોની મુખ્યતાથી પુદ્‌ગલ દ્રવ્યરૂપી છે. આગલા બોલમાં પદાર્થ અનંત ધર્માત્મકરૂપે લક્ષમાં આવ્યો હતો જ્યારે આ બોલમાં તે એક ધર્માત્મકરૂપે લક્ષગત થાય છે.

૪) નયજ્ઞાન વડે આખો પદાર્થ એક ધર્માત્મકરૂપે જણાય છે. તે પદાર્થ અનંત ધર્માત્મક હોવાથી હવે એ પદાર્થના અન્ય ધર્મો પણ એ ધર્મરૂપ લક્ષમાં આવે છે. ગાથા ૧૦૭માં આપણે એક

ગુણનો વિસ્તાર કઈ રીતે લેવામાં આવે છે તે શિખ્યા છીએ. સત્ અસ્તિત્વ ગુણનો ધર્મ છે. તે સત્ આખા પદાર્થને લાગુ પાડતા પદાર્થ સત્‌મય છે. તે પદાર્થ અનંત ધર્માત્મક હોવાથી હવે તે સત્ અન્ય ગુણોને અને પર્યાયોને પણ લાગુ પડે છે. આ રીતે નયજ્ઞાન વડે, આ ચાર અપેક્ષાઓ વિચારતા, ઘણું જાણી શકાય.

**તેથી નયજ્ઞાન વડે:** ૧) ચેતન ગુણ જણાય.
૨) જીવ જણાય. (પ્રમાણ જ્ઞાનના વિષયરૂપે)
૩) જીવ ચેતનરૂપ જણાય.
૪) જીવના અન્યગુણો અને બધી પર્યાયો ચેતનરૂપ જણાય.

**નયજ્ઞાન વડે:** ૧) સ્પર્શ વગેરે ગુણો રૂપી જણાય.
૨) પુદ્‌ગલ દ્રવ્ય જણાય.
૩) પુદ્‌ગલ દ્રવ્યરૂપી દ્રવ્યરૂપે જણાય.
૪) પુદ્‌ગલના અન્ય ગુણો અને પર્યાયોરૂપી કહી શકાય.

દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયથી જ્યારે વિચાર કરીએ ત્યારે થોડી મુંઝવણ થાય. દ્રવ્યાર્થિક નય વસ્તુના નિત્ય સ્વભાવને દર્શાવે છે જ્યારે પર્યાય પર્યાયાર્થિક નયથી જણાય છે. એક સમયે એક નયથી જાણપણું થાય છે. માટે દ્રવ્ય સ્વભાવ જોવો હોય તો પર્યાયનું લક્ષ છોડવાથી જ દ્રવ્ય જાણી શકાય છે. આવી વાત સાંભળીને નજર એક સ્થાનેથી બીજા સ્થાને લઈ જવાની છે એવું લાગે. વળી દ્રવ્ય અને પર્યાય (કથંચિત્) જુદા છે. એવું ખ્યાલમાં રાખીને વસ્તુને ઘંટીના બે પડ જેવી માની લેવામાં આવે છે. ખરેખર વસ્તુ એવી નથી. બે પડરૂપ માનવામાં બે વચ્ચે પ્રદેશભેદ આવે છે તેથી વસ્તુના સ્વરૂપને સાચા અર્થમાં સમજવા માગે તેણે વસ્તુને અખંડ એક સત્‌મય અને એક અખંડ ક્ષેત્રરૂપે લક્ષમાં લેવી રહી. અર્થાત્ જ્યાં દ્રવ્ય સામાન્ય ત્રિકાળ સ્વભાવ છે ત્યાં જ પર્યાય છે અને જ્યાં પર્યાયનું બદલતું સ્વરૂપ જોવા મળે છે ત્યાં જ અન્વયરૂપ દ્રવ્ય રહેલું છે. તેથી ક્ષેત્રમાં ફેર નથી કરવાનો માત્ર અપેક્ષા જ ફેરવવાની છે. સોનાનો દાગીનો પડયો છે. તે એક દૃષ્ટિમાં હારરૂપે અને બીજી દૃષ્ટિમાં સોનારૂપે જોઈ શકાય છે.

બધા જીવો અનાદિ કાળથી પર્યાય દૃષ્ટિ જ છે. પર્યાયમૂઢ જ છે. જીવ અને શરીરને એક અસમાન જાતીય પર્યાયરૂપે લક્ષમાં લેવાની ટેવ છે. હું મનુષ્ય છું એવું એ માને છે. ત્યાં જીવ અને શરીર બે તદ્દન અલગ દ્રવ્યો છે તે તેના ખ્યાલમાં નથી આવતું તેથી તેને પર્યાયમૂઢ ગણ્યા છે. એક પદાર્થને લક્ષમાં લેતાં સમયે પણ તે પર્યાયના બદલતા સ્વરૂપમાં રાચે છે. તેને એકરૂપ દ્રવ્ય સામાન્ય સ્વરૂપ સુધી જવાની જરૂર નથી લાગતી. દૃષ્ટાંત : આપણે દૂધ-દહીં-માખણ અને ઘીનો ઉપયોગ કરીએ છીએ પરંતુ ગોરસના સ્વરૂપને જાણવાની જિજ્ઞાસા આપણને થતી નથી. તેવી જરૂરીયાત જણાતી નથી. અન્ય દૃષ્ટાંતમાં આપણે દાગીના ખરીદવા જઈએ છીએ ત્યારે તે સોનાના જ છે એટલું પાકુ કરી લઈએ છીએ પરંતુ ત્યારબાદ પણ ઘાટની જ અધિકતા રહ્યા કરે છે. એકરૂપ સ્વભાવનો કંટાળો આવે છે. વિધવિધતામાં મઝા પડે છે. આ આપણી હાલત છે. તેથી જિનાગમમાં પર્યાયના ભેદોને ગૌણ કરીને સ્વભાવ સન્મુખ થવાનો ઉપદેશ જોવા મળે છે. વસ્તુને પર્યાયાર્થિક નયથી જોવાનું છોડીને દ્રવ્યાર્થિક નયથી જોવાનું કહેવામાં આવે છે. આ કાર્ય કઈ રીતે થાય ? જવાબ સીધો છે. પર્યાય તરફ જોવાને બદલે દ્રવ્ય સ્વભાવ સામે નજર નાખો પર્યાયાર્થિક નયથી જોવાનું બંધ કરો. વાસ્તવિકતા એ છે કે રીત કોઈ

જુદી જ છે. સૌ પ્રથમ દ્રવ્ય પર્યાયરૂપ વસ્તુ સ્વરૂપ કેવું છે તે ગુરુગમે નક્કી કરો. ''છોડયા વિના સ્વભાવને, ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્ત જે'' એ રીતે દરેક પર્યાયમાં દ્રવ્ય અન્વયરૂપ રહે છે. હવે ગુરુગમે દ્રવ્ય સામાન્યનું સ્વરૂપ શું છે તે લક્ષમાં લેવું રહ્યું. ત્યારબાદ જે પર્યાયને આપણે જોઈએ છીએ. પર્યાયના બદલતા સ્વરૂપમાં અન્વયરૂપ દ્રવ્ય સામાન્ય જ વ્યાપેલું છે. તેથી જો પર્યાયમાં તે દ્રવ્ય સામાન્ય સ્વરૂપ શોધવાનો પ્રયત્ન કરીએ તો તે ત્યાં જોવા મળે છે. અર્થાત્ પર્યાયમાં જ દ્રવ્ય સામાન્ય જોવા મળે છે. તમારે નજર ફેરવવાની જરૂર નથી. આવી આપણને ટેવ છે સીનેમાં કે ટીવી જોતા સમયે આપણે નટ અને નટીઓને અનેક પ્રકારના સ્વાંગમાં જોઈએ છીએ ત્યારે પણ આપણે તેને અસલ સ્વરૂપમાં ઓળખી લઈએ છીએ. એજ અહીં કરવાનું છે. પર્યાય સ્વાંગ છે અને સ્વભાવ તે સ્વાંગનો ધરનારો છે. તેથી પર્યાયમાં જ સ્વભાવનો નિર્ણય કરવાનો રહે છે.

ગાથાની ટીકામાં પર્યાયાર્થિક નયથી જોવાનું બંધ કરીને દ્રવ્યાર્થિક નયથી જોઈએ તો દ્રવ્ય સ્વભાવ અન્વયરૂપે લક્ષમાં આવે. દ્રવ્યાર્થિક નયથી ન જોતા જો પર્યાયાર્થિક નયથી જોઈએ તો ત્યાં મનુષ્ય-દેવ વગેરે અન્ય-અન્યપણું લક્ષમાં આવે. તથા પ્રમાણ જ્ઞાનથી જોતા વસ્તુ અન્ય અન્ય અને અનન્યરૂપે એમ બન્ને રૂપે જોવા મળે એમ લીધું છે. પર્યાયાર્થિક નયથી અન્ય-અન્યપણાની વાત લીધી છે ત્યાં અગ્નિનો દૃષ્ટાંત લીધો છે. અગ્નિની પર્યાય બળવાલાયક પદાર્થના આકારે થાય છે તેમ જીવની પર્યાય દેહના આકારે થાય છે. જીવ જે દેહ ધારણ કરે તે દેહમાં તેને અનુરૂપ થઈને રહેવારૂપ જીવના ભાવ થાય છે. પદાર્થને પ્રમાણ જ્ઞાન અને નયજ્ઞાન વડે જોઈ શકાય છે. ત્યાં નયોના જેટલા વિષયો છે તે બધા પ્રમાણ જ્ઞાનમાં આવી જાય છે. આ રીતે આ ગાથા પ્રમાણ જ્ઞાનમાં જીવ કેવો દેખાય છે તે સમજાવવા માટે લીધી છે. ત્યાં જ્ઞાન તો પદાર્થને જેમ છે તેમ જાણી લે છે પરંતુ પ્રમાણ જ્ઞાનમાં જે જણાયું તેનું વર્ણન કરવું હોય તો નયજ્ઞાનરૂપે જ તેનું વર્ણન શક્ય છે તેથી બે નયથી વાત કરીને પછી પ્રમાણજ્ઞાન આ બધું જાણે છે એમ લેવામાં આવ્યું છે.

## સારાંશ

મોટા ભાગના જીવો તો પોતે કોણ છે તે સમજવાનો પ્રયત્ન જ નથી કરતાં. કોઈ જીવો પોતાના સ્વરૂપને સમજવાનો પ્રયત્ન કરે ત્યારે કોઈ એક નયથી વસ્તુના સ્વરૂપને લક્ષમાં લઈને વસ્તુ તેવડી જ છે એવી એકાંત માન્યતા ધરાવતા થાય છે. આમાં મોટા ભાગના જીવો તો પોતાને વ્યવહાર જીવરૂપે લક્ષમાં લેતા હોય છે. કોઈ પાત્ર જીવ જ્યારે સાચા દેવ-શાસ્ત્ર-ગુરુના યોગમાં આવે છે ત્યારે પોતે અનેકાંત સ્વરૂપ છે એવો પહેલો પાઠ શીખે છે. અનેકાંતનો તેને સાચો સંપૂર્ણ ખ્યાલ નથી આવતો પરંતુ અનેકાંતનો સ્વીકાર તેને સાચું સમજવામાં સહાયક થાય છે. શ્રી ગુરુ તેને સમજાવે છે કે તારુ જ્ઞાન પદાર્થને સીધુ જાણી શકે તેમ નથી. પદાર્થના ભેદને ગ્રહણ કરવાની જ તારી ક્ષમતા છે. માટે હું તને નયવિભાગથી વસ્તુના ભેદને દર્શાવીશ. મારે તને અભેદ સ્વભાવ સમજાવવો છે અને તું પણ અખંડ તત્ત્વને સમજવાની ઈચ્છા રાખી રહ્યો છે. ભેદ દ્વારા અભેદને સારી રીતે સમજાવી શકાય છે માટે તું તે રીતે સમજવા માટે તૈયાર થા. હું અખંડના જ્ઞાનપૂર્વક તે જ અભેદના ભેદમાં આવીને તને ભેદ દ્વારા સમજાવીશ. તે સમ્યક્નયનો પ્રકાશ હશે. તું જ્યારે આ ભેદને સમજીશ ત્યારે તને અભેદનું જ્ઞાન ન હોવાથી તું નય વિભાગથી જે ધર્મને જાણીશ તે એકાંતનય હશે. નિરપેક્ષ નય હશે. મિથ્યાનય હશે. પરંતુ તે અનેકાંત સ્વરૂપ વસ્તુનો જ ભેદ છે તેવી તારી સમજણ હોવાથી તું ભેદને જાણીને ત્યાં અટકીશ નહીં. અન્ય ભેદને પણ એ

રીતે જાણવાનો પ્રયત્ન કરીશ અને પ્રમાણ જ્ઞાનના વિષયભૂત પદાર્થ સુધી પહોંચવા માટે પ્રયત્ન કરીશ. લૌકિકમાં ઈન્દ્રિય જ્ઞાન વડે તો ગળપણ ઉપરથી સાકર અને ખટાશ મારફત લીંબુનું જ્ઞાન થાય છે. ત્યાં પણ નયજ્ઞાન છોડીને તેને શ્રુતજ્ઞાન વડે લંબાવીને પદાર્થનું જ્ઞાન થાય છે. તેમ સ્વાનુભૂતિ માટે પણ નયજ્ઞાનનો આગ્રહ છોડીને નયાતિક્રાંત થવું પડે છે. ત્યારે જ ભાવશ્રુત પ્રમાણ જ્ઞાનમાં અનુભવ થાય છે. આ રીતે નયોનું સ્થાન પગથિયા જેવું છે. નયને પહેલા ગ્રહણ કરીને પછી છોડવા જોઈએ તો જ અનુભૂતિ થાય છે. એવી નિર્વિકલ્પ અનુભૂતિ લાંબો સમય ટકતી નથી અને વિકલ્પ આવે છે ત્યારે ફરી નયજ્ઞાન વડે વસ્તુને જાણે છે. આ અનુભવ પછીના નયો છે. બન્ને નયોનું જ્ઞાન છે તેથી જ્યારે એક નયને મુખ્ય કરીને જાણે છે ત્યારે અન્ય નયના વિષયનો ગૌણ પણે તેને સ્વીકાર છે. આ અપેક્ષાએ સમ્યક્નયનો વિષય એક અંશપણ છે અને મુખ્ય ગૌણ શૈલીમાં આખો પદાર્થ પણ છે. મિથ્યાનય વડે જાણતા વસ્તુ ખંડિત થતી હતી જે હવે સમ્યકનયમાં ખંડિત થતી નથી. વસ્તુ અનેકાંત સ્વરૂપ છે એવી પ્રાથમિક સમજણ પાત્ર જીવને નય વિભાગ દ્વારા વસ્તુ સ્વભાવ સુધી પહોંચવામાં સહાયક છે.

આ ગાથામાં જીવ અને તેની મનુષ્યાદિ પર્યાયોની વાત લીધી છે. તેમાં આપણે જીવ અને વર્તમાન મનુષ્ય પર્યાયથી જ વિચાર કરીએ. અજ્ઞાની જીવ તો મનુષ્ય દેહમાં જ હુંપણું માનીને બેઠો છે તેને જીવ અને તેની પર્યાયનું કાંઈ ભાન નથી. અન્ય કોઈ દેહ ઉપરાંત જીવની હા પાડે છે પરંતુ તેને જીવના સ્વરૂપની કાંઈ ગતાગમ નથી. શાસ્ત્રમાં અસમાન જાતીય વિભાવ વ્યંજન પર્યાય એવો શબ્દ આવે છે તેથી તે જીવનો જ્યારે વિચાર કરે ત્યારે તેને દેહમાં અવગાહીને રહ્યો છે તેથી દેહ પ્રમાણ તેનો આકાર અને કદ છે એ રીતે જીવને લક્ષમાં લે છે. અર્થાત્ પ્રદેશત્વ ગુણની મુખ્યતાથી જ તે જીવની મનુષ્ય પર્યાયને ઓળખે છે. મનુષ્ય પર્યાય એટલે મનુષ્ય દેહમાં તેને અનુરૂપ થઈને રહેવાની જીવની યોગ્યતા એવી ચોખવટ તેને નથી.

સામાન્ય રીતે આપણે પ્રમાણ જ્ઞાનનો વિચાર કરીએ ત્યારે દ્રવ્ય અને પર્યાય બેનો જ વિચાર કરીએ. પર દ્રવ્યનો વિચાર ન કરીએ, પરંતુ અહીં જ્યારે જીવ અને તેની મનુષ્ય પર્યાય એનો વિચાર કરીએ છીએ ત્યારે મનુષ્યદેહની વાત પણ સાથે લેવી જરૂરી છે. જીવમાં જેમ મોહ-રાગ-દ્વેષ એવા પરિણામો અશુદ્ધ પર્યાયો છે નૈમિત્તિક ભાવો છે. તેમ મનુષ્ય પર્યાયરૂપે થવું એ પણ અશુદ્ધપણું છે. જીવના વિભાવ પરિણામનું તે ફળ છે. માટે જીવ મનુષ્યરૂપે પરિણમે છે. તે વાત જીવના દોષરૂપે વિચારવાની રહે છે.

| | | |
|---|---|---|
| જીવ | મનુષ્યપર્યાય | મનુષ્યદેહ |
| જીવ | મોહ-રાગ-દ્વેષ પર્યાય | દ્રવ્ય કર્મનો ઉદય |
| જીવ | જ્ઞેયાકાર જ્ઞાન | પરજ્ઞેય |

અજ્ઞાની જીવ કર્મના ઉદયમાં જોડાય છે. પોતાને ભૂલીને તેની સાથે એકપણું માને છે ત્યારે પોતે શુદ્ધ પર્યાયરૂપે ન પરિણમતાં મોહ-રાગ અને દ્વેષ એવા અજ્ઞાનમય અશુદ્ધ ભાવરૂપે પરિણમે છે. શાસ્ત્રમાં ધ્યાનાવિષ્ટ અને ભૂતાવિષ્ટના દૃષ્ટાંતો આવે છે. પોતે મનુષ્ય હોવા છતાં પાડાનું ધ્યાન કરતા પોતે પાડો થઈ ગયો એવું માનીને પાડા જેવું આચરણ કરવા લાગે છે. તેમ જીવ પોતે શરીરથી પોતાનું અત્યંત ભિન્નપણું સદાયને માટે ટકાવીને રહેલો છે. છતાં સંસાર અવસ્થામાં એ જે દેહ ધારણ કરે છે તેમાં હુંપણું માનીને દેહને અનુરૂપ પોતાની પર્યાય કરી લે છે. તેથી જ્યારે જીવ અને તેની મનુષ્ય પર્યાય એમ બન્નેનું જ્ઞાન કરવામાં આવે ત્યારે આ મનુષ્ય પર્યાય મને શોભા આપતી નથી એ રીતે આપણી સમજણ થવી જોઈએ, મનુષ્યદેહને જાણતા

જ્ઞાનની પર્યાય જ્ઞેયાકાર થાય પરંતુ શરીર જ્ઞાનમાં (જીવમાં) આવી જતું નથી તેથી જ્ઞેય જ્ઞાયક સંકરદોષથી કેવી રીતે બચવું અને મિથ્યાત્વ કેવી રીતે અટકાવવું એ દિશામાં પ્રયત્ન ચાલુ કરવા જોઈએ.

મોહ રાગ-દ્વેષ છોડવા જોઈએ એવું આપણે વિચારતા આવ્યા છીએ. વિભાવ પરિણામને દ્રવ્યકર્મ સાથે નિયમભૂત નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે એ વાત પણ આપણે ખ્યાલમાં લીધી છે. કર્મના ઉદયમાં ન જોડાતા જીવ પોતાના સ્વભાવમાં સ્થિત રહે તે જરૂરી છે એવું સમજીને એ પ્રકારે કરવા તૈયાર થઈએ છીએ. પરંતુ એ જ વાત અહીં જ્યારે મોહ રાગ-દ્વેષના સ્થાને મનુષ્ય પર્યાયથી વિચારીએ ત્યારે મુશ્કેલ બની જાય છે. દ્રવ્યકર્મ કે તેનો ઉદય ઈન્દ્રિય જ્ઞાનનો વિષય થતો નથી. તેથી ત્યાંથી દૃષ્ટિ હઠાવવામાં આપણને મુશ્કેલી જણાતી નથી પરંતુ શરીરની ઉપેક્ષા જીવ કરી શકતો નથી. શરીર ઈન્દ્રિય જ્ઞાનમાં જણાય છે એટલું જ પર્યાપ્ત નથી. જીવે તેની સાથે અનાદિકાળથી ખુબ તાણાવણા વણ્યા છે. તેમાં હુંપણું સ્થાપીને શરીરરૂપે જ અનાદિકાળથી પરિણમન કરતો આવ્યો છે. શરીરથી જાુદુ પોતાનું અસ્તિત્વ અજ્ઞાની જીવે સ્વીકાર્યું જ નથી, ભવાંતરમાં જે દેહ સંયોગરૂપ પ્રાપ્ત થાય છે. તેમાં, કોઈના શિખવ્યા વિના, હુંપણું કરી લે છે. તે પ્રમાણેનું જીવન શરૂ કરી દે છે. શરીરની નાની સરખી પ્રતિકૂળતામાં પણ શરીરમાં એકાકાર થાય છે. શરીરની અનુકૂળતા સમયે દેહ અને જીવ જાુદા છે એવી વાતો કરનારા પણ આંખમાં કણુ સહન કરી શકતા નથી. શારીરિક રોગ સમયે તત્ત્વનું ચિંતવન ભૂલી જાય છે.

બે પદાર્થ જાુદા હોવા છતાં તેને એક માનવા તે મિથ્યાત્વ છે. તેથી જીવ અને શરીરને એક માનવા તે મિથ્યાત્વ છે. શરીરમાંથી એકત્વબુદ્ધિ છોડવી દેહાધ્યાસ છોડવો તે સમ્યગ્દર્શન છે. તેથી દ્રવ્યકર્મના ઉદયની વાત ગૌણ કરીને શરીરથી ભેદજ્ઞાન કેવી રીતે કરવું તેના તરફ લક્ષ આપવા જેવું છે. માત્ર મરણ સમયે જ જીવ અને શરીર જાુદા પડે છે એમ નથી. વર્તમાનમાં જીવ અને શરીર જાુદા જ છે. બન્નેના પરિણામના મેળ વિશેષથી બન્ને એક જેવા દેખાય છે. પોતાની ઈચ્છા મુજબ શરીરના કાર્ય થાય છે. ત્યારે પણ જીવ અને શરીર બન્નેના સ્વતંત્ર પરિણમન છે. જીવ શરીરની ક્રિયા કરી શકતો નથી અને શરીરના ફેરફારને ભોગવતો નથી. પોતે શરીરની ક્રિયાને કરે છે એવું માને ત્યારે પણ જીવ પોતાના પરિણામને જ કરે છે અને પોતાના પરિણામોને જ ભોગવે છે. આ રીતે બન્નેના સ્વતંત્ર પ્રવાહ જોવા જઈએ તો લક્ષમાં આવી શકે છે. પાત્ર જીવ સૌ પ્રથમ આ રીતે જીવ અને શરીરના ભિન્ન પ્રવાહોને જોવાની ટેવ પાડે છે. આવી ટેવ પાડવાથી બન્નેનું જાુદાપણું સ્પષ્ટ લક્ષમાં આવતું જાય છે જે ભેદજ્ઞાનના પ્રયોગની પૂર્વ ભૂમિકા બને છે. જીવે બુદ્ધિપૂર્વક આ કરવાનું રહે છે. આવું કરવાથી આગળનું કાર્ય સહજપણે થાય છે. આ રીતે પ્રમાણજ્ઞાન વડે જીવ અને તેની મનુષ્ય પર્યાયને જાણીને પોતે આવા અશુચિમય દેહની સાથેના સંબંધ કેવી રીતે અટકાવી શકે તે સંબંધી પુરુષાર્થ કરવા યોગ્ય છે.

## ◆ ગાથા - ૧૧૫

**અસ્તિ, તથા છે નાસ્તિ, તેમ જ દ્રવ્ય અણવક્તવ્ય છે,**
**વળી ઉભય કો પર્યાયથી, વા અન્યરૂપ કથાય છે. ૧૧૫.**

***દ્રવ્ય કોઈ પર્યાયથી ‘અસ્તિ’, કોઈ પર્યાયથી ‘નાસ્તિ’ અને કોઈ પર્યાયથી ‘અવક્તવ્ય’ છે; વળી કોઈ પર્યાયની ‘‘અસ્તિ-નાસ્તિ’’ અથવા કોઈ પર્યાયથી અન્ય ત્રણ ભંગરૂપે કહેવામાં આવે છે.***

ગા. ૧૧૧ થી ૧૧૪ લીધા બાદ આ ગાથામાં સપ્તભંગી લેવામાં આવી છે. તેથી આ ગાથાઓના

સંદર્ભમાં જ આપણે સપ્તભંગી સમજવાનો પ્રયત્ન કરીએ. વસ્તુ અનંત ધર્માત્મક છે. એવું લક્ષમાં લઈને ત્યાં અનેકાંત સ્વરૂપમાં સપ્તભંગીનો આપણે નીચે પ્રમાણે અભ્યાસ કર્યો છે.

**અનંત ગુણાત્મક પદાર્થ**

વચન ગોચર ધર્મો — વચન અગોચર ધર્મો

વચન ગોચર ધર્મો: અસ્તિરૂપ ધર્મો, નાસ્તિરૂપ ધર્મો

વચન અગોચર ધર્મો: કથનમાં કોઈ પ્રકારે ન આવે માટે અવક્તવ્ય.

આ રીતે અસ્તિરૂપ ધર્મો-નાસ્તિરૂપ ધર્મો અને વચનમાં ન આવે એવા ધર્મો. એ ત્રણ પ્રકાર થયા. તેમાં બેના જોડકાથી અન્ય ત્રણ ભંગ થાય અને ત્રણેયને સાથે સાતમા ભંગરૂપે આપણે લક્ષમાં લીધા છે.

અહીં હવે આ ગાથામાં અસ્તિ-નાસ્તિ અનેકાંત સ્વરૂપને લક્ષમાં લઈને આ સપ્તભંગી સમજવાનો પ્રયત્ન કરીએ. એક પદાર્થને સાત ભેદથી વિચારવાનું છે. તે પદાર્થ પર પદાર્થથી અત્યંત ભિન્ન છે. જેને આપણે જૈન દર્શનમાં અસ્તિ-નાસ્તિરૂપે લક્ષમાં લઈએ છીએ. દરેક પદાર્થ સ્વથી એકત્વ અને પરથી વિભક્તરૂપ રહેલ છે. આ રીતે દરેક પદાર્થની ભિન્ન સ્વતંત્ર સત્તા લક્ષગત કરવામાં આવે છે. આટલી ભૂમિકા આપણે આ પ્રકારે લક્ષમાં લઈ શકીએ છીએ.

| સ્વ દ્રવ્ય | અન્ય દ્રવ્ય |
|---|---|
| અસ્તિ | નાસ્તિ |
| નાસ્તિ | અસ્તિ |

એક પદાર્થ પોતે અસ્તિત્વરૂપ છે. તે અસ્તિત્વનો અન્ય દ્રવ્યમાં અભાવ છે. માટે અસ્તિ શબ્દ સ્વ દ્રવ્યમાં લીધો અને નાસ્તિ શબ્દ પરદ્રવ્યમાં લાગુ પાડયો છે. તે જ પ્રકારે પરદ્રવ્યના અસ્તિત્વનો પોતાનામાં અભાવ છે તેથી સ્વદ્રવ્યમાં નાસ્તિ અને પરદ્રવ્યમાં અસ્તિ શબ્દ વાપર્યો છે. આ રીતે વિચારતા સ્વદ્રવ્યમાં અસ્તિ અને નાસ્તિ બન્ને પ્રકાર લઈ શકાય છે. આટલો જ વિચાર કરવાથી સ્વદ્રવ્યને સ્યાત્ અસ્તિ, સ્યાત નાસ્તિ અને સ્યાત અસ્તિ-નાસ્તિ એમ ત્રણ પ્રકારે સમજાવી શકાય છે.

પદાર્થમાં દ્રવ્ય અને પર્યાય બન્ને આવી જાય છે. તેથી આ ત્રણ અપેક્ષા દ્રવ્યની પર્યાયને લાગુ પાડી શકાય છે. તે આ પ્રમાણે—

| સ્વદ્રવ્યની પર્યાય | પરદ્રવ્યની પર્યાય |
|---|---|
| સ્યાત્ અસ્તિ | સ્યાત્ નાસ્તિ |
| સ્યાત્ નાસ્તિ | સ્યાત્ અસ્તિ |
| સ્યાત્ અસ્તિ-નાસ્તિ | સ્યાત્ અસ્તિ-નાસ્તિ |

મારા દ્રવ્યની એક સમયની પર્યાય સ્યાત્ અસ્તિરૂપ છે. તે જ પર્યાયમાં પરદ્રવ્યની પર્યાયનો અભાવ છે એ અપેક્ષાએ તે સ્યાત્ નાસ્તિરૂપ છે. વળી આ બન્ને ધર્મો મારી પર્યાયમાં છે એવું સાથે લક્ષમાં લેવાથી તે સ્યાત્ અસ્તિ-નાસ્તિરૂપે ખ્યાલમાં આવી શકે છે.

પર્યાયમાં અસ્તિ નાસ્તિ બીજી રીતે પણ વિચારી શકાય છે. પર્યાય વર્તમાનમાં સત્ લઈને રહેલી છે તેટલી જ અપેક્ષા લેવાથી તે અસ્તિરૂપ લક્ષમાં આવે છે. ભવિષ્યની જે પર્યાય અસત્રૂપ (અભાવરૂપ-શૂન્યરૂપ) હતી. તે વર્તમાનમાં વિદ્યમાન થઈ છે એ અપેક્ષા લઈએ તો પર્યાયને અસત્ ઉત્પાદરૂપે જોઈ શકાય છે. આ રીતે વર્તમાન પર્યાયમાં સત્ અને અસત્ બન્ને લાગુ પડે છે. તેથી પર્યાયમાં અસ્તિ નાસ્તિ એક જ પર્યાયને બે અપેક્ષાથી જોતા લક્ષગત થાય છે.

સમયસાર શાસ્ત્ર ગા. ૭૬માં પ્રાપ્ત, વિકાર્ય અને નિર્વર્ત્ય એવી ત્રણ અપેક્ષાએ કર્મને દર્શાવ્યું

છે. ત્યાં પહેલાં ન હતું તે થયું એને નિર્વર્ત્ય કહ્યું છે. પહેલામાં ફેરફાર કરીને થયું છે તે વિકાર્ય કહ્યું છે. આ બેમાંથી કોઈ અપેક્ષા ન લેતા તે કાર્ય થયું છે એટલી જ અપેક્ષાએ તેને પ્રાપ્ય કાર્ય કહ્યું છે. એક પર્યાયને જોવાની ત્રણ અપેક્ષા ત્યાં લેવામાં આવી છે તેમાંથી પ્રાપ્ય અને નિર્વર્ત્ય અહીં લાગુ પાડીને પર્યાયને અસ્તિ નાસ્તિરૂપે જોવામાં આવે છે ખ્યાલ રહે કે આ રીતે વિચારીએ ત્યારે પરદ્રવ્યની કોઈ અપેક્ષા આપણે લેતા નથી. આ પ્રકારે દ્રવ્યને અસ્તિ નાસ્તિરૂપે બે અપેક્ષાથી જોઈ શકીએ છીએ. એકમાં પરદ્રવ્યની અપેક્ષા આવે છે જ્યારે અન્યમાં પરદ્રવ્યની અપેક્ષા નથી આવતી.

દરેક પદાર્થના ભિન્ન અસ્તિત્વની વાત આ રીતે દૃઢ કરી. અસ્તિ-નાસ્તિ ટકાવીને બે પદાર્થો સંબંધમાં પણ અવશ્ય આવે છે. અહીં આપણે નિર્દોષ સંબંધથી વિચારવું છે. આકાશ બધા દ્રવ્યોને અવગહન આપે છે. કાળ દ્રવ્ય બધાના પરિણમનમાં નિમિત્ત છે. આ પ્રકારે જ્યારે વિચારીએ ત્યારે બધા દ્રવ્યો એકબીજા સાથે અનેક પ્રકારના સંબંધથી ગૂંથાયેલા છે. દૃષ્ટાંત : રાત્રીના સમયે રસોઈ કરવામાં આવે ત્યારે અગ્નિને દાહય દાહક, પાચ્ય પાચક અને પ્રકાશ્ય પ્રકાશક વગેરે પ્રકારના સંબંધો એકી સાથે જોવા મળે છે. પચાસ હજાર વિદ્યાર્થીઓની રેલી-પ્રોગ્રામ હોય ત્યાં તે દરેક વિદ્યાર્થી બાકીના બધા સાથે સંબંધમાં છે. તે વિદ્યાર્થીના શરીરના અંગ ઉપાંગના હલન ચલનને પણ બધા સાથે સંબંધ છે. આ દૃષ્ટાંતને લંબાવતા આપણને ખ્યાલ આવે કે દરેક પદાર્થને આ રીતે વિશ્વ વ્યાપી સંબંધ છે. બે પદાર્થો સંબંધમાં ન આવે. બે પદાર્થના ગુણો પણ સંબંધમાં ન આવે. સંબંધ માત્ર પર્યાય દ્વારા જ હોય છે. ખરેખર તો સમયવર્તી પર્યાયો જ સંબંધમાં આવે છે.

આ ભૂમિકા લક્ષમાં રાખીએ ત્યારે જે પર્યાયનો આપણે સપ્તભંગીમાં વિચાર કરી રહ્યા છીએ જ્યાં આપણે સ્યાત્ અસ્તિ, સ્યાત્ નાસ્તિ અને સ્યાત્ અસ્તિ નાસ્તિનો અભ્યાસ કર્યો તે જ પર્યાયને હવે અન્ય દ્રવ્યો સાથેના સંબંધમાં વિચાર કરીએ. અગ્નિના દૃષ્ટાંતે બે ત્રણ સંબંધોની વાત કરવી હોય તો તેના દાહય દાહક વગેરે નામ આપી શકાય. પરંતુ જ્યારે એક પર્યાયને વિશ્વ વ્યાપી સંબંધમાં જોવામાં આવે ત્યારે તેનું વર્ણન-લખાણ શક્ય જ નથી. એ અપેક્ષાએ એક પર્યાયના વિશ્વવ્યાપી સંબંધને અવક્તવ્ય કહી શકાય. ગુણભેદનો વિચાર કર્યો હતો ત્યારે તો અનંત ગુણો માટે અનંત શબ્દો નથી. જેટલા માટે શબ્દો છે તેને વચન ગોચર ધર્મો કહ્યા હતા અને અન્ય માટે શબ્દો જ નથી માટે વચન અગોચર અથવા અવક્તવ્ય શબ્દનો પ્રયોગ કર્યો હતો. અહીં એ સંદર્ભ નથી પરંતુ બેહદતા છે માટે તે વચન વ્યવહારની બહાર છે એમ ગણીને અવક્તવ્ય કહેવામાં આવે છે.

આ રીતે એક દ્રવ્યની એક સમયની પર્યાયમાં અસ્તિ-નાસ્તિ અને અવક્તવ્ય એવી ત્રણ દૃષ્ટિ લક્ષમાં લીધી. તેમ કરવાથી તે ત્રણના સાત ભેદ થાય છે. એ રીતે ત્યાં સપ્તભંગી લાગુ પડે છે. આ રીતે અસ્તિ-નાસ્તિ અનેકાંત વસ્તુ સ્વરૂપ સપ્તભંગીરૂપે દર્શાવી શકાય છે.

**પ્રશ્ન** : એક વસ્તુને આ પ્રકારે સાત ભંગથી સમજાવવાનું પ્રયોજન શું છે ?

**સમાધાન** : વસ્તુના અનેકાંત સ્વરૂપને પાત્ર જીવ સાચા અર્થમાં સમજી શકે અને તેનો મહિમા કરે તે માટે આ પ્રકારે વર્ણન કરવામાં આવે છે.

પદાર્થનું એકપણું લક્ષમાં લીધા પછી તેને અનેકાંતરૂપે લક્ષમાં લેતા ત્યાં દ્રવ્ય અને પર્યાય એવા બે ભેદ અથવા દ્રવ્ય ગુણ પર્યાય એવા ત્રણ ભેદ લક્ષમાં આવે છે. ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એવા બીજા ત્રણ શબ્દો ઉમેરીએ એટલે આ છ શબ્દોથી પદાર્થની

વાત પુરી થાય છે. અત્યાર સુધીના આપણા અભ્યાસમાં એક છેડે પદાર્થનું અખંડપણું અને સામે છેડે છ એટલું જ નથી. એમ લક્ષમાં લીધું છે. દ્રવ્ય અને ગુણ, દ્રવ્ય અને પર્યાય, ઉત્પાદ અને વ્યય, ઉત્પાદ અને ધ્રુવ એવા અનેક પ્રકારના બે વચ્ચેના સંબંધો પણ લક્ષમાં લીધા છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણને પર્યાયમાં લઈ અને પછી પર્યાયનો દ્રવ્ય સાથેનો સંબંધ જોયો છે. ઉત્પાદ અને વ્યયને પર્યાયમાં ન લેતા સીધા દ્રવ્યમાં લાગુ ન પાડી શકાય. આ બધુ આપણે લક્ષમાં લીધું છે. મહાસત્તામાં પદાર્થ અને અવાંતર સત્તામાં સીધા નિરંશ અંશો નથી. વૃક્ષમાં થડમાંથી મોટી ડાળી, તેમાંથી નાની ડાળી, પેટા ડાળી, ઝૂમખા, પાંદડા વગેરે જોવા મળે છે. મૂખ્ય મૂળમાંથી પણ એજ પ્રકારે અનેક પ્રકારના પેટા મૂળ જોવા મળે છે. એક બાજુ લશ્કર અને સામે સૈનિક એમ નથી. વચ્ચે અનેક પ્રકારની કેડર જોવા મળે છે. ભારત દેશમાં અનેક રાજ્યો, એક રાજ્યમાં અનેક જિલ્લાઓ, એક જિલ્લામાં અનેક તાલુકાઓ અને એક તાલુકામાં અનેક ગામો વગેરે અનેક દૃષ્ટાંતો લઈ શકાય છે. એ રીતે જોઈએ ત્યારે જ ભારત દેશ શું છે તે સાચા અર્થમાં સમજી શકાય. એવું જ પદાર્થ અંગે સમજવું, આવું પદાર્થ બંધારણ લક્ષમાં આવતા પાત્ર જીવને પોતાનો સાચો મહિમા આવે અને એ સ્વભાવની અનુભૂતિ કરવાની ભાવના જાગે.

પર્યાયની મુખ્યતાથી સપ્તભંગીનો વિચાર કરીએ ત્યારે ત્યાં

૧) સ્યાત્ અસ્તિ - પર્યાય પોતાથી છે. (દ્રવ્ય પર્યાય સત્તા પોતાથી સત્ છે.

૨) સ્યાત્ નાસ્તિ - પરદ્રવ્ય અને તેની પર્યાયનો મારામાં અભાવ છે.

૩) સ્યાત્ અવક્તવ્ય - વિશ્વના સમસ્ત પદાર્થોની (પર્યાયો) સાથે સંબંધ છે. તેથી બધું કહી ન શકાય એ અપેક્ષાએ અવક્તવ્ય છે.

## ◆ ગા. ૧૧૬

**નથી 'આ જ' એવો કોઈ, જ્યાં ક્રિયા સ્વભાવ-નિપન્ન છે;**
**ક્રિયા નથી ફળહીન, જો નિષ્ફળ ધરમ ઉત્કૃષ્ટ છે.૧૧૬.**

***''આ જ એવો કોઈ (શાશ્વત પર્યાય) નથી; (કારણકે સંસારી જીવને) સ્વભાવ નિષ્પન્ન ક્રિયા નથી એમ નથી (અર્થાત્ વિભાવ સ્વભાવથી નીપજતી રાગ દ્વેષમય ક્રિયા અવશ્ય છે) અને જો પરમ ધર્મ અફળ છે તો ક્રિયા જરૂર અફળ નથી. (અર્થાત્ એક વીતરાગ ભાવ જ મનુષ્યાદિ પર્યાયોરૂપ ફળ ઉપજાવતો નથી, રાગ દ્વેષમય ક્રિયા તો અવશ્ય તે ફળ ઉપજાવે છે)***

આ ગાથાથી આચાર્યદેવ નવો વિષય શરૂ કરે છે. જીવના અનાદિકાળથી જે વિભાવ થતા આવે છે અને તેના ફળમાં જે ચાર ગતિના પરિભ્રમણ થાય છે તેની વાત કરવા માગે છે. સામાન્ય રીતે દૃષ્ટાંત દ્વારા સિદ્ધાંત સમજાવવામાં આવે છે. તે રીતે કરવાથી સારી રીતે સમજી શકાય છે. જીવનો વિભાવ અને તેનું ફળ અહીં સમજાવવું છે. તે માટે આચાર્યદેવ દૃષ્ટાંત શોધવા લાગે છે. પરંતુ ઘણો પ્રયત્ન કરવા છતાં તેવું દૃષ્ટાંત મળે તેમ ન હોવાથી ગાથાના મથાળામાં જ આચાર્યદેવ કહે છે કે જેનો નિર્ધાર કરવાનો છે તેને જ ઉદાહરણરૂપે દર્શાવવું છું. શાસ્ત્રમાં જ્ઞાનનું સ્વરૂપ સમજાવવું હોય ત્યારે અરીસાનો દૃષ્ટાંત અને રાગ માટે સ્ફટિકનો દૃષ્ટાંત લેવામાં આવે છે. વાસ્તવિકતા એ છે કે સ્ફટિકમાં ઝાંય ઉઠે છે તે કાંઈ દોષ નથી. વિભાવ નથી. તેથી તે ખરેખર યોગ્ય દૃષ્ટાંત નથી. વળી આ ગાથામાં વિભાવ અને તેના ફળમાં ભવિષ્યમાં અન્ય ગતિની પ્રાપ્તિ દર્શાવવી છે. એવા કોઈ દૃષ્ટાંત વિશ્વમાં છે જ નહીં તેથી જીવની જ વાત કરીને વર્ણન કરવામાં આવે છે.

અનાદિકાળથી અજ્ઞાની જીવ શરીરમાં હુંપણું માનીને જીવન જીવતો આવ્યો છે તેવા જીવને

સમજાવવા માગે છે. આ ગાથામાં શું સમજાવવા માગે છે તે પ્રથમ જોઈએ.

૧) મનુષ્ય શરીર તે હું નથી.

૨) મનુષ્ય દેહમાં રહેવાની યોગ્યતાવાળી જીવની મનુષ્ય પર્યાય દેહથી ભિન્ન છે.

૩) જીવની મનુષ્ય પર્યાય શાશ્વત નથી. તે મર્યાદિત સમયવાળી છે.

૪) મનુષ્ય પર્યાય તે ફળ છે, કાર્ય છે.

૫) તે મનુષ્ય પર્યાયનું કારણ પૂર્વભવમાં જીવે કરેલા વિભાવ ભાવો છે.

૬) આવું અનાદિકાળથી ચાલે છે.

૭) જીવ વિભાવ છોડીને શુદ્ધ પર્યાય પ્રગટ કરી શકે છે.

૮) જીવ જ્યારે શુદ્ધ પર્યાય પ્રગટ કરે છે ત્યારે તેને સંસારરૂપી ફળ પ્રાપ્ત થતું નથી. તે અપેક્ષાએ તે અફળ છે.

શરીર તે હું છું એવી વ્યાપક માન્યતા જીવને વર્તે છે. જીવ જે દેહ ધારણ કરે છે. તેને અનુરૂપ પોતાનું જીવન ગોઠવી લે છે. તેની ચોવીસ કલાકની પ્રવૃત્તિ દેહલક્ષી જ રહે છે. જીવ છે એવી વાતોને સ્વીકાર્યા બાદ પણ પોતે દેહાધ્યાસ છોડતો નથી. મરણ સમયે જીવ ચાલ્યો ગયો એવું કહેનારા પોતે દેહરૂપ નથી પણ પોતે જીવરૂપ છે એ વાત માન્ય નથી કરતા. હુંપણું કરનાર જીવ હતો છતાં તેણે હુંપણું શરીરમાં માન્યું હતું તે તેની ભૂલ હતી. શરીર નાશવંત છે તે જાણતા હોવા છતાં તે શરીરને ટકાવવા માટેના બધા પ્રયત્નો તે કર્યા કરે છે.

દેહથી ભિન્ન જે જીવ છે તે હું છું એવું માનનારા પણ મનુષ્ય પર્યાયની વાત કરનારા પણ પોતાની દેહલક્ષી પ્રવૃત્તિઓ જ ચાલુ રાખે છે. શરીર તે હું છું એવું માનનારા કયારેક આ મારું શરીર છે એવી વાત કરે ત્યારે પણ તેને શરીર અને જીવના અત્યંત જુદાપણાનો વિવેક નથી. તે શરીરને સાધન માને છે અને પોતે જે કાંઈ કરવા માગે તે શરીર મારફત કરે છે. ધર્મના નામે પણ ઈશ્વર આપણી પાસે આવા કાર્યો કરાવે છે એવું માનીને ઈશ્વરે જીવને શરીરરૂપી સાધન આપ્યું છે તે સત્કાર્ય કરવા માટે છે એમ માનીને બીજાની સેવા-મદદ વગેરે જે થાય તે કરવા માગે છે. દેહથી જુદા જીવની મનુષ્ય પર્યાયમાં હુંપણું માનનારાઓ પણ આ રીતે દેહરૂપ જ જીવન જીવે છે ત્યાં કોઈ ફેર પડતો નથી. શરીરનું મૃત્યુ અવશ્ય થવાનું છે તેમ જીવની મનુષ્ય પર્યાય પણ નાશવંત જ છે. આ વાસ્તવિકતાને કેન્દ્રમાં રાખીને આ ગાથા લખવામાં આવી છે. ગાથાનો ભાવ સમજવા માટે પહેલા થોડી ભૂમિકા તૈયાર કરી લઈએ.

દરેક પદાર્થ સ્વથી એકત્વ અને પરથી વિભક્તરૂપ જ સદાયને માટે રહેલ છે. દરેક પદાર્થ દ્રવ્યપર્યાયરૂપ છે. દરેક પદાર્થ નિરંતર પરિણમન-શીલ છે. તે પોતાના સ્વભાવને ટકાવીને અનાદિથી અનંતકાળ સુધી પોતાના સ્વભાવથી નવી-નવી રચનાઓ કરે છે. તે બધી તેની સ્વભાવ અંતર્ગત ખૂબીઓ છે. પદાર્થ આ પ્રમાણે નિરંતર પરિણમન શા માટે કરે છે તેવા પ્રશ્નનો જવાબ તે ક્રિયાને ષટકારકરૂપે જોતા મળી જાય છે. પોતે કર્તા થઈને જે પરિણમને કરે છે. તે પર્યાય પોતાના માટે જ કરે છે. કારકમાં એક સંપ્રદાન કારક છે. અર્થાત્ તે પર્યાય પોતાને જ અર્પણ કરે છે. ભિન્ન કારકમાં કુંભાર ઘરાક માટે ઘડા બનાવે છે ત્યાં ગ્રાહક તે સંપ્રદાન છે. જ્યારે અભિન્ન કારકનો વિચાર કરીએ ત્યારે પોતે જે પર્યાયને પ્રગટ કરે છે. તે પોતા માટે જ કરે છે એમ લેવાનું રહ્યું.

સમયસાર શાસ્ત્રમાં કર્તા કર્મ અધિકાર અલગરૂપે લેવામાં આવ્યો છે. નવ તત્ત્વમાં તે ક્યાંય ન આવે આસ્રવ બંધ તત્ત્વ પોતે લેવાના હતા છતાં ત્યાં પહેલા આ અધિકાર લીધો. ત્યાં અજ્ઞાનીની

મૂળભૂત ભૂમિકા સમજાવવાનો આશય છે. અજ્ઞાની જીવ પણ પરથી, શરીરથી જુદો રહીને જ શરીરને જાણે છે પરંતુ તેવા ભિન્નપણાનો તેને ખ્યાલ નથી. ખરેખર તો જ્ઞાન કઈ રીતે કામ કરે છે તેનો તે અજાણ છે. જ્ઞેય જ્ઞાયક સંબંધ થતાં જ્ઞેયો જ્ઞાનમાં આવી ગયા એવું લાગે છે. ''જ્ઞેયે પવિષ્ટ ન'' અર્થાત્ જ્ઞાન જ્ઞેયમાં પ્રવેશતું નથી અને જ્ઞેય જ્ઞાનમાં આવતા નથી એવો જે પૂર્વાર્ધ તેનાથી તે અજાણ છે. આ વાત જ મુખ્ય રાખીને સંબંધ જોવાના છે. ભિન્નપણાના ભોગે સંબંધ ન જોવાય. ભિન્નપણાનો વિવેક ન રહે તો બે દ્રવ્યોને એક માનવારૂપ મિથ્યાત્વનો પ્રસંગ આવે. શરીર તે હું છું એવી માન્યતા હોય ત્યાં તેના પરિણામનું કર્તાપણું અને ભોક્તાપણું પણ અવશ્ય માનવામાં આવે છે. આ રીતે અજ્ઞાની જીવ માને છે કે હું કર્તા અને પરદ્રવ્યના પરિણામ તે મારું કાર્ય છે. તેને કર્તા કર્મ પ્રવૃત્તિ કહે છે. તેની તે માન્યતા સમયે પણ તે પરનું કાર્ય તો કરી શકતો જ નથી તે કર્તા થઈને પોતાના વિભાવ પરિણામને જ કરે છે.

અજ્ઞાનીની ભૂલ સમજવા માટે અમૃતચંદ્રાચાર્યદેવે કળશ ૪૯માં સિધ્ધાંત સમજાવ્યો છે. વ્યાપક અને વ્યાપ્યપણું એક જ પદાર્થમાં દ્રવ્ય અને પર્યાય વચ્ચે હોય છે. દ્રવ્ય વ્યાપક-પર્યાય વ્યાપ્ય. દ્રવ્યકર્તા અને પર્યાય તેનું કર્મ. દ્રવ્ય ભોક્તા થઈને પોતાની તે પર્યાયને ભોગવે છે. આ સિદ્ધાંતને સાચા અર્થમાં સમજતા તેને ખ્યાલ આવે છે કે બે પદાર્થ વચ્ચે એવો કર્તા કર્મ સંબંધ કયારેય શક્ય બની શકે નહીં.

પર્યાયનો કાળ જ એક સમય હોવાથી તે પર્યાયને જો ભોગવવાની હોય તો તે સમયે જ ભોગવી શકાય. આ રીતે જ્યારે એક પદાર્થમાં કર્તા અને ભોક્તાપણાનો વિચાર કરીએ ત્યારે ત્યાં સમય ભેદ શક્ય જ નથી. બન્ને એક જ સમયે હોય છે એ વાત નક્કી થાય છે. જીવ પણ એક દ્રવ્ય છે માટે તેની પર્યાયનું કર્તાપણું અને ભોક્તાપણું પણ એક જ સમયે છે. અર્થાત્ જીવ શુદ્ધ કે અશુદ્ધ જે કાંઈ પર્યાયને કરે છે તેનું ફળ તે જીવ તે જ સમયે ભોગવે છે. શુદ્ધ પર્યાય અતીન્દ્રિય આનંદને આપનારી છે જ્યારે અશુદ્ધ પર્યાય તેને દુઃખરૂપે અનુભવાય છે. આટલી વાત છ દ્રવ્યોને લાગુ પડતા સિદ્ધાંતની કરી. હવે જીવની વિશેષતા શું છે તે વિચારીએ.

જીવ અનાદિકાળથી મોહ-રાગ-દ્વેષ કરે છે તેથી તે તેની સ્વાભાવિક ક્રિયા છે એવું માનવાનું મન થાય પરંતુ તે જીવની ભૂલ છે. તે નૈમિત્તિક પરિણામ છે. તેમાં નિયમભૂત નિમિત્ત દ્રવ્ય કર્મનો ઉદય છે. જીવને દ્રવ્યકર્મો સાથે અનાદિકાળથી ઉભયબંધ છે. જે કર્મો ઉદયમાં આવે છે તે ખરી જાય છે અર્થાત્ તે જીવથી જુદા પડી જાય છે, ગમે તેટલા દ્રવ્યકર્મો જીવની સાથે બંધાયેલા હોય તો પણ તે કર્મો ખરી જાય તેથી કયારેક એક સમય એવો જરૂર આવે કે જ્યારે બધા કર્મો એ રીતે જુદા પડી જાય અને કોઈ કર્મ જીવની સાથે બંધાયેલું ન હોય. જો એવી સ્થિતિ આવે તો જીવનો વિભાવ અટકી જાય. જીવ પોતે અજ્ઞાની રહેવા માગે છે. દરેક સમયે નવા વિભાવો કરવા માગે છે. તેથી કર્મોદય ન રહે એવી સ્થિતિ તેને ન ગમે તેથી તે દરેક સમયે નવા કર્મો બાંધે છે. જીવની માફક પુદ્‌ગલમાં પણ વૈભાવિક શક્તિ છે. તે અનુસાર જીવના વિભાવને નિમિત્ત બનાવીને તે ક્ષેત્રે રહેલી કાર્મણ વર્ગણા દ્રવ્યકર્મરૂપે પરિણમીને જીવની સાથે બંધાય છે. જીવના વિભાવ અનુસાર દરેક સમયે સાત પ્રકારના (આયુષ્ય કર્મ સિવાયના) દ્રવ્યકર્મો બંધાય છે. તે કર્મો પણ સ્થિતિ અને અનુભાગ બંધરૂપે જીવની સાથે રહેલા છે. તેમના સ્થિતિ બંધ અનુસાર જીવની સાથે ઉભયબંધરૂપે રહ્યા બાદ સમય પૂરો થતાં તે ઉદયમાં આવીને જીવને ફળ આપીને જીવથી જુદા પડી જાય છે, જુના કર્મોનો ઉદય, જીવનો વિભાવ અને નવા દ્રવ્ય કર્મનો બંધ

આવું અનાદિકાળથી પ્રવાહરૂપે ચાલ્યા કરે છે. દ્રવ્યકર્મો બે પ્રકારના છે, ઘાતિ કર્મો ઉદયમાં આવીને જીવને વિભાવમાં નિમિત્ત થાય છે જ્યારે અઘાતિ કર્મના ઉદય અનુસાર જીવને શરીર અને સંયોગોની પ્રાપ્તિ થાય છે. શરીરને પ્રાપ્ત ઈન્દ્રિયોને સાધન બનાવીને જીવ ઈન્દ્રિયજ્ઞાન કરે છે અને જે સંયોગને જાણે તેમાં હિત-અહિત બુદ્ધિ કરીને રાગ-દ્વેષના ભાવોને કરે છે. જેથી ફરીને નવા દ્રવ્યકર્મોનો બંધ થાય છે.

આ ગાથામાં જીવની મનુષ્યાદિ પર્યાયો શાશ્વત નથી એમ કહીને તેનું કારણ દર્શાવે છે. તેના કારણરૂપે આ રાગ-દ્વેષરૂપ ક્રિયાની વાત લેવામાં આવી છે. રાગ-દ્વેષરૂપ પરિણામ, દ્રવ્યકર્મનો બંધ, અઘાતિ કર્મનો ઉદય અને પછીના ભવમાં શરીરની પ્રાપ્તિ. તેને અનુરૂપ જીવની તથા પ્રકારની પર્યાય આ રીતે આખી કારણ કાર્ય (નિમિત્ત કારણ) શ્રુંખલા આચાર્યદેવ સમજાવવા માગે છે.

આસ્રવ શબ્દ દ્વારા-દ્રવ્ય કર્મો (મર્યાદામાં રહીને) જીવ સાથે બંધાવા માટે આવે છે એમ સૂચવવામાં આવે છે. અહીં જીવના વિભાવ ભાવો પણ મર્યાદા યુક્ત છે. ત્યાં કાળ અને ભાવ બન્નેની મર્યાદા છે. સ્વભાવ અમર્યાદ છે પરંતુ વિભાવ તો હંમેશા મર્યાદિત જ હોય છે. વળી પરિણામો ઝડપથી બદલાયા કરે છે અને તેનો કાળ પણ અલ્પ હોય છે. આ રીતે રાગના પરિણામ અલ્પ સમય ટકે છે અને તેનો વિભાવ પણ મર્યાદિત છે. તે અનુસાર બંધાતા કર્મો અને તે અનુસાર પ્રાપ્ત થતી મનુષ્યાદિ પર્યાય અને મનુષ્ય દેહ એ બધુ કાળ અને ભાવ અપેક્ષાએ મર્યાદિત જ હોય છે. તેથી તો કહ્યું છે કે મનુષ્ય પર્યાય શાશ્વત નથી. સંયોગોની અનુકૂળતા કે પ્રતિકૂળતા પણ શાશ્વત નથી.

હવે ટેબલ દ્વારા સૌ પ્રથમ એક સમયમાં કર્તા-ભોક્તાપણું-ક્રિયા અને ફળ વિચારીએ. જીવ → અશુદ્ધ પર્યાય તેનું કર્મ (ક્રિયા) આકુળતા દુઃખ તેનું ફળ.

આ ગાથામાં મનુષ્ય પર્યાયને ફળ અને ક્રિયાને તેનું કારણ કહ્યું છે. તે આ પ્રમાણે જીવની મનુષ્ય પર્યાય (ફળ) તેનું કારણ → પૂર્વભવમાં કરેલા રાગ-દ્વેષ પરિણામ. આ વાત આ પ્રમાણે સમજીએ.

જીવ વર્તમાનમાં રાગ-દ્વેષ પરિણામને કરે છે. (ક્રિયા)

↓

દ્રવ્યકર્મનો બંધ - અહીં આપણે આયુ-નામ-ગોત્રનો વિચાર કરીએ. તે કર્મ તે ભવમાં જીવની સાથે ઉભયબંધ પ્રાપ્ત થઈને રહે છે. તે ભવ પુરો થતા જ્યારે નવો ભવ શરૂ થાય છે ત્યારે તે અઘાતિ કર્મ ઉદયમાં આવીને ફળ આપે છે. તે અનુસાર તેને દેહ પ્રાપ્ત થાય છે. તે દેહ ધારણ કરતા જીવ તેને અનુરૂપ પરિણામ કરી લે છે.

જીવ → રાગ દ્વેષમય પરિણામ → દ્રવ્યકર્મનો બંધ

પછીના ભવમાં → મનુષ્યાદિ પર્યાય અને તે પ્રમાણે પૌદગલિક દેહ.

ગાથાની ટીકામાં આચાર્યદેવ જીવ અનાદિ કાળથી દ્રવ્યકર્મની સાથે ઉભયબંધને પ્રાપ્ત થઈને રહેલો છે તે યાદ અપાવે છે. જીવ તે દ્રવ્યકર્મના ઉદયમાં જોડાયને રાગ-દ્વેષ-મોહ એવા ભાવોને કરે છે. આ રીતે જીવમાં સમયે સમયે નવા-નવા ભાવ કર્મો થાય છે. તે ભાવો ક્ષણિક છે. ભાવોમાં અનેક પ્રકારના તરતમભેદો પડે છે. વિભાવ અમર્યાદ નથી. તેથી તે ભાવ અનુસાર પ્રાપ્ત મનુષ્યાદિ પર્યાયો પણ શાશ્વત નથી. વિભાવ પર્યાય ક્ષણિક છે. માટે તે પર્યાય પૂર્વ પર્યાયનો અભાવ કરીને પ્રગટ થાય છે. વળી પોતે નાશ પામે ત્યારે ભવિષ્યની પર્યાય પ્રગટ થાય છે. બધી પર્યાયો ભાવ અભાવ અને અભાવભાવ શક્તિરૂપે પ્રવાહમાં જોવા મળે છે. અર્થાત્ જે પર્યાય વર્તમાનમાં વિદ્યમાન છે તેનો અભાવ થાય છે અને ભવિષ્યની પર્યાય જે અભાવરૂપ

છે તે ભાવરૂપ થાય છે. આ નિયમ તો બધી પર્યાયોને લાગુ પડે છે તેથી દરેક દ્રવ્યમાં અનાદિથી અનંતકાળ સુધીનો પ્રવાહ ચાલુ છે.

અહીં વિભાવ પર્યાયની વાત લેવી છે તેથી તે પર્યાયને મોહ (દર્શન મોહનીય દ્રવ્યકર્મ) સાથે મિલન અર્થાત્ સંબંધ છે તેમ કહ્યું છે. પરમાણુ અને સ્કંધનો દ્દષ્ટાંત આપે છે. બે પરમાણુ ભેગા થાય તો સ્કંધની રચના થાય. જો પરમાણુ છુટા રહે તો સ્કંધની રચના ન થાય. તે રીતે જીવ દ્રવ્યકર્મ સાથે સંબંધમાં આવે તો પોતાના પરિણામમાં રાગ-દ્વેષ-મોહ થાય છે. જીવ જો કર્મના ઉદયમાં ન જોડાય તો રાગાદિ ન થાય. જો રાગ થાય છે તો તે મનુષ્યાદિ પર્યાયનું કારણ થાય છે. જો શુદ્ધ પર્યાય પ્રગટે છે તે ગતિનું કારણ થતી નથી.

## ◆ ગાથા - ૧૧૭

**નામાખ્ય કર્મ સ્વભાવથી નિજ જીવદ્રવ્ય-સ્વભાવને અભિભૂત કરી તિર્યંચ, દેવ મનુષ્ય વા નારક કરે. ૧૧૭.**

***ત્યાં 'નામ' સંજ્ઞાવાળુ કર્મ પોતાના સ્વભાવ વડે જીવના સ્વભાવનો પરાભવ કરીને, મનુષ્ય, તિર્યંચ, નારક અથવા દેવ (એ પર્યાયોને) કરે છે.***

કુંદકુંદાચાર્ય દેવ આ ગાથામાં મનુષ્યાદિ પર્યાયના કારણરૂપે નામકર્મની વાત લે છે. આગલી ગાથામાં માત્ર રાગ-દ્વેષ ક્રિયાને જ મનુષ્યાદિ પર્યાયના કારણરૂપે દર્શાવી હતી. ૧૧૬ ગાથાનો ભાવ સમજવા માટે આપણે જે પૂર્વ ભૂમિકા તૈયાર કરી હતી તેમાં રાગના ફળ સ્વરૂપે અઘાતિકર્મ અને તેના ઉદય અનુસાર મનુષ્ય ગતિ એ આખી કારણ-કાર્યની (નિમિત્ત-નૈમિત્તિક સંબંધની) ભૂમિકા આપણે સમજી લીધી છે. તેથી એ અપેક્ષાએ આ ગાથામાં નવીનતા નથી. પરંતુ ટીકાકાર આચાર્યદેવ કઈ રીતે સમજાવે છે તે લક્ષમાં લઈએ.

ટીકાકાર આચાર્યદેવ માત્ર નામ કર્મની વાત નથી કરતા પરંતુ દ્રવ્ય કર્મથી વાત કરે છે. ગાથામાં જીવના સ્વભાવના પરાભવની વાત લીધી છે. હવે નામ કર્મમાં જીવના સ્વભાવનો ઘાત અર્થાત્ પરાભવ કરવાનું નિમિત્તપણું પણ નથી. ઘાતિકર્મો નિમિત્તરૂપેજીવના સ્વભાવનો ઘાત કરે છે તેથી ટીકાકાર આચાર્યદેવ દ્રવ્યકર્મની જ વાત કરે છે. ચાર અઘાતિકર્મો આયુ, નામ, ગોત્ર અને વેદનીય છે. તેના ઉદય અનુસાર જીવને શરીર અને સંયોગો પ્રાપ્ત થાય છે. શરીરમાં નામ કર્મની મુખ્યતા છે. તેથી આ ગાથામાં નામ કર્મથી વાત લીધી છે.

જીવના સ્વભાવનો ઘાત એવો શબ્દ સાંભળતા સૌ પ્રથમ તો આંચકો આવે છે કારણકે સ્વભાવનો પરાભવ કોઈ રીતે શક્ય જ નથી. જેવો શુદ્ધ સ્વભાવ છે એવી શુદ્ધ પર્યાય પ્રગટ ન થાય એને સ્વભાવનો ઘાત થયો એમ કહેવામાં આવે છે. અશુદ્ધ પર્યાયની પ્રગટતા એ સ્વભાવનો પરાભાવ છે. અહીં દ્રવ્યકર્મ પોતાના સ્વભાવ વડે જીવના સ્વભાવનો પરાભવ કરે છે એમ કહેવામાં આવ્યું છે. આ નિમિત્તનું કથન છે. ત્યાં ઉપાદાન કારણ જીવ પોતે છે. પોતે પોતાને ભૂલીને પરનો આશ્રય કરે છે ત્યારે વિભાવ ઉત્પન્ન થાય છે.

અમૃતચંદ્રાચાર્ય દીવાનો દ્દષ્ટાંત આપે છે. દીવો તેમનો નાશ કરીને પ્રકાશ આપે છે. દીવાના સ્થાને દ્રવ્ય કર્મ છે. ઘાતિ કર્મો છે. તેલના સ્થાને જીવનો સ્વભાવ છે. ઘાતિ કર્મો જીવના સ્વભાવનો નાશ કરે છે. પ્રકાશના સ્થાને મનુષ્યાદિ પર્યાયો છે. અઘાતિકર્મો એ રીતે મનુષ્ય પર્યાયને પ્રગટ કરે છે. દ્દષ્ટાંતમાં દીવો આ બન્ને કાર્ય કરે છે તેમ સિદ્ધાંતમાં દ્રવ્યકર્મ જીવના સ્વભાવનો પરાભવ કરીને મનુષ્યાદિ પર્યાય પ્રગટ કરે છે. હવે જ્યારે દ્રવ્ય કર્મના બે ભેદનો વિચાર કરીએ ત્યારે ઘાતિ કર્મો સ્વભાવનો ઘાત કરે છે અને અઘાતિ કર્મો શરીરની રચના કરે છે. એવું આપણા લક્ષમાં આવે છે.

## ◆ ગાથા - ૧૧૮

**તિર્યંચ-સુર-નર-નારકી જીવ નામકર્મ-નિપન્ન છે;**
**નિજ કર્મરૂપ પરિણમનથી જ સ્વભાવલબ્ધિ ન તેમને. ૧૧૮.**

***મનુષ્ય, નારક, તિર્યંચને દેવરૂપ જીવો ખરેખર નામ કર્મથી નિષ્પન્ન છે. ખરેખર તેઓ પોતાના કર્મરૂપે પરિણમતા હોવાથી તેમને સ્વભાવની ઉપલબ્ધિ નથી.***

ગા. ૧૧૭ના અનુસંધાનમાં એ જ ભાવને દૃઢ કરે છે. પૂર્વ ભવમાં કરેલા ભાવો, ક્રિયા, રાગ દ્વેષ એવા વિભાવ ભાવોના નિમિત્તે દ્રવ્ય કર્મની રચના થાય છે. તે (અઘાતિ કર્મો) ઉદયમાં આવીને પછીના ભવમાં મનુષ્ય પર્યાયરૂપી ફળને આપે છે. ત્યાં જીવને મનુષ્ય દેહ સંયોગરૂપે પ્રાપ્ત થાય છે. તે બધું નામ કર્મના ઉદયરૂપે લેવામાં આવે છે. આટલું કાર્ય થતાં જીવે કરેલા રાગ-દ્વેષના ભાવોનું ફળ સમાપ્ત થાય છે.

રાગદ્વેષના ભાવો ➔ દ્રવ્યકર્મો - (અઘાતિ કર્મો) ➔ મનુષ્ય દેહ

આ રીતે કારણ કાર્યની સંધિ પુરી થાય છે. એ ભવમાં જીવ નવા રાગ-દ્વેષના ભાવો કરે છે અને નવી શૃંખલા શરૂ થાય છે. ટીકાકાર આચાર્યદેવ આ વાતને સ્પષ્ટપણે સમજાવવા માટે બે તદ્દન અલગ દૃષ્ટાંતો આપે છે. બે સિધ્ધાંત આ પ્રમાણે છે.

***૧) જીવને શરીર પ્રાપ્ત થાય ત્યારે પણ જીવ અને શરીર બન્ને તદ્દન અલગ જ છે.***

***૨) જીવ ઘાતિકર્મના ઉદયમાં જોડાયને નવા રાગ-દ્વેષ-મોહ કરે છે.***

અજ્ઞાની જીવોની સામાન્ય માન્યતા એ પ્રકારની છે કે જીવ સંયોગના લક્ષે સંયોગી ભાવ કરે છે. પોતાને સંયોગો અનુસાર સુખ દુઃખ થાય છે તેમ માનતો હોવાથી તે સંયોગોને ફેરવવા માટેના પ્રયત્નો કરે છે. શરીર અને સંયોગો તે અઘાતિ કર્મનું ફળ છે. જીવને અઘાતિ કર્મના ઉદય અનુસાર શરીર અને સંયોગો પ્રાપ્ત થાય છે. અઘાતિ કર્મનું કોઈ ફળ જીવમાં આવતું નથી. શરીર અને સંયોગો પણ જીવના વિભાવમાં નિમિત્ત નથી. જીવ શરીરને જાણતાં શરીરમાં એકત્વબુદ્ધિ-મિથ્યાત્વ કરે છે એવી એક માન્યતા છે. જીવ જેવા સંયોગોમાં હોય તેને અનુરૂપ તેના ભાવો થાય છે. સંયોગો જીવને ઘડે છે. ચાંડાલના જોડકાં પુત્રોમાં એક ચાંડાળને ત્યાં અને એક બ્રાહ્મણને ત્યાં મોટા થાય છે તે દૃષ્ટાંત પ્રચલિત છે. આ બધાને કારણે સંયોગના અનુસાર જીવના સંયોગી ભાવ થાય છે એ માન્યતા પ્રચલિત છે.

સંયોગ ➔ જીવના સંયોગી ભાવો - રાગ દ્વેષ વગેરે

આ રીતે વિચારવાથી રાગ દ્વેષનું કારણ અઘાતિ કર્મો થાય પરંતુ તેમ નથી. માટે તે સિધ્ધાંત દર્શાવવા માટે અમૃતચંદ્રાચાર્યદેવ સોનાના કંકણમાં માણેક જડવામાં આવે છે તેનો દૃષ્ટાંત આપે છે. તે સમયે પણ સોનું અને માણેક ભિન્ન જ છે. એ રીતે સિધ્ધાંતોમાં જીવ અને શરીર (સંયોગો) નું અત્યંત ભિન્નપણું જ દર્શાવવા માગે છે. અર્થાત્ નામકર્મના ઉદય અનુસાર શરીર પ્રાપ્ત થવા છતાં જીવને રાગ-દ્વેષ થતાં નથી. તે શરીર જીવના સ્વભાવનો પરાભાવ કરતું નથી. તેથી શરીર કે સંયોગો જીવના રાગના કારણો નથી એવું સિદ્ધ કરવા માગે છે. અર્થાત્ નીચે પ્રમાણે નથી.

જીવના રાગ દ્વેષ ➔ અઘાતિ કર્મો ➔ તેનો ઉદય ➔ શરીર અને સંયોગો ➔ જીવના રાગ-દ્વેષ

તે તો કઈ રીતે છે તે સાચા અર્થમાં સમજીએ.



જીવ પોતે ઘાતિ કર્મના ઉદયમાં જોડાયને રાગ-દ્વેષ કરે છે અને તેવા ભાવપૂર્વકતે સંયોગનું લક્ષ કરીને સંયોગો સાથે જોડાય છે. આ રીતે સમજવાથી જીવ સંયોગોને ફેરવવાનું છોડી દેશે. રાગ-દ્વેષમાં નિમિત્ત ચારિત્ર મોહનીય કર્મ છે. વળી રાગ દ્વેષનું મૂળ મિથ્યાત્વ છે. તેથી રાગ દ્વેષ છોડવા માગતા હોય, જેને ઈન્દ્રિય સુખ-દુઃખનો અભાવ કરવો હોય, તેણે સ્વભાવની ઓળખાણ કરવી જોઈએ અને ઘાતિ કર્મોદયમાં જોડાવું ન જોઈએ.

અહીં આચાર્યદેવ પાણીનો દૃષ્ટાંત આપે છે. પાણી પ્રવાહી છે અને તેને પોતાનો સ્વાદ છે. તે પાણી જ્યારે વૃક્ષોમાં જાય છે ત્યારે તેનું પ્રવાહીપણું પણ રહેતું નથી અને સ્વાદ પણ ફરી જાય છે. લીમડાનું દાતણ કરીએ ત્યારે તે લીમડાની ડાળીમાં રહેલું પાણી ઘનરૂપ છે અને તેનો કડવો સ્વાદ છે. સિધ્ધાંતમાં જીવનું અરૂપીપણું છે અને સ્વભાવની શુદ્ધતા છે. એ જીવ જ્યારે દ્રવ્યકર્મ સાથે વિશિષ્ટ સંબંધમાં આવે છે ત્યારે તે બન્નેમાં ફેર પડી જાય છે. તે આ પ્રમાણે—

જીવ અરૂપી છે તે સદાય અરૂપી જ રહે છે. તેના દ્રવ્ય-ગુણ-પર્યાય બધું અરૂપી જ છે. પરંતુ જીવને દ્રવ્ય કર્મ સાથેના ઉભયબંધને લક્ષમાં લઈએ છીએ ત્યારે ખ્યાલ આવે છે કે જીવનું અરૂપીપણું આપણા લક્ષમાં આવતું નથી. જીવના અસંખ્ય પ્રદેશોના દરેક પ્રદેશમાં અનેક કર્મો જીવની સાથે બંધાયેલા છે. કર્મોરૂપી હોવાથી જીવનું અમૂર્તપણું આચ્છાદિત થઈ જાય છે. દૃષ્ટાંતમાં મધપૂડો છે. તે મીણનો બનેલો છે પરંતુ જ્યારે તેના ઉપર મધમાખીઓ જામેલી હોય ત્યારે તેનું અસલ સ્વરૂપ જોવા મળતું જ નથી. ત્યાં મધમાખીઓ જ એકબીજા ઉપર ચોંટેલી દેખાય છે. જ્યારે બધી મધમાખીઓ મધપૂડાને છોડીને જાય ત્યારે જ તેમને મધપૂડો તેના અસલ સ્વરૂપમાં જોવા મળે છે. સમયસારમાં ૪૭ શક્તિમાં એક અમૂતર્ત્વ શક્તિ લીધી છે ત્યાં પણ આ ભાવ દર્શાવ્યો છે. સમસ્ત કર્મનો અભાવ થતાં જીવનું અમૂર્તપણું લક્ષમાં આવે છે. શક્તિ એ ગુણના અર્થમાં નથી. જીવ તો અમૂર્ત જ છે પરંતુ તે કર્મો વડે આચ્છાદિત હોવાથી તેનું અમૂર્તપણું દેખાતું નથી. જ્યારે બધા કર્મોનો અભાવ થાય છે ત્યારે સિદ્ધ દશામાં જીવનું અમૂર્તપણું લક્ષગત થાય છે એવું અમૂર્તત્વ શક્તિ દ્વારા સમજાવવામાં આવે છે.

બીજી રીતે જીવના રૂપીપણાનો વિચાર કરીએ. જીવની બધી પર્યાયો અરૂપી જ છે. તેથી રાગની પર્યાય પણ અરૂપી જ છે. આ પ્રમાણે હોવા છતાં જીવના વિભાવ પરિણામને કથંચિત્ રૂપી કહ્યા છે. વિભાવ પર્યાયનું કથંચિત્ રૂપીપણું પણ બે અપેક્ષાએ લક્ષમાં લેવામાં આવે છે. નિમિત્ત અપેક્ષાએ કારણ કાર્યપણું દ્રવ્યકર્મ સાથે છે. દ્રવ્ય કર્મનો ઉદય નિમિત્ત (કારણ) અને જીવનો વિભાવ નૈમિત્તિક (કાર્ય). વળી જીવનો રાગ નિમિત્ત અને નવું દ્રવ્યકર્મ નૈમિત્તિક. આ રીતે જીવના વિભાવને દ્રવ્યકર્મ સાથે જ સંબંધ છે. દ્રવ્યકર્મરૂપી છે માટે ભાવકર્મ પણ રૂપી ગણવામાં આવે છે. બીજી રીતે વિચારીએ તો મોઢાની ચેષ્ટા ઉપરથી જીવના વિભાવનો નિર્ણય થાય છે. અનુમાન થાય છે માટે પણ વિભાવને રૂપી ગણવામાં આવે છે. આ રીતે જીવ કર્મના ઉદયમાં જોડાયને વિભાવરૂપે પરિણમે છે તેથી તેનું અમૂર્તપણું નાશ પામે છે એમ લેવામાં આવે છે.

વિભાવ પરિણામમાં મૂર્તપણાનો વિચાર કર્યા બાદ તેને શુદ્ધ-અશુદ્ધ અપેક્ષાએ વિચારીએ ત્યારે જીવના સ્વભાવનો પરાભવ કરીને થતા તે પરિણામો અશુદ્ધ જાતના હોવાથી ત્યાં જાત્યાંતરપણું છે.

આ પ્રકારે જીવના વિભાવમાં અમૂર્તપણા અને નિરુપરાગ વિશુદ્ધિમત્વપણાનો અભાવ થાય છે એ રીતે દર્શાવવામાં આવ્યું છે.

## ગા. ૧૧૬ થી ૧૧૮

આ ત્રણ ગાથાઓમાં જીવની મનુષ્યાદિ પર્યાયોને લક્ષમાં રાખીને વાત કરવામાં આવી છે. દરેક પદાર્થમાં દ્રવ્ય અને પર્યાય વચ્ચે કર્તા કર્મ અને ભોક્તા ભોગ્યપણું એક જ સમયમાં હોય છે. તે પ્રમાણે જીવમાં પણ એમ જ છે. જીવ જ્યારે અજ્ઞાની છે ત્યારે તેની એક વિશિષ્ટતા છે. અજ્ઞાની વિભાવને કરે છે અને તેના ફળમાં આકુળતા અને દુઃખને તે સમયે જ ભોગવે છે. આ ઉપરાંત એક અન્ય અપેક્ષાએ તે જીવ પોતાના વર્તમાન પરિણામનું ફળ ભવિષ્યમાં પણ ભોગવે છે એમ કહેવામાં આવે છે.

એક પરિણામનું ફળ બે વાર ભોગવવું પડે એ સિધ્ધાંત બરોબર નથી તેથી ભવિષ્યમાં તેનું ફળ ભોગવવાની વાત છે ત્યાં તો તે જીવ તે સમયે જે નવા ભાવને કરે છે તેને જ ભોગવે છે. એ રીતે સમજાવવામાં આવે છે. તેથી બે વાર ફળ ભોગવવાની વાત રહેતી નથી. વળી જે સમયે પરિણામ કરે છે તે જ સમયે ભોગવે છે તે વાત સમજવામાં પણ મુશ્કેલી નડે છે. એક વ્યક્તિ હિંસા વગેરે પરિણામ કરે છે અને તેમાં આનંદ મેળવે છે. તેથી પરિણામ અને તેના ફળ સંબંધી ઘણા દ્વિધા પ્રવર્તે છે.

પરિણામનો કાળ એક સમયનો જ હોવાથી તેનું ફળ તે સમયે જ ભોગવવામાં આવે છે તે વાત ન્યાય સંગત છે. ષટ કારકથી વિચાર કરીએ તો કર્તા અને સંપ્રદાન-દ્રવ્યકર્તા થઈને જે પરિણામ કરે છે તે પર્યાય પોતાના સ્વભાવને જ અર્પણ કરે છે. વળી અન્ય સમયે ભોગવટો શક્ય જ નથી કારણકે અન્ય સમયે તો તે અવિદ્યમાન જ છે. જે પર્યાય વર્તમાનમાં ભાવરૂપે છે તે પછીના સમયે અભાવરૂપ જ થાય છે. ભાવ અભાવ શક્તિ. તેથી જો પોતાના પરિણામને પોતે જ ભોગવે છે એમ લેવું હોય તો તે વર્તમાનમાં જ ભોગવે છે એ એક જ શક્યતા છે. આ સિધ્ધાંત બધા દ્રવ્યોને લાગુ પડે છે.

અજ્ઞાની જીવે અનાદિ કાળથી શરીરમાં હુંપણું માન્યુ છે. તેનું કર્તાપણું અને ભોક્તાપણું માન્યું છે. તેથી તેને દેહલક્ષી ફળ અવશ્ય ભોગવવા પડે અને તે આપણે સમજી શકીએ છીએ. ખરેખર તો જીવ પોતે સંસારમાં પરિભ્રમણ કરવાનું ચાલુ રાખવા માગે છે માટે વિભાવ કરે છે. તે અનુસાર દ્રવ્યકર્મો બને છે. અઘાતિ કર્મો જીવને શરીર અને સંયોગો ઉપલબ્ધ કરાવે છે અને ઘાતિ કર્મો જીવના વિભાવમાં નિમિત્ત થાય છે વિભાવ ભાવો ક્ષણિક અને મર્યાદિત શક્તિવાળા હોવાથી તેના નિમિત્તે પ્રાપ્ત થતાં શરીર અને સંયોગો પણ મર્યાદિત કાળના હોય છે.

જીવના ચારિત્ર સંબંધી ભાવો બે પ્રકારના છે. શુભ અને અશુભ. તે અનુસાર થતાં દ્રવ્યકર્મો પણ પુણ્ય પ્રકૃતિ અને પાપ પ્રકૃતિ એમ બે પ્રકારના છે. તેના ફળ સ્વરૂપ અનુકૂળ સંયોગો અને પ્રતિકૂળ સંયોગો પણ બે પ્રકારના છે. તેથી આ ત્રણ ગાથાઓમાં જીવના પરિણામ, કર્મ તંત્ર અને શરીર એ પ્રમાણેના નિમિત્ત નૈમિત્તિક સંબંધો દર્શાવ્યા છે. જીવ કર્તા અને મનુષ્ય પર્યાય તેનું કર્મ એ રીતે ન લેતા રાગના પરિણામ કારણ અને મનુષ્ય પર્યાય તેનું કાર્ય એ રીતે લેવામાં આવ્યું છે. જીવના શુભાશુભ એમ માત્ર બે જ પ્રકાર છે પરંતુ તેમાં હિનાધિકતાના ઘણા પેટા ભેદ પડે છે. તેવા ભેદને કારણે શરીર ઉપરાંત સંયોગો પણ જીવને પ્રાપ્ત થાય છે. જીવ શરીર મારફત એ સંયોગોને ભોગવે છે એવું આપણા ખ્યાલમાં આવે છે. આ રીતે જીવ દેહગત સુખ અને દુઃખને ભોગવે છે.

કોઈ વ્યક્તિ એકને મારી નાખે અથવા અનેકનું ખુન કરે - લૌકિકમાં તો તેને વધુમાં વધુ એકવાર ફાંસી આપી શકાય. પરંતુ કુદરતમાં તેનું ફળ ભોગવવાના સ્થાનો છે. મનુષ્ય અને તિર્યંચ બે ગતિ આપણને જણાય છે. સ્વર્ગ અને નરકનો યુક્તિ દ્વારા સ્વીકાર આવે છે. આ રીતે શુભ અને અશુભ ભાવોના ઉત્કૃષ્ટ પરિણામોને ભોગવવાના સ્થાનો

પણ વિશ્વમાં વિદ્યમાન છે. જીવ જ્યાં સુધી શરીરમાં હુંપણું ચાલુ રાખે છે ત્યાં સુધી તે આવા ફળને અવશ્ય ભોગવે છે. ''અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગત પાઈ'' અર્થાત્ એકલા અગ્નિને ઘણના ઘા ન પડે પરંતુ અગ્નિ અને લોઢાનો સંગ થતા લોઢુ નરમ થાય છે જેથી તેને ટીપી શકાય છે. આ રીતે ખરેખર તો લોઢાને ટીપવામાં આવે છે પરંતુ લોઢાની સાથે અગ્નિને પણ ઘણના ઘા સહન કરવા પડે છે. એમ સિધ્ધાંતમાં જીવ જો શરીરમાં એકત્વબુદ્ધિ રાખે છે તો તેને દેહગત દુઃખ ભોગવવાનો પ્રસંગ બને છે.

આ ગાથાઓમાં જે સિદ્ધાંત દર્શાવવામાં આવ્યો તેની વિશિષ્ટતા એ છે કે રાગ, તેનું ફળ દ્રવ્યકર્મ અને તે અનુસાર શરીર એટલો જ નિમિત્ત નૈમિત્તિક સંબંધ દર્શાવ્યો છે અને ત્યાં તે વાત પુરી કરવામાં આવી છે. નવો દેહ ધારણ કર્યા બાદ તે નવેસરથી તેમાં એકત્વબુદ્ધિ કરે છે અને રાગ-દ્વેષ કરે છે તે એક નવી જ સ્વતંત્ર પ્રક્રિયા દર્શાવી છે. આ વાત સ્પષ્ટ કરવા માટે આચાર્યદેવ સોનાના કંકણમાં માણેક જડવાનો દૃષ્ટાંત આપ્યો છે. આ રીતે આ ગાથાઓમાં જીવને શરીર સાથે કેવી રીતે સંબંધ થાય છે એ દર્શાવ્યું છે બધાના મૂળમાં મિથ્યાત્વ છે તેથી તેને દૂર કરવાનો પ્રયત્ન કરવા યોગ્ય છે.

## ◆ ગાથા - ૧૧૯

**નહિ કોઈ ઊપજે વિણસે ક્ષણભંગસંભવમય જગે,**
**કારણ જનમ તે નાશ છે; વળી જન્મ-નાશ વિભિન્ન છે. ૧૧૯.**

***ક્ષણે ક્ષણે ઉત્પાદને વિનાશવાળા જીવલોકમાં કોઈ ઉત્પન્ન થતું નથીને નાશ પામતું નથી, કારણકે જે ઉદ્‌ભવ છે તે જ ન વિલિય છે; વળી ઉદ્‌ભાવ અને વિલય એમ તેઓ અનેક (અર્થાત્ ભિન્ન) પણ છે.***

જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અધિકારમાં દ્રવ્ય બંધારણનો જે વિષય શરૂ કરવામાં આવ્યો છે તે અહીં પુરો થાય છે. તેથી ઉપસંહારરૂપે આ ગાથામાં બધી વાત આવરી લેવામાં આવી છે. પદાર્થ દ્રવ્ય-પર્યાયરૂપ છે તેથી પહેલી લીટીમાં દ્રવ્ય સ્વભાવ અને બીજી લીટીમાં પર્યાયનું સ્વરૂપ દર્શાવ્યું છે. આ ગાથાને ચાર પદથી અલગ વિચાર કરીએ તો

***૧) પ્રથમ પદમાં અપરિણામી દ્રવ્ય સ્વભાવ.***

***૨) બીજા પદમાં પરિણમતું દ્રવ્ય.***

***૩) ત્રીજા પદમાં સદૃશ પરિણામ.***

***૪) ચોથા પદમાં વિસદૃશ પરિણામ***

આ પ્રમાણે ચાર પદમાં બધી વાત લેવામાં આવી છે. ટીકાકાર આચાર્યદેવે આ વાત જીવને લાગુ પાડીને વર્ણન કર્યું છે. પરંતુ ખરેખર આ સિદ્ધાંત, આ વ્યવસ્થા બધા દ્રવ્યોને લાગુ પડે છે.

## નહિ કોઈ ઊપજે વિણસે

આ પદ દ્વારા અપરિણામી દૃષ્ટિ વડે દ્રવ્યની સ્થાપના કરવામાં આવે છે. વિશ્વ સત્‌મય છે. એ સત્ શાશ્વત છે તે અહીં દર્શાવવું છે. તે અનાદિ અનુત્પન્ન, અવિનાશી છે. સત્ અહેતુક, સ્વતઃસિદ્ધ અને શાશ્વત છે. તે નિત્ય ઉદ્યોતરૂપ ટંકોત્કિર્ણ છે. એ મૂળભૂત સ્વભાવ છે. સત્ અને સ્વભાવને એકપણું છે. તેથી સત્ શાશ્વત કહેતા સ્વભાવ પણ કાયમ ટકનાર એકરૂપ છે. તે સ્વભાવ શક્તિરૂપ સામર્થ્યમય છે.

દ્રવ્ય સામાન્યને જોવાની આ એક દૃષ્ટિ છે. દ્રવ્ય સામાન્યને અન્ય દૃષ્ટિથી પણ જોઈ શકાય છે. તે બીજી દૃષ્ટિએ જોતા સમયે ખ્યાલમાં રહે કે આપણે દ્રવ્ય સામાન્યને જ લક્ષમાં લઈએ છીએ ત્યાં બે દૃષ્ટિઓ અવિરોધપણે રહેલી છે. એ અન્ય દૃષ્ટિમાં દ્રવ્ય પરિણમનશીલ લક્ષગત થાય છે. અપરિણામીપણું અને પરિણામીપણું બન્ને એકને લાગુ પાડવામાં વિરોધાભાસ લાગે. પરંતુ ત્યાં ખરેખર વિરોધાભાસ નથી. જેનામાં શક્તિરૂપ

સામર્થ્ય હોય તેની જ વ્યક્તિ અર્થાત્ પ્રગટતા થાય. સ્વભાવનો જ્યારે વિચાર કરીએ ત્યારે અનાદિથી અનંતકાળના પરિણામને પહોંચી વળવાના સામર્થ્યની વાત આવે છે. મૂળ સ્વભાવ ટકી રહે છે અને સ્વભાવ અંતર્ગત બધી ખૂબીઓ એક પછી એક પ્રગટ થતી રહે છે. ટકીને બદલવું એવું વસ્તુનું સ્વરૂપ ગણવામાં આવ્યું છે. સર્વથા નિત્ય કે સર્વથા અનિત્ય કોઈ પદાર્થ ન હોય શકે. તેથી સત્ કહેતા જ તે ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્ત છે એવું આપણે શીખ્યા છીએ. દ્રવ્ય સામાન્ય સ્વભાવ ધ્રુવ છે અને પર્યાયમાં ઉત્પાદ-વ્યય છે. તેથી બદલવાની વાત આવે ત્યારે પર્યાય જ આપણને ખ્યાલમાં આવે છે. સ્વભાવને તો ધ્રુવરૂપે જ જોવાની ટેવ છે તેથી પરિણમતું દ્રવ્ય કહીને દ્રવ્યની સાથે અનિત્ય ધર્મને જોડવાનું મન ન થાય. પરંતુ આ અધિકારમાં આપણે એ રીતે અભ્યાસ કરી ચૂક્યા છીએ કે પર્યાય કાંઈ દ્રવ્યથી સર્વથા ભિન્ન નથી. પર્યાયમાં દ્રવ્ય જ વ્યાપેલું છે. દ્રવ્ય પરિણમે તેને પર્યાય કહેવામાં આવે છે. દ્રવ્ય વ્યાપક થઈને ક્રમપૂર્વક બધી પર્યાયોમાં વ્યાપે છે, અર્થાત્ દ્રવ્ય પોતે જ દરેક પર્યાયરૂપે થાય છે. તેથી તે દ્રવ્ય સામાન્યને અપરિણામીરૂપે લક્ષમાં લઈને ત્યાં પરિણામ નથી એવો ધ્વનિ ખ્યાલમાં લઈએ છીએ. તે જ દ્રવ્ય સામાન્ય પરિણામી થઈને પરિણામના કારણો પુરા પાડે છે. એ રીતે વિચારવું રહ્યું. જે સોનામાં બધા પ્રકારના દાગીનારૂપે થવાની શક્તિ છે તે જ સોનામાંથી હાર બનવો જોઈએ. ત્યાં માત્ર શક્તિરૂપ સામર્થ્ય જ માનીએ અને તેની વ્યક્તિ ક્યારેય ન થાય તો તેવી શક્તિની કોઈ કિંમત ન રહે. વળી જેનામાં શક્તિ છે તે કાર્યરત ન થાય. તો જેનામાં શક્તિ જ નથી તેમાંથી તો કાર્ય આવવાની શક્યતા જ નથી. માટે આપણે એ વાસ્તવિકતાનો સ્વીકાર કરવો રહ્યો કે જેનામાં શક્તિ છે તેની જ વ્યક્તિ થાય છે અર્થાત્ દ્રવ્ય સામાન્યને આ બે અપેક્ષાએ જોવું અનિવાર્ય છે. ખ્યાલમાં રહે કે હજુ આપણે પરિણમતા દ્રવ્યનો જ વિચાર કરીએ છીએ. પર્યાયનો વિચાર કરતા નથી.

## એક અને એકત્વ

આ બન્ને સમાનાર્થી શબ્દો દ્રવ્ય સામાન્યને લાગુ પાડીને તેનો ભાવ સમજવાનો પ્રયત્ન કરીએ. અપરિણામી દૃષ્ટિને 'એક' અને પરિણામી દૃષ્ટિને ''એકત્વ'' એ રીતે લક્ષ્યગત કરવું છે. વસ્તુ એકાંતિક એક નથી. અનેકાંત સ્વરૂપ છે. તેથી જે વસ્તુ અનેકાંત સ્વરૂપ હોય તે એકત્વરૂપ જ હોવી જરૂરી છે. પદાર્થમાં રહેલા અનંત ગુણો વેરવીખેર નથી. દ્રવ્યની સત્તા પાસે જોતા તે બધા એકબીજા સાથે તાદાત્મ્ય સંબંધથી ગૂંથાયેલા છે. અર્થાત્ દ્રવ્ય સ્વભાવ એકત્વરૂપ છે. વસ્તુનું અનેકાંત સ્વરૂપ જ પરિણામના કારણો પુરા પાડે છે. એકથી અધિકમાં જ એક બીજા સાથે સંબંધની વાત આવે. એકાંતિક એકમાં બદલતા સંબંધ કયારેય જોવા મળે નહીં. આથી જ્યારે દ્રવ્ય સામાન્યને એકત્વરૂપ જોઈએ ત્યારે તે પરિણામના કારણો પુરા પાડે છે. આ રીતે પરિણમતું દ્રવ્ય એકત્વરૂપ હોવાથી તે પરિણામના કારણો પુરા પાડે છે અને ત્યાં અનાદિથી અનંતકાળ સુધીના પરિણામો થાય છે.

જે એકત્વરૂપ છે તે જ એક છે તો પછી એ બે વચ્ચે શું તફાવત છે ? એકત્વ શબ્દનો પ્રયોગ કરીએ ત્યારે ત્યાં શેનું એકત્વ છે તે વાત ગર્ભિતપણે સાથે રહેલી છે. જ્યારે 'એક' શબ્દ તો એકમના અર્થમાં લેવામાં આવે છે. દૃષ્ટાંતઃ કાપડ માપવા માટે મીટર એકમ છે. જ્યારે બે ગામ વચ્ચેનું અંતર મારવા માટે કિલોમીટર એકમ છે. એક કિલોમીટરમાં કેટલા મીટર હોય એવો પ્રશ્ન આવે ત્યારે ત્યાં ૧૦૦૦ મીટર હોય એમ કહીએ છીએ. પરંતુ બે ગામનું અંતર દર્શાવીએ ત્યારે ત્યાં મીટરને યાદ પણ નથી કરતા. આ બે વચ્ચેનો તફાવત છે. એક એ મૂળભૂત સ્વરૂપ છે. તેને જ્યારે એકત્વરૂપ લક્ષમાં લઈએ છીએ ત્યારે

તેના પેટાળમાં (ગર્ભમાં-અંતર્ગત રહેલા) શું ભર્યું છે તેના તરફ લક્ષ લઈ જવાની તૈયારી રાખીએ છીએ.

એકત્વ શબ્દ દ્વારા ગર્ભિતપણે ત્રણ પ્રકારનો ખ્યાલ આવે છે. દ્રવ્ય સામાન્ય તત્ત્વ અનંત ગુણોના એકત્વ સ્વરૂપ છે. અનાદિથી અનંતકાળ સુધી પર્યાયોના ઉદભવ સ્થાનરૂપ છે અને અસ્તિકાયરૂપ પાંચ દ્રવ્યોમાં પ્રદેશોના એકત્વસ્વરૂપ છે.

જીવની મુખ્યતાથી જ્યારે વિચાર કરીએ ત્યારે, પ્રયોજનવશ હુંપણું સ્થાપીને આશ્રય લેવાની વાત આવે ત્યારે, એકત્વની દૃષ્ટિ ઉપયોગી નથી. એકત્વની દૃષ્ટિમાં ગુણ ભેદો, પર્યાય ભેદો અને પ્રદેશ ભેદો ત્યાં ડોકિયા કરે તેથી ત્યાં અનેકપણું ગર્ભિતપણે લક્ષમાં આવતા એકાગ્રતા શક્ય નથી. આ રીતે જીવમાં 'એક' ની દૃષ્ટિ હુંપણું સ્થાપવા અને આશ્રય માટે ઉપયોગી છે. જ્યારે એકત્વની દૃષ્ટિ પરિણામના કારણો પુરા પાડે છે. ખ્યાલમાં રહે કે દ્રવ્ય સામાન્યને અપરિણામી દૃષ્ટિથી જોતા ત્યાં પરિણામના કારણો નહીં મળે જ્યારે પરિણમતા દ્રવ્યનો આશ્રય નહીં થાય. આ રીતે આ ગાથાની પહેલી લીટીમાં દ્રવ્ય સામાન્યને દર્શાવનારી બે દૃષ્ટિઓની વાત લીધી. હવે બીજી લીટીનો અર્થ સમજીએ.

સૌ પ્રથમ બીજી લીટીને પહેલી લીટીથી અલગ પાડીને સમજીએ. એ રીતે સમજવા જતા તે બન્ને પદોનો ભાવ સારી રીતે લક્ષગત થાય છે. જેનો જન્મ છે તેનો જ નાશ છે એમ કહેતા ત્યાં સદૃશ પરિણામ ખ્યાલમાં આવે છે. જન્મ અને નાશ વિભિન્ન છે શબ્દો દ્વારા ત્યાં વિસદૃશ ભાગ જણાય છે. પર્યાયને જોવાની આ બે દૃષ્ટિઓની આપણેવિચારણા કરી જ ગયા છીએ તેથી તેની વિસ્તૃત ચર્ચા નહીં કરીએ. હવે બન્ને લીટીને સંબંધમાં વિચારીએ ત્યારે આપણે પહેલા જે બંધારણ લક્ષમાં લીધું છે તે બરોબર યોગ્ય રીતે સમજાય છે.

**પદાર્થ**

- દ્રવ્ય
  - અપરિણામી દૃષ્ટિ
  - પરિણામી દૃષ્ટિ
- પર્યાય
  - સદૃશ પરિણામ
  - વિસદૃશ પરિણામ

આ બંધારણને હવે આપણે બીજી રીતે વિચારીએ. તે બંધારણ સમજાવવું હોય તો ત્રિકાળ સ્વભાવની સ્થાપના પ્રથમ કરવી જરૂરી છે. ત્યારબાદ તે સ્વભાવને પરિણામી દૃષ્ટિરૂપે લક્ષમાં લઈને પછી પર્યાયનું સ્વરૂપ સમજાવવામાં આવે. પરંતુ જ્યારે કોઈ સ્વભાવ સુધી પહોંચવાનો પ્રયત્ન કરે ત્યારે પર્યાયના વિસદૃશ ભાગમાંથી પ્રવેશ કરીને પછી સદૃશ પરિણામ, પરિણમતું દ્રવ્ય અને અપરિણામી સ્વભાવ એ રીતે જવાનું રહે કારણકે પર્યાયનો વિસદૃશ ભાગ જ પ્રથમ લક્ષમાં આવે છે. ખરેખર તો પર દ્રવ્યના સંગવાળા પરિણામ લક્ષમાં આવે છે અને ત્યાંથી એક દ્રવ્યની પર્યાય સુધી પહોંચવાનું રહે છે, ગાથા ૯૩માં દ્રવ્ય પર્યાયને એ રીતે જ દર્શાવવામાં આવી છે. સ્કંધની પર્યાય ઈન્દ્રિય જ્ઞાનમાં જણાય છે. ત્યાંથી એક પરમાણુની પર્યાયનું અનુમાન કરાવ્યું હતું. મનુષ્યાદિ પર્યાય મારફત અર્થાત્ મનુષ્ય દેહ મારફત જીવની મનુષ્યરૂપની દ્રવ્ય પર્યાયની સ્થાપના કરવામાં આવી હતી. આ રીતે જીવની મનુષ્ય પર્યાય સુધી પહોંચીને પછી ત્યાંથી સ્વભાવ સુધી પહોંચવાનું છે.

## ◆ ગાથા - ૧૨૦

**તેથી સ્વભાવેને સ્થિર એવું ન કોઈ છે સંસારમાં;**
**સંસાર તો સંસરણ કરતા દ્રવ્ય કેરી છે ક્રિયા. ૧૨૦.**

***તેથી સંસારમાં સ્વભાવથી અવસ્થિત એવું કોઈ નથી (અર્થાત્ સંસારમાં કોઈનો સ્વભાવ કેવળ એકરૂપ રહેવાનો નથી) સંસાર તો સંસરણ કરતા દ્રવ્યની ક્રિયા છે.***

## સંસાર

સંસાર એટલે શું ? લૌકિક જનો સ્ત્રી-પુત્ર-પરિવારને સંસાર માને છે. મકાન-વાડી વગેરે પણ સંસારમાં ગણે છે. પરંતુ તે સંસાર નથી. આચાર્યદેવ આ ગાથામાં સંસારનું અસલ સ્વરૂપ સમજાવવા માગે છે. સંસાર એ ખરેખર જીવની એક પર્યાય છે. મુખ્યપણે અજ્ઞાની જીવના પરિણામને સંસાર ગણવામાં આવે છે. સંસાર શબ્દમાં સૃ ધાતુ છે. તેનો અર્થ થાય છે સરી જવું - ખસી જવું. જીવ પોતાના શુદ્ધ સ્વભાવથી ચ્યુત થાય તે સંસારનું કારણ છે. અજ્ઞાની જીવે અનાદિકાળથી પોતાના શુદ્ધ સ્વભાવને જાણ્યો નથી. તે શરીરાદિ પરદ્રવ્યોમાં હુંપણું - મારાપણું અને હિતબુદ્ધિ રાખીને અજ્ઞાનમય એવા મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્રરૂપે પરિણમ્યો છે. જીવના આ અજ્ઞાનમય પરિણામ એ જ સંસાર છે.

અજ્ઞાનીએ પોતાના સ્વભાવને જાણ્યો નથી તેથી તેનું હુંપણું પોતાના સ્વભાવમાં નથી. તેણે શરીરમાં હુંપણું માન્યું છે. શરીર પરદ્રવ્ય છે. તે પોતાના સ્વભાવથી ખસ્યો છે. સરી ગયો છે તે રીતે સંસરણની ક્રિયા ત્યાં થાય છે. તેણે શરીર તે હું છું એવું માન્યું છે પરંતુ તે શરીરરૂપ થઈ શક્તો નથી. બે પદાર્થો જીવ અને પુદ્‌ગલ અત્યંત ભિન્ન છે તેથી શરીરરૂપે થવું અશક્ય છે. તેથી તે જીવ પોતાના શુદ્ધ સ્વભાવથી ખસીને વિભાવ પર્યાયરૂપે પરિણમે છે. પોતે જ્ઞાન સ્વભાવી હોવા છતાં તે અજ્ઞાની થાય છે.

જ્ઞાની અને અજ્ઞાની એવા બે પ્રકારના જીવો નથી. જીવની આ બે પ્રકારની અવસ્થાઓ અવશ્ય શક્ય છે. પરંતુ જીવના બે પ્રકાર નથી. સમયસારમાં સ્વસમય અને પરસમય એવા બે પ્રકારના જીવની વાત ગા. બે માં લીધી છે અને તુરત જ ત્રીજી ગાથામાં ત્યાં બાધા દર્શાવી છે. જ્ઞાનમય પરિણામવાળા જીવને જ્ઞાની સ્વસમય કહેવામાં આવે છે. અજ્ઞાનમય પરિણામ અજ્ઞાની જીવને, પરસમય જીવને, હોય છે પરંતુ જીવની એ બે જાત નથી.

પરદ્રવ્ય તરફ જેનું લક્ષ છે. જેની ચેતન જાગૃતિ કર્મફળ પ્રત્યે અર્થાત્ પર પ્રત્યે છે તેના એવા પરાશ્રિત ભાવને સંસાર એવું નામ આપવામાં આવ્યું છે. એ જીવ સંસારી છે. અનાદિકાળથી ચાલતી આ પ્રવૃત્તિ ને સમજવાનો પ્રયત્ન કરીએ. વિભાવ પરિણામમાં મુખ્યતા મિથ્યાત્વની છે. મોહ અર્થાત્ વિપરીત માન્યતા એ મિથ્યાત્વ છે. બે દ્રવ્યો અત્યંત ભિન્ન હોવા છતાં તેમને એક માનવા તે મોહ છે. જીવ પોતાને ભૂલીને જે પોતાથી અત્યંત જાુદું છે એવા શરીરમાં હુંપણું સ્થાપે છે તે તેની મુખ્ય ભૂલ છે. તે પરમાં હુંપણું રાખીને પરનું કર્તાપણું અને ભોક્તાપણું માને છે. જિનાગમ કહે છે કે મિથ્યાત્વ અનુસાર વિશ્વમાં કાંઈ થતું નથી. અર્થાત્ બે પદાર્થો સ્વભાવથી એક થઈ જાય એવું કયારેય બનતું નથી. વળી બે પદાર્થો વચ્ચે કર્તાકર્મ અને ભોક્તા ભોગ્યપણું શક્ય જ નથી. તેથી અજ્ઞાનીની માન્યતા તેને જ મુબારક છે. તે પોતાના તે પરિણામોને કરે છે અને તેનું ફળ ભોગવે છે. અજ્ઞાનીની માન્યતા અનુસાર નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. તે ક્રમતંત્ર જીવને જ વફાદાર રહે છે. અજ્ઞાની જીવ જ્યાં સુધી સંસારમાં રહેવા ઈચ્છે છે ત્યાં સુધી આ કર્મો તેને બધા પ્રકારની અનુકૂળતા કરી આપે છે. જીવને સંસારની પ્રવૃતિ માટેનું મૂળભૂત સાધન એવું શરીર તેને કર્મોના નિમિત્તે મળે છે. શરીર અને સંયોગો નોકર્મ એવું નામ પામે છે. આ આખી ઘટમાળ આ રીતે વિચારી શકાય.

જીવને ➔ શરીર સંયોગરૂપે પ્રાપ્તિ થાય છે.

જીવ શરીરમાં હુંપણું સ્થાપે છે. મિથ્યાત્વ - શ્રદ્ધાનો દોષ.

જીવ શરીરને પ્રાપ્ત ઈન્દ્રિયો અને મનને બાહ્ય

સાધન બનાવીને બાહ્ય વિષયોને જાણે છે. જીવ એ પ્રકારે જ્ઞેયોને જાણતા પોતાનામાં તે સંયોગોમાં ઈષ્ટ-અનિષ્ટપણું માનીને રાગ દ્વેષના ભાવને કરે છે. ચારિત્રનો દોષ.

જીવને તેના વિભાવ પરિણામ અનુસાર જે નવા દ્રવ્યકર્મો બંધાય છે તેના ફળ સ્વરૂપે તેને ફરીથી શરીર અને સંયોગોની પ્રાપ્તિ થાય છે તેથી ફરીથી જીવને નવું શરીર પ્રાપ્ત થાય છે. તે શરીરમાં નવેસરથી એકત્વ કરીને પોતાનું સંસારરૂપનું પુનરાવર્તન કરે છે.

ગાથાના મથાળામાં લેવામાં આવ્યું છે કે જીવના અનવસ્થિત પણાનો હેતું શું છે ? ઉપરોક્ત વિચારણાથી સંસારમાં પરિભ્રમણનું કારણ શું છે તે આપણા ખ્યાલમાં આવી જાય છે. ચાર ગતિના પરિભ્રમણના મૂળમાં મિથ્યાત્વ છે તે આપણા સૌના ખ્યાલમાં છે. પરંતુ એટલા માત્રથી ચાર ગતિના પરિભ્રમણને સમજી શકાય એવું નથી. ચારિત્રના પરિણામમાં જે રાગ-દ્વેષ અને શુભાશુભ ભાવો થાય છે તે ચાર ગતિના નિયામક છે. ગતિનો બંધ ચારિત્રના પરિણામ અનુસાર થાય છે. તે ઉપરાંત શુભાશુભ ભાવો અનુસાર તેને સંયોગોની પ્રાપ્તિ થાય છે. તેને ઈન્દ્રિય સુખ-દુઃખનો અનુભવ થાય છે. આ સુખ-દુઃખનું દ્વૈત જ જીવને અનંત સંસારનું કારણ થાય છે. મિથ્યાત્વ અનંત સંસારનું કારણ છે એ વાત તો સર્વમાન્ય છે. અજ્ઞાનીના ચારિત્રના પરિણામનો અનંતાનુબંધી પ્રકારના ગણવામાં આવ્યા છે. પરંતુ તેને મિથ્યાત્વનું જ ફળ ગણવાને આપણે ટેવાયેલા છીએ અને એક અપેક્ષાએ એ વાત સાચી છે. બીજી અપેક્ષાએ જ્યારે ચાર ગતિના ભેદનો વિચાર કરીએ ત્યારે ચારિત્રના પરિણામને પણ સાથે લક્ષમાં લેવા જરૂરી છે. અજ્ઞાની જીવને ચાર ગતિમાં વારા ફરતી સુખ-દુઃખની અનુભૂતિ થાય છે. વિભાવ ભાવો ક્ષણિક છે. વિભાવ શક્તિ પણ મર્યાદિત છે. તે અનુસાર પ્રાપ્ત અનુકૂળ અને પ્રતિકૂળ સંયોગો અને ઈન્દ્રિય સુખ દુઃખ પણ ક્ષણિક છે. જુદા જુદા સમયે થયેલા શુભાશુભ ભાવો અનુસાર બંધાયેલા લાંબી અને ટૂંકી મુદતના કર્મો દરીયાના મોજાની જેમ વારાફરતી આવતા જ રહે છે. જીવ ઈન્દ્રિય સુખમાં રાચે છે અને દુઃખના સમયે હમણાં ફરી સુખના દિવસો આવશે એવી મધલાળમાં દિવસો વિતાવે છે. આ તેને અનંત સંસારનું કારણ થાય છે. બાહ્યમાંથી સુખ પ્રાપ્ત થાય છે એવી અજ્ઞાનીની માન્યતા છે. બાહ્યમાંથી સુખ આવે એમ બનવું અશક્ય છે. છતાં અજ્ઞાની જીવને સંયોગોમાં ઈન્દ્રિય સુખનો અનુભવ થાય છે એ પણ વાસ્તવિકતા છે. જો બાહ્ય વિષયને ભોગવતા એકાંત દુઃખનો જ અનુભવ થતો હોત તો બાહ્યમાંથી સુખ મળે છે એવી ઊંધી માન્યતા ટકી શકત જ નહીં, પરંતુ બાહ્યમાંથી સુખ મળે છે એવી માન્યતા અનુસાર વિષયો ભોગવવાની ઈચ્છા કરનારને સુખનો અનુભવ થાય છે જે તેની વિપરીત માન્યતાને પુષ્ટિ આપે છે. આ રીતે વિચારીએ ત્યારે ખ્યાલ આવે છે કે માત્ર મિથ્યાત્વ જ નહીં પરંતુ ચારિત્રના પરિણામોનું દ્વૈત અને ઈન્દ્રિય સુખ-દુઃખ એવા ભેદો જીવને અનંત સંસારનું કારણ બને છે.

જીવના ભાવનો અભ્યાસ કરી લઈએ.

| **પરમ પારિણામિક** | **પારિણામિક ભાવ** | **ઔદયિક ભાવ** |
|---|---|---|
| ↓ | ↓ | |
| પરિણમતુ દ્રવ્ય<br>અભેદપણે<br>દ્રવ્ય સામાન્ય | સદ્દશ પરિણામ | ક્ષયોપશમિક ભાવ<br>ઔપશમિક ભાવ<br>ક્ષાયિક ભાવ<br>↓<br>વિસદ્દશ પરિણામ |

ઔદયિક ભાવ અને જ્ઞાનમાં ક્ષાયોપશમિક ભાવ એ અશુદ્ધ પર્યાય જીવમાં અનાદિથી છે. ઔપશમિક ભાવ અને ક્ષાયિક ભાવ એ જીવની શુદ્ધ પર્યાય છે.

બધી પર્યાયો ક્ષણિક જ છે. તે અપેક્ષાએ એક સમયની પર્યાયો સાદિ-સાંત છે. કર્મના ઉદય અનુસાર થતાં અશુદ્ધ ભાવો તે ઔદયિક ભાવો છે. આ ગાથામાં તેની મુખ્યતાથી વાત લેવામાં આવી છે. તે ઔદયિક ભાવો-પર્યાયરૂપ છે માટે સાદિ સાંત છે. તે પર્યાયો અનાદિકાળથી છે પરંતુ મોક્ષમાર્ગની પ્રગટતા થતાં તેનો અંત આવે છે તે અપેક્ષાએ તે અનાદિ સાંત છે. અભવ્ય જીવ કયારેય પર્યાયમાં શુદ્ધતા પ્રગટ કરવાનો નથી તે અપેક્ષાએ તે અનાદિ અનંત છે.

ઔદયિક ભાવ આ અપેક્ષાએ ક્ષણિક છે. તેવા પરિણામો મર્યાદિત સમય માટે જ થાય છે. છદ્મસ્થના પરિણામો અંતમૂહૂર્તથી ઓછા સમય માટે એકરૂપ રહે છે. તેથી આ બધા પરિણામો બદલાયા કરે છે. ઔદયિક ભાવો વિભાવરૂપ અશુદ્ધ પરિણામો છે. સ્વભાવ અમર્યાદિત સામર્થ્ય લઈને રહેલો છે. જ્યારે વિભાવ ગમે તેટલો હોય તોપણ તે બેહદ કયારેય બની શકતો નથી. તેથી વિભાવમાં તીવ્ર અને મંદ એવા ઘણા ભેદો જોવા મળે છે. આ રીતે ઔદયિક ભાવમાં તેનું ક્ષણિકપણું અને મર્યાદામાં થતી અશુદ્ધતા આવા બે લક્ષણો ખ્યાલમાં લેવા જેવા છે.

હવે જીવના આવા વિભાવ અનુસાર દ્રવ્યકર્મો તેમજ શરીર અને સંયોગો પ્રાપ્ત થાય છે માટે ઉપરોક્ત બે લક્ષણો આ બધામાં જોવા મળે છે. જીવના વિભાવને અનુસરીને દ્રવ્યકર્મની રચના થાય છે. કર્મબંધમાં આપણે પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગ બંધ એમ ચાર અપેક્ષા એ બંધનો વિચાર કરીએ છીએ. સ્થિતિબંધ દ્વારા એ કર્મો કેટલા સમય સુધી જીવની સાથે બંધાયેલા રહેશે તે નક્કી થાય છે. જ્યારે અનુભાગબંધ તે કર્મની ફળ આપવાની શક્તિ કેટલી છે તે દર્શાવે છે. જીવના વિભાવ ભાવો અનુસાર આ રીતે દ્રવ્યકર્મોમાં પણ કાળ અને ભાવની મર્યાદા લક્ષગત થાય છે.

અઘાતિ કર્મોના ઉદય અનુસાર જીવને શરીર અને સંયોગોની પ્રાપ્તિ થાય છે તેથી તેમાં પણ કાળ અને ભાવની મર્યાદા જોવા મળે છે. જીવ જે પ્રકારના ભાવો કરે છે તે અનુસાર તેને ફળ તે સમયે મળે છે તે વાત કાયમ રાખીને જીવના વિભાવ ભાવોનું ફળ તે જ સમયે સંપૂર્ણપણે મળે તે શક્ય નથી દેખાતું. કોઈ એક વ્યક્તિનું ખૂન કરે અથવા તે એટમ બોમ્બ વડે અનેક જીવોને મારી નાખે. ત્યાં તેને તીવ્ર હિંસાના પરિણામને કદાચ તે સમયે આનંદરૂપે (હિંસાનંદી) પણ અનુભવાય અર્થાત્ તે ભાવ તીવ્ર દુઃખ આપવાને બદલે આનંદ આપનાર છે એવું પણ ખ્યાલમાં આવે. પરંતુ તેટલા માત્રથી પુરું થતું નથી. જીવના એવા શુભાશુભ ભાવોના ફળ ભોગવવાના સ્થાનો-સ્વર્ગ અને નરક પણ વિશ્વમાં છે. તે જીવ તેવા પરિણામના ફળમાં જે તે સ્થાનમાં ઉપજીને તે ઈન્દ્રિય સુખ-દુઃખનો અનુભવ કરે છે. આવા પરિણામના પલટા અને તેના ફળ સ્વરૂપ સંયોગો અને ઈન્દ્રિય સુખ-દુઃખના ફેરફારોના કારણે જીવ અનંત કાળથી રખડે છે તે વાત આપણે પહેલા જ વિચારી ગયા છીએ.

ટીકામાં જીવ સ્વભાવનું અવસ્થિતપણું અને પર્યાય અપેક્ષાએ અનવસ્થિતપણું દર્શાવ્યું છે. સંસારમાં કોઈ અવસ્થિત નથી એમ કહ્યું છે. જીવના સંસારી અને સિદ્ધ આવા બે સ્વરૂપો છે. તીર્થંકર પણ સંસારી ગણવામાં આવ્યા છે. ત્યાં મનુષ્યપર્યાય છે અને તે નાશવંત છે. સિદ્ધ પરમાત્મા અશરીરિ છે ત્યાં હવે સદા એકરૂપ પરિણમન થાય છે. તે ધ્રુવ અને અચળ ગતિ છે. તેથી સંસારમાં પરિભ્રમણ કરનારા જીવો અવસ્થિત નથી એમ કહ્યું છે. તે દશાનું કારણ 'સંસાર' છે. જીવ એક મનુષ્યાદિ પર્યાયને છોડીને અન્ય પર્યાયરૂપે થાય છે. જીવના પરિણામને ક્રિયા કહેવામાં આવી છે. ત્યાં ક્રિયા એટલે ફેરણી. પૂર્વ પર્યાયનો અભાવ કરીને ઉત્તર પર્યાયની પ્રગટતા. એ રીતે ચોરાશી લાખ જીવ યોનિમાં

પરિભ્રમણ થાય છે તે આખી સળંગ પ્રક્રિયાને અહીં ક્રિયા કહેવામાં આવે છે. ખરેખર તો સંસાર એ આવી એક પ્રક્રિયારૂપે જ લક્ષમાં લેવામાં આવે છે. તે ક્રિયાના વિસદૃશ ભાગને લક્ષમાં લેતા ત્યાં મનુષ્યાદિ પર્યાયો છે એવું વર્ણન કરવામાં આવે છે. પર્યાય-પરિણામ-કર્મ વગેરે શબ્દોનો આપણે ઉપયોગ કરીએ છીએ ત્યારે ત્યાં પ્રવાહ લક્ષણ ભૂલીને સ્થિરપણાની કલ્પના કરવા લાગી જઈએ છીએ. મનુષ્યાદિ પર્યાય ૮૦-૧૦૦ વર્ષ માટે સ્થિર છે એવું માનીએ છીએ પરંતુ તે મનુષ્ય પર્યાય પણ તે સમયે પરિવર્તનશીલ-પ્રવાહરૂપ જ છે. તેના પ્રત્યે આપણું લક્ષ જતું નથી. આ પ્રકારે વિચારતા સંસાર શબ્દથી ક્રિયા અને પરિણામ બન્નેનો ખ્યાલ આવે છે.

## ◆ ગાથા - ૧૨૧

**કર્મે મલિન જીવ કર્મસંયુત પામતો પરિણામને,**
**તેથી કર્મ બંધાય છે; પરિણામ તેથી કર્મ છે. ૧૨૧.**

***કર્મથી મલિન આત્મા કર્મ સંયુક્ત પરિણામને (દ્રવ્યકર્મના સંયોગે થતાં અશુદ્ધ પરિણામને) પામે છે, તેથી કર્મ ચોંટે છે. (દ્રવ્યકર્મ બંધાય છે); માટે પરિણામ તે કર્મ છે.***

***જુના દ્રવ્યકર્મનો ઉદય નિમિત્ત - જીવનો વિભાવ ભાવ નૈમિત્તિક***

***જીવનો વિભાવ ભાવ નિમિત્ત - નવા દ્રવ્યકર્મનો બંધ નૈમિત્તિક***

આ પ્રકારે જીવને જુના કર્મોદય અને નવા દ્રવ્યકર્મના બંધ સાથે અનાદિકાળથી નિયમભૂત નિમિત્ત નૈમિત્તિક સંબંધ ચાલ્યો આવે છે. આ વાસ્તવિકતાનો ઉલ્લેખ આ ગાથામાં કરવામાં આવ્યો છે. સમયસાર કર્તાકર્મ અધિકારની શરૂઆતની ગાથામાં પણ આ વિષયની ચર્ચા કરવામાં આવી છે.

ગાથાના મથાળામાં એક પ્રશ્ન રજૂ કરવામાં આવ્યો છે કે આવા સંસારી જીવને પુદ્‌ગલ સાથે સંબંધ કઈ રીતે થાય છે ? તેનો જવાબ આ ગાથામાં આપવામાં આવ્યો છે. આ જીવ અને પુદ્‌ગલ વચ્ચેના નિયમભૂત નિમિત્ત નૈમિત્તિક સંબંધો અનાદિકાળથી ચાલે છે. ખ્યાલમાં રહે કે આ બે દ્રવ્યો વચ્ચેના નિર્દોષ સંબંધો નથી. જીવ અને પુદ્‌ગલ બે દ્રવ્યોમાં વૈભાવિક શક્તિ છે. અર્થાત્ બન્નેમાં અશુદ્ધતારૂપે પરિણમવાની યોગ્યતા છે. ભાવ કર્મ એ જીવનું અશુદ્ધ પરિણમન છે અને દ્રવ્યકર્મ એ પુદ્‌ગલની વૈભાવિક શક્તિ અનુસાર થતું કાર્ય છે. વિભાવ એ જીવનું સ્વાભાવિક કાર્ય નથી. તે અશુદ્ધ પરિણમન છે. વિભાવ એ જીવનું નૈમિત્તિક પરિણમન છે. જીવના આ અશુદ્ધ પરિણમનમાં નિમિત્ત પણ અશુદ્ધ પર્યાય જ હોય. વિભાવમાં દ્રવ્યકર્મોદય જ નિમિત્ત હોય. અન્ય કોઈ નિમિત્ત ન જ હોય. જીવના જીવન-મરણમાં આયુષ્ય કર્મ અને સુખ-દુઃખમાં વેદનીય કર્મનું જ નિમિત્ત છે. કોઈ માને કે પોતે બીજાને સુખી-દુઃખી કરી શકે છે. તો તે તેની ભ્રમણા છે. તે માને કે અન્યના સુખ-દુઃખમાં પોતે નિમિત્ત છે. તો તે વાત પણ તદ્દન ખોટી છે. જે કાંઈ જોવામાં આવે છે ત્યાં તે કાર્ય કર્મોદય અનુસાર જ થતું દેખાય છે. અન્ય વધારાના નિમિત્તો જેની આપણે આપણા ચાલુ જીવનમાં વાતો કરીએ છીએ તેને કોઈ સ્થાન નથી. અહીં નિમિત્ત અનુસાર ઉપાદાનમાં કાર્ય થાય છે. એ સિદ્ધ નથી કરવું પરંતુ જીવના વિભાવમાં માત્ર દ્રવ્યકર્મનું જ નિમિત્ત છે ત્યાં અન્ય કોઈ નિમિત્તને સ્થાન નથી એ રીતે આપણા જ્ઞાનને વ્યવસ્થિત કરવું છે. ડૉકટરે સાચુ નિદાન કરીને યોગ્ય દવા આપી તે લાગુ પડી ગઈ અને સગાઓએ સારી ચાકરી કરી તેથી દરદી સાજો થયો એ બધી લૌકિક વાતોને અધ્યાત્મમાં કોઈ સ્થાન નથી.

અન્વયાર્થમાં એ રીતે રજૂઆત કરવામાં આવી કે જીવ અનાદિકાળથી કર્મો સાથે ઉભયબંધને

પ્રાપ્ત થઈને રહેલો છે. ભાવકર્મ અને દ્રવ્યકર્મો બન્ને અનાદિના છે. કારણકે કોઈની નવી શરૂઆત સાબિત થઈ શકતી નથી, જીવ મુક્ત નથી. પોતાના શુદ્ધ સ્વભાવને અનુસરીને શુદ્ધ પર્યાયરૂપે પરિણમવા માટે તે સ્વતંત્ર નથી એવો ભાવ દર્શાવવો છે. ખરેખર તો વિભાવરૂપનું પરિણમન જીવ સ્વતંત્રપણે જ કરે છે પરંતુ ભાવક એવા કર્મના ઉદયમાં જોડાઈને ભાવ્યરૂપ એવા પોતાના અશુદ્ધ પરિણામરૂપે પરિણમવાની તેને અનાદિથી આદત પડી ગઈ છે. એવા સંસ્કાર દૃઢ થઈ ગયા છે. કર્મના ઉદયમાં જોડાઈને તેને અનુરૂપ ભાવો કરે છે. શરીર સાથે જોડાઈને તેને અનુરૂપ ભાવો કરે છે અને સંયોગમાં જોડાઈને સંયોગી ભાવો કરે છે. પર્યાયને બાહ્યમાં નજર રાખીને પર સાથે જ જોડાવાની ટેવ પડી ગઈ છે. પોતાના સ્વભાવને લક્ષમાં લઈને શુદ્ધ સ્વભાવને અનુરૂપ શુદ્ધ પર્યાયને અજ્ઞાનીએ કયારેય પ્રગટ કરી નથી. તેથી અહીં કહે છે કે કર્મોદય અનુસાર જીવ વિભાવરૂપે પરિણમે છે. જીવના પરિણામની સ્વતંત્રતા રાખીને વાત કરવી છે. પોતે પરનું લક્ષ છોડીને સ્વભાવનો આશ્રય કરે તો શુદ્ધ પર્યાયની પ્રગટતા કરી શકે છે. કર્મનો ઉદય આવે એટલે જીવમાં વિભાવ થઈ જ જાય એમ નથી. પરંતુ જીવ વિભાવરૂપો પરિણમે ત્યારે ત્યાં દ્રવ્યકર્મના ઉદયનું જ નિમિત્તપણું નિયમરૂપે હોય છે એમ જાણવું જરૂરી છે.

હવે જીવના વિભાવના નિમિત્તે તે જ ક્ષેત્રમાં રહેલી કાર્મણ વર્ગણા કર્મરૂપે પરિણમી જાય છે એવો પણ એક નિયમભૂત નિમિત્ત નૈમિત્તિક સંબંધ તે જ સમયે થાય છે. તે કર્મ જીવની સાથે ઉભયબંધને પ્રાપ્ત થાય છે તેમાં પણ સમયભેદ નથી. જીવના આ વિભાવ ભાવને ભાવકર્મ કહેવામાં આવે છે. નવ તત્ત્વમાં પુણ્ય-પાપ-આસ્રવ વગેરે પરિણામોની વાત છે ત્યાં જીવના સાત પરિણામોને 'ભાવ' સંજ્ઞા અને પુદ્‌ગલ કર્મના આવા સાત પરિણામો માટે 'દ્રવ્ય' સંજ્ઞા વાપરવામાં આવે છે. તેથી અહીં જીવના વિભાવ ભાવને ભાવકર્મ કહેવામાં આવ્યા છે. અને પુદ્‌ગલના પરિણામોને દ્રવ્યકર્મ કહેવામાં આવે છે. આ રીતે અન્વયાર્થમાં જુનાકર્મો અને જીવના વિભાવ વચ્ચે તથા જીવના ભાવકર્મને નવા દ્રવ્યકર્મો સાથે નિમિત્ત નૈમિત્તિક સંબંધો એ પ્રકારના ક્રમ અનુસાર દર્શાવ્યા છે.

ટીકામાં આચાર્યદેવે ક્રમ બદલાવી નાખ્યો છે. જીવની પ્રધાનતા રાખીને જીવના કર્મ (ભાવકર્મ) અનુસાર નવું દ્રવ્યકર્મ થાય છે તેથી જીવનો 'સંસાર' એવી ક્રિયા (કર્મ) તેને દ્રવ્યકર્મના કારણ (નિમિત્ત)રૂપે પ્રથમ દર્શાવે છે. ત્યારબાદ જીવના એવા વિભાવ પરિણામમાં નિમિત્ત કોણ એવો પ્રશ્ન રજૂ કરે છે. ત્યારે દ્રવ્યકર્મ તેનું કારણ (નિમિત્ત) છે એમ દર્શાવે છે. આ રીતે જીવના વિભાવનું કાર્ય દ્રવ્યકર્મ છે અને વિભાવનું કારણ પણ દ્રવ્યકર્મ છે એમ દર્શાવે છે. દ્રવ્યકર્મને વિભાવના કારણરૂપે અને કાર્યરૂપે એમ બન્ને પ્રકારે દર્શાવીને ત્યાં ઈતર ઈતર આશ્રય દોષની ભીતિ રજૂ કરે છે અને તુરત જ તેનું સમાધાન કરે છે. એક અસિદ્ધ વસ્તુને સિદ્ધ કરવા બીજી અસિદ્ધ વસ્તુનો આશ્રય લેવામાં આવે અને એ બીજી વસ્તુની સિદ્ધિ માટે એ જ પહેલી વસ્તુની વાત કરવામાં આવે ત્યારે બન્ને અસિદ્ધ જ રહે. તેને ઈતર ઈતર આશ્રય દોષ કહેવામાં આવે છે. અહીં ભાવકર્મ અને દ્રવ્યકર્મ વચ્ચે સામસામા નિમિત્ત નૈમિત્તિક સંબંધ વડે એવા જ દોષનો પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવ્યો છે. પરંતુ તેનું સમાધાન એ પ્રકારે છે કે તેને દ્રવ્યકર્મ નથી લેવાનું. જુના દ્રવ્યકર્મોનો ઉદય નિમિત્ત છે. જ્યારે વિભાવ અનુસાર તો અન્ય કાર્મણ વર્ગણા જ કર્મરૂપે પરિણમે છે.

જીવના પરિણામો માટે 'ભાવ' શબ્દ અને પુદ્‌ગલના પરિણામો માટે 'દ્રવ્ય' શબ્દ વપરાય છે એ વાત આપણે ખ્યાલમાં લીધી છે. હવે ટીકામાં

જીવના પરિણામો માટે પણ દ્રવ્યકર્મ શબ્દ ક્યા સંદર્ભમાં વાપરવામાં આવે છે તે જોઈએ. જીવના પરિણામને દ્રવ્યકર્મ સાથે સંબંધ છે એ વાત આપણે ખ્યાલમાં લીધી છે. નિમિત્ત નૈમિત્તિક સંબંધને કારણ કાર્ય પણ ગણવામાં આવે છે. હવે એવા કારણ કાર્ય સંબંધ અનુસાર એ અપેક્ષાએ એકબીજામાં આ પ્રકારે ઉપચાર કથન કરવામાં આવે છે. જેમકે જ્ઞાનમાં છ દ્રવ્યો નિમિત્ત છે તેથી છ દ્રવ્યને જ્ઞાન કહેવામાં આવે છે. નવતત્ત્વને શ્રધ્ધાન અને  છ જીવાસ્તિકાયને ચારિત્ર કહેવામાં આવે છે. જીવના શુભભાવને દ્રવ્ય પુણ્યઆસ્રવમાં નિમિત્ત છે તે અપેક્ષાએ જીવના શુભભાવને પણ ભાવ પુણ્ય આસ્રવ એવું નામ આપવામાં આવે છે. આવા અનેક દૃષ્ટાંતો લેવાથી ખ્યાલ આવશે કે જીવનો વિભાવ એ ખરેખર તો ભાવકર્મ જ છે પરંતુ ભાવકર્મમાં નિમિત્ત દ્રવ્યકર્મ છે અને એ ભાવકર્મ નવા દ્રવ્યકર્મમાં નિમિત્ત છે આ અપેક્ષાએ લેવામાં આવે તો ભાવકર્મને પણ ઉપચારથી દ્રવ્યકર્મ કહી શકાય છે.

જે ન્યાયે જીવના ભાવકર્મને દ્રવ્યકર્મ કહી શકાય છે એ ન્યાયે દ્રવ્યકર્મનો કર્તા પણ કહી શકાય છે. આ રીતે અજ્ઞાની જીવ નિશ્ચયે ભાવકર્મનો કર્તા છે અને વ્યવહારે ઉપચારથી દ્રવ્યકર્મનો કર્તા છે. અર્થાત્ ભાવકર્મ અને દ્રવ્યકર્મ બન્ને વચ્ચે નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે તેથી જીવને ઉપચાર કથન માત્રથી દ્રવ્યકર્મનો કર્તા કહી શકાય છે.

## ◆ ગાથા - ૧૨૨

**પરિણામ પોતે જીવ છે, ને છે ક્રિયા એ જીવમયી;**
**કિરિયા ગણી છે કર્મ; તેથી કર્મનો કર્તા નથી. ૧૨૨.**

***પરિણામ પોતે આત્મા છે, અને તે જીવમયી ક્રિયા છે; ક્રિયાને કર્મ માનવામાં આવી છે : માટે આત્મા દ્રવ્યકર્મનો કર્તા તો નથી.***

આગલી ગાથાની ટીકામાં જીવને ઉપચારથી દ્રવ્યકર્મનો કર્તા કહ્યો. તેથી તે કથનને પરમાર્થ કથન માનવામાં કોઈ ભૂલ ન કરે માટે આ ગાથામાં જીવ દ્રવ્યકર્મોનો તો કર્તા નથી એમ દર્શાવવા માગે છે તેથી ગાથાના મથાળામાં કહ્યું કે પરમાર્થે આત્માને દ્રવ્યકર્મનું અકર્તાપણું પ્રકાશે છે.

જીવમાં કર્તાપણું અને અકર્તાપણું કઈ રીતે લઈ શકાય એ વાત સિદ્ધાંતરૂપે સમજીએ જેથી ગાથાનો ભાવ સારી રીતે સમજી શકાય. કર્તાપણું પ્રથમ તો સર્વ દ્રવ્યોમાં કઈ રીતે લેવામાં આવે છે તે સંક્ષેપમાં વિચારી લઈએ.




સમયસાર શાસ્ત્રમાં ૪૭ શક્તિની વાત લીધી છે ત્યાં એક ક્રિયા શક્તિ છે. ષટકારક અનુસાર થતી ક્રિયાની વાત છે. ત્યાં પરિણમતું દ્રવ્ય અને પર્યાય એ બન્નેમાં વ્યાપક એવું દ્રવ્ય કર્તા છે અને વ્યાપ્ય એવી પર્યાય કર્મ છે. ક્રિયાના છ કારકોમાં કર્તા અને કર્મમાં એવા શબ્દો આવે છે. આ સિદ્ધાંત છ દ્રવ્યોને લાગુ પડે છે.

જીવને જ્યારે કર્તા કહેવામાં આવે ત્યારે ત્યાં કારકની અપેક્ષા લેવામાં આવતી નથી. અજ્ઞાની જીવને કર્તા કહેવામાં આવે છે. અજ્ઞાનીની માન્યતા એવી છે કે તે પરદ્રવ્યના પરિણામને કરે છે અને તેને ભોગવે છે પરંતુ તે અશક્ય છે. તેની આ પ્રકારની માન્યતા અનુસાર તે હાથ ઊંચો કરવા માગે છે ત્યારે તે તો પોતાની તેવી ઈચ્છાનો જ કર્તા થાય છે.

અજ્ઞાની જીવ (માન્યતામાં) પરદ્રવ્યના

પરિણામનો કર્તા અને ભોક્તા. અજ્ઞાની જીવ (વાસ્તવિકતા) પોતાના વિભાવ ભાવનો કર્તા અને તેનો ભોક્તા.

બે પદાર્થો વચ્ચે કર્તાકર્મપણું કયારેય ન હોય કારણકે બે પદાર્થ વચ્ચે વ્યાપ્ય વ્યાપકપણું કયારેય ન હોય.

બે પદાર્થો વચ્ચેના નિમિત્ત નૈમિત્તિક સંબંધને લક્ષમાં લઈને ત્યાં કારણ કાર્ય એવો શબ્દ પ્રયોગ કરવામાં આવે છે. જીવના વિભાવને અનુસરીને દ્રવ્યકર્મની રચના થાય છે. ત્યાં નિયમભૂત નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. તે સંબંધ દેખીને જીવને વ્યવહારનયે-ઉપચારથી દ્રવ્યકર્મનો કર્તા કહેવામાં આવે છે એ વાત આપણે આગલી ગાથામાં જોઈ ગયા છીએ.

જીવના વિભાવ અનુસાર શરીર અને સંયોગોમાં તેને અનુરૂપ ક્રિયા થાય અથવા ન પણ થાય ત્યાં નિયમ ટકતો નથી. જો એ પ્રમાણે નિમિત્ત નૈમિત્તિક સંબંધ થાય તો જીવે એ કાર્ય કર્યું એવું વ્યવહારનયે કથન થાય છે. દૃષ્ટાંતઃકુંભાર ઘડાનો કર્તા છે.

અહીં એક વાત ખાસ યાદ રાખવી જરૂરી છે કે કુંભાર ઘડાનો કર્તા થાય છે એવો અજ્ઞાનીનો અનાદિરૂઢ વ્યવહાર છે. બે પદાર્થનું અત્યંત ભિન્નપણું દર્શાવવા માટે અને વ્યાપ્ય વ્યાપકપણું એક જ પદાર્થમાં દ્રવ્ય અને પર્યાય વચ્ચે હોય તે પાકું કરાવવા માટે આ વાત કરવામાં આવી છે. જ્ઞાની નિશ્ચયે કે વ્યવહારે એક દ્રવ્યને અન્ય દ્રવ્યના પરિણામનો કર્તા માનતો નથી. જિનાગમમાં જીવને પરદ્રવ્યના પરિણામનો કર્તા કહ્યો હોય ત્યાં અજ્ઞાનીને તેની ભાષામાં સમજાવવા માટે કહ્યું છે. એવો આશય લક્ષમાં રાખવો.

ટીકામાં આચાર્યદેવ જીવ-ક્રિયા-પરિણામ એ બધાને અભેદપણે એક હોવાથી એકરૂપે દર્શાવે છે. પ્રથમ તો જીવના પરિણામ પોતે જીવ જ છે. એમ સિદ્ધાંત સમજાવે છે. કારણકે પરિણામી એવો જીવ પરિણામ સ્વરૂપ ક્રિયાનો કરનાર છે. પોતે વ્યાપક થઈને પોતાની પર્યાયમાં વ્યાપે છે. ત્યાં દ્રવ્યપર્યાયનું તાદાત્મ્યપણું છે માટે આત્માના પરિણામ પોતે આત્મા જ છે. છાબમાં રાખેલા દાગીનાને સોનુ પણ કહી શકાય અને હાર પણ કહી શકાય. દાગીનો તે બન્નેરૂપ લઈને રહેલો છે.

આત્માના પરિણામને આત્માની ક્રિયા કહેવામાં આવી છે. ક્રિયા અને કર્મ એ કાર્ય રૂપે દર્શાવવામાં આવ્યા છે. સામાન્ય રીતે ક્રિયા શબ્દથી છ કારકરૂપના પરિણામ લક્ષમાં આવે છે જ્યારે કર્મ-(પરિણામ) શબ્દ તો છ કારક માંહેનું એક કારક જ છે. આ રીતે ક્રિયા અને કર્મ શબ્દના ભાવમાં તફાવત લક્ષગત થાય છે. બીજી રીતે વિચારીએ તો પરિણમનરૂપ ક્રિયા તો અનાદિથી અનંતકાળ સુધી અસ્ખલિતરૂપે ચાલ્યા જ કરે છે. ત્યાં સ્થિરપણું નથી. પરંતુ જ્યારે તે ક્રિયાને વિસદૃશ ભાવરૂપે લક્ષમાં લેવામાં આવે ત્યારે તે પરિણામ અથવા પર્યાય એ રૂપે લક્ષમાં આવે છે. તે બે પર્યાયો વચ્ચેનો તફાવત વિસદૃશતાને કારણે ખ્યાલમાં આવે છે. યાદ રહે કે જેને આપણે એક સમયના પરિણામ કહીએ ત્યાં પણ સ્થિરતા તો નથી જ. કર્તા-કર્મ અને ક્રિયા સમજાવવામાં આવે ત્યારે ''ક્રિયા વસ્તુની ફેરણી'' અર્થાત્ બે પર્યાય વચ્ચે થતાં ફેરફાર. એકરૂપ છોડીને અન્યરૂપ ધારણ કરવું તેને ક્રિયા કહેવામાં આવે છે. દૃષ્ટાંતરૂપે માટીનો પિન્ડ એક પર્યાય છે હવે તેમાં ફેરફાર થઈને ઘડો થાય છે. તે રૂપાંતરને અહીં ક્રિયા શબ્દથી ઓળખાવવામાં આવે છે. પર્યાયના વિસદૃશ ભાગ ઉપર લક્ષ ન કરો તો દરેક પદાર્થ પરિણમનશીલ થઈને એકરૂપ ક્રિયાને કરી રહ્યું છે. જીવ સદાય જીવરૂપે પરિણમે છે. પુદ્ગલ પોતારૂપે પોતામયપણે પરિણમી રહ્યું છે. આ રીતે પરિણામ

અને ક્રિયાને કથંચિત્ જુદા અને કથંચિત્ એકરૂપે લક્ષમાં લઈ શકાય છે.

ટીકામાં આગળ જીવમયી ક્રિયાને કર્મ કહે છે. જીવ તે પરિણામને સ્વતંત્રપણે પ્રાપ્ત કરે છે. અર્થાત્ અશુદ્ધ કે શુદ્ધ જે કોઈ પરિણામને કરે છે તે પરિણામ કરવામાં જીવ સ્વતંત્ર છે. અહીં જીવ સ્વતંત્રપણે કર્તા થઈને ભાવકર્મને કરે છે એમ દર્શાવ્યું છે. વિભાવમાં દ્રવ્યકર્મનું નિમિત્તપણું હોવા છતાં તે પરિણામ જીવ સ્વતંત્રપણે કરે છે. અર્થાત્ બે પદાર્થ સાથે મળીને એક કાર્ય નથી કરતા. વળી એક દ્રવ્ય અન્ય દ્રવ્યનું કાર્ય કરે, અન્યને મદદ કરે કે અન્યને પ્રેરણા કરે એવું કાંઈ નથી. જે કોઈ પરિણામ થાય છે તેનું તે દ્રવ્ય સ્વતંત્રપણે કર્તા છે. જીવમાં આ રીતે ભાવકર્મને જીવનું સ્વતંત્ર કાર્ય દર્શાવ્યું છે.

જિનાગમમાં સાધકદશાનું વર્ણન આવે ત્યારે જીવ સ્વતંત્રપણે તો શુદ્ધ પર્યાયને કરે છે એમ લેવામાં આવે છે. સાધક રાગ કરવા માગતો નથી તેથી સાધક રાગનો કર્તા નથી. અસ્થિરતાનો રાગ જીવની સત્તામાં જ થાય છે માટે તે જીવ તે પરિણામનો કર્તા અવશ્ય છે. સાધક પોતાના દોષનો સ્વીકાર પણ કરે અને કયારેક એમ પણ કહે કે એ ''મારા પરિણામ નથી-પુદ્ગલ કરે તો કરે'' પરંતુ તે વાત સ્વચ્છંદ માટે નથી કર્મો આવીને જીવમાં રાગ કરી જાય છે એવું માનવા જઈએ તો આપણું અહિત થાય. પોતે સ્વતંત્રપણે તો શુદ્ધ પર્યાય જ કરે છે પરંતુ એટલો ઉગ્ર પુરુષાર્થ ન ટકે અને રાગ થાય તેને કર્મની બળજોરીથી થયો છે એમ ગણીને મારો નથી કહે છે. અહીં તો દ્રવ્ય પોતે પર્યાયરૂપે થાય છે તેથી તે પર્યાય તેનું કર્મ છે એટલું દર્શાવવું છે. આટલી વાત લીધા પછી કહે છે કે જીવ દ્રવ્યકર્મનો તો કર્તા નથી જ.

જીવ દ્રવ્યકર્મનો કર્તા નથી તો દ્રવ્યકર્મનો કર્તા કોણ છે ? એવો પ્રશ્ન ઉપસ્થિત કરીને તેનું સમાધાન કરે છે. દ્રવ્યકર્મનો કર્તા પુદ્ગલ છે. જેટલી વાત જીવના અનુસંધાનમાં લેવામાં આવી છે તે બધું પુદ્ગલમાં લાગુ પડે છે. પુદ્ગલ દ્રવ્ય અપરિણામી છે. તે પરિણામી થઈને ક્રિયાને કરે છે. તે અનાદિથી અનંતકાળ સુધીની સળંગ પુદ્ગલમયી ક્રિયાના ભાગરૂપે વિસદૃશ પરિણામરૂપે તે પુદ્ગલ પોતે જ દ્રવ્યકર્મરૂપે થાય છે માટે દ્રવ્યકર્મનો કર્તા પુદ્ગલ જ છે. પુદ્ગલ દ્રવ્ય જીવના પરિણામને કરે નહીં.

આ રીતે આ ગાથામાં જીવ પોતાના પરિણામને કરે અને પુદ્ગલ પુદ્ગલના પરિણામને કરે એવું દર્શાવ્યું. જીવને ભાવકર્મનો કર્તા અને પુદ્ગલને દ્રવ્યકર્મનો કર્તા સિદ્ધ કરવામાં આવ્યું છે. જીવ દ્રવ્યકર્મને કરતો નથી અને તેને ભોગવતો નથી. પુદ્ગલ દ્રવ્ય અચેતન હોવા છતાં જડેશ્વર છે. પોતાનું ત્રૈકાલિક સામર્થ્ય લઈને રહેલું છે. તે અનુસાર પોતાના અનાદિથી અનંતકાળ સુધીના પરિણામોરૂપે થાય છે. આ પ્રમાણે વસ્તુની વ્યવસ્થાનો નિર્ણય કરવો જરૂરી છે. તે નિર્ણય થતાં જીવે ભાવ્ય ભાવક સંકરદોષનો અભાવ કરવો જરૂરી છે. જે દ્રવ્યકર્મ ફળ દેવાના સામર્થ્યરૂપે ઉદયમાં આવે છે તેનો ભાવક કહેવામાં આવે છે. અજ્ઞાની જીવ પોતાને ભૂલીને તે કર્મ મને ફળ આપે છે એવું માનીને તે કર્મોદયમાં જોડાઈને તેને અનુરૂપ પોતાના વિભાવભાવ (ભાવ્ય)રૂપે પરિણમે છે. કર્મના ઉદય અનુસાર પરિણમવું એ જીવનો દોષ છે. તેના ફળમાં જીવ દુઃખી થાય છે. તેથી કર્મોદય (ભાવક) અને જીવનું ભાવકર્મ(ભાવ્ય) એ બે વચ્ચે નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. તે સંબંધને ભાવ્યભાવક સંકરદોષ કહેવામાં આવે છે. અજ્ઞાની જીવને જ્ઞેય જ્ઞાયક અને ભાવ્યભાવક એમ બન્ને પ્રકારના સંકરદોષ હોય છે. તે જીવ જ્યારે જ્ઞાની થાય છે ત્યારે તે બન્ને પ્રકારના સંકરદોષો દૂર થાય છે. જ્ઞેય જ્ઞાયક સંકર દોષને

અનુસરીને વિભાવભાવમાં પણ સંકરદોષ કહેવામાં આવે છે. અજ્ઞાન દૂર થાય ત્યારે જ્ઞેય જ્ઞાયક સંકર દોષના સ્થાને નિર્દોષ જ્ઞેય જ્ઞાયક સંબંધ જોવા મળે છે. અજ્ઞાન દૂર થતાં ભાવ્યભાવક સંકર દોષનો અભાવ થાય છે. ભાવ્યભાવક સંબંધ એવું કાંઈ છે નહીં. તેથી સંકર દોષનો અભાવ થતાં બે પદાર્થો જુદા હતા અને જુદા રહી જાય છે. બે પદાર્થને એક માનવારૂપ મિથ્યાત્વ હોય ત્યાં જ ભાવ્યભાવક સંકર દોષ જોવા મળે છે. જ્ઞાનનો સ્વપર પ્રકાશક-સર્વજ્ઞ સ્વભાવ હોવાથી ભેદજ્ઞાન કરીને પરથી જુદું પડેલું જ્ઞાન પરથી ભિન્ન રહીને પરને જાણે એવો જ્ઞેય જ્ઞાયક સંબંધ નિર્દોષરૂપે લક્ષમાં આવે છે. જીવને પરદ્રવ્ય સાથે આ પ્રકારના જ્ઞેય જ્ઞાયક સંબંધ સિવાય અન્ય પ્રકારનો સંબંધ જ્ઞાનીની ભૂમિકામાં હોતો નથી. તેથી આ ગાથાને પર્યાયપણે લક્ષમાં લેનારા એ નિર્ણય કરે છે કે મારે જે દ્રવ્યકર્મ સાથે નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે તે દોષિત છે. તે મને સંસાર અને તેના ફળમાં દુઃખ દેનાર છે માટે તે છોડવા લાયક છે. અઘાતિ કર્મોદય અનુસાર પ્રાપ્ત થતું શરીર અને સંયોગો પણ દ્રવ્યકર્મની માફક, મારાથી અત્યંત ભિન્ન છે તેથી તેની સાથેનું એકત્વબુદ્ધિરૂપનું મિથ્યાત્વ દૂર કરવું જરૂરી છે. ઘાતિકર્મોઉદયમાં આવીને ભાવકરૂપે મારા મોહ-રાગ-દ્વેષના પરિણામમાં નિમિત્ત થતાં હતા. અઘાતિ કર્મો ઉદયમાં આવીને મને વિભાવ માટે અનુકૂળ સંયોગો પ્રાપ્ત કરાવતા હતા - આ રીતે બન્ને પ્રકારના કર્મો મારો સંસાર વધારવામાં અનુરૂપ થતાં હતા. મારે હવે સંસારમાં રહેવું નથી તેથી મારે તે કર્મો સાથે કાંઈ પ્રયોજન નથી. એ રીતે જ્ઞાની કર્મોને પોતાનાથી ભિન્ન લક્ષમાં લઈને તેની સાથેનો સંબંધ કાપી નાખે છે. કર્મનો ઉદય માત્ર કર્મમાં જ છે એવું લક્ષ કરીને જીવ પોતાના સ્વભાવમાં ટકે છે. ભાવક એવા કર્મોદયનો તિરસ્કાર કરીને શુદ્ધતા પ્રગટ કરે છે.

## ◆ ગાથા - ૧૨૩

**જીવ ચેતનારૂપ પરિણમે; વળી ચેતના ત્રિવિધા ગણી;**
**તે જ્ઞાનવિષયક, કર્મવિષયક, કર્મફળવિષયક કહી. ૧૨૩.**

***આત્મા ચેતનારૂપે પરિણમે છે. વળી ચેતના ત્રણ પ્રકારે માનવામાં આવી છે; અને તેને જ્ઞાનસંબંધી, કર્મસંબંધી અથવા કર્મના ફળસંબંધી એમ કહેવામાં આવી છે.***

ગા. ૧૨૩ થી ૧૨૬ સુધીમાં આચાર્યદેવ જીવ અને તેના પરિણામો સ્વતંત્રપણે પરદ્રવ્યથી નિરપેક્ષપણે થાય છે એવું દર્શાવવા માગે છે. તેમાં અહીં આ ગાથામાં પ્રથમ જીવને ચેતન સ્વભાવી દર્શાવે છે. ચૈતન્ય ગુણના પરિણામોને જીવના પરિણામરૂપે દર્શાવે છે. ચેતવું એટલે જાગૃત રહેવું. પોતાની હિતબુદ્ધિ જ્યાં હોય ત્યાં જીવની ચેતન જાગૃતિ રહે છે. તે પરિણામ નીચે પ્રમાણે છે.

જ્ઞાન ચેતના — અજ્ઞાન ચેતના

અજ્ઞાન ચેતના: કર્મ ચેતના — કર્મફળ ચેતના

અજ્ઞાની જીવની ચેતન જાગૃતિ પરદ્રવ્યો તરફ છે. પાંચ ઈન્દ્રિયોના વિષયો ભોગવતા પોતાને સુખ થાય છે એવી માન્યતા છે તેથી તેની ચેતન જાગૃતિને અજ્ઞાન ચેતના કહેવામાં આવે છે. અહીં જ્ઞાન એટલે અભેદપણે જીવ અને અજ્ઞાન એટલે પરદ્રવ્ય. આ રીતે અજ્ઞાની જીવની હિતબુદ્ધિ બાહ્ય વિષયોમાં હોવાથી તેને અજ્ઞાન ચેતના છે. તેના બે પ્રકાર છે. કર્મ ચેતના અને કર્મફળ ચેતના. અજ્ઞાનીની માન્યતા એ છે કે પોતે પરદ્રવ્યના કામ કરી શકે છે અને પરને ભોગવી શકે છે. પરદ્રવ્યો સંયોગો એ કર્મના ફળ છે તેથી વિષયોનો ભોગવટો એ કર્મના ફળનો ભોગવટો છે. તેના પ્રત્યે ચેતન જાગૃતિ તે કર્મફળ ચેતના છે. ખ્યાલમાં રહે કે સંયોગો એ કર્મફળ છે. તેને ભોગવવાનો ભાવ એ જીવની ચારિત્ર ગુણની

પર્યાય છે. વિષયને ભોગવતા જે ઈન્દ્રિય-સુખ અને દુઃખ થાય છે એ સુખ ગુણની પર્યાય છે. આ બધું થવાનું મૂળ કારણ મિથ્યાત્વ એ શ્રદ્ધા ગુણની પર્યાય છે.

એ જીવ જ્યારે જ્ઞાની થાય છે ત્યારે અજ્ઞાન ચેતના દૂર થાય છે અર્થાત્ હવે તે જીવને પરદ્રવ્યમાં હિતબુદ્ધિરૂપનું મિથ્યાત્વ-અજ્ઞાન રહેતું નથી તેથી તેની ચેતન જાગૃતિ જે બાહ્યમાં હતી તેનો અભાવ થાય છે. જ્ઞાનીને સ્વ-પરનું ભેદજ્ઞાન વર્તે છે. તેથી તેને પાકો વિશ્વાસ છે કે મને સાચુ સુખ-શાશ્વત સુખ મારા સ્વભાવનો આશ્રય કરવાથી જ પ્રાપ્ત થાય છે. તેથી તેની ચેતન જાગૃતિ પોતાના ત્રિકાળ સ્વભાવ પ્રત્યે રહે છે. તે જ્ઞાન ચેતના કહેવાય છે. આ રીતે ચેતન જાગૃતિને ત્રણ પ્રકારે દર્શાવવામાં આવે છે.

ગાથાની ટીકામાં સૌ પ્રથમ દ્રવ્ય અને ગુણના અભેદપણાની વાત લીધી છે. તેથી જીવ અને ચૈતન્ય ગુણ એવું દ્વૈત ન લેતા તેને અભેદપણે જીવ જ કહ્યો છે. ચેતન ગુણના કાર્યને જીવના કાર્યરૂપે લીધું છે. આ ત્રણ પ્રકારની ચેતનાનો કર્તા જીવ છે અને ચૈતન્ય ગુણ કરણ છે. આ રીતે કર્તા-કરણ અને કર્મ આચાર્યદેવ સમજાવવા માગે છે. ત્યારબાદ ચૈતન્ય ગુણની (અભેદપણે જીવની) પર્યાયનો વિષય શું છે તે દર્શાવે છે. અર્થાત્ જીવની ચૈતન્ય જાગૃતિ ક્યાં છે તેની વાત કરે છે.

અજ્ઞાની જીવની ચેતન જાગૃતિ કર્મફળ પ્રત્યે અને કર્મ પ્રત્યે છે. જ્ઞાનીની ચેતન જાગૃતિ પોતાના સ્વભાવ તરફ છે. હવે જ્યારે ચેતન જાગૃતિ પરદ્રવ્ય તરફ છે ત્યારે જીવના પરિણામો પણ પરલક્ષી છે તેથી અજ્ઞાન ચેતનાના વિષયની જ્યારે વાત આવે ત્યારે કર્મ અને કર્મફળની સાથે જીવના ભાવની વાત પણ સાથે લેવી જરૂરી છે. અજ્ઞાની જીવ પરદ્રવ્યનું કર્તાપણું અને ભોક્તાપણું માને છે. તે સમયે પણ તે પરમાં તો કાંઈ કરી શકતો નથી અને પરને ભોગવી શકતો નથી. તે સમયે તે માત્ર પોતાના વિભાવ પરિણામનો કર્તા થાય છે અને તેના ફળમાં ઈન્દ્રિય સુખ-દુઃખને ભોગવે છે. આ રીતે જીવના રાગ-દ્વેષના ભાવો અથવા ઈચ્છાના ભાવો તે કર્મ છે. વળી ઈન્દ્રિય સુખ-દુઃખ તે કર્મફળ છે. આ રીતે અજ્ઞાની માટે રાગ-દ્વેષના પરિણામો (કર્મ) અને ઈન્દ્રિય સુખ-દુઃખ (કર્મફળ) એ ચેતન જાગૃતિના વિષયો થાય છે. અર્થાત્ અજ્ઞાની જીવની ચેતન જાગૃતિ પોતાના વિભાવ પરિણામ અને ઈન્દ્રિય સુખ-દુઃખ તરફ છે એમ કહી શકાય.

ટીકાના શબ્દો છે ''જ્ઞાન પરિણતિ તે જ્ઞાન ચેતના કર્મ પરિણતિ તે કર્મચેતના, કર્મફળ પરિણતિ તે કર્મફળ ચેતના છે'' આ લખાણનો ભાવ સ્પષ્ટ સમજવાની જરૂર છે. ચૈતન્ય ગુણની પર્યાય (અભેદ ગણીને જીવની પર્યાય) અને તેનો વિષય એ બે વચ્ચેના સંબંધને લક્ષમાં રાખીને આ લખાણ સમજવું રહ્યું. પરંતુ કર્મ કહેતા રાગ-દ્વેષ તેને જ કર્મચેતના માની લેવાની ભૂલ ન કરાય. રાગ-દ્વેષ એ ચારિત્ર ગુણની પર્યાય છે જ્યારે કર્મચેતના એ ચૈતન્ય ગુણની પર્યાય છે. સુખ દુઃખ એ સુખ ગુણની પર્યાય છે તે ચૈતન્ય ગુણની પર્યાય નથી.

અજ્ઞાની જીવ જ્યારે જ્ઞાની થાય છે ત્યારે જ તેની જ્ઞાન પરિણતિ છે. અહીં જ્ઞાન પરિણતિ એટલે જ્ઞાનગુણનું કાર્ય એવો અર્થ નથી. તેની ચોખવટ ૧૨૪ ગાથામાં કરશે. જે પોતાનું અજ્ઞાન છોડીને હિતબુદ્ધિપૂર્વકનું પોતાનું રોકાણ પોતાના જ્ઞાયક સ્વભાવમાં કરે છે તે જ્ઞાન પરિણતિ અર્થાત્ અભેદપણે જીવનો શુદ્ધોપયોગ પ્રગટ થાય છે. તેના ફળસ્વરૂપે અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે. તેથી જ્ઞાનીને નિરંતર જ્ઞાન ચેતના વર્તે છે. જ્ઞાનીની ચેતન જાગૃતિ પોતાના સ્વભાવ તરફ જ રહે છે. સવિકલ્પ દશા સમયે અસ્થિરતાનો રાગ હોય છે અને જ્ઞાન પરજ્ઞેયને જાણે છે તેમજ ઈન્દ્રિય સુખ-

દુઃખનો અનુભવ થાય છે તે સમયે પણ જ્ઞાનીને જ્ઞાન ચેતના જ છે, અજ્ઞાન ચેતના નથી.

## ◆ ગાથા - ૧૨૪

**છે 'જ્ઞાન' અર્થવિકલ્પ, ને જીવથી કરાતું 'કર્મ' છે,**
**- તે છે અનેક પ્રકારનું, 'ફળ' સૌખ્ય અથવા દુઃખ છે. ૧૨૪.**

***અર્થ વિકલ્પ (અર્થાત્ સ્વ-પર પદાર્થોનું ભિન્નતાપૂર્વક યુગપદ્ અવભાસન) તે જ્ઞાન છે; જીવ વડે જે કરાતું હોય તે કર્મ છે, તે અનેક પ્રકારનું છે; સુખ અથવા દુઃખ તે કર્મફળ કહેવામાં આવ્યું છે.***

ગા. ૧૨૩માં જીવની ચેતન જાગૃતિ ક્યાં હોય છે તે વાત લીધી છે. તે જાગૃતિ જ્ઞાન, કર્મ અને કર્મફળ પ્રત્યે છે એ પ્રકારે જે કહેવામાં આવ્યું હતુ. તેનો વિસ્તાર આ ગાથામાં કરવામાં આવ્યો છે. ખ્યાલમાં રહે કે અજ્ઞાનીની ચેતન જાગૃતિ પરદ્રવ્ય પ્રત્યે હતી. પરના કર્તા અને ભોક્તાપણાની તેને મુખ્યતા હોય છે. તેથી તે જીવના પરિણામોમાં પણ તથા પ્રકારના પરિણામો થાય છે. તે વાત અહીં ફરીથી તાજી કરી લઈએ. અજ્ઞાની જીવ માન્યતામાં પરદ્રવ્યના પરિણામનો કર્તા, વાસ્તવિકતામાં વિભાવનો કર્તા. અજ્ઞાની જીવ માન્યતામાં પરદ્રવ્યનો ભોક્તા, ખરેખર ઈન્દ્રિય સુખ-દુઃખનો ભોક્તા. એથી વિભાવ પરિણામ એ અજ્ઞાની જીવનું કર્મ છે અને તે સુખ-દુઃખને ભોગવે છે. આ ગાથામાં જીવ પોતાની ચેતન જાગૃતિ પોતાના પરિણામોમાં જ રાખે છે તેની મુખ્યતાથી કથન કરવામાં આવ્યું છે. આમ હોવાથી આ ગાથામાં જીવના પરિણામોની વાત લીધી છે. તેને ચેતન જાગૃતિના વિષયરૂપે દર્શાવવામાં આવ્યા છે. આ રીતે જીવના અન્ય ગુણોના પરિણામોને ચેતન ગુણના પરિણામ સાથેના સંબંધની મુખ્યતાથી લક્ષમાં લેવાથી આચાર્યદેવનો આશય સારી રીતે સમજી શકાય તેમ છે. આ પૂર્વભૂમિકા લક્ષમાં રાખીને હવે ગાથાનો અર્થ સમજીએ.

### જ્ઞાન

સર્વ પ્રથમ આચાર્યદેવ જ્ઞાનની વાત કરે છે. જ્ઞાની જીવની ચેતન જાગૃતિ પોતાના શુદ્ધ સ્વભાવ ઉપર છે એ વાત આપણે ગા. ૧૨૩માં નક્કી કરી ગયા છીએ. જ્ઞાન ચેતના શબ્દ દ્વારા ચેતન જાગૃતિ જ્ઞાન ઉપર નહીં પણ અભેદપણે આત્મા ઉપર અને તેમાં પણ શુદ્ધાત્મા ઉપર છે એવી સ્પષ્ટતા પણ આપણે કરી છે. ચેતન જાગૃત વેપાર પરદ્રવ્યથી ખસીને સ્વમાં આવે છે ત્યારે તે જીવ જ્ઞાની છે. તેથી આ ગાથામાં જ્યારે જ્ઞાન-કર્મ અને કર્મફળ ત્રણ વાત લેવામાં આવી છે ત્યારે જ્ઞાનનું પરિણમન જ્ઞાનીની ભૂમિકામાં કેવું હોય છે તેની મુખ્યતા છે. અર્થાત્ તે જ વાત કહેવા માગે છે તેમ લેવું રહ્યું. તે પ્રમાણે કર્મ અને કર્મફળની વાત અજ્ઞાનીની ભૂમિકાની છે. તે વાત લક્ષમાં રાખવી જરૂરી છે.

| નિર્વિકલ્પ દશા | સવિકલ્પ દશા |
|---|---|
| ઉપયોગાત્મકપણે સ્વને જાણે છે | ઉપયોગાત્મકપણે પરને જાણે છે. |
| પરનું જાણપણું જરા પણ નથી. | સ્વનું જાણપણું પરિણતિરૂપે (લબ્ધરૂપે) છે. |
| ચારિત્રમાં વીતરાગતા છે. | અસ્થિરતાનો રાગ છે. |
| બધા ગુણોની શુદ્ધતા છે. | ચારિત્રમાં શુદ્ધતાની સાથે થોડી અશુદ્ધતા છે. |
| અતીન્દ્રિય આનંદનો અનુભાવ છે. | શાંતિના વેદન સાથે થોડી આકુળતા દુઃખે છે. |
| | અસ્થિરતાનો રાગ દુઃખનું કારણ છે. |
| જ્ઞાન ચેતના છે. | જ્ઞાન ચેતના છે. |

જ્ઞાનીના જ્ઞાનની વાત જ્યારે વિચારીએ ત્યારે તેને સમ્યગ્જ્ઞાન છે એટલું કહેવું પર્યાપ્ત છે. પરંતુ તે વાત જ્યારે ચૈતન્ય ગુણના પરિણામ સાથેના સંબંધરૂપે વિચારીએ ત્યારે ત્યાં વિશેષ સ્પષ્ટતાની જરૂર રહે છે. જ્ઞાનીની બે પ્રકારની પરિણતિ છે. એક સવિકલ્પદશા અને બીજી નિર્વિકલ્પ દશા.

અહીં એ વાત લક્ષમાં લેવા જેવી છે કે જ્ઞાનીને નિરંતર જ્ઞાન ચેતના છે. ત્યાં સવિકલ્પ અને નિર્વિકલ્પ દશાના ભેદ નથી. રુચિપૂર્વક અસ્થિરતાનો રાગ જ્યારે બાહ્ય વિષયમાં લાગેલો છે ત્યારે તેને તે વિષયને ભોગવવાનો ભાવ (અસ્થિરતાનો) છે તેથી જ્ઞાનીને સવિકલ્પદશા સમયે કર્મફળ ચેતના અર્થાત્ અજ્ઞાન ચેતના હશે અને જ્ઞાન ચેતના નહીં હોય એવું માનવાનું મન થાય પરંતુ તેમ નથી.

જ્ઞાનીને સ્વ અને પર વચ્ચે અસ્તિ-નાસ્તિ છે, બે વચ્ચે અત્યંત અભાવ છે, તે વાત બરોબર લક્ષમાં છે. માત્ર જ્ઞાનમાં બેનું જુદાપણું છે એમ નહીં પરંતુ તેણે ભેદજ્ઞાનનો પ્રયોગ કર્યો છે. દેહાધ્યાસ છોડીને જ્ઞાયકમાં હુંપણું સ્થાપ્યું છે. મિથ્યાત્વનો અભાવ હોવાથી પરદ્રવ્યમાં કર્તા ભોક્તાપણાનો તેને અભાવ છે. બાહ્ય વિષયો ભોગવાતા જ નથી. બાહ્યમાંથી સુખ આવતું જ નથી. મને મારા પરિણામોનું કર્તાપણું અને ભોક્તાપણું છે એવી નિઃશંકતા છે તેથી ભલે તેની દશામાં અસ્થિરતાનો રાગ હોય તોપણ તે સમયે બાહ્યમાં હિતબુદ્ધિ નથી. સવિકલ્પ દશા તે દુઃખરૂપે વેદાય છે. ત્યાં અતીન્દ્રિય આનંદનો અભાવ છે તેથી તો તે સવિકલ્પ દશા છોડીને ફરી નિર્વિકલ્પ થાય છે. આ પ્રમાણે વસ્તુ સ્થિતિ હોવાથી સાધકને નિરંતર જ્ઞાન ચેતના જ વર્તે છે. સવિકલ્પ દશા તેને દુઃખરૂપે જ અનુભવાય છે.

આ ભૂમિકા પણ ખ્યાલમાં રાખીને હવે આપણે જ્ઞાનીનું જ્ઞાન કેવું છે તે જોઈએ. આચાર્યદેવે જ્ઞાનને અર્થ વિકલ્પાત્મક કહ્યું છે. અર્થ એટલે સ્વ અને પર એવા સમસ્ત પદાર્થો. વિકલ્પ અર્થાત્ ભેદપૂર્વક જાણપણું. અહીં તે જ્ઞાન વસ્તુના ભેદ પ્રભેદને પણ જાણે છે એ રીતે ન લેતા તે જ્ઞાનમાં સ્વ અને પરનું ભેદજ્ઞાન વર્તે છે એ અર્થ યોગ્ય છે. આ રીતે જ્ઞાનીને નિરંતર ભેદજ્ઞાન વર્તે છે એમ જાણવું. અહીં જ્ઞાનીના જ્ઞાનને સ્વ-પર પ્રકાશકરૂપે દર્શાવ્યું છે તેની પાછળનું પ્રયોજન એ છે કે નિર્વિકલ્પ અનુભૂતિ સમયે તો જ્ઞાન ચેતના છે પરંતુ સવિકલ્પ દશા સમયે પણ જ્ઞાનીને જ્ઞાયકની જ મુખ્યતા છે. ત્યાં પર દ્રવ્યના જાણપણાને કારણે કોઈ દોષ આવતો નથી. તેથી જ્ઞાનની પર્યાયમાં જ્ઞેયાકાર જ્ઞાનથી વાત લેવામાં આવી છે.

સમયસાર ગા.૭૫માં જ્ઞાનીની વ્યાખ્યા બાંધતા તે જ્ઞાની સ્વને જાણે છે તેમ ન લેતા એમ લીધું કે જે દ્રવ્યકર્મ અને નોકર્મના પરિણામને કરતો નથી. ત્યાં અજ્ઞાની પોતાને પરનો કર્તા ભોક્તા માનતો હતો તેના સ્થાને પોતાને પર પ્રકાશક માને છે એવી અપેક્ષા લીધી છે. ત્યાં અજ્ઞાન દૂર થયું તેથી જ્ઞાનીએ પર સાથેના દોષિત સંબંધને છોડીને નિર્દોષ સંબંધ માન્યા તેથી જ્ઞાની એવી વાત ખ્યાલમાં લેવામાં આવે છે. ત્યાં જ્ઞાની પોતાને જાણે છે તે સંદર્ભ લીધો જ નથી. પરદ્રવ્યના જ્ઞાતાપણા સાથે સ્વના જાણપણાની વાત આવી જાય છે. એ પ્રમાણે જ્ઞાનીનું જ્ઞાન સ્વ-પર બન્નેને જાણે છે તે નિર્દોષતા છે.

અર્થ વિકલ્પજ્ઞાન શબ્દ દ્વારા આચાર્યદેવના ભાવને સ્પષ્ટ કરવા માટે પં. હિંમતભાઈએ કૌસમાં લખ્યું છે કે ''સ્વ-પર પદાર્થોનું ભિન્નતાપૂર્વક યુદ્પદ અવભાસન'' આ શબ્દો દ્વારા જ્ઞાનની સવિકલ્પદશાનું વર્ણન કરીને તે સમયે પણ જ્ઞાન ચેતના હોય છે એમ ગર્ભિત સૂચન કર્યું છે. પર પ્રકાશક જ્ઞાન સમયે જેને જ્ઞાયકની મુખ્યતા છે તેને સ્વ પ્રકાશક જ્ઞાનમાં જ્ઞાન ચેતના હોય તે સહજપણે આવી જાય છે. હવે જ્ઞાનીની નિર્વિકલ્પ અને

સવિકલ્પ દશાને જ્ઞાન ગુણની મુખ્યતાથી વિચાર કરીએ. જ્ઞાનીને ભેદજ્ઞાન વર્તે છે. ત્યાં સ્વ અને પરને જ્ઞાનમાં ભિન્ન જાણે છે. પરને જાણતા સમયે જે પરદ્રવ્ય જણાય છે તે મારાથી જુદું છે એમ જાણીને તેને ત્યાગે છે. જીવના જ્ઞાન-દર્શન અને ચારિત્ર એવા ત્રણ ગુણોના પરિણામો વચ્ચેના મેળ વિશેષને લક્ષમાં રાખીને વિચારીએ ત્યારે જ્ઞાની જ્યારે પર દ્રવ્યને જાણે છે ત્યારે જ્ઞાન તેને પરજ્ઞેયરૂપે જાણે છે. શ્રદ્ધા તો પોતાના સ્વભાવમાં જ હુંપણું રાખીને રહેલી છે. તેથી ત્યાં દર્શન ગુણની સમ્યક્ત્વરૂપ પર્યાયમાં પરની કોઈ વાત લેવામાં આવતી નથી. ચારિત્રની પર્યાયમાં જે પદાર્થ પરરૂપે જણાયો તેના ત્યાગનો ભાવ વર્તે છે. અજ્ઞાની પરદ્રવ્યને સ્વ માનીને તેને (ભોગવવા માટે) ગ્રહણ કરતો હોય છે. તેના સ્થાને જ્ઞાની તેને અપોહે છે. પરને પર જાણીને ત્યાગે છે. સમયસાર ગા. ૩૪માં આની સ્પષ્ટતા છે. પરદ્રવ્યના માલિક થઈને તેનો ત્યાગ એ સાચો ત્યાગ નથી. પરને પર જાણીને ત્યાગ કરવાની વાત છે. પરદ્રવ્યના ત્યાગની સાથે પરદ્રવ્ય પ્રત્યેના મમત્વ ભાવના ત્યાગની ત્યાં મુખ્યતા છે. અંતરંગમાં જીવની પર્યાયમાં રહેલા મોહ-રાગ-દ્વેષના ભાવોનો, બાહ્ય વિષયોને ભોગવવાની ભાવોનો, ત્યાગ કરીને ત્યાં વીતરાગી નિર્વિકલ્પ દશા (ચારિત્રની શુદ્ધ પર્યાય) પ્રગટ કરવાની વાત છે. આ રીતે જ્ઞાની ચારિત્રની પર્યાયમાં ભોક્તા ભાવનો ત્યાગ કરે છે અને બાહ્યમાં વિષયોનો પણ ત્યાગ કરે છે. જ્ઞાનીની આ દશાનો આપણને બરોબર ખ્યાલ છે.

પરને પરરૂપ જાણવું તે જ્ઞાનનું કાર્ય છે. તેમ કરવાથી પરને પોતારૂપ માનવારૂપ મિથ્યાત્વનો અભાવ થાય છે. તેની સાથોસાથ પરને ભોગવવાની ઈચ્છારૂપ ચારિત્રનો દોષ પણ દૂર થાય છે. તેથી પરને ભિન્ન જાણવું તે જ્ઞાનનું કાર્ય છે અને તેને છોડવાનું કાર્ય તે ચારિત્ર છે એ રીતે સમજયા બાદ હવે પરને પર જાણવું અને પરનો ત્યાગ કરવો એવા બન્ને કાર્યો જ્ઞાની પોતાની જ્ઞાનની પર્યાયમાં કેવી રીતે કરે છે તેનો વિચાર કરીએ. ત્યાગની વાત ચારિત્રમાં ન લેતા જ્ઞાનમાં લેવી હોય તો ત્યાં ક્રમથી વિચારવું પડશે. અર્થાત્ પરને પરરૂપે જાણવાનું કાર્ય અને તેનો ત્યાગ કરવાનું કાર્ય તેમાં સમયભેદ વિચારવો પડશે. આ માટે આપણે જ્ઞાનની પર્યાયની સવિકલ્પ અને નિર્વિકલ્પ એવી બે દશા જે વારાફરતી થાય છે તેનો વિચાર કરવો રહ્યો.

જ્ઞેયાકાર જ્ઞાનની સવિકલ્પ દશાને સાચા અર્થમાં સમજવા માટે આપણે જ્ઞાન કઈ રીતે કાર્ય કરે છે તે મૂળ વિષય સુધી જવું પડે. પ્રવચનસાર ૨૯ ગાથા અનુસાર જીવ પરદ્રવ્યથી ભિન્ન રહીને જ પરને જાણે છે. જ્ઞાન અને જ્ઞેયને આ રીતે જુદા લક્ષમાં લેતા જ્ઞેય જ્ઞાનમાં પ્રવેશતું નથી એ વાત દૃઢ થાય છે. હવે જ્ઞેય જ્ઞાયક સંબંધ તરફથી જોતા જાણે કે જ્ઞેયો જ્ઞાનમાં આવી ગયા હોય એવું કામ થાય છે. તે સમયે પણ જ્ઞેય તો પોતાના સ્વ સ્થાનમાં જ છે. જેવો જ્ઞેયનો આકાર છે એવું જ્ઞાનમાં જણાય છે તેથી તે સમયે જ્ઞાનની પર્યાય જ્ઞેયાકારરૂપ થાય છે. અર્થાત્ સંબંધના કારણે જ્ઞાનની પર્યાયમાં જાણન ક્રિયા અને જ્ઞેયનું સ્વરૂપ બન્ને એક જેવા દેખાય છે. અરીસાના દૃષ્ટાંત અનુસાર જેવું બિંબ છે એવું જ પ્રતિબિંબ અરીસામાં દેખાય છે. તેમ જેવા જ્ઞેયો છે તેવી જ્ઞેયાકાર અવસ્થા જ્ઞાનમાં જણાય છે. જેમ અરીસામાંથી તે સમયે પ્રતિબિંબ દૂર કરી શકાતું નથી તેમ જ્ઞેયાકાર જ્ઞાનની પર્યાયમાંથી જ્ઞેયાકારોને દૂર કરી શકાતા નથી. તે સમયે પણ જ્ઞાનીનું વિવેકી જ્ઞાન જ્ઞપ્તિ ક્રિયા અને સંબંધના કારણે પોતાની પર્યાયમાં જણાતું જ્ઞેયાકારપણું તે બે વચ્ચેનું જુદાપણું બરોબર જાણે છે. ખ્યાલમાં રહે કે જે સમયે જ્ઞાનની પર્યાયમા જ્ઞેયાકાર છે તે સમયે તેમાંથી જ્ઞેયાકારપણું દૂર નથી થઈ શકતું. આ રીતે જ્ઞાનીની સવિકલ્પ જ્ઞાનની પર્યાયને આ પ્રમાણે ખતવવામાં આવે છે.

૧) જીવ (જ્ઞાન) અને પરદ્રવ્ય (જ્ઞેય) બન્ને જુદા છે અને જુદા જ રહે છે - જ્ઞેયે પ્રવિષ્ટ ન.

૨) જ્ઞાનની પર્યાય જ્ઞેયાકાર થાય છે તે સમયે પણ પરદ્રવ્ય તો ભિન્ન જ છે - અણ પ્રવિષ્ટ ન.

૩) જ્ઞેય જ્ઞાયક સંબંધ સમયે જીવની પર્યાયમાં જીવ જાણવાનું કાર્ય જ્ઞપ્તિ ક્રિયા કરે છે અને પરદ્રવ્ય જ્ઞેયાકાર રૂપનો ફાળો આપે છે તે રીતે જ્ઞાનની પર્યાયમાં જ્ઞાન અને જ્ઞેયાકાર ભેગા થાય છે. ત્યાં જ્ઞપ્તિ ક્રિયામાંથી જ્ઞેયાકારપણું દૂર કરી શકાતું નથી.

૪) તે સમયે જ્ઞાનીનો જ્ઞપ્તિ ક્રિયા અને જ્ઞેયાકારપણાના ભિન્નપણાનો વિવેક વર્તે છે. તેથી જ્ઞાન જ્ઞેયાકારોને તે સમયે ભિન્ન જાણે છે પરંતુ તેનો ત્યાગ થઈ શકતો નથી. આ રીતે જ્ઞાનની સવિકલ્પ દશા સમયે જ્ઞાનમાં સ્વ-પરનો (જ્ઞપ્તિ ક્રિયા અને જ્ઞેયાકારનો) જુદાપણાનો વિવેક છે. જ્ઞાન જ્ઞેયાકારને ભિન્ન જાણે છે.

હવે જ્ઞાનની નિર્વિકલ્પ દશાનો વિચાર કરીએ.

જીવ સવિકલ્પ દશામાં ઉપયોગાત્મકપણે પરને જાણે છે ત્યારે આ જાણનાર તે હું છું અને જે જણાય છે તે મારાથી ભિન્ન છે એવો વિવેક છે. પરદ્રવ્ય તો ભિન્ન છે જ પરંતુ પોતાની પર્યાયમાં રહેલું જ્ઞેયાકારપણું પણ પોતાનાથી ભિન્ન છે એવું જાણપણું છે પરંતુ તે સમયે જ્ઞેયાકારપણું પોતાની પર્યાયમાંથી દૂર થતું નથી.

એ જીવ જ્યારે નિર્વિકલ્પ દશાની પ્રાપ્તિ કરે છે ત્યારે ઉપયોગાત્મકપણે પોતાને જાણે છે. પહેલા ઉપયોગાત્મકપણે પરને જાણતો હતો. નિર્વિકલ્પ દશા સમયે પરનું જાણપણું છૂટી ગયું ત્યારે જ્ઞાનની પર્યાયમાંથી જ્ઞેયાકારપણું પણ દૂર થયું. સવિકલ્પ દશામાં જ્ઞેયાકારપણાને પર જાણ્યું હતું. હવે નિર્વિકલ્પ દશામાં જ્ઞેયાકારનો ત્યાગ કર્યો. જેને પહેલા પર જાણ્યું હતું તે પરનો હવે ત્યાગ કર્યો. આ રીતે જ્ઞાનની પર્યાયમાં જ પ્રથમ પર જાણ્યું અને પછી પરનો ત્યાગ કર્યો એવું લઈ શકાય છે. અસ્થિરતાના રાગને કારણે જે ઉપયોગ બહારમાં ગયો હતો તે ફરીને પોતાના સ્વભાવમાં આવી ગયો. જિનાગમમાં સવિકલ્પમાંથી નિર્વિકલ્પની જે વાત આવે છે તે રાગને છોડવા માટે છે. ત્યાં પરના જાણપણાને દોષરૂપ માનીને છોડવાની વાત નથી. પરનું જાણપણું એ તો જીવનો સ્વભાવ છે. સર્વજ્ઞ સ્વભાવને લક્ષમાં લેવાથી સ્વ-પર પ્રકાશક એવી પોતાની શક્તિ છે એવું લક્ષ થાય છે. સવિકલ્પ દશા સમયે જીવ પોતે જાણનાર થઈને પોતાની જ્ઞાનની પર્યાયને પ્રગટ કરે છે અને તે પર્યાયને જાણે છે. તે સમયે તે પર્યાયમાં જેટલું જ્ઞેયાકારપણું જણાય છે તે મારું સ્વરૂપ નથી એવો જ્ઞાનમાં વિવેક વર્તે છે. જ્ઞાનીનો ઉપયોગ અસ્થિરતાના રાગના કારણે જે પરદ્રવ્યને જાણે છે તે રાગને છોડીને જ્યારે ઉપયોગ અંદરમાં, સ્વમાં આવે છે ત્યારે પરદ્રવ્યનું જ્ઞાન પણ સાથે છૂટી જાય છે. જ્ઞાનીનું વજન રાગ છોડવા ઉપર છે.

હવે જીવના કર્મ અને કર્મ ફળની વાત ટીકાકાર આચાર્યદેવે કઈ રીતે લીધી છે તે જોઈએ. જીવના પરિણામને કર્મ તથા જીવના સુખ દુઃખના પરિણામોને કર્મફળ કહ્યા છે. જીવ શુદ્ધ અને અશુદ્ધ બે પ્રકારના ભાવોને કરે છે અને બે પ્રકારના ફળ ભોગવે છે. અશુદ્ધ પર્યાયનું ફળ દુઃખ અને શુદ્ધ પર્યાયનું ફળ અતીન્દ્રિય આનંદ આ બધું આપણા ખ્યાલમાં છે. આટલી વાત ટીકામાં લેવામાં આવી છે. આ વાત જે આશયથી લેવામાં આવી છે, ટીકાકાર આચાર્યદેવ આ ગાથાઓનો ભાવ જે રીતે સમજાવવા માગે છે તેનો વિચાર કરતા સમજાય છે કે જીવ પોતે પોતાના ષટ્કારક અનુસાર પરિણમે છે. ત્યાં અભિન્ન ષટ્કારક અનુસાર જીવના બધા

પરિણામો સ્વતંત્ર થાય છે એવો આશય છે. દ્રવ્ય કર્મની સાપેક્ષતા લેવા જતાં જીવના પરિણામમાં દ્વૈત ઉત્પન્ન થાય છે તે સમયે પણ તે બધા ભાવોનો કર્તા જીવ છે. તે બધા પરિણામો જીવનું કર્મ છે અને જીવ તેને ભોગવે છે. દ્રવ્યકર્મ અને પરદ્રવ્યો સાથેના સંબંધ સમયે પણ જીવ દ્રવ્યકર્મને કરતો નથી અને તેને ભોગવતો નથી. સંયોગોને ગોઠવતો નથી અને તેને ભોગવતો નથી. આટલી ભૂમિકા લક્ષમાં રાખીને વિચારીએ ત્યારે ટીકાકાર આચાર્યદેવે આ ગાથામાં જીવ શું કરે છે તેનું વર્ણન કર્યું છે. તે વર્ણનમાં (૧) જીવ જ્ઞાન સ્વભાવી છે. સર્વજ્ઞ સ્વભાવી છે. તેનો સ્વ-પર પ્રકાશક સ્વભાવ છે તેથી તે સ્વ-પર બધું જાણે છે. તેને માટે અરીસાનો દૃષ્ટાંત આપ્યો છે. અરીસાની સ્વચ્છતા અને પ્રતિબિંબ બન્ને યુગપદ અરીસામાં જણાય છે તેમ જ્ઞપ્તિ ક્રિયા અને જ્ઞેયાકારપણું બન્ને જ્ઞાનમાં યુગપદ્ જણાય છે એમ લીધું છે. (૨) જ્ઞાનની પર્યાયને જુદી પાડી અને હવે જીવના અન્ય પરિણામોની વાત કરે છે. ષટ્કારક અનુસાર જીવ કર્તા છે અને તેની પર્યાય તે કર્મ છે. જીવ સમયે સમયે જે પરિણામને કરે તે પરિણામ તેનું કર્મ થાય છે. ટીકામાં શબ્દો છે ''તે(કર્મ) એક પ્રકારનું હોવા છતાં'' એવા શબ્દો પડયા છે. તેનો આશય એ છે કે જીવ પોતે કર્તા થઈને જે કરે તે તેનું કર્મ છે. ત્યાં એકરૂપતા જ છે અર્થાત્ તે બધું જીવ સ્વતંત્રપણે કરે છે. ત્યારબાદ કહે છે કે જીવના પરિણામને દ્રવ્યકર્મની સાપેક્ષતાથી વિચારીએ ત્યારે ત્યાં શુદ્ધ અને અશુદ્ધ એવા બે પ્રકારના જીવના કર્મો ખ્યાલમાં આવે છે. (૩) તે પરિણામના બે પ્રકારના ફળ છે. તેથી શુદ્ધ પર્યાયના ફળમાં અતીન્દ્રિય આનંદ અને અશુદ્ધ પરિણામના ફળમાં દુ:ખ. આ રીતે આચાર્યદેવે સૌ પ્રથમ જ્ઞાનને જુદું પાડયું અને પછી જીવના બે પ્રકારના કર્મો અને બે પ્રકારના કર્મફળની વાત લીધી. આ દ્વૈત દ્રવ્યકર્મની સાપેક્ષતાથી થાય છે એ રીતે રજૂઆત કરી. ગા. ૧૨૫માં ટીકાકાર આચાર્યદેવ આ ત્રણેય પ્રકારના પરિણામને આત્મામાં વિલીન કરીને દ્રવ્ય સામાન્ય સુધી પહોંચી તે શુદ્ધરૂપે લક્ષમાં લેવાની વાત કરશે. પોતાને શુદ્ધરૂપે લક્ષમાં લેવાનું પ્રયોજન આ રીતે સિદ્ધ કરે છે.

હવે જિનાગમોમાં જે રીતે કર્મ અને કર્મફળની વાત લીધી છે. તે રીતે આ ગાથાનો અર્થ સમજવાનો પ્રયત્ન કરીએ. કર્મ અને કર્મફળને અજ્ઞાનની ભૂમિકામાં લેવામાં આવે છે તે વાત આપણે ૧૨૩ ગાથામાં વિચારી ગયા છીએ. જ્ઞાનીને જ્ઞાન ચેતના છે જ્યારે અજ્ઞાનીની ચેતન જાગૃતિ પરદ્રવ્યના કર્તા અને ભોક્તાપણા ઉપર છે. અજ્ઞાની જીવના પરિણામમાં આ રીતે પરના કર્તા ભોક્તાપણાનો ભાવો છે. તેને વિસ્તારથી સમજીએ.

અજ્ઞાની જીવ મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યાત્વના કારણે તેને (૧) પરદ્રવ્ય તે હું છું અથવા પરદ્રવ્ય મારું છે. (૨) પરના કાર્ય હું કરી શકું છું. (૩) પરદ્રવ્યને હું ભોગવી શકું છુ અને તેને ભોગવતા મને સુખ દુ:ખ થાય છે - એવી ત્રણ પ્રકારની ઊંધી માન્યતા પ્રવર્તે છે. તેથી પરદ્રવ્યના કર્તા-ભોક્તાપણાના ભાવમાં મિથ્યાત્વ મૂળમાં રહેલું છે. તે મિથ્યાત્વ અનંત સંસારનું કારણ છે. તે મિથ્યાત્વ એકરૂપ છે પરંતુ તે મિથ્યાત્વને અનુસરીને ચારિત્રના જે પરિણામો થાય છે તે રાગ-દ્વેષ અથવા શુભાશુભ ભાવો એમ બે પ્રકારના થાય છે. આ રીતે વિચારીએ ત્યારે જીવ અનાદિકાળથી કર્તા કર્મ પ્રવૃત્તિ કરતો આવ્યો છે. આ વાત સમયસાર કર્તા કર્મ અધિકારમાં વિસ્તારથી લીધી છે. અજ્ઞાની જીવ કર્તા છે અને અજ્ઞાનમય પરિણામ તેનું કર્મ છે. આ કર્મમાં કેટલું લેવામાં આવે ? જીવના મોહ-રાગ અને દ્વેષ એ જીવનું કર્મ છે. તે જીવનું કર્મ છે તેથી ત્યાં 'ભાવ' સંજ્ઞા લગાડીને તેને ભાવકર્મ કહેવામાં આવે છે. આ રીતે વિચારીએ તો શ્રદ્ધા અને ચારિત્ર ગુણની પર્યાયમાં મોહ અર્થાત્ વિપરીતતા આવે છે. તેમાં નિમિત્ત દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય કર્મો

છે. ચારિત્ર ગુણની પર્યાયમાં શુભ ભાવો અને અશુભ ભાવો એવા બે પ્રકારે જ્યારે લેવામાં આવે ત્યારે દ્રવ્યકર્મમાં પુણ્ય પ્રકૃતિ અને પાપ પ્રકૃતિ એવો નિમિત્ત નૈમિત્તિક મેળ વિશેષ લક્ષગત થાય છે. તેને હજુ લંબાવવામાં આવે ત્યારે ત્યાં અનુકૂળ અને પ્રતિકૂળ એવા બે પ્રકારના સંયોગો જીવને પ્રાપ્ત થાય છે.

અજ્ઞાનમય ભાવને બીજી રીતે લઈએ તો મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાન અને મિથ્યા ચારિત્ર એ ત્રણની વાત આવે. ખ્યાલમાં રહે કે મિથ્યાત્વના કારણે જ્ઞાન મિથ્યા નામ પામે છે. જ્ઞાનમાં આવરણ લેવામાં આવે છે. વિપરીતતા નહીં, મોહ નહીં. આ રીતે વિચારીએ ત્યારે ષટ્કારક અનુસાર કર્તા અને કર્મ શબ્દ વાપરવામાં આવતા નથી. અભેદથી વિચારીએ તો અજ્ઞાની જીવ કર્તા થઈને મોહ રાગ-દ્વેષ એવા પરિણામને કરે છે. ભેદથી વિચારતા મોહ એ શ્રદ્ધા ગુણનું અને રાગ-દ્વેષ એ ચારિત્ર ગુણનું કાર્ય છે માટે તે બે ગુણો આ પરિણામના કર્તા છે.

જીવના પાંચ ભાવોમાંથી ચાર વિશેષ ભાવોને લક્ષમાં રાખીએ તો જે કર્મ છે, ભાવકર્મ છે, તે ઔદયિક ભાવ છે. તેમાં કર્મના ઉદયનું નિમિત્તપણું હોવાથી તેને ઔદયિક ભાવ કહેવામાં આવે છે.

## કર્મફળ

અજ્ઞાનીને પોતાના અજ્ઞાનમય કર્મના ફળમાં ઈન્દ્રિય સુખ-દુઃખનો અનુભવ થાય છે. અહીં અઘાતિકર્મોદય અનુસાર સંયોગોની પ્રાપ્તિ થાય છે તેને કર્મફળરૂપે નથી લેવાના. જીવ પોતે ભાવકર્મનો કર્તા થાય છે તે જીવ તેનું ફળ ભોગવે છે. અજ્ઞાનમય પરિણામના ભેદમાં ન જઈએ તો અજ્ઞાનનું ફળ દુઃખ જ છે પરંતુ અજ્ઞાનમય ભાવોમાં ચારિત્રના પરિણામનો વિચાર કરીએ ત્યારે ત્યાં શુભાશુભનું દ્વૈત છે. તે અનુસાર ફળમાં પણ ઈન્દ્રિય સુખ અને દુઃખ એવા બે પ્રકારના અનુભવો થાય છે. આ અનુભવ અભેદ અપેક્ષાએ જીવને સુખ દુઃખરૂપ વેદાય છે અને ભેદ અપેક્ષાએ આ સુખગુણની પર્યાયો છે.

મિથ્યાત્વ અનુસાર બાહ્યમાંથી સુખ મળે એવો અભિપ્રાય છે તે પ્રમાણે તે ઈચ્છા કરે છે, વિષયો મેળવવા પ્રયત્નો કરે છે, પ્રારબ્ધ અનુસાર સંયોગો પ્રાપ્ત થાય તેને ભોગવે છે અને તેના ફળ સ્વરૂપે દુઃખનો અનુભવ થવો જોઈએ છતાં તેને તે સુખરૂપે અનુભવાય છે. ખોટી માન્યતાના ફળમાં સુખ ન જ થવું જોઈએ. પરંતુ સુખ અનુભવાય છે તે ચારિત્રના પરિણામોનું દ્વૈત અને તેના ફળના દ્વૈતને આભારી છે. આ પ્રકારે ઈન્દ્રિય સુખનો અનુભવ કરનારો અજ્ઞાની પોતાના મિથ્યાત્વને દૃઢ કરે છે. જો તેને દુઃખનો અનુભવ જ થતો હોય તો તે પોતાની વિપરીત માન્યતાઓ વહેલાસર ત્યાગ કરત.

આ રીતે વિચારતા જીવને મિથ્યાત્વ અનંત સંસારનું કારણ છે પરંતુ ઈન્દ્રિય સુખરૂપનો અનુભવ આ મિથ્યાત્વને પુષ્ટિ આપતું હોવાથી મિથ્યાત્વ ધારા પ્રવાહરૂપ ચાલુ રહેવામાં ઈન્દ્રિય સુખનો અનુભવ મહત્વનો ફાળો આપે છે. આ રીતે આ ગાથામાં જીવના જ્ઞાન ગુણનું પરિણામ સાધકની ભૂમિકામાં કેવું હોય તે વાત લીધી. વળી અજ્ઞાની જીવના દર્શન-ચારિત્ર અને સુખ ગુણોના પરિણમન કેવા હોય તેની વાત ભેદવિવક્ષાથી સમજાવી છે.

## ◆ ગાથા - ૧૨૫

**પરિણામ-આત્મક જીવ છે, પરિણામ જ્ઞાનાદિક બને;**
**તેથી કરમફળ, કર્મ તેમ જ જ્ઞાન આત્મા જાણજે. ૧૨૫.**

***આત્મા પરિણામાત્મક છે; પરિણામ જ્ઞાનરૂપ; કર્મરૂપ અને કર્મફળરૂપ થાય છે, તેથી જ્ઞાન, કર્મ અને કર્મફળ આત્મા છે એમ જાણવું.***

આ ગાથામાં આચાર્યદેવ આ વિષયને સંકેલી લે છે અને ફળસ્વરૂપે આત્માના એકરૂપ દ્રવ્યસામાન્ય

સ્વરૂપ શુદ્ધાત્મા જ્ઞાયક એક ભાવ સુધી લઈ આવે છે. તે અનેકરીતે વિચારી શકાય. આ ગાથામાં પરિણામ મારફત સ્વભાવ સુધી જવાની વાત લેવામાં આવી છે. બે પ્રકારના પરિણામ મારફત સ્વભાવ સુધી પહોંચી શકાય છે. (૧) દ્રવ્ય પર્યાય અને (૨) ગુણ પર્યાય.

દ્રવ્ય પર્યાયમાં જીવના આસ્રવ-બંધ-સંવર-નિર્જરા અને મોક્ષ એવા પાંચ પ્રકાર છે. ગુણ પર્યાયોમાં અનંત ગુણોની પર્યાયો લઈ શકાય છે. સામાન્ય રીતે જીવના અસાધારણ ગુણની પર્યાયો મારફત દ્રવ્ય સ્વભાવ સુધી જઈ શકાય છે. ગુણની પર્યાય મારફત પહેલા ગુણ સુધી આવો અને પછી ગુણ-ગુણીનું અભેદપણું લક્ષમાં લઈને દ્રવ્ય સ્વભાવ સુધી પહોંચો અથવા ગુણની પર્યાયરૂપે જીવ જ પરિણમે છે એમ જીવ કર્તા-જ્ઞપ્તિ તે ક્રિયા અને જ્ઞાન તે કરણ. એ રીતે સમજીને સીધા જીવ સુધી પહોંચી શકાય.

પર્યાયના શુદ્ધ પર્યાય અને અશુદ્ધ પર્યાય એ બે પ્રકાર પણ લક્ષમાં લઈ શકાય. બન્ને પ્રકારની પર્યાયના કર્તા જીવ જ છે. એ રીતે જીવ સુધી પહોંચી શકાય છે. કારકના ભેદનો વિચાર કરીએ ત્યારે ક્રિયાના ષટ્કારકો છે તેમાં કર્તાકારકરૂપે દ્રવ્ય છે. એ રીતે પણ દ્રવ્ય સામાન્ય સુધી પહોંચી શકાય છે. ગુણના ભેદ દ્વારા પણ દ્રવ્ય સામાન્ય સુધી પહોંચી શકાય છે. આ રીતે પદાર્થનું અંતરંગ બંધારણ જાણવાથી આપણે સ્વભાવનો નિર્ણય કરી શકીએ છીએ.

આપણું વર્તમાન જ્ઞાન ગુણ ભેદને જાણી શકે એટલી ક્ષમતાવાળું છે. દ્રવ્યની પર્યાય સીધી ખ્યાલમાં આવતી નથી. ઈન્દ્રિય જ્ઞાનના વિષયો એવા રૂપી પદાર્થોને પણ આપણે એ પ્રકારે જ જાણીએ છીએ. તેથી જીવની ઓળખાણ માટે ગુણની પર્યાય દ્વારા જીવના સ્વભાવને પ્રાપ્ત કરવામાં આવે છે. શરીરના માધ્યમ દ્વારા પણ જીવની પર્યાયનો સ્વીકાર થઈ શકે છે. આમ અનેક પ્રકારે જ્ઞાયક સ્વભાવનો નિર્ણય થઈ શકે છે. મુખ્ય વાત એ છે કે સ્વરૂપ અસ્તિત્વરૂપ પદાર્થની સત્તા અખંડ છે. તેમાં દ્રવ્ય, ગુણ, પર્યાય, ઉત્પાદ, વ્યય, ધ્રુવ વગેરેની વ્યવસ્થા કઈ રીતે છે તે વાત આ જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અધિકારમાં વિસ્તારથી લેવામાં આવી છે. આવો એક પદાર્થ અન્ય સમસ્ત પદાર્થોથી અત્યંત ભિન્ન છે. આ બંધારણને જીવમાં લાગુ પાડવાથી જીવ લક્ષગત થાય છે.

ટીકામાં જીવનું શુદ્ધપણું બે અપેક્ષાથી સમજાવે છે. જીવને પરદ્રવ્ય સાથેકોઈ તાત્વિક કે પારમાર્થિક સંબંધ નથી. જીવ પોતે પોતાનું પ્રભુત્વ લઈને રહેલો છે માટે શુદ્ધ છે. અજ્ઞાન દશા પર સાપેક્ષતાથી થાય છે. પરનો આશ્રય જીવ કરે તો અશુદ્ધતા થાય છે. કર્મોદય અનુસાર જીવ સુખી દુઃખી થાય છે. આવી જેની માન્યતા છે એવા અજ્ઞાની જીવ માટે આ જ્ઞાન, આ વાસ્તવિકતા, ઉપયોગી છે કે જીવને ખરેખર પરદ્રવ્ય સાથે કોઈ સંબંધ નથી. જીવ પોતાના અજ્ઞાનમય વિભાવ ભાવના કારણે સુખી-દુઃખી થાય છે ત્યારે બાહ્યમાં કોઈને કોઈ કર્મના ઉદયો અને સંયોગો અવશ્ય હોય છે પરંતુ તે સુખ-દુઃખના કારણો નથી માટે જીવને પરદ્રવ્ય સાથે કોઈ સંબંધ નથી એવું જ્ઞાન ઉપયોગી છે. પરદ્રવ્યમાં હેય ઉપાદેયપણું નથી. તે માત્ર જ્ઞાનના જ્ઞેયો જ છે. હું પરથી તદ્દન અલિપ્ત રહીને પરને જાણું છું. હું પરથી તદ્દન જુદો છું માટે શુદ્ધ છું એમ એકવાર લક્ષમાં લીધા બાદ મારી પર્યાયમાં અનાદિ કાળથી અશુદ્ધતા હોવા છતાં મારો સ્વભાવ તો એવોને એવો શુદ્ધ જ છે એવો નિર્ણય પણ જરૂરી છે.

પર્યાયમાં શુદ્ધતા અને અશુદ્ધતા એવા બે ભેદો હોવા છતાં મારો સ્વભાવ તો સદાય શુદ્ધ જ છે. એક ન્યાયથી અશુદ્ધ પર્યાયરૂપે પરિણમેલો જીવ તે

ભાવમાં તદ્‌રૂપ છે. તેથી અશુદ્ધ પર્યાયરૂપે પરિણમે તે જીવ અશુદ્ધ છે. તે સમયે પણ જીવે પોતાનો શુદ્ધ સ્વભાવ એવોને એવો સલામત રાખેલ છે.

## ◆ ગાથા - ૧૨૬

**'કર્તા, કરમ, ફળ, કરણ જીવ છે' એમ જો નિશ્ચય કરી**
**મુનિ અન્યરૂપ નવ પરિણમે, પ્રાપ્તિ કરે શુદ્ધાત્મની. ૧૨૬.**

***જે શ્રમણ 'કર્તા, કરણ, કર્મ અને કર્મફળ આત્મા છે' એવા નિશ્ચયવાળો થયો થકો અન્યરૂપે ન જ પરિણમે, તો તે શુદ્ધાત્માને ઉપલબ્ધ કરે છે.***

આ ગાથામાં આચાર્યદેવ બે વાત કરે છે. દરેક પદાર્થ પોતાના ષટ્‌કારક અનુસાર પરિણમે છે માટે બધા પદાર્થો ભિન્ન છે. આ રીતે સૌ પ્રથમ જીવ પોતાના પરિણામને પ્રાપ્ત થાય છે. તે જીવ અન્ય પદાર્થોથી ભિન્ન લક્ષમાં લેવામાં આવે છે. અહીં પરદ્રવ્યથી ભિન્ન લક્ષમાં લેતા તે શુદ્ધ છે એવું એકાંત નથી લેવું. અહીં તો પ્રયોગ કેવી રીતે થાય એ વિચારવું છે. દરેક પદાર્થના અલગપણાને લક્ષમાં લઈ શકાય અને તેમને અન્ય સાથેના સંબંધમાં પણ જોઈ શકાય છે.

આ ગાથામાં દ્રવ્ય બંધારણની સમજણનું ફળ શું છે તે દર્શાવ્યું છે. પદાર્થ બંધારણને સમજવાનું ફળ શુદ્ધાત્માની પ્રાપ્તિ છે. તે કઈ રીતે શક્ય છે તે સમજવાનો પ્રયત્ન કરીએ. જીવને અન્ય દ્રવ્યો સાથેના સંબંધમાં જોવાની આપણને ટેવ છે. તેથી તે પ્રકારે દૃષ્ટાંત લઈએ. એક બહેન રસોઈ કરે છે, લાડવા બનાવે છે તેમ લઈએ. બહેન લાડવા બનાવે છે એમ પણ કહેવાય. ત્યારબાદ જીવ, શરીર અને રસોઈ એમ ત્રણ અલગ દ્રવ્યોનો વિચાર કરીએ તો તે સમયે બહેનને લાડવા બનાવવાની ઈચ્છા થઈ છે. શરીરમાં હાથ-આંખ વગેરેના કાર્યો થાય છે અને ઘી-લોટ તથા ગોળ લાડવારૂપે પરિણમે છે એમ ત્રણના અલગ કાર્યો પણ જોઈ શકાય છે. અજ્ઞાનીએ શરીરમાં હુંપણું રાખ્યું છે અને લાડવા તૈયાર થાય છે તેની તેને તે સમયે મુખ્યતા છે તેથી તે પોતાને શરીરરૂપ માનીને લાડવા બનાવવાની ઈચ્છા પણ મેં કરી અને લાડવા પણ મેં બનાવ્યા એવું માને છે. ત્યારે શરીરની ક્રિયા એ જ મારું કાર્ય એમ ન રહેતા જીવનું કાર્ય અને ઘી-લોટ-ગોળનું કાર્ય પણ મારું કાર્ય છે એવું માનવા લાગે છે. શરીરની હાથ વગેરેની ક્રિયા ગૌણ થઈને લાડવાની ક્રિયા તેને મુખ્ય થઈ ગઈ છે. એ અજ્ઞાની કદાચ જીવ તે હું છું એવું માનીને વિચારી ત્યારે પણ શરીરનું કાર્ય અને લાડવા બનાવવાનું કામ હું કરું છું એમ માને છે. મારે ભાગે માત્ર ઈચ્છા જ છે શરીરના કે ઘી-લોટ-ગોળના કાર્ય હું ન કરી શકું એવો તેને ખ્યાલ રહેતો નથી.

અહીં જે અંતિમ કાર્ય થયું. લાડવા તૈયાર થવાનું તેના કર્તારૂપે ત્રણ દાવેદાર છે. જીવ, શરીર અને ઘી, લોટ, ગોળ. સાચો કર્તા તો ઘી-લોટ-ગોળ છે. પરંતુ ત્રણ સભ્યો વચ્ચે નિમિત્ત નૈમિત્તિક સંબંધ હોવાના કારણે ત્રણેય સભ્યો તેવો દાવો કરી શકે છે. દૃષ્ટાંતઃનાટકમાં ભાગ લેનારા દરેક સભ્ય મેં નાટક કર્યું એવો દાવો કરે છે.

સંબંધમાં થતા કાર્યો પોતે કર્યા એ રીતે વિચારવાની એક પદ્ધતિ છે કથન શૈલી છે. સંયોગી એકત્વને કારણે એ પ્રકારે કહેવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. પરંતુ તેને સાચુ માની લેવું એ ભૂલ છે. આવા પ્રસંગે તે કાર્યમાં કેટલા સભ્યો સામેલ હતા અને તે દરેકનું શું કાર્ય હતું તેનો વિચાર કરે ત્યારે તે દરેકના અલગ કાર્યો ખ્યાલમાં આવી શકે છે. સંબંધના કારણે દરેકમાં અન્ય સભ્યોના કાર્યો જણાય છે. પરંતુ તે તેના કાર્યો નથી. ગળ્યા દૂધમાં દૂધમાં સાકર અને સાકરમાં દૂધનો સ્વાદ આવે છે પરંતુ તે સમયે પણ દૂધમાંથી દૂધનો જ સ્વાદ અને સાકરમાંથી ગળપણનો જ સ્વાદ આવે છે.

આ રીતે શરીરમાંથી આત્મબુદ્ધિ છોડીને જ્ઞાયક સ્વભાવ તે હું છું એવું લક્ષમાં લઈને લાડવા બનાવતા સમયે પણ જીવનું કાર્ય શું છે તેનો વિચાર કરવામાં આવે ત્યારે જીવ તો તે સમયે લાડવા બનાવવાની ઈચ્છારૂપે જ પરિણમ્યો છે. તે ઈચ્છા અનુસાર શરીરનું કાર્ય થાય અને શરીરની ક્રિયાને અનુસરીને લાડવા થાય એવા નિમિત્ત નૈમિત્તિક સંબંધો જોવા મળે છે પરંતુ આ ત્રણ સભ્યો વચ્ચે કર્તા કર્મ સંબંધ તો નથી જ. માટે દરેક પદાર્થ પોતાના ષટ્કારકો અનુસાર પરિણમે છે તે લક્ષગત કરવાથી જીવના પરિણામોને જુદા લક્ષમાં લઈ શકાય છે. અલબત અહીં જીવ પોતે ઈચ્છાનો કરનાર થઈને ઈચ્છાના પરિણામને કરે છે એ રીતે લક્ષમાં આવશે.

હવે જીવના પરિણામ દ્વારા જીવના સ્વભાવ સુધી કઈ રીતે પહોંચી શકે તેનો વિચાર કરીએ. આ માટે થોડા સિદ્ધાંતો પાકા કરી લઈએ.

દ્રવ્ય પર્યાયની એક સત્તા છે માટે પરિણામ ખ્યાલમાં આવતા ત્યાં સ્વભાવ અવશ્ય હોવો જોઈએ. પર્યાયમાં ઉણપ કે વિપરીતતા હોય તોપણ સ્વભાવ તો પરિપૂર્ણ અને શુદ્ધ જ હોય છે. હવે મૂળ વિષય લઈએ.

(૧) પર્યાયની પાછળ સ્વભાવ અવશ્ય હોવો જોઈએ. અહીં યુક્તિનું અવલંબન છે. ઉષ્ણતા હોય તો ત્યાં અગ્નિ અવશ્ય હોય. તે રીતે સમજણનું કાર્ય થતું હોય તો જ્ઞાયક અવશ્ય હોય. સમયસાર છઠ્ઠી ગાથામાં આવ્યું છે કે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાયો. જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞેય જણાય એ વાત તો સાચી પરંતુ જેને જ્ઞેય લુબ્ધતા નથી અને જે જ્ઞાયકને લક્ષમાં લેવા માગે છે તે જ્ઞેયને ગૌણ કરે છે. જ્ઞેયાકાર જ્ઞાનને પણ ગૌણ કરે છે અને ત્યાં માત્ર જાણન ક્રિયા જ થાય છે તેમ લક્ષમાં લઈ શકાય છે.

ગાથાની ટીકામાં પહેલા અજ્ઞાની જીવ અને પછી જ્ઞાની જીવથી વાત લીધી છે. અજ્ઞાનની ભૂમિકા સમજાવવા માટે સ્ફટિકમણિનું દૃષ્ટાંત લીધું છે. સ્ફટિક સ્વચ્છ છે. તેના સંગમાં જાસુદપુષ્પ રાખવાથી સ્ફટિકમાં લાલ ઝાંય જોવા મળે છે. અન્ય રંગની વસ્તુના સંગમાં તે પ્રકારની ઝાંય દેખાય છે. સિદ્ધાંતમાં જીવ સ્વભાવે તો શુદ્ધ જ છે પરંતુ કર્મોદય અનુસાર તેમાં વિભાવ થાય છે. જીવને અનાદિથી ઉભયબંધ છે. દરેક સમયે કર્મો ઉદયમાં આવે છે. અજ્ઞાની જીવ પોતાના સ્વભાવને ભૂલીને ભાવક એવા કર્મોદયને અનુસરીને ભાવ્યરૂપ એવા પોતાના વિભાવ ભાવને કરી લે છે. આવું અનાદિકાળથી ચાલે છે.

જીવના વિભાવ ભાવને જીવનો કહેવો તેને અસદ્ભૂત વ્યવહારનય કહેવામાં આવે છે. અન્યના ગુણને અન્યનો કહેવો તે અસદ્ભૂત વ્યવહારનય છે એવી વ્યાખ્યા પંચાધ્યાયીમાં બાંધવામાં આવી છે. પોતાના પરિણામમાં નય લાગુ પાડયો છે. કર્મના ઉદય પ્રમાણે પોતે વિભાવ કરે છે તેથી વિભાવને અન્યનો ગુણ કહેવામાં આવ્યો છે. તે વિભાવરૂપે જીવ જ પરિણમ્યો છે પરંતુ પરાશ્રયે થયેલા ભાવ એ મારું અસલ સ્વરૂપ નથી. એ રીતે તેને અન્યનો કહ્યો છે. વિભાવમાં નિમિત્ત કારણ પુદ્ગલ છે અને વિભાવ અનુસાર નવું દ્રવ્યકર્મ બંધાય છે. માટે ત્યાં કારણ અને કાર્ય બન્ને પુદ્ગલ હોવાથી રાગના ભાવને અન્યનો ગુણ કહ્યો છે. જીવમાં રાગ અનાદિકાળથી થાય છે પરંતુ સ્વભાવના આશ્રયે એકવાર તેનો અભાવ કરીએ તો તેનો સદંતર નાશ થાય છે. જે પરિણામ મારામાંથી નિકળી જાય એ મારું સ્વરૂપ નહીં. એ રીતે પણ તેને અન્યના ભાવ કહેવામાં આવ્યા છે. અન્યના ભાવ કહેતા ત્યાં જીવની જવાબદારી ઘટતી નથી. તે જીવ સ્વતંત્રપણે કર્તા થઈને તે ભાવને કરે છે. તેથી સ્ફટિકના દૃષ્ટાંતે અહીં વિકારને ''પર વડે આરોપાયેલો'' કહેવામાં

આવ્યો છે. અહીં આચાર્યદેવ આ રજૂઆત કરીને અજ્ઞાનીનું અજ્ઞાન સિદ્ધ કરવા માગે છે. તેના ફળ સ્વરૂપે તે સંસારી છે. અહીં જે જીવ પોતાનું અજ્ઞાન છોડીને જ્ઞાની થાય છે તે વિચારે છે કે હું અનાદિ કાળથી આ રીતે અજ્ઞાની હતો.

અનાદિ કર્મ બંધની વાત લીધી, કર્મો દરેક સમયે ઉદયમાં આવે છે. શરીર અને શરીરને પ્રાપ્ત ઈન્દ્રિયો છે. સંયોગરૂપે વિભાવને અનુરુપ સામગ્રી છે. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રનો યોગ છે. આવા અનેક પ્રકારના સંયોગો વચ્ચે જીવ સંયોગી ભાવરૂપે થાય છે તે સમયે પણ જીવ સ્વતંત્ર હતો.

જીવના પરિણામથી વિચારતા આચાર્યદેવ ષટ્કારકને યાદ કરે છે. કર્તા-કરણ, કર્મ અને કર્મફળ એ ચાર અપેક્ષાથી કથન કરે છે પરંતુ તે દરેક સમયે અભેદપણું રાખીને વાત કરે છે. માત્ર પરથી ભિન્ન એટલું જ નહીં પરંતુ કર્તા જીવ છે અને કર્મ પણ જીવ જ છે. એ રીતે લખાણ છે. જીવનો દ્રવ્યસામાન્ય સ્વભાવ શુદ્ધ જ છે, અર્થાત્ ત્રિકાળ સ્વભાવ શુદ્ધ જ છે. તે જીવ પોતાના ક્ષણિક ઉપાદાન અનુસાર પરિણમે છે. અહીં તે અશુદ્ધ ઉપાદાન છે તેથી જીવ સ્વતંત્રપણે કર્તા થાય છે તે ઉપરક્ત ચૈતન્યરૂપ સ્વભાવ વડે થાય છે એવું દર્શાવે છે. જે સ્વભાવ ત્રિકાળ શુદ્ધ છે તે જ પોતાના ક્ષણિક અશુદ્ધ ઉપાદાન અનુસાર કર્તા થઈને વિભાવ ભાવને કરે છે. તે ઉપરક્ત ચૈતન્યરૂપ સ્વભાવ વડે તે કરણ-કર્મ અને કર્મફળરૂપ થાય છે એમ લેવામાં આવ્યું છે.

ટીકામાં ત્યારબાદ એ જ પ્રકારે જ્ઞાનીની દશામાં પણ જીવ જ કર્તા, કરણ, કર્મ અને કર્મફળ છે એ વાત લીધી છે. અજ્ઞાન દશામાં જીવ સ્વતંત્ર અને એકલો છે તો પછી જ્ઞાની તો સ્વતંત્ર અને એકલો જ છે. એ વાત સહજરૂપે સમજી શકાય તેમ છે. આમ હોવા છતાં જ્ઞાની જીવ કર્તા છે એવા શબ્દો સાંભળવાને આપણે ટેવાયેલા નથી. અજ્ઞાની જીવ કર્તા છે અને જ્ઞાની અકર્તા છે. એ ભાવ આપણા ખ્યાલમાં છે. અહીં એ વાત નથી. અહીં તો કારકની અપેક્ષાથી કર્તાપણાનો વિચાર કરવાનો છે. તેથી વિરોધાભાસ નથી.

દ્રવ્યાનુયોગના શાસ્ત્રોમાં નિષ્ક્રિય પરમાત્માના ગુણ ગાન ગાવામાં આવે છે. આ શબ્દ ગમે છે. કાંઈ કરવાનું નહીં. હું તો અપરિણામી છું. પર્યાય મારાથી ભિન્ન છે. પર્યાય મારામાં નથી. આવા કથનો અનેકવાર વાંચવા અને સાંભળવા મળે છે. વળી પરમાત્મદશાને કૃતકૃત્ય કહેવામાં આવે છે. કરવા જેવું બધું કરી લીધું. ભેદજ્ઞાનનો પ્રયોગ પૂરો થયો. હવે સાદિ અનંતકાળ અનંતસુખમાં વ્યતીત થશે. આવા બધા પ્રકારના કથનો નય વિભાગ અનુસાર છે. જો નયાર્થ યોગ્ય રીતે સમજે તો વાંધો નહીં. પરંતુ તે લક્ષમાં ન રહે તો પ્રમાદ આવ્યા વિના ન રહે.

જીવ જ્ઞાન સ્વભાવી હોવાથી જાણવાનું કાર્ય કરે છે. પરથી ભિન્ન રહીને જ પરને જાણે છે. જાણીને તેમાં રાગ દ્વેષના ભાવો કરે છે. અનુકૂળ સંયોગોને ભોગવવાનો ભાવ કરે છે. આ એનું અજ્ઞાન છે. તેની સામે જ્ઞાની પરને જાણે છે ત્યારે પણ તે પરદ્રવ્ય મારાથી જાુદું છે એવો વિવેક જ્ઞાનમાં સતત રહે છે. પરમાં ઠીક-અઠીકપણું કે તેને ભોગવવાના ભાવો તેને થતાં નથી. પરને પર જાણીને તેના ત્યાગનો ભાવ આવે છે. જ્ઞાતાદષ્ટા રહેવું એ તો જીવનો સ્વભાવ છે. પરંતુ ત્યારબાદ પરને ભોગવવાનો ભાવ થવો તે જીવનો દોષ છે તેથી માત્ર જાણનાર રહેવું અને ત્યારબાદ તેથી વિશેષ પરદ્રવ્યમાં કોઈ પ્રકારની નિસ્બત ન રાખવી તે સાચા અર્થમાં અકર્તાપણું છે. અકર્તા એટલે જ્ઞાતા.

વચનામૃતમાં આવે છે કે અપરિણામી એટલે અનંત શક્તિથી ભરેલો જ્ઞાયક. જે દ્રવ્ય સામાન્ય

સ્વભાવ એક અપેક્ષાએ અપરિણામી છે તે જ અપેક્ષા ફેરવતા પરિણામી થઈને પર્યાયનો દાતા થાય છે. તે જ દરેક સમયની પર્યાયમાં વ્યાપીને રહે છે. તેથી વસ્તુને સર્વથા અપરિણામી માની લેવી એ ભૂલ છે.

સમયસારમાં વીર્ય શક્તિના વર્ણનમાં સ્વરૂપની રચનાના સામર્થ્ય સ્વરૂપ વીર્ય શક્તિ લેવામાં આવી છે. અર્થાત્ પોતાના સ્વભાવમાંથી દરેક સમયે નવી નવી પર્યાયની પ્રગટતા કરવી એ પુરુષાર્થ છે. સિદ્ધ દશામાં અનંત વીર્ય છે એટલે કે સિદ્ધ દશા પ્રવાહ અપેક્ષાએ સાદિ અનંત છે. પરંતુ ત્યાં પણ દરેક સમયે સિદ્ધ ભગવંત કર્તા થઈને પોતાની સિદ્ધ પર્યાયને પ્રગટ કરે છે.

પદાર્થ જેમ નિત્ય અવસ્થિત છે તે પ્રમાણે સદાય પરિણમનશીલ છે. તેથી ત્યાં સહજપણે પર્યાયો થયા કરે છે. જે સહજપણે થાય તેમાં કરવાનું શું હોય? દરીયામાં ભરતી ઓટ આવ્યા કરે છે તેને કોણ કરે? વળી પુદ્ગલ અચેતન છેતે પોતાની મળે કાંઈ ન કરે. એવી પણ માન્યતાઓ જોવા મળે છે. તેથી જીવને કર્તા કહેવાની જરૂર નથી. પરિણમનનો પ્રવાહ સહજરૂપે ચાલ્યા કરે. વળી રોકેટનો છોડવામાં આવે ત્યારે પૃથ્વીના ગુરુત્વાકર્ષણની મર્યાદા બહાર જાય પછી વગર પ્રયત્ને તે જ ગતિથી સહજપણે આગળ વધે છે. આવા અનેક દૃષ્ટાંતો વિચારીને જીવના કર્તાપણાની વાત સ્વીકારવાનું મન ન થાય પરંતુ જ્ઞાની જીવ પણ અવશ્ય કર્તા થઈને સમયે સમયે પોતાના પરિણામને અવશ્ય કરે છે તે સિદ્ધાંત માન્ય કરવા યોગ્ય છે.

કર્તાપણાના ભાવમાં અભિમાનનો ધ્વનિ આવે છે એવી પણ એક દલીલ છે. અન્યમતમાં કર્તાપણાનો ભાવ અભિમાન છોડીને બધું ઈશ્વરને અર્પણ કરવાની વાત આવે છે. આપણે તો ઈશ્વરના અંશ છીએ. બધો દોરી સંસાર ભગવાનના હાથમાં છે. પોતે સારા નરસા પરિણામ કરે અને બધું ભગવાન કરાવે છે એ પ્રમાણે માનીને પોતાના દોષને ઢાંકે છે. પરંતુ કર્તાભાવમાં અભિમાનની વાત નથી. જ્ઞાની જ્યારે પોતાને કર્તારૂપે લક્ષમાં લે છે ત્યારે ત્યાં મહાન જવાબદારી છે. અનાદિકાળથી જીવ અજ્ઞાન પરિણામનો કર્તા થતો હતો તે હવે તે અજ્ઞાન છોડીને શુદ્ધ પર્યાયનો કર્તા થાય છે. ત્યાં તેણે સમયે સમયે જાગૃતિ રાખવાની છે. અનાદિના સંસ્કાર તો વિભાવ ભાવને કરવાના છે. તેથી સહજ પરિણમન તો તે પ્રમાણે જ થાય તેની સામે હવે તે ચીલાચાલુ પરિણામના સ્થાને તેનાથી તદ્દન વિપરીત અર્થાત્ શુદ્ધ એવા પરિણામરૂપે પરિણમવું છે માટે તેણે સતત જાગૃતિ રાખવાની છે. આ એક જવાબદારી ભર્યું-કાર્ય છે. જ્ઞાની જ્યારે પોતાને કર્તા સ્વરૂપે લક્ષમાં લે છે ત્યારે તેને ખરેખર એક પ્રકારનો આનંદ આવે છે. કાંઈક નવીન કર્યાનો આનંદ અને સંતોષ રહે છે. જેમ અભ્યાસ કરી લીધા બાદ ધંધો કરે અને કમાણી થાય તેનો એક આનંદ છે. અહીં તો પોતાના દોષને દૂર કરીને શુદ્ધતારૂપે પરિણમતા પોતાને પૂર્વે ન આવ્યો હોય એવો અતીન્દ્રિય આનંદ આવે છે. શુદ્ધ પર્યાયની પ્રગટતા હું ન કરી શકું એવી માન્યતા હતી. ઉપલક પ્રયત્ન કરે ત્યારે વિકલ્પની ભૂમિકામાં પણ સ્વભાવ નજીક ટકાતું ન હતું. તેના સ્થાને પોતે જ્યારે સમ્યક્ પુરુષાર્થ કરે ત્યારે હું અવશ્ય પરમાત્મા થઈશ એવો અંતરંગમાં વિશ્વાસ જન્મે છે. જેને પરાધિનતા અનાદિથી કોઠે પડી ગઈ હતી તે હવે સ્વાધીન થાય છે. તેથી એવા કર્તાપણામાં તેને ઉમંગ આવે છે. આ રીતે એકવાર સાચી દિશાનો પુરુષાર્થ પ્રગટે તો પછી તે વેગથી આગળ વધે છે.

જે ત્રિકાળ શુદ્ધ સ્વભાવ વડે તે અજ્ઞાન પરિણામને કરતો હતો તે જ સ્વભાવ વડે હવે તે શુદ્ધ પર્યાયને કરે છે. ત્રિકાળ સ્વભાવ તો સદાય શુદ્ધ જ છે. જે પરિણામ થાય છે તે પોતાના ક્ષણિક

ઉપાદાન અનુસાર થાય છે. અજ્ઞાનીનું ક્ષણિક ઉપાદાન અશુદ્ધ છે તેથી ત્યાં ''ઉપરક્ત ચૈતન્યરૂપ સ્વભાવ'' વડે તે કર્તા થાય છે એમ લેવામાં આવે છે. જ્ઞાનીનું ક્ષણિક ઉપાદાન શુદ્ધ છે માટે ત્યાં ''સુવિશુદ્ધ ચૈતન્યરૂપ સ્વભાવ'' એવા શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે.

કર્તાપણાના સંદર્ભમાં જે વાત લેવામાં આવે છે તે કરણ, કર્મ અને કર્મફળમાં પણ સહજપણે લાગુ પાડવામાં આવે છે. અજ્ઞાન દશામાં જેમ જીવ જ કર્તા-કરણ વગેરે લેવામાં આવે છે. તેમ જ્ઞાન દશામાં પણ જીવ જ કર્તા કર્મ વગેરે છે એવું લેવામાં આવે છે.

આ રીતે અમૃતચંદ્રાચાર્યદેવે બંધમાર્ગ અને મોક્ષમાર્ગ બન્ને અવસ્થામાં જીવ એકલો જ છે એ વાત વિસ્તારથી સમજાવી. હવે પરમાણુનો દૃષ્ટાંત આપે છે. સ્કંધની રચના સમયે પણ પરમાણુ એક સ્વતંત્ર દ્રવ્ય છે. એ રીતે પરથી ભિન્ન એવા એકત્વ સ્વરૂપની વાત લીધી છે. અનેક પદાર્થોના સંયોગોમાં સંયોગીભાવરૂપે રહેલો જીવ પણ એ રીતે એકત્વની ભાવના ભાવે છે. પરમાણુ જેમ સ્કંધમાંથી છૂટો પડે છે તેમ જીવ પણ અન્ય દ્રવ્યો સાથેનો સંબંધ કાપીને પરથી જાુદો પડે છે.

હવે ટીકાકાર આચાર્યદેવ જીવનું શુદ્ધપણું બે અપેક્ષા લઈને સમજાવે છે. જીવ પરદ્રવ્યથી જાુદો છે માટે શુદ્ધ છે. અને જીવના ગુણ-ભેદ-પર્યાયભેદ વગેરે વિશેષોને ગૌણ કરીને અભેદ સ્વભાવને લક્ષમાં લેવાથી શુદ્ધપણું છે. દરેક પદાર્થનું સ્વરૂપ અસ્તિત્વ ભિન્ન છે માટે જીવ બધાથી ભિન્ન છે જ પરંતુ અજ્ઞાનીએ પર સાથે એકપણું માન્યુ છે. તે જ્યારે જ્ઞાની થાય છે ત્યારે પર સાથે મારે કાંઈ સંબંધ નથી એ વાત લક્ષમાં રાખીને તે પર સાથેનો સંબંધ કાપી નાખે છે. પ્રથમ ભેદજ્ઞાન દ્વારા પરથી ભિન્ન થાય છે. દેહાધ્યાસ છોડીને જ્ઞાયક સ્વભાવમાં હુંપણું સ્થાપે છે અને પછી ક્રમશઃ પર સાથેના સંબંધ કાપતો જાય છે. મારી મર્યાદા મારા સુધી જ છે એમ નક્કી કરીને પ્રથમ ગુણની પર્યાય સુધી આવે છે. પછી પર્યાયમાંથી ગુણ મારફત અથવા સીધો દ્રવ્ય સામાન્ય સ્વભાવ સુધી પહોંચી જાય છે. આ પ્રમાણે પરથી જાુદા પડીને સ્વભાવની પ્રાપ્તિ દ્રવ્ય બંધારણના અભ્યાસથી સિદ્ધ કરે છે.

## કળશ - ૭

***શ્લોકાર્થ : જેણે અન્ય દ્રવ્યથી ભિન્નતા દ્વારા આત્માને એક બાજુ ખસેડયો છે. તથા જેણે સમસ્ત વિશેષોના સમૂહને સામાન્યની અંદર મગ્ન કર્યો છે એવો જે આ ઉદ્ધતા મોહલક્ષ્મીને લૂટી લેનારો શુદ્ધનય, તેણે ઉત્કટ વિવેક વડે તત્ત્વને વિવિક્ત કર્યું છે.***

૧૨૬ ગાથાને અનુરૂપ ભાવ આ કળશમાં દર્શાવવામાં આવ્યો છે. શુદ્ધનયનું કાર્ય દર્શાવીને તેનો મહિમા અને ફળ દર્શાવ્યું છે. જીવના શુદ્ધ જ્ઞાયક સ્વભાવને વિષય કરનાર જ્ઞાનને અહીં શુદ્ધનય શબ્દથી ઓળખાવવામાં આવ્યો છે. સામાન્ય રીતે દ્રવ્યાર્થિકનય, નિશ્ચયનય અને શુદ્ધનય એકાર્થમાં વાપરવામાં આવે છે પરંતુ અહીં તો નિર્વિકલ્પ દશાને શુદ્ધનય શબ્દથી દર્શાવવામાં આવે છે. નિર્વિકલ્પ દશા એ ભાવશ્રુત પ્રમાણ જ્ઞાન છે. પાત્ર જીવને સ્વભાવનું જોર તો અનુભૂતિ પહેલા પણ હોય છે. તે જોર નિર્વિકલ્પ દશા થતાં સમ્યક્ પ્રકારે હોય છે. સ્વભાવ ઉપરના જોરને શુદ્ધનય કહેવામાં આવે છે. આત્માના અનુભવપૂર્વકનું જોર હોવાથી તે સમ્યક્ છે. સાધકને સવિકલ્પ અને નિર્વિકલ્પ બન્ને દશા સમયે સ્વભાવ ઉપરનું જોર તો એવુંને એવું રહે છે. સાધક આ શુદ્ધનય વડે જ સાધક દશામાં આગળ વધીને પરમાત્મા થાય છે.

અહીં આ શુદ્ધનય કઈ રીતે અને શું કાર્ય કરે છે તે દર્શાવે છે. પ્રથમ તો પરાશ્રય ભાવનો ત્યાગ કરે છે. ભાવક એવા કર્મના ઉદયને અનુસરીને

અજ્ઞાન દશામાં પોતે ભાવ્યરૂપે અશુદ્ધ પર્યાયરૂપે પરિણમન કરતો હતો તે પ્રમાણે નથી કરતો. અર્થાત્ તે શુદ્ધનય નાસ્તિરૂપે પરદ્રવ્ય સાથેના સંબંધને કાપી નાખે છે. અજ્ઞાનમય સંબંધ - પરદ્રવ્ય સાથે હિતબુદ્ધિ છોડી દે છે. ખરેખર તો આ રીતે તે પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની મર્યાદામાં આવી જાય છે. વાસ્તવિકપણે તે પોતાની પર્યાયમાં આવી જાય છે. હવે ત્યારપછીનું કાર્ય શરૂ થાય છે. ભેદ દ્વારા અભેદ સ્વભાવ સુધી પહોંચવાનું કાર્ય છે.

અજ્ઞાની જીવ સીધો દ્રવ્ય સ્વભાવ લક્ષમાં નથી લઈ શકતો. દ્રવ્ય સામાન્ય લક્ષ્ય છે અને ગુણ ભેદ અથવા પર્યાય ભેદ તે લક્ષણ છે. લક્ષણ જાણીને તેના દ્વારા લક્ષ્ય સુધી પહોંચવું એ પ્રયોગ છે. એ વ્યવહાર જિનાગમે માન્ય કર્યો છે. જે અભેદનો ભેદ છે તે ભેદ દ્વારા અભેદ સુધી પહોંચી શકાય છે. પદાર્થનું અખંડપણું છે. પદાર્થમાં દ્રવ્ય-ગુણ પર્યાય એવા અતદ્ભાવરૂપના ભેદો છે. તે બધા વચ્ચે તાદાત્મ્યપણું હોવાથી પર્યાયમાંથી પ્રવેશ લઈને સ્વભાવ સુધી પહોંચાય છે. એ રીતે જીવનું લક્ષણ હાથમાં આવ્યું. હવે જીવના દ્રવ્ય સામાન્ય સ્વભાવ સુધી પહોંચવું છે. દ્રવ્ય અને પર્યાય વચ્ચે તાદાત્મ્યપણું હોવાથી પર્યાયમાંથી પ્રવેશ લઈને સ્વભાવ સુધી પહોંચી શકાય છે. એકવાર સ્વભાવની પ્રાપ્તિ થાય એટલે પર્યાયનું લક્ષ છોડી દેવું. સ્વભાવમાં હુંપણું સ્થાપવું. તેથી અહીં ક્રિયામાં કારકના ભેદોને મુખ્ય કરીને પર્યાય એટલે કર્મ અને સ્વભાવ અર્થાત્ કર્તા. એવું લક્ષમાં લીધા પછી કર્તા-કરણ, કર્મ અને કર્મફળ બધુ જીવ જ છે એમ બધું જીવમાં અભેદ કરી લેવામાં આવે છે. આ રીતે શુદ્ધનય-અનાદિકાળના આસ્રવ યોદ્ધાને જીતી લે છે તેથી ઉદ્ધત મોહલક્ષ્મીનો નાશ કરે છે એવું દર્શાવ્યું છે. ૮માં કળશમાં શ્લોકાર્થમાં કર્તા-કર્મ વગેરે ભેદો હોવાની ભ્રાંતિ એવા શબ્દો વપરાયા છે તેથી કોઈને એમ લાગેકે કારકના ભેદો સર્વથા નથી તો તે તેની ભૂલ છે. પદાર્થનું અખંડપણું રાખીને તેમાં દ્રવ્ય-પર્યાયરૂપ ભેદો છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ એવા ભેદો પણ છે. ગુણોના ભેદો-પર્યાય અને પ્રદેશ ભેદો પણ છે. આ બધા છે અર્થાત્ પદાર્થ ભેદાભેદ અભેદરૂપ છે. એ બધું વાસ્તવિક છે. કારકના ભેદને ભ્રાંતિ કહેવાનું પ્રયોજન તો તે ભેદ ઉપરથી દૃષ્ટિ હટાવીને દ્રવ્ય સામાન્ય સ્વભાવ સુધી જવા માટે છે. કારકના છ ભેદ તો ક્રિયાના ભેદ છે. ક્રિયામાં પરિણમતું દ્રવ્ય અને પર્યાય બન્ને આવે છે. પર્યાયના ભેદોને ગૌણ કરીને દ્રવ્ય સામાન્ય ઉપર જવું છે. તેમ કરતાં અપરિણામી દૃષ્ટિથી સ્વભાવને લક્ષમા લેતા ત્યાં કોઈ ભેદ દેખાતા નથી માટે ભેદને ભ્રાંતિ કહેવામાં આવે છે. ભેદના લક્ષે પ્રયોજનની સિદ્ધિ થતી નથી માટે ભ્રાંતિ કહેવામાં આવે છે. જે રીતે આપણે દ્રવ્ય પર્યાયરૂપ વસ્તુનો અભ્યાસ કર્યો છે તેથી ખ્યાલમાં રાખવું કે પર્યાયને છોડીને દ્રવ્ય સ્વભાવમાં જવું, પર્યાયને ગૌણ કરીને સ્વભાવમાં જવું એવી અનેક રીતો છે. પરંતુ અહીં તો પર્યાયમાંથી સ્વભાવ સુધી જવાની વાત છે. પર્યાયમાં આદિ-મધ્ય-અંતમાં દ્રવ્ય જ વ્યાપેલું છે તેથી પર્યાયમાં જ દ્રવ્ય સ્વભાવ જણાય છે. અર્થાત્ પર્યાય દ્વારા પર્યાયમાંથી સ્વભાવ સુધી જવાની વાત છે. દ્રવ્ય અને પર્યાય એવા બે અતદ્ભાવ વચ્ચે અવિનાભાવ તન્મયરૂપના સંબંધો છે. તે સંધિ દ્વારા સ્વભાવ સુધી પહોંચવાનો માર્ગ દર્શાવ્યો છે. પદાર્થનું અખંડપણું છે માટે ગુણ અને પર્યાયરૂપ ભેદ દ્વારા અભેદ સ્વભાવ પ્રાપ્ત થઈ શકે છે.

આવા શુદ્ધનયે આત્મ સ્વરૂપને વિવિક્ત અર્થાત્ અલગ-શુદ્ધ કર્યું છે. બે પદાર્થ જાુદા છે તેને જાુદા જાણીને જાુદા પાડવા એ ભેદજ્ઞાન છે. શુદ્ધનય એ રીતે પોતાના આત્માને પરથી ભિન્ન લક્ષમાં લે છે. અહીં પરથી ભિન્ન માટે શુદ્ધપણું. પરાશ્રયે થતો વિભાવ ઉત્પન્ન થતો નથી માટે શુદ્ધપણું. અંતરંગમાં જ્ઞાન પદાર્થના યથાર્થ સ્વરૂપને જેમ છે તેમ જાણે

છે. અહીં શુદ્ધનય કહેતા ભાવશ્રુત પ્રમાણજ્ઞાન સમયે દ્રવ્ય-પર્યાય બધું એકી સાથે જણાય છે. તે જ્ઞાન દ્રવ્ય અને પર્યાયને મુખ્ય-ગૌણ કરીને નથી જાણતું. મુખ્ય ગૌણ તો નયજ્ઞાનનું સ્વરૂપ છે. અનુભૂતિ તો પ્રમાણ જ્ઞાન છે ત્યાં મુખ્ય ગૌણ નથી. દ્રવ્ય પર્યાય વચ્ચે નયજ્ઞાનરૂપ મુખ્ય ગૌણપણું ન હોવા છતાં તે જ્ઞાન વિવેકરૂપ છે. તે જ્ઞાને સ્વ-પરનો વિવેક તો રાખ્યો જ છે પરંતુ તે જ્ઞાન દ્રવ્ય અને પર્યાયને તેની કિંમત સહિત જાણે છે. દ્રવ્યની કોટિ હંમેશા ઊંચી જ છે એવો વિવેક નિર્વિકલ્પ દશા સમયે પણ વર્તે છે. દ્રવ્ય અને પર્યાય એકી સાથે જણાય એટલે બન્નેનું સ્થાન સમાન છે એમ નહીં. આ પ્રકારે પદાર્થ બંધારણ દ્વારા પદાર્થના અનેકાંત સ્વરૂપને જાણવાનું ફળ શુદ્ધાત્માની પ્રાપ્તિ દર્શાવવામાં આવ્યું છે.

## ◆ ગાથા - ૧૨૭

**છે દ્રવ્ય જીવ, અજીવ; ચિત-ઉપયોગમય તે જીવ છે;**
**પુદ્‌ગલપ્રમુખ જે છે અચેતન દ્રવ્ય, તેહ અજીવ છે. ૧૨૭.**

***દ્રવ્ય જીવ અને અજીવ છે. ત્યાં ચેતના-ઉપયોગમય તે જીવ છે અને પુદ્‌ગલ દ્રવ્યાદિક અચેતન દ્રવ્યો તે અજીવ છે.***

આ ગાથાથી દ્રવ્ય વિશેષ અધિકાર શરૂ થાય છે. આપણું પ્રયોજન જીવ દ્રવ્યને જાણવાનું છે. દ્રવ્ય સામાન્ય અધિકારમાં પદાર્થનું અંતરંગ બંધારણ શું છે તે દર્શાવ્યું છે અને એવા દરેક પદાર્થો પરદ્રવ્યથી અત્યંત ભિન્ન છે. એ વાત લીધી હતી તેથી જીવ દ્રવ્યમાં જીવ અને દ્રવ્ય બેને જાુદા પાડીને વિચાર કરીએ તો આપણે દ્રવ્ય શું છે તે જાણી લીધું. હવે જીવ કોને કહેવાય તે સમજવાનો પ્રયત્ન કરીએ. દ્રવ્ય સામાન્ય અધિકારની પૂર્ણાહુતિ કરતા બન્ને આચાર્યોએ તે સમજણના ફળમાં શુદ્ધાત્માની પ્રાપ્તિ દર્શાવી છે. તેથી એક પ્રશ્ન એવો થાય કે તોપણ દ્રવ્ય વિશેષ અધિકારની જરૂર શી છે ? પરંતુ શાંતિથી વિચારતા ખ્યાલમાં આવશે કે દ્રવ્ય બંધારણ બે પદાર્થોને ભિન્ન દર્શાવે છે. દરેક દ્રવ્ય પોતાના પરિણામને પ્રાપ્ત થાય છે. તેથી અનેક દ્રવ્યોના સંયોગોના પરિણામો વચ્ચે મારું હુંપણું ક્યાં છે અને મારા પરિણામો ક્યાં છે તેનો ખ્યાલ હશે તો જ તે જીવના એટલે કે પોતાના પરિણામને પરના પરિણામોથી ભિન્ન રાખી શકશે. માટે દ્રવ્ય વિશેષ અધિકાર જાણવો આવશ્યક છે. હું જીવ દ્રવ્ય છું. મેં મારું દ્રવ્યરૂપને જાણી લીધું. હવે માત્ર જીવનું સ્વરૂપ જાણું એટલે મારું કાર્ય થયું. મારે અન્ય દ્રવ્યોને જાણવાની શી જરૂર છે ? આ પ્રકારનો પ્રશ્ન પણ અસ્થાને છે. મારી પાટી કોરી નથી. તેમાં અનેક પ્રકારના અન્ય દ્રવ્યોના ચિત્રામણો છે. અનાદિકાળના અજ્ઞાનમાં મેં વિશ્વના સમસ્ત પદાર્થોમાં અધ્યવસાન કરેલ છે. શરીરમાં હુંપણું અને અન્ય દ્રવ્યોમાં મારાપણું અને હિતબુદ્ધિ રાખેલ છે. પરદ્રવ્યો સદાયને માટે ભિન્ન હોવા છતાં તેમાં જાુદાપણું રાખ્યું નથી. પર્યાયો વચ્ચેના નિમિત્ત નૈમિત્તિક સંબંધોના કારણે તે સમયે સ્વભાવના જાુદાપણાનો વિવેક ન રહેવાથી મારી આ દશા થઈ છે માટે મારું અજ્ઞાન ટાળવા માટે મારે છ દ્રવ્યોનું સ્વરૂપ જાણવું આવશ્યક છે એવો ખ્યાલ રહેવો જોઈએ.

જિનાગમની ઉપદેશ શૈલી એ પ્રકારની છે કે પાત્ર જીવે જ્ઞાયક સ્વભાવને મુખ્ય રાખીને જીવનું સ્વરૂપ વિસ્તારથી સમજવું જોઈએ. એ જ જ્ઞાયકને મુખ્ય રાખીને છ દ્રવ્ય અને નવ તત્ત્વનું સ્વરૂપ સમજવું જોઈએ. તેથી હવે આ અધિકારમાં દ્રવ્યનું વર્ણન આવવાનું છે. તે માત્ર જાણવાના વિષયરૂપે છે ત્યાં અધ્યાત્મની કોઈ ભૂમિકા નથી એવો ભાવ આવવો જોઈએ નહીં. તે માટે આ અધિકારનું પ્રયોજન શું છે તે આપણે લક્ષમાં લેવું જરૂરી છે.

દ્રવ્ય વિશેષ અધિકારમાં આચાર્યદેવ છ દ્રવ્યોને તેના અસાધારણ લક્ષણો દ્વારા એકબીજાથી ભિન્ન દર્શાવશે. તે આ પ્રમાણે. દરેક પદાર્થમાં સામાન્ય

ગુણો, વિશેષ ગુણો અને અસાધારણ ગુણો હોય છે. લક્ષ્યરૂપ-ધ્યેયરૂપ એવું દ્રવ્ય, લક્ષણ એવા ગુણો વડે લક્ષ્યગત થાય છે. વસ્તુનો કોઈ પણ ગુણ વસ્તુને દર્શાવે છે. તે ગુણ અભેદનો ભેદ છે અને ભેદ તથા અભેદની એક સત્તા હોવાથી ભેદ દ્વારા અભેદ સુધી પહોંચી શકાય છે. લક્ષણ વડે લક્ષ્ય જાણી શકાય છે માટે આ પ્રકારે સૌ પ્રથમ દ્રવ્ય અને ગુણની એક સત્તા છે તે વાત જે આપણે દ્રવ્ય સામાન્ય અધિકારમાં શીખી ગયા છીએ તેનો આધાર લઈને આગળ વધીએ.

લક્ષણની વ્યાખ્યા ખ્યાલમાં લઈએ ત્યારે લક્ષણમાં અતિવ્યાપ્તિ, અવ્યાપ્તિ કે અસંભવ દોષ ન હોવા જોઈએ. તેથી પદાર્થમાં ત્રણ પ્રકારના ગુણોમાંથી માત્ર અસાધારણ ગુણને જ આપણે પદાર્થના લક્ષણરૂપે સ્થાપી શકીશું. તેના વડે જ એક પદાર્થનું અન્ય પદાર્થથી ભિન્નપણું ખ્યાલમાં આવશે. સામાન્ય અને વિશેષ ગુણોમાં અતિવ્યાપ્તિનો દોષ આવે છે. માટે છ દ્રવ્યોના સ્વરૂપને લક્ષમાં લેવા માટે દરેકના અસાધારણ ધર્મો ક્યા પ્રકારના છે તેનો સ્પષ્ટ ખ્યાલ રહેવો જરૂરી છે. આ રીતે દરેક દ્રવ્યની માહિતી મળી ગઈ એટલું પર્યાપ્ત નથી. આ તો તેની શાશ્વત વ્યવસ્થા થઈ. દરેક પદાર્થ એકત્વ નિશ્ચયને પ્રાપ્ત હોવાથી સુંદરતાને પામે છે. જે દ્રવ્યને ભાગે જે સ્વભાવ આવ્યો તે શાશ્વત છે. કોઈ પદાર્થ પોતાના સ્વભાવને છોડી શકાતી નથી.

દરેક પદાર્થને તેના અસાધારણ ગુણો દ્વારા ભિન્ન ખ્યાલમાં લીધા બાદ તે ગુણોનું અભેદપણે વિચારતા, તે પદાર્થનું પરિણમન ક્યા પ્રકારનું છે તે પણ લક્ષમાં લેવું જરૂરી છે. સ્વભાવને અનુસરીને થતાં પરિણામોને સ્વાભાવિક પરિણમન કહેવામાં આવે છે. દરેક પદાર્થ આ રીતે પોતાના સ્વભાવની મર્યાદામાં રહીને અનાદિથી અનંતકાળ સુધીની પર્યાયોરૂપે થાય છે. આ રીતે બધા દ્રવ્યોમાં અનાદિથી અનંતકાળ સુધીનો એકરૂપ સદૃશ પરિણમનનો પ્રવાહ ચાલી રહ્યો છે. એ સ્વાભાવિક પર્યાય આપણે સદૃશ પરિણામરૂપે લક્ષમાં લઈ શકીએ છીએ. દૃષ્ટાંતરૂપે જ્ઞાન સદાય જાણવાનું કાર્ય કરે તથા પુદ્ગલ સદાય પુદ્ગલરૂપે જ પરિણમે છે.

પદાર્થના પર્યાયના પ્રવાહને વિસદૃશ પરિણામના પ્રવાહરૂપે પણ જોઈ શકાય છે. તે પર્યાયોમાં સમયે સમયે દશ્યમાન થતી વિધવિધતા તેના વિશેષ ગુણોના પરિણમનના કારણે હોય છે. તે ઉપરાંત તે પર્યાયના પ્રવાહને અન્ય દ્રવ્યની પર્યાયો સાથેના સંબંધમાં જોવાના કારણે પણ ત્યાં અન્ય અનેક પ્રકારની વિધવિધતાઓ જોવા મળે છે. **દૃષ્ટાંત:** પુદ્ગલ દ્રવ્યના સ્પર્શ-રસ વગેરે અસાધારણ ગુણો છે. તેની પર્યાયમાં સ્પર્શની આઠ પ્રકારની તથા રસ અને ગંધની પાંચ પ્રકારની વિધવિધતા પર્યાયોમાં જોવા મળે છે. તે ઉપરાંત છ દ્રવ્યો વિશ્વરૂપ છે. વિશ્વના નાટકના સભ્યરૂપે દરેક દ્રવ્યની પર્યાયને લક્ષમાં લેતા દરેક પદાર્થની પર્યાયને વિશ્વવ્યાપી સંબંધો ખ્યાલમાં આવે છે. તેવા નિમિત્ત નૈમિત્તિક સંબંધોના કારણે પણ પદાર્થને પર્યાયરૂપે લક્ષમાં લેતા ત્યાં દરેક સમયે વિસદૃશતા ખ્યાલમાં આવે છે.

જીવના પ્રયોજનભૂત અસાધારણ ગુણોની પર્યાયના ભેદરૂપે અથવા તે બધું જીવનું પરિણમન છે એમ અભેદરૂપે વિચારીએ ત્યારે જીવના પરિમમનમાં શુદ્ધ અને અશુદ્ધ એવા બે ભેદ જોવા મળે છે. જીવમાં અનાદિકાળથી અશુદ્ધ પરિણમન જોવા મળે છે. પાત્ર જીવ પોતાના દોષને લક્ષમાં લઈને પોતાની ભૂલને જ્યારે દૂર કરે છે ત્યારે શુદ્ધ પર્યાયની પ્રગટતા થાય છે અને તે પર્યાયનો પ્રવાહ અનંતકાળ સુધી શુદ્ધ જ રહેશે. અશુદ્ધ પર્યાય પરાશ્રયે પ્રગટ થતી હોવાથી તેને પરસમય પ્રવૃત્તિ પણ કહેવામાં આવે છે. સ્વભાવના આશ્રયે શુદ્ધ પર્યાયની પ્રગટતા થતી હોવાથી શુદ્ધ પર્યાયને સ્વસમય પ્રવૃત્તિ પણ કહેવામાં આવે છે.

દરેક પદાર્થ અસ્તિ-નાસ્તિ ટકાવીને પર્યાય મારફત અન્ય દ્રવ્યોની સમયવર્તી પર્યાય સાથે નિમિત્ત નૈમિત્તિક સંબંધમાં આવે છે. આ એક નિર્દોષ વ્યવસ્થા છે. જીવ સર્વજ્ઞ સ્વભાવી છે. તે પણ પરથી ભિન્ન રહીને સ્વ-પર પ્રકાશક જ્ઞાન સામર્થ્ય વડે પરદ્રવ્યને જાણે છે. (જ્ઞેયે પ્રવિષ્ટ ન) જીવ પરદ્રવ્યને જાણે છે ત્યારે સંબંધના કારણે જ્ઞેયનું રૂપ જ્ઞાનના આંગણામાં જોવા મળે છે. જ્ઞાનની પર્યાય જ્ઞેયાકારરૂપે જણાય છે. જીવ અસ્તિ-નાસ્તિ ટકાવીને અર્થાત્ પરથી ભિન્ન રહીને જ જ્ઞેય જ્ઞાયક સંબંધ દ્વારા પરને જાણે છે પરંતુ આ નિર્દોષ વ્યવસ્થાનો જેને ખ્યાલ નથી એવો જીવ પોતાના અજ્ઞાનના કારણે જ્ઞેય જ્ઞાયક અને ભાવ્ય ભાવક સંકર દોષને કરે છે જે જીવની પરસમય પ્રવૃત્તિ છે. વાસ્તવિક બંધારણમાં દરેક પદાર્થમાં સ્વભાવ અને સ્વભાવભૂત પરિણામોની સલામતી રાખીને જ સંબંધની વાત લેવામાં આવે છે માટે દ્રવ્ય બંધારણનો જેને ખ્યાલ છે તે જ્ઞેય જ્ઞાયક સંબંધ સમયે પણ જીવને જ્ઞેયથી ભિન્નપણે જ લક્ષમાં લેશે. દ્રવ્ય સામાન્ય અધિકારની સમજણ તેને દ્રવ્ય વિશેષ અધિકારમાં જીવના પરિણામનો અભ્યાસ કરતા સમયે ઉપયોગી થાય છે.

જીવના બે પ્રકારના પરિણામો હોવાને કારણે તેને પરદ્રવ્યો સાથે બે પ્રકારના સંબંધો હોય છે. અજ્ઞાની જીવ પરસમય પ્રવૃતિ કરતો હોવાથી પોતે ભાવકર્મરૂપે પરિણમે છે. તેથી તે ભાવકર્મ, દ્રવ્યકર્મ અને નોકર્મરૂપે પરદ્રવ્યો સાથે સંબંધમાં આવે છે. જ્ઞાની સ્વસમયરૂપે પરિણમે છે. તેથી તેને પરદ્રવ્યો સાથે જ્ઞેયજ્ઞાયક સંબંધ જ છે.

અજ્ઞાની જીવે શરીરમાં હુંપણું રાખ્યું છે. તેથી તે શરીરને કેન્દ્રમાં રાખીને તે રૂપે પરિણમન કરે છે. શરીરને મુખ્ય રાખીને કર્મ અને સંયોગો સાથેના સંબંધો પણ વિચારવા રહ્યા. વળી શરીર પુદ્ગલાત્મક હોવા છતાં તે જીવના સંગમાં ચેતનવંત જણાય છે. અજ્ઞાની જીવ શરીરના માધ્યમ વડે અનેક પ્રકારના કર્મોદય અને સંયોગો સાથે સંબંધમાં આવે છે તેના કારણે (જીવના) તેના પરિણામોમાં અનેક પ્રકારની વિધવિધતાઓ જોવા મળે છે.

જીવના અસાધારણ ગુણોનો વિચાર કરીએ તો જ્ઞાન અને સુખ બે વેદનભૂત લક્ષણો છે. માટે તે લક્ષણો અનુભવમાં આવતા તે લક્ષણ દ્વારા લક્ષ્ય એવા આત્મા સુધી પહોંચી શકાય. આવો લક્ષ્ય લક્ષણનો સુમેળ હોવા છતાં અજ્ઞાની જીવ શરીરને પ્રાપ્ત ઈન્દ્રિયોને બાહ્ય સાધન બનાવીને પરદ્રવ્યો સાથે સંબંધમાં આવે છે તેથી જ્ઞાન અને સુખના અનુભવને તે દેહને પ્રાપ્ત ઈન્દ્રિયોમાં ખતવે છે. તેથી જીવ સ્વભાવ સુધી પહોંચવાનો બદલે તેણે જ્યાં હુંપણું માન્યું છે તે શરીરમાં જ સુખ દુઃખની કલ્પના કરે છે. આ ઈન્દ્રિય સુખ-દુઃખનું દ્વૈત એક અપેક્ષાએ જીવને અનંત સંસારનું કારણ થાય છે.

દ્રવ્ય વિશેષ અધિકારમાં માત્ર છ દ્રવ્યોનું સ્વરૂપ દર્શાવ્યું છે માટે તે બધું જાણવાના વિષયરૂપે ન સ્વીકારતા તેનો અભ્યાસ આ રીતે કરવાથી આત્મલાભ થાય એવું લક્ષમાં રાખવું જરૂરી છે.

હવે ગાથા ૧૨૭માં છ દ્રવ્યોમાં ચેતન અને અચેતન એવા ભેદ પાડીને સમજાવે છે. જીવ ચેતન સ્વભાવી છે અને અન્ય પાંચ દ્રવ્યો અચેતન સ્વભાવી છે.

## એકત્વના કારણભૂત દ્રવ્યસામાન્યને છોડયા વિના જ

સર્વ પ્રથમ આચાર્યદેવ દ્રવ્ય સામાન્ય અધિકાર અને દ્રવ્ય વિશેષ અધિકારની સંધિ કરે છે. દ્રવ્ય સામાન્યને એકત્વના કારણરૂપે દર્શાવે છે. અહીં દ્રવ્ય સામાન્ય શબ્દ પદાર્થના સંદર્ભમાં છે. અર્થાત્ વિશ્વના છ પદાર્થોમાં પદાર્થરૂપ સામાન્યપણું રહેલું છે. જીવ પણ પદાર્થ છે અને પુદ્ગલ પણ પદાર્થ

છે. પદાર્થ કહેતા તેમાં દ્રવ્ય-ગુણ-પર્યાય તથા ઉત્પાદ-વ્યય-ધ્રુવ બધું આવી જાય છે. આ બંધારણ આપણે ગા. ૯૫થી ૧૨૬માં શીખી ગયા છીએ. આ મૂળભૂત માળખું બધામાં સમાન છે. આવો પદાર્થ ''સ્વથી એકત્વ'' ગણવામાં આવ્યો છે. ત્યાં ઉપરોક્ત દ્રવ્ય-ગુણ વગેરેનું એકત્વ છે અર્થાત્ પદાર્થની વિચારણા વખતે ત્યાં એકપણ ભેદ લક્ષગત થતો નથી. પદાર્થનું આ અંતરંગ બંધારણ શાશ્વત છે. હવે જ્યારે તે છ દ્રવ્યોનું અલગપણું લક્ષમાં લેવું હોય ત્યારે ઉપરોક્ત બંધારણને સલામત રાખીને તેમાં કઈ રીતે જુદાપણું છે તે ભાગ વિચારવાનો રહે છે. તેથી અહીં લખ્યું છે કે ''દ્રવ્ય સામાન્યને છોડયા વિના''.

હવે પદાર્થો એકબીજાથી જુદા કઈ રીતે છે તેનો વિચાર કરીએ.

દરેક પદાર્થમાં અનંતગુણો છે. અનેકાંત વસ્તુ સ્વરૂપ છે. અનંત ધર્મોને આપણે સામાન્યગુણો, વિશેષ ગુણો અને અસાધારણ ગુણો એમ ત્રણ ભેદોરૂપે વિચારી શકીએ. સામાન્ય ગુણો બધા પદાર્થોમાં અવશ્ય છે. તેથી તે બધા ધર્મો દરેક પદાર્થમાં એક સરખા જ છે. અસાધારણ ધર્મો એક જ પદાર્થમાં હોય. અર્થાત્ દરેક પદાર્થ પોતાના અસાધારણ ધર્મો વડે જ અન્ય પદાર્થોથી જુદો પડે છે. જેમકે પુદ્‌ગલમાં સ્પર્શ-રસ વગેરે અસાધારણ ગુણો છે. આ રીતે બધા પદાર્થોમાં અસાધારણ ધર્મો અવશ્ય હોય તે પદાર્થનું મૂળભૂત બંધારણ છે અને તે અસાધારણ ધર્મોનું વિશિષ્ટપણું તે પદાર્થોને જુદા પાડવાનું કારણ થાય છે. અસાધારણ ધર્મો ઉપરાંત વિશેષ ગુણોમાં પણ ફેરફાર જોવા મળે છે. જે ગુણ એક પદાર્થથી વધુ પદાર્થોમાં હોય પરંતુ બધામાં ન હોય તે વિશેષ ગુણો છે. આ રીતે વિશેષ ગુણો બે થી પાંચ દ્રવ્યોમાં જોવા મળે છે.

વિશેષ ગુણોમાં કેટલાક નાસ્તિરૂપ ગુણો છે તેનો અહીં ઉલ્લેખ કરવો જરૂરી છે. જેમકે આ ગાથામાં ચેતનપણાને જીવના અસાધારણ ગુણરૂપે દર્શાવવામાં આવ્યો છે. તેની સામે અન્ય પાંચ દ્રવ્યોને તેના અસાધારણ ગુણો દ્વારા દર્શાવ્યા નથી. પરંતુ તે અન્ય પાંચ દ્રવ્યોને અચેતન લક્ષણ દ્વારા ઓળખાવવામાં આવ્યા છે. અચેતનપણું એ નાસ્તિરૂપ ગુણ છે. ચેતનપણાનો અભાવ તે અચેતનપણું. તે ગુણ પાંચ દ્રવ્યોમાં છે માટે તે વિશેષ ગુણ છે. અહીં માત્ર અભાવ અર્થાત્ ન હોવાપણું કે શૂન્યની વાત નથી. જેને આપણે નાસ્તિરૂપ ધર્મો કહીએ છીએ તે પણ ખરેખર અસ્તિરૂપ છે. પાંચ દ્રવ્યો અચેતન છે એવું કહેતા ત્યાં ચેતનનો અભાવ છે એટલું જ નથી સૂચવવું. પરંતુ ત્યાં અચેતન એવો એક વિશેષ ગુણ છે એમ દર્શાવવું છે. અહીં પ્રશ્ન થાય છે કે એવા ગુણની તેમાં જરૂર શી છે ? તેનું સમાધાન એ છે કે એ ગુણ પુદ્‌ગલ વગેરેને ચેતનરૂપ થવા દેતા નથી. ચેતન અને અચેતન એ બે એવા વિરોધી ધર્મો છે જે એક દ્રવ્યમાં સાથે રહી ન શકે. જેમ દેશનું ચોકીયાત દળ દેશમાં અન્ય દેશવાસીને પ્રવેશવા ન આપે. એમ અચેતન ગુણ પાંચ દ્રવ્યોમાં ચેતનનો પ્રવેશ થવા દેતું નથી. નાસ્તિરૂપ વિશેષ ગુણો પણ દરેક પદાર્થમાં અલગ-અલગ હોય છે. તેને કારણે શરીર અચેતન જ રહે છે. હલન-ચલન બોલવું વગેરે ક્રિયાને કારણે આપણે તેને જીવંત શરીર માનીએ છીએ પરંતુ તે મડદાની માફક અચેતન જ છે. અજ્ઞાની જીવ આ શરીર તે હું છું એવું માને ત્યારે પણ તે શરીરરૂપ થઈ શકતો નથી.

આ રીતે દરેક પદાર્થમાં એકત્વ સ્વરૂપ એવા પદાર્થનું અખંડપણું સલામત રહે છે. તેનું અંતરંગ બંધારણ સલામત રહે છે અને દરેક પદાર્થમાં તેના અસાધારણ ધર્મો અને વિશેષ ધર્મો અલગ હોવાના કારણે તે બધા પદાર્થો એકબીજાથી જુદા પડે છે. છ દ્રવ્યોનું પદાર્થરૂપ સમાનપણું અને અસાધારણ ધર્મો વડે વિશેષપણું-અસમાનપણું આપણે લક્ષમાં

લીધું. અસમાનપણા માટે અલગપણું દર્શાવવા માટે આથી વિશેષ કાંઈ જરૂરત નથી એમ લાગે છે.

ટીકામાં આગળ જીવના લક્ષણની વાત કરે છે. અન્ય પાંચ દ્રવ્યો તેનાથી ભિન્ન છે. જીવના સ્વરૂપને સમજવાની મુખ્યતા છે. તેથી તેને તેના અસાધારણ ધર્મથી ઓળખાવવામાં આવે છે. જીવ ચેતના ઉપયોગમય છે એમ દર્શાવવામાં આવ્યું છે. અહીં ચેતના અને ઉપયોગ એમ બે અલગ વાત છે એવું લક્ષમાં લેવું જરૂરી છે. ચૈતન્ય એ જીવનો અસાધારણ ગુણ છે. તેથી તે લક્ષણ દ્વારા જીવ અન્ય દ્રવ્યથી જાુદો લક્ષમાં આવી શકે છે. પરંતુ આચાર્યદેવ ઉપયોગની વાત પણ કરે છે. ઉપયોગ એ પર્યાય છે. આ રીતે જીવના લક્ષણરૂપે ઉપયોગરૂપની પર્યાય પણ લેવામાં આવી છે. અહીં એને સ્વાભાવિક પર્યાયરૂપે દર્શાવવાનું પ્રયોજન છે. ઉપયોગરૂપની પર્યાય છે. પર્યાયની વાત લેવાની શી જરૂર પડી તેવો પ્રશ્ન થઈ શકે ખરો તેનું સમાધાન આપણે મેળવવું રહ્યું.

સૌ પ્રથમ તો એ ખ્યાલ રહે કે પરિણામ દ્વારા જ સ્વભાવનો નિર્ણય થાય છે. સમજણનું કાર્ય થાય ત્યારે જીવ છે એમ નક્કી થાય છે. અસાધારણ ગુણની પર્યાય દ્વારા જ એક પદાર્થનું કાર્ય અન્ય પદાર્થના કાર્યથી ભિન્ન જણાય છે. તેથી પર્યાયની વાત લેવી જરૂરી છે. વળી આ પરિણામ સ્વાભાવિક છે એવું આપણે લક્ષમાં લીધું છે તે પણ યોગ્ય જ છે. કારણકે દરેક પદાર્થ પોતાના સ્વભાવને ટકાવીને સ્વભાવ અંતર્ગત ખૂબીઓને પર્યાયરૂપે પ્રગટ કરે છે.

બે પદાર્થોમાં દ્રવ્ય કે ગુણો જે ત્રિકાળ છે તે એકબીજા સાથે સંબંધમાં ન આવે. તેથી માત્ર દ્રવ્ય અને ગુણોનો વિચાર કરવાથી અસ્તિ-નાસ્તિ દઢ થાય. પરંતુ બે પદાર્થો વચ્ચે સંબંધો તો તેમની પર્યાયો વચ્ચે જ હોય છે. આ રીતે દ્રવ્ય-ગુણ પર્યાયનું અખંડપણું લક્ષમાં લઈને અસ્તિ નાસ્તિ દઢ કર્યા બાદ બે પદાર્થોની સમયવર્તી પર્યાયો વચ્ચે સંબંધ જોવા મળે છે તે નિમિત્ત નૈમિત્તિક સંબંધ એવું નામ પામે છે. આ પણ એક નિર્દોષ વ્યવસ્થા જ છે. અલબત પદાર્થો વચ્ચેના સંબંધની વાત વિશ્વના નાટકના ભાગરૂપે જ હોય છે.

એક પ્રશ્ન એવો પણ ઉપસ્થિત થાય છે કે સમયસાર શાસ્ત્રમાં ''જ્ઞાન માત્ર આત્મા'' એવું લેવામાં આવ્યું છે અર્થાત્ આત્માને જ્ઞાન દ્વારા જ ઓળખાવવામાં આવે છે. જ્ઞાન વેદનભૂત લક્ષણ છે તેથી તે લક્ષણ વડે જીવને અન્ય દ્રવ્યોથી ભિન્ન ખ્યાલમાં લઈ શકાય છે. આ પ્રમાણે હોવા છતાં જીવને અન્ય દ્રવ્યથી ભિન્ન દર્શાવવા માટે ચેતન એવા લક્ષણો દર્શાવવામાં આવે છે. આવું શા માટે ? ચૈતન્ય પણ આત્માનો અસાધારણ ગુણ છે માટે ત્યાં કોઈ વિરોધાભાસ નથી. ચેતન અને અચેતન એવા બે શબ્દો વડે જીવ અન્ય દ્રવ્યોથી કઈ રીતે ભિન્ન પડે છે તે સારી રીતે સમજી શકાય છે. હવે ચેતનના સ્થાને જ્ઞાનનો વિચાર કરશો તો ખ્યાલ આવશે કે આપણે જ્ઞાન અને અજ્ઞાન એવો ભેદ લેવો પડે. તેમ કરીએ ત્યારે અજ્ઞાન શબ્દથી આપણા ખ્યાલમાં અજ્ઞાની જીવ જ આવશે. પરદ્રવ્યના લક્ષણરૂપે 'અજ્ઞાન' શબ્દ બંધ બેસતો નથી. માટે જીવને અન્ય દ્રવ્યથી ભિન્ન દર્શાવવા માટે ચેતન-અચેતન શબ્દ યોગ્ય છે. હવે પછીની ગાથામાં વિશ્વના લોક અને અલોક એવા બે ભાગ દર્શાવવામાં આવે છે.

### ◆ ગાથા - ૧૨૮

**આકાશમાં જે ભાગ ધર્મ-અધર્મ-કાળ સહિત છે,**
**જીવ-પુદ્ગલોથી યુક્ત છે, તે સર્વકાળે લોક છે. ૧૨૮.**

*આકાશમાં જે ભાગ જીવને પુદ્ગલથી સંયુક્ત તથા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને કાળથી સમૃદ્ધ છે, તે સર્વ કાળે લોક છે. (બાકીનું એકલું આકાશ તે અલોક છે.)*

આ ગાથામાં વિશ્વના લોક અને અલોક એવા બે વિભાગ દર્શાવવામાં આવ્યો છે. વિશ્વના જેટલા ભાગમાં છ દ્રવ્યો દૃશ્યમાન થાય છે તેટલા ભાગને લોક કહેવામાં આવે છે. લોકની બહાર બધી દિશાઓમાં જે અમર્યાદ ભાગ છે તે અલોક છે. તે અલોકમાં માત્ર એક આકાશ દ્રવ્ય જ રહેલું છે. સર્વજ્ઞના જ્ઞાનમાં વિશ્વની આવી વ્યવસ્થા ખ્યાલમાં આવી છે. લોકનું ક્ષેત્ર ઘણું જ મર્યાદિત છે. તે અસંખ્ય પ્રદેશી છે.

વિશ્વનો પ્રથમ વિચાર ક્ષેત્ર અપેક્ષાએ કરીએ. ત્યારે ખ્યાલ આવે છે કે વિશ્વનું ક્ષેત્ર અમર્યાદ છે. ક્ષેત્રની મર્યાદા સાબિત થઈ શકતી નથી. તેની મર્યાદા છે નહીં અને હોય પણ શકે નહીં. ક્ષેત્રની મર્યાદા તો બે ક્ષેત્ર વચ્ચે હોય. હવે વિશ્વનું ક્ષેત્ર મર્યાદિત માનીએ તો તે ક્ષેત્રની બહાર શું છે તે પ્રશ્ન ઉપસ્થિત થાય. બહારમાં ક્ષેત્ર તો હોવું જ જોઈએ તો જ મર્યાદાનો પ્રશ્ન આવે. ક્ષેત્ર હોય તેને સત્ અવશ્ય હોય તો તેને વિશ્વનો ભાગ માનવામાં શું વાંધો આવે ! માટે જો તેને વિશ્વમાં ગણી લેવામાં આવે તો મર્યાદાનો કોઈ અર્થ રહેતો નથી. માટે વિશ્વનું ક્ષેત્ર અમર્યાદ છે તે માન્ય કરવું રહ્યું.

વિશ્વ સત્‌મય અને અમર્યાદરૂપ ક્ષેત્ર લઈને રહેલું છે તેવું નક્કી થતાં વિશ્વમાં શૂન્યને ક્યાંય સ્થાન નથી એ વાત સહજપણે સ્વીકાર્ય થાય છે. કારણકે સત્ અને શૂન્ય બે પ્રતિપક્ષી છે. શૂન્યને ક્ષેત્ર ન હોય. છ દ્રવ્યોનો સમૂહ તે વિશ્વ છે. વિશ્વ એક સમૂહવાચક નામ છે. વિશ્વમાં છ દ્રવ્યો સિવાય અન્ય કાંઈ નથી. આપણા ઈન્દ્રિય જ્ઞાનમાં જે પદાર્થો જણાય છે તે બધા મર્યાદિત ક્ષેત્રવાળા છે. વાસ્તવિકતામાં જે અરૂપી ચાર દ્રવ્યો જીવ-ધર્મો-અધર્મ અને કાળ ઈન્દ્રિય જ્ઞાનમાં જણાતા નથી તે પણ મર્યાદિત ક્ષેત્રવાળા જ છે. હવે જો વિશ્વનું ક્ષેત્ર અમર્યાદ છે તે સત્‌નો સ્વીકાર કરીએ. તો છ દ્રવ્યમાંથી એક દ્રવ્ય અમર્યાદ ક્ષેત્રવાળુ અવશ્ય હોવું જોઈએ કારણકે મર્યાદિત ક્ષેત્રવાળા અનંત દ્રવ્યો હોય તો પણ તે બેહદને પહોંચી ન શકે. વિશેષરૂપે ચોખવટ માટે દૃષ્ટાંત લઈએ. દરિયામાં અનેક માછલાઓ રહે છે પરંતુ બે માછલા વચ્ચે પાણી છે ત્યાં શૂન્ય નથી. બે મર્યાદિત ક્ષેત્રવાળા પદાર્થો વચ્ચે શું એવો પ્રશ્ન ઉદ્‌ભવે - ત્યાં શૂન્યની શક્યતા જ નથી. તેથી વિશ્વના સમસ્ત ક્ષેત્રને આવરી લેનાર એક સત્ અવશ્ય હોવું જોઈએ. એ આકાશ દ્રવ્ય છે. આ રીતે વિશ્વના ક્ષેત્રનો વિચાર કરવાથી છ દ્રવ્યોમાં અમર્યાદિત ક્ષેત્રવાળું આકાશ અને મર્યાદિત ક્ષેત્રોવાળા અન્ય પાંચ દ્રવ્યો એવો વિભાગ આપણા ખ્યાલમાં આવે છે.

વિશ્વના લોક અને અલોક એવા બે ભાગ પડે છે માટે આકાશના પણ બે ભેદ પડે છે. લોકના ક્ષેત્રમાં રહેલા આકાશના ભાગને લોકાકાશ અને અલોકના ક્ષેત્રમાં રહેલા આકાશના ભાગને અલોકાકાશ કહેવામાં આવે છે. હવે વિચારવાનું છે કે જો વિશ્વનું સમસ્ત ક્ષેત્ર આકાશે રોકી લીધું છે તો અન્ય દ્રવ્યોને રહેવા માટે સ્થાન ક્યાં મળશે ? વધારાનું ક્ષેત્ર છે જ નહીં તેથી જેટલા ભાગમાં આકાશ છે ત્યાં જ તેમની વ્યવસ્થા કરવાની રહે છે. આ રીતે લોકના ભાગમાં સમસ્ત દ્રવ્યો જે જોવા મળે છે તે બધા લોકાકાશમાં સ્થાન પામે છે. તેને અવગાહન કહેવામાં આવે છે. જ્યાં એક પદાર્થ (આકાશ) છે ત્યાં જ અન્ય પદાર્થને રહેવાની જગ્યા મળે તેને અવગાહન કહે છે. અવગાહનને સમજવા માટે દૂધમાં સાકરનો દૃષ્ટાંત પ્રસિદ્ધ છે. શાસ્ત્રમાં એવા નવ દૃષ્ટાંતો આપવામાં આવ્યા છે. પરંતુ અવગાહનને સાચા અર્થમાં સમજવા માટે એક કમરામાં અનેક દીવાના પ્રકાશ સમાય જાય છે તે વધુ સ્પષ્ટ થાય છે. અવગાહન માટે સૂક્ષ્મત્વ અગત્યનું છે. પુદ્‌ગલમાં સ્થૂળ સૂક્ષ્મ એવા સ્કંધો છે. સ્કંધો તેના સ્થૂળપણાને કારણે એવું

અવગાહન ન પામે દૃષ્ટાંતરૂપે તે જ કમરામાં પેટી કે પટારા ગોઠવીએ તો તે મર્યાદિત જ સમાય કારણકે તે સ્થૂળ છે. અરૂપી દ્રવ્યો અને પરમાણુઓને અવગાહનમાં વાંધો ન આવે. કારણકે તેને ખરેખર સૂક્ષ્મ પણ ન કહેવાય. તેથી લોકના દરેક પ્રદેશે છ દ્રવ્યો સામાન્ય અવગાહન પામે છે. એકથી અધિક પરમાણુઓ અને જીવો ત્યાં જોવા મળે છે. ધર્મ-અધર્મ દ્રવ્યો લોક વ્યાપી છે. જ્યારે કાળાણુઓ આકાશના એક એક પ્રદેશે એક દ્રવ્યરૂપે રહેલા છે. તેઓ કોઈ ક્ષેત્રાંતર કરતા નથી. જીવના પ્રદેશોમાં સંકોચ વિસ્તાર થાય છે પરંતુ ગમે તેટલો સંકોચ થાય તોપણ આકાશના અસંખ્ય પ્રદેશ જેટલી જગ્યા તો અવશ્ય રોકે છે. જીવ સૂક્ષ્મ નિગોદિયા જેટલા ક્ષેત્રમાં પણ રહે અને કેવળ સમુદ્‌ઘાત સમયે લોકવ્યાપી પણ થાય છે. આકાશના એક પ્રદેશમાં પણ વિશ્વના સમસ્ત પદાર્થોને અવગાહન આપવાની શક્તિ છે. પરંતુ તેમ બનતું નથી. અસંખ્ય પ્રદેશી દ્રવ્યો એક પ્રદેશી ક્ષેત્રવાળા કયારેય થાય નહીં.

આ ગાથામાં વિશ્વના લોક અને અલોક એવા બે વિભાગ છે એવું સ્પષ્ટ કથન નથી તેથી સમજનારને થોડી મુશ્કેલી નડે છે. ગાથામાં આકાશના જેટલા ભાગમાં અન્ય પાંચ દ્રવ્યો રહે છે તે લોક છે એવું કથન છે. સાચી રીતે સમજનારને એ વાત ખ્યાલમાં આવી જાય છે કે લોકમાં આકાશ ઉપરાંત અન્ય પાંચ દ્રવ્યો પણ છે. એટલે કે લોકમાં છ દ્રવ્યો હોય છે. આ વાત ટીકામાં વિસ્તારથી લીધી છે.

વિશ્વ વિષે અનેક પ્રશ્નો ઉદ્‌ભવે છે તેથી તેનો પહેલો અભ્યાસ કરી લઈએ. છ દ્રવ્યોનો સમુદાય તે વિશ્વ છે. પ્રશ્નોત્તરમાળામાં પહેલો પ્રશ્ન - ***વિશ્વ કોને કહે છે ?*** તેના જવાબમાં છ દ્રવ્યોમાં સમૂહને વિશ્વ કહે છે. આ રીતે વિશ્વ એ એક સમૂહવાચક નામ છે. એ રીતે વિચારીએ ત્યારે ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે એવી વ્યાખ્યા પણ છે. પરંતુ આ બે વ્યાખ્યા સમાન લાગતી હોવા છતાં તેમાં એક મોટો તફાવત છે એ આપણી સમજણમાં આવવું જોઈએ. ગુણ જેમ ત્રિકાળ શુદ્ધ પરિણામિક ભાવ સ્વરૂપ છે તેમ દ્રવ્ય પણ પોતાની ત્રિકાળ સત્તા લઈને રહેલું છે. પરંતુ જેવી રીતે દ્રવ્ય અને ગુણોને સત્તા મળે છે. એવી સત્તા વિશ્વની નથી. વિશ્વ સાચા અર્થમાં સમૂહવાચક નામ જ છે. પરિણામનો વિચાર કરીએ ત્યારે એક સ્વભાવના પરિણામને ત્રણ અપેક્ષાએ જોઈ શકાય છે. જેમકે જીવના પરિણામનો વિચાર કરીએ તો જીવના પોતાના સ્વભાવરૂપ સંવર નિર્જરારૂપ પરિણામ નં.૧ - અનંત ગુણોના સંકલનરૂપ પરિણામ જેમકે સમ્યક્‌દર્શન-જ્ઞાન. ચારિત્રરૂપ મોક્ષમાર્ગ નં.૨ અને જીવના અન્ય દ્રવ્યો સાથેના સંબંધના પરિણામ જેમકે મનુષ્ય પર્યાય નં.૩.

આ રીતે જીવના પોતાના અવાંતર સત્તાઓના સંબંધરૂપ અને અન્ય દ્રવ્યો સાથેના સંબંધરૂપ એમ ત્રણ કાર્યો જોવા મળે છે. વિશ્વનો વિચાર કરીએ ત્યારે ત્યાં પદાર્થો વચ્ચેના સંબંધરૂપ કાર્ય જ જોવા મળે છે. કારણકે પદાર્થો અવાંતર સત્તારૂપ છે અને વિશ્વ તે પદાર્થોના સમૂહરૂપ એટલે તે મહાસત્તારૂપ છે. વિશ્વ એ માત્ર સમૂહવાચક નામ છે તેની સ્વતંત્ર અલગ સત્તા નથી. તેથી તેનું પોતાનું કાંઈ સ્વતંત્ર કાર્ય નથી. વિશ્વ પોતે મહા સત્તા જ છે. તે કોઈની અવાંતર સત્તા નથી તેથી વિશ્વને અન્ય કોઈ સાથેના સંબંધો નથી. આ રીતે વિચારતા છ દ્રવ્યોના સમુદાયરૂપ વિશ્વ એક નાટકના સ્થાને છે. છ દ્રવ્યો નાટકના પાત્રો છે. છ દ્રવ્યો વચ્ચેના સંબંધ વિશેષો આપણને વિશ્વના નાટકરૂપે જોવા મળે છે.

હવે વિશ્વમાં છ દ્રવ્યો ક્યાં રહે છે તેનો વિચાર કરીએ ત્યારે આપણે પ્રથમ જ જોઈ ગયા છીએ કે એક દ્રવ્યનું ક્ષેત્ર તો અમર્યાદિત અવશ્ય હોવું જોઈએ અને તે આકાશ દ્રવ્ય છે. ત્યારબાદ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય દ્રવ્યોનો વિચાર કરીએ તો તે

આ વિશ્વના થોડા ભાગમાં રહેલા છે. તેટલા ભાગને લોક કહેવામાં આવે છે. આ રીતે વિશ્વના લોક અને અલોક એવા બે ભાગ ધર્મ અને અધર્મ દ્રવ્ય અનુસાર પડે છે. કાળાણુ અને પરમાણુ એક પ્રદેશી છે અને તેઓ પણ લોકમાં જ રહે છે. જીવના પ્રદેશો લોકપ્રમાણ અસંખ્ય છે પરંતુ ત્યાં સંકોચ થઈને લોકના નાના ભાગમાં પણ રહે છે. આ રીતે આ પાંચ દ્રવ્યો લોકમાં જ સ્થાન પામે છે તેથી તેમને લોકના દ્રવ્યો કહેવામાં આવે છે. ખ્યાલમાં રહે કે આકાશ વિશ્વવ્યાપી છે. માટે લોકમાં છ દ્રવ્યો દૃશ્યમાન થાય છે. લોકની બહાર અલોક છે અને ત્યાં માત્ર આકાશ જ છે. આ રીતે છ દ્રવ્યોનો લોક અલોક સાથેનો સંબંધ વિચારતા લોકમાં છ દ્રવ્યો છે અને અલોકમાં એકલું આકાશ છે.

લક્ષ્ય લક્ષણની વાત આવે ત્યારે સામાન્ય રીતે આપણે દ્રવ્ય તે લક્ષ્ય છે અને ગુણ તેનું લક્ષણ છે એ રીતે વિચારીએ છીએ. ખરેખર તો લક્ષ્ય લક્ષણપણાનો ઉપયોગ બધે કરી શકાય છે. જેના દ્વારા લક્ષ્ય સુધી પહોંચાય તે લક્ષણ છે. લક્ષણનો ખ્યાલ છે તેથી તેના દ્વારા લક્ષ્ય સુધી પહોંચવાનું છે. આ ગાથામાં લોક અને અલોક આપણું લક્ષ્ય છે અને છ દ્રવ્યો આપણું લક્ષણ છે. અર્થાત્ છ દ્રવ્યોરૂપી લક્ષણ દ્વારા આપણે લોક અને અલોકને જાણવાના છે. તે આ પ્રમાણે. જેટલા ભાગમાં છ દ્રવ્યો જણાય છે તે ભાગ લોક છે અને જ્યાં છ દ્રવ્યો નથી. માત્ર આકાશ જ છે તે અલોક છે. આ રીતે છ દ્રવ્યો દ્વારા આપણે લોક અને અલોકનો વિભાગ લક્ષ્યગત કરી શકીએ છીએ. યાદ રહે કે લોક અને અલોકનો વિભાગ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય દ્રવ્યો વડે જ સિદ્ધ થાય છે.

ટીકામાં લોકના લક્ષણરૂપે છ દ્રવ્યોના સમુદાય સ્વરૂપ પણું લેવામાં આવ્યું છે. ત્યાં છ દ્રવ્યોનો સમૂહ તે લોક એમ ન લેવું કારણકે છ દ્રવ્યોનો સમુદાય એ તો વિશ્વ છે. અલોકના લક્ષણરૂપે એકલા આકાશસ્વરૂપપણું દર્શાવ્યું છે. ત્યાં પણ એ જ પ્રમાણે અર્થ કરવો કે અલોકમાં એકલું આકાશ દ્રવ્ય જ છે. પરંતુ અલોક એટલે આકાશ એવો અર્થ ન કરવો.

## ◆ ગાથા - ૧૨૯

**ઉત્પાદ, વ્યય ને ધ્રુવતા જીવપુદ્ગલાત્મક લોકને**
**પરિણામ દ્વારા, ભેદ વા સંઘાત દ્વારા થાય છે. ૧૨૯.**

***પુદ્ગલ-જીવાત્મક લોકને પરિણામ દ્વારા અને સંઘાત વા ભેદ દ્વારા ઉત્પાદ, ધ્રોવ્યને વિનાશ થાય છે.***

ક્રિયા અને ભાવ એમ બે પ્રકારના પરિણામ દ્વારા છ દ્રવ્યોના ભેદને આ ગાથામાં સમજાવવામાં આવ્યા છે. દ્રવ્ય પર્યાયરૂપ વસ્તુ સ્વરૂપ છે માટે ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એવું પરિણમન તો બધા દ્રવ્યોમાં અવશ્ય થાય છે. તેને અહીં ભાવ કહેવામાં આવે છે.

ક્રિયા પુદ્ગલ અને જીવમાં લેવામાં આવે છે. ભેગા થવું અને છૂટા પડવું એવું જે કાર્ય તેને ક્રિયા કહેવામાં આવી છે. પુદ્ગલ પરમાણુઓ મળીને સ્કંધની રચના કરે છે. સ્કંધો છૂટા પડીને ફરી પરમાણુઓ અથવા નવા સ્કંધોરૂપે થાય છે. આ પ્રક્રિયા ચાલુ જ રહે છે.

ધર્માસ્તિકાય-અધર્મ-આકાશ એક દ્રવ્યો જ છે અને તેઓ અન્ય સાથે સંબંધમાં આવતા નથી. કાળાણુ પણ લોકાકાશના એક પ્રદેશમાં જ સ્થિત છે અને તેઓ અન્ય સાથે સંબંધમાં આવતા નથી. જીવમાં યોગનું કંપન થાય છે તેના કારણે નવા કર્મો આસ્રવે છે. વળી આ કંપનના કારણે જીવ મન-વચન અને કાયા સાથે જોડાય છે. તેથી જીવનો પુદ્ગલ સાથેનો આ પ્રકારનો સંબંધ એ પણ ક્રિયા ગણવામાં આવે છે.

આ પ્રમાણે જીવ અને પુદ્ગલમાં ભાવ અને ક્રિયા બન્ને છે. છ દ્રવ્યોમાં માત્ર ભાવ અર્થાત્ પરિણમન જ છે.

## ◆ ગાથા - ૧૩૦

**જે લિંગથી દ્રવ્યો મહીં 'જીવ' 'અજીવ' એમ જણાય છે,**
**તે જાણ મૂર્ત-અમૂર્ત ગુણ, અતત્પણાથી વિશિષ્ટ જે. ૧૩૦.**

***જે લિંગો વડે દ્રવ્યો જીવ અને અજીવ તરીકે જણાય છે, તે અતદ્ભાવ વિશિષ્ટ (દ્રવ્યથી અતદ્ભાવ વડે ભિન્ન એવા) મૂર્ત–અમૂર્ત ગુણો જાણવા.***

| | |
|---|---|
| દ્રવ્ય | ગુણ |
| ગુણી | ગુણ |
| લિંગી | લિંગ |
| લક્ષ્ય | લક્ષણ |

આ પ્રકારના શબ્દ પ્રયોગ દ્રવ્ય અને ગુણનું કથંચિત્ જુદાપણું દર્શાવવા માટે છે. ખરેખર દ્રવ્ય અને ગુણ વચ્ચે તાદાત્મ્યપણું અભેદપણું છે. આ રીતે દ્રવ્ય અને ગુણની અતદ્ભાવરૂપે ભેદની ભૂમિકા છે અને તાદાત્મ્યપણા વડે અખંડતા પણ છે.

દ્રવ્ય અને ગુણનો વિચાર કરીએ ત્યારે સામાન્ય રીતે દ્રવ્ય સીધું જણાતું નથી. તેથી તેને ગુણના ભેદ વડે જણાવવામાં આવે છે. તેથી દ્રવ્ય લક્ષ્ય છે અને ગુણ તેનું લક્ષણ છે એવા શબ્દ પ્રયોગથી આપણે પરિચિત છીએ અહીં લક્ષ્ય લક્ષણના સ્થાને લિંગી અને લિંગ એવો શબ્દ પ્રયોગ કર્યો છે.

છ દ્રવ્યોના ભેદો દર્શાવનારી આ બધી ગાથાઓ છે. તેમાં અહીં જીવ અને અજીવનો ભેદ દર્શાવે છે એ પ્રકારના શબ્દો ગાથામાં છે. ગા. ૧૨૭માં પણ જીવ અને અજીવનું જુદાપણું દર્શાવ્યું છે. ત્યાં જીવ એક ચેતન સ્વભાવી છે અને અન્ય પાંચ દ્રવ્યો અચેતન સ્વભાવી છે. એ પ્રકારે ભેદ સમજાવ્યો હતો અહીં ખરેખર જીવ અને અજીવ અર્થાત્ ચેતન-અચેતન એવો ભેદ નથી દર્શાવવો અહીં તો રૂપી અને અરૂપી એવો ભેદ લેવો છે. તેથી મૂર્ત અને અમૂર્ત ગુણો એ પ્રકારે ભેદ દર્શાવવા માગે છે. પુદ્ગલ દ્રવ્યરૂપી છે અને અન્ય પાંચ દ્રવ્યો અરૂપી છે. આ કથન આપણે સહજપણે સ્વીકારી લઈએ છીએ. પુદ્ગલરૂપી હોવાથી તેના બધા ગુણો રૂપી છે અને અન્ય પાંચ દ્રવ્યો અરૂપી હોવાથી તેના બધા ગુણો અરૂપી છે. એવી સાદી સમજણ આપણને બધાને છે. હવે વિશેષ સ્પષ્ટતા માટે આપણે વિચારીએ. બે કથનનો અભ્યાસ કરીએ.

***૧) પુદ્ગલ મૂર્ત દ્રવ્ય છે.***

***૨) મૂર્ત ગુણોને કારણે પુદ્ગલ મૂર્ત દ્રવ્ય છે.***

આ બે કથનમાં ક્યું કથન સાચુ છે તે વિચારો. કોઈ કથન ખોટુ છે કે બન્ને કથન સાચા છે ? આવી વિચારણા આપણે કરી નથી તેથી પ્રથમ તો મૂંઝવણ થાય પરંતુ આ જાણવું જરૂરી છે માટે વિચારવાનું શરૂ કરો. કોઈને આ કથન સરખા જ લાગે પરંતુ તેમ નથી. સાચો જવાબ એ છે કે નં. ૨નું કથન પરમ સત્ય છે. મૂર્ત ગુણોને કારણે પુદ્ગલ દ્રવ્ય મૂર્ત છે. છ પદાર્થોનું દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ અંતરંગ બંધારણ બધામાં સમાન છે. હવે બે પદાર્થને જુદા લક્ષમાં લેવા માટે બન્નેના અસાધારણ ગુણો અને વિશિષ્ટ ગુણોના ખ્યાલ જરૂરી છે. તેથી દરેક પદાર્થ તેના અસાધારણ ગુણોના કારણે એક બીજાથી જુદો પડે છે. આ રીતે પુદ્ગલ દ્રવ્ય પણ મૂર્ત એવા અસાધારણ ગુણોના કારણે અન્ય દ્રવ્યોથી જુદા પડે છે. અન્ય દ્રવ્યોમાં મૂર્ત ગુણો નથી. અમૂર્તપણું એ આ અપેક્ષાએ નાસ્તિરૂપ વિશેષ ગુણ કહી શકાય.

આ શાસ્ત્રની ગા. ૧૦૭ને યાદ કરીએ ત્યારે ખ્યાલ આવે છે કે પદાર્થના કોઈપણ એક ગુણને પ્રથમ દ્રવ્યમાં અભેદરૂપે લક્ષમાં લેવાથી તે પદાર્થ તે ગુણરૂપ લક્ષમાં આવશે. જેમ કે ચેતન ગુણનું જીવ

સાથે તાદાત્મ્યપણું લક્ષમાં લેવાથી જીવ ચેતયિતા છે એવો ખ્યાલ આવશે. એકવાર આ રીતે જીવને ચેતયિતા લક્ષમાં લેવાથી જીવના અન્ય ગુણો અને બધી પર્યાયો ચેતનમય છે એમ કહી શકાશે. પદાર્થનું અખંડપણું હોવાથી આ પ્રમાણે જોવા મળે છે. જીવને ચેતન ગુણના કારણે ચેતન સ્વભાવી ગણવામાં આવે છે તે પ્રમાણે મૂર્ત એવા અસાધારણ ગુણોના કારણે પુદ્‌ગલ પણ મૂર્ત છે. આ રીતે પુદ્‌ગલ દ્રવ્ય મૂર્ત છે. એ કથન સાચુ છે. પરંતુ ક્યારે ? પ્રથમ તમો પુદ્‌ગલમાં અસાધારણ ગુણો મૂર્ત છે એ સ્થાપિત કરો અને એ અસાધારણ ગુણોનું પુદ્‌ગલ દ્રવ્ય સાથે અભેદપણું લક્ષમાં લો ત્યારે જ પુદ્‌ગલ દ્રવ્યરૂપી કહી શકાય.

આ કથન જરા વિચિત્ર લાગે. આપણે દ્રવ્યને જ સત્તા આપતા આવ્યા છીએ. દ્રવ્યનો જ મહિમા કરતા આવ્યા છીએ. દ્રવ્ય સ્વભાવને જ સ્વભાવરૂપે સ્થાપતા આવ્યા છીએ. ગુણોને તો પદાર્થમાં ભેદરૂપે-અવાતંર સત્તારૂપે જ જોતા આવ્યા છીએ. આ બધું આપણા જ્ઞાનમાં ચોક્કસ સ્થાન લઈને બેઠું છે. વળી જીવના બધા ગુણો ચેતનમય છે. એ વાત પણ એટલી જ દૃઢ કરી છે અને કોઈ અપેક્ષાએ બધું સત્ય પણ છે. શબ્દ ચોરસ કસોટીને યાદ કરો. ઊભી લીટીમાં જે શબ્દ યોગ્ય લાગે તેનો આડી લીટીમાં મેળ ન ખાય તો શું કરવું ? મૂર્ત ગુણોના કારણે પુદ્‌ગલ દ્રવ્ય મૂર્ત છે એમ ન લેતા પુદ્‌ગલ મૂર્ત દ્રવ્ય છે અને તેના બધા ગુણો મૂર્ત છે. એવું સીધું સ્વીકારીએ તો શું દોષ આવે તે વિચારીએ. દરેક દ્રવ્યમાં સામાન્ય, વિશેષ અને અસાધારણ એમ ત્રણ પ્રકારના ગુણો છે તે બંધારણનો આપણે અભ્યાસ કરી ગયા છીએ. જો પુદ્‌ગલના બધા ગુણો ખરેખર મૂર્ત જ છે. એવું માનીએ તો મૂર્ત ગુણો અસાધારણ ગુણો ન રહ્યા. વળી સામાન્ય ગુણો સામાન્ય ન રહ્યા. પુદ્‌ગલનું અસ્તિત્વ રૂપી થયું અને જીવનો અસ્તિત્વ ગુણ ચેતનમય રહ્યો. તો અસ્તિત્વગુણ બે પ્રકારના થયા. જીવના અને પુદ્‌ગલના અસ્તિત્વ ગુણની જાત અલગ થઈ ગઈ તેથી તે પણ અસાધારણ ગુણ થઈ ગયા. જે શક્ય નથી. હોવાપણું જ અસ્તિત્વ ગુણનો સ્વભાવ છે. ચેતન ગુણને કારણે જીવને ચેતનમય બનાવી અને પછી બધા ગુણોમાં ચેતનનું રૂપ ખ્યાલમાં લેવાથી જીવનો અસ્તિત્વગુણ ચેતનમય છે એવું કહી શકાય છે. તે સમયે પણ અસ્તિત્વ ગુણ તો હયાતી માત્ર જ છે.

એ જ પ્રમાણે પુદ્‌ગલમાં મૂર્ત ગુણો તો ચાર જ છે. એજ અસાધારણ ગુણો છે. પુદ્‌ગલના અન્ય ગુણો મૂર્ત નથી તે અપેક્ષાએ તે બધા ગુણોને અમૂર્ત કહી શકાય. પરંતુ આપણે તેને બધાને પોતપોતાના સ્વભાવરૂપ કહીશું અને પદાર્થનું અખંડપણું લક્ષમાં રાખીને તેમને પણ રૂપી કહીશું. અર્થાત્ પુદ્‌ગલનો અસ્તિત્વ ગુણ અસ્તિત્વ માત્ર જ છે. આ વાતને જુદી રીતે વિચારીએ.

દ્રવ્યનું જુદાપણું લક્ષમાં લેવું તે એક વાત છે અને ગુણનું જુદાપણું લક્ષમાં લેવું તે અલગ વાત છે. દ્રવ્યનું તેના અસાધારણ ગુણ સાથે તાદાત્મ્યપણું, એકપણું લક્ષમાં લેવાથી બે પદાર્થોનું જુદાપણું ખ્યાલમાં આવે છે. તેના બદલે તે અસાધારણ ગુણને અન્યથી અતદ્‌ભાવ લક્ષમાં લેવાથી બે ગુણોનું જુદાપણું ખ્યાલમાં આવે છે. તેથી મૂર્ત ગુણોને પુદ્‌ગલ દ્રવ્ય સાથેનું તાદાત્મ્યપણું લક્ષમાં લેવાથી પુદ્‌ગલ દ્રવ્ય અન્ય દ્રવ્યોથી જુદું ખ્યાલમાં આવે છે.

હવે મૂર્ત ગુણોનું પુદ્‌ગલ દ્રવ્યથી અતદ્‌ભાવપણું લક્ષમાં લેવાથી એ દૃષ્ટિમાં પુદ્‌ગલ દ્રવ્ય મૂર્તરૂપે લક્ષમાં નહીં આવે. પુદ્‌ગલ દ્રવ્ય મૂર્તરૂપે લક્ષમાં નહીં આવતા પુદ્‌ગલના અન્ય ગુણો પણ મૂર્તરૂપે લક્ષમાં નહીં આવે. તેથી અસાધારણ ગુણનું દ્રવ્યથી અતત્‌પણું લક્ષમાં લેતા ગુણોમાં મૂર્ત અને અમૂર્ત એવા બે ભેદ પડી જાય છે. આ પ્રકારે વિચારતા જીવ ધર્મ-અધર્મ-આકાશ અને કાળ એ

પાંચ અરૂપી દ્રવ્યો હોવાથી તેના ગુણો અમૂર્ત છે. પુદ્ગલ દ્રવ્યમાં પણ ચાર ગુણો જ મૂર્ત છે. પુદ્ગલના અન્ય સમસ્ત ગુણો મૂર્ત નથી એ અપેક્ષાએ અમૂર્ત જ છે.

સારાંશ એ છે કે પુદ્ગલ દ્રવ્યમાં પદાર્થરૂપ સામાન્યપણું હોવાથી તે અન્ય પદાર્થો સાથે સમાનપણું ધારણ કરે છે. દરેક દ્રવ્ય પોતાના અસાધારણ ગુણ (તથા થોડા નાસ્તિરૂપ વિશેષ ગુણો) વડે અન્ય દ્રવ્યથી પોતાનું વિશિષ્ટપણું ભિન્નપણું ટકાવીને રહ્યા છે. તે અસાધારણ ગુણો એક જ દ્રવ્યમાં હોય છે, અન્યમાં નહીં. દ્રવ્યનું અસાધારણ ગુણો સાથે તાદાત્મ્ય છે અને કથંચિત્ અતદ્ભાવ પણ છે. દ્રવ્યનું તેના અસાધારણ ગુણો સાથેનું તાદાત્મ્યપણું લક્ષમાં લેવાથી એક પદાર્થ અન્ય પદાર્થથી ભિન્ન લક્ષમાં આવે છે પરંતુ જ્યારે અસાધારણ ધર્મોને તે દ્રવ્ય સાથે અને અન્ય ગુણોથી અતદ્ભાવ છે તેને મુખ્ય કરવામાં આવે છે. ત્યારે ગુણો વચ્ચે જુદાપણું ખ્યાલમાં આવે છે. અર્થાત્ અસાધારણ ગુણો વિશેષ ગુણો અને સામાન્ય ગુણો એવા ગુણોના તફાવત ખ્યાલમાં આવે છે. એક પદાર્થમાં અનંત ગુણો છે એટલું લક્ષમાં લેતા ત્યાં ગુણો વચ્ચેના ભેદ ખ્યાલમાં નથી આવતા. અસ્તિત્વ-પ્રમેયત્વ-અરસપણું-જ્ઞાન વગેરે બધા જીવના ગુણો છે તેથી ત્યાં ગુણત્વ સામાન્યરૂપે ખ્યાલમાં આવે છે. પરંતુ તેમની વચ્ચેનો અતદ્ભાવ લક્ષમાં લેવાથી સામાન્ય વિશેષ અને અસાધારણ એવા ભેદો ખ્યાલમાં આવે છે માટે અસાધારણ ગુણોને તે દ્રવ્ય સાથેનું તાદાત્મ્યપણું લક્ષગત કરતાં દ્રવ્યોના જુદાપણાનો ખ્યાલ આવે છે અને અસાધારણ ગુણોને અતદ્ભાવ રૂપે લક્ષમાં લેતાં ત્યાં ગુણો વચ્ચેનો તફાવત ખ્યાલમાં આવે છે. ગુણનો દ્રવ્ય સાથેનો તાદાત્મ્યભાવ લક્ષમાં લેતા ત્યાં લક્ષણ અને લક્ષ્ય અથવા લિંગ અને લિંગી એવો સંબંધ ખ્યાલમાં આવે છે.

આ ગાથાને આ રીતે બંધારણની મુખ્યતાથી સમજવા જતાં ઘણી સ્પષ્ટતા થાય છે. દરેક પદાર્થની વિશિષ્ટતા તેના અસાધારણ ગુણોના કારણે છે અર્થાત્ એની મુખ્યતા વિચારતા અસાધારણ ગુણ એ જ દ્રવ્યનો સ્વભાવ છે. આ રીતે દ્રવ્ય અને ગુણના સ્વભાવો ભેળસેળ થઈ ગયા લાગે છે. પરંતુ પદાર્થનું અખંડપણું લક્ષમાં લેતા તેવી દ્વિધાને કોઈ સ્થાન નથી. અસાધારણ ગુણોને કારણે જ પદાર્થના સ્વભાવ જુદા છે તેમ ન લેતા બધા પદાર્થોના સ્વભાવ પોતાથી જ અલગ છે એમ લેવામાં શું દોષ આવે છે તે વિચારીએ. જીવ ચેતન સ્વભાવી માનીને તેના બધા ગુણોને ચેતન સ્વભાવી એકાંતે માનવાથી પદાર્થના ગુણોના ત્રણ પ્રકાર પડી નહીં શકે, પદાર્થના ગુણોના ત્રણ ભેદો વાસ્તવિક છે તેથી તે પ્રકારનો એકાંત અભિપ્રાય યોગ્ય નથી.

### ◆ ગાથા - ૧૩૧

**ગુણ મૂર્ત ઈંદ્રિયગ્રાહ્ય તે પુદ્ગલમયી બહુવિધ છે;**
**દ્રવ્યો અમૂર્તિક જેહ તેના ગુણ અમૂર્તિક જાણજે. ૧૩૧.**

***ઈન્દ્રિય ગ્રાહ્ય એવા મૂર્ત ગુણો પુદ્ગલ દ્રવ્યાત્મક અનેકવિધ છે; અમૂર્ત દ્રવ્યોના ગુણો અમૂર્ત જાણવા.***

મૂર્ત ગુણોનું લક્ષણ ઈન્દ્રિય ગ્રાહ્યપણું છે એવું જે કથન ટીકામાં છે તે પ્રયોજનભૂત એક દેશ સમજવું. કારણકે તેમાં લક્ષણભાસ છે. પુદ્ગલ પરમાણું અને સૂક્ષ્મ સ્કંધોના રૂપી પરિણામો ઈન્દ્રિય જ્ઞાનમાં જણાતા નથી. તેથી ત્યાં અવ્યાપ્તિ દોષ આવે છે. બધા અજ્ઞાની જીવો અનાદિકાળથી શરીરમાં હુંપણું માનતા આવ્યા છે. દેહને પ્રાપ્ત જે ઈન્દ્રિયો છે તેને સાધન બનાવીને જાણવાનું કાર્ય કરતા આવ્યા છે. શરીરમાં વધુમાં વધુ પાંચ ઈન્દ્રિયો હોય છે. તે દરેક ઈન્દ્રિયને પોતાનો વિષય હોય છે. પાંચ ઈન્દ્રિયો વડે પાંચ રૂપી પર્યાયો જાણી શકાય એવું તેમાં નિમિત્તપણું છે. જીવ ઈન્દ્રિયોને સાધન

બનાવીને મૂર્ત પર્યાયોને જાણે છે અને તેની મારફત પુદ્‌ગલ દ્રવ્યને જ જાણે છે. ખ્યાલમાં રહે કે ઈન્દ્રિય જ્ઞાનમાં જે જણાય છે તે જાડા-મોટા સ્કંધો જ છે.

પુદ્‌ગલ સિવાયના અન્ય દ્રવ્યો અરૂપી છે તે ઈન્દ્રિય જ્ઞાનનો વિષય થતાં નથી તેથી ઈન્દ્રિય જ્ઞાન વડે જીવ જાણી શકાતો નથી. આ રીતે અજ્ઞાની જીવે અનાદિ કાળથી પોતાને જાણ્યો જ નથી. ઈન્દ્રિય જ્ઞાન વડે રૂપી પદાર્થો જાણી શકાય છે તે વાત સાચી હોવા છતાં તે ખરેખર તે પુદ્‌ગલના મૂર્ત ગુણોને જ જાણી શકે છે. પુદ્‌ગલના અન્યગુણો ઈન્દ્રિય દ્વારા જાણી શકાતા નથી. મનને પણ એક ઈન્દ્રિય ગણવામાં આવે છે. મન રૂપી-અરૂપી બન્નેને વિષય કરે છે પરંતુ અજ્ઞાની જીવ મનનો ઉપયોગ પોતાના અરૂપી આત્માને જાણવા માટે કરતો નથી. વિશેષ સ્પષ્ટતા માટે દૃષ્ટાંત લઈએ. કેરીના અસ્તિત્વ ગુણનો નિર્ણય કઈ રીતે થાય ? ઈન્દ્રિય જ્ઞાન વડે તેના સ્પર્શ-રસ-ગંધ અને રંગ એ ચાર મૂર્ત ગુણો જ ખ્યાલમાં આવે છે. એના અસ્તિત્વનો નિર્ણય માત્ર ઈન્દ્રિયો દ્વારા શક્ય નથી. જે મનવાળા પ્રાણીઓ છે તે જ કેરીના અસ્તિત્વનો નિર્ણય કરી શકે છે. સ્પર્શ-રસ વગેરે કેરીના અસ્તિત્વ વિના હોય નહીં એવું મનના સંગે નક્કી થાય છે. તેથી આપણે ઈન્દ્રિય પ્રત્યક્ષરૂપ મૂર્ત ગુણોની પર્યાય દ્વારા મનના સંગે અસ્તિત્વનો નિર્ણય કરીએ છીએ. ખ્યાલમાં રહે કે એકવાર ઈન્દ્રિય પ્રત્યક્ષ દ્વારા મનના સંગે આ પ્રકારનો નિર્ણય થતાં પછી મન દ્વારા અસ્તિત્વની હા આવી શકશે. અસ્તિત્વ પુદ્‌ગલ દ્રવ્યનો ગુણ હોવા છતાં તે ઈન્દ્રિય જ્ઞાનનો વિષય નથી તે અપેક્ષાએ તે ગુણને અમૂર્ત કહી શકાય. અસ્તિત્વ ઈન્દ્રિય ગ્રાહ્ય નથી તેથી મૂર્ત નથી. આ રીતે ટીકાનું પ્રથમ વાક્ય મૂર્ત ગુણોનું લક્ષણ ઈન્દ્રિય ગ્રાહ્યપણું લેવામાં આવ્યું છે. તેથી એ પણ નક્કી થાય છે તે ઈન્દ્રિય વડે અમૂર્ત ગુણો જણાતા નથી. મૂર્ત એવા અસાધારણ ગુણો વડે પદાર્થમાં પુદ્‌ગલ દ્રવ્યરૂપી છે અને અન્ય દ્રવ્યો અરૂપી છે.

## ◆ ગાથા - ૧૩૨

**છે વર્ણ તેમ જ ગંધ વળી રસ-સ્પર્શ પુદ્‌ગલદ્રવ્યને,**
**-અતિસુક્ષ્મથી પૃથ્વી સુધી; વળી શબ્દ પુદ્‌ગલ, વિવિધ જે. ૧૩૨.**

***વર્ણ, રસ, ગંધ અને સ્પર્શ (એ ગુણો) સૂક્ષ્મથી માંડીને પૃથ્વી પર્યંતના (સર્વ) પુદ્‌ગલને હોય છે, જે વિવિધ પ્રકારનો શબ્દ તે પુદ્‌ગલ અર્થાત્ પૌદગલિક પર્યાય છે.***

પુદ્‌ગલ દ્રવ્યમાં અસાધારણ ગુણરૂપે ચાર મૂર્ત ગુણો છે. તેમાં વર્ણ, રસ, ગંધ અને સ્પર્શ એ ચારનો સમાવેશ થાય છે. આપણે અભ્યાસમાં લીધું છે કે શરીરમાં પાંચ ઈન્દ્રિયો છે. તે દરેકને પોતાના વિષયો છે. ચક્ષુઈન્દ્રિય, સ્વાદેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિય, એવી ચાર ઈન્દ્રિયો દ્વારા અનુક્રમે વર્ણ, રસ, ગંધ અને સ્પર્શ એવી ચાર મૂર્ત ગુણોની પર્યાય જાણી શકાય છે. શ્રોતેન્દ્રિય એ પાંચની ઈન્દ્રિય છે અને તેના વડે શબ્દ જાણી શકાય છે. આ રીતે રૂપી પર્યાયો પાંચ છે પરંતુ જિનાગમમાં રૂપી ગુણો ચાર જ માન્ય કરવામાં આવ્યા છે. આ વિસંવાદ કઈ રીતે છે તે ગાથાની ટીકામાં વિસ્તારથી સમજાવવામાં આવ્યું છે. શબ્દ એ માત્ર પર્યાય જ છે ગુણ નથી. આ વાત સાંભળતા મનમાં અનેક પ્રશ્નો ઉત્પન્ન થાય એવું છે. ટીકામાં તેનું સમાધાન મળે ત્યાર પહેલા આપણે આપણી રીતે જ વિચારી લેવું યોગ્ય છે.

ક્ષણિક પર્યાયને નિત્ય સ્વભાવની ઓથ અવશ્ય હોવી જોઈએ. સત્ હંમેશા ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વરૂપ જ છે. ટકીને બદલવું એવું જ વસ્તુનું સ્વરૂપ છે. ''પરિણામ વિણ ન પદાર્થને ન પદાર્થ વિણ પરિણામ છે'' સોનુ ન હોય અને દાગીના તૈયાર થાય એ શક્ય જ નથી. શબ્દ એ પર્યાય છે એ વાત નિશ્ચિત હોય તો તે કોની પર્યાય છે તે નક્કી કરવું રહ્યું. તે ગુણની પર્યાય છે એવું આપણને લાગે છે. કારણકે સ્પર્શ વગેરે પુદ્‌ગલના મૂર્ત ગુણો છે. તે રીતે શબ્દરૂપનો મૂર્ત ગુણ હોવો જોઈએ પણ

એવો ગુણ નથી. જિનાગમ તેને ''અનેક દ્રવ્યાત્મક પુદ્ગલ પર્યાય'' કહે છે. તેનો અર્થ એ થયો કે એક પરમાણુની તે પર્યાય નથી. પરમાણુએ ખરેખર પુદ્ગલ દ્રવ્ય છે, અહીં અનેક દ્રવ્યાત્મક શબ્દ દ્વારા સ્કંધની પર્યાય છે એવું સમજાવવા માગે છે. આપણને ખ્યાલ છે કે જેમ ગુણને તેની પર્યાય છે તેમ દ્રવ્યને દ્રવ્યની પર્યાય છે. જાણવું એ જ્ઞાન ગુણની પર્યાય છે અને સંવર-નિર્જરા એ જીવની પર્યાય છે. પરંતુ અહીં તો અનેક દ્રવ્યાત્મકપણું સ્કંધની વાત છે સ્કંધને કોઈ ત્રિકાળ સત્તા નથી મળતી. તેથી ફરી એ પ્રશ્ન થાય કે શબ્દ કોની પર્યાય છે ? વળી ટેબલ-ખુરશી એ બધા સ્કંધના દૃષ્ટાંતો છે પરંતુ ટેબલ કે ખુરસીમાંથી સદાય અવાજ આવતો રહે એવું બનતું નથી. જીવની પર્યાયમાં તો આસ્રવ-બંધ-સંવર-નિર્જરા કે મોક્ષ કોઈને કોઈ પર્યાય અવશ્ય હોય છે. જ્યારે શબ્દ તો કયારેક સાંભળવા મળે છે. તેથી તેને એ રીતે અનેક દ્રવ્યાત્મક પુદ્ગલ પર્યાય કઈ રીતે માની શકાય ? હવે શબ્દની ઉત્પત્તિ ક્યારે થાય છે તેનો વિચાર કરીએ ત્યારે ખ્યાલ આવે છે કે આવા સ્કંધો એકબીજા સાથે અકડાય છે ત્યારે અવાજ ઉત્પન્ન થાય છે.

ટીકામાં સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ એ ચારને પુદ્ગલના ચાર મૂર્ત ગુણોરૂપે દર્શાવ્યા છે. ગા. ૧૩૧માં ઈન્દ્રિય ગ્રાહ્યપણાને મૂર્ત ગુણોના લક્ષણ તરીકે દર્શાવ્યું હતું તેની અહીં વિશેષ સ્પષ્ટતા કરવામાં આવી છે. આ ચાર ગુણો અને તેની પર્યાયો ઈન્દ્રિય વડે જણાય કે ન જણાય પરંતુ પરમાણુ અને પૃથ્વી સ્કંધો બધામાં આ ચાર ગુણો અને તેની પર્યાયો અવશ્ય હોય છે. આ રીતે સૂક્ષ્મ અને સ્થૂળ બધામાં આ ગુણો અવશ્ય હોય છે.

શબ્દ ઈન્દ્રિય ગ્રાહ્ય છે માટે મૂર્ત છે પરંતુ તે ગુણ નથી. શબ્દ વિવિધતા લઈને રહેલો છે. અર્થાત્ ભાષાત્મક, અભાષાત્મક, પ્રાયોગિક, વૈશ્રસિક વગેરે અનેક પ્રકારની શબ્દ પર્યાયો હોવા છતાં શબ્દ એવો કોઈ ગુણ નથી. શબ્દ એ ગુણ નથી એ દર્શાવવા માટેના આધારો આપે છે. તેમાં પ્રથમ ગુણ અને દ્રવ્યનું અભેદપણું દર્શાવીને કહે છે કે દ્રવ્ય-ગુણ અને પર્યાયની એક સત્તા છે માટે શબ્દની પર્યાય પુદ્ગલ દ્રવ્યમાં જ જોવા મળે છે. વળી શબ્દ એ શ્રોતેન્દ્રિય દ્વારા જાણી શકાય છે માટે તે રૂપી પર્યાય છે અને તે અપેક્ષાએ તે માત્ર પુદ્ગલ દ્રવ્યમાં જ જોવા મળે છે. અન્ય અરૂપી દ્રવ્યોમાં શબ્દરૂપની પર્યાય હોતી નથી.

આગળ સ્પષ્ટતા કરતા ટીકામાં લેવામાં આવ્યું છે કે શબ્દની પર્યાય અનિત્ય છે. ખરેખર તો એવું દર્શાવવા માગે છે કે શબ્દરૂપનું કાર્ય નિરંતર થતું નથી. અહીં પર્યાય ક્ષણિક છે અને ગુણ નિત્ય છે એ સિદ્ધાંત દર્શાવવો નથી. એક પરમાણુમાં તો શબ્દ નથી પરંતુ સ્કંધમાં પણ શબ્દ કાયમ નથી. અર્થાત્ સ્કંધમાં પણ શબ્દની ઉત્પત્તિ કયારેક જોવા મળે છે એવું કાદાચિત્કપણું દર્શાવવું છે.

***ક્ષણિક એવી શબ્દની પર્યાય પાછળ નિત્ય કોણ ?***

પરમાણુમાં શબ્દની ઉત્પત્તિ નથી તેથી નિત્યમાં પરમાણુ આવે નહીં. સ્કંધમાં શબ્દની ઉત્પત્તિ થાય છે પરંતુ તે નિરંતર નથી તેથી સ્કંધને પણ નિત્યમાં લઈ શકાય નહીં.

સ્કંધમાં પરમાણુઓ તેના સ્પર્શગુણની પર્યાયમાં ચીકાશ અને લુખાશને કારણે ભેગા થાય છે અને છૂટા પડે છે. આ રીતે સ્કંધો અથડાવાથી શબ્દની રચના થાય છે. અહીં પંચાસ્તિકાય શાસ્ત્રની ગા. ૭૯ની ટીકા આ સમજવા માટે વિશેષ ઉપયોગી થશે.

આ લોકમાં બાહ્ય શ્રવણેન્દ્રિય વડે અવલંબિત, ભાવેન્દ્રિય વડે જણાવા યોગ્ય એવો જે ધ્વનિ તે શબ્દ છે. તે (શબ્દ) ખરેખર સ્વરૂપે અનંત પરમાણુઓના એક સ્કંધરૂપ પર્યાય છે. બહિરંગ સાધનભૂત (બાહ્ય

કારણભૂત) મહાસ્કંધો દ્વારા તથાવિધ પરિણામે (શબ્દ પરિણમે) ઉપજતો હોવાથી તે સ્કંધ જન્મે છે, કારણકે મહાસ્કંધો પરસ્પર અથડાતાં શબ્દ ઉત્પન્ન થાય છે. વળી આ વાત વિશેષ સમજાવવામાં આવે છેઃ- એકબીજામાં પ્રવેશીને સર્વત્ર વ્યાપીને રહેલી એવી જે સ્વભાવ નિષ્પન્ન જ (પોતાના સ્વભાવથી જ બનેલી) અનંત પરમાણુમયી શબ્દ યોગ્ય-વર્ગણાઓ તેમનાથી આખો લોક ભરેલો હોવા છતાં જ્યાં જ્યાં બહિરંગ સામગ્રી ઉદિત થાય છે ત્યાં ત્યાં તે વર્ગણાઓ શબ્દપણે સ્વયં પરિણમે છે. એ રીતે શબ્દ નિયતપણે (અવશ્ય) ઉત્પાદ્ય છે; તેથી તે સ્કંધજન્ય છે. ફૂટનોટમાં લખ્યું છે કે ભાષાવર્ગણા સ્વયમેવ શબ્દરૂપે પરિણમે છે તેમાં પવન-ગળું-તાળવું-જીવ-હોઠ, ઘંટ-મોગરી વગેરે મહાસ્કંધોનું અથડાવું તે બહિરંગ કારણ સામગ્રી છે. અર્થાત્ નિમિત્ત છે. માટે શબ્દને વ્યવહારથી સ્કંધજન્ય કહેવામાં આવે છે.

આથી આ ૧૩૨ ગાથાની ટીકામાં નિત્યપણું દર્શાવતા નીચે પ્રમાણે લખાણ છે. ''જે ત્યાં નિત્યપણું છે તે તેને (શબ્દને) ઉત્પન્ન કરનારા પુદ્‌ગલોનું અને તેમના સ્પર્શાદિક ગુણોનું જ છે, શબ્દ પર્યાયનું નહીં. એમ અતિ દૃઢપણે ગ્રહણ કરવું''

ટીકાના ત્યાર પછીના લખાણમાં એવું લખાણ લીધું છે કે સ્કંધના કેટલાક દૃષ્ટાંતો એવા છે જેમાં ગંધ, રસ અને વર્ણ જણાતા નથી. આ લખાણ વાંચતા પ્રથમ તો દ્વિધા ઉત્પન્ન થાય છે કે ગુણની તો પર્યાય હોય તે કેમ જણાય નહીં ? તેની સ્પષ્ટતા પ્રથમ આપણે કરી લેવી જરૂરી છે. અહીં ઈન્દ્રિય જ્ઞાનમાં જણાતું નથી એ વાત ખ્યાલમાં રાખવી જરૂરી છે. પરમાણુમાં સ્પર્શાદિ ચાર મૂર્ત ગુણો છે અને તેની પર્યાયો પણ છે. આ ઈન્દ્રિય જ્ઞાનનો વિષય થતા નથી તેથી તે જણાતું નથી સ્કંધો પરમાણુઓના બનેલા છે. તે સ્કંધને એક અલગ પદાર્થરૂપે લક્ષમાં લઈ અને તેનો સ્વભાવ શું છે તે રીતે તેને ઓળખીએ છીએ. દૃષ્ટાંતરૂપે પાણીનો સ્વભાવ શીતલ છે જ્યારે અગ્નિ સ્વભાવે ઉષ્ણ છે. આ રીતે દરેક સ્કંધની કોઈને કોઈ વિશિષ્ટતા જોવા મળે છે. જેમ કે લીંબુ ખાટું છે અને સાકર ગળી છે. અહીં લીંબુમાં બધા ગુણોની પર્યાયો વિદ્યમાન હોવા છતાં આપણે તેની ખટાશને જ મુખ્ય કરીને લક્ષમાં લઈએ છીએ.

હવે બીજી વાત જે ખરેખર મુખ્ય છે તે એ પ્રમાણે છે તે બધા સ્કંધો પુદ્‌ગલ પરમાણુઓના બનેલા છે. સ્કંધના પ્રકાર ગમે તેટલા અલગ હોય તોપણ પરમાણું બધાની જાત એક જ છે. આ સમજવા જેવું છે. આપણી સામાન્ય માન્યતા એવી છે કે છરી લોહીરૂપે પરિણમે. છરીમાં લોહ છે અને તે લોહ કયારેક રક્તકણમાં રહેલા હેમોગ્લોબીનરૂપે થાય પરંતુ લોહતત્ત્વતો એનું એ રહે છે. સોનાના બધા કણ સદાય સોનારૂપ જ રહે છે. આપણી આવી માન્યતા હોવા છતાં હકીકત એ છે કે સોનુ પણ પરમાણુની રચના છે અને લોઢુ પણ પરમાણુથી જ બનેલું છે. જે પરમાણુઓ સોનારૂપે જોવા મળે છે તે પરમાણુઓ છૂટા પડી જાય અને લોઢારૂપે પણ થાય ખરા આ વાત આપણને નવી લાગે પરંતુ વાસ્તવિક છે. ટીકાકાર આચાર્યદેવ આ ગાથામાં ત્રણ દૃષ્ટાંત આપ્યા છે.

| | |
|---|---|
| પાણી | ચંદ્રકાંત મણિ |
| અગ્નિ | અરણિ |
| પવન | જવ |

પાણીને ગંધ નથી. અગ્નિમાં ગંધ અને રસ નથી અને પવનમાં ગંધ-રસ અને વર્ણ જણાતા નથી. આ રીતે આ ત્રણ દૃષ્ટાંતોમાં ગંધ-રસ અને વર્ણની પર્યાયો દૃશ્યમાન નથી પરંતુ તે ત્રણ જેનાથી ઉત્પન્ન થાય છે. તેમાં બધું જોવા મળે છે. બધામાં ચાર મૂર્ત ગુણો અવશ્ય છે. ચંદ્રકાંત મણિમાં ચારેય મૂર્ત પર્યાયો જોવા મળે છે પરંતુ તેનું જ્યારે પાણીમાં રૂપાંતર થાય છે ત્યારે ત્યાં ગંધ જણાતી નથી. એ પ્રમાણે

બધાનું સમજી લેવું. બીજો સુગમ દૃષ્ટાંત લઈએ. મીઠું સફેદ દેખાય છે. તે પાણીમાં ઓગળે છે ત્યારે તેનો રંગ દેખાતો નથી. પાણીનું બાષ્પિભવન થતાં ફરી મીઠું જોવા મળે છે ત્યારે તેની સફેદી ખ્યાલમાં આવે છે. આ રીતે ઈન્દ્રિય જ્ઞાનમાં શું જણાય છે અને શું નથી જણાતું તેની મુખ્યતા ન કરતાં ચાર ગુણો ત્યાં અવશ્ય હોય જ એ રીતે આપણા જ્ઞાનને વ્યવસ્થિત કરવું યોગ્ય છે. આપણને ખ્યાલમાં છે કે પૃથ્વીકાય જીવમાં જીવ છે કે નહીં તે પણ સમજવું મુશ્કેલ છે. કદાચ પૃથ્વીકાયના જીવોની હા પાડીએ તોપણ ત્યાં જ્ઞપ્તિ ક્રિયા થાય છે એવા કાંઈ પુરાવા આપણને મળતા નથી છતાં તે જીવ છે માટે જાણવાનું કાર્ય અવશ્ય હોય તે વાત સ્વીકારવી રહી.

આથી એમ સિદ્ધ થયું કે પુદ્ગલમાં ચાર મૂર્ત ગુણો છે તેની મૂર્ત પર્યાયો છે. શબ્દ પણ એક અનેક દ્રવ્યાત્મક મૂર્ત પુદ્ગલ પર્યાય છે. શબ્દરૂપની પર્યાય કયારેક થાય અને ન પણ થાય. મૂર્ત પર્યાયનું લક્ષણ ઈન્દ્રિયગ્રાહ્યપણું દર્શાવવામાં આવ્યું છે પરંતુ તે હંમેશા ઈન્દ્રિયગ્રાહ્ય હોય એવો નિયમ નથી. ઈન્દ્રિયગ્રાહ્ય સ્કંધોમાં જ તે જણાય છે. પરંતુ ત્યાં પણ ઈન્દ્રિય દ્વારા જણાય જ એવો નિયમ નથી.

### ◆ ગાથા - ૧૩૩-૧૩૪

**અવગાહ ગુણ આકાશનો, ગતિહેતુતા છે ધર્મનો,**
**વળી સ્થાનકારણતારૂપી ગુણ જાણ દ્રવ્ય અધર્મનો. ૧૩૩.**

**છે કાળનો ગુણ વર્તના, ઉપયોગ ભાખ્યો જીવમાં,**
**એ રીત મૂર્તિવિહીનના ગુણ જાણવા સંક્ષેપમાં. ૧૩૪.**

***આકાશનો અવગાહ, ધર્મ દ્રવ્યનો, ગમન હેતુત્વ અને વળી અધર્મ દ્રવ્યનો ગુણ સ્થાન કારણતા છે. કાળનો ગુણ વર્તના છે. આત્માનો ગુણ ઉપયોગ કહ્યો છે. આ રીતે અમૂર્ત દ્રવ્યોના ગુણો સંક્ષેપથી જાણવા.***

અરૂપી દ્રવ્યોના અસાધારણ ગુણો ક્યા છે તે તો સૌને વિદિત છે. અહીં તેનું થોડું પ્રયોજનભૂત વર્ણન વિચારીએ.

આકાશનો અસાધારણ ગુણ અવગહન હેતુત્વ છે. અમર્યાદ ક્ષેત્રને લઈને રહેલું આકાશ. વિશ્વમાં ક્યાંય ખાલી જગ્યા રહેવા દેતું નથી તેથી અન્ય દ્રવ્યોને વિશ્વમાં ક્યાં સ્થાન મળે ? આકાશ અન્ય સમસ્ત દ્રવ્યોને અવગાહન આપે છે. આકાશ પોતાનું મૂળ સ્થાન ટકાવીને તે સ્થાનમાં જ અન્ય દ્રવ્યોને રહેવાની સુવિધા આપે છે તેને અવગાહન કહે છે. આકાશ બધાને એકી સાથે અવગાહન આપે છે.

આકાશના એક પ્રદેશમાં પણ બધાને સમાવવાની ક્ષમતા રહેલી છે પરંતુ વિશ્વના સમસ્ત પદાર્થો એક પ્રદેશમાં આવી શકતા નથી, સમાઈ શકતા નથી. જીવ અસંખ્ય પ્રદેશથી ઓછા ક્ષેત્રમાં રહી શકે એવો સંકોચ ત્યાં થતો નથી. સ્થૂળ સ્કંધોમાં અન્ય સ્થૂળ સ્કંધો આવી શકે નહીં. વળી બધા અન્ય પદાર્થો લોકના દ્રવ્યો હોવાથી લોકાકાશમાં જ અવગાહન પામે છે. અલોકાકાશની પણ અવગાહન શક્તિ એટલી જ છે પરંતુ ત્યાં અન્ય દ્રવ્યો છે જ નહીં તેથી અવગાહનનો પ્રશ્ન રહેતો નથી.

આકાશ બધાને સાધારણ અવગાહન આપે છે એવું દર્શાવ્યું છે. તેનો અર્થ એ છે કે અવગાહન બધાને સમાનપણે મળે છે. જેમ સૂર્યનો પ્રકાશ મહેલ અને ઝૂંપડી બધાને સમાનપણે પ્રકાશે છે તેમ આકાશ પણ અવગાહન આપવામાં કોઈ ભેદભાવ રાખતું નથી. જિનાગમમાં વિશિષ્ટ અવગાહનની વાત આવે છે પરંતુ તેનો આકાશ સાથે મુખ્યપણે સંબંધ નથી. લોકનું ક્ષેત્ર અસંખ્ય પ્રદેશી છે. પુદ્ગલ પરમાણુઓ અનંતા અનંત છે તેથી તેઓ સૂક્ષ્મપણે આકાશના એક જ પ્રદેશે વિશિષ્ટપણે રહે, સ્કંધરૂપે રહે વગેરેને વિશિષ્ટ અવગાહન ગણવામાં આવે. જીવના વિભાવને કારણે દ્રવ્યકર્મ સાથેનો ઉભયબંધ

અને શરીર સાથેનો વિશિષ્ટ સંબંધ બંધ પણ આ જ પ્રકારે છે. સ્કંધ અને જીવ-પુદ્‌ગલની વિશિષ્ટતાને આકાશમાં અવગાહન સાથે સંબંધ ન હોવા છતાં જીવ પુદ્‌ગલ એક ક્ષેત્રાવગાહે રહે છે એવું કથન આવે છે. ''દૂધમાં સાકર'' એ અવગાહન સમજાવવાનો પ્રકાર છે તેથી આકાશ ઉપરાંત અન્ય દ્રવ્યો પણ એકબીજાને અવગાહન આપે છે એવું માનવાનું મન થાય પરંતુ એમ માનવાથી અવગાહન એ અસાધારણ ગુણ નામ ન પામે માટે બધા દ્રવ્યોને આકાશ જ અવગાહન આપે છે તે સિદ્ધાંત માન્ય રાખવો.

વિશ્વના છ દ્રવ્યોમાં ચાર દ્રવ્યો તો સ્થિર છે. જીવ અને પુદ્‌ગલ બે દ્રવ્યો જ એક ક્ષેત્રથી ક્ષેત્રાંતર કરીને લોકના અન્ય ભાગમાં જઈ શકે છે. તે બન્નેમાં એક ક્રિયાવતી શક્તિ છે. તેથી તેમાં ગતિ તથા ગતિપૂર્વક સ્થિતિ શક્ય છે. આ બન્ને જરૂરી છે. કારણકે દૃષ્ટાંતરૂપે મોટર ચાલુ થયા પછી અટકે નહીં તો શું થાય ? મોટરમાં બ્રેક પણ હોવી જોઈએ. એ રીતે જીવ અને પુદ્‌ગલ બન્નેમાં ગતિ અને ગતિપૂર્વક સ્થિતિ પોતાના ઉપાદાન અનુસાર ક્રિયાવતી શક્તિ વડે થયા કરે છે. આ તેમનું સ્વતંત્ર પરિણમન છે માટે તે અન્ય સહાયની અપેક્ષા રાખતું નથી. ખ્યાલમાં રહે કે ક્રિયાવતી શક્તિ એ કોઈ ગુણ નથી કે જેથી તેની પર્યાય થયા કરે. વાર્તામાં આવે કે કોઈએ ભૂતને સાધ્યું ત્યારે ભૂતે કહ્યું કે તારે મને કામ સોપ્યાં કરવું પડશે. મારે જ્યારે કામ નહીં હોય ત્યારે તને મારી નાખીશ. હવે તે ઝડપથી બધા કામ કરી નાખે તેથી મરણથી બચવા માટે તેને એક મોટી સીડી બનાવી તેના ઉપર ચડવું અને ઉતરવું એવું કર્યા કરવાનો હુકમ કર્યો. તેમ અહીં જીવ પુદ્‌ગલ શાંત બેસી જ ન શકે એવો કોઈ ક્રિયાવતી શક્તિનો અર્થ થતો નથી. આ શક્તિ તો એક યોગ્યતા છે જેના કારણે જીવ-પુદ્‌ગલો ક્ષેત્રાંતર કરી શકે છે. ક્રિયાવતી શક્તિ અનુસાર થતા ગતિ અને ગતિપૂર્વક સ્થિતિ એ સહજ પરિણમન છે. સ્વતંત્ર ક્રિયા છે તેમ હોવા છતાં તે ક્રિયા સમયે નિમિત્ત પણ છે. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એવા બે લોકવ્યાપી દ્રવ્યોની વાત જિનાગમ કરે છે. ધર્માસ્તિકાયમાં ગતિહેતુત્વ એવો અસાધારણ ગુણ છે જેથી તે જીવ-પુદ્‌ગલને ગતિમાં નિમિત્ત થાય છે. જીવ પુદ્‌ગલો જ્યારે ગતિપૂર્વક સ્થિતિ કરે તે સમયે અધર્માસ્તિકાય દ્રવ્યનું નિમિત્તપણું છે કારણકે સ્થિતિ હેતુત્વ એવો એક અસાધારણ ગુણ તે દ્રવ્યમાં રહેલો છે. આકાશ જેમ યુગપદ્ સમસ્ત દ્રવ્યોને અવગાહન આપે છે તેમ આ બે દ્રવ્યો પણ યુગપદ્ બધા જીવ પુદ્‌ગલોને નિમિત્ત થાય છે. જીવ-પુદ્‌ગલો લોકના બધા ભાગમાં છે તેથી આ બે દ્રવ્યો પણ લોકવ્યાપી અવશ્ય હોવો જોઈએ તો જ તેઓ બધાને એકી સાથે નિમિત્ત થઈ શકે.

ધર્મ-અધર્મ બન્નેનું નિમિત્તપણું સમજાવવા માટે માછલીને પાણી નિમિત્ત છે અને તડકામાં મુસાફરી કરનારને છાંયડો નિમિત્ત છે એવા દૃષ્ટાંતો આવે છે. આપણી ચોખવટ માટે એક પ્રશ્ન વિચારીએ. ઓરડાના ખૂણામાં એક ટેબલ પડયું છે તેને બેમાંથી ક્યું દ્રવ્ય નિમિત્ત છે ? ત્યારે કોઈ સ્હેજે જવાબ આપશે કે અધર્માસ્તિકાય નિમિત્ત છે પરંતુ શાંતિથી વિચારશે તો તેને ખ્યાલ આવશે કે ત્યાં ગતિપૂર્વક સ્થિતિની વાત ક્યાં છે કે અધર્માસ્તિકાય નિમિત્ત થાય ?

(કાળ સિવાય) બાકીના અશેષ દ્રવ્યોને દરેક પર્યાયે સમયવૃત્તિનું હેતુપણું કાળનો વિશેષ ગુણ છે. દરેક પદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રુવ એવું સત્ લઈને રહેલો છે. તેથી દરેકમાં ટકીને બદલવાપણું સહજપણે જોવા મળે છે. આ પરિણમનમાં કાળ દ્રવ્યનું નિમિત્તપણું રહેલું છે. કાળ દ્રવ્યમાં વર્તનાહેતુત્વ નામનો અસાધારણ ગુણ રહેલો છે.

તે ગુણને કારણે કાળ દ્રવ્ય અન્ય પાંચ દ્રવ્યોને નિમિત્ત થાય છે. અહીં વિચાર કરનારાઓને સહજપણે પ્રશ્ન થાય કે કાળ દ્રવ્યના પરિણમનમાં નિમિત્ત કોણ ? જો તેને નિમિત્તની જરૂર નથી તો અન્ય દ્રવ્યોને નિમિત્તની શી જરૂર છે ? આવા પ્રશ્નો ઉદ્‌ભવવા જોઈએ. તો જ યુક્તિપૂર્વક વસ્તુ વ્યવસ્થા સમજી શકાય. સિદ્ધાંત એ છે કે વિશ્વના બધા પદાર્થો સ્વતંત્ર રહીને પોતાના ઉપાદાન અનુસાર પરિણમે છે. વિશ્વમાં છ પ્રકારના દ્રવ્યો છે. બધાને તેના અસાધારણ ધર્મો છે. જ્યારે એક પદાર્થને લક્ષમાં લીધા બાદ તેને અન્ય દ્રવ્યો સાથેના સંબંધનો વિચાર કરીએ ત્યારે દરેક દ્રવ્યને વિશ્વવ્યાપી સંબંધો હોય છે. સામાન્ય રીતે દરેક પદાર્થ પોતાના અસાધારણ ગુણ મારફત અન્ય દ્રવ્યો સાથે સંબંધમાં આવે છે. દૃષ્ટાંતરૂપે ઉજાણીને લઈ શકાય. બધા ઘરેથી એક ચીજ બનાવીને જાય અને ઘણી ચીજો ખાયને પાછા આવે. તેમ અહીં વિશ્વના નાટકમાં દરેક દ્રવ્યો પોતાના અસાધારણ ધર્મો વડે જ અન્ય સાથે સંબંધમાં આવે છે. હવે અહીં આપણે કાળ દ્રવ્યનો વિચાર કરીએ છીએ. આપણને સેકન્ડ, મીનીટ, કલાક, દિવસ, વર્ષ વગેરે વ્યવહાર કાળનો સ્વીકાર છે. તેનો સ્વીકાર થાય તો ત્યાં નિશ્ચયકાળ અવશ્ય હોવો જોઈએ. તેથી તેની હા આવે. કાળનું નાનામાં નાનું માપ, એકમ, એક સમય છે. એક પુદ્‌ગલ પરમાણુ આકાશના એક પ્રદેશ જેટલી જગ્યા મંદ ગતિએ ખસે તેમાં જેટલો વખત જાય તેને એક સમય કહેવામાં આવે છે. આ રીતે સમય એ કાળ દ્રવ્યની પર્યાય છે. આ બધું કાર્ય આકાશના એક પ્રદેશમાં થાય છે માટે તે સમય નામની કાળ દ્રવ્યની પર્યાયનું ક્ષેત્ર એક પ્રદેશ છે. દ્રવ્ય અને પર્યાયનું ક્ષેત્ર એક જ હોય તેથી કાળ દ્રવ્ય પણ એક પ્રદેશી છે. જેમ પુદ્‌ગલ દ્રવ્યને પરમાણુ કહેવામાં આવે છે તેમ કાળ દ્રવ્યને પણ કાળાણુ કહેવામાં આવે છે. લોકના પ્રદેશોની સંખ્યા અસંખ્ય છે. લોકના દરેક પ્રદેશે એક કાળ દ્રવ્ય છે માટે કાળાણુની સંખ્યા પણ લોક પ્રમાણ અસંખ્ય છે. તે કાળ દ્રવ્ય તે ક્ષેત્રે જે અન્ય દ્રવ્યો રહેલા છે. તેના પરિણમનમાં નિમિત્ત થાય છે.

એક પ્રશ્ન વિચારીએ અલોકાકાશના પરિણમનમાં નિમિત્ત કોણ ? જવાબ એ છે કે આકાશ એક અખંડ દ્રવ્ય છે. અલોકાકાશ કોઈ ભિન્ન સત્તા નથી. તેથી લોકાકાશમાં રહેલ કાળ દ્રવ્ય તેના પરિણમનમાં નિમિત્ત છે.

## ◆ ગાથા - ૧૩૫

**જીવદ્રવ્ય, પુદ્‌ગલકાય, ધર્મ, અધર્મ વળી આકાશને**
**છે સ્વપ્રદેશ અનેક, નહિ વર્તે પ્રદેશો કાળને. ૧૩૫.**

***જીવો, પુદ્‌ગલકાયો, ધર્મ, અધર્મ અને વળી આકાશ સ્વ પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યાત અર્થાત્ અનેક છે; કાળને પ્રદેશો નથી.***

ગા. ૧૩૫ થી ૧૩૭ માં પદાર્થના ક્ષેત્ર અપેક્ષાએ ભેદ દર્શાવ્યા છે. દરેક પદાર્થ સત્‌મય છે. જેને સત્ મળે તેને રહેવા માટેનું સ્થાન ક્ષેત્ર પણ અવશ્ય હોય છે. સત્ અને ક્ષેત્ર બન્ને અવિનાભાવી છે. જે પદાર્થોને ઘણા પ્રદેશો હોય છે તેને અસ્તિકાય કહેવામાં આવે છે. કાય = પ્રદેશોને સમૂહ. જે પદાર્થો અસ્તિરૂપ હોવા ઉપરાંત પોતાનું ક્ષેત્ર મોટું લઈને રહેલા છે તે અસ્તિકાય છે.

છ દ્રવ્યોમાં આકાશ વિશ્વવ્યાપી હોવાથી તેને અનંત પ્રદેશો છે. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય લોકવ્યાપી દ્રવ્યો અસંખ્ય પ્રદેશ સ્વરૂપ પોતાનું અખંડ ક્ષેત્ર લઈને રહેલા છે. જીવના પ્રદેશોની સંખ્યા પણ લોક પ્રમાણ અસંખ્ય છે. આ રીતે આ ચાર દ્રવ્યો સાચા અર્થમાં અસ્તિકાયો છે. કાળાણુ અને પુદ્‌ગલ પરમાણુ એક પ્રદેશી છે. પરમાણુ એક પ્રદેશી હોવા છતાં તેના સ્પર્શ ગુણની ચીકાશ અને લુખાશના કારણે તે એકબીજા સાથે જોડાય તે સ્કંધની રચના કરે છે. સંખ્યાત, અસંખ્યાત કે અનંત પરમાણુઓ

આ પ્રકારે મળીને સ્કંધરૂપે થાય છે. સ્કંધના છ પ્રકારે છે. તેમાં સ્થૂળ એવા ચાર સ્કંધો ઈન્દ્રિય જ્ઞાનનો વિષય થાય છે. બે સૂક્ષ્મ સ્કંધો અને પરમાણુઓ ઈન્દ્રિય જ્ઞાનનો વિષય થતાં નથી. સ્કંધની રચના થાય છે ત્યારે સ્કંધ નાના મોટા હોવાને લીધે, એકથી અધિક પ્રદેશવાન હોવાને લીધે પુદ્‌ગલને પણ અસ્તિકાય ગણવામાં આવે છે. આ પ્રકારે જિનાગમ છ દ્રવ્યોમાં પાંચને અસ્તિકાયરૂપ માને છે.

અસ્તિકાયપણાને કારણે દ્રવ્યોમાં નાના મોટાનો ભેદ પડે છે. ક્ષેત્રના એકમરૂપે એક પ્રદેશ ગણવામાં આવ્યો છે. છ દ્રવ્યોમાં પરમાણુ અને કાળાણુઓ નાનામાં નાના દ્રવ્યો છે. તેથી આકાશમાં જેટલી જગ્યા એક પરમાણુ રોકે છે તેને એક પ્રદેશ ગણવામાં આવે છે. તેનાથી ઓછુ ક્ષેત્ર માપી શકાતું નથી કારણકે તેને માપવા માટે કોઈ દ્રવ્ય નથી. આ પ્રમાણે હોવાથી એક પ્રદેશને અવિભાગી પણ ગણવામાં આવે છે. ક્ષેત્રના એકમ એવા પ્રદેશથી માપવામાં આવતા આકાશ અનંત પ્રદેશી તથા ધર્મ, અધર્મ અને જીવ લોક પ્રમાણ અસંખ્ય પ્રદેશી છે. આ ચાર દ્રવ્યોનું ક્ષેત્ર અખંડ છે. કારણકે તેમની એક સત્તા છે. તે અખંડ ક્ષેત્રમાં અંશ કલ્પના પણ અવશ્ય થઈ શકે છે. પરંતુ આવા ભેદ વસ્તુને ખંડિત કરતા નથી. આકાશના લોકાકાશ અને અલોકાકાશ એવા બે ભેદ અવશ્ય લક્ષમાં આવી શકે છે પરંતુ તેથી આકાશનું ક્ષેત્ર ખંડિત થતું નથી. એ જ પ્રમાણે સર્વનું સમજવું.

લોકવ્યાપી ધર્મ દ્રવ્ય સંખ્યાએ એક છે. તે પ્રમાણે અધર્મ પણ એક દ્રવ્ય છે. જ્યારે લોકમાં કાળાણુ અસંખ્ય છે અને એક પ્રદેશી છે. અહીં એક પ્રશ્ન ચોખવટ માટે જરૂરી છે. ગુણો દ્રવ્યના પૂરા ભાગમાં રહે છે તેથી ધર્માસ્તિકાયના એક એક પ્રદેશમાં સમસ્ત ગુણો રહેલા છે. તેથી એવો પ્રશ્ન-તર્ક કરી શકાય કે કાળાણુની જેમ ધર્માસ્તિકાયની સંખ્યા પણ અસંખ્ય માનવામાં શું દોષ આવે ? જવાબ એ છે તે વસ્તુની વ્યવસ્થાને આપણે યુક્તિથી કરવાની નથી પરંતુ જેમ છે તેમ સમજવાની છે. ધર્મ દ્રવ્યના પ્રત્યેક પ્રદેશે અનંત ગુણો રહેલા છે તે વાત સાચી પરંતુ ધર્મ દ્રવ્ય એ રીતે ખંડ ખંડ એક દ્રવ્ય નથી. આ વિષય પંચાધ્યાયી શાસ્ત્રમાં લેવામાં આવ્યો છે.

અખંડ એક પ્રદેશી વસ્તુ હોય છે તે પ્રમાણે અનેક દેશ અખંડ વસ્તુ પણ હોય છે. પરંતુ ખંડ ખંડ અનેક દેશ વસ્તુ કયારેય સંભવી શકતી નથી. છ દ્રવ્યોમાં પરમાણુ અને કાળાણુ એક પ્રદેશી છે અને શાશ્વત છે. પ્રાણી જગતમાં અમીબા અને હાઈડ્રા એવા દૃષ્ટાંતો મળી રહે છે. ત્યાં તે એક જ કોષ શ્વાસોચ્છવાસ, આહારગ્રહણ, તથા મળત્યાગ બધું કાર્ય કરે છે. આ રીતે તે એકકોષી પ્રાણી પોતાનું જીવન જીવે છે. તેની સામે આપણું મનુષ્ય શરીર અનેક કોષોનું બેનલું છે. મનુષ્ય શરીર અખંડ છે. તેના કોઈપણ કોષ અમીબાની જેમ પોતાનું સ્વતંત્ર જીવન જીવી શકતા નથી. સારાંશ એ છે કે અનેક દેશ અખંડ પદાર્થ હોય શકે છે પરંતુ ખંડ ખંડ અનેક દેશ વસ્તુ સંભવતી નથી. વળી બીજી યુક્તિ એ છે કે જો આપણે અસ્તિકાયરૂપ એક પદાર્થનું અખંડપણું ન માનીએ અને દરેક પ્રદેશ દીઠ અલગ દ્રવ્યો માન્ય કરવાનો પ્રસંગ આવે અર્થાત્ વિશ્વના બધા પદાર્થો એક પ્રદેશી જ સાબિત થાય એટલે કે પદાર્થોમાં નામા મોટા એવા ભેદો જ ન રહે. અવગાહનનો પ્રશ્ન ન રહે તેથી આકાશ દ્રવ્યની સિદ્ધિ જ ન થાય. તેથી અસ્તિકાયરૂપ પદાર્થો પણ છે અને પદાર્થોમાં ક્ષેત્ર અપેક્ષાએ નાના મોટાનો ભેદ પણ છે.

પુદ્‌ગલ પરમાણુ એક પ્રદેશી હોવા છતાં તેને અસ્તિકાયમાં ગણવામાં આવે છે. તે વાત ટીકામાં આ પ્રમાણે લીધી છે. ''પુદ્‌ગલ, જો કે દ્રવ્યે પ્રદેશ માત્ર (એક પ્રદેશી) હોવાથી અપ્રદેશી છે તો પણ,

બે પ્રદેશોથી માંડીને સંખ્યાત, અસંખ્યાત અને અનંત પ્રદેશોવાળા પર્યાયની અપેક્ષાએ અનિશ્ચિત પ્રદેશોવાળું હોવાથી પ્રદેશવાન છે.''

અહીં અપ્રદેશનો અર્થ એક પ્રદેશી ગણવામાં આવે છે. અપ્રદેશ એટલે ક્ષેત્ર રહિત એમ માનવું નહીં. પુદ્ગલ સ્કંધમાં સંખ્યાત-અસંખ્યાત કે અનંત પરમાણુઓ ભાગ લે છે. સ્કંધના નાના મોટાનો ભેદ દર્શાવવા માટે સંખ્યાત પ્રદેશી વગેરે શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. અહીં ''પ્રદેશી'' શબ્દનો ભાવ સમજવાની જરૂર છે. તેનો અર્થ પ્રદેશ કરીએ તો ખરેખર મુશ્કેલી થાય તેમ છે. કારણકે પુદ્ગલ એ લોકનું દ્રવ્ય છે અને લોકના અસંખ્ય પ્રદેશો જ છે. તેથી કોઈ સ્કંધ અનંત પ્રદેશોમાં વ્યાપેલા છે એવો અર્થ કરી શકાતો નથી. કાર્મણ વર્ગણા અને ભાષા વર્ગણા લોક વ્યાપી છે અને તે અનંત પરમાણુઓની બનેલી છે. તેથી સંખ્યાત પ્રદેશી વગેરે શબ્દનો અર્થ સંખ્યાત પરમાણુઓનો બનેલો સ્કંધ એ રીતે કરવો યોગ્ય છે. અર્થાત્ ''પ્રદેશી'' શબ્દ પ્રદેશના અર્થમાં નહીં પરંતુ પરમાણુઓની સંખ્યાના અર્થમાં વાપરવામાં આવ્યો છે.

## ◆ ગાથા - ૧૩૬-૩૭

**લોકે અલોકે આભ, લોક અધર્મ-ધર્મથી વ્યાપ્ત છે,**
**છે શેષ-આશ્રિત કાળ, ને જીવ-પુદ્ગલો તે શેષ છે. ૧૩૬.**

**જે રીત આભ-પ્રદેશ, તે રીત શેષદ્રવ્ય-પ્રદેશ છે;**
**અપ્રદેશ પરમાણુ વડે ઉદ્ભવ પ્રદેશ તણો બને. ૧૩૭.**

***આકાશ લોકાલોકમાં છે, લોક ધર્મ અને અધર્મથી વ્યાપ્ત છે, બાકીના બે દ્રવ્યોનો આશ્રય કરીને કાળ છે, અને તે બાકીના બે દ્રવ્યો જીવોને પુદ્ગલો છે.***

આ ગાથામાં છ દ્રવ્યો વિશ્વમાં ક્યાં રહેલા છે તે વિષય લીધો છે. આકાશ પૂરા વિશ્વમાં વ્યાપેલું છે. ધર્મ અને અધર્મ દ્રવ્યો લોકવ્યાપી છે. કાળાણું એક પ્રદેશી છે અને લોકના દરેક પ્રદેશે એક કાળાણુ રહેલા છે. આ ચાર દ્રવ્યો સ્થિર છે. તેથી વિશ્વમાં તેમનું સ્થાન નિશ્ચિત છે. જીવ અને પુદ્ગલ બે દ્રવ્યો ગતિશીલ છે. તે લોકના દ્રવ્યો હોવાથી તેમની સ્થિતિ લોકમાં જ છે પરંતુ લોકના કયા ભાગમાં તે નિશ્ચિત નથી.

લોકના જેટલા અસંખ્ય પ્રદેશો છે તેટલા અસંખ્ય પ્રદેશો જીવના છે પરંતુ માત્ર કેવળ સમુદ્ઘાત સમયે જ જીવના પ્રદેશો લોકના પૂરા ભાગમાં વ્યાપેલા છે. અન્ય સમયે તે લોકના ક્ષેત્રથી ઓછા ક્ષેત્રમાં રહે છે. જીવના પ્રદેશોની સંખ્યા એટલી જ રહે છે. તેમાં કોઈ ફેરફાર શક્ય જ નથી. જીવની એક વિશિષ્ટતા છે કે તેને દેહ સાથે ઘણો ઘરોબો છે. જીવને સંસાર અવસ્થામાં દેહની સાથે વિશિષ્ટ એકક્ષેત્રાવગાહ સંબંધ છે. તેથી તે દેહમાં વ્યાપીને રહે છે. આપણને ખ્યાલ છે કે વિશ્વમાં ચોરાશી લાખ જીવ યોની છે. તે બધા દેહના અવગાહન અલગ હોય છે. મનુષ્યભવનો જ વિચાર કરીએ ત્યારે ગર્ભથી લઈને મનુષ્ય મોટો થાય ત્યારે શરીરના અવગાહનમાં ઘણો ફેરફાર થાય છે. પુખ્ત શરીર થયા બાદ પણ તેમાં ઘણા ફેરફારો થયા કરે છે. શરીર નાનુ મોટું હોય તોપણ તે શરીરના પૂરા ભાગમાં જીવ વ્યાપીને રહેલો છે. જીવમાં પ્રદેશોનો સંકોચ વિસ્તાર થાય એવો એક ધર્મ છે. તે ધર્મના કારણે જીવના પ્રદેશોની સંખ્યા નિશ્ચિત એટલે કે લોક પ્રમાણ અસંખ્ય રહે છે અને તે સંકોચ વિસ્તાર કરીને દેહમાં વ્યાપે છે. શરીરમાં તો પરમાણુઓનો જથ્થો છે તેમાં વધઘટ થાય છે. જ્યારે જીવમાં એવું બનતું નથી અર્થાત્ ત્યાં નવો જીવ પણ આવતો નથી અને તેની પ્રદેશોની સંખ્યામાં પણ વધઘટ થતી નથી. સંકોચ વિસ્તારને સમજવા માટે રબરનો દૃષ્ટાંત સુગમ છે. રબરને ખેંચવાથી તે લાંબુ થાય છે

અને છોડી દેવાથી સ્થિતિસ્થાપક્તાને કારણે તે પોતાના મૂળ સ્વરૂપે આવી જાય છે. માટીના પિન્ડમાંથી ઘડો થાય છે લુવામાંથી રોટલા થાય વગેરે દૃષ્ટાંતો પણ છે. પાણીની વરાળ થાય ત્યારે અને વરાળનું પાછું પાણી થાય. આ બધા દૃષ્ટાંતોમાં પરમાણુઓનો જથ્થો તો એટલો જ રહે છે અને સંકોચ વિસ્તાર જોવા મળે છે.

શરીર સાથેના આવા સંબંધને કારણે જીવને નાના દેહમાં જતા સમયે ઘણો સંકોચ કરવો પડે છે. પૂજામાં આવે છે કે જેમ લોઢાનો સંગ કરવાના કારણે અગ્નિને પણ ઘણના ઘા સહન કરવા પડે છે તેમ જીવને પણ શરીર સાથેના સંબંધના કારણે છેદન-ભેદન વગેરે અનેક પ્રકારના દુઃખો સહન કરવા પડે છે.

જીવમાં જે સંકોચ વિસ્તારની વાત લીધી છે તે ક્ષેત્ર અપેક્ષાએ જ છે. સમયસારમાં ૪૭ શક્તિમાં એક અસંકુચિત વિકાસત્વ શક્તિ છે. તે તદ્દન અલગ વાત છે. તે તો સાધકને જે શુદ્ધતા પ્રગટે છે તે વૃદ્ધિગત થઈને પરમાત્મદશારૂપ થાય છે તે દર્શાવે છે. સાધકને સંવર નિર્જરા તત્ત્વ સાથે જ હોય છે. સાધક સ્વભાવના આશ્રયે શુદ્ધતા વધારતો જાય અને એ અપેક્ષાએ અશુદ્ધતાને દૂર કરતો જાય છે. પૂ.ગુરુદેવશ્રી ફરમાવતા હતા કે બીજ ઉગી તે પૂનમ થયે છૂટકો.

પુદ્‌ગલ દ્રવ્યમાં સંકોચ વિસ્તાર થતો નથી. પરમાણુ એક પ્રદેશી છે. તેથી તેનાથી ઓછુ ક્ષેત્ર છે જ નહીં માટે સંકોચને કોઈ સ્થાન નથી. વળી પરમાણુ બે પ્રદેશ જેટલી જગ્યા રોકે એવો વિસ્તાર પણ ત્યાં શક્ય નથી. સ્કંધ નાના મોટા થાય છે ત્યાં પરમાણુઓની સંખ્યામાં વધઘટ થાય છે. વળી વધુ પરમાણુઓ નાના ક્ષેત્રમાં રહે છે તે તેના અવગાહન વડે જ રહી શકે છે. ત્યાં ક્ષેત્ર નાનુ મોટુ થાય એવી શક્યતા જ નથી. પરમાણુ એકલો હોય કે સ્કંધમાં હોય તે એક પ્રદેશ જેટલી જ જગ્યા રોકે છે. તેનાથી ઓછી કે વધારે જગ્યા તે રોકતું નથી. બે મોટા સ્કંધો આકાશના એક ક્ષેત્રમાં ન રહી શકે પરંતુ એક જાડા સ્થૂળ સ્કંધમાં સૂક્ષ્મ સ્કંધો રહી શકે છે.

## ◆ ગાથા - ૧૩૮

**છે કાળ તો અપ્રદેશ; એક પ્રદેશ પરમાણુ યદા**
**આકાશદ્રવ્ય તણો પ્રદેશ અતિક્રમે, વર્તે તદા. ૧૩૮.**

***કાળ તો અપ્રદેશી છે. પ્રદેશ માત્ર પુદ્‌ગલ પરમાણુ આકાશ દ્રવ્યના પ્રદેશને મંદ ગતિથી ઓળંગતો હોય ત્યારે તે વર્તે છે અર્થાત્ નિમિત્ત ભૂતપણે પરિણમે છે.***

આ તથા ૧૩૯ ગાથા કાળ દ્રવ્યની સિદ્ધિ માટે છે. કાળ દ્રવ્ય એક પ્રદેશી છે. કાળાણુઓ સંખ્યાએ અસંખ્ય છે. લોકના દરેક પ્રદેશે એક કાળાણુ સ્થિત છે. કાળાણુમાં ગતિ નથી તેથી બે કાળાણુઓ ભેગા થવાનો પ્રશ્ન જ નથી. આ રીતે કાળાણુ કોઈ અપેક્ષાએ અસ્તિકાયમાં આવી શકતા નથી. આકાશનું ક્ષેત્ર અખંડ છે. તેમાં પ્રદેશોના ભેદ લક્ષમાં આવે છે પરંતુ બે પ્રદેશો વચ્ચે અંતર નથી. કાળાણુ એક પ્રદેશી છે તેથી તેની પર્યાય પણ એક પ્રદેશી છે. દ્રવ્ય પર્યાયરૂપ કાળ દ્રવ્યને પોતાના અનાદિથી અનંતકાળ સુધીની પર્યાયો છે.

કાળની પર્યાયને વ્યવહારકાળ પણ કહેવાય છે. આપણે દિવસ, માસ, વર્ષ વગેરે વ્યવહારકાળથી પરિચિત છીએ. તે કાળનું માપ આપણે પુદ્‌ગલના પરિણામ દ્વારા નક્કી કરીએ છીએ. પૃથ્વી પોતાની ધરી આસપાસ એક ચક્કર પૂરું કરે તેને દિવસ ગણવામાં આવે છે અને તે પૃથ્વી સૂર્યની આસપાસ ફરીને મૂળ સ્થાને આવે તેને વર્ષ ગણવામાં આવે છે. આ રીતે કાળ દ્રવ્યની પર્યાયનું માપ પુદ્‌ગલના પરિણામ મારફત ગણવામાં આવે છે. કાળના નાનામાં નાના માપને એક સમય કહેવામાં આવે

છે. તે સમયનું માપ કઈ રીતે ગણવામાં આવે છે તે અહીં કહેવામાં આવશે. (ગા. ૧૩૯ માં)

વર્તના હેતુત્વ તે કાળ દ્રવ્યનો અસાધારણ ગુણ છે. તેના કારણે અન્ય પાંચ દ્રવ્યો પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વભાવના કારણે સ્વયં પરિણમન કરે છે ત્યારે ત્યાં કાળ દ્રવ્યની પર્યાયને નિમિત્ત ગણવામાં આવે છે. આ ગાથામાં પુદ્‌ગલ પરમાણુનું માત્ર પરિણમન નથી લીધું પરંતુ તે પોતાની ક્રિયાવતી શક્તિ અનુસાર ક્ષેત્રથી ક્ષેત્રાંતર કરે છે તેવી ક્રિયાની વાત લઈને તેમાં કાળની પર્યાયનું નિમિત્તપણું દર્શાવ્યું છે.

જેમ મોઢાના હાવભાવ ઉપરથી જીવના હાસ્ય-શોક વગેરે અરૂપી પરિણામનો નિર્ણય થાય છે તેમ પુદ્‌ગલના પરિણામ દ્વારા અરૂપી કાળ દ્રવ્યની પર્યાયનો નિર્ણય થાય છે. પુદ્‌ગલના પરિણામ દ્વારા કાળની પર્યાય જાણી શકાય છે તેનું આપણે પૃથ્વી વગેરેના પરિણામ વડે ખ્યાલમાં લીધું. આ ગાથામાં કાળની પર્યાયનું એકમ અર્થાત્ નાનામાં નાનુ માપ શું છે તે નક્કી કરવું છે. તે માટે કેવળી ભગવાનના જ્ઞાનનો આધાર લઈને વિચારવામાં આવે છે.

એક પુદ્‌ગલ પરમાણુ મંદગતિએ પ્રવાસ કરે ત્યારે એક આકાશના પ્રદેશને ઓળંગતા જેટલો વખત લાગે તેને એક સમય કહેવા માગે છે. ગા. ૧૩૮માં તો માત્ર પુદ્‌ગલ પરમાણુની ગતિને તથા કાળ દ્રવ્યની પર્યાયને નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે એટલી જ વાત લીધી છે. નૈમિત્તિક એવી પરમાણુની ગતિ મારફત નિમિત્ત એવી કાળ દ્રવ્યની પર્યાયની પ્રસિદ્ધિ કરવામાં આવી છે. ખ્યાલમાં રહે કે કાળાણુ અને તેની પર્યાય એક પ્રદેશી જ છે. તેથી તે પ્રદેશમાં રહેલા અન્ય દ્રવ્યોને જ તે પર્યાય પરિણમનમાં નિમિત્ત થાય છે.

## ◆ ગાથા - ૧૩૯

**તે દેશના અતિક્રમણ સમ છે 'સમય', તત્પૂર્વાપરે**
**જે અર્થ છે તે કાળ છે, ઉત્પન્નધ્વંસી 'સમય' છે. ૧૩૯.**

***પરમાણુ એક આકાશ પ્રદેશને (મંદ ગતિથી) ઓળંગે ત્યારે તેના બરોબર જે વખત તે 'સમય' છે; સમયની પૂર્વે તેમ જ પછી એવો (નિત્ય) જે પદાર્થ છે તે કાળ દ્રવ્ય છે; 'સમય' ઉત્પન્ન ધ્વંસી છે.***

આપણે ૧૩૮ ગાથામાં જે વિચારી ગયા તે અનુસાર એક પુદ્‌ગલ પરમાણુ મંદગતિએ આકાશના એક પ્રદેશને ઓળંગે તેમાં જેટલો વખત જાય છે તેને એક સમય કહેવામાં આવે છે. આ રીતે કાળ દ્રવ્યનું નાનામાં નાનુ માપ એક સમય છે. પરમાણુ પુદ્‌ગલ દ્રવ્ય છે તે ટકીને બદલતો હોવાથી તેના અનાદિથી અનંતકાળ સુધીની અનંત પર્યાયો છે. તે દરેક પર્યાય પોતાનું સ્વરૂપ કેટલા સમય સુધી બતાવી શકે છે તેવા પ્રશ્નનો જવાબ એ છે કે દરેક પર્યાય માટે તેને એક સમય જેટલો જ વખત ફાળવવામાં આવે છે. અહીં પુદ્‌ગલના એક પરમાણુની વાત લીધી છે તે પરમાણુ પોતે અનાદિથી અનંતકાળ સુધી પોતાના પરિણમનના પ્રવાહમાં છે. તે પ્રવાહના એક ભાગરૂપે તે આ સમયે આકાશના એક ચોક્કસ પ્રદેશને મંદ ગતિએ ઓળંગે છે. તેથી પરમાણુનું તે વખતનું કાર્ય તો આકાશના એક પ્રદેશને મંદગતિએ ઓળંગવાનું જ થયું. તે કાર્ય જેટલા વખતમાં થયું તેને એક સમય કહેવામાં આવે છે. આ 'સમય' તે કાળ દ્રવ્યની પર્યાય છે. તે કાળ દ્રવ્યનું નાનામાં નાનુ માપ છે. તે પર્યાય નિરંશરૂપ હોવાથી અવિભાગી છે. 'સમય' તે કાળ દ્રવ્યની પર્યાય હોવાથી તેના ઉત્પત્તિ અને વિનાશ અવશ્ય હોય છે. તે જેની પર્યાય છે તે કાળ દ્રવ્ય નિત્ય છે. આ રીતે કાળ દ્રવ્ય અને તેની એક સૂક્ષ્મ પર્યાય જેને 'સમય' કહેવામાં આવે છે. તેની સ્થાપના આ ગાથામાં કરવામાં આવી છે.

'સમય' ના માપ માટે પરમાણુની મંદગતિની વાત લીધી છે તેથી પ્રશ્ન થાય કે નાનામાં નાનુ માપ લેવું હોય તો શીઘ્રગતિથી વિચારણા કરવી જોઈએ. પરંતુ તેમ ન લેતા મંદગતિ શા માટે લીધી તેનું આશ્ચર્ય અવશ્ય થાય. તેનું સમાધાન એ પ્રકારે છે કે પરમાણુની મંદ અને તીવ્ર ગતિ વચ્ચે ઘણું મોટુ અંતર છે. પરમાણુ મંદગતિએ આકાશનો એક પ્રદેશ એક સમયમાં ઓળંગે છે જ્યારે તે જ પરમાણુ શીઘ્રગતિએ લોકના અંત સુધી અર્થાત્ ૧૪ રાજુલોક જતો હોય છે. હવે ૧૪ રાજુલોક સુધીમાં તો ઘણા આકાશના પ્રદેશોને તે ઓળંગે છે. એનો અર્થ એ થયો કે મંદગતિ અને શીઘ્રગતિ વચ્ચે ઘણો મોટો તફાવત છે તેમ છતાં કાળની મર્યાદા તો એક સમય જ રહે છે.

સમજવા માટે વિચારીએ તો એક પરમાણુને ૧૦૦ પ્રદેશો શીઘ્રગતિએ પસાર કરવામાં એક સમય લાગે તો એક પ્રદેશ પસાર કરવામાં તેને ૧/૧૦૦ સમય લાગે. એવી વાત કરવી પડે અર્થાત્ એક સમયના સો ભાગ પાડવાની વાત આવે. ખરેખર સમય અવિભાગી છે માટે તે શક્ય નથી. માટે પરમાણુની શીઘ્રગતિના સ્થાને મંદગતિ જ લેવાની રહે.

વળી પરમાણુ શીઘ્રગતિમાં ૧૦૦ પ્રદેશો એક સમયમાં પસાર કરે છે ત્યારે તેમાં નિમિત્ત જો કાળ દ્રવ્યની પર્યાય લેવામાં આવે તો તેને પણ ૧૦૦ પ્રદેશમાં રહેલી ગણવામાં આવે. વળી આકાશના ક્યાં ૧૦૦ પ્રદેશો તે પણ નક્કી ન થાય. માટે આપણે કાળ દ્રવ્યને પણ ધર્માસ્તિકાય દ્રવ્યની માફક લોકવ્યાપી અખંડ એક દ્રવ્ય જ માનવાનો પ્રસંગ આવે. એ પણ શક્ય નથી. તેથી વાસ્તવિકતાને લક્ષમાં રાખીએ. કાળાણુ એક પ્રદેશી છે. તેના પર્યાય પણ એક પ્રદેશી છે. તે પર્યાયનું નાનામાં નાનુ માપ કાઢવું હોય તો આકાશના એક પ્રદેશની જ વાત લેવી રહી. વળી તે પ્રદેશમાં સંપૂર્ણ ક્રિયા પૂરી થઈ જવી જોઈએ. એક પરમાણુ મંદગતિ એ એક પ્રદેશ ખસે છે ત્યારે તે ક્રિયા ત્યાં પૂરી થાય છે. માટે કાળના એકમ માટે પરમાણુની મંદગતિની જ વાત લેવામાં આવે છે તે યોગ્ય છે.

## ◆ ગાથા - ૧૪૦

**આકાશ જે અણુવ્યાપ્ય, 'આભપ્રદેશ' સંજ્ઞા તેહને;**
**તે એક સૌ પરમાણુને અવકાશદાનસમર્થ છે. ૧૪૦.**

***એક પરમાણુ જેટલી આકાશમાં રહે છે તેટલા આકાશને ''આકાશ પ્રદેશ'' એવા નામથી કહેવામાં આવ્યું છે; અને તે સર્વ પરમાણુઓને અવકાશ દેવામાં સમર્થ છે.***

હવે આચાર્યદેવ આકાશ દ્રવ્યનું સ્વરૂપ સમજાવે છે. આપણને ખ્યાલ છે કે આકાશ વિશ્વ વ્યાપી અનંત પ્રદેશી દ્રવ્ય છે. અર્થાત્ આકાશના અનંત પ્રદેશો છે. પરંતુ અહીં પરમાણુ મારફત આકાશના પ્રદેશને ઓળખાવે છે. આકાશના જેટલા ભાગમાં એક પરમાણુ રહે છે તેને ''આકાશ પ્રદેશ'' એવું નામ આપવામાં આવ્યું છે. આ પ્રમાણે વાંચતા આપણને તેમાં કોઈ ખાસ વિશિષ્ટતા નલાગે. પરંતુ શાંતિથી વિચારશો ત્યારે ખ્યાલ આવશે કે ખરેખર તો ત્યાં આકાશનું ક્ષેત્ર અપેક્ષાએ અખંડિતપણું સમજાવવું છે. નવાઈ લાગીને ! એવું જ છે પરંતુ આ રીતે વિચારતા આપણા જ્ઞાનમાં કેટલી ચોખવટ છે તેનો ખ્યાલ આવશે.

છ દ્રવ્યોમાં અસ્તિકાયરૂપ દ્રવ્યો ખરેખર ચાર છે, આકાશ, ધર્મ, અધર્મ અને જીવ એ ચાર સ્વતંત્ર દ્રવ્યો છે, અહીં પુદ્ગલના સ્કંધને અસ્તિકાયમાં નથી ગણતા કારણકે તે ખરેખર એક દ્રવ્ય નથી પરંતુ પુદ્ગલની પર્યાય છે. જ્યારે અસ્તિકાયરૂપ દ્રવ્યનું એકપણું લક્ષમાં લઈએ છીએ ત્યારે તેનું એક અખંડિત ક્ષેત્ર છે. એ વાત સહજપણે આપણા ખ્યાલમાં આવવી જોઈએ. આ રીતે આકાશ પણ

એક અખંડિત ક્ષેત્રને લઈને રહેલું દ્રવ્ય છે એ પ્રમાણે આપણી સમજણ કામ કરે છે.

આકાશ અનંત પ્રદેશી છે એવો પણ આપણને ખ્યાલ છે અને તેની સાથે તેની અખંડતાને લક્ષમાં લેવાથી એ બધા પ્રદેશો વચ્ચે કોઈ અંતર નથી તે રીતે તે બધા સળંગરૂપે ગોઠવાયેલા છે એવું આપણે માની લઈએ છીએ. આ પ્રકારે પ્રદેશોનું અનંતપણું અને અખંડપણું બન્ને આપણે માન્ય કરીએ છીએ. વળી શાસ્ત્રમાં પ્રદેશ ભેદની વાત આવે ત્યારે ત્યાં ''ભેદ કલ્પના'' એવો શબ્દ પ્રયોગ પણ જોવા મળે છે. ત્યારે તેનો અર્થ શું કરવો ? આવા બધા વિધાનો શાસ્ત્રમાં આવે છે અને આપણે તે વાંચતા સમયે તેનો સ્વીકાર કરતા આવ્યા છીએ. હવે અસ્તિકાયરૂપ પદાર્થ અંગેનું આપણું માનસિક ચિત્ર કેવું છે તેની સ્પષ્ટતા માટે એક પ્રશ્ન વિચારીએ. એક ઓરડો ૨૦' X ૩૦' નો છે. એવું સાંભળતા આપણને એ ઓરડામાં (દૃષ્ટાંતરૂપે) ૧' X ૧' ફૂટની ૬૦૦ લાદીઓ પથરાયેલી લક્ષમાં આવે છે કે એ ઓરડામાં ધાબો નાખ્યો છે અથવા ગાર કરી છે એવું લક્ષમાં આવે છે ?.. પ્રશ્ન જરા વિચિત્ર લાગે એવો છે પરંતુ તેનો જવાબ ઉપયોગી છે. સામાન્ય રીતે આપણને ઓરડામાં લાદી ચોડેલી છે અને એ બધી બાજુ બાજુમાં ગોઠવાયેલી છે એવું લાગે છે. એ પ્રમાણે જ્યારે આપણે આકાશ અનંત પ્રદેશી છે એમ વિચારીએ છીએ ત્યારે ઓરડામાં પથરાયેલી લાદીની જેમ આકાશમાં તેના પ્રદેશો પથરાયેલા છે એમ લાગે છે. વળી તે દરેક પ્રદેશ ઉપર અન્ય દ્રવ્યો અવગાહન પામે છે. અર્થાત્ લોકાકાશના એક પ્રદેશ પર એક કાળાણુ સ્થિત છે. જેમ ચેસના બોર્ડ ઉપર ચોકઠા દોરેલા છે અને તેના ઉપર પ્યાદા ગોઠવવામાં આવે છે. ખરેખર આકાશ એવું નથી. આખા ઓરડામાં ધાબો નાખ્યો હોય તો ત્યાં તેનું ઓરડા વ્યાપી એક અખંડપણું છે. ત્યાં ભેદ નથી તેમ આકાશનું અને અન્ય ત્રણ અસ્તિકાયરૂપ દ્રવ્યોનું ક્ષેત્ર અપેક્ષાએ અખંડિતપણું છે.

તેથી અહીં ટીકામાં આકાશના એક પ્રદેશમાં એક પરમાણુ રહી શકે છે એમ ન લેતા આકાશના જેટલા ભાગમાં એક પરમાણુ રહે છે તેટલા ભાગને ''આકાશ પ્રદેશ'' કહ્યો છે. અર્થાત્ આકાશમાં એ એક પ્રદેશ અને આ બીજો પ્રદેશ એવા ભેદ નથી. આકાશનું તો એક એખંડિત ક્ષેત્ર છે. અવગાહન એ આકાશનો અસાધારણ ધર્મ છે. અહીં આખુ આકાશ નહીં પરંતુ એક આકાશ પ્રદેશમાં પણ એટલી જ અવગાહન શક્તિ છે એવું દર્શાવવામાં આવ્યું છે. અંશ-અંશીનું અખંડપણું હોવાથી તે દ્રવ્યના એક અંશમાં, પ્રદેશમાં, પણ એટલી જ શક્તિ છે એ પ્રકારનું કથન કરવામાં આવે છે. ત્યાં દરેક પ્રદેશ અલગ છે એવું દર્શાવવાનો આશય નથી. એક આકાશ પ્રદેશ કેટલું અવગાહન આપી શકે તેનું વર્ણન જોઈએ. ''બાકીના પાંચ દ્રવ્યોના પ્રદેશોને તથા પરમ સૂક્ષ્મતારૂપે પરિણમેલા અનંત પરમાણુઓના સ્કંધને અવકાશ દેવામાં સમર્થ છે'' આથી એમ નક્કી થયું કે આકાશના એક પ્રદેશે અનંત પરમાણુઓ અને એક કાળાણુ રહી શકે. અલબત સૂક્ષ્મ સ્કંધ હોવા જરૂરી છે. ધર્મ, અધર્મ અને જીવ અસંખ્ય પ્રદેશી છે તેથી તે એક પ્રદેશમાં ન સમાય શકે પરંતુ તેનો કોઈ ભાગ એક પ્રદેશે હોય છે.

ટીકામાં આકાશનું ક્ષેત્ર અપેક્ષાએ અખંડપણું રાખીને તેમાં અંશકલ્પના કેવી રીતે છે તે વાત દૃષ્ટાંત દ્વારા યુક્તિથી સમજાવવામાં આવી છે. તેને યથાર્થપણે ખ્યાલમાં લેવી જરૂરી છે. અખંડિત ક્ષેત્રનો વિચાર કરીએ ત્યારે ત્યાં એક ક્ષેત્રની વાત આવે અને તેમાં અંશકલ્પના કરીએ ત્યારે અલગ ક્ષેત્ર કહી શકાય. આટલું લક્ષમાં લઈએ તો દૃષ્ટાંતમાં જે પ્રશ્ન રજૂ કર્યો છે તેનો ઉકેલ સારી રીતે આવી શકે. હાથની બે આંગળીઓ આકાશમાં પ્રસારીને તે બેનું એક ક્ષેત્ર છે કે અનેક ક્ષેત્ર છે એવો પ્રશ્ન કર્યો છે.

એક ક્ષેત્ર છે એવો એક જવાબ અને અનેક ક્ષેત્ર છે એવો બીજો જવાબ આપ્યો છે. જિનાગમ અનેકાંતને માન્ય કરે છે માટે બન્ને જવાબ સાચા છે એવું સ્વીકારી લઈએ પરંતુ જિનાગમમાં તે જવાબ અપેક્ષા સહિત છે. તેથી તેની અપેક્ષા આપણા ખ્યાલમાં બરોબર હોવી જોઈએ. જો તેનો ખ્યાલ ન હોય અથવા આપણી વિપરીત માન્યતા હોય તો અનર્થ થાય. આકાશનું અખંડિત ક્ષેત્ર લક્ષમાં લઈએ તો બે આંગળીનું એક ક્ષેત્ર છે અને આકાશમાં અંશકલ્પના કરીએ તો અલગ ક્ષેત્રો છે. હવે જેને આ અપેક્ષાનો ખ્યાલ નથી એટલે કે આકાશનું અખંડ ક્ષેત્ર અને તેમાં ભેદ કલ્પનાનો ખ્યાલ નથી તેનો જવાબ ખોટો છે. જેમકે કોઈ એક વ્યક્તિ એવી છે કે જે આકાશનું અખંડ ક્ષેત્ર જ માને છે અને તેમાં અંશકલ્પના હોય જ નહીં એવું માને છે તે જો બે આંગળીનું એક ક્ષેત્ર છે એમ કહે તો તેની વાત ખોટી છે. કોઈ અન્ય વ્યક્તિ આકાશને ખંડખંડ અનેક દેશ વસ્તુ માને છે તે જો બે આંગળીના અલગ ક્ષેત્ર છે એમ કહેતો તેની વાત પણ ખોટી છે કારણકે તેને આકાશના ક્ષેત્રના અખંડપણાને માન્યુ નથી. તેણે આકાશને એકાંતે ખંડખંડરૂપ માન્યું છે.

જીવ પણ એક અસ્તિકાય છે. જીવના અસંખ્ય પ્રદેશો કહેવામાં આવે છે. પરંતુ જીવ એક અખંડ પ્રદેશી દ્રવ્ય છે. તે પ્રમાણે જીવના અનંત ગુણોનું પણ એક અખંડિત ક્ષેત્ર છે. માટે જીવની એક જ પર્યાય એક સમયે હોય છે તે પ્રમાણે તેના ગુણોની પણ અસંખ્ય પ્રદેશે એક સમયે એક જ પર્યાય છે. જીવના અસંખ્ય પ્રદેશમાં દરેક પ્રદેશે એક અલગ જીવ દ્રવ્ય છે એવું નથી. અર્થાત્ એક એક પ્રદેશને અલગ જીવ દ્રવ્ય માનવાથી બધા અલગ કાર્ય કરે છે એવું માનવાનો પ્રસંગ આવે જે બનતું જ નથી. માટે જીવનું પણ અખંડપણું જ માન્ય રાખવું. તે અખંડતા રાખીને તેમાં પ્રદેશની અંશકલ્પના અવશ્ય થઈ શકે છે.

## ◆ ગાથા - ૧૪૧

**વર્તે પ્રદેશો દ્રવ્યને, જે એક અથવા બે અને**
**બહુ વા અસંખ્ય, અનંત છે; વળી હોય સમયો કાળને. ૧૪૧.**

***દ્રવ્યોને એક, બે, ઘણા, અસંખ્ય અથવા અનંત પ્રદેશો છે, કાળને સમયો છે.***

આ ગાથામાં અસ્તિકાયરૂપ પદાર્થોને તિર્યક્ પ્રચય હોય છે અને બધા દ્રવ્યોને ઉર્ધ્વપ્રચય હોય છે એવું દર્શાવવા માગે છે. અસ્તિકાયરૂપ પદાર્થોને એકથી અધિક પ્રદેશો છે. તેથી તેને ક્ષેત્ર અપેક્ષાએ વિસ્તાર છે એમ લેવામાં આવે છે. અહીં એક વાત ફરીને ખ્યાલમાં રાખવી કે જીવ-ધર્મ-અધર્મ અને આકાશ અખંડ દ્રવ્યો હોવાથી તેમનું ક્ષેત્ર પણ અખંડ છે. પુદ્ગલ સ્કંધને ઉપચારથી અસ્તિકાયમાં લીધું છે પરંતુ તે ખરેખર પુદ્ગલની પર્યાય માનવામાં આવે છે. તેથી ત્યાં અખંડિત એક દ્રવ્યપણું નથી. તેથી તેના ક્ષેત્રનો પણ કોઈ નિયમ નથી. કાળ દ્રવ્ય કોઈ અપેક્ષાએ અસ્તિકાયમાં આવતું નથી તેથી તેને તિર્યક્ પ્રચય નથી.

ઉર્ધ્વપ્રચય એટલે પરિણામ વિભાગમાં અનાદિની અનંતકાળ સુધીનો એકરૂપ અખંડ પ્રવાહ. બધા પદાર્થો ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ સત્ લઈને રહેલા હોવાથી તે બધાને ઉર્ધ્વપ્રચય અવશ્ય હોય છે.

કાળ દ્રવ્ય સિવાયના અન્ય પાંચ દ્રવ્યોમાં આ પ્રકારે જે પર્યાયનો પ્રવાહ ચાલે છે તેમાં કાળ દ્રવ્યની પર્યાયનું નિમિત્તપણું છે માટે તે પદાર્થોની પર્યાયને ''સમય વિશિષ્ટ'' કહેવામાં આવે છે. કાળ દ્રવ્ય પોતે પણ સ્વયં પરિણમે છે પરંતુ ત્યાં કોઈ નિમિત્ત નથી માટે તે કાળ દ્રવ્યની પર્યાયને ''સમય વિશિષ્ટ'' ગણવામાં આવતી નથી.

પરિણમનનો પ્રવાહ જે અનાદિથી અનંતકાળ સુધી અસ્ખલિત ચાલે છે તે પણ અખંડ છે. જેમ અસ્તિકાયરૂપ પદાર્થોનું ક્ષેત્ર અખંડ છે. તેમ દરેક

પદાર્થની પર્યાયનો પ્રવાહ - ઉર્ધ્વપ્રચય તે પણ અખંડ છે. જેમ અસ્તિકાયરૂપ પદાર્થોનું ક્ષેત્ર અખંડિત રાખીને તેમાં પ્રદેશની અંશકલ્પના કરવામાં આવે છે. તેમ ઉર્ધ્વપ્રચયનું અખંડપણું રાખીને તેમાં અંશ કલ્પના કરવામાં આવે છે. કાળ દ્રવ્યના અખંડ પ્રવાહમાં આ સમય, સેકન્ડ, કલાક, દિવસ, વર્ષ વગેરે ભેદ લેવામાં આવે છે.

### ◆ ગાથા - ૧૪૨

**એક જ સમયમાં ધ્વંસ ને ઉત્પાદનો સદ્‌ભાવ છે**
**જો કાળને, તો કાળ તેહ સ્વભાવ-સમવસ્થિત છે. ૧૪૨.**

***જો કાળને એક સમયમાં ઉત્પાદ અને ધ્વંસ વર્તે છે, તો તે કાળ સ્વભાવે અવસ્થિત અર્થાત્ ધ્રુવ (ઠરે) છે.***

પુદ્‌ગલ પરમાણુ મંદગતિએ આકાશના એક પ્રદેશને ઓળંગે તેટલા વખતને એક સમય કહે છે. પુદ્‌ગલની ગતિ દ્વારા સમયનું માપ નક્કી કરવામાં આવ્યું. તે સમય એ કાળ દ્રવ્યની સૂક્ષ્મ પર્યાય છે.

પરમાણુની મંદગતિ થઈ છે અને અટકી. અર્થાત્ પરમાણુની ગતિના ઉત્પાદ અને વ્યય દ્વારા સમયમાં પણ ઉત્પાદ અને વ્યયની સ્થાપના કરવામાં આવી. પર્યાયની સ્થાપના, કાળની પર્યાયની સ્થાપના, કહેતા જ ત્યાં કાળ દ્રવ્યની સિદ્ધિ થઈ જાય છે. પર્યાયના ઉત્પત્તિ વિનાશ કોઈ દ્રવ્યના આશ્રયે જ હોય છે. નિત્ય સ્વભાવની ઓથમાં જ ક્ષણિક પર્યાય સમજી શકાય છે. ટકતા એવા ભાવ વિના જો નિરપેક્ષ ઉત્પાદ-વ્યય માનવામાં આવે તો શૂન્યમાંથી સર્જન અને સત્‌ના નાશનો પ્રસંગ આવે જે શક્ય જ નથી. તેથી ક્ષણિક એવી સમયરૂપ પર્યાયની, પરમાણુની ગતિ મારફત સિદ્ધિ થવાથી તે સમયરૂપ પર્યાય એક કાળાણુરૂપ દ્રવ્યની છે તે વાત અહીં સિદ્ધ કરવામાં આવે છે. સત્ હંમેશા ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વરૂપ જ હોય એ તો દ્રવ્ય સામાન્ય અધિકારમાં નક્કી થયેલ છે. તે વાત અહીં ફરીથી લેવાની શી જરૂર છે ? તેના ઉપર વિચાર કરીએ તો ખ્યાલ આવશે કે અહીં તો દ્રવ્ય વિશેષ અધિકારમાં છે. અહીં કાળદ્રવ્યની સિદ્ધિ કરવી છે. શ્વેતામ્બર કલાક, દિવસ વગેરે વ્યવહાર કાળને માને છે પરંતુ તે એક કાળ દ્રવ્યની પર્યાય છે એવું નથી માનતા. તેથી અહીં પરમાણુ મારફત સમયની સ્થાપના કરીને હવે તે પર્યાય એકાંત નિરપેક્ષ ક્ષણિક ન હોય એ દર્શાવે છે.

કોઈ પદાર્થને ઉત્પાદ વિનાશ થવાની શી જરૂર છે ? તેને બદલે તે વૃતિ અંશને (વૃત્યંશને-પર્યાયના) જ ઉત્પાદ વિનાશ થતા માની લઈએ તો શી હરકત છે ? આ પ્રમાણે તર્ક કરીને તેનું સમાધાન ટીકામાં કરવામાં આવ્યું છે.

આગળ વાંચતા પહેલા આપણે ગા. ૧૦૧માં જે સિદ્ધાંત સમજાવવામાં આવ્યો છે તે ફરીને યાદ કરી લઈએ. ઉત્પાદ-વ્યય અને ધ્રુવ પહેલા પર્યાયને લાગુ પાડી અને પછી તે પર્યાયને દ્રવ્યમાં અભેદ લેવામાં આવે છે. તે ગાથાનો ભાવ જો બરોબર ખ્યાલમાં હશે તો આ તર્કનું સમાધાન સહેલું થશે. વળી ત્યારબાદ ઉત્પાદના ભેદો દર્શાવનારી ગાથાઓનો પણ આપણે અભ્યાસ કરી ગયા છીએ. હવે અહીં આચાર્યદેવ 'સમય' નામની એક કાળ દ્રવ્યની પર્યાયને કાળ દ્રવ્યથી તે નિરપેક્ષ છે એવું માનીને દલીલ કરે છે. અર્થાત્ ત્રિકાળ સ્વભાવની ઓથ વિનાની એકલી એક સમયની પર્યાયમાં ઉત્પાદ અને વિનાશ માનવાથી શું દોષ આવે છે તે અહીં દર્શાવે છે.

ઉત્પાદ અને વિનાશ બે પરસ્પર વિરોધી ક્રિયાઓ છે જે એક અંશમાં સાથે સંભવી શકે નહીં. તેથી પર્યાયમાં ઉત્પાદ અને વ્યય યુગપદ થઈ ન શકે એવી પ્રથમ દલીલ કરવામાં આવે છે. હવે જો તે બન્નેને યુગપદ થતા ન માને અને તેને ક્રમપૂર્વક

થતા માને તો એક સમયમાં પ્રથમ ઉત્પાદ અને પછી નાશ માનવાનો રહે. તે ત્યારે જ શક્ય બને કે જ્યારે તમો 'સમય' ના વિભાગ કરવા તૈયાર હો. ખરેખર સમય અવિભાગી અંશ છે માટે ત્યાં ઉત્પાદ અને વ્યય ક્રમપૂર્વક પણ થતાં નથી એટલે કે એક સમયની પર્યાયને એકાંત નિરપેક્ષ (અર્થાત્ દ્રવ્યના ઓથ વિનાની) માનીએ તો ત્યાં ઉત્પાદ અને વિનાશ શક્ય જ નથી. ઉત્પાદ અને વિનાશ યુગપદ પણ થઈ શકતા નથી અને ક્રમપૂર્વક પણ થઈ શકતા નથી.

દ્રવ્ય પર્યાયની એક સત્તા માનો તો પદાર્થમાં નિત્ય-અનિત્ય ધર્મો અવિનાભાવરૂપે અવિરોધપૂર્વક અવશ્ય રહે છે તે આપણે દ્રવ્ય સામાન્ય અધિકારમાં વિસ્તારપૂર્વક અભ્યાસમાં લીધું છે. ખાસ કરીને ૧૦૦મી ગાથામાં પદાર્થના ઉત્પાદ-વ્યય-ધ્રુવનું અવિનાભાવપણું સ્પષ્ટ સમજાવ્યું છે. હવે ટીકામાં આ વાત કઈ રીતે સમજાવે છે તે જોઈએ.

અહીં કાળ દ્રવ્યની એક સૂક્ષ્મ પર્યાય જેને સમય કહેવામાં આવે છે તેની પાછળ (અર્થાત્ તેની સાથે અભેદરૂપ) કાળદ્રવ્ય અવશ્ય હોય છે તેમ દર્શાવે છે. તે કાળદ્રવ્યને ખરેખર એક વૃત્યંશમાં પણ ઉત્પાદ-વ્યય અવશ્ય સંભવે છે તેમ સમજાવવામાં આવે છે. તે સારી રીતે સમજવા માટે આપણે શાસ્ત્રમાં જે દૃષ્ટાંત શીખી ગયા છીએ તેનો સહારો લઈએ. જીવ એક દ્રવ્ય છે. મનુષ્ય અને દેવ તેની બે અવસ્થાઓ છે. મનુષ્ય મરે છે અને દેવ જન્મે છે એમ કહેવામાં આવે ત્યારે તેજ વાત બીજી રીતે પણ કહી શકાય છે. જે જીવ મનુષ્યરૂપે મરે છે તે જ જીવ દેવરૂપે ઉપજે છે. આ રીતે કહેતા આપણને જીવનો દ્રવ્યરૂપે અને મનુષ્ય તથા દેવ એવા બે પર્યાયો તથા તેમાં ઉત્પાદ અને વ્યયનો ખ્યાલ આવે છે.

માત્ર દેવ પર્યાયનો જ વિચાર કરીએ તો ત્યાં માત્ર ઉત્પાદ જ લક્ષગત થાય છ. ત્યાં વ્યય કે ધ્રુવની વાત રહેતી નથી. પરંતુ જીવ દેવ પર્યાયરૂપે ઉપજે છે તેમ જ્યારે લક્ષમાં લઈએ ત્યારે દેવ શબ્દથી પર્યાયની ઉત્પત્તિ ખ્યાલમાં આવે છે. જીવ શબ્દથી ધ્રુવ સ્વભાવ લક્ષગત થાય છે. કારણકે દેવ અને મનુષ્ય બન્ને પર્યાયોમાં અન્વયરૂપ જીવ દ્રવ્ય જ રહેલું છે. તેથી જીવ દ્રવ્યરૂપ (ધ્રુવરૂપ) ખ્યાલમાં આવે છે. વળી તે જીવ દેવરૂપે ક્યારે ઉપજી શકે તેનો વિચાર કરીએ તો જીવ દેવ પર્યાયરૂપે થાય છે ત્યાર પહેલા તે કોઈ અન્ય પર્યાયરૂપે અવશ્ય હોવો જોઈએ. વળી તે પૂર્વ પર્યાયનો અભાવ કરીને જ દેવ પર્યાયરૂપે થઈ શકે તેથી જીવની વર્તમાન દેવ પર્યાય જ પૂર્વની મનુષ્ય પર્યાયના અભાવની જાહેરાત કરે છે.

આ રીતે જીવને તેની દેવ પર્યાયરૂપે લક્ષમાં લેતા દેવરૂપની પર્યાયનું ઉત્પાદ લક્ષણ, મનુષ્યરૂપની પર્યાયનો અભાવ અને જીવનું ધ્રુવપણું એમ ત્રણેય વાત એકી સાથે ખ્યાલમાં આવે છે કારણકે તે જીવની એ પર્યાયમાં આ ત્રણ લક્ષણો અવશ્ય છે.

ગા. ૧૦૦ની ટીકામાં આ વાત વિસ્તારથી લેવામાં આવી છે. ત્યાં એકાંત (નિરપેક્ષ) ઉત્પાદ માને અને વ્યય તથા ધ્રુવ ન માને તો શું દોષ આવે તે સ્પષ્ટ સમજાવવામાં આવ્યું છે. ત્યાં વ્યયને ''ઉત્પાદન કારણ'' રૂપે દર્શાવવામાં આવ્યું છે. જો પૂર્વ પર્યાયનો વ્યય ન થાય તો ઉત્તર (વર્તમાન) પર્યાયની ઉત્પત્તિ જ ન થાય. જે જીવ મનુષ્યરૂપે છે તેનું મરણ થાય તો તે જીવ દેવરૂપે જન્મી શકે છે. સોનાના હારને ભાંગો તો જ તે સોનામાંથી બંગડી બની શકે. સોનું હારરૂપની અવસ્થા છોડે નહીં તો તે બંગડીરૂપ થઈ ન શકે. આ રીતે વ્યયને ઉત્પાદન કારણ દર્શાવ્યું છે. માત્ર પર્યાયને જ માને અને જીવ દ્રવ્યને ન માને તો શૂન્યમાંથી સર્જન શક્ય જ નથી માટે ધ્રુવ એવા સ્વભાવને માનવું આવશ્યક છે.

આ રીતે જ્યારે જીવને વર્તમાન દેવ પર્યાયરૂપે લક્ષમાં લઈએ છીએ ત્યારે તે મનુષ્યના મરણની સાપેક્ષતા લઈને જ રહેલ છે. આ રીતે જીવને

દેવપર્યાયરૂપે લક્ષમાં લેતા ઉત્પાદની સાથે મનુષ્ય પર્યાયની અભાવની વાત સાથે આવી જ જાય છે માટે દ્રવ્યને કોઈ એક પર્યાયના ઉત્પાદરૂપ લક્ષમાં લેતાં ત્યાં વ્યય પણ સાથે જ જણાય છે, હોય છે. માટે દ્રવ્યને પર્યાયરૂપે જોતા ત્યાં ઉત્પાદ અને વ્યય યુગપદ્ ખ્યાલમાં આવે છે કારણકે ત્યાં ઉત્પાદ અને વ્યય સાથે જ છે. એકલી (નિરપેક્ષ) પર્યાયની વિચારણા કરતા સમયે આપણે ઉત્પાદ અને વ્યય બે વિરોધી ક્રિયા છે તેથી સાથે ન હોય શકે એ રીતે સિદ્ધાંત માન્ય રાખ્યો હતો. પરંતુ ત્યાં ધ્રુવરૂપ દ્રવ્યની આ પર્યાય છે એવું લક્ષમાં આવતા ઉત્પાદ-વ્યય અને ધ્રુવ ત્રણેય એક જ સમયે છે તે વાસ્તવિકતાનો સ્વીકાર આવી જાય છે. જીવની દેવ પર્યાયના દૃષ્ટાંતના સ્થાને હવે કાળ દ્રવ્યની એક સૂક્ષ્મ પર્યાય જે ''સમય'' છે. તેનો વિચાર કરતા કાળદ્રવ્ય આ પર્યાયરૂપે થાય છે તે પૂર્વ પર્યાયનો અભાવ કરીને જ થાય છે તેવું લક્ષગત થતાં હવે ત્યાં વિરોધ રહેતો નથી. ઉત્પાદ-વ્યય યુગપદ્ છે એવો સ્વીકાર આવવાના કારણે હવે સમયના ભેદ કરવાનું રહ્યું નહીં. સમય અવિભાગી છે તેથી હવે પહેલા ઉત્પાદ અને પછી વ્યય એવા ક્રમની વાત રહેતી નથી. આ રીતે દ્રવ્ય પર્યાયરૂપ વસ્તુ સ્વરૂપ સમજવાથી કાળની પર્યાયની સાથો સાથ કાળ દ્રવ્યની સિદ્ધિ પણ સહજપણે થઈ જાય છે. આ રીતે આ ગાથામાં કાળ દ્રવ્ય એક સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ છે. એમ સિદ્ધ કર્યું.

### ◆ ગાથા - ૧૪૩

**પ્રત્યેક સમયે જન્મ-ધ્રૌવ્ય-વિનાશ અર્થો કાળને**
**વર્તે સરવદા; આ જ બસ કાળાણુનો સદ્ભાવ છે. ૧૪૩.**

***એક એક સમયમાં ઉત્પાદ, ધ્રૌવ્ય અને વ્યય નામના અર્થો કાળને સદાય હોય છે. આ જ કાળાણુનો સદ્ભાવ છે અર્થાત્ આ જ કાળાણુના અસ્તિત્વની સિદ્ધિ છે.***

પદાર્થ શાશ્વત છે. તેમાં પર્યાય પણ નિરંતર થયા કરે છે. તેથી જો એક સમયરૂપે પરિણમેલા દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય અને ધ્રુવ સાબિત થાય છે તો પછી કાળ દ્રવ્યની દરેક સમયની પર્યાયમાં પણ એ જ પ્રમાણે ઉત્પાદ-વ્યય અને ધ્રુવ સાબિત થાય છે. દ્રવ્ય પર્યાય વિના કયારેય ન હોય અર્થાત્ સામાન્ય અસ્તિત્વ (ધ્રુવ) અને વિશેષ અસ્તિત્વ (પર્યાય) બન્ને અવિનાભાવરૂપ જ છે. ખરેખર તો અસ્તિત્વ એક જ છે. તેના સામાન્ય અને વિશેષ એવા ભેદ તો સમજવા માટેના અતદ્ભાવરૂપના ભેદો છે.

### ◆ ગાથા - ૧૪૪

**જે અર્થ ન બહુ પ્રદેશ, ન એક વા પરમાર્થથી,**
**તે અર્થ જાણો શૂન્ય કેવળ — અન્ય જે અસ્તિત્વથી. ૧૪૪.**

***જે પદાર્થને પ્રદેશો અથવા એક પ્રદેશ પણ પરમાર્થે જણાતો નથી, તે પદાર્થને શૂન્ય જાણ કે જે અસ્તિત્વથી અર્થાંતરભૂત (અન્ય) છે.***

ગાથાનું મથાળુ વાંચતા ખ્યાલ આવશે કે આ ગાથા કાળાણુ એક પ્રદેશી છે તે સિદ્ધ કરવા માટે છે. આ ગાથાથી કાળ દ્રવ્યની વાત પણ પૂરી કરે છે અને દ્રવ્ય વિશેષ અધિકાર પણ અહીં પૂર્ણ થાય છે.

આ ગાથા મૂળમાં તો પદાર્થના અસ્તિત્વની સાથે ક્ષેત્રનું અવિનાભાવપણું દર્શાવે છે. વિશ્વ આખું સત્મય છે. વિશ્વમાં શૂન્યને કયાંય સ્થાન જ નથી. જે પદાર્થ સત્મય છે તેને પોતાનું ક્ષેત્ર અવશ્ય હોય છે. તે ક્ષેત્ર એક પ્રદેશ પણ હોય શકે અને બહુપ્રદેશી પણ હોય શકે છે. સત્ અને શૂન્યની દલીલ આપણે દ્રવ્ય સામાન્ય અધિકારમાં વિચારી ગયા છીએ માટે અહીં તેનો વિસ્તાર કરતા નથી. આ ગાથાની ટીકામાં સર્વ પ્રથમ છેલ્લી બે ગાથામાં જે સિદ્ધાંત વિસ્તારથી સમજવામાં આવ્યો હતો તે ફરીને ટૂંકામાં લેવામાં આવ્યા છે. દ્રવ્ય સામાન્ય વિના પર્યાય હોય શકે જ નહીં. અહીં પુદ્ગલની ગતિ ઉપરથી કાળની પર્યાય

સિદ્ધ કરી છે. તેથી દ્રવ્યની સ્થાપના કર્યા વિના જ પર્યાયની સ્થાપના થઈ છે. હવે પર્યાય દ્રવ્ય વિના ન હોય એ સિદ્ધાંત સમજાવવાની જરૂર રહે છે. સમયસારમાં ૧૪ પશૂના કળશ છે તેમાં એક કળશમાં એવી દલીલ કરવામાં આવી શકે છે કે ઘડો છે ત્યારે તે જણાય છે. ઘડો ન હતો ત્યારે તે જણાતો ન હતો. તેથી કોઈની માન્યતા એવી છે કે ઘડા સંબંધી જ્ઞાન પણ ઘડાને આધારિત છે. અર્થાત્ એવો જીવ જ્ઞાનને જ્ઞેયના સહારાનું માને છે. પોતે જાણનાર છે માટે જાણવાનું કાર્ય થાય છે એવું તે માનતો નથી. ખરેખર તો જ્ઞાન જ્ઞાનના સહારાનું છે. અર્થાત્ જ્ઞાયક છે માટે જાણવાનું કાર્ય થાય છે. તેથી જેની એકાંત માન્યતા છે કે જ્ઞેયથી જ જ્ઞાન થાય છે તેને એ સમજાવવું જરૂરી છે કે જ્ઞાન જ્ઞાનના અર્થાત્ જ્ઞાયકના સહારાનું છે. આ સિદ્ધાંત ગા.૧૪૨માં વિસ્તારથી લીધો છે કે નિરપેક્ષ કાળ દ્રવ્યની પર્યાયમાં ઉત્પાદ-વ્યય લાગુ પડતા નથી પરંતુ કાળદ્રવ્યની સ્થાપના કરીએ તો તેની એક પર્યાય સમયે ત્યાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણ લાગુ પડે છે.

ઉપરોક્ત દલીલના અનુસંધાનમાં બીજી રજૂઆત કરે છે કે કોઈ એવું માને કે દ્રવ્ય સામાન્ય વિના માત્ર પર્યાયમાં પણ ઉત્પાદ વ્યય-ધ્રુવ સંભવે છે તેનું નિરાકરણ કરે છે. ગા. ૧૪૨ના મથાળામાં એમ લેવામાં આવ્યું હતું કે ''કાળ પદાર્થનો ઉર્ધ્વપ્રચય નિરન્વય હોવાનું ખંડન કરે છે. ત્યાં નિરન્વય કહેતા એક પ્રવાહરૂપ ન હોય એવો - ખંડિત - એકરૂપતા રહિત - વગેરે અર્થ ફૂટનોટમાં લેવામાં આવ્યા છે. હવે આ દલીલ કરનારની માન્યતા એવી છે કે પર્યાયનો પ્રવાહ અનાદિકાળથી અનંત કાળ સુધી અસ્ખલિત ચાલે છે. તે ત્રૂટક પ્રવાહ નથી માટે તેને અખંડિત પ્રવાહ, એક ધારો, એક પ્રવાહરૂપ લક્ષમાં આવે છે. તે પ્રવાહનું ધ્રુવપણું છે. વળી પર્યાયો એક પછી એક થાય છે તેમાં ઉત્પાદ-વ્યય છે માટે આ રીતે પર્યાયના પ્રવાહમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણ લક્ષગત થાય છે. દ્રવ્ય સામાન્ય સુધી જવાની જરૂર નથી. અર્થાત્ માત્ર કાળની પર્યાય જ માનીએ ત્યાં કાળાણુની સિદ્ધિ કરવાની જરૂર નથી. પરંતુ તે ભૂલી જાય છે તે દ્રવ્ય સામાન્ય વિના એક પર્યાય પણ પ્રગટ થતી નથી. તો પછી અનાદિ અનંત પ્રવાહની તો વાત જ નથી. ખરેખર તો દ્રવ્ય સામાન્ય સ્વભાવથી થતી એક રચના એ જ પર્યાય છે. દરેક પર્યાયમાં દ્રવ્ય વ્યાપે છે. દ્રવ્ય વ્યાપક છે અને પર્યાય તેનું વ્યાપ્ય છે. તેથી જો દ્રવ્ય સામાન્યનો સ્વીકાર કરવામાં ન આવે તો પર્યાયની રચના શક્ય નથી. સોનુ ન હોય તો હાર કે બંગડી બની શકે જ નહીં. સોનાથી નિરપેક્ષ હાર-બંગડી-વીંટી વગેરે પ્રવાહની શક્યતા જ નથી. દ્રવ્ય બંધારણને ફરીને યાદ કરી લઈએ.




આ સિદ્ધાંત કાયમ રાખીને પર્યાયમાં પણ સદૃશ-વિસદૃશ એવી બે દૃષ્ટિ કરવાથી તેમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ લાગુ પાડવામાં આવે છે. પરંતુ તે સમયે તે પર્યાયોરૂપે પણ દ્રવ્ય જ થાય છે. એ વાત તો રહે જ છે. અનાદિથી અનંતકાળની પર્યાય માત્રનો સ્વીકાર કરનારો (દ્રવ્ય સામાન્યને ન માનનારો) માત્ર પર્યાયના અસ્ખલિત પ્રવાહને જ એકરૂપ-ધ્રુવ માનવાની ભૂલ કરે છે. તેને ત્રિકાળ સ્વભાવનું ધ્રુવપણું લક્ષમાં આવતું નથી અને પર્યાયની સદૃશતા જે ધ્રુવ કરે છે તેનો પણ ખ્યાલ નથી. આવા અજ્ઞાનીની માન્યતા આ પ્રકારે છે.

**પર્યાય**

**અનાદિથી** - અસ્ખલિત-અત્રુટક-અખંડિત-એકરૂપ પ્રવાહ છે અર્થાત્ કયારેય પરિણામ અટકતા નથી માટે એકરૂપ તથા ધ્રુવ નથી. તેમાં એક પર્યાયનો

↓

**અનંતકાળ** વ્યય અને અન્ય પર્યાયની પ્રગટતા માટે ઉત્પાદ-વ્યય.

એની આ માન્યતાને કારણે તે દ્રવ્ય-પર્યાયરૂપ વસ્તુની અનિવાર્યતા સમજતો નથી. વળી તે જો આવી માન્યતા માત્ર કાળ દ્રવ્ય પુરતી જ રાખે તો તે તો આશ્ચર્યની અવધિ જ ગણાય. મૂળ માર્ગથી અલગ પાડવા માટેની એક મૂર્ખામી જ ગણાય.

આચાર્યદેવે આ પ્રકારે કાળાણુની દ્રવ્યરૂપે સ્થાપના કરી અને પછી જો દ્રવ્યને સત્‌રૂપે સ્વીકારવામાં આવે છે તો તેને ક્ષેત્ર અવશ્ય હોવું જોઈએ. તેને અપ્રદેશી (અર્થાત્ ક્ષેત્ર વિહોણુ) ન માની શકાય. અહીં ''અપ્રદેશી'' શબ્દનો અર્થ એક પ્રદેશી નથી થતો પરંતુ ક્ષેત્ર વિહોણો એવો થાય છે. જેને ક્ષેત્ર ન મળે - ન હોય તે તો શૂન્ય છે જ્યારે આપણે કાળાણુની સત્‌રૂપે સ્થાપના કરી છે.

હવે કાળાણુનું ક્ષેત્ર કેવડું તે વિચારે છે. તેમાં પ્રથમ શિષ્ય પ્રશ્ન રજૂ કરે છે. ધર્માસ્તિકાય એક દ્રવ્ય લોક વ્યાપી અસંખ્ય પ્રદેશી છે તે પ્રમાણે કાળાણુને પણ લોક વ્યાપી અસંખ્ય પ્રદેશી એક દ્રવ્ય કેમ ન માનવું ?

આવા પ્રશ્નનો ઉત્તર તો આચાર્યદેવે પ્રથમ જ ગા. ૧૩૯માં આપી ગયા છે. કાળાણુ એક પ્રદેશી છે અને અસંખ્ય પ્રદેશ નથી તે યુક્તિ પૂર્વક સમજાવવામાં આવે છે. તેના માટે કાળની પર્યાયનું એકમ જે 'સમય' છે તેને લક્ષમાં રાખીને દલીલ કરવામાં આવે છે. અર્થાત્ જો કાળ દ્રવ્ય અસંખ્ય પ્રદેશી હોય તો ''પર્યાય સમય'' સિદ્ધ નથી થતો. તે આ પ્રમાણે છે. એક પરમાણુ આકાશના એક પ્રદેશ જેટલા ક્ષેત્રને મંદગતિએ ઓળંગે અને અટકી જાય પરમાણુની તે ગતિ એ કાર્ય છે. તેનું કાર્ય ક્ષેત્ર આકાશના એક પ્રદેશ જેટલું છે અર્થાત્ પરમાણુની આ ગતિ એક પ્રદેશ જેટલી જગ્યામાં થઈ છે. તે જ ક્ષેત્રે એક કાળાણુ રહેલો છે. તેની પર્યાય તે એક સમય છે અને આ સમય તે પરમાણુની ગતિમાં નિમિત્ત છે. પરમાણુની ગતિનું કાર્ય પણ પુરું થયું છે અને તેમાં નિમિત્ત એવી એક સમયરૂપ કાળની પર્યાયનું કાર્ય પણ પૂરું થયું છે. હવે જો સમયરૂપની પર્યાયનું ક્ષેત્ર પ્રદેશ હોય તો તે પર્યાય જે દ્રવ્યની (કાળદ્રવ્યની) હોય તેનું ક્ષેત્ર પણ એવડું જ અર્થાત્ એક પ્રદેશી હોવું જોઈએ. કાળ દ્રવ્યને અસંખ્ય પ્રદેશી માનીએ અને તેની પર્યાય માત્ર એક પ્રદેશી માનીએ તો તેતો યોગ્ય નથી. માટે કાળાણું એક પ્રદેશી જ માન્ય કરવા યોગ્ય છે. શિષ્ય પોતાની માન્યતા છોડતો નથી અને અન્યતર્ક રજૂ કરે છે. કહે છે કે કાળ દ્રવ્ય અસંખ્ય પ્રદેશી હોય તો પણ સમયની સિદ્ધિ થઈ શકે છે પરંતુ તે કૃતર્ક છે. એવું માનતા બે દોષ આવે છે તે દોષ દર્શાવવામાં આવે છે. પહેલો દોષ એ છે કે દ્રવ્યના એક દેશ પરિણામને સર્વ દેશ પરિણમન માનવાનો પ્રસંગ આવે છે. અહીં ખુલાસો એ છે કે આપણે કાળના પ્રવાહનું એકમ જે સમય છે તેની સિદ્ધિ કરવી છે. ત્યાં ક્ષેત્રના એકમનો પ્રશ્ન નથી. કાળના પ્રવાહના એકમના સ્થાને શિષ્ય અસંખ્ય પ્રદેશી કાળદ્રવ્યના એક પ્રદેશમાં જે કાર્ય થાય છે તેને એકમ માને છે. ખરેખર તો કાળ દ્રવ્ય અસંખ્ય પ્રદેશી હોય તો તેના સર્વપ્રદેશે એક સરખું જ કાર્ય થાય. અલગ અલગ કાર્ય નથી. પર્યાય પણ અસંખ્ય પ્રદેશી અખંડ જ હોય તેથી શિષ્યની માન્યતા ખોટી છે.

વળી જો એમ માનવામાં આવે કે પરમાણુ જ્યારે મંદગતિએ આકાશના પ્રદેશોને ઓળંગે છે ત્યારે દરેક સમયે તે પ્રદેશે રહેલો કાળાણુ સમયરૂપનું પરિણમન કરે છે. આ રીતે કાળ દ્રવ્યની પર્યાય દરેક

પ્રદેશે વારાફરતી થાય છે એવું માનવાનો પ્રસંગ આવે. અર્થાત્ જે તિર્યંક્પ્રચય છે તેને ઉર્ધ્વપ્રચય માનવાનો પ્રસંગ આવે. આ રીતે એક પ્રદેશમાં કાળ દ્રવ્યનું પરિણમન થાય છે તેવું માનવાથી લોકાકાશના અસંખ્ય પ્રદેશોમાં દરેક પ્રદેશ એક કાળાણુ છે તેમ નક્કી થાય છે. તે તો ઈષ્ટ જ છે.

અહીં ફરીથી ખ્યાલમાં રહે કે યુક્તિના આધારે વસ્તુની વ્યવસ્થા નથી. પરંતુ વસ્તુની વ્યવસ્થા જે રીતે છે તે સમજીને ત્યારબાદ તેને અનુરૂપ યુક્તિ વિચારવાથી સમજવું અને યાદ રાખવું સુગમ પડે છે. જો સિદ્ધાંત યુક્તિથી માન્ય કર્યો હશે તો ત્યાં ધારણા જ્ઞાનની જરૂર નહીં પડે.

કાળાણુ એક પ્રદેશી જ છે. તેથી તેને જેમ છે તેમ માન્ય કરવો યોગ્ય છે. તેને ધર્માસ્તિકાયની માફક અસંખ્ય પ્રદેશી એક દ્રવ્ય માનવા જશો તો તમો કાળના સૂક્ષ્મ અંશ એક સમયની સિદ્ધિ કોઈ રીતે કરી નહીં શકો. તેથી માત્ર તર્ક છોડીને સત્નો સ્વીકાર કરવો યોગ્ય છે. કાળની પર્યાય માન્ય રાખવી અને કાળ દ્રવ્યને માન્ય ન કરવું એ તો તદ્દન સિદ્ધાંત વિરુદ્ધ છે.

આ રીતે આચાર્યદેવે દ્રવ્ય વિશેષ અધિકાર અહીં પૂર્ણ કર્યો છે. નવો અધિકાર શરૂ થાય છે. વિશ્વના છ દ્રવ્યો બધા સ્વથી એકત્વ અને પરથી વિભક્ત કાયમ માટે રહેલા છે. આમ હોવા છતાં અજ્ઞાની જીવ આનો સ્વીકાર કરતો નથી. છ દ્રવ્યમાં જીવમાં જ્ઞાનત્વ અને જ્ઞેયત્વ બન્ને ધર્મો છે. જ્યારે અન્ય પાંચ અચેતન દ્રવ્યોમાં માત્ર જ્ઞેયત્વ જ છે. જ્ઞાનનો સ્વભાવ તો વસ્તુ સ્વરૂપ જેમ છે તેમ જાણવાનો છે પરંતુ અજ્ઞાની સંકર દોષ કરે છે. અજ્ઞાની પણ પરથી ભિન્ન રહીને જ પરને જાણે છે. જ્ઞેય જ્ઞાયક સંબંધનું સ્વરૂપ જ એવું છે કે સંબંધની મુખ્યતાથી જોતા જ્ઞેયો જ્ઞાનમાં પ્રતિભાસે અને જ્ઞાન જ્ઞેય નિષ્ઠ ભાસે એ સમયે પણ જ્ઞાન અર્થાત્ જીવ પરદ્રવ્યથી જુદો જ છે પરંતુ અજ્ઞાનીને એવું જુદાપણું લક્ષમાં આવતું નથી.

અજ્ઞાનીએ અનાદિકાળથી શરીરમાં હુંપણું માન્યું છે. એકત્વબુદ્ધિ તો વિશ્વના સમસ્ત પદાર્થોમાં છે પરંતુ શરીર તે હું છું અને બીજા બધા મારા છે એમ પરમાં મમત્વ રાખ્યું છે. હવેની ગાથામાં જીવના શરીર સાથેના સંબંધને મુખ્ય રાખીને વિચારણા કરવામાં આવી છે. જીવ પોતાની જીવત્વ શક્તિથી જીવે છે. તેને ભાવ પ્રાણ પણ કહે છે. જીવ જે શરીરને ધારણ કરે છે તે અનુસાર તેને ચાર અથવા વધુમાં વધુ દસ પૌદગલિક પ્રાણો સાથે સંબંધ છે. તેને દ્રવ્ય પ્રાણ કહેવામાં આવે છે. જીવ ખરેખર દ્રવ્ય પ્રાણથી નથી જીવતો પરંતુ સંસાર દશામાં શરીરની સાથે આ દ્રવ્ય પ્રાણો હોય છે માટે તેને વ્યવહાર જીવત્વ કહેવામાં આવે છે. જીવને શરીરથી જુદા પાડવામાં જ ઘણી મુશ્કેલી છે.

તેથી હવેની ગાથાઓમાં વ્યવહાર જીવત્વનો હેતુ અર્થાત્ કારણ શું છે તે વિચારવામાં આવશે તેનો અભ્યાસ કરીને પાત્ર જીવ એવા કારણોને દૂર કરે છે. પોતાને ભૂલ થવાના કારણો કયા છે તે લક્ષમાં લઈને તેવા કારણોથી દૂર થવા માટે પ્રયત્ન કરવા યોગ્ય છે. ભૂલ પ્રત્યે જાગૃતિ જો રાખવામાં આવે તો ભૂલ ન થાય માટે આ ગાથાઓ બરોબર અભ્યાસ કરવા યોગ્ય છે જેથી શરીરથી ભેદજ્ઞાન સુગમ પડે.

## ◆ ગાથા - ૧૪૫

**સપ્રદેશ અર્થોથી સમાપ્ત સમગ્ર લોક સુનિત્ય છે;**
**તસુ જાણનારો જીવ, પ્રાણચતુષ્કથી સંયુક્ત જે. ૧૪૫.**

***સપ્રદેશ પદાર્થો વડે સમાપ્તિ પામેલો આખો લોક નિત્ય છે. તેને જે જાણે છે તે જીવ છે કે જે (સંસાર દશામાં) ચાર પ્રાણોથી સંયુક્ત છે.***

વિશ્વના સમસ્ત પદાર્થો સત્મય છે. તે સત્મય હોવાથી તેને સપ્રદેશ કહ્યા છે. અર્થાત્ તેમને એક

પ્રદેશ અથવા અધિક પ્રદેશો અવશ્ય હોય છે. વિશ્વમાં શૂન્ય છે જ નહીં. જે અવિદ્યમાન હોય તેને ક્ષેત્ર ન હોય. વિશ્વ છ દ્રવ્ય સમુદાયરૂપ છે. અર્થાત્ વિશ્વમાં છ દ્રવ્યો સિવાય અન્ય કાંઈ નથી. અહીં વિશ્વના સ્થાને લોક શબ્દ વાપર્યો છે. પરંતુ ભાવમાં તફાવત નથી કારણકે અલોકમાં માત્ર આકાશ જ છે. છ દ્રવ્યો નથી. જે સત્‌મય પદાર્થો હોય છે તે શાશ્વત જ હોય છે. તેના ઉત્પત્તિ વિનાશ હોય શકે નહીં. કારણકે વિશ્વમાં શૂન્યને સ્થાન નથી.

છ દ્રવ્યોના જીવ અને અજીવ એવા બે ભેદ પાડવામાં આવે છે. છ દ્રવ્યોમાં પ્રમેયત્વ અર્થાત્ જ્ઞેયત્વ છે તેથી તે બધા પદાર્થો જ્ઞાનમાં જણાવા યોગ્ય છે. જીવમાં જ્ઞેયત્વ ઉપરાંત જ્ઞાનત્વ પણ છે. તેથી જીવ જાણવાનું કામ કરે છે. જીવ અન્ય બધા પદાર્થોને જાણે છે. સ્વ પર બધાને જ્ઞાન જાણે છે. આ રીતે જીવ પાંચ અચેતન પદાર્થોને અને અન્ય સમસ્ત જીવોને જાણે છે.

અહીં ચેતન અને અચેતન એવા વિભાગ લક્ષમાં લેવા તેની મુખ્યતા નથી. કારણકે આ વાત તો ગા. ૧૨૭માં આવી ગઈ છે. અહીં તો પ્રયોજન જુદું છે. અહીં તો જીવના વ્યવહાર જીવત્વનું કારણ શું છે તે જાણવાનું પ્રયોજન છે. અહીં એ વાત લક્ષમાં રાખવા જેવી છે કે જીવમાં અનંત ગુણો હોવા છતાં જ્ઞાન ગુણની મુખ્યતા છે. જીવ જ્ઞાન ગુણ વડે જ અન્ય દ્રવ્યો સાથે સંબંધમાં આવે છે. અજ્ઞાની જીવ પરદ્રવ્યથી ભિન્ન રહીને જ પરને જાણે છે પરંતુ અજ્ઞાની જીવને એવા ભિન્નપણાનો વિવેક નથી. તેને જ્ઞાન કઈ રીતે કામ કરે છે તેની જ ખબર નથી. જ્ઞાનમાં સંકર દોષ થાય એટલે શ્રદ્ધા-ચારિત્ર વગેરે બધા ગુણોમાં વિપરીતપણું જોવા મળે છે. જો જ્ઞાન સર્વ પ્રથમ સ્વ-પરના વિવેક પૂર્વક (પ્રજ્ઞારૂપે) કાર્ય કરે તો અન્ય ગુણોમાં પણ પરિણામ બદલી જાય. શ્રદ્ધાના પરિણામ અનુસાર બંધ મોક્ષની વ્યવસ્થા છે. જ્ઞાનમાં મોહ અર્થાત્ વિપરીતતા નથી એવું જિનાગમ ફરમાવે છે. જ્ઞાનમાં સ્વ-પરને જુદા દર્શાવવાની શક્તિ છે. તે જ પ્રમાણે જ્ઞાનમાં ભૂલનો પ્રકાર અને ભૂલ દૂર કરવાની રીત દર્શાવવાની પણ તાકાત છે. કેટલી શુદ્ધતા થઈ અને કેટલું કામ બાકી છે તે બધું જ્ઞાન જ નક્કી કરે છે. જે જ્ઞાન અજ્ઞાન દશામાં ભવહેતુરૂપ થાય છે. તે જ્ઞાન ગુણ હવે જીવને વ્યવહાર જીવત્વનું કારણ શું છે તે નક્કી કરવા માટે વાપરવામાં આવે છે. જીવના અનંત ગુણોમાંથી આ નિર્ણય માત્ર જ્ઞાન જ કરી શકે તેમ છે. એવો નિર્ણય કરીને જ્ઞાનને ભાગે એ કાર્ય સોંપવાનું રહ્યુ. એ જ અહીં આ ગાથાનું પ્રયોજન છે. પરમાર્થ જોઈએ તો જીવને જ્યાં સુધી સંસાર રુચે છે ત્યાં સુધી બધી ગુણો અજ્ઞાનરૂપે પરિણમે છે. તે જીવ જ્યારે સંસારથી સાચા અર્થમાં થાકે ત્યારે તે મોક્ષાર્થી થાય છે. જ્ઞાનની સહાયથી ભૂલના કારણો શોધીને તેને દૂર કરવા માટે પ્રયત્નશીલ થાય છે. આ રીતે જ્ઞાનની મુખ્યતા કરીને છ દ્રવ્યોના ભેદ દર્શાવ્યા.

હવે જીવને અનાદિકાળથી શરીર સાથે સંબંધ છે તે વાત વિસ્તારથી સમજાવે છે. અજ્ઞાની જીવ અનાદિ સંસારથી શરીર સાથેના સંબંધના કારણે ઓછામાં ઓછા ચાર દ્રવ્ય પ્રાણો વડે જીવે છે. તેને કેન્દ્રમાં રાખીને તેમ થવાનું કારણ વિચારે છે. ચાર પ્રાણોને દ્રવ્યપ્રાણ પણ કહેવામાં આવે છે. તેને વ્યવહાર પ્રાણ પણ કહેવામાં આવે છે. લૌકિકમાં જીવ ચાર પ્રાણથી જીવે છે એમ માનવામાં આવે છે. હવે આચાર્યદેવ જીવ ખરેખર પોતાની જીવત્વ શક્તિથી જીવે છે એમ કહેવા માગે છે. જીવત્વ એટલે જીવનું જીવપણું. જેમ સોનાપણાને સુવર્ણત્વ કહેવામાં આવે છે. સમયસાર શક્તિ અધિકારમાં પ્રથમ જીવત્વ શક્તિ લેવામાં આવી છે. ત્યાં જીવ કોને કહેવાય અર્થાત્ જીવ શેના વડે ઓળખાય તે સમજાવવા માટે ત્યાં ચૈતન્ય ભાવ પ્રાણ એવો શબ્દપ્રયોગ કરવામાં આવ્યો છે. ચૈતન્ય એ જીવનું અસાધારણ લક્ષણ છે અને સામાન્ય રીતે છ દ્રવ્યોના

ચેતન અચેતન એવા ભેદ લેવામાં આવે છે માટે તે પ્રકારે ત્યાં લખાણ છે. ભાવપ્રાણ શબ્દ તો તે જીવની પર્યાય છે એમ દર્શાવવા માટે છે. ચાર પ્રકારના પૌદગલિક પ્રાણોને દ્રવ્ય પ્રાણ કહેવામાં આવ્યા છે તો અહીં ભાવપ્રાણ એવો શબ્દ વાપરવામાં આવ્યો છે.

અહીં આ ગાથામાં જીવત્વને દર્શાવવા માટે ચૈતન્યના સ્થાને અનંતજ્ઞાન શક્તિની વાત લીધી છે. વળી નિત્ય ટકવાપણાની વાત પણ સાથે લીધી છે. અર્થાત્ જીવ શાશ્વત છે. જીવત્વ શાશ્વત છે અને તે જીવત્વ જ્ઞાન શક્તિ દ્વારા લક્ષિત થાય છે એવો તેમાં ભાવ રહેલો છે. અહીં અનંતજ્ઞાન શક્તિને જીવત્વનું કારણ કહ્યું છે. ત્યાં કારણ કાર્ય સંબંધ નથી દર્શાવવો. પરંતુ ગુણ અને દ્રવ્ય વચ્ચેનો સંબંધ દર્શાવીને ગુણ ભેદ દ્વારા જીવ દ્રવ્યની ઓળખાણ કરાવવાનો હેતુ છે. જીવ પોતાની જીવત્વ શક્તિથી જીવે છે તેને અહીં નિશ્ચય જીવત્વ કહેવામાં આવ્યું છે.

| જીવ | શરીર |
|---|---|
| જીવત્વ | શરીર સંબંધી ચાર પ્રાણો |
| નિશ્ચય જીવત્વ | વ્યવહાર જીવત્વ |
| નિશ્ચય પ્રાણ | વ્યવહાર પ્રાણ |
| ભાવ પ્રાણ | દ્રવ્ય પ્રાણ |

દરેક પદાર્થ સત્ એહતુક પણે સ્વથી એકત્વ અને પરથી વિભક્તરૂપે કાયમ રહેલા હોવાથી જીવ પણ પોતાની જીવત્વ શક્તિ અનુસાર શાશ્વતપણે રહેલો છે, કોઈ દ્રવ્યની હયાતી માટે પર દ્રવ્યની પરાધીનતા નથી. તેથી જીવને પણ શરીરાદિની અપેક્ષા નથી. જીવ પોતાની રીતે સત્ અહેતુક છે. તેથી સૌ પ્રથમ તો આ નિર્ણય પાત્ર જીવે કરવો જરૂરી છે. આપણને લાગે કે આ કોઈ આપણા માટે નવો સિદ્ધાંત નથી. આપણે તો છ દ્રવ્યોનું સ્વરૂપ જાણીએ છીએ. તેથી બધા દ્રવ્યો સ્વથી એકત્વ અને પરતી વિભક્તરૂપ જ આપણે માન્ય કરીએ છીએ. પરંતુ શાંતિથી વિચારશો ત્યારે ખ્યાલ આવશે કે ખરેખર તેમ નથી.

પરથી, શરીરથી ભિન્ન આત્માનો આપણને અનુભવ નથી. જીવનું સ્વતંત્રપણું આપણે સ્વીકાર્યું નથી. જે જ્ઞાનને જીવના અસાધારણ લક્ષણરૂપે અહીં સ્થાપવામાં આવ્યું છે તે જ્ઞાન ગુણ પણ સ્વતંત્રપણે જાણવાનું કાર્ય કરે છે તે વાત આપણે યુક્તિથી ભલે સ્વીકારીએ. પરંતુ એવું વાસ્તવિક વિશ્વમાં આપણા અનુભવમાં આવતું નથી. અહીં જીવના શરીર સાથેના સંબંધને કેન્દ્રમાં રાખીને ગાથાઓ શરૂ થઈ છે તેથી તે રીતે વિચારીએ તો શરીરને પ્રાપ્ત ઈન્દ્રિયો દ્વારા જ જીવ જાણવાનું કાર્ય કરે છે એવો આપણો અનુભવ છે.

***અથવા દેહ જ આત્મા અથવા ઈન્દ્રિય પ્રાણ***
***મિથ્યા જુદો માનવો, નહીં જુદુ એંધાણ***

જન્મથી મરણ સુધી જીવ અને શરીર એક જેવા થઈને રહે છે. બાહ્યમાં પણ તેનો એકરૂપે જ વ્યવહાર કરવામાં આવે છે. અજ્ઞાની જીવ કયારેક આ મારું શરીર છે એવું પણ કહે છે. તેમ છતાં તે સમયે તેને જીવ અને શરીરના જુદાપણાનો ખ્યાલ નથી. મરણ સમયે જીવ ચાલ્યો ગયો એવું કહેતા સમયે પણ તેને જીવ અને શરીરના જુદાપણાનો ખ્યાલ નથી. કદાચ ઉપલકરૂપે તે જીવ અને શરીરની અલગ સત્તા માને છે તોપણ તેને આંધળા-લંગડાની જોડી રૂપે ખ્યાલમાં લે છે. જેમ આંધળો એકલો જઈ ન શકે અને લંગડો પણ જઈ ન શકે. પરંતુ આંધળાના ખભા પર લંગડો બેસી જાય તો બન્ને પોતાના સ્થાને પહોંચી શકે. સિદ્ધાંતમાં જીવ લંગડાના સ્થાને છે અને શરીર આંધળુ છે. જીવ અને શરીર સાથે એક થઈને એક જેવા થઈને ભાગીદારીમાં જ કામ કરી શકે એવું લાગે છે. જીવ ચાલ્યો જાય ત્યારે શરીર નકામું લાગે છે.

એવો આપણને અનુભવ છે. તે જ પ્રમાણે કોઈ આંધળો કે બહેરો થાય ત્યારે જ્ઞાન કામ કરી શકતું નથી. એવો પણ અનુભવ છે. આપણે આંધળા પણ થવાની જરૂર નથી. ઘડિયાળમાં કેટલા વાગ્યા તે જાણવું હોય તો જાણવાનું કાર્ય અચૂક જીવ જ કરે છે એવો જેને બર્હિલક્ષી જ્ઞાનમાં વિશ્વાસ છે તેને પણ આંખના ઉપયોગ વિના તે કેટલા વાગ્યા તે જાણી શકશે નહીં. જાણવાનું કાર્ય જ્ઞાન કરે છે પણ આંખ તેમાં સાધન છે. આ પ્રકારે ત્યાં ભિન્ન સાધનપણું હોવા છતાં તેના વિના કાર્ય થાય જ નહીં એવો આપણને અનુભવ હોવાના કારણે શરીર વિના જીવ પણ નકામો છે એવી અજ્ઞાની જીવની માન્યતા છે. બાહ્યમાં એવા પ્રકારનો અનુભવ હોવાથી તેની તે માન્યતાને ઘણા ટેકા મળે છે. જીવ જાણવાનું કાર્ય પણ સ્વતંત્રપણે કરી શકતો નથી. એવા અનુભવના કારણે તેને જીવના સ્વતંત્ર અસ્તિત્વનો ભરોંસો આવતો નથી. ભરોંસો ન આવે ત્યાં સુધી તે ભેદ જ્ઞાનનો પ્રયોગ કરતો નથી.

પોતે જે કાંઈ પ્રવૃત્તિ કરે છે તેને ચાર ભેદથી વિચારે તો ખ્યાલ આવે કે જીવ અને શરીર બન્નેના સ્વતંત્ર પરિણમન પણ છે અને એકબીજા સાથે મેળ વિશેષવાળા પરિણામો પણ છે. શરીરનું કાળુ-ધોળુ-જાડું વગેરે પરિણામ એ સ્વાભાવિક પરિણામો છે અને જીવની હાજરીમાં થતાં હલનચલન-બોલવું-ખાવું વગેરે નૈમિત્તિક પરિણામો છે. શરીરના લક્ષે જીવમાં જે વિભાવભાવો થાય છે તે નૈમિત્તિક પરિણામો છે. જ્યારે જ્ઞાન એ સ્વાભાવિક પરિણામો છે. આવા સ્પષ્ટ ભેદ હોવા છતાં જ્ઞાન પણ ઈન્દ્રિયો દ્વારા જ થાય છે તેથી તેને જીવનું કોઈ કાર્ય લક્ષમાં આવતું જ નથી. ઈન્દ્રિય જ્ઞાનનો વિષય જીવ નથી તેથી જ્ઞાન અને સુખ જે જીવના કાર્યો છે તે પણ ઈન્દ્રિયોના કાર્ય હોય એવું માનીને શરીર પૂરતી જ પોતાની સત્તા માને છે.

મિથ્યાત્વના કારણે અજ્ઞાની જીવ પરમાં કર્તાપણું અને ભોક્તાપણું માને છે. બાહ્ય વિષયોને ભોગવતા મને સુખ થાય છે એવા માન્યતાપૂર્વક બાહ્ય વિષયોને ભોગવવાની ઈચ્છા કરે છે, પ્રયત્ન કરે છે અને ઈચ્છિત વિષય ભોગવતા ઈન્દ્રિય સુખનો અનુભવ પણ કરે છે. તે કારણે તે દરેક સમયે મિથ્યાત્વને પુષ્ટ કરે છે. આવા ઈન્દ્રિય સુખમાં શરીરને પ્રાપ્ત ઈન્દ્રિયો નિમિત્ત છે માટે તે શરીર સાથેનો સંબંધ છોડવા તૈયાર નથી. તેને જે ઈન્દ્રિય દુઃખનો અનુભવ થાય છે. તેમાં શરીર મુખ્ય છે. આંખમાં નાનુ કણુ પણ પોષાતુ નથી. શરીર મારાથી જાુદુ છે એવું ગમે તેટલું જ્ઞાનમાં નક્કી કરે તો પણ દુઃખના સમયે શરીર સાથે એકાકાર થઈ જાય છે. શરીરની સાધારણ પ્રતિકૂળતા સમયે તત્ત્વના ચિંતવનમાં પણ તેનું ચિત્ત લાગતું નથી. ભેદજ્ઞાનની સુંદર વાતો કરનારો પણ શરીરના રોગ અને દુઃખ પાસે લાચાર બની જતો જોવામાં આવે છે.

જીવ એક દેહ છોડીને નવો દેહ ધારણ કરે છે ત્યારે ત્યાં વાતાવરણ તદ્દન નવું છે. શરીર પણ અજાણ્યું છે અને સંયોગો પણ અજાણ્યા છે. તેમ હોવા છતાં જીવને શરીર પ્રત્યે એવું અદ્‌ભૂત આકર્ષણ છે કે દેવનો ભવ છોડીને ભૂંડનો અવતાર ધારણ કરે તો ત્યાં પણ તે જીવ તે દેહમાં હુંપણું સહજપણે સ્થાપી લે છે. દેવના ભવમાં તેને ખ્યાલ આવે કે અહીંથી મરીને ભૂંડ થવાનો છું ત્યારે તેને આકુળતાનો કોઈ પાર નથી. એ જ જીવ ભૂંડ થયા બાદ આરામથી જીવન જીવે છે. તેને નવા દેહમાં કાંઈ અજાણ્યું લાગતુ નથી એ એક મોટુ આશ્ચર્ય છે.

નરકમાં જન્મે ત્યારે આ દુઃખમાં કેવી રીતે રહેવાય એવો અનુભવ કરનારને પણ બધું કોઠે પડી જાય છે અને સુદીર્ઘકાળ સુધી ત્યાં રહે છે. બધી પરિસ્થિતિમાં ટેવાય જવું એ એક રીતે સારુ કહી શકાય પરંતુ તે જ તેને વૈરાગ્ય લાવીને પાછા

ફરવામાં બાધારૂપ બને છે. પોતે આ ભવ બાદ ક્યાં જવાનો છે તે પોતાના ભાવ અનુસાર જ નક્કી થાય છે. પોતે શરીર ઈચ્છે છે અને પોતાને શરીર પ્રાપ્ત થાય છે. શાસ્ત્રમાં આવે છે કે જે પોતાને રાગનો કર્તા માને છે તેને રાગના પરિણામો જ થાય છે. જે પોતાને વીતરાગ ઈચ્છે છે તેને વીતરાગતાની જ પ્રાપ્તિ થાય છે. જે અશરીરી થવા માગે તેને સિદ્ધ દશાની પ્રાપ્તિ થાય. સિદ્ધ ભગવંતો દેહ વિના પણ અનંત અવ્યાબાધ સુખના ધારક થયા છે. જીવ સુખ સ્વભાવી છે માટે તે સુખી થઈ શકે છે. અચેતન એવા શરીરમાં સુખ નામનો ગુણ જ નથી તેથી તેને સુખ ન હોય અને તેની મારફત સુખનો અનુભવ ન હોય. પ્રાપ્તની પ્રાપ્તિ છે. જીવ સુખ સ્વભાવી હોવાથી સિદ્ધ ભગવંતોને અતીન્દ્રિય સહજ સ્વાભાવિક સુખની અનુભૂતિ સાદિ અનંતકાળ સુધી રહે છે. શાસ્ત્રમાં દૃષ્ટાંત આવે છે. અગ્નિ જો લોખંડનો સંગ કરે તો ઘણના ઘા તેને પડે છે તેમ જીવ જો શરીરનો સંગ કરે તો તેને દુઃખનો અનુભવ થાય છે.

આ બધી વિચારણા કરતાં એમ લાગે છે કે જીવ શરીરથી પોતાનું જુદાપણું રાખી શકે નહીં; પરંતુ એટલા માત્રથી નાસીપાસ થઈને અટકવા જેવું નથી. અનાદિથી આજ સુધીમાં અનંત જીવો ભેદ જ્ઞાન કરીને પરમાત્મદશાને પ્રાપ્ત થયા છે. આપણે પહેલ નથી કરવાની. વળી આ મનુષ્ય ભવમાં આત્મકલ્યાણની ઉત્તમ તક છે. આપણને શ્રી ગુરુ મળ્યા છે અને સાચો માર્ગ દર્શાવ્યો છે. વળી આ જ કરવા જેવું છે એવો ભાવ પણ આપણને જાગ્યો છે ત્યારે સર્વ પ્રયત્ન કરી લેવા જેવા છે. અનાદિનો અજાણ્યો માર્ગ છે તેથી મૂંઝવણ તો થાય પરંતુ જ્ઞાનીઓ કરુણા કરીને અનેક પ્રકારે માર્ગદર્શન આપે છે અને અનેક રીતો પણ દર્શાવે છે.

પોતાના સ્વભાવના સામર્થ્યનો નિર્ણય કરવો એ ખુબ જ મહત્વનું છે. કોઈ પણ ક્રિયાની પાછળ જે સ્વભાવ હોય તે પરિપૂર્ણ જ હોય એવો સિદ્ધાંત છે. જો પોતે વર્તમાનમાં પ્રયત્ન કરી શકે છે તો પોતાના પુરુષાર્થ ગુણનું અમર્યાદ સામર્થ્ય જ હોય. સુખનો અનુભવ થાય છે માટે સુખ ગુણ મારામાં હોવો જ જોઈએ અને તેનું સામર્થ્ય પરિપૂર્ણ જ હોવું જોઈએ. ઈત્યાદિ પોતાના અનંત ગુણો અને તેના સ્વભાવને લક્ષમાં લઈને તેના જોરમાં જો પુરુષાર્થ ઉપાડે તો અવશ્ય કાર્ય થાય. જ્ઞાનીઓએ પોતે માર્ગની આરાધના કરીને માર્ગની સ્પષ્ટતા કરી છે. માર્ગના ભય સ્થાનો પણ દર્શાવ્યા છે. પાત્ર જીવોનો પ્રેરણા પણ આપી છે અને ઠપકો પણ આપ્યો છે. આપણે તો માત્ર તેમની પાસેથી શુદ્ધાત્માનું સાચું સ્વરૂપ જાણી તેની પ્રતીતિ કરી તેમાં હુંપણું સ્થાપીને તેનો આશ્રય કરી લેવા જેવો છે. આ કાર્ય માટે મનુષ્યભવ સર્વોત્કૃષ્ટ છે.

હું શાશ્વત ટકનાર છું એ વાત ઉપર પણ આ ગાથામાં વર્ણન છે. તે પણ અગત્યનું છે. પોતે કાયમ ટકનાર છે તેવો નિર્ણય થતાં તેને સાત પ્રકારના ભયમાંથી એક પણ પ્રકારનો ભય રહેતો નથી. આ શરીર તે હું નથી મારા અસંખ્ય પ્રદેશો છે તે મારું શરીર છે. તેથી શરીરની વેદના મને નથી મને તો મારા અસંખ્ય પ્રદેશે જ્ઞાન અને સુખ વિસ્તરેલા છે તેથી મને તો માત્ર સુખનું જ વેદન છે. હું કાયમ ટકનાર છું માટે મને અરક્ષા, અગુપ્તિ કે મરણા કેમ હોય શકે ? સ્વયં રક્ષિતની રક્ષા કોણ કરે ? ઈત્યાદિ ચિંતવનની દૃઢતા થતાં અને તેનો વિશ્વાસ વધતા શરીર એ જ મારું જીવન છે, શરીરના નાશથી મારો નાશ છે વગેરે વિચારો તો ક્યાંય અદૃશ્ય થઈ જાય છે.

જો મારે શરીર સાથે જ સંબંધ નથી તો પછી મારે સંયોગોનું કાંઈ પ્રયોજન નથી. સંયોગોની માગણીઓ તો દેહલક્ષી હોય છે. જો સંયોગોની જરૂર નથી તો મારે ઈન્દ્રિયોથી પણ પ્રયોજન નથી. મને બાહ્ય વિષયો પ્રાપ્ત થતા નથી. મને બાહ્ય

અચેતન પદાર્થોમાંથી ઈન્દ્રિય સુખ પણ આવતું નથી. ઈત્યાદિ સિદ્ધાંતો તો સહજપણે કસોટીએ ચડાવીને માન્ય કરી શકાય તેવા છે. તે સિદ્ધાંતનો સ્વીકાર આવે તો ઈન્દ્રિયોનું કોઈ પ્રયોજન ન રહે. વળી જેને પોતાના અસલી સ્વભાવને બધાથી જુદો સ્વતંત્રતાથી શોભાયમાનરૂપે જોવાની જિજ્ઞાસા જાગે તેને ઈન્દ્રિયોનું કાંઈ પ્રયોજન નથી કારણકે ભગવાન આત્મા ઈન્દ્રિય જ્ઞાનનો વિષય થતો નથી. માટે ઈન્દ્રિયની પરાધીનતા છોડીને જ્ઞાનને તેના અવલંબનથી છોડાવીને સ્વભાવ સન્મુખ કરવું રહ્યું. જ્ઞાનની પૂરી જાગૃતિ રાખે અને બાહ્ય વિષયો ન લે તો જ્ઞાન અંતરંગમાં પોતાના સ્વભાવ તરફ વળે. અંતરંગમાં સ્વભાવને જાણવાની તીખી તમન્ના જાગે અને બાહ્ય વિષય ન લે તો ઉપયોગ અંદરમાં અવશ્ય જાય. આપણાને ઈન્દ્રિયો ઉપરાંત મન પણ સંયોગરૂપે, સાધનરૂપે પ્રાપ્ત છે. મન પાસે મોટે ભાગે રૂપી વિષયોની જ જાણકારી છે. કારણકે મનનો ઉપયોગ રૂપી પદાર્થને જાણવા માટે જ કર્યો છે. તેથી મનની ચંચળતાને કારણે અનેક નિરર્થક વિષયો પણ કેડો છોડતા નથી. જીવ જ્યારે પોતાના સ્વભાવ સન્મુખ થવા માગે છે ત્યારે મન પૂર્વે જાણેલા અનેક વિષયો જીવની સામે ધરે છે. એવા વિષયોનો પરિચય અનાદિથી હોવાથી તેમાં ઉપયોગ ચાલ્યો જાય છે. તેથી ત્યાં જાગૃતિ રાખવી અત્યંત જરૂરી બની જાય છે.

આ ગાથાની ટીકામાં જીવ વાસ્તવિકપણે પોતાની જીવત્વ શક્તિ વડે જીવે છે. એ વાત લીધા પછી કહે છે કે આમ હોવા છતાં જીવ સંસાર અવસ્થામાં અનાદિ પ્રવાહરૂપે પ્રવર્તતા પુદ્‌ગલ સંશ્લેષ વડે પોતે દૂષિત હોવાથી તેને ચાર પ્રાણોથી સંયુક્તપણું છે. આ રીતે અનાદિ કાળથી જીવને વ્યવહાર જીવત્વના હેતુ તરીકે જીવની વિભાવ પર્યાય દર્શાવી છે. જીવ પોતે જુદો હોવા છતાં તે પુદ્‌ગલ સાથે વિશિષ્ટ સંબંધમાં આવે છે. જ્ઞાન પરથી ભિન્ન રહીને જ પરને જાણે છે પરંતુ જ્ઞાન કઈ રીતે કાર્ય કરે છે તેનાથી અજાણ એવો અજ્ઞાની જીવ જ્ઞેય જ્ઞાયક સંબંધથી જ્ઞેયનું (શરીરનું) રૂપ જ્ઞાનમાં જોઈને, જ્ઞેયાકાર જ્ઞાન કઈ રીતે થાય છે. તેનો વિવેક ન હોવાથી શરીર સ્વભાવથી પોતારૂપ છે એવું માનવા લાગે છે. જીવ અને શરીર બન્નેના સ્વભાવ એકમેક થઈ ગયા એવું લાગે તેને જ્ઞેય જ્ઞાયક સંકરદોષ કહે છે. ખરેખર તો અહીંથી જ અજ્ઞાનની શરૂઆત થાય છે. તેને અનુસરીને શ્રદ્ધા-ચારિત્ર વગેરે ગુણોના પરિણામનમાં દોષ જોવા મળે છે. આ બધું છોડવાલાયક છે.

## ◆ ગાથા - ૧૪૬

**ઈંદ્રિયપ્રાણ, તથા વળી બળપ્રાણ, આયુપ્રાણ ને,**
**વળી પ્રાણ શ્વાસોચ્છ્‌વાસ - એ સૌ, જીવ કેરા પ્રાણ છે. ૧૪૬.**

***ઈન્દ્રિય પ્રાણ, બળ પ્રાણ, આયુ પ્રાણ તથા શ્વાસોશ્વાસ પ્રાણ એ (ચાર) જીવોના પ્રાણો છે.***

આ ગાથામાં દ્રવ્ય પ્રાણ ક્યા છે તેનું વર્ણન છે. ઈન્દ્રિય પ્રાણમાં પાંચ ઈન્દ્રિયો અને મનનો સમાવેશ થાય છે. બલ પ્રાણમાં મન, વચન તથા

| | | | | |
|---|---|---|---|---|
| એકેન્દ્રિય જીવ | આયુ | શ્વાસોશ્વાસ | સ્પર્શ ઈન્દ્રિય | કાયા |
| બે ઈન્દ્રિય જીવ | આયુ | શ્વાસોશ્વાસ | સ્પર્શ-રસ | કાયા-વચન |
| ત્રણ ઈન્દ્રિય જીવ | આયુ | શ્વાસોશ્વાસ | સ્પર્શ-રસ-ગંધ | કાયા-વચન |
| ચાર ઈન્દ્રિય જીવ | આયુ | શ્વાસોશ્વાસ | સ્પર્શ-રસ-ગંધ-વર્ણ | કાયા-વચન |
| અસંજ્ઞી પંચેન્દ્રિય | આયુ | શ્વાસોશ્વાસ | પાંચેય ઈન્દ્રિયો | કાયા-વચન |
| સંજ્ઞી પંચેન્દ્રિય | આયુ | શ્વાસોશ્વાસ | પાંચેય ઈન્દ્રિયો | કાયા-વચન-મન |

કાયાની વાત છે. સંસારી જીવોને આ ચાર પ્રકારના પ્રાણો અવશ્ય હોય છે.

આયું અને શ્વાસોશ્વાસ તો દરેક સંસારી-સશરીરી જીવોને હોય છે. એકેન્દ્રિય જીવોને માત્ર એક સ્પર્શ ઈન્દ્રિય છે અને કાયા છે તેથી તેને ચાર દ્રવ્ય પ્રાણો છે. બે ઈન્દ્રિય જીવોને સ્પર્શ-રસ બે ઈન્દ્રિયો ઉપરાંત વચન પણ છે. તેથી તેને છ દ્રવ્ય પ્રાણો હોય છે. ત્રણ ઈન્દ્રિય જીવને ગંધ વધે છે અને ચાર ઈન્દ્રિય જીવને આંખ વધે છે. અસંજ્ઞી પંચેન્દ્રિય નવ દ્રવ્ય પ્રાણો હોય છે જ્યારે સંજ્ઞી પંચેન્દ્રિય જીવને દસ દ્રવ્ય પ્રાણો હોય છે.

આ રીતે સશરીરી જીવોને ૪ થી લઈને ૧૦ દ્રવ્ય પ્રાણો હોય છે. આ ગાથામાં ઈન્દ્રિય પ્રાણમાં છ આવે છે અને બલ પ્રાણમાં ત્રણ આવી જાય છે માટે બધા સંસારી જીવોને ચાર પ્રાણ હોય છે એમ લીધું છે.

## ◆ ગાથા - ૧૪૭

**જે ચાર પ્રાણે જીવતો પૂર્વે, જીવે છે, જીવશે,**
**તે જીવ છે; પણ પ્રાણ તો પુદ્‌ગલદરવનિષ્પન્ન છે. ૧૪૭.**

***જે ચાર પ્રાણોથી જીવે છે, જીવશે અને પૂર્વે જીવતો હતો, તે જીવ છે. આમ છતાં પ્રાણો તો પુદ્‌ગલ દ્રવ્યોથી નિષ્પન્ન છે.***

આ ગાથામાં જીવ ચાર પ્રાણોથી જીવે છે એમ લખ્યું છે. ત્યાં જીવ શબ્દથી સંસારી-સશરીરી જીવ સમજવો. સિદ્ધ ભગવાનને શરીર જ નથી તેથી વ્યવહાર જીવત્વ જ નથી. તેથી તેને ચાર પ્રાણો પણ નથી. અજ્ઞાની જીવ અનાદિ કાળથી સંસારી હોવાથી ભૂતકાળમાં તે ચાર પ્રાણોથી જીવતો હતો. જેને ઉપદેશ દેવામાં આવે છે તે વર્તમાનમાં સંસારી હોવાથી દસ પ્રાણથી જીવે છે અને તે જીવ ભવિષ્યમાં જ્યાં સુધી સંસારી રહેશે ત્યાં સુધી ઓછામાં ઓછા ચાર પ્રાણોથી જીવશે. એક વાત સ્પષ્ટપણે ખ્યાલમાં રાખવી કે આ વ્યવહાર જીવત્વ તે સાચું જીવત્વ નથી. સંસાર અવસ્થામાં પણ જીવ તો પોતાની જીવત્વ શક્તિથી જ જીવે છે. ભાવ પ્રાણ વડે જીવે છે. નિશ્ચય જીવત્વ વડે જીવે છે. જીવનું જીવત્વ શાશ્વત છે.

## ◆ ગાથા - ૧૪૮

**મોહાદિકર્મનિબંધથી સંબંધ પામી પ્રાણનો,**
**જીવ કર્મફળ-ઉપભોગ કરતાં, બંધ પામે કર્મનો. ૧૪૮.**

***મોહાદિક કર્મો વડે બંધાયો હોવાને લીધે જીવ પ્રાણથી સંયુક્ત થયો થકો કર્મફળને ભોગવતાં અન્ય કર્મો વડે બંધાય છે.***

જીવને શરીર સાથેનો સંબંધ કઈ રીતે થાય છે તે પ્રથમ જોઈએ. મોહનીય કર્મના ઉદયમાં જોડાયને જીવ વિભાવ ભાવ કરે છે. વિભાવ ભાવને નિમિત્ત બનાવીને નવા દ્રવ્ય કર્મો જીવ સાથે બંધાય છે. તે કર્મોમાં જે અઘાતિકર્મો છે તે ઉદયમાં આવે ત્યારે તેના નિમિત્તે પછીના ભવમાં જીવને શરીર સાથેનો સંયોગ પ્રાપ્ત થાય છે.

શરીર પ્રાપ્ત થયા બાદ જીવ શું કરે છે ? જે શરીર પ્રાપ્ત થાય તેમાં જીવ હુંપણું સ્થાપે છે અર્થાત્ દર્શન મોહનીય કર્મોદય અનુસાર ભાવ મિથ્યાત્વના પરિણામો થવાનું ચાલુ રહે છે. તે શરીરને પ્રાપ્ત જે ઈન્દ્રિયો હોય છે તેને સાધન બનાવીને જીવ જાણવાનું કાર્ય કરે છે. ઈન્દ્રિય જ્ઞાનની સાથે રાગ-દ્વેષના ભાવો સંકળાયેલા છે. આ રાગ-દ્વેષના ભાવોમાં નિમિત્ત ચારિત્ર મોહનીય કર્મ છે. જીવના આવા મોહ-રાગ-દ્વેષ ભાવોના કારણે જીવને ફરીને નવા દ્રવ્યકર્મો બંધાય છે. આ રીતે શરીરને પ્રાપ્ત કરીને આ જીવ પોતાની અનાદિ કાળથી ચાલી આવતી વિભાવ પરિણતિ ચાલુ રાખે છે. એ રીતે જીવ રાગ દ્વેષના ભાવપૂર્વક બાહ્ય સંયોગોના સંપર્કમાં આવે છે. જીવને શરીર સાથેના સંબંધ ઉપરાંત દ્રવ્યકર્મ અને અન્ય સંયોગો સાથેના

સંબંધની વાત પણ અહીં લેવામાં આવી છે. અનાદિકાળથી આવા સંબંધોની હારમાળા ચાલુ જ છે. દ્રવ્યકર્મો અને સંયાગો બન્ને પૌદગલિક છે. શરીર પણ પૌદગલિક છે. જીવ એનો એ છે. દ્રવ્યકર્મોમાં જુના અને નવા એવા ભેદો પડે છે. એ પ્રકારે શરીર પણ બદલાતા જાય છે. સંયોગો પણ બદલાતા જાય છે. ખરેખર તો દ્રવ્ય કર્મ, શરીર અને સંયોગો તે બધાનું કારણ જીવનો વિભાવ જ છે. જીવ પોતે વિભાવ કરવામાં અને તેનો નાશ કરવામાં બન્નેમાં સ્વતંત્ર છે. પરંતુ અહીં સંસાર સિદ્ધ કરવો છે. તેથી નિમિત્તની મુખ્યતા કરીને કથન કરવામાં આવે છે કે જીવ મુક્ત નથી. બંધાયેલો છે. તેથી તેને શરીર સાથેના સંબંધ થાય છે. વળી શરીર પ્રાપ્ત થતાં શરીરની જરૂરિયાત અનુસાર તેને બાહ્ય સામગ્રીની પણ જરૂર પડે છે. તેથી તે નવેસરથી સંયોગોને મેળવવા અને ભોગવવા માટે પ્રયત્નો કરે છે. સંયોગો તો જીવના વર્તમાન પ્રયત્ન અનુસાર નથી આવતા પરંતુ પૂર્વના બંધાયેલા અઘાતિ કર્મોદય અનુસાર પ્રાપ્ત થાય છે તેથી તે પ્રાપ્ત સંયોગોમાં નવા રાગ-દ્વેષ-મોહના ભાવો કરે છે. જેથી નવા દ્રવ્ય કર્મો બંધાય છે. જે નવા ઘાતિ કર્મો બંધાય છે તે ફરીને ભવિષ્યમાં ઉદયમાં આવીને જીવના વિભાવમાં નિમિત્ત થશે અને અઘાતિ કર્મોદય અનુસાર શરીર અને સંયોગો ઉપલબ્ધ થશે. આ રીતે જુના કર્મો ઉદયમાં આવીને ખરી જાય છે અને નવા કર્મો બંધાય છે. તેમાં વચ્ચે જીવ અને શરીરની વાત આ ગાથામાં વણી લેવામાં આવી છે. દેહલક્ષી વિભાવ ભાવોની મુખ્યતા દર્શાવવાનો આશય છે. જો જીવને દેહ સાથેનો આવો ઘનિષ્ઠ સંબંધ ન હોય તો તેને સંયોગોની માગણી ન રહે એવો ભાવ દર્શાવવા માગે છે.

એ વાત લીધા પછી ફરીને પ્રાણોનું પૌદગલિકપણું દર્શાવે છે. તે પ્રાણોને પૌદગલિક કર્મોના કાર્યરૂપે અને પૌદગલિક કર્મોના કારણરૂપે દર્શાવે છે. દ્રવ્ય પ્રાણો સ્વયં પૌદગલિક છે અને તેના કારણ કાર્યો પણ પૌદ્ગલિક છે એવું જણાવે છે.

## ◆ ગાથા - ૧૪૯

**જીવ મોહ-દ્વેષ વડે કરે બાધા જીવોના પ્રાણને,**
**તો બંધ જ્ઞાનાવરણ-આદિક કર્મનો તે થાય છે. ૧૪૯.**

***જો જીવ મોહ અને દ્વેષ વડે જીવોના (સ્વ તથા પર) પ્રાણોને બાધા કરે છે, તો પૂર્વે કહેલો જ્ઞાનાવરણાદિક કર્મો વડે બંધ થાય છે.***

કર્મોદય કારણ અને શરીર અને તેના સંબંધી ચાર પ્રાણો એ કાર્ય એવું વિસ્તારથી લીધા બાદ આ ગાથામાં ચાર પ્રાણો એ કારણ અને નવીન દ્રવ્ય કર્મનો બંધ એ કાર્ય એવું દર્શાવવા માગે છે. એ વાત ખ્યાલમાં રહે કે નવા દ્રવ્ય કર્મના બંધનું કારણ તો જીવનો વિભાવ ભાવ જ છે. ચાર પ્રાણો સીધા નવા કર્મ બંધના કારણો નથી. પરંતુ જીવ શરીરને સાધન બનાવીને વિભાવ કરે છે. તેથી અહીં ચાર પ્રાણોને કર્મબંધના કારણરૂપે દર્શાવે છે. ચાર પ્રાણોમાંથી ઈન્દ્રિય અને બલ એ બે પ્રાણો દ્વારા જ જીવ વિભાવ કરે છે એ પણ ખ્યાલમાં રાખવું.

ગાથામાં જીવ મોહ અને દ્વેષ કરે છે એવું લખાણ છે. ત્યાં રાગનું નામ નથી. દ્વેષ એ અશુભભાવ છે. સિદ્ધાંત એ છે શુભ અને અશુભ બન્ને ભાવો નવા કર્મબંધના કારણો થાય છે. ત્યારે સહેજે થાય કે કદાચ પદ્યની રચના અનુસાર રાગ શબ્દનો ઉપયોગ શક્ય નહીં હોય. પરંતુ અહીં દ્વેષ શબ્દ દ્વારા હિંસાની વાત લીધી છે. હિંસામાં પણ સ્વ અને પર બન્નેની વાત લીધી છે. આચાર્યદેવ સ્વ હિંસા ઉપર વજન દેવા માગે છે માટે માત્ર દ્વેષ અને હિંસા એવો શબ્દ વાપર્યો છે. આપણને પૂ. ગુરુદેવશ્રીના પ્રતાપે એ ખ્યાલ છે કે મિથ્યાત્વ એ જ મોટામાં મોટી હિંસા છે. વળી શુભાશુભ બન્ને ભાવો નવા કર્મ બંધના કારણ છે. જીવને અન્ય

જીવોને બચાવવાનો ભાવ આવે તે ભાવ પણ સ્વની હિંસા તો અવશ્ય કરે જ છે. તેથી આ વાત લક્ષમાં રાખીને આ ગાથા સમજવી જરૂરી છે.

જીવ અનાદિકાળથી મોહ-રાગ-દ્વેષ કરતો આવ્યો છે. તેને બાહ્યમાં શરીરની પ્રાપ્તિ થતાં તે શરીરને પ્રાપ્ત ઈન્દ્રિયો અને મન-વચન-કાયાને સાધન બનાવીને મોહ-રાગ-દ્વેષની પ્રવૃત્તિ ચાલુ રાખે છે. જ્ઞાન ગુણ ઈન્દ્રિયોને સાધન બનાવીને જાણવાનું કાર્ય કરે ત્યારે તે ઈન્દ્રિયો માત્ર રૂપી પદાર્થને જ દર્શાવે છે. વળી ઈન્દ્રિય જ્ઞાન સાથે રાગ-દ્વેષ વણાયેલા હોવાથી પોતે રાગી થઈને જ ઈન્દ્રિયો દ્વારા પર દ્રવ્યોને, સંયોગોને જાણે છે. પોતે મોહનીય કર્મોદય અનુસાર રાગ-દ્વેષ કરીને એવા ભાવ વડે સંયોગોમાં જોડાય છે. સંયોગના લક્ષે રાગ-દ્વેષ થાય છે એવી જો માન્યતા છે તો તે જીવ સંયોગોને ફેરવવા પ્રયત્ન કરે છે. પરંતુ કર્મોદય અનુસાર અર્થાત્ કર્મના ઉદયમાં જોડાવાથી રાગ દ્વેષ થાય છે એવું માનવામાં આવે તો જીવ રાગ-દ્વેષને છોડવા માટે મારે કર્મોદયમાં ન જોડાવું જોઈએ, મારે મારા સ્વભાવમાં સ્થિત રહેવું જોઈએ એવો નિર્ણય કરે છે. આવા નિર્ણયનો અમલ કરે તો અચૂક તેને લાભ થાય છે. સંયોગોમાં તો જીવની સત્તા પડતી જ નથી. એ તો અઘાતિ કર્મોદય અનુસાર જ પ્રાપ્ત થાય છે.

ટીકામાં પ્રથમ એમ લેવામાં આવ્યું કે અજ્ઞાની જીવ ભોગવટા પ્રધાની છે. તેથી તેને જે શરીર પ્રાપ્ત થાય છે, તેને જે ઈન્દ્રિયો પ્રાપ્ત થાય છે તેના દ્વારા તે સંયોગો કે જે અઘાતિ કર્મના ફળ છે તેમે ભોગવટા લાગી જાય છે. તે જીવ પોતાના ભોગવવાના ભાવના કારણે નવા કર્મોનો બંધ કરે છે, બાહ્ય વિષયો ભોગવવાનું કાર્ય થાય કે ન થાય પરંતુ જીવને પોતાના ભાવ અનુસાર કર્મબંધ અવશ્ય થાય છે. સંયોગોના લક્ષે તે મોહ અર્થાત્ સંયોગોમાં એકત્વ બુદ્ધિ કરે છે. સંયોગોમાં ઈષ્ટ અનિષ્ટની કલ્પના કરીને રાગી-દ્વેષી થાય છે. અહીં માત્ર મોહ અને દ્વેષ એ બે વાત જ લીધી છે. અહીં હિંસાની મુખ્યતા લઈને કહે છે કે પોતાના આવા મોહ અને દ્વેષના ભાવથી પરજીવની હિંસા થાય કે ન પણ થાય પરંતુ પોતાના ભાવ પ્રાણોને તો અવશ્ય બાધા કરે છે. અર્થાત્ પોતાના અશુદ્ધ પરિણામોને કારણે પોતાનું ભાવ મરણ તો અવશ્ય થાય જ છે. તે વિભાવને નિમિત્ત બનાવીને નવું દ્રવ્યકર્મ અવશ્ય બંધાય છે.

આ રીતે જીવના વિભાવ ભાવમાં શરીરને પ્રાપ્ત પ્રાણો સાધન હોવાથી દ્રવ્ય પ્રાણોને નવા પૌદગલિક કર્મોના કારણરૂપે દર્શાવવામાં આવ્યા છે.

## ◆ ગાથા - ૧૫૦

**કર્મે મલિન જીવ ત્યાં લગી પ્રાણો ધરે છે ફરી ફરી,**
**મમતા શરીરપ્રધાન વિષયે જ્યાં લગી છોડે નહીં. ૧૫૦.**

***જ્યાં સુધી દેહ પ્રધાન વિષયોમાં મમત્વ છોડતો નથી, ત્યાં સુધી કર્મથી મલિન આત્મા ફરી ફરીને અન્ય અન્ય પ્રાણો ધારણ કરે છે.***

જીવને ફરી ફરીને દેહની પ્રાપ્તિ શા માટે થાય છે તે આ ગાથામાં સમજાવવામાં આવ્યું છે. જીવને અનાદિકાળથી કર્મો, શરીર અને સંયોગો સાથે સંબંધ ચાલ્યો આવે છે. દ્રવ્યકર્મ ઈન્દ્રિય જ્ઞાનનો વિષય નથી. અજ્ઞાનીએ શરીરમાં હુંપણું અને સંયોગોમાં મારાપણું માન્યું છે. શરીરમાં હુંપણું હોવાથી જીવને સંયોગોની માગણી છે. જીવ પોતે જ્ઞાન સ્વભાવી છે અને પર્યાયમાં માત્ર જ્ઞાતાપણું રહે તો તેને માટે આખું વિશ્વ જ્ઞાનના જ્ઞેય માત્ર જ રહે. તેનાથી વિશેષ નહીં. અર્થાત્ અજ્ઞાની માટે શરીર એ બદ્ધ નોકર્મ છે અને સંયોગો અબદ્ધ નોકર્મો છે. જ્ઞાનીને માટે તે માત્ર પરજ્ઞેય છે.

જીવને શરીર, કર્મો અને સંયોગો સાથેનો સંબંધ જીવના મોહ, રાગ, દ્વેષ એવા વિભાવ ભાવના કારણે છે. તેમાં અહીં શરીરને પ્રધાન ગણીને

રજૂઆત કરી છે. અજ્ઞાનીની બધી પ્રવૃત્તિઓ દેહલક્ષી ચાલે છે. પરમાર્થ વિચારીએ તો જીવને શરીર સાથે કોઈ સંબંધ નથી. માટે જીવ શરીર સાથેનો સંબંધ કાપી શકે છે. અજ્ઞાની જીવે શરીરથી ભિન્ન આત્માની સત્તા માની નથી. કયારેક જીવ અને શરીરનો સંયોગ અને વિયોગ માન્ય કરે છે તો પણ જન્મથી મરણ સુધીના સમયમાં જીવનું શરીરથી એકપણું જ તેના ખ્યાલમાં રહે છે એવું રહેવાને કારણે જીવને ફરી ફરીને દેહની પ્રાપ્તિ થાય છે.

આ ગાથાનું પ્રયોજન તો જીવનું શરીર પ્રત્યેનું મમત્વ છોડાવવાનું છે. આચાર્યદેવનો આશય લક્ષમાં લઈને આપણે એ પ્રયત્ન કરીએ તો જ આ ગાથાનો અભ્યાસ કર્યો લેખે લાગે આ માટે સૌ પ્રથમ તો જીવની સત્તાનો સ્વીકાર જરૂરી છે. હું એક શાશ્વત ટકનાર સ્વતંત્ર પદાર્થ છું. એવો નિર્ણય અનિવાર્ય છે. હું મારા અનાદિથી અનંત કાળ સુધીના પરિણામોને પહોંચી વળુ છું એ વાત પણ નક્કી રાખવી જોઈએ.

મારી ચોવીસ કલાકની જે પ્રવૃત્તિ ચાલે છે તે બધામાં મેં શરીરમાં હુંપણું રાખ્યું છે. હવે જ્યારે મેં હુંપણું જ્યાં માન્યું છે ત્યાં માત્ર દેહ નથી જીવ પણ ત્યાં છે અને તે જીવ પદાર્થ તે હું છું એવો સ્વીકાર આવ્યો હોય તો મારી દૈનિક પ્રવૃત્તિમાં કેટલા શરીરના કાર્યો છે અને કેટલા જીવના કાર્યો છે એ બેનો તફાવત-ભેદ ખ્યાલમાં લેવો જરૂરી છે. એકબીજા સાથે મેળ વિશેષવાળા પરિણામો હશે પરંતુ તેનું જુદાપણું આપણા જ્ઞાનમાં લેવું જરૂરી છે. હજી પરિણામ ફેરવવાની વાત નથી. માત્ર જીવ અને શરીરના અલગ પ્રવાહો જ્ઞાતા ભાવે જોવાની વાત છે. બધું કાર્ય દેહમાં અર્પણ કરતો હતો, માનતો હતો, તેના સ્થાને જે જાણવાનું કાર્ય અને સુખ દુઃખના અનુભવો છે તે ઈન્દ્રિયોનું કાર્ય નથી એ જીવનું કાર્ય છે. એમ જ્ઞાન અને સુખ જીવના ગુણો છે માટે તે કાર્ય જીવના ભાગે રાખે છે. ભલે તે સમયે રાગનો પ્રવાહ ચાલે છે તેને પણ જીવના પરિણામરૂપે સ્થાન આપે. જીવ અને શરીરના જુદા પ્રવાહો માત્ર સ્વાધ્યાય સમયે જ લક્ષમાં આવે તેટલું પર્યાપ્ત નથી. ચોવીસ કલાકમાં જેટલો સમય તેમના જુદાપણાનો ખ્યાલ રહે તે ઉપયોગી થાય છે. વિકલ્પાત્મક આવી ભૂમિકા પણ આવે છે ખરી અને આવવી જોઈએ. એ સમયે પણ જીવ અને શરીર એક છે એવો શ્રદ્ધા અને આચરણનો પ્રવાહ તો ચાલુ જ છે. તેને વિકલ્પ કરીને ટકાવવો નથી પડતો તે સહજ છે. બેના પ્રવાહને જુદા જોવા માટે જ પુરુષાર્થ જરૂરી છે. જુદા પ્રવાહ જોવાની ટેવ પડશે તો જુદા પાડવાનો અને ભિન્ન પડવાનો પુરુષાર્થ આગળ થઈ શકશે. પૂ. ગુરુદેવશ્રી ફરમાવતા હતા રે હા પાડવાની ટેવ પડશે, લત પડશે, તો હાલત એવી થશે.

જીવના અને શરીરના અલગ પ્રવાહને લક્ષમાં લીધા બાદ તે બન્ને પ્રવાહમાં સ્વાભાવિક પર્યાયો કઈ છે અને નૈમિત્તિક પરિણામો કયા છે એવો વિભાગ જ્ઞાનમાં લેવો જરૂરી છે. જીવના સ્વાભાવિક પરિણામો જ્ઞાન અને સુખ લેવાય અને શરીરના સ્પર્શ, રંગ વગેરે સ્વાભાવિક છે. નૈમિત્તિક પરિણામો જીવ અને શરીર સાથેના સંબંધવાળા છે. આ નૈમિત્તિક પરિણામો અશુદ્ધ છે. ખાસ કરીને દેહ લક્ષે જે મોહ, રાગ, દ્વેષ જીવની દશામાં થાય છે તે જીવના અશુદ્ધ વિભાવ ભાવો છે. તે છોડવાલાયક છે. આ વાત સિદ્ધાંતરૂપે માન્ય કર્યા બાદ પણ દેહલક્ષી મમત્વ અને રાગ દ્વેષ છોડવા સહેલ નથી. તેથી તે સમજવાનો પ્રયત્ન કરીએ ત્યાર પહેલા જીવના સંગમાં શરીરના નૈમિત્તિક પરિણામો ક્યા છે તે વિચારી લઈએ. હલન, ચલન, ખાવું, બોલવું વગેરે શરીરની ક્રિયાઓ આપણને જે ચેતનવંત લાગે છે તે શરીરની નૈમિત્તિક ક્રિયાઓ છે. ખરેખર તો તે શરીરની જ ક્રિયાઓ હોવાથી પૌદગલિક જ છે. સાંધાના હલનચલન એ જડ ક્રિયા જ છે. પરંતુ

જીવની હાજરીમાં જ થાય છે તેથી તે ચેતનમય હોવાની અજ્ઞાનીને ભ્રાંતિ થાય છે. જીવ ચાલ્યો જાય ત્યારે તે ક્રિયાઓ અટકી જાય છે. ત્યારે શરીરને મૃતક ગણીએ છીએ. તે શરીર ત્યારે સાચા અર્થમાં પૌદગલિક જડ લક્ષગત થાય છે. તે શરીર નકામું દેખાય છે. અજ્ઞાની જીવને પણ એવા શરીરમાં મમત્વ નથી. જેને જીવંત શરીર માનવામાં આવે છે એવું શરીર એ સમયે પણ અત્યંત જડ જ છે એવો ખ્યાલ આપણને રહેવો જોઈએ. જીવના સંગમાં ચેતનવંત લાગતું શરીર પણ પોતાનો પૌદગલિક સ્વભાવ તો તે સમયે પણ એવોને એવો સલામત રાખીને રહેલું છે. ત્યાં ચેતનપણું તો આભાસ માત્ર છે. જે ચેતનમય લાગે છે એવી ક્રિયાઓ પણ ખરેખર પૌદગલિક છે. એવો નિર્ણય થતાં શરીર પ્રત્યેનો મોહ દૂર થવા યોગ્ય છે.

જીવને શરીરનું એકત્વ-મમત્વ છૂટે તે માટે બાર ભાવનામાં અનિત્ય ભાવના, અશુચિ ભાવના વગેરે ભાવનાઓનો ફરી ફરીને અભ્યાસ કરવો જોઈએ. એવું ખરેખર વિશ્વમાં થઈ રહ્યું છે એવા પુરાવાઓને નજરમાં રાખીને જીવનું શરીરથી અત્યંત ભિન્નપણું ફરી ફરીને ભાવવું જોઈએ.

## ◆ ગાથા - ૧૫૧

**કરી ઈંદ્રિયાદિક-વિજય, ધ્યાવે આત્મને - ઉપયોગને,**
**તે કર્મથી રંજિત નહીં; ક્યમ પ્રાણ તેને અનુસરે? ૧૫૧.**

***જે ઈન્દ્રિયાદિનો વિજયી થઈને ઉપયોગ માત્ર આત્માને ધ્યાવે છે, તે કર્મો વડે રંજિત થતો નથી; તેને પ્રાણો કઈ રીતે અનુસરે? (અર્થાત્ તેને પ્રાણોનો સંબંધ થતો નથી)***

જીવને ફરી ફરીને દેહ ધારણપણું કઈ રીતે અટકે તે મૂળ વાત આ ગાથામાં આચાર્યદેવ કરવા માગે છે. ઈન્દ્રિય જય કરીને આ કાર્ય થઈ શકે છે એવું દર્શાવવા માગે છે. માટે સૌ પ્રથમ ઈન્દ્રિયો કઈ રીતે કાર્ય કરે છે તે વાત સમજીએ. જીવ જે દેહને પ્રાપ્ત કરે છે તેમાં રહેલી ઈન્દ્રિયોને સાધન બનાવીને તે જાણવાનું કાર્ય કરે છે. આવા ઈન્દ્રિય જ્ઞાનની સાથે રાગ-દ્વેષ અવશ્ય હોય જ છે. તે વિભાવને નિમિત્ત બનાવીને નવા દ્રવ્યકર્મો બંધાય છે. તે અઘાતિ કર્મો ભવિષ્યમાં ઉદયમાં આવીને જીવને નવા દેહનો સંયોગ પ્રાપ્ત કરાવે છે. આ રીતે અનાદિની દેહ પ્રાપ્તિ થતી આવી છે તે આપણે જાણીએ છીએ.

સમયસાર ગાથા ૩૧ માં જીતેન્દ્રિય જિનનું સ્વરૂપ સમજાવ્યું છે.

**જીવ ભાવેન્દ્રિય, દ્રવ્યઈન્દ્રિય, ઈન્દ્રિયના વિષયભૂત પદાર્થો**

અહીં જીવ કહેતા શુદ્ધાત્મા વિચારવું રહ્યું. જે જ્ઞાનની પર્યાય ઈન્દ્રિયનું અવલંબન લઈને જાણવાનું કાર્ય કરે છે. તે ભાવેન્દ્રિય છે. શરીર પરિણામને પ્રાપ્ત એ દ્રવ્ય ઈન્દ્રિયો છે. દરેક ઈન્દ્રિયને પોતાના નિશ્ચિત વિષયો છે. પાંચ ઈન્દ્રિયો પુદ્ગલની પાંચ રૂપી પર્યાયોને જાણવામાં નિમિત્ત છે.

મિથ્યાદૃષ્ટિ જીવની માન્યતા છે કે તે પરદ્રવ્યના પરિણામોને કરે છે અને ભોગવે છે. બાહ્ય વિષયોને ભોગવતા તેને ઈન્દ્રિય સુખ દુઃખ થાય છે. તેથી અજ્ઞાની જીવ જે શરીરને સંયોગરૂપે પ્રાપ્ત કરે તે શરીરની ઈન્દ્રિયોને સાધન બનાવે છે. ત્યાં ખરેખર તો તે જાણવાનું કાર્ય કરે છે. પરજ્ઞેયને જાણતા તે જ્ઞાનની પર્યાય જ્ઞેયાકાર થાય છે. તે જીવ પોતાની એ જ્ઞેયાકાર જ્ઞાનની પર્યાયને ભોગવે છે અને માને છે કે મને પરદ્રવ્યનો ભોગવટો છે. લક્ષમાં રહે કે પરદ્રવ્યો તો જીવથી સદાય અત્યંત ભિન્ન જ છે. જ્ઞાનને માત્ર રૂપી પર્યાય સાથે જ મેળ વિશેષ છે. તેથી જીવ પરદ્રવ્યને તો ભોગવી શકતો જ નથી. માત્ર એની એક રૂપી પર્યાય સંબંધી પોતાના જ્ઞાનને ભોગવે છે. જેમ કે કેરીનો રસ ખાતા સમયે કેરીનો રસ તો મોઢામાંથી પેટમાં ચાલ્યો ગયો છે. ત્યાં તેનું

અનેક પ્રકારે રૂપાંતર થાય છે અને એ કેરીના રસના પરમાણુઓ પોતાના સ્વતંત્ર પ્રવાહમાં ચાલ્યા જાય છે. જીવને જ્યારે તેના રંગનું જ્ઞાન છે ત્યારે તેની સુગંધ, તેની ઠંડક કે તેના સ્વાદનું જ્ઞાન નથી. જીવ અલગ ઈન્દ્રિયો દ્વારા તે બધાને વારાફરતી જાણે છે. તેને જાણતા તેની પર્યાય જ્ઞેયાકાર જ્ઞાનરૂપે થાય છે.

અહીં પરદ્રવ્ય જ્ઞેય અને દ્રવ્ય ઈન્દ્રિયનો તેની સાથે મેળવિશેષ એટલો ભાગ પ્રથમ લક્ષમાં લઈએ. શરીરને પ્રાપ્ત ઈન્દ્રિયોની રચના અને કાર્ય ક્ષેત્ર એવું છે કે જેવું બાહ્ય પદાર્થનું સ્વરૂપ હોય એવું આબેહુબ દ્રવ્ય ઈન્દ્રિયનું રૂપ થાય છે. આપણને ખ્યાલ છે કે આંખ અરીસા અથવા કેમેરા જેવું કાર્ય કરે છે. જેવા પદાર્થો હોય એવા ફોટામાં આવી જાય છે. એ રીતે પ્રકાશના માધ્યમ દ્વારા આંખના પડદા ઉપર પણ એવા દશ્યો ગોઠવાય જાય છે. શરીરને પ્રાપ્ત ઈન્દ્રિયો પણ પૌદગલિક છે અને તેના વિષયો પણ પૌદગલિક છે. બન્નેની અચેતન જાત છે. ઈન્દ્રિયોની વફાદારી પુદ્ગલ પ્રત્યે જ છે તેથી તેને સાધન બનાવવામાં આવે ત્યારે તે માત્ર રૂપી વિષયો જ દર્શાવે છે. ભગવાન આત્મા ઈન્દ્રિયનો વિષય નથી તેથી પોતાના સ્વરૂપને જાણવા માટે ઈન્દ્રિયો તદ્દન નકામી છે.

અહીં પ્રથમ એ સિદ્ધાંત નક્કી કરીએ કે ઈન્દ્રિયના વિષયભૂત પદાર્થો અત્યંત જુદા છે. અજ્ઞાની માને છે કે હું તેમને ભોગવું છું તે સમયે પણ તે તો ભિન્ન જ છે. ભોગવું છું એવી માન્યતા સમયે પણ તેને તે દ્રવ્યની સાથે માત્ર જ્ઞેય જ્ઞાયક સંબંધ જ છે. અજ્ઞાની જીવ જ્ઞેયાકાર જ્ઞાનને ભોગવે છે અને માને છે કે મને વિષયો ભોગવાય છે. તેથી જે પોતાનું અજ્ઞાન દૂર કરવા માગે છે તેણે આ સત્ તો સ્વીકારવું જ રહ્યું કે પર દ્રવ્ય અત્યંત ભિન્ન છે. અચેતન પદાર્થોમાં સુખ નામનો ધર્મ નથી તેથી તેમાંથી સુખ આવવાની શક્યતા નથી. અનંત સુખના ધરનારા તીર્થંકર અને સિદ્ધ પરમાત્માના લક્ષે પણ એકલો રાગ જ થાય છે. તેમની પાસેથી સુખ તો આવતું જ નથી. પરદ્રવ્ય સાથે કર્તા કર્મ અને ભોક્તા ભોગ્યપણું શક્ય જ નથી. આ પ્રકારનું જ્ઞાન પાત્ર જીવને ઉપયોગી છે. એ વાસ્તવિકતાના સ્વીકાર ઉપર તો વૈરાગ્ય શક્તિ કાર્ય કરે છે. જે ઈન્દ્રિય વિજયી થવા માગે છે તેણે આ વૈરાગ્યનું કાર્ય તો અવશ્ય કરવું જ રહ્યું.

જીવને જો બાહ્ય વિષયોનું અત્યંત જુદાપણું ભાસે તો હવે તેને તે વિષયને મેળવવા અને ભોગવવાનું ન રહે. ખરેખર તો હવે તેને એ વિષયોને જાણવાની જરૂર પણ ન રહે. આમ હોતા તેને ઈન્દ્રિયને સાધન બનાવવાપણું પણ ન રહે. આ પ્રમાણે બાહ્ય વિષયોથી વિરક્ત થતાં તેને શરીર પ્રત્યે પણ અત્યંત વિરક્તપણું આવે છે. ઈન્દ્રિયને સાધન બનાવવાનું છોડી દે તે જ ઈન્દ્રિય જય છે. વૈરાગ્યનું કાર્ય એક અપેક્ષાએ નાસ્તિરૂપ કાર્ય છે એ અસ્તિરૂપ એવી જ્ઞાન શક્તિની અપેક્ષા રાખે છે.

અહીં આપણે જ્ઞાન શક્તિને અલગરૂપે લક્ષમાં લેવી છે. ભાવેન્દ્રિય એ ક્ષયોપશમ જ્ઞાનની પર્યાય છે. તે ઈન્દ્રિયને સાધન બનાવીને રૂપી પદાર્થોને જાણે છે. તેથી તે પર્યાય જીવનું કલ્યાણ કરનારી ન હોવાથી તે પર્યાયનો અભાવ કરવા યોગ્ય છે. પોતાના જે પરિણામ પરાશ્રય કરે તેને દોષ ગણવામાં આવે છે. જ્ઞાન સર્વજ્ઞ સ્વભાવી છે. સ્વ-પર પ્રકાશક શક્તિ છે. પરંતુ તે જ્ઞાન સ્વને પ્રસિદ્ધ કરવાને બદલે માત્ર પર દ્રવ્યની જ પ્રસિદ્ધિ કરે છે માટે તે દોષરૂપ છે. આ રીતે જ્ઞાયક સ્વભાવ ભાવેન્દ્રિયથી ભિન્ન છે. શરીર અને સંયોગો તો પુદ્ગલ દ્રવ્યરૂપ છે તેથી આત્માથી ભિન્ન છે. આ તો જીવની પોતાની જ પર્યાય છે. જીવ વ્યાપક થઈને તે પરિણામને કરે છે. જેમ ભારતનો નાગરિક અન્ય દેશ વતી કામ કરે, જાસુસી કરે તો તેને નાગરિકનું રક્ષણ ન મળે તે સજાને પ્રાપ્ત થાય છે. તેમ આ

ભાવેન્દ્રિય રૂપી વિષયની જ પ્રસિદ્ધિ કરે છે માટે તે દોષિત છે. તે ભાવેન્દ્રિયથી જ્ઞાયક જુદો છે. તે કારણે ભાવેન્દ્રિય હેય છે.

ભાવેન્દ્રિયની સાથે અર્થાત્ વિકલ્પરૂપ શ્રુતજ્ઞાનની સાથે રાગનું અવિનાભાવપણું છે. જ્ઞાનની પર્યાય અલ્પજ્ઞરૂપ છે. બાહ્યના વિષયો અનેક છે. અનેકમાંથી એકને જાણવું હોય તો મુખ્ય-ગૌણ કરવું પડે. ત્યાં રાગ-દ્વેષ દાખલ થાય છે. આ પ્રકારે રાગ સાથે જોડાયેલ હોવાથી જ્ઞેયાકાર જ્ઞાનને પણ દોષ લાગે છે. અજ્ઞાનીની માન્યતા છે કે તે પરદ્રવ્યને ભોગવી શકે છે. તે માન્યતા થવાનું કારણ શું તેનો વિચાર કરે તો ત્યાં છે તો જ્ઞેય જ્ઞાયક સંબંધ જ. પરદ્રવ્ય તો ભોગવતા જ નથી. જ્ઞાનની પર્યાય સંબંધના કારણે જ્ઞેયાકાર થાય છે. પોતે તે જ્ઞેયાકાર જ્ઞાનને ભોગવે છે ત્યારે જો વિવેક ન રહે તો બાહ્ય વિષય ભોગવાય છે એવું માનવા લાગે છે. પરદ્રવ્ય ભોગવાય છે એવી માન્યતા થવાના કારણની સ્પષ્ટતા માટે જ્ઞેયાકાર જ્ઞાન ભોગવાય છે એવું કથન કરવામાં આવે છે. ખરેખર તો અજ્ઞાનીને રાગ મિશ્રિત જ્ઞેયાકાર જ્ઞાન ભોગવાય છે. એ પ્રમાણે ચોખવટથી કહેવું જોઈએ. આ પ્રમાણે કથન કરીએ એટલે સ્હેજે રાગનો અનુભવ છે પરંતુ જ્ઞાનનો નહીં એ પ્રકારે સમજણ કામ કરે છે. રાગ અને ક્ષયોપશમ જ્ઞાન સાથે જ હોવાથી રાગના ત્યાગની સાથે પરાવલંબી જ્ઞાનનો પણ સાથે નિષેધ આવી જાય છે. શાસ્ત્રમાં જ્યાં ઉપયોગને બાહ્યમાંથી છોડાવીને સ્વભાવમાં જોડવાની વાત આવે છે ત્યાં જ્ઞાનના પર પ્રકાશપણાનો નિષેધ નથી પરંતુ રાગ છોડવા માટેની વાત છે. એ રીતે સમજવું યોગ્ય છે. જેને આ સિદ્ધાંત સમજાતો નથી તે પરના જાણપણાને દોષ માનવા લાગે છે.

અહીં જ્ઞાન શક્તિ દ્વારા જ્ઞાયકને ભાવેન્દ્રિયથી ભિન્ન કરવાની વાત છે અને વૈરાગ્ય શક્તિ દ્વારા બાહ્ય વિષયોથી પાછા ફરવાની વાત છે. આ પ્રમાણે થાય ત્યારે તે જીવને જિતેન્દ્રિય કહેવામાં આવે છે. જ્ઞાનીએ પરદ્રવ્યમાંથી એકત્વબુદ્ધિરૂપના મિથ્યાત્વનો નાશ કર્યો છે. તેથી તેના બધા ભાવો જ્ઞાનમય છે. જિતેન્દ્રિયપણું અને જિતમોહપણું જ્ઞાનીને સાથે જ હોય છે. તેથી જ્ઞાનીને અસ્થિરતાનો રાગ છે અને તે પણ ઈન્દ્રિયને સાધન બનાવે છે. એ રીતે વિચારવું યોગ્ય નથી. જ્ઞાની આસ્રવોથી નિવર્ત્યો છે માટે તે ભાવેન્દ્રિયથી પણ પાછો ફર્યો છે. એ રીતે જ વિચારવું યોગ્ય છે.

ગાથાની ટીકામાં એ રીતે લીધું છે કે પૌદ્ગલિક પ્રાણોની સંતતિ અર્થાત્ પરંપરાનું કારણ જીવના વિભાવ ભાવો છે. તેથી જીવને દેહ સાથેનો સંબંધ છૂટવાનું કારણ પણ એ છે કે જીવ વિભાવ કરતો અટકે છે. આપણે વર્તમાન ભવનો વિચાર કરીએ ત્યારે ખ્યાલ આવે છે કે જ્યારે આપણે પૂર્વ ભવ છોડીને આ મનુષ્ય દેહ પ્રાપ્ત કર્યો ત્યારે તો સહજપણે આ શરીરમાં હુંપણું સ્થાપીને ઈન્દ્રિયોને સાધન બનાવીને અનાદિના સંસ્કાર અનુસાર મોહ-રાગ-દ્વેષના ભાવો કરતા આવ્યા છીએ. હવે જ્યારે આપણને શ્રી ગુરુ મળ્યા અને આચાર્યદેવના આ શાસ્ત્રો મળ્યા ત્યારે જાગ્યા ત્યારથી સવાર ગણીને ભાવેન્દ્રિયથી જુદા પડવાનો પ્રયત્ન કરીએ. અર્થાત્ વિભાવ ભાવને છોડીએ. વૈરાગ્યની ભાવના ભાવીને બાહ્ય વિષયો પ્રત્યે ઉદાસીન થઈએ. અસ્તિપણે જ્ઞાયક સ્વભાવમાં હુંપણું રાખતા આ કાર્ય થાય છે.

જીવના વિભાવ ભાવમાં નિમિત્ત તો પૂર્વે બંધાયેલા દ્રવ્ય કર્મોનો ઉદય છે તે વાત અહીં લીધી છે. અહીં જીવના વિભાવને કારણે નવા કર્મો બંધાય છે અને તેની પરંપરામાં ફરી ફરીને દેહની પ્રાપ્તિ થાય છે એ નથી લેવું. અહીં તો જીવના વિભાવમાં નિમિત્ત કયુ છે તે દર્શાવવું છે. ઘાતિ કર્મોદય અનુસાર જીવ વિભાવ કરે છે. જે જીવ જિતેન્દ્રિય થાય છે તે જીવ જ આ પ્રકારે કાર્ય કરી શકે છે. એમ કહીને આ ગાથામાં ઈન્દ્રિય જયની મુખ્યતા દર્શાવી છે.

## ◆ ગાથા - ૧૫૨

**અસ્તિત્વનિશ્ચિત અર્થનો કો અન્ય અર્થે ઊપજતો**
**જે અર્થ તે પર્યાય છે, જ્યાં ભેદ સંસ્થાદિનો. ૧૫૨.**

***અસ્તિત્વથી નિશ્ચિત અર્થનો (દ્રવ્યનો) અન્ય અર્થમાં (દ્રવ્યમાં) ઉપજતો જે અર્થ (ભાવ) તે પર્યાય છે કે જે સંસ્થાનાદિ ભેદો સહિત હોય છે.***

આ ગાથામાં અનેક દ્રવ્ય પર્યાય સમજાવવા માગે છે. અનેક દ્રવ્ય પર્યાયો એટલે બે પદાર્થો વચ્ચેના વિશિષ્ટ સંબંધવાળી પર્યાયો. દરેક દ્રવ્ય પોતાનું સ્વતંત્રપણું રાખીને વિશ્વના સમસ્ત પદાર્થો સાથે નિમિત્ત નૈમિત્તિક સંબંધમાં આવે છે તે વાત અહીં નથી લેવી. અહીં તો વિશિષ્ટ સંબંધની વાત છે. લૌકિકમાં જેનો 'એક' રૂપે ઉલ્લેખ થાય છે તેની વાત છે. આવી અનેક દ્રવ્ય પર્યાય બે પ્રકારની છે. સમાન જાતીય અને અસમાન જાતીય. પુદ્‌ગલ પરમાણુઓ એકબીજા સાથે સંબંધમાં આવીને સ્કંધની રચના કરે તેને સમાન જાતીય અનેક દ્રવ્ય પર્યાય કહેવામાં આવે છે. આકાશ, ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એક દ્રવ્યો જ છે. તેઓમાં અનેક દ્રવ્ય પર્યાયની શક્યતા જ નથી. કાળાણુઓ અને જીવો સંખ્યાઓ અનેક છે પરંતુ ત્યાં પણ એવો અનેક દ્રવ્ય પર્યાય રૂપનો સંબંધ નથી. જીવને પુદ્‌ગલ સાથે વિશિષ્ટ પ્રકારના સંબંધો થાય છે. જેમકે જીવનો દ્રવ્યકર્મ સાથે ઉભયબંધ તથા જીવનો શરીર સાથેનો વિશિષ્ટ સંબંધ બંધ, જેને કારણે જીવ અને શરીરને એક જ ગણવામાં આવે છે અને લૌકિકમાં તેમનો એકરૂપે વ્યવહાર કહેવામાં આવે છે. જીવ અને શરીર બન્ને અલગ સ્વભાવના દ્રવ્યો છે માટે તેમની વચ્ચેના આ સંબંધને અસમાન જાતીય અનેક દ્રવ્ય પર્યાય કહેવામાં આવે છે. અજ્ઞાની જીવોને શરીર અને આત્માના જુદાપણાનો કોઈ ખ્યાલ જ નથી. તેથી તે તો આવી અનેક દ્રવ્ય પર્યાયમાં જ હુંપણું સ્થાપે છે અને તે રીતે પોતાનું જીવન જીવે છે.

આપણા ઈન્દ્રિય જ્ઞાનમાં પુદ્‌ગલના સ્કંધો જ જણાય છે. આ સોનું છે. આ ટેબલ છે. વગેરે અને આપણે તેને એકરૂપે જ લક્ષમાં લઈએ છીએ. ખરેખર જે સોનાને આપણે એક દ્રવ્યરૂપે જોઈએ છીએ તે અનેક પુદ્‌ગલ પરમાણુઓનો બનેલો સ્કંધ છે. પરમાણુમાં સ્પર્શ ગુણ છે. ચીકાશ અને લુખાશ તે ગુણની પર્યાય છે. બે પરમાણુઓમાં બે ગુણ અધિક એવી ચીકાશ કે લુખાશ હોય તો તે પરમાણુ ભેગા થઈને સ્કંધ બને છે. ચીકાશ-લુખાશમાં ફેર પડી જાય તો પરમાણુ પાછા છૂટા પડી જાય છે. બે પરમાણુઓ, સંખ્યાત, અસંખ્યાત અને અનંત પરમાણુઓના આ પ્રકારે સ્કંધ બને છે. સ્કંધની રચના આ પ્રકારે ચીકાશ અને લુખાશને આભારી છે. બધા પરમાણુઓ સમાન જ છે તેથી તેમની વચ્ચે સમાન જાતિ છે. લક્ષમાં રહે કે સોનાના પરમાણુ સદાય સોનારૂપ જ રહે એવું આપણે માનીએ છીએ પરંતુ એમ નથી. સોનામાં રહેલો પરમાણુ છૂટો પડીને અન્ય સ્કંધમાં જાય છે ત્યાં તે રૂપ દેખાય છે. ખરેખર બધા પરમાણુઓ સમાન જ છે. એકબીજા વચ્ચેના સંબંધના કારણે સ્કંધની રચના થાય છે અને તે સ્કંધ એક દ્રવ્યરૂપે જ આપણા જ્ઞાનમાં આવે છે તે સમયે પણ તે સ્કંધમાં રહેલો પ્રત્યેક પરમાણુ એક સ્વતંત્ર દ્રવ્ય છે. તે સમયે પણ તે સ્વતંત્રપણે પરિણમન કરી રહ્યો છે એવું જિનાગમ આપણને સમજાવવા માગે છે. આ રીતે સ્કંધમાં કોઈ એક અપેક્ષાએ પરમાણુઓ પોતાનું સ્વતંત્રપણું ટકાવીને એકબીજા સાથે સંબંધમાં પણ અવશ્ય છે. ત્યાં સંબંધના કારણે દેખાતી એકરૂપતા પરમાણુની સ્વતંત્રતાનો નિષેધ કરતું નથી.

સ્કંધની આ રીતે સમાન જાતીય અનેક દ્રવ્ય પર્યાયરૂપે ઓળખાણ કરીને હવે જીવ અને શરીરનો અસમાન જાતીય અનેક દ્રવ્ય પર્યાયરૂપે અભ્યાસ કરીએ. જીવ અને શરીર બન્ને પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ટકાવીને એકબીજા સાથે વિશિષ્ટ સંબંધમાં

આવે છે. આ વાત સિદ્ધાંત રૂપે પ્રથમ પાકી કરીને પછી સંબંધના કારણોનો વિચાર કરીએ.

અજ્ઞાની જીવને શરીર અને આત્મા વચ્ચે દ્વૈત દેખાતું જ નથી. તેનું હુંપણું શરીરમાં છે. ત્યાં હુંપણું રાખીને બધા કાર્યો હું જ કરૂં છું એવી માન્યતા છે. શરીરના કાર્યો તો શરીર કરે પરંતુ જીવના જ્ઞાતા અને સુખના અનુભવો પણ પોતે જ કરે છે એવું માનીને તે જીવે છે. માથું દુઃખે છે. એવું કહેતા સમયે દુઃખ શરીરને ન હોય એ વાત તેના લક્ષમાં રહેતી નથી. કદાચ શરીરથી ભિન્ન જીવની હા પાડે તો પણ શરીર વિના જીવ એકલો પોતાનું કાર્ય કરી શકે છે તેનો તેને સ્વીકાર નથી. જ્ઞાન અને સુખ જીવના જ ગુણો છે પરંતુ ઈન્દ્રિયના સાધન વિના તે કાર્ય થતું દેખાતું નથી. માટે અજ્ઞાનીને જીવનું સ્વતંત્ર કાર્ય લક્ષગત થતું નથી. શાંતિથી વિચાર કરે તો શરીર તેની સ્વતંત્ર ચાલમાં ચાલ્યું જાય છે. એવું ખ્યાલમાં આવે. બાળક-યુવાન-વૃદ્ધ એ એનું સહજ કાર્ય છે. શરીરની અંતરંગ અનેક વ્યવસ્થાઓ અને કાર્યો જીવની જાણ બહાર જ થતાં રહે છે. અને તેમાં જીવના ભાવને કાંઈ સંબંધ નથી. જીવ કુદરતના બધા નિયમોનું પાલન કરે. કસરત, આરામ, યોગ્ય ખોરાક બધાનું ધ્યાન રાખે તો શરીર યુવાન જ રહે અને તેમાં રોગ ન આવે એવું બનતું નથી. તેથી શરીરનું સ્વતંત્ર પરિણમન લક્ષમાં લેવા જેવું છે. એ સમયે જીવનું પણ સ્વતંત્ર અસ્તિત્વ એવું જ સલામત છે પોતાના બધા કાર્યો જીવ જ કરે છે. જીવના ભાવને અને શરીર તથા તેને પ્રાપ્ત ઈન્દ્રિયો વચ્ચે નિમિત્ત નૈમિત્તિક સંબંધ જ છે ત્યાં કર્તા કર્મપણું તો નથી જ. જીવના પરિણામમાં જે અલ્પજ્ઞતા છે. ક્ષયોપશમ જ્ઞાન છે તેના કારણે તેને ઈન્દ્રિયોનો સાધનરૂપે ઉપયોગ કરવો પડે છે. તેવી પરિસ્થિતિનું નિર્માણ પણ જીવે પોતાના વિભાવ ભાવને કારણે જ કર્યું છે. તે વિષય હવે પછી આપણે લેશું. હાલ પુરતુ તો નિમિત્ત નૈમિત્તિક સંબંધ સમયે પણ તે પદાર્થોના સ્વતંત્ર પરિણામને બાધા નથી આવતી એટલું જ સિદ્ધાંતરૂપે માન્ય કરવું છે.

અસમાન જાતીય અનેક દ્રવ્ય પર્યાયને જિનાગમમાં અસમાન જાતીય વિભાવ વ્યંજન પર્યાય કહેવામાં આવે છે. અહીં વિભાવ શબ્દ એટલા માટે છે કે તે સંસારી જીવને અર્થાત્ વિભાવરૂપે પરિણમતા જીવને જ હોય છે. જીવનો શરીર સાથેનો આ સંબંધ પણ રાખવા યોગ્ય નથી. વ્યંજન પર્યાય શબ્દનો અર્થ થાય છે પ્રદેશત્વગુણની પર્યાય. અહીં જીવ અને શરીરનો વિશિષ્ટ એકક્ષેત્રાવગાહ સંબંધ છે માટે ત્યાં વ્યંજન પર્યાય શબ્દ વાપરવામાં આવ્યો છે. આ રીતે અસમાન જાતીય અનેક દ્રવ્ય પર્યાય અને અસમાન જાતીય વિભાવ વ્યંજન પર્યાય બન્ને સમાનાર્થી શબ્દો છે પરંતુ ભાવની ચોખવટ માટે જિનાગમમાં ઉપરોક્ત શબ્દ પ્રયોગ યોગ્ય છે. પરંતુ આ આશયને ન સમજનારા મોટા ભાગના તો જીવ અને શરીરના અવગાહનની જ મુખ્યતાથી વિચારે છે. કેમ જાણે જીવને એટલો જ સંબંધ હોય એવું માનવાની ભૂલ કરે છે. વાસ્તવિકતા એ છે કે એક ક્ષેત્રાવગાહપણું તો એક તદ્દન સામાન્ય વાત છે. ખરેખર તો દેહની મનુષ્ય પર્યાયમાં રહેવાની તેને અનુરૂપ પોતાનું જીવન ગોઠવવાની જીવની યોગ્યતા તે જીવની મનુષ્ય પર્યાય છે. આ રીતે જીવનું સમસ્ત જીવન દેહને, દેહની માગણીને અનુસરીને છે. આ દૃષ્ટિએ જોતા જીવ ખરેખર દેહના ગુલામ તરીકે જ જીવે છે. શરીરની જરૂરિયાત સંતોષવાનું જ કેમ જાણે જીવનું કાર્ય હોય એવી પરિસ્થિતિ છે. અજ્ઞાની જીવ માને છે કે પોતે શરીરને સાધન બનાવીને કાર્ય કરે છે. તે પોતાને માલિક માને છે. તેને વાસ્તવિકતાનું ભાન થવું જરૂરી છે કે પોતે માલિક નથી પરંતુ ગુલામ છે. તે ખ્યાલ આવે તો જ તે શરીરથી છૂટવાનો પ્રયત્ન કરે. તેને ખ્યાલમાં આવવું જોઈએ કે જીવને જે ઈન્દ્રિય દુઃખનો અનુભવ થાય છે તે મુખ્યત્વે દેહલક્ષી જ છે.

જીવના વિભાવના કારણે નવા દ્રવ્યકર્મો બંધાય છે અને તેના ઉદય અનુસાર તેને શરીરનો સંયોગ પ્રાપ્ત થાય છે. એ વાત આપણે સમજણમાં લીધી છે. જીવના વિભાવ અનુસાર પછીના ભવમાં તે દેહમાં રહેવાની જીવની યોગ્યતા પણ વિભાવને જ આધીન છે તે વાત સમજવી જરૂરી છે. જીવના ભાવ અને શરીરનો મેળ હોય તો જ જીવન શક્ય બને. દેવ મરીને ભૂંડ થાય એ વખતે દેવગતિના જીવના ભાવો બદલાય જાય છે અને ભૂંડની ગતિને અનુરૂપ તેને ભાવો થાય છે. જો પૂર્વના ભાવ ચાલુ રહે તો તે ભૂંડની ગતિમાં રહી જ ન શકે. મહેલમાં રહેનાર જો ઉંદર થાય તો તેણે રહેવા માટે દર જ પસંદ કરવું પડે. જો મોટા ઓરડામાં રહેવા જાય તો બિલાડીનો શિકાર અવશ્ય બને. આ રીતે સહજપણે થતાં ભાવ પરિવર્તનના કારણે જ જીવન સહ્ય બને છે અને તે રીતે ધારા પ્રવાહરૂપ સંસાર ચાલુ રહે છે.

અનેક દ્રવ્ય પર્યાય શબ્દની વિશેષ ચોખવટ જરૂરી છે. બે પદાર્થો મળીને એક પર્યાય કરે એવો દ્વિક્રિયાવાદીનો સિદ્ધાંત આચાર્યદેવ નથી સ્થાપવા માગતા. તે તો અશક્ય જ છે. અહીં તો આવા સંબંધોને કારણે જે એક જેવા લાગે છે તેટલા પૂરતી જ વાત લેવી છે. માટે તો બે દ્રવ્યોની અલગતાની વાત પણ એટલી જ મક્કમતાથી અહીં રજૂ કરવામાં આવી છે. બે દ્રવ્યોના સ્વભાવ તો અલગ છે. પરંતુ બન્નેની પર્યાયો પણ અલગ જ છે. નિમિત્ત નૈમિત્તિક સંબંધના કારણે તે પર્યાયોમાં મેળ વિશેષ હોય તે જુદી વાત છે. પરંતુ ત્યાં બે પદાર્થો મળીને એક પર્યાય કરે છે એમ તો બનતું જ નથી. જીવ અને શરીરના બન્નેના સ્વભાવ એકરૂપ થઈ ગયા એવી અજ્ઞાનીની માન્યતા ખોટી છે. જીવના અને શરીરના બધા કાર્યો હું કરૂં છું એવું અજ્ઞાની માને છે તેથી તેના અજ્ઞાનને દૂર કરવા માટે જીવ અને શરીર બન્ને તદ્દન જુદા છે. જીવ પોતાના પરિણામના પ્રવાહમાં છે અને શરીર તેના પ્રવાહમાં છે.આ સિદ્ધાંતની સ્થાપના અને સ્વીકાર કરવાથી જીવને શરીરથી ભેદ જ્ઞાન કરવાની સુગમતા રહે છે.

આ વાતના અનુસંધાનમાં પદાર્થનું અંતરંગ બંધારણ પણ યાદ કરી લેવું યોગ્ય છે.

| | |
|---|---|
| દ્રવ્ય | પર્યાય |
| વ્યાપક | વ્યાપ્ય |
| એક | ક્રમપૂર્વક અનેક |
| અન્વય | વ્યતિરેક |

દ્રવ્ય સ્વભાવ એકરૂપ રહીને ક્રમપૂર્વક થતી વ્યતિરેકી પર્યાયમાં વ્યાપે છે. હવે જ્યારે બે પદાર્થો વચ્ચેની અનેક દ્રવ્ય પર્યાયની વાત છે તો ત્યાં દ્રવ્ય પર્યાયરૂપ જીવ પોતે અન્વયરૂપ રહીને ક્રમપૂર્વક થતી શરીરોની વ્યતિરેક પર્યાયો સાથે સંબંધમાં આવે છે. ત્યાં જીવના દ્રવ્ય સામાન્ય સ્વભાવની એકરૂપતાને યાદ નથી કરતાં. જીવની દેહમાં રહેવાની યોગ્યતાની વાત કરીએ છીએ. અહીં ''શરીરમાં રહેવાની યોગ્યતા'' એ જીવની પર્યાય છે એમ લક્ષમાં લેવું. સંસારી જીવમાં તે જ્યાં સુધી સંસારી રહે છે ત્યાં સુધી તેનામાં આ પ્રકારના પર્યાય છે. માટે તો જીવને વ્યયહાર જીવત્વ છે. આ રીતે શરીર સાથેના સંબંધનો વિચાર કરીએ ત્યારે જીવને પ્રમાણના દ્રવ્યરૂપ લઈએ છીએ એટલે કે દ્રવ્ય પર્યાયરૂપ સ્વીકારીને ચાલીએ છીએ. અહીં જીવની પર્યાય કઈ લેવી તેની સ્પષ્ટતા કરી તેનો અર્થ એ નથી કે જીવમાં અન્ય કોઈ પર્યાયો હોય જ નહીં. તે જ્ઞાની હોય, અજ્ઞાની હોય તે પ્રમાણે તેના ગુણોની પર્યાયો પણ હોય, તેને રાગ-દ્વેષ બધું હોય પરંતુ અહીં તો શરીર સાથેના વિશિષ્ટ સંબંધની વાત લેવી છે માટે શરીરમાં રહેવાની યોગ્યતાને જીવની પર્યાયરૂપે લઈને તેને જીવમાં અભેદ ગણીને એવો જીવ એક પછી એક નવા નવા દેહને ધારણ કરે છે. પ્રાપ્ત દેહને અનુરૂપ પોતાની યોગ્યતા પણ ફેરવતો જાય છે. જેમ કે મનુષ્ય દેહ

પ્રાપ્ત થતાં જીવને મનુષ્ય પર્યાય હોય છે. આ ગાથાનો અભ્યાસ કરવાનું ફળ એ છે કે જીવ અને શરીરનો સંબંધ જીવના વિભાવના કારણે છે. તે સમયે પણ જીવ સ્વતંત્ર છે માટે પોતાની સ્વતંત્રતાને લક્ષમાં રાખીને શરીરથી ભેદજ્ઞાન કરવા યોગ્ય છે.

ટીકામાં કહે છે કે દરેક પદાર્થ પોતાનું સ્વરૂપ અસ્તિત્વ સદાય ટકાવીને રહે છે અર્થાત્ નિત્ય ટકવું અને ટકીને બદલવું એવું અનાદિથી અનંતકાળ સુધી બધા પદાર્થોમાં થયા કરે છે. દરેક પદાર્થ એ રીતે પરથી ભિન્ન પોતાનું સ્વરૂપ જાળવી રાખે છે. આ બંધારણ અબાધિત છે. આવો સ્વરૂપ અસ્તિત્વમય એક પદાર્થનો એવા બીજા પદાર્થમાં વિશિષ્ટરૂપે ઉપજતો ભાવ તેને અનેક દ્રવ્યાત્મક પર્યાય કહી છે.

આ વાત સ્પષ્ટતા માગે છે. બે પદાર્થો અલગ છે અને સ્વતંત્ર છે એ વાત લખ્યા બાદ એક દ્રવ્યનો અન્ય દ્રવ્યમાં ઉપજતો વિશિષ્ટ ભાવ દ્વારા એવું સમજાવવામાં આવે છે કે બે દ્રવ્યો વચ્ચે એવો મેળવિશેષ કે તે બે રૂપ લક્ષમાં ન આવતા ત્યાં એકજ ક્રિયા થાય છે અને તે એક જ દ્રવ્યનું કાર્ય હોય એવું લાગે છે. આ વાત સમજવા માટે, જીવ અને શરીરની વાત સિદ્ધાંતરૂપે સારી રીતે સમજાય તે માટે, અલગ દૃષ્ટાંતો લેવા ઉપયોગી થશે.ગાયના આંચળમાંથી મળતું દૂધ એક દ્રવ્યરૂપે બધાને ખ્યાલમાં છે અને તે રીતે તેનો વપરાશ છે છતાં ત્યાં પનીર અને પાણીનો ભાગ અવશ્ય અલગ છે. તે બન્નેના મૂળભૂત સ્વરૂપો અને પોષણ આપવાની શક્તિમાં ઘણો તફાવત છે. સંગીતના રસીલા જીવોએ સિતાર અને તબલાની જુગલબંધી સાંભળી હશે. એક બીજાને હરાવવા માટે ઝડપથી રાગ-રાગિણી બદલાવે અને બીજો પણ એવો જ ઉસ્તાદ હોય કે તેની સાથે મેળ તુરત કરી લે છે. સાંભળનારા મંત્રમુગ્ધ થઈ જાય. આવા અનેક દૃષ્ટાંતો વિચારી શકાય.

અહીં સિદ્ધાંતમાં જીવ અને શરીર જન્મે છે અને મરે છે. અર્થાત્ જીવની મનુષ્ય પર્યાય અને દેહની મનુષ્ય પર્યાય બન્ને વચ્ચેના સંયોગ અને વિયોગના કારણે જેને જન્મ અને મરણ એવું નામ આપવામાં આવે છે. આ રીતે અજ્ઞાની જીવને શરીર અને જીવનું એકપણું જ ભાસે છે. જીવન દરમ્યાન બધું કાર્ય હું કરું છું એવું માને છે. આ ઘડિયાળ અને તેનો જાણનાર હું એવું કહેનારને હુંપણામાં દ્વૈત દેખાતું નથી. જ્યારે ત્યાં રહેલા દ્વૈત પ્રત્યે તેનું ધ્યાન ખેંચવામાં આવે ત્યારે જ તેની ભ્રમણા ભાંગે પરંતુ તેમ છતાં અજ્ઞાન સહેલાઈથી છૂટતું નથી.

જીવ અને શરીર વચ્ચેનો સંબંધ એ સંયોગી એકત્વ છે. તે ખરેખર ત્રિકાળ સત્તા નથી પરંતુ અજ્ઞાની જીવ એવા સંયોગી એકત્વમાં હુંપણું માની બેઠો છે તે તેનું અજ્ઞાન છે. પરમાર્થ જોવા જઈએ તો જીવની ચોવીસ કલાકની પ્રવૃત્તિની જવાબદારી કોણ સ્વીકારે છે ? શુદ્ધ જીવ અને શુદ્ધ પુદ્‌ગલ તેની સ્પષ્ટ ના પાડે છે. વાસ્તવિકતા જોઈએ તો અજ્ઞાન ભાવે પરિણમતો જીવ પણ બધું કાર્ય નથી કરતો. તે પ્રમાણે શરીર પણ જ્ઞાન સુખ અને રાગના પરિણામને નથી કરતું. તેથી અજ્ઞાનીની ચોવીસ કલાકની પ્રવૃત્તિની જવાબદારી જીવ કે શરીર બેમાંથી કોઈપણ સ્વીકારી શકે તેમ નથી.

ખરેખર સંસાર તત્ત્વ કેવી રીતે સાબિત થાય તેનો વિચાર કરીએ તો ખ્યાલ આવે કે તેનું ઉદ્‌ભવસ્થાન અજ્ઞાન છે. જીવ અને શરીરની એક સત્તા માનવી અને તે સત્તા જ આ બધું કાર્ય કરે છે એવું વિચારવું રહ્યું. આ રીતે આ બધું અજ્ઞાનીના અજ્ઞાનનું ફળ હોવા છતાં સંસાર પણ છે તે વાસ્તવિકતાનો ઈન્કાર થઈ શકે તેમ નથી અજ્ઞાનની મર્યાદા માત્ર અજ્ઞાની જીવના પૂરતી જ સીમિત છે એમ નથી. જીવના વિભાવની સાથે દ્રવ્યકર્મ અને નોકર્મની સંધિ પણ અવશ્ય છે. જીવ પોતાના

ષટકારક અનુસાર પરિણમે છે તેથી ત્યાં કર્તાપણું અને સંપ્રદાન સાથે જ છે. જીવની પર્યાયની અવધિ એક સમયની જ છે માટે તેને ભોગવવાની કોઈ વાત હોય તો તે સમયે જ તેને ભોગવી શકાય. પછી તો તે નાશ પામી જાય છે અને જે અભાવરૂપ હોય તેનો ભોગવટો શક્ય જ નથી. તેથી જીવ દરેક સમયે પોતે કર્તા થઈને પોતાના પરિણામને કરે છે અને તેને તે સમયે જ ભોગવે છે એ વાત સિદ્ધાંતરૂપે માન્ય કરવી રહી.

જીવ ભવિષ્યમાં સંયોગરૂપ ફળને ભોગવે તો એક પરિણામનું ફળ બે વાર ભોગવવાનો પ્રસંગ આવે છે તે બની ન શકે. માટે જીવ સંયોગોને જ ભોગવે છે (જે બધાને અનુભવમાં આવે છે) તે માન્ય રાખીએ અને તે પોતાની પર્યાયને તે સમયે જ ભોગવે છે તે માન્ય ન રાખીએ. એવો કૃતર્ક જરૂર થઈ શકે. હવે પર્યાય એક સમયની જ છે અને ત્યાં ષટકારક છે તે વાત માન્ય કરીએ તો જીવ ભવિષ્યમાં સંયોગોને ભોગવતો નથી. એવી એકાંત માન્યતા કરવી જોઈએ. એ પ્રકારે દલીલ થઈ શકે.

જીવને સંયોગોનો ભોગવટો છે જ નહીં એવું એકાંત પણ શક્ય નથી. કોઈ વ્યક્તિ એકનું ખૂન કરે અને અન્ય અનેક જીવોની એકી સાથે હિંસા કરે તે બન્નેનું ફળ અલગ હોવું જ જોઈએ. વળી જે હિંસાના ભાવને કરે છે. તે દુઃખી થવાને બદલે તે સમયે આનંદનો અનુભવ કરતો જોવા મળે છે. જો પોતાના પરિણામોને આ રીતે ભોગવવાનો એકાંત નિષેધ કરવામાં આવે તો સ્વર્ગ અને નર્કની સાબિતી જ ન થાય. ચાર ગતિ જ સાબિત ન થાય. ખરેખર આ ગાથામાં ગતિની તો સાબિતી કરવામાં આવે છે. જીવના તીવ્ર મંદ પરિણામોને ભોગવવાના સ્થાનો અવશ્ય છે તેનો ઈન્કાર થઈ શકતો નથી.

હવે વાત રહી એક પરિણામનું ફળ બેવાર ભોગવવાની. ત્યાં સમાધાન એ પ્રકારે છે કે જીવ ભવિષ્યમાં જે સંયોગો પ્રાપ્ત કરે છે. તે તો પોતાના પૂર્વે કરેલા વિભાવના ફળરૂપે છે. જીવ જો ફરી સંયોગમાં આત્મબુદ્ધિ કરીને જોડાય તો તે અવશ્ય સંયોગોને ભોગવે છે. એ હકીકત પણ સાચી છે. હવે જો દ્વિધા ચાલુ રહે તો તેનું સમાધાન મેળવીએ.

જીવ તે સમયે પણ પોતાની રાગમિશ્રિત જ્ઞેયાકાર જ્ઞાનની પર્યાયને ભોગવે છે. પરદ્રવ્યને નહીં. અર્થાત્ તે સમયે પણ સંયોગો તો તેના પ્રવાહમાં ચાલ્યા ગયા છે. તમે તે સંયોગમાં જેવા ભાવથી જોડાવ છો તેવો જ અને તેટલો જ તમને ભોગવટો મળે છે. માટે જીવે ખરેખર તો પોતાની તે સમયની પર્યાયને જ ભોગવી છે માટે પર્યાયનો ભોગવટો એક જ સમયે છે. બેવાર ભોગવટો નથી. જીવ જો જ્ઞાની થાય અને સ્વરૂપમાં જોડાય તો તે નિર્વિકલ્પ દશા સમયે કેવા સંયોગો આવ્યા તેનું જ્ઞાન પણ નથી. તેથી ભોગવટાનો પ્રશ્ન નથી. વળી મુનિને સવિકલ્પ દશામાં ઉપસર્ગ શરૂ થાય તો તેનું લક્ષ છોડીને સ્વરૂપમાં જામી જાય છે માટે તે સંયોગને ભોગવતો નથી પરંતુ સ્વરૂપલીન રહીને અતીન્દ્રિય આનંદને ભોગવે છે. ટીકામાં આગળ જીવનો શરીર સાથેનો સંબંધ એટલું જ માત્ર નથી લીધું. ત્યાં શરીરનામકર્મના ઉદય અનુસાર શરીરના સંસ્થાન-સંહનન વગેરે સાથે પણ જીવ સંબંધમાં આવે છે. આ રીતે જીવ અનેક સાથે સંબંધમાં આવે છે એવું દર્શાવવામાં આવ્યું છે.

### ◆ ગાથા - ૧૫૩

**તિર્યંચ, નારક, દેવ, નર - એ નામકર્મોદય વડે**
**છે જીવના પર્યાય, જેહ વિશિષ્ટ સંસ્થાનાદિકે. ૧૫૩.**

***મનુષ્ય, નારક, તિર્યંચ અને દેવ એ નામ કર્મના ઉદયાદિકને લીધે જીવોના પર્યાય છે કે જેઓ સંસ્થાનાદિ વડે અન્ય પ્રકારના હોય છે.***

આગલી ગાથામાં જીવને શરીરાદિની પ્રાપ્તિ

થાય છે એ વાત લીધા પછી હવે ચાર ગતિમાં જીવને કેવા દેહની પ્રાપ્તિ થાય છે અને તેને અનુરૂપ જીવના પરિણામ કેવા હોય છે એ વાત લેવામાં આવી છે. મનુષ્યાદિ ચાર ગતિ છે. અઘાતિકર્મો ચાર છે. તેમાં શરીરની રચનામાં મુખ્યપણે નામકર્મની પ્રકૃત્તિ નિમિત્ત છે. આયુ અને ગોત્રને પણ દેહ સાથે સંબંધ છે. વેદનીય કર્મનો ઉદય મુખ્યપણે સંયોગોનું કારણ થાય છે. તે કર્મોદયની અસર શરીર ઉપર પણ હોય છે. આપણા જીવન દરમ્યાન એક સમય એવો આવે છે જ્યારે ગતિનો બંધ પડે છે. તે સમયના ભાવને અનુરૂપ ગતિ પ્રાપ્ત થાય છે. સરળ મધ્યમ પરિણામથી મનુષ્ય અને કપટના ભાવથી તિર્યંચ ગતિનો બંધ પડે છે. ઊંચા પ્રકારના શુભ અને અશુભ ભાવો અનુસાર સ્વર્ગ અને નરક ગતિ મળે છે. જે તે ગતિને અનુરૂપ દેહ અને સંયોગો ઉપલબ્ધ થાય છે. આ બધું અઘાતિ કર્મોદયનું ફળ છે. અહીં શરીરની મુખ્યતાથી વાત લીધી છે માટે માત્ર નામકર્મને યાદ કર્યું છે. ગતિના બંધ અનુસાર પછીના ભવમાં આવો દેહ અને સંયોગો પ્રાપ્ત થાય છે.

જીવના ભાવ અનુસાર ગતિ પ્રાપ્ત થાય છે એ વાત આપણે પહેલાની ગાથામાં વિસ્તારથી લક્ષમાં લીધી છે. એક પ્રશ્ન જરૂર થાય કે કોઈ આખી જીંદગી શુભભાવો કરતો હોય અને આયુષ્યના બંધ સમયે જ કપટના ભાવ હોય તો તેને સ્વર્ગ કે મનુષ્ય ગતિના સ્થાને તિર્યંચ ગતિમાં જવું પડે એ જરા અજાુગતું લાગે. પરંતુ વ્યવસ્થા એ પ્રકારે જ છે. તિર્યંચ ગતિમાં પણ તેને શુભ ભાવના ફળ સ્વરૂપે અનેક પ્રકારની અનુકૂળતા અવશ્ય પ્રાપ્ત થાય છે.

જીવને સંયોગરૂપે જે દેહ પ્રાપ્ત થાય છે તેને અનુરૂપ તે પોતાનું જીવન ગોઠવી લે છે. તેથી શરીરની પર્યાય પ્રમાણે જીવની ગતિના નામ આપવામાં આવ્યા છે. **દૃષ્ટાંત :** નય જ્ઞાનનો વિષય વસ્તુનો એક અંશ છે. તે અંશનું જે નામ છે તે નામ નયને આપવામાં આવે છે. જ્ઞાનને વિષય કરનારા નય જ્ઞાનને જ્ઞાન નય કહેવાય છે. અસ્તિત્વને જાણનારી જ્ઞાનની પર્યાય અસ્તિત્વનય નામ પામે છે. તે પ્રમાણે જે પ્રકારના દેહ પ્રાપ્ત થાય છે એ અનુસાર જીવની પર્યાયને તે નામ આપવામાં આવે છે. જ્યારે જીવને મનુષ્ય દેહ સંયોગરૂપે પ્રાપ્ત થાય છે ત્યારે તે જીવની પણ મનુષ્ય પર્યાય છે એવું કથન કરવામાં આવે છે. મનુષ્ય દેહની પ્રાપ્તિમાં નિમિત્ત નામકર્મ છે માટે જીવની મનુષ્ય પર્યાય પણ નામકર્મ અનુસાર કહેવામાં આવે છે. શરીરને અને નામકર્મને જે પ્રકારનો નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે એવો નામકર્મને અને જીવને નથી. અઘાતિ કર્મનું ફળ શરીર અને સંયોગોમાં આવે છે. જ્યારે જીવના પરિણામોમાં નિમિત્ત ઘાતિકર્મોદય છે. આ સિદ્ધાંત સાચા અર્થમાં સમજવો જરૂરી છે.

દ્રવ્યકર્મના બે પ્રકાર છે. ઘાતિ કર્મ અને અઘાતિ કર્મ. જે કર્મ ઉદયમાં આવીને જીવના સ્વભાવનો ઘાત થવામાં (જીવમાં વિભાવ થવામાં) નિમિત્ત બને તેને ઘાતિ કર્મો કહેવામાં આવે છે. જીવ પોતે જો કર્મના ઉદયમાં જોડાય તો વિભાવ થાય. તે જ પ્રમાણે જીવ જ્યારે શુદ્ધ પર્યાયની પ્રગટતા કરે ત્યારે ઘાતિ કર્મોનો નાશ થાય. આ રીતે જીવના વિભાવને અને ઘાતિ કર્મોને એક બીજાના ઘાતમાં નિમિત્ત થવાનું બને છે. ઘાતિ કર્મનું કોઈ ફળ શરીર અને સંયોગોમાં નથી.

અઘાતિ કર્મો જીવના વિભાવના નિમિત્તે બને છે પરંતુ અઘાતિ કર્મ ઉદયમાં આવે ત્યારે જીવને શરીર અને સંયોગોની પ્રાપ્તિ કરાવે છે. અઘાતિ કર્મના ઉદયનું કોઈ ફળ જીવમાં નથી આવતું. સામાન્ય માન્યતા એવી છે તે જેવા સંયોગો હોય એવા સંયોગી ભાવ અર્થાત્ વિભાવ થાય છે. એવી માન્યતાને પોષણ મળે એવા અનેક દૃષ્ટાંતો પણ મળી રહે છે. જેની એવી માન્યતા છે તે પોતાના

પરિણામ-વિભાવ માટે, ઈન્દ્રિય સુખ-દુઃખ માટે, સંયોગોને જ જવાબદાર માને છે. તેથી તેના પ્રયત્નો હંમેશા સંયોગો ફેરવવાના રહે છે. પરંતુ તે ખોટો રસ્તો છે. જીવના વિભાવનું કારણ ઘાતિ કર્મનો ઉદય છે. મિથ્યાત્વ છે ત્યાં સુધી રાગ-દ્વેષ છે. મિથ્યાત્વનો અભાવ ન થાય ત્યાં સુધી રાગ-દ્વેષ મટે નહીં. અરિહંત ભગવાનને અઘાતિ કર્મોના ઉદય આવે છે પરંતુ તે પરમાત્માને વિભાવમાં નિમિત્ત નથી. પરમાત્માને વિભાવ નથી કારણકે કોઈ ઘાતિ કર્મ બાકી નથી કે જે ઉદયમાં આવીને જીવના વિભાવમાં નિમિત્ત થાય.

આ રીતે જીવના વિભાવના નિમિત્તે બન્ને પ્રકારના દ્રવ્યકર્મો બંધાય છે. પરંતુ બન્ને પ્રકારના કર્મોના ફળ અલગ જ છે. ઘાતિ કર્મ જીવના વિભાવમાં જ નિમિત્ત થાય છે અને અઘાતિ કર્મો શરીર અને સંયોગની પ્રાપ્તિ કરાવે છે. જીવ પોતે વિભાવરૂપે પરિણમીને સંયોગમાં જોડાય છે. શરીરને પ્રાપ્ત ઈન્દ્રિયોને સાધન બનાવીને સંયોગમાં જોડાય છે. જે સમયે ઈન્દ્રિયજ્ઞાન થાય છે તે સમયે રાગ હાજર જ છે. પહેલા જાણે અને પછી રાગ કરે એમ ન લેતા અજ્ઞાની જીવ રાગના કારણે કોઈ વિષયને મુખ્ય કરીને તેને જાણે છે. આ દૃષ્ટિએ વિચારતા સંયોગના કારણે રાગ થાય છે એવો વિચાર છોડીને રાગથી છૂટવા માટે, ઈન્દ્રિય સુખ-દુઃખથી મુક્ત થવા માટે મિથ્યાત્વને દૂર કરવાનો પુરુષાર્થ કરવા લાગી જાય છે.

## ◆ ગાથા - ૧૫૪

**અસ્તિત્વથી નિષ્પન્ન દ્રવ્યસ્વભાવને ત્રિવિકલ્પને**
**જે જાણતો, તે આતમા નહિ મોહ પરદ્રવ્યે લહે. ૧૫૪.**

***જે જીવ તે (પૂર્વોક્ત) અસ્તિત્વ નિષ્પન્ન, ત્રણ પ્રકારે કહેલા, ભેદોવાળા દ્રવ્ય સ્વભાવને જાણે છે, તે અન્ય દ્રવ્યમાં મોહ પામતો નથી.***

દરેક પદાર્થની સ્વરૂપ અસ્તિત્વ સત્તા ભિન્ન જ છે. દરેક પદાર્થ સ્વથી એકત્વ અને પરથી વિભક્તપણે સદાયને માટે રહેલા છે. દરેક પદાર્થમાં ભેદ વિવિક્ષાથી વિચારતા તેમાં દ્રવ્ય-ગુણ-પર્યાય તથા ઉત્પાદ-વ્યય-ધ્રુવ એવા ભેદો અવશ્ય છે. પરંતુ તે ભેદ વસ્તુની અખંડતાને બાધારૂપ નથી. બે પદાર્થો બે મટીને એક થાય એવું કયારેય બનતું નથી. બે પદાર્થો અત્યંત જુદા રહીને તેમની વર્તમાન પર્યાય દ્વારા અન્ય દ્રવ્યો સાથે સંબંધમાં આવે છે. તે નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે, બે દ્રવ્યો કે બે દ્રવ્યના ગુણો જે ત્રિકાળ છે તે વચ્ચે સંબંધ થતાં નથી.

જીવ અને શરીરની ''અનેક દ્રવ્યપર્યાયરૂપ'' એક પર્યાયરૂપે વિચારણા કરીને હવે તે વચ્ચે ભેદજ્ઞાન કરાવવા માટે આ ગાથા લેવામાં આવી છે. જીવ અને શરીર બે અલગ પદાર્થો છે. તે બન્નેના સ્વરૂપ અસ્તિત્વ ભિન્ન છે. સ્વરૂપ અસ્તિત્વ જુદા છે તે વાસ્તવિકતાના આધારે આચાર્યદેવ ભેદજ્ઞાન કરાવવા માગે છે.

સ્વરૂપ અસ્તિત્વને દ્રવ્ય-ગુણ-પર્યાય એવા ભેદરૂપે અથવા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય એવા ભેદરૂપે જોવામાં આવે છે. ત્યારે પણ સ્વરૂપ અસ્તિત્વનું અખંડપણું જ છે. એ વાત મુખ્યપણે લેવામાં આવી છે. પદાર્થ બંધારણમાં આ વિષય વિસ્તારથી લેવામાં આવ્યો છે. આપણે તેને અભ્યાસમાં પણ લીધો છે. તેથી અહીં સ્વરૂપ અસ્તિત્વ સત્તા કઈ રીતે છે તે ટૂંકામાં જોઈએ.




અહીં માત્ર અસ્તિત્વ ગુણની વાત નથી પરંતુ પદાર્થની સત્તાની વાત છે તે સ્વરૂપ અસ્તિત્વને

દ્રવ્યના સ્વભાવરૂપે દર્શાવવામાં આવે છે. આવા સ્વરૂપ અસ્તિત્વનું અખંડપણું અહીં વિસ્તારથી સમજાવવામાં આવે છે. તેનો ઉપયોગ શરીરથી ભેદજ્ઞાન માટે કરવામાં આવ્યો છે. તેનો આગળ વિચાર કરતા પહેલા અહીં પ્રથમ બંધારણને થોડું પ્રયોજનરૂપે વિચાર લઈએ.

**પર્યાય - ક્રમપૂર્વક અનેક**




આ રીતે એક પદાર્થનો અંતરંગ વિચાર કરીએ છીએ ત્યારે દ્રવ્ય સામાન્ય સ્વભાવ એકરૂપ-અન્વય રહીને એક પછી એક થતી પર્યાયમાં ક્રમપૂર્વક વ્યાપે છે.

હવે જ્યારે બે પદાર્થો વચ્ચેના સંબંધનો વિચાર કરીએ. જીવ એક પછી એક નવા નવા દેહ ધારણ કરે છે. તેનો વિચાર કરીએ ત્યારે આખા સ્વરૂપ અસ્તિત્વથી વિચાર કરવામાં આવે છે. ત્યારે દ્રવ્ય-ગુણ-પર્યાય એવા ભેદને ત્યાં સ્થાન નથી. જીવ નામનો આખો પદાર્થ અન્ય પદાર્થ સાથે સંબંધમાં આવે છે એ રીતે લેવું રહ્યું. ત્યારે અન્વયરૂપ દ્રવ્ય સામાન્ય નથી પરંતુ સ્વરૂપ અસ્તિત્વ છે.




આ રીતે ત્યાં ભલે જીવની મનુષ્ય પર્યાય અને દેહની મનુષ્ય પર્યાય વચ્ચે જ સંબંધ છે તો પણ જીવમાં દ્રવ્ય-ગુણ-પર્યાયનું અભેદપણું લક્ષમાં રાખીને ''જીવની શરીર સાથે શરીરને અનુરૂપ હોવાની યોગ્યતા'' એવો જીવ પોતાની આવી એકરૂપ અવસ્થાને કાયમ રાખીને જુદા જુદા શરીરો સાથે સંબંધમાં આવે છે એ રીતે વિચારવું રહ્યું. આ રીતે જુદા જુદા શરીરોના સંબંધથી જે અનેક દ્રવ્ય પર્યાય થાય છે ત્યાં આખો જીવ અર્થાત્ સ્વરૂપ અસ્તિત્વરૂપ જીવ અન્ય સ્વરૂપ અસ્તિત્વરૂપ પુદ્‌ગલ (શરીર) સાથે સંબંધમાં છે. બન્નેના સ્વરૂપ અસ્તિત્વો 'અનેક દ્રવ્યપર્યાય' સમયે પણ જુદા જ છે માટે જ્ઞાન તેને સ્વરૂપ અસ્તિત્વથી જુદા પડે છે અને ભેદજ્ઞાન કરે છે.

ચેતન દ્રવ્ય-ચેતન પર્યાયો
ચેતન ગુણો } જીવ પદાર્થ સ્વરૂપ અસ્તિત્વ. { ચેતન દ્રવ્ય સામાન્ય ધ્રુવ } ચેતન વિશેષો પર્યાયો ઉત્પાદ અને વ્યયરૂપ.

આ રીતે જીવના અસ્તિત્વમાં તેના દ્રવ્ય-ગુણ-પર્યાય એવા ભેદો ચેતનમય છે. તેના ઉત્પાદ-વ્યય-ધ્રુવ એવો ભેદો પણ ચેતનમય છે.

એક વાત ખ્યાલમાં રહેકે અસલ ચેતન સ્વભાવ તો ચેતન ગુણનો છે. દ્રવ્ય અને ગુણની એક સત્તા હોવાથી જીવને ચેતન સ્વભાવી કહેવામાં આવે છે. સ્વરૂપ અસ્તિત્વનું અખંડપણું હોવાથી હવે જીવના અન્ય અનંત ગુણો તથા તેની બધી પર્યાયો પણ ચેતનમય કહેવાય છે. આ વાત આપણે દ્રવ્ય સામાન્ય અધિકારમાં વિસ્તારથી અભ્યાસમાં લીધી છે માટે અહીં તેનો વિસ્તાર નથી કરતા.




સ્વરૂપ અસ્તિત્વના અખંડપણાને કારણે અન્ય ગુણો અને પર્યાયો પણ ચેતનમય. આવો જીવ પદાર્થ શરીરથી જુદો છે.

| | | | |
|---|---|---|---|
| અચેતન દ્રવ્ય-અચેતન પર્યાયો અચેતન ગુણો | શરીર પુદ્ગલ સ્વરૂપ અસ્તિત્વ. | અચેતન દ્રવ્ય સામાન્ય ધ્રુવ | અચેતન પર્યાયરૂપ ઉત્પાદ વ્યય |

આ રીતે શરીરનું પુદ્ગલરૂપ સ્વરૂપ અસ્તિત્વ જાુદુ દર્શાવવામાં આવ્યું. અહીં માત્ર પુદ્ગલ પરમાણુની વાત નથી લીધી પરંતુ શરીરને એક દ્રવ્યરૂપે લીધું છે. એ ખ્યાલમાં રહે કે પુદ્ગલ સ્વભાવની જ્યારે વાત કરીએ ત્યારે ત્યારે ત્યાં સ્પર્શ-રસ વગેરે રૂપીપણાની વાત કરવી જોઈએ કારણકે જેમ જીવનું અસાધારણ લક્ષણ ચેતન છે. તેમ પુદ્ગલનું અસાધારણ લક્ષણરૂપીપણું છે. પરંતુ અહીં રૂપીપણું શબ્દ ન વાપરતાં ત્યાં અચેતનપણું લીધું છે. ત્યાં જીવના ચેતનપણા સાથેનો વિરોધ દર્શાવવો છે માટે રૂપીપણાના સ્થાને અચેતનપણું લેવામાં આવ્યું છે. જેથી ચેતન અને અચેતન એવા સ્પષ્ટ વિભાગ ખ્યાલમાં રહે. એક-અનેક તથા નિત્ય-અનિત્ય એ પણ વિરોધી દેખાતા ધર્મો છે પરંતુ તેમને એક દ્રવ્યમાં સાથે રહેવામાં વિરોધ નથી. ખરેખર તેમને એક દ્રવ્યમાં યોગ્ય રીતે સમજવાથી જ અનેકાંત વસ્તુ સ્વરૂપની સિદ્ધિ થાય છે. ચેતન અને અચેતન એવા વિરોધી ધર્મો છે કે તેની એક દ્રવ્યમાં સ્થિતિ ન જ હોય. અર્થાત્ એક દ્રવ્યમાં ચેતન અને અચેતન એવા ધર્મો ન હોય. આ પ્રમાણે હોવાથી જેને આપણે અનેક દ્રવ્યપર્યાયરૂપ મનુષ્ય વગેરે વિભાવ વ્યંજન પર્યાયરૂપે માન્ય કરીએ છીએ તે ખરેખર એક પદાર્થ નથી. ત્યાં જીવ અને શરીર બે જાુદા છે અને તેમને ભિન્ન લક્ષમાં લેવાથી આત્મ કલ્યાણ થાય છે. તે બન્નેને જાુદા પાડવા માટે આ ગાથામાં સ્વરૂપ અસ્તિત્વના અખંડપણાને સાધનરૂપે દર્શાવવામાં આવ્યું છે.

બે પદાર્થો અત્યંત ભિન્ન હોવા છતાં તેમને એક માનવા તે મિથ્યાત્વ છે. મિથ્યાત્વ અનંત સંસારનું કારણ છે. માટે જીવ જ્યારે શરીરથી જાુદાપણું કરે છે. ત્યારે મિથ્યાત્વ ઉત્પન્ન થતું જ નથી જે લાભનું કારણ થાય છે. બે પદાર્થનું જાુદાપણું-ભેદજ્ઞાન તેને સ્થૂળ ભેદજ્ઞાન માનવામાં આવે છે પરંતુ એવું સ્થૂળ ભેદજ્ઞાન કરવાથી પણ જીવનું પ્રયોજન સિદ્ધ થાય છે.

## ◆ ગાથા - ૧૫૫

**છે આતમા ઉપયોગરૂપ, ઉપયોગ દર્શન-જ્ઞાન છે;**
**ઉપયોગ એ આત્મા તણો શુભ વા અશુભરૂપ હોય છે. ૧૫૫.**

***આત્મા ઉપયોગાત્મક; ઉપયોગ જ્ઞાન-દર્શન કહેલ છે; અને આત્માનો તે ઉપયોગ શુભ અથવા અશુભ હોય છે.***

આ ગાથાથી આચાર્યદેવ નવો વિષય શરૂ કરે છે. ખરેખર તો નવો નથી. જીવ અને શરીર સાથેના સંબંધની ગાથાઓમાં જીવને શરીરની પ્રાપ્તિ કઈ રીતે થાય છે તે પૂર્વાર્ધ અને શરીરની પ્રાપ્તિ પછી જીવ શું કરે છે ઉત્તરાર્ધરૂપે આપણે વિચારી ગયા છીએ. શરીરની પ્રાપ્તિ બાદ જીવ શું કરે છે તેનો હવે વિસ્તાર કરવામાં આવે છે. હવેની ગાથાઓમાં જીવને પરદ્રવ્યના સંયોગનું કારણ વિચારવામાં આવે છે. તે સૌ પ્રથમ આપણે આપણી રીતે વિચારી લઈએ.

જીવ જે દેહને પ્રાપ્ત થાય તે દેહરૂપ જે દ્રવ્ય ઈન્દ્રિયો છે તેને સાધન બનાવીને જ્ઞાન પરજ્ઞેય (પુદ્ગલ) ને જાણવાનું કાર્ય કરે છે. તે જ્ઞાન સાથે રાગ અવિનાભાવરૂપે રહેલો છે. તે શ્રદ્ધા અને ચારિત્રના પરિણામોના શુદ્ધ અને અશુદ્ધ એવા બે ભેદ પડે છે. તે અશુદ્ધના પાછા શુભ અને અશુભ એવા બે ભેદ પડે છે. જીવના આવા વિભાવને નિમિત્ત બનાવીને નવા કર્મો બંધાય છે. તે ભવિષ્યમાં ઉદયમાં આવીને જીવને ફરીને દેહ અને સંયોગની પ્રાપ્તિ કરાવે છે. આ રીતે જીવને પરદ્રવ્યના સંયોગનું કારણ પોતાનો વિભાવ ભાવ જ છે. અજ્ઞાની જીવના

પરિણામનો વિચાર કરીએ તો તેને આ પ્રમાણે સમજાવી શકાય.

જીવ - શરીર - શરીરને પ્રાપ્ત ઈન્દ્રિયો

↓

જ્ઞાન ઈન્દ્રિયોને સાધન બનાવીને રૂપી પરજ્ઞેયોને જાણે છે. ક્ષયોપશમ જ્ઞાન અને રાગ અલ્પજ્ઞ દશામાં અવિનાભાવરૂપે સાથે જ છે. જીવ પરથી ભિન્ન રહીને જ પરને જાણે છે પરંતુ અજ્ઞાની જીવ જ્ઞેય જ્ઞાયક સંકર દોષ અને ભાવ્ય ભાવક સંકર દોષ કરે છે. આ બન્ને દોષ જીવની અજ્ઞાન દશામાં હોય છે. પરદ્રવ્ય જીવથી સદાય ભિન્ન જ છે પરંતુ જ્ઞાન જ્યારે પરજ્ઞેયને જાણે છે ત્યારે સંબંધના કારણે જાણે કે જ્ઞેયો જ્ઞાનમાં આવી ગયા હોય એવું લાગે છે. ત્યાં ખરેખર તો જ્ઞેય પોતાના સ્વભાવને સાચવીને પોતાના સ્વક્ષેત્રમાં જ છે પરંતુ અજ્ઞાનીને પરજ્ઞેયના ભિન્નપણાનો ખ્યાલ નથી. જ્ઞેયને જ્ઞાન જાણે ત્યારે જુદું રહીને જાણે છે. એ પૂર્વાર્ધનો તેને ખ્યાલ નથી. માટે તે પોતાના જ્ઞાનમાં સ્વ અને પરના સ્વભાવો ભેળસેળ થઈ ગયા એવું માને છે તેને જ્ઞેય જ્ઞાયક સંકર દોષ કહેવામાં આવે છે.

ભાવક એ કર્મનો ઉદય છે. ભાવ્ય એ કર્મના ઉદયમાં જોડાવાથી થતાં અશુદ્ધ પરિણામો છે. જીવે ખરેખર તો પોતાના સ્વભાવનો સ્વીકાર કરીને સ્વભાવને અનુરૂપ શુદ્ધ પર્યાય પ્રગટ કરવી જોઈએ. પરંતુ અજ્ઞાની જીવને પોતાના સ્વભાવનો ખ્યાલ જ નથી. તેથી તે કર્મોદયમાં એકત્વબુદ્ધિપૂર્વક જોડાય છે અને જેવા કર્મના ઉદય હોય તે અનુસાર પોતાનામાં વિભાવ ભાવ-મોહ-રાગ-દ્વેષના પરિણામને કરી લે છે. તે જીવનો દોષ છે અને તેને ભાવ્ય ભાવક સંકર દોષ કહેવામાં આવે છે. જીવ જ્યારે જ્ઞાની થાય છે ત્યારે બન્ને પ્રકારના સંકર દોષનો અભાવ થાય છે. કારણકે તે જીવે ભેદજ્ઞાન કરીને પોતાના જ્ઞાયક સ્વભાવને જુદો પાડી લીધો છે. તે હવે પરદ્રવ્યને જાણે છે તે સમયે તે પોતાનાથી ભિન્ન છે એવો વિવેક તે સમયે જ જાગૃત રહે છે. તે હવે જીવમાં હુંપણું રાખીને પોતાનું જીવન જીવે છે. તેથી હવે ત્યાં શુદ્ધ પર્યાયનો પ્રવાહ શરૂ થયો છે. તે કર્મના ઉદયનો તિરસ્કાર કરીને ભાવ્યરૂપ પોતાના પરિણામને કરતો નથી. જ્ઞેય જ્ઞાયક સંકર દોષ દૂર થતાં ત્યાં જ્ઞેય જ્ઞાયક સંબંધ છે. પરંતુ ભાવ્ય ભાવક સંબંધ એવું કાંઈ નથી.

અજ્ઞાની જીવ કર્મોદયમાં જોડાયને પોતાની પર્યાયમાં ભાવ મિથ્યાત્વ કરે છે. શરીરમાં હુંપણું અને પરદ્રવ્યમાં મારાપણાનો તથા પરમાં કર્તા અને ભોક્તાપણાનો અભિપ્રાય એ મિથ્યાત્વનું લક્ષણ છે. તે મિથ્યાત્વ અનુસાર અજ્ઞાની જીવને બાહ્ય વિષયોને ભોગવવાનો ભાવ થાય છે. શ્રદ્ધા અને ચારિત્રની પર્યાયો સીધી પરદ્રવ્ય સાથે સંબંધમાં આવતી નથી. તેથી જ્ઞાન મારફત ઈન્દ્રિયને સાધન બનાવીને પરજ્ઞેયને જાણવાનું કાર્ય થાય છે. જીવના પરિણામ જે હિતબુદ્ધિપૂર્વક બાહ્યમાં જાય છે તે પરદ્રવ્યના સંગમાં આવતા રાગ-દ્વેષ એવા બે ભાવરૂપે થાય છે. આ રીતે જે જીવ વિભાવરૂપે પરિણમીને જ્ઞાન દ્વારા પરદ્રવ્યોના સંબંધમાં આવે છે માટે વિભાવ જ પરદ્રવ્યના સંબંધનું કારણ છે એમ નક્કી થાય છે.

## ઉપયોગ

જીવ ઉપયોગ સ્વભાવી છે. ઉપયોગ શબ્દ પર્યાય માટે વપરાય છે. જીવના પરિણામને ઉપયોગ કહેવામાં આવે છે. તે ઉપરાંત જ્ઞાનની પર્યાયને જ્ઞાનોપયોગ અને દર્શનની પર્યાયને દર્શનોપયોગ કહેવામાં આવે છે. જ્ઞાનોપયોગના પાંચ (અથવા અજ્ઞાન સાથે લઈએ તો આઠ) ભેદ છે અને દર્શનોપયોગના ચાર ભેદ છે. તે વિસ્તાર નિયમસાર શાસ્ત્રની શરૂઆતની ગાથાઓમાં છે. અહીં આ ગાથામાં જ્ઞાન અને દર્શન ઉપયોગની વાત નથી માટે તેનો વિસ્તાર કરતા નથી. ઉપયોગના નીચે પ્રમાણે ભેદ લેવામાં આવે છે.

ઉપયોગ - (જીવના પરિણામ)

શુદ્ધોપયોગ    અશુદ્ધોપયોગ

શુભોપયોગ    અશુભોપયોગ

લક્ષમાં રહે કે જીવની પર્યાયમાં બંધ અને મોક્ષની જે વ્યવસ્થા છે તે શ્રદ્ધા ગુણના પરિણામ અનુસાર છે. ચારિત્રની પર્યાય શ્રદ્ધાને અનુસરે છે. તેથી અજ્ઞાનીને મિથ્યાદર્શનની સાથે મિથ્યાચારિત્ર છે. જ્ઞાનીને સમ્યગ્દર્શનની સાથે સમ્યકચારિત્ર છે. ખ્યાલમાં રહે કે જ્ઞાનમાં આવરણ છે પરંતુ ત્યાં વિપરીતતા નથી. મોહ અર્થાત્ વિપરીતતા શ્રદ્ધા અને ચારિત્રમાં છે અને આઠ કર્મોમાં જે મુખ્ય મોહનીય કર્મ છે તે પણ બે પ્રકારનું છે. દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય. આ બે ગુણોના પરિણામોને જીવમાં અભેદ ગણીને જીવના ઉપયોગને શુદ્ધોપયોગ અને અશુદ્ધોપયોગ કહેવામાં આવે છે.

અશુદ્ધતાના શુભ અને અશુભ બે ભેદો ચારિત્રની પર્યાયની મુખ્યતાથી છે. મિથ્યાત્વ તો અશુભ જ છે. દ્રવ્યકર્મોમાં ઘાતિ કર્મો તો બધા પાપ પ્રકૃત્તિરૂપ જ છે. અઘાતિ કર્મોમાં પાપ અને પુણ્ય પ્રકૃત્તિઓ એવા બે ભેદ પડે છે. જીવના પરિણામ માટે શુભભાવ અને અશુભભાવ એવા શબ્દો વાપરવામાં આવે છે અને દ્રવ્યકર્મો માટે પાપ અને પુણ્ય એવા શબ્દો વપરાય છે. જીવના શુભભાવ અનુસાર પુણ્ય પ્રકૃત્તિ અને અશુભભાવ અનુસાર પાપ પ્રકૃત્તિ બંધાય છે. જીવના શુભાશુભ ભાવો વડે ઘાતિ કર્મો તો બંધાય જ છે અને તે બધી પાપ પ્રકૃત્તિઓ છે. એક વાત આપણા ખ્યાલમાં લેવી જરૂરી છે કે જીવના પરિણામને શુદ્ધોપયોગ શુભોપયોગ-અશુભોપયોગ એવા જે નામ આપીએ છીએ. તે શ્રદ્ધા અને ચારિત્રના પરિણામ અનુસાર છે. તેમ છતાં શ્રદ્ધા અને ચારિત્રના પરિણામને ઉપયોગ કહેતા નથી.

## ◆ ગાથા - ૧૫૬

ઉપયોગ જો શુભ હોય, સંચય થાય પુણ્ય તણો તહીં,
ને પાપસંચય અશુભથી; જ્યાં ઉભય નહિ, સંચય નહીં. ૧૫૬.

***ઉપયોગ જો શુભ હોય તો જીવને પુણ્ય સંચય પામે છે અને જો અશુભ હોય તો પાપ સંચય પામે છે. તેમના (બન્નેના) અભાવમાં સંચય થતો નથી.***

હવે આચાર્યદેવ ચારિત્રના પરિણામ અનુસાર કેવા પ્રકારના કર્મો બંધાય છે તે વિસ્તારથી સમજાવવા માગે છે. ત્યારે આપણે મૂળ વાત પ્રથમ યાદ કરી લઈએ. મિથ્યાત્વ એ એક જ બંધનું કારણ માન્ય રાખવામાં આવ્યું છે. મિથ્યાત્વ એ વિભાવ પરિણામનો સરદાર છે. તે આસ્રવ યોદ્ધો છે જે અનાદિકાળથી વિજયી રહ્યો છે. તે મિથ્યાત્વ જાય ત્યારે વિભાવની સેના હતપ્રભ થાય છે. વિભાવના નાશના શ્રીગણેશ શરૂ થયા છે. સંવર યોદ્ધાએ આસ્રવ યોદ્ધાને જીતી લીધો છે. પૂ. ગુરુદેવ કહેતા કે બીજ ઉગી તે પૂનમ થયે જ છૂટકો તે રીતે મિથ્યાત્વને એકને જ બંધનું કારણ સ્વીકારવું રહ્યું અને તેનો અભાવ થતાં વિભાવનો નાશ નક્કી કરવો. હવે ચારિત્રના દોષનો વિચાર કરીએ.

મિથ્યાત્વની સરખામણીમાં ચારિત્રનો દોષ વામણો લાગે છે. મિથ્યાત્વના પાપને મોટું પાપ ગણવામાં આવ્યું છે. ચારિત્રના દોષને અલ્પ દોષ ગણવામાં આવ્યો છે. અજ્ઞાનીને બન્ને પ્રકારના વિભાવ ભાવો છે અને મોહ રાગ-દ્વેષ બધા બંધનું કારણ થાય છે તેમ છતાં મિથ્યાત્વના બંધની જ અગત્યતા લેવામાં આવે છે. ચારિત્રના પરિણામમાં જે દ્વૈત છે તે ખતરનાક છે એ વાત લક્ષમાં લેવા જેવી છે. ચારિત્રના પરિણામમાં શુભ અને અશુભના દ્વૈતના કારણે જીવ અનાદિકાળથી સંસારનું પરિભ્રમણ ચાલુ રાખે છે તે વાત મોટા ભાગે ખ્યાલમાં રહેતી નથી. એ વાત જો ખ્યાલમાં રહે તો

આપણે ચારિત્રના દોષની સાચી પિછાણ કરી એમ જાણવું. બીજું એ પણ ખ્યાલમાં લેવું કે સમ્યગ્દર્શનની પ્રગટતા જીવનો અનંત પુરુષાર્થ માગી લે છે. પરંતુ ત્યારબાદ સાધક દશામાં શુદ્ધતામાં આગળ વધવા માટે સમયે સમયે અનંત ગુણો પુરુષાર્થ જોઈએ છીએ. પુરુષાર્થ કરવાની કળા પ્રાપ્ત થઈ માટે સુગમ હોવા છતાં ત્યાં મહેનત ચાલુ જ રાખવાની છે. સાધક દશા અર્ધ પુદ્ગલ પરાવર્તન જેટલી પણ લાંબી હોય શકે છે તેના ઉપરથી આપણને ખ્યાલ આવે કે ચારિત્રના દોષ માનીએ એવા સરળ રીતે દૂર નથી થતા. આ ભૂમિકા ખ્યાલમાં રાખીને હવે આ ગાથાનો અભ્યાસ કરીએ.

જીવને પરદ્રવ્યો સંયોગમાં આવે છે તેનું કારણ શું છે તે આ ગાથામાં લેવામાં આવ્યું છે. જીવના અશુદ્ધ ઉપયોગને તેનું કારણ દર્શાવવામાં આવ્યું છે. ગા. ૧૫૫માં જીવના અશુદ્ધ ઉપયોગના શુભ અને અશુભ એવા બે ભેદની વાત લેવામાં આવી છે. મિથ્યાત્વ એ બંધનું કારણ છે. અજ્ઞાની જીવ મોહ રાગ-દ્વેષરૂપે પરિણમે છે અને દ્રવ્યબંધ થાય છે.

દ્રવ્યકર્મમાં ઘાતિ અને અઘાતિ એવા બે ભેદ છે. આ ગાથામાં અઘાતિ કર્મોની વાત મુખ્યપણે લેવામાં આવી છે. તે અઘાતિ કર્મોમાં પુણ્ય પ્રકૃતિ અને પાપ પ્રકૃતિ એવા બે ભેદ પડે છે. આ અઘાતિ કર્મોદય અનુસાર જીવને સંયોગોની પ્રાપ્તિ થાય છે. જીવના શુભભાવને નિમિત્ત બનાવીને પુણ્ય પ્રકૃતિ બંધાય છે. તેના ઉદય અનુસાર જીવને અનુકૂળ સંયોગો મળે છે જે જીવને ઈન્દ્રિય સુખનું કારણ થાય છે. જીવના અશુભભાવ અનુસાર પાપ પ્રકૃતિ બંધાય છે જેનાથી જીવને પ્રતિકૂળ સંયોગો પ્રાપ્ત થાય છે અને જીવ દુઃખી થાય છે. આ સંયોગોને અબદ્ધ નોકર્મ ગણવામાં આવે છે. જ્ઞાનીને મિથ્યાત્વ નથી પરંતુ જેટલો અસ્થિરતાનો રાગ છે તે અનુસાર અલ્પ સંસારનું કારણ થાય એવા ટૂંકી મુદ્દતના કર્મો બંધાય છે. જ્ઞાની શક્યતઃ અશુભ ભાવ કરતો નથી. સવિશેષપણે તે શુભ ભાવ જ કરે છે તેથી તેને અનુકૂળ સંયોગોની પ્રાપ્તિ વિશેષરૂપે પ્રાપ્ત થાય છે.

અજ્ઞાની જીવ સંયોગોમાં નવેસરથી એકત્વબુદ્ધિ કરીને ફરીને નવા કર્મોને બાંધે છે.

જ્ઞાની શુભાશુભ ભાવોના સ્થાને વીતરાગતા પ્રગટ કરે છે. બન્ને પ્રકારના અશુદ્ધોપયોગને છોડીને શુદ્ધોપયોગરૂપે પરિણમે છે. તેથી ઉદયમાં આવેલા કર્મોની નિર્જરા થાય છે. નવો કર્મબંધ થતો નથી તેથી તેને શરીર સંયોગો વગેરેની પણ પ્રાપ્તિ ક્રમશઃ ઘટતી જાય છે. તેથી અશુદ્ધ ઉપયોગ છોડીને શુદ્ધઉપયોગ કરવો યોગ્ય છે.

## ◆ ગાથા - ૧૫૭

**જાણે જિનોને જેહ, શ્રદ્ધે સિદ્ધને, અણગારને,**
**જે સાનુકંપ જીવો પ્રતિ, ઉપયોગ છે શુભ તેહને. ૧૫૭.**

***જે જિનેન્દ્રોને જાણે છે, સિદ્ધોને તથા અણગારોને (આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓને) શ્રદ્ધે છે, જીવો પ્રત્યે અનુકંપા યુક્ત છે, તેને તે શુભ ઉપયોગ છે.***

આ ગાથામાં આચાર્યદેવ જ્ઞાનીના શુભ ભાવનું વાસ્તવિક સ્વરૂપ દર્શાવવા માગે છે. તેથી ટીકામાં તેની સ્પષ્ટતા કરવામાં આવે છે. જીવના ચારિત્રના શુભ ભાવ દ્વારા જીવના શુભ ઉપયોગને સમજાવે છે. શરૂઆત તે ભાવમાં નિમિત્ત એવી દ્રવ્યકર્મથી કરે છે. જીવનો વિભાવ છે તેમાં મોહનીય કર્મના ઉદયનું નિમિત્તપણું છે. આચાર્યદેવ અહીં કર્મના ઉદયની વાત નથી કરતા પરંતુ ક્ષયોપશમની કરે છે તે ધ્યાન ખેંચે એવી બાબત છે. વળી દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય એમ બન્ને પ્રકારના વિશિષ્ટ ક્ષયોપશમની વાત કરે છે. તેથી તેને યોગ્ય રીતે સમજવું જરૂરી બને છે.

દર્શન મોહનીય કર્મના ઉદયમાં જોડાવાથી જીવને અનાદિકાળથી ભાવ મિથ્યાત્વના પરિણામ થાય છે. અજ્ઞાનીને દર્શન મોહનીય કર્મના ઉપશમ-ક્ષયોપશમ કે ક્ષય ન હોય. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતાં સર્વ પ્રથમ દર્શન મોહનીય કર્મનો ઉપશમ થાય છે અને પછી અલ્પ કાળમાં તે કર્મનો ક્ષયોપશમ થાય છે. જીવને પ્રથમ ઉપશમ સમ્યગ્દર્શન થાય છે જે અલ્પ સમયમાં ક્ષયોપશમ સમ્યગ્દર્શન થાય છે. જીવ જ્ઞાની થાય ત્યારે જ કર્મ પ્રકૃત્તિના ઉપશમાદિ થાય છે. તેથી અહીં દર્શન મોહનીય કર્મનો ક્ષયોપશમ છે એવું લખાણ છે તેથી અહીં જ્ઞાનીની વાત કરવા માગે છે તેમ નક્કી કરવું.

ચારિત્ર મોહનીય કર્મના ક્ષયોપશમ અનુસાર જીવને અનેક પ્રકારના ભાવો થાય છે. તેમાં અહીં શુભ ભાવની વાત કરવા માગે છે. કર્મના ક્ષયોપશમ સમયે જીવ શુદ્ધતારૂપે પરિણમે છે એમ દર્શાવવું નથી પરંતુ તે કર્મમાં જોડાયને પોતે શુભ ભાવરૂપે પરિણમે છે તેમ દર્શાવવું છે. હવે કર્મના ક્ષયોપશમની ક્યા પ્રકારની વિશિષ્ટતા તે વિચારીએ. ખરેખર તો જીવના પરિણામની વિશિષ્ટતા છે. જીવ જે પ્રકારના ભાવો કરે તે પ્રકારે કર્મના ઉપર ઉપચાર કરવામાં આવે છે. કર્મ ઉદયમાં આવે અને જીવ શુદ્ધતારૂપે પરિણમે તો કર્મનો ઉદય હોવા છતાં ત્યાં કર્મની નિર્જરા છે એમ કહેવામાં આવે. અહીં જીવ એક વિશિષ્ટ પ્રકારના શુભ ભાવરૂપે પરિણમે છે તેથી ચારિત્ર મોહનીય કર્મનો પણ વિશિષ્ટ ક્ષયોપશમ ભાવ છે એમ કહેવામાં આવે છે.

અનેક પ્રકારના ચારિત્રના પરિણામમાં અહીં શુભ ભાવની વાત કરે છે માટે તેને વિશિષ્ટ કહેવાય. તે ઉપરાંત એક બીજી રીતે વિચારી શકાય. જે આપણા માટે વધુ ઉપયોગી છે. અજ્ઞાનીના શુભ ભાવ અને જ્ઞાનીના શુભ ભાવમાં મોટો તફાવત છે. અજ્ઞાની પંચ પરમેષ્ટિની ભક્તિ કરે અને જ્ઞાની કરે તેમાં શું તફાવત છે તે આપણા લક્ષમાં આવે તે જરૂરી છે. અજ્ઞાનીને અનેક પ્રકારની લૌકિક અભિલાષાઓ હોય છે. અજ્ઞાની અન્યમતી પોતાની ઈષ્ટદેવની ભક્તિ કરે ત્યારે તેની પાસેથી અનેક પ્રકારના અનુકૂળ સંયોગો મેળવવા માગે છે. એ જીવ જૈન મત અનુયાયી હોય અને પંચ પરમેષ્ટિની ભક્તિ કરે તો પણ તેને લૌકિક લાભની જ ગણતરી હોય છે. અરિહંત દેવ વીતરાગ છે તેનો તેને ખ્યાલ છે પરંતુ અજ્ઞાનીના ભાવમાં તેથી કોઈ ફેર પડતો નથી. કોઈ અજ્ઞાની જીવ એવી માન્યતા રાખે છે કે વર્તમાનમાં ભરતક્ષેત્રમાં આત્મ-કલ્યાણનું કાર્ય થઈ ન શકે. તેથી તે ભગવાનની ભક્તિના ફળમાં મને મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ મળશે. ત્યારે ત્યાં આત્મકલ્યાણ કરીશ એમ મન મનાવે છે. કોઈ અજ્ઞાનીની એવી માન્યતા છે કે શુભ ભાવના ફળમાં પરંપરા મોક્ષ - આત્મ કલ્યાણ થાય છે તેથી તે મોક્ષની અભિલાષાથી ભક્તિ કરે છે. જ્ઞાનીના શુભભાવને વ્યવહારે મોક્ષમાર્ગ માનવામાં આવ્યો છે. જ્ઞાની એવા શુભ ભાવના કારણે મુક્તિ પામે છે એવું આ માની બેસે છે. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે શુભ ભાવ છે. તેથી તેનાથી મુક્તિ નક્કી થાય છે એવું માનવા લાગે છે. પરંતુ તે ભૂલી જાય છે કે સોલહ કારણ ભાવના પણ બંધનું જ કારણ છે. તે મુક્તિનું કારણ નથી. તે જીવના સ્વભાવ સન્મુખના પરિણામને કારણે તેની મુક્તિ થાય છે. જે જીવ તીર્થંકર ગોત્ર બાંધે છે તે ત્રીજા ભવે મોક્ષે જાય છે. જો તીર્થંકર ગોત્ર ન બાંધવામાં આવે તો તદ્‌ભવ મોક્ષનો પુરુષાર્થ કરી શકાય. અલબત્ત એક વાત ખ્યાલમાં રાખવી કે જે તીર્થંકરનું દ્રવ્ય છે તે આ પ્રમાણે તીર્થંકર ગોત્ર અવશ્ય બાંધે છે. જે તીર્થંકરનું દ્રવ્ય નથી તે ભલે સોળ ભાવના ભાવવાનો પ્રયત્ન કરે પરંતુ તેને તીર્થંકર પ્રકૃત્તિ બંધાતી નથી. જેની આ એવી માન્યતા છે કે આવા ઊંચા પ્રકારના શુભ ભાવના ફળમાં મુક્તિ થશે તેને માટે પૂ. ગુરુદેવ કહેતા કે તે તીર્થંકર ગોત્ર નહીં પરંતુ તેતર થશે. અર્થાત્ તિર્યંચ ગતિમાં ચાલ્યો જશે. સોલહ કારણા

ભાવનારૂપ શુભભાવ જો જીવને બંધનું કારણ છે. તો અન્ય શુભ ભાવો તો અવશ્ય બંધનું કારણ હોય છે. આ રીતે અજ્ઞાની ભગવાનની ભક્તિ કરે છે ત્યારે કાંઈક મેળવવા માગે છે.

જ્ઞાની પણ ભગવાનની ભક્તિ કરે છે પરંતુ જ્ઞાનીને સ્વ-પરનો વિવેક બરોબર છે. તે બાહ્યમાંથી કાંઈ મેળવવા માગતો નથી. તેને પરમાત્મદશાનો અંદરમાં મહિમા છે. તેવી પવિત્ર દશા પોતે પ્રગટ કરવા માગે છે. તેથી જેણે તે કાર્ય કરી લીધું છે એવા પરમાત્માનો તેને ઘણો મહિમા આવે છે. અને જ્યારે આ પ્રકારનો મહિમા આવે ત્યારે સહેજે તેના પ્રત્યે પૂજનીય ભાવ-ભક્તિભાવ આવે છે. તે પરમાત્મા પાસેથી પોતાના અસલ સ્વરૂપને જાણવા માગે છે. પંચ પરમેષ્ટિએ આત્માને ઓળખ્યો છે. તેણે સ્વભાવના આશ્રયે પર્યાયમાં શુદ્ધતા પ્રગટ કરી છે અને અતીન્દ્રિય આનંદ અનુભવ્યો છે. પોતે પણ તે માર્ગે જવા માગે છે તેથી પાત્ર જીવનું મુખ્ય પ્રયોજન તો શુદ્ધાત્માના સ્વરૂપની પ્રાપ્તિનું છે. શ્રી ગુરુ તે દર્શાવે છે. તેથી તેને અનુસરીને જ્ઞાની આગળ વધે છે. જ્ઞાનીઓને હંમેશા વિશેષ ગુણવાનનો મહિમા હોય છે. આપણે ત્રણે કાળના પરમેષ્ટિને નમસ્કાર કરીએ છીએ. ત્યાં વ્યક્તિ વિશેષતા નથી પરંતુ એ પદનો મહિમા છે. ભવિષ્યના તીર્થંકર વર્તમાનમાં એકેન્દ્રિય રૂપ હોય તો પણ તેને નમસ્કાર કરવામાં આવે છે. તે નૈગમ નય છે. પર્યાયમાં પ્રગટ થનારી પવિત્રતાનો મહિમા કરવામાં આવે છે.

જ્ઞાનીઓ જે પ્રકારે આત્મ સાધનામાં આગળ વધી રહ્યા છે તેનો પ્રત્યક્ષ પરિચય કરીને પાત્ર જીવ આગળ વધે છે. જ્ઞાનીનું અંતરંગ શુદ્ધતારૂપનું આચરણ તે પાત્ર જીવને માટે અંતરંગ નિમિત્ત છે. જ્ઞાનીનો ઉપદેશ એ બહિરંગ નિમિત્ત છે. મારી પરિણતિ શુદ્ધ થાય ત્યારે પંચ પરમેષ્ટિ નિમિત્ત છે. આ રીતે તે પરમાત્માને પોતાની પરિણતિ ફરવામાં નિમિત્ત જ માને છે. તેને પરમાત્મા પાસેથી બીજું કાંઈ મેળવવું નથી. આ રીતે જ્ઞાનીને ભક્તિનો પ્રકાર તદ્દન જુદો છે. અજ્ઞાની અને જ્ઞાનીના ભાવનો તફાવત સમજવા માટે બિલાડીનો દૃષ્ટાંત સુગમ છે. બિલાડી ઉંદરને મોઢાથી પકડે છે અને પોતાના બચ્ચાને પણ મોઢાથી જ પકડીને અન્ય સ્થળે લઈ જાય છે. પરંતુ પકડમાં મોટો તફાવત છે. માટે અહીં જ્ઞાનીના પંચ પરમેષ્ટિના ભક્તિના ભાવને પણ વિશિષ્ટ શુભ ભાવ કહેવામાં આવ્યો છે. પોતાના ભાવની વિશિષ્ટતા છે તેથી તેમાં નિમિત્ત એવા કર્મની પણ વિશિષ્ટતા દર્શાવવામાં આવી છે.

સમસ્ત જીવ સમૂહ પ્રત્યે અનુકંપાના ભાવને પણ શુભ ભાવ કહ્યો છે. અહીં અનેક પ્રકારના શુભ ભાવોમાં અજ્ઞાની જીવ પોતાનું અજ્ઞાન દૂર કરીને જ્ઞાની કેવી રીતે થાય એવી ભાવનાને અનુકંપામાં લેવી યોગ્ય છે. બાહ્યની પ્રતિકૂળતા એ દુઃખનું કારણ નથી પરંતુ અજ્ઞાન સર્વ દુઃખનું કારણ છે એવું જ્ઞાની જાણે છે માટે જ્ઞાનીને તેની જ અધિકતા રહે છે. અન્ય રીતે ભૂખ્યાને અન્ન વગેરે પ્રકારના શુભ ભાવને અહીં ગૌણ ગણવા યોગ્ય છે.

## ◆ ગાથા - ૧૫૮

કુવિચાર-સંગતિ-શ્રવણયુત, વિષયે કષાયે મગ્ન જે,
જે ઉગ્ર ને ઉન્માર્ગ પર, ઉપયોગ તેહ અશુભ છે. ૧૫૮.

***જેનો ઉપયોગ વિષય કષાયમાં અવગાઢ (મગ્ન) છે, કુશ્રુતિ, કુવિચાર અને કુસંગતિમાં જોડાયેલો છે, ઉગ્ર છે તથા ઉન્માર્ગમાં લાગેલો છે, તેને તે અશુભ ઉપયોગ છે.***

ગા. ૧૫૭ માં જે રીતે લખાણ હતું તે જ પ્રકારે અહીં લીધું છે. અશુભ ઉપયોગમાં અજ્ઞાનની મુખ્યતા છે. મિથ્યાત્વ એ મોટામાં મોટું પાપ છે. તેથી અહીં દર્શન મોહનીય તથા ચારિત્ર મોહનીય કર્મના ઉદયની વાત લીધી છે. ક્ષયોપશમની વાત લીધી નથી. કર્મના ઉદયમાં જોડાયને જીવ ભાવ મિથ્યાત્વ અને અનંતાનુબંધીના કષાય ભાવો કરે

છે. અશુભ ભાવમાં ચારિત્રના દોષરૂપે ફરી પંચ પરમેષ્ટિની વાત લઈને તેનો અનાદર અને કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રનો આદર તેની શ્રદ્ધા તેને અશુભભાવમાં લીધી છે. અહીં કુદેવના શ્રદ્ધાન દ્વારા જીવને ગૃહિત મિથ્યાત્વ છે તેમ સમજવું. પરમાં એકત્વબુદ્ધિ એવા મિથ્યાત્વ ઉપરાંત આ એક વિશિષ્ટ પ્રકારનું મિથ્યાત્વ છે. તેવી જીવને આત્મ કલ્યાણનો ઉપદેશ પ્રાપ્ત થવો પણ મુશ્કેલ છે.

તે ઉપરાંત અજ્ઞાનીને વાંચન, વિચાર અને સાંભળવું પણ એવું જ ગમે છે. જેથી પોતાનું અને પરનું બન્નેનું અહિત થાય. અન્યનું અહિત ઈચ્છનારને ખ્યાલ નથી કે અન્યનું હિત અહિત તો (નિમિત્ત અપેક્ષાએ) તેના વેદનીય કર્મ અનુસાર છે. જીવન મરણ આયુષ્ય કર્મ અનુસાર છે. અન્ય જીવના ભાવ અનુસાર અન્યને સુખ દુઃખ નથી. અર્થાત્ એક જીવ અન્ય જીવનું કાંઈ કરી ન શકે અને બીજો જીવ પોતાને સુખ દુઃખ આપી ન શકે. આ સિદ્ધાંત હોવા છતાં જે અનાર્યવૃત્તિ દ્વારા અન્યનું અહિત ઈચ્છે છે તેના પોતાના તે અશુભ ભાવ અનુસાર પાપ પ્રકૃત્તિનો બંધ અવશ્ય થાય છે. જેને અનાર્યવૃત્તિ છે તે કુસંગ જ શોધે છે. વળી કષાયના તીવ્ર અને મંદ એવા ભેદથી વિચાર કરીએ તો પરિણામોની તીવ્રતાને અશુભ ગણવામાં આવે છે. આ રીતે આ ગાથામાં અશુભ ઉપયોગનું સ્વરૂપ દર્શાવ્યું.

### ◆ ગાથા - ૧૫૯

**મધ્યસ્થ પરદ્રવ્યે થતો, અશુભોપયોગ રહિત ને**
**શુભમાં અયુક્ત, હું ધ્યાઉં છું, નિજ આત્મને જ્ઞાનાત્મને. ૧૫૯.**

***અન્ય દ્રવ્યમાં મધ્યસ્થ થતો હું અશુભપયોગ રહિત થયો થકો તેમજ શુભોપયુક્ત નહિ થયો થકો જ્ઞાનાત્મક આત્માને ધ્યાવું છું.***

અશુદ્ધોપયોગનો વિનાશ કઈ રીતે થાય એ આ ગાથાનું પ્રયોજન છે. અહીં મધ્યસ્થતાની વાત લીધી છે. તે અન્ય દ્રવ્યના અનુસંધાનમાં લીધી છે. એક વાત ખ્યાલમાં રહે કે પોતાના ભાવમાં મધ્યસ્થતા આવે ત્યારે બાહ્ય વિષયોમાં મધ્યસ્થતા લક્ષગત થાય. પોતાની જોવાની દૃષ્ટિ બદલાય તો જ આ ફેરફાર ખ્યાલમાં આવે. પરંતુ અહીં વૈરાગ્યની મુખ્યતાથી વાત લેવી છે. માટે અન્ય દ્રવ્યથી વાત લીધી છે. અજ્ઞાની જીવને અજ્ઞાન ચેતના છે. તેની ચેતન જાગૃતિ પર દ્રવ્યોમાં જ છે. અજ્ઞાનીનો હિતબુદ્ધિપૂર્વકનો પરિણમન પ્રવાહ બાહ્ય તરફ જ ધસે છે. એને પોતાના સ્વભાવનો ખ્યાલ નથી. મહિમા નથી. જીવનો આ અશુદ્ધ ઉપયોગ જ્યારે બાહ્ય વિષયના સંગમાં આવે છે ત્યારે તે મોહનું બે ભાગમાં વિભાજન થાય છે. જીવના પોતાના પરિણામમાં પરજ્ઞેયના લક્ષે રાગ અને દ્વેષ થાય છે. તે જે પરદ્રવ્યને જાણે છે તે મને ઉપયોગી કે બિન ઉપયોગી એવી વિચાર ધારા અંદરમાં ચાલે છે. મોહ પોતે અદ્વૈત છે પરંતુ તેમાં આ પ્રકારનું દ્વૈત થાય છે. તેથી અન્ય દ્રવ્ય પ્રત્યે તે મધ્યસ્થ નથી રહેતો.

મિથ્યાત્વ માત્રથી વિચારીએ તો અજ્ઞાની જીવને બધા પરદ્રવ્યો પ્રત્યે મમત્વનો ભાવ - હિત બુદ્ધિ છે. તે ભાવમાં દ્વૈત નથી. ચારિત્રની પર્યાય એ મિથ્યાત્વ અનુસાર જ થાય છે પરંતુ ત્યાં સમયવર્તી ભાવ કામ કરી જાય છે. અને પદાર્થ કામનો હોય તો રાગ અને નકામો હોય તે દ્વેષ થાય છે. એક જ પદાર્થ કયારેક કામનો અને કયારેક નકામો પણ લાગે. ભૂખ્યો હોય ત્યારે ભોજન ઈષ્ટ લાગે અને પેટ ભરેલું હોય ત્યારે અનિષ્ટ લાગે. ચારિત્રના પરિણામોમાં આવા પ્રકારો જોવા મળે છે. જીવના ચારિત્રના પરિણામો, કર્મના ઉદય, શરીરની સ્થિતિ અને બાહ્યના સંયોગો આ બધા વચ્ચે અનેક પ્રકારના બદલાતા નિમિત્ત નૈમિત્તિક સંબંધો એવા છે કે આ બધાની શરૂઆત ક્યાંથી થઈ એનો નિર્ણય કરવાનું જ્ઞાનીને પણ મુશ્કેલ લાગે. એક વાત સાચી કે મિથ્યાત્વ છે તેના કારણે જ આ બધું બને છે.

મિથ્યાત્વ ગયા બાદ ચારિત્રના દોષ લાંબો સમય ટકતા નથી. તે દોષ દૂર થતાં શરીર, દ્રવ્ય કર્મો અને સંયોગો બધા જ્ઞાનના જ્ઞેય બની જાય છે.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતાં જીવ પોતાના સ્વરૂપ અસ્તિત્વમાં રહે છે અને પરદ્રવ્યના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ મારાથી અત્યંત ભિન્ન છે એવું જ્ઞાન અને શ્રદ્ધાન તેને હોય છે. તે સમ્યક્ નિર્ણયના જોરમાં અસ્તિપણે મારું સર્વસ્વ મારામાં જ છે. એવું જ્ઞાન શક્તિનું કાર્ય અને પરજ્ઞેય મારાથી અત્યંત ભિન્ન હોવાથી મને બાહ્યમાંથી કાંઈ પ્રાપ્ત થતું નથી માટે તીવ્ર વૈરાગ્યનું કાર્ય આ બન્ને જ્ઞાન-વૈરાગ્ય શક્તિઓ સાધક દશામાં સાથે જ કામ કરે છે. અહીં વૈરાગ્ય શક્તિની મુખ્યતા રાખીને અન્ય દ્રવ્યમાં મધ્યસ્થપણાની વાત કરે છે. જ્ઞાનીને પર દ્રવ્યો માત્ર જ્ઞાનના જ્ઞેય ભાસે છે. જ્ઞાનમાં સ્વ-પરનો વિવેક હોવાથી જેને પર જાણે છે તેને ત્યાગે છે એવી જ્ઞાનીની એક સામાન્ય ભૂમિકા છે, પરને ત્યાગે છે તેમાં પર પ્રત્યે દ્વેષ બુદ્ધિ નથી. પરંતુ તે પરદ્રવ્ય હેય-ઉપાદેયની પેલે પાર માત્ર જ્ઞાનના જ્ઞેયરૂપ ભાસે છે. પરદ્રવ્યથી મારું હિત કે અહિત થતું નવી એવી નિઃશંકતાના કારણે જીવના પરિણામમાં આ પ્રકારે ફેરફાર થાય છે.

જ્ઞાનીને માટે પરદ્રવ્ય માત્ર જ્ઞાનનું જ્ઞેય છે એ સિદ્ધાંત માન્ય રાખીને આગળ વિચારીએ ત્યારે સાધક દશામાં એ જીવ ચારિત્રના પરિણામમાં વીતરાગતાના અંશો, સ્વરૂપ લીનતાના અંશો વધારતો જાય છે અને રાગના ભાવને તોડતો થાય છે. તે અનુસાર બાહ્ય પરિગ્રહ પણ ઘટતો જાય છે. બાહ્ય ત્યાગ ન થાય તો પણ તેના પ્રત્યેની ઉપેક્ષા જોવા મળે છે.

હવે ટીકામાં કઈ રીતે લીધું છે તે વિચારીએ.

મંદ તીવ્ર કર્મોદય ➔ જીવનો અશુદ્ધ ઉપયોગ ➔ પરદ્રવ્યનો સંયોગ

પરદ્રવ્યના સંયોગનું કારણ જીવનો અશુદ્ધ ઉપયોગ છે અને અશુદ્ધ ઉપયોગનું કારણ મોહનીય કર્મનો તીવ્ર અથવા મંદ ઉદય છે. આ પ્રકારનો સંબંધ દર્શાવવામાં આવ્યો છે. જીવના અશુદ્ધ ઉપયોગમાં શુભ અને અશુભ એવા બે ભાવ લેવા છે માટે કર્મોદયના પણ મંદ અને તીવ્ર એવા બે ભેદ લેવામાં આવ્યા છે. અહીં મોહ અર્થાત્ શ્રદ્ધાનો દોષ તો છે જ એવું આપણી સમજણમાં રાખવું. તેથી ચારિત્ર મોહનીય કર્મનો જ તીવ્રમંદ ઉદય એટલું માત્ર નિમિત્ત ન લેતા દર્શન મોહનીય કર્મનો ઉદય પણ છે જ એ રીતે વિચારવું. શુભ અશુભ ભાવો એ રાગ અને દ્વેષરૂપ છે એવો ખ્યાલ કરવાથી સુગમતા પડશે.

અહીં જીવના અશુદ્ધ ઉપયોગને કારણ બતાવ્યું છે. અર્થાત્ તે જીવ અશુદ્ધ ઉપયોગરૂપે (રાગ દ્વેષ અથવા શુભાશુભ ભાવરૂપે) પરિણમે છે. તે હવે પરદ્રવ્ય સાથે જોડાય છે અર્થાત્ તે પરદ્રવ્યના સંયોગમાં આવે છે. તે પ્રકારે સમજાવવા માગે છે.

વળી જીવના અશુદ્ધોપયોગનું કારણ કર્મનો (ચારિત્ર મોહનીય કર્મનો) તીવ્ર મંદ ઉદય લીધો. અહીં ગર્ભિતપણે દર્શન મોહનીય કર્મ અનુસાર જીવ ભાવ મિથ્યાત્વરૂપે પરિણમે છે. તે વાત તો છે જ. લક્ષમાં રહે કે પરમાગમોમાં અસ્થિરતાના રાગનું વિશેષ વર્ણન નથી કારણકે તેને મિથ્યાત્વનો ટેકો નથી માટે તે અલ્પ કાળમાં નાશ પામે છે. અહીં માત્ર તીવ્ર મંદ ઉદય છે એટલી જ વાત નથી પરંતુ તેવા કર્મોદયને જીવ આધીન થાય છે એમ સ્પષ્ટપણે લીધું છે. જીવ જો પોતાના સ્વભાવમાં સ્થિત રહે અને કર્મોદયનો તીરસ્કાર કરે તો અશુદ્ધોપયોગના સ્થાને શુદ્ધોપયોગ થાય છે. આ રીતે અશુદ્ધતારૂપે પરિણમવાની સંપૂર્ણ જવાબદારી જીવની જ છે. અશુદ્ધોપયોગ એ જીવની નૈમિત્તિક દશા છે. તેમાં નિમિત્ત કર્મનો મંદ અથવા તીવ્ર ઉદય છે. જીવ તેને આધીન થાય તો અશુદ્ધપયોગ થાય છે એ લખ્યા

બાદ કહે છે કે 'પરંતુ અન્ય (કોઈ) કારણ નહિ' આનો ભાવ સમજવા જેવો છે. અહીં 'અન્ય કોઈ' શબ્દથી સંયોગો એમ સમજવું. સામાન્ય રીતે એવી માન્યતા છે કે જીવ સંયોગોમાં જોડાઈને સંયોગ અનુસાર સંયોગી ભાવ કરે છે તેવી માન્યતાને પુષ્ટિ આપે એવા ઘણા દૃષ્ટાંતો પણ મળી રહે છે. પરંતુ અહીં તેનો નિષેધ કરે છે. જીવ કર્મોદયમાં જોડાઈને વિભાવ કરે છે અને અશુદ્ધોપયોગ દ્વારા એ સંયોગોમાં જોડાય છે. આ રીતે વિચારતા સંયોગ અનુસાર સંયોગી ભાવ થાય છે એમ ન લીધું. અજ્ઞાની જીવ અનાદિથી માને છે કે સંયોગ અનુસાર પોતાને સંયોગી ભાવ થાય છે અને તે અનુસાર પોતે ઈન્દ્રિય સુખ-દુઃખનો અનુભવ કરે છે. તેની એવી માન્યતા હોવાથી તે અનુકૂળ સંયોગોને મેળવવા અને રાખવા માટે પ્રયત્ન કરે છે. વળી તે પ્રતિકૂળ સંયોગો ન આવે અથવા આવ્યા જ હોય તો કેમ જલદી દૂર થાય તેવા પ્રયત્નો કરે છે. આવું અનાદિકાળથી કરતો આવ્યો છે. તેને ખ્યાલ નથી કે સંયોગો તો અઘાતિ કર્મોદય અનુસાર, સ્થિતિ અનુભાગ પ્રમાણે રહે છે. તે સમયે જીવ જે કાંઈ પ્રયત્ન કરે તેની કોઈ અસર તેના ઉપર નથી.

જીવ નક્કી કરે કે પોતાના શુભાશુભ ભાવો અથવા રાગ-દ્વેષના પરિણામો કર્મોદય અનુસાર જ થાય છે અને પોતે તે ભાવ અનુસાર અર્થાત્ રાગી દ્વેષી થઈને સંયોગોમાં જોડાય છે તો તેને વિચારણા માટે એક નવી દિશા પ્રાપ્ત થાય. તેને વિભાવ અટકાવવા હોય તો અસ્તિપણે પોતાના સ્વભાવમાં હિતબુદ્ધિપૂર્વક ટકે અને કર્મોદયમાં ન જોડાય. વળી સંયોગોને ફેરવવાના નિરર્થક પ્રયત્નો ન કરે. આના અનુસંધાનમાં હજુ એક નવી વિચારણા કરવા માટે હજુ આગળ લખાણ કરે છે.

માટે બધાય પરદ્રવ્યમાં હું આ મધ્યસ્થ થાઉં.

અજ્ઞાની જીવ સંયોગોને લક્ષમાં લે છે ત્યારે તે પોતાને ઉપયોગી છે કે નહીં તે રીતે જ જુએ છે. તેની સામે જ્ઞાની જીવને કર્મોદયમાં ન જોડાવાના કારણે મોહ-રાગ-દ્વેષ થતાં નથી તેથી તેને હવે કોઈ સંયોગો કામના કે નકામા ભાસતા નથી. તે તેને માત્ર પરજ્ઞેયરૂપે જ લક્ષમાં લે છે. તેથી અહીં કહે છે કે હું પરદ્રવ્યમાં મધ્યસ્થી થાઉં. અર્થાત્ તે બાહ્ય વિષયો પોતાને ભોગવાતા જ નથી તેવું જાણતો હોવાથી તેને મન બાહ્ય વિષયો માત્ર જ્ઞાનના જ્ઞેય રહ્યા. તેથી પોતાના ભાવની મધ્યસ્થતાનો બાહ્ય વિષયોમાં આરોપ કરીને બાહ્ય વિષયો પણ મધ્યસ્થતાને ધારણ કરે છે એમ લેવું રહ્યું. સંયોગો અનુકૂળ અને પ્રતિકૂળ એવા બે ભાગરૂપે ન રહ્યા. તે માત્ર પર સંયોગરૂપ જ રહ્યા.

| જીવ | પરદ્રવ્ય |
|---|---|
| રાગ (શુભ ભાવ) | અનુકૂળ સંયોગ |
| દ્વેષ (અશુભ ભાવ) | પ્રતિકૂળ સંયોગ |
| વીતરાગ ભાવ-મધ્યસ્થતા | પરજ્ઞેય-મધ્યસ્થતા |

પરદ્રવ્યને આધીન ન થવાને કારણે પોતે અશુદ્ધોપયોગને છોડે છે. અર્થાત્ અશુભ કે શુભ ભાવને કરતો નથી. પોતે મિથ્યાત્વને છોડે છે તે વાત મુખ્ય છે. સ્વભાવમાં હુંપણું સ્થાપ્યું હોવાથી હવે તેને રાગ-દ્વેષ થવાના કોઈ કારણ ન રહ્યા. ચારિત્રના વિભાવ ભાવને મિથ્યાત્વનો આધાર ન રહ્યો તેથી તે થતા જ નથી અથવા થાય છે ત્યારે પણ લાંબો સમય ટકતા નથી અને ટકવાના પણ નથી. અસ્તિપણે આ વાત મુખ્ય રાખીને હવે પરદ્રવ્ય તરફ લક્ષ જાય છે ત્યારે શું થાય છે તે વિચારવામાં આવે છે. અસ્તિપણે થતાં કાર્યમાં તો શુદ્ધોપયોગ દશા થાય છે એ વાત લેવામાં આવી. હવે જ્ઞાનીને સવિકલ્પ દશામાં પરદ્રવ્ય જણાય છે ત્યારે શું થાય છે તે વિચારવાનું રહે છે. જ્ઞાનમાં પરદ્રવ્ય જ્ઞાનના પરજ્ઞેયરૂપે જણાય છે. અજ્ઞાનની ભૂમિકામાં પરદ્રવ્યને ગ્રહણના ભાવ ચારિત્ર અપેક્ષાએ રહેતા

હતા તેના સ્થાને જ્ઞાની પરને પર જાણીને ત્યાગે છે એનું જિનાગમનું કથન છે. પરમાં હિતબુદ્ધિ હતી તેથી ગ્રહણનો ભાવ હતો હવે હિતબુદ્ધિ નથી તેથી ત્યાગનો ભાવ છે. આ રીતે પરલક્ષ છોડીને જ્ઞાનીનો ઉપયોગ ફરીને નિર્વિકલ્પ થાય છે. હવે ચારિત્રના પરિણામના ભેદનો વિસ્તારથી અભ્યાસ કરીએ

બાહ્ય વિષયો અનુકૂળ લાગતા જીવ રાગ કરતો હતો. પ્રતિકૂળ લાગતા દ્વેષ કરતો હતો. જ્ઞાનીને બાહ્ય વિષયો અનુકૂળ કે પ્રતિકૂળ જણાતા નથી તેથી તેને રાગ કે દ્વેષ થતા નથી.

અજ્ઞાની બાહ્ય વિષયને જાણતો ત્યારે તેને તે ભોગવવાનો ભાવ થતો હતો. તે અશુભ ભાવ હતો. જ્ઞાનીને બાહ્ય વિષયો જણાય ખરા પરંતુ તે પોતાથી અત્યંત ભિન્ન છે અને તે ભોગવી શકાતા નથી. કર્તા કર્મ અને ભોક્તા ભોગ્યપણું એક જ દ્રવ્ય છે. એવું નિઃશંક જ્ઞાન અને શ્રદ્ધાન જ્ઞાનીને છે માટે તેને પરદ્રવ્યને ભોગવવારૂપ અશુભ ભાવતો નથી થતો. અર્થાત્ જ્ઞાની પરદ્રવ્યને ભોગવવાનો અશુભ ભાવ તો કરતો જ નથી. આ રીતે જ્ઞાની પરલક્ષે અશુભ ભાવ નથી કરતો. તે સહજપણે સમજાય છે. જ્ઞાની પરને ત્યાગે છે. તેથી તેને પરલક્ષે શુભભાવ થાય છે એવું આપણને લાગે છે અને કોઈ અપેક્ષાએ તે સાચું પણ છે. પરંતુ અહીં તો કહે છે કે જ્ઞાની પરલક્ષે શુભભાવ પણ કરતો નથી. આ કથન થોડું વિચિત્ર લાગે. પરંતુ શાંતિથી વિચાર કરતાં તે તદ્દન સાચું છે એવો નિર્ણય કરી શકીશું.

મુનિદશાનું વર્ણન શ્રીમદ્ રાજચંદ્રે કર્યું છે તે ''અપૂર્વ અવસર એવો ક્યારે આવશે''. કાવ્યમાં મુનિને જે બાહ્ય યોગની પ્રવૃત્તિ છે તેની યોગ્યતા ત્રણ અપેક્ષાએ સમજાવી છે. તે સંયમના હેતુએ છે. તે સ્વરૂપના લક્ષે છે અને જિન આજ્ઞા પ્રમાણે છે. આ રીતે તેની સહજતા દર્શાવ્યા બાદ કહે છે કે ''તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં'' આ બધું વિચાર માગે છે. ''દ્રવ્ય અનુસાર ચરણ'' અર્થાત્ જ્ઞાનીને અંતરંગની શુદ્ધતા જે પ્રકારે વધતી જાય છે તે પ્રમાણે ભૂમિકાને યોગ્ય શુભ ભાવના પ્રકાર પણ બદલતા જાય છે. આ પ્રક્રિયા સહજ છે. સાધકની ભૂમિકામાં હઠપ્રયોગને સ્થાન નથી. જ્ઞાનીએ સ્વભાવમાં હુંપણું સ્થાપ્યું છે અને જ્ઞાયકને શોભે તેવું આચરણ શરૂ કર્યું છે. સાધક દશામાં પૂર્વના સંસ્કાર અનુસાર દેહલક્ષી પ્રવૃત્તિઓ પણ જોવા મળે છે. પરંતુ તે ઘસાતા ભાવો છે. ભાવ મોક્ષ દશા પ્રગટતા ત્યાં એકલી શુદ્ધતા જ રહી જાય છે. પરમાત્માના જ્ઞાનમાં સાધકને ગુણ સ્થાનની પરિપાટી અનુસાર બધા ભાવો કેવા છે તેનું જાણપણું છે. પરમાત્મા તેમાં કોઈ ફેરફાર કરતા નથી. માત્ર જાણે છે અને આ વ્યવસ્થા ત્રિકાળ છે માટે જેમ છે તેમ દિવ્ય ધ્વનિમાં એ વાત આવે છે. તેથી તે જિન આજ્ઞા મુજબ છે એમ નક્કી થાય છે. આ રીતે મુનિના શુભભાવ બધી રીતે યોગ્ય અને સહજ હોવા છતાં મુનિરાજ એવા ભાવને પણ છોડીને સ્વરૂપ લીનતા કરે છે. શુભ ભાવમાં રહેવું નથી માટે છોડે છે. એમ અસ્તિપણે નક્કી કર્યા બાદ પરદ્રવ્યના લક્ષે શુભ ભાવ ન થાય એવું કાંઈ છે કે નહીં તે આપણે વિચારીએ.

શાસ્ત્રમાં કથન આવે છે કે બાહ્યમાં વજ્રપાત થાય તો પણ તેમાં એવી તાકાત નથી કે જીવને ફરીને વિભાવ-મોહ કરાવે. આ રીતે સમ્યગ્દર્શનનો મહિમા દર્શાવવામાં આવે છે. તેનો વિચાર કરીએ તો જ્યારે મોહ કરાવવાનું પણ પરદ્રવ્ય (સંયોગો) માં શક્તિ નથી તો શુભભાવ કરાવવાનું સામર્થ્ય પણ નથી એ વાત સહજપણે ખ્યાલમાં આવે તેમ છે.

શુભ ભાવને જિનાગમમાં ધૂર્ત અભિસારીકા કહેવામાં આવે છે. પુણ્યની મીઠાશ અજ્ઞાનીને છે.

જેને શરીરમાં હુંપણું હોય તેને પુણ્યની મીઠાશ અવશ્ય હોય. જેણે દેહાધ્યાસ છોડયા છે, તેને પુણ્યની મીઠાશ ન હોય. તેને ખ્યાલ છે કે શુભ ભાવના ફળમાં જીવને પુણ્ય બંધાય છે. તેથી તે શુભ ભાવ અને તેના ફળને કાળા નાગરૂપે લક્ષમાં લે છે. સ્વાનુભૂતિ પહેલાં જ પાત્ર જીવે આ બધા નિર્ણય કરી લીધા છે. તેને ખ્યાલ છે કે શુભ ભાવના ફળમાં પુણ્ય બંધ અને અનુકૂળ સંયોગો ભોગવતા જે ઈન્દ્રિય સુખ થાય છે તેના કારણે જ જીવનો અનંત સંસાર ચાલ્યા કરે છે. અનંત સંસારનું મૂળ કારણ મિથ્યાત્વ છે પરંતુ જીવોને બાહ્ય વિષયોને ભોગવતા જે સુખનો અનુભવ થાય છે તે જીવની ખોટી માન્યતાને પુષ્ટ કરે છે. બાહ્ય વિષયો ભોગવાય જ નહીં અને અચેતન પદાર્થોમાં સુખ છે જ નહીં તેથી ત્યાં સુખના સ્થાને ખરેખર દુઃખનો અનુભવ થવો જોઈએ. જો જીવને દુઃખનો અનુભવ થાય તો તે અચૂક પોતાની મિથ્યા માન્યતાને છોડે છે.

જ્ઞાનીને અનુભૂતિમાંથી બહાર આવતા દુઃખ અનુભવાય છે. તે સમયે તેના પરિણામમાં ભગવાનની ભક્તિ-પૂજા અથવા શાસ્ત્ર સ્વાધ્યાય કે તત્ત્વ ચિંતવન આવા કોઈપણ શુભ ભાવ હોય તો પણ તેનો અતીન્દ્રિય આનંદ ચાલ્યો જાય છે. તેને તેવા ભાવ પણ ખરેખર સહજપણે દુઃખરૂપે અનુભવાય છે. જે પરિણામ દુઃખરૂપે વેદાય એવા ભાવમાં જીવ શા માટે ટકે ?

આ રીતે બધી રીતે વિચારતા એ નક્કી કરવું કે જ્ઞાનીને સવિકલ્પ દશા સમયે પરદ્રવ્ય જણાય ત્યારે તેના લક્ષે તે અશુભ ભાવ તો કરતો જ નથી પરંતુ તેના લક્ષે શુભ ભાવ પણ ન કરતા ફરીને નિર્વિકલ્પ દશામાં આવી જાય છે. કદાચ એટલો પુરુષાર્થ ન ટકે તોપણ તેને પરલક્ષે થતાં શુભ ભાવમાં કાંઈ રસ નથી તેથી તે પરદ્રવ્યનો ઉદાસીન જ્ઞાતા જ રહે છે.

## ◆ ગાથા - ૧૬૦

**હું દેહ નહિ, વાણી ન, મન નહિ, તેમનું કારણ નહીં,**
**કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૧૬૦.**

***હું દેહ નથી, મન નથી, તેમજ વાણી નથી; તેમનું કારણ નથી, કર્તા નથી, કારયિતા (કરાવનાર) નથી, કર્તાનો અનુમોદક નથી.***

અહીં શરીર, મન, વાણી એ ત્રણે પૌદગલિક છે. પોતે અરૂપી જ્ઞાયક છે. જ્ઞાની પોતાને આ બધાથી જુદો જાણે છે. શરીરાદિનું પોતાથી અત્યંત ભિન્નપણું ભાસે છે માટે હવે પોતાને તેના તરફ કોઈ પક્ષપાત નથી. અર્થાત્ કોઈ શરીર અનુકૂળ લાગે, શરીરની કોઈ સ્થિતિ અનુકૂળ લાગે અને કોઈ પ્રતિકૂળ લાગે એવું હવે બનતું નથી. તેથી પોતે બધા પ્રત્યે મધ્યસ્થ છે એવો ભાવ દર્શાવે છે. ભેદ જ્ઞાનના કારણે પોતાને અત્યંત જુદાપણું અનુભવાય છે.

સંસાર અવસ્થામાં પોતે આ બધા સાથે કેવા ભાવથી જોડાયેલ હતો. તે બધો ભૂતકાળ યાદ કરીને પોતે તે ભાવોનું પ્રતિક્રમણ કરે છે. પોતે કાર્ય તો વર્તમાનમાં કરે છે પરંતુ તેમાં ભૂતકાળના પ્રતિક્રમણ આવી જાય છે. ભૂતકાળમાં જે ભાવ થયેલા તેનું સત્ તો પડી ચૂક્યું છે તે અન્યથા નથી થવાનું. પરંતુ વર્તમાનના શુદ્ધોપયોગમાં ત્રણે કાળના દોષ છૂટે છે એવું જિનાગમનું કથન છે.

સૌ પ્રથમ આચાર્યદેવ ટીકામાં આધાર આધેયપણાની વાત લે છે. મૂળ ગાથામાં એ વાત નથી. મોટા ભાગે આપણે આધાર આધેયપણાની સ્પષ્ટતા કરતાં નથી. તેથી પ્રથમ તેનો વિચાર કરી લઈએ.

આધાર આધેયપણારૂપ ભેદનો વિચાર એક જ દ્રવ્યમાં કરવામાં આવે છે. પદાર્થનું અખંડપણું કાયમ માટે સલામત રાખીને ભેદનો વિચાર કરવામાં આવે છે. દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેય તાદાત્મ્યરૂપ

અને અવિનાભાવરૂપ છે. તેમ છતાં ગુણો દ્રવ્યના આધારે દર્શાવવામાં આવે છે. ખ્યાલમાં રહે કે સત્તા તો પદાર્થને જ મળે છે. તેથી આ દ્રવ્ય અને આ ગુણ એવા અતદ્‌ભાવરૂપના ભેદ ભલે પડે. એ ભેદથી વિચારીએ ત્યારે કહેવામાં આવે કે જેમ દ્રવ્ય સ્વતંત્ર જોવા મળે છે તેમ ગુણો જોવા મળતા નથી. કેરી બજારમાં મળે પરંતુ સ્પર્શના પડીકા બજારમાં ન મળે. તેથી ગુણો હંમેશા દ્રવ્યના આશ્રયે આધારે માનવામાં આવે છે. તે પ્રમાણે દ્રવ્ય અને પર્યાયનો વિચાર કરીએ ત્યારે દ્રવ્ય નિત્ય છે અને પર્યાય અનિત્ય છે. વિશ્વમાં શૂન્યને સ્થાન નથી. તેથી સત્ અનાદિ અન્‌ઉત્પન્ન, અવિનાશી છે અર્થાત્ શાશ્વત નિત્ય છે. આ રીતે પદાર્થની સત્તા પ્રથમ તો સ્થાપવામાં આવે છે. ત્યારબાદ જ્યારે પર્યાયના સ્વરૂપનો વિચાર કરવામાં આવે ત્યારે પર્યાય ક્ષણિક છે. ઉત્પન્ન ધ્વંશી છે. તે પર્યાયને નિરપેક્ષ માનવા જઈએ તો બૌદ્ધનો પ્રસંગ આવે. શૂન્યમાંથી સર્જન માનવાનો પ્રસંગ આવે જે શક્ય જ નથી. તેથી પર્યાયનું બદલતું સ્વરૂપ ટકતા એવા નિત્યની ઓથમાં જ જોવું રહ્યું. આ અપેક્ષાએ પર્યાય પણ દ્રવ્યના જ આશ્રયે છે, એટલે કે દ્રવ્ય જ પર્યાયનો આધાર છે. આ પ્રમાણે પદાર્થમાં ભેદ વિવક્ષાથી વિચારતાં આધાર આધેયપણું દર્શાવવામાં આવે છે.

બે પદાર્થ વચ્ચે આધાર આધેયપણું હોય જ નહીં. કારણકે ત્યાં અત્યંત અભાવ છે છતાં આપણને બે ભિન્ન પદાર્થો વચ્ચે આધાર આધેયપણું જોવા મળે છે. શાસ્ત્ર ઠવણીના આધારે છે. ઠવણી જમીનના આધારે છે. દૂધ તપેલીના આધારે છે. વગેરે અનેક દૃષ્ટાંતો લઈ શકાય. જીવનું શરીરાદિથી અત્યંત ભિન્નપણું છે માટે તે બે વચ્ચે આધાર આધેયપણું ન હોય એવું અહીં ટીકામાં પ્રથમ દર્શાવવામાં આવ્યું છે.

સમયસાર સંવર અધિકારમાં પ્રથમ ગાથાઓમાં આ વિષય લીધો છે. ટીકામાં આવે છે કે એક વસ્તુની બીજી વસ્તુ નથી. માટે તેમની વચ્ચે આધાર આધેયપણું નથી. આસ્રવનો નિરોધ તે સંવર છે. આ પ્રમાણે સંવરની વ્યાખ્યા ખ્યાલમાં રાખીએ ત્યારે ખ્યાલ આવે કે ટીકાકાર આચાર્યદેવ જ્ઞાની અને અજ્ઞાની બન્ને જીવોને તેઓ અત્યંત ભિન્ન છે એ રીતે દર્શાવવા માગે છે. એક જ જીવની બે અલગ સમયે થતી અવસ્થાઓ છે તેથી ત્યાં અત્યંત અભાવ ન લાગુ પડે એવું માનવાનું મન થાય. પરંતુ સ્વભાવ અને વિભાવની જાત અત્યંત ભિન્ન છે. તેથી બે જીવો જ જુદો છે એવું દર્શાવવામાં આવે છે. અજ્ઞાની જીવના પરિણામમાં મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર છે. જ્ઞાનીના પરિણામમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્‌ચારિત્ર છે. જિનાગમમાં એવા કથન આવે કે કાં તો જીવ જ્ઞાન કરે અથવા રાગ કરે. ત્યાં પણ આ જ ભાવ દર્શાવવા માગે છે. ત્યાં માત્ર બે ગુણના પરિણામની વાત નથી કરવી. બે ગુણની જ્ઞાન અને ચારિત્રની પર્યાય દરેક જીવમાં દરેક સમયે થયા જ કરે છે. પરંતુ જીવ જ્ઞાન કરે એટલે સમ્યગ્દર્શનાદિ ભાવને કરે અને રાગ કરે ત્યારે અજ્ઞાનમય ભાવને કરે એવું આપણી સમજણમાં લેવું રહ્યું. જ્ઞાનીના બધા ભાવો જ્ઞાનમય છે અને અજ્ઞાનીના બધા ભાવ અજ્ઞાનમય છે. બેના પરિણામમાં મેળ ખાય એવું કાંઈ નથી. તેથી બન્ને જુદા જ છે. આ ગાથામાં અજ્ઞાની અને જ્ઞાની બન્ને જુદા છે રીતે સમજાવ્યું છે અને તે રીતે સમજવું રહ્યું. અહીં જ્ઞાનીને અસ્થિરતાનો રાગ થાય છે એ વાત લેવાની નથી. અસ્થિરતાના રાગનો ખુલાસો થઈ શકે તેવું આ ગાથામાં નથી.

અજ્ઞાની શરીર અને જીવ વચ્ચે આધાર આધેયપણું માને છે. અગ્નિ હંમેશા બળવાલાયક પદાર્થના સંગમાં જ જોવા મળે છે. તેમ આપણે જીવને શરીરના સંગમાં જ જોવાને ટેવાયેલા છીએ. સિદ્ધ ભગવાન અશરીરી છે એવું આપણે કહીએ છીએ પરંતુ એનો પાકો નિર્ણય થાય એવું કાંઈ

મળતું નથી. માત્ર ભરોંસો કરવાનો રહે છે. તેથી જીવ શરીરના આધારે રહે છે. ભગવાન જેમ મંદિરમાં રહે છે. તેમ જીવ માટે શરીર એ દેવળ છે. એવી વ્યાપક માન્યતા પ્રવર્તે છે. ખરેખર જીવ અને શરીર તદ્દન જુદા છે. બે પદાર્થના ક્ષેત્ર પણ જુદા છે. આકાશના એક ક્ષેત્રે રહેવા છતાં બન્ને જુદા જ છે. માટે આધાર આધેયપણું ત્યાં નથી.

ટીકામાં આગળ કહે છે કે હું શરીરાદિનું કારણ નથી. અહીં કારણ શબ્દથી નિમિત્ત કારણની વાત છે. શરીરની રચના પોતાના (પરમાણુની) ઉપાદાન અનુસાર થાય છે. તે ક્રિયામાં જીવનું નિમિત્તપણું નથી એવું અહીં કહેવા માગે છે. જીવના વિભાવ ભાવ અનુસાર કર્મનો (આયુષ્યનો) બંધ પડે છે. તે અઘાતિ કર્મોદય અનુસાર જીવને સંયોગરૂપે શરીરની પ્રાપ્તિ થાય છે. અજ્ઞાની જીવે શરીરમાં હુંપણું માન્યું છે. શરીરમાં જ સર્વસ્વ માન્યું છે. તેથી તેને ફરી ફરીને દેહની પ્રાપ્તિ થાય છે. અજ્ઞાની જીવ પોતાનો સંસાર ચાલુ રાખવા માગે છે. તેથી જ તેના ભાવ અનુસાર કર્મતંત્રની રચના થાય છે. જીવના એ વિભાવને કારણે વિશ્વના પદાર્થો જીવના જ્ઞાનના જ્ઞેય હોવા છતાં તે અજ્ઞાનીને તે પદાર્થો નોકર્મરૂપ ભાસે છે. આ રીતે અજ્ઞાની દ્રવ્યકર્મ અને નોકર્મ સાથે નિમિત્ત નૈમિત્તિક સંબંધરૂપે જોડાયેલો છે.

જીવનો વિભાવ નિમિત્ત અને દ્રવ્યકર્મ નૈમિત્તિક. દ્રવ્યકર્મ નિમિત્ત અને શરીર તથા સંયોગો નૈમિત્તિક. આવા સંબંધો અનાદિકાળથી ચાલે છે. એ જીવ જ્યારે પોતાનું અજ્ઞાન દૂર કરીને જ્ઞાની થવા માગે છે ત્યારથી તેની વિચાર ધારા બદલાય જાય છે. જીવ અને શરીરનું અત્યંત ભિન્નપણું ભાસે ત્યારે બેને એક માનવારૂપ મિથ્યાત્વ ઉત્પન્ન ન થાય. આ રીતે જ્ઞાની શરીર સાથેનો સંબંધ છોડે છે. પોતાને વર્તમાનમાં જે શરીર પ્રાપ્ત થયું છે તે પોતાના પૂર્વભવના વિભાવ અનુસાર છે. તે વાત તેના ખ્યાલમાં છે પરંતુ વર્તમાનમાં તે શરીર સાથે સંબંધ રાખવા માગતો નથી. મારે શરીર સાથે કોઈ સંબંધ નથી. એ રીતે તે પોતાના જ્ઞાન અને શ્રદ્ધાનને વ્યવસ્થિત કરે છે. આવી નિઃશંક દશા નિર્ણયાત્મક ભૂમિકા હોય તો જ તે પ્રમાણે આચરણ કરી શકાય. ચારિત્ર વિભાગના કાર્યનો આધાર આ નિઃશંકતા ઉપર છે. તેથી અહીં હું શરીરનું નિમિત્ત કારણ પણ નથી એવું કહે છે. પોતે જેવું માને છે તેવું કહે છે.

શરીર ઉપાદાન અનુસાર પુદ્‌ગલ પરમાણુની રચના છે. ત્યાં નિમિત્ત પણ અવશ્ય છે. તેથી કહે છે કે શરીરની રચનામાં ભલે હું કારણ નથી પરંતુ ત્યાં અઘાતિ કર્મનો ઉદય અવશ્ય નિમિત્ત કારણ છે. તેથી કહે છે કે શરીરાદિ ''ખરેખર કારણવાળા છે.''

શરીરની રચનામાં પોતે નિમિત્ત નથી એટલી વાત ખ્યાલમાં આવે ત્યારે હવે બીજી રીતે વિચારીએ. અજ્ઞાની જીવ શરીરને પ્રાપ્ત ઈન્દ્રિયોને સાધન (નિમિત્ત) બનાવીને જાણવાનું કાર્ય કરે છે. અર્થાત્ જ્ઞાનમાં ઈન્દ્રિય અને મનને નિમિત્ત બનાવે છે. ખરેખર તો માત્ર જ્ઞાન જ નહીં પરંતુ સુખ તથા રાગ-દ્વેષ વગેરે પણ એ રીતે ઈન્દ્રિયના માધ્યમ દ્વારા જ કરે છે. આ અજ્ઞાનીની દશા છે. જ્ઞાની હવે તે રીતે બાહ્ય વિષયો સાથે સંબંધમાં આવવા માગતો નથી. બાહ્ય વિષયો ભોગવાતા જ નથી અને ત્યાંથી સુખ આવતું નથી એવી નિઃશંકતા હોવાથી તેને બાહ્ય વિષયોને ભોગવવાનો ભાવ હવે રહેતો નથી. તે પોતે તેવા ભાવથી નિવર્તવા માગે છે. તેથી તેને હવે ઈન્દ્રિય અને મનને સાધન (નિમિત્ત) બનાવવાનું પણ મન થતું નથી. મુનિદશાના વર્ણનમાં ''તેને પાંચ ઈન્દ્રિયના ફેલાવ રહિત દેહ માત્ર પરિગ્રહ છે'' એવું જે વર્ણન આવે છે તે જ્ઞાનીની અંતરંગ પરિણતિ દર્શાવે છે. બાહ્ય કારણ છોડે છે. પોતે સ્વતંત્રપણે કર્તા થઈને પોતામાં જ ટકવા માગે છે અને એ રીતે ઈન્દ્રિયના કારણે (નિમિત્તે) પર દ્રવ્યને ગ્રહવાનું છોડે

છે. સમયસાર ૪૯ ગાથામાં અરસના ત્રીજા બોલમાં આ વાત લીધી છે. જીવને દ્રવ્યેન્દ્રિયનું સ્વામિત્વ નથી તેથી તે જીભ દ્વારા પણ રસને ચાખતો નથી માટે અરસ છે.

જીવ શરીરાદિનો કર્તા નથી. જ્ઞાનીને ખ્યાલ છે કે શરીરાદિનું કર્તા પુદ્ગલ દ્રવ્ય જ છે. પોતે અચેતન દ્રવ્ય નથી માટે પોતે તેનો કર્તા નથી. જીવ જ્યારે શરીરાદિની રચનામાં નિમિત્ત પણ નથી એ વાત લીધી છે. ત્યાં હવે અકર્તાપણાની વાત તો સહજપણે સ્વીકાર્ય છે. શરીરની રચના અનેક પુદ્ગલ પરમાણુઓ વડે થાય છે. પરમાણુનો જથ્થો વધવાથી જ શરીર વધે છે અને તે જથ્થો ઓછો થવાથી શરીર નાનું થાય છે. આ બધાના અનુભવની વાત છે. બાળક નાનામાંથી મોટુ થાય છે અને મોટી ઉંમરે શરીર ઘસાતું જાય છે એ પણ લક્ષગત થાય છે. યુવાનીમાં પણ આહારના પરમાણુઓ આવે છે અને શરીરના પરમાણુઓ છૂટા પડતા જાય છે. અજ્ઞાનની ભૂમિકામાં અનેક પ્રકારના નિમિત્ત નૈમિત્તિક સંબંધો વિદ્યમાન છે. તે સમયે પણ શરીરાદિનું પરિણમન તો પોતાના ઉપાદાન અનુસાર સ્વતંત્ર જ ચાલે છે. શરીરની રચના પણ પરમાણુ દ્વારા સ્વતંત્ર અને ત્યારબાદ શરીરની બધી ક્રિયાઓ પણ સ્વતંત્ર. જીવને હાથ ઊંચો કરવાની ઈચ્છા થાય અને હાથ ઊંચો થાય તે સમયે પણ શરીરની ક્રિયાનો કર્તા શરીર જ છે.

બોલવાની ઈચ્છા, તે અનુસાર હોઠ-જીભ વગેરેનું હલન-ચલન અને ભાષા વર્ગણાનું શબ્દરૂપે પરિણમવું બધું સ્વતંત્ર છે. બે પદાર્થો સ્વતંત્રપણે પરિણમે અને પોત પોતાના પરિણામને કરે ત્યારબાદ કોઈ એક પદાર્થના પરિણામને કેન્દ્રમાં રાખીને અન્ય દ્રવ્યના પરિણામો સાથે તેને મેળ વિશેષ છે કે નહીં તે જોવા જઈએ ત્યારે જ્યાં જે પ્રકારનો મેળ વિશેષ હોય તે પ્રકારે નિમિત્ત નૈમિત્તિક સંબંધના નામ પડે છે. દર્દી સાજો થાય ત્યારે ડૉકટરને નિમિત્ત કહેવાય અને મરી જાય તો આયુષ્ય કર્મને નિમિત્ત કહેવાય. રાત્રીના સમયે રસોઈ તૈયાર થાય ત્યારે અગ્નિ એક જ છે. પરંતુ તેને લાકડા સાથે દાહય દાહક સંબંધ, ચોખા સાથે પાચ્ય પાચક સંબંધ અને બાજુની વસ્તુ સાથે પ્રકાશ્ય-પ્રકાશક સંબંધ છે. લક્ષમાં રહે કે તે દરેક પદાર્થો સ્વતંત્રપણે પરિણમીને એક બીજા સાથે સંબંધમાં આવે છે.

બે પદાર્થો વચ્ચેના સમયવર્તી પરિણામો વચ્ચેના મેળ વિશેષને નિમિત્ત નૈમિત્તિક સંબંધ કહેવામાં આવે છે તે સિદ્ધાંત ખ્યાલમાં રહે તો નિમિત્ત પરદ્રવ્યમાં કાંઈ કરે છે એવી ભ્રમણા ન રહે. કારણકે અન્ય દ્રવ્યનું ત્યાં પરિણમન હોય પછી જ સંબંધની વાત લાગુ પડે છે. તેથી કહે છે કે મારા કર્તા થયા વિના જ શરીર પોતે સ્વતંત્રપણે કરાય છે. આ રીતે ખરેખર તો તે શરીરમાંથી હુંપણું છોડે છે.

પોતે જે કોઈ કાર્ય ન કરે અને અન્ય મારફત કરાવવામાં આવે તેને કારયિતાપણું કહેવામાં આવે છે. આના ઘણા દૃષ્ટાંતો આપણા જીવનમાંથી લઈ શકાય. લૌકિકમાં કહેવામાં આવે છે કે આંગળી ચીંધવાનું પુણ્ય અર્થાત્ જે સત્ કાર્ય પોતે કરી શકે તેમ ન હોય પરંતુ અન્યની તે ત્રેવડ હોય તો આ કાર્ય કરવા જેવું છે એ પ્રમાણે એનું ધ્યાન ખેંચીને તેની મારફત તે કાર્ય થાય ત્યારે મેં આ કાર્ય કરાવ્યું એમ કહેવામાં આવે છે. સારા કાર્યની જેમ હિંસાદિ કાર્યો પણ અન્ય દ્વારા કરાવવામાં આવે છે. અન્ય પાસે સારા કામ કરાવવામાં આવે તેમાં અહિત થાય છે એ વાત લક્ષમાં આવતી નથી. પોતાને આનંદ આવે છે અને તેવું કરવું જોઈએ એવી અંદરમાં માન્યતા પડી છે તેની દૃઢતા થાય છે. ખરેખર તો કર્તાપણામાં જેવો દોષ છે. એવો જ દોષ કરાવવામાં છે. એ વાત લક્ષમાં રહેવી જોઈએ.

ત્યારબાદ શરીરાદિમાં અનુમોદનનો દોષ

પણ મને હવે લાગતો નથી એમ કહે છે. કોઈ કાર્ય સ્વતંત્રપણે થાય ત્યારે તે સારું છે એવા ભાવને અનુમોદના કહેવામાં આવે છે. એહીં એવા કાર્યની વાત છે જેમાં પોતાને કાંઈ નિસ્બત ન હોય. આવા અનુમોદનાના ભાવો જીવ કરતો રહે છે. શુભ કાર્યોમાં પણ અનુમોદના આપે છે અને કોઈ સત્યને ખાતર અથવા અન્યના રક્ષણ માટે હિંસા આચરે તેને પણ આપણે સહજપણે અનુમોદના આપીએ છીએ. કયારેક નિરર્થક વિષયોમાં પણ આપને વિના કારણ જોડાઈએ છીએ. જ્ઞાનીને આવી બધી પ્રવૃત્તિઓમાં રસ નથી. તે પોતાનો પુરુષાર્થ ચાલે ત્યાં સુધી સ્વરૂપમાં લીન રહે છે. બાહ્ય પ્રવૃત્તિઓ માત્ર જરૂર પૂરતી જ રાખે છે. નિસ્બત વિનાની પ્રવૃત્તિમાં જોડાતો નથી. તેના તરફ લક્ષ પણ ન જાય એવા પ્રયત્નો કરે છે.

આ રીતે આ ગાથામાં જીવ શરીરાદિથી કેટલા પ્રકારે જુદો પડે છે તે વાત વિસ્તારથી સમજાવવામાં આવી છે. મુનિદશામાં આ પ્રમાણે સહજ પરિણમન હોય છે. અજ્ઞાની જીવે પરમાં એકત્વ માન્યું છે માટે તે તો સર્વ પ્રકારના દોષમાં સ્થિત છે. પાત્ર જીવ આ ગાથાના ભાવને સમજીને જીવનું શરીરાદિથી અત્યંત ભિન્નપણું છે એવું પોતાના જ્ઞાન-શ્રદ્ધાનમાં દૃઢ કરવાનો પ્રયત્ન કરે છે. જે દ્રવ્ય બંધારણના અભ્યાસથી ઉપાડ કરે છે તે સર્વ પ્રથમ સત્‌ને શૂન્યની દલીલ સ્વીકારીને પોતાના શાશ્વત સત્‌નો સ્વીકાર કરે છે. તે સ્વભાવની બરોબર મજબૂતિ ન થાય ત્યાં સુધી આગળ અભ્યાસ કરતો નથી. ત્યારબાદ તે પર્યાયનું સ્વરૂપ લક્ષમાં લે છે. પર્યાયના ક્ષણિક લક્ષણનો નિત્ય સ્વભાવ સાથે અવિરોધ છે. પોતાને તે અનેકાંત સ્વરૂપ યથાર્થપણે લક્ષમાં આવે તે અત્યંત જરૂરી છે. જો પર્યાયના સ્વરૂપને લક્ષમાં લેવા જતાં ત્રિકાળ સ્વભાવમાં ફેરફાર થઈ જાય છે એવું લાગે તો તેને ત્યાં અટકીને ત્રિકાળ સત્તાની વિશેષ દૃઢતા કરવાની જરૂર રહે છે. પર્યાયની વિધવિધતા સમયે પણ મૂળ સ્વભાવ એકરૂપ જ રહે છે એવી સમજણ જરૂરી છે. જીવ પોતે ચેતનપણું છોડીને અચેતન પુદ્‌ગલરૂપ ન થાય એટલું જ પર્યાપ્ત નથી. પોતાની પર્યાયની વિધવિધતા સ્વભાવની અનેક પ્રકારની રચનાને આભારી છે. બદલતી રચના નવા નવા રૂપ દર્શાવે છે. તે બદલતી રચના જેની છે તે સ્વભાવ તો એવોને એવો જ રહે છે. આ રીતે પર્યાયના સ્વરૂપને સમજવું જરૂરી છે.

સ્વભાવમાં ત્રણ કાળના પરિણામને પહોંચવાનું સામર્થ્ય છે. તે સ્વભાવથી જેટલી રચના થાય તેટલું જ તેનું સામર્થ્ય છે. રંગની લાલ-લીલી અવસ્થાઓ થાય પરંતુ તેમાંથી ખારો-ખાટો સ્વાદ ન આવે. સ્વભાવથી એક સમયે એક રચના, એક પર્યાય થાય છે.

દ્રવ્ય પર્યાયરૂપ આવું સ્વતંત્ર અસ્તિત્વ, ઉત્પાદ-વ્યય-ધ્રોવ્યરૂપ સત્ બરોબર પોતાને દૃઢ થાય પછી જ અન્ય દ્રવ્ય સાથેના સંબંધોનો વિચાર કરે છે. અન્ય સાથે સંબંધનો અભ્યાસ કરવા જતાં નિમિત્તાધીન કોઈ પણ ભાવ જોર કરી જાય તો તે અન્ય સાથેના સંબંધનો વિચાર પડતો મૂકીને સ્વરૂપ અસ્તિત્વની દૃઢતા કરે છે. નિમિત્ત અનુસાર ઉપાદાનમાં કાર્ય થાય છે એવો કાંઈ પણ ભાવ હવે આવવો ન જોઈએ. બે દ્રવ્યોના સ્વતંત્ર પરિણમનની સ્થાપના કર્યા બાદ જ સંબંધને સ્થાન છે. જે આ રીતે પ્રથમ તો દ્રવ્ય બંધારણનો વ્યવસ્થિત અભ્યાસ કરે છે અને પછી પોતે જે માન્યતા રાખે છે, અનુભવે છે તેમાં લાગુ પાડે તો હવે તેને પોતાનું સ્વતંત્ર સ્થાન અને પરિણામનો વિશ્વાસ આવે. અનાદિના સંયોગાધીન સંસ્કાર સામે ટકવા માટે આ દૃઢતા અને નિઃશંકતા જરૂરની છે. જેને બંધારણની મજબૂતિ હોય તે સહજપણે આ કાર્ય કરી શકે છે.

જુદો પડવાનો પુરુષાર્થ આચરણ થાય ત્યાર પહેલા તેને જ્ઞાન અને શ્રદ્ધાનની ત્યાં નિઃશંકતા

જરૂરી છે. તેના ઉપર જ ચારિત્રમાં કાર્ય થશે. નિર્ણયની કચાશ હશે તો કાર્ય નહીં થાય. તેથી આ ગાથાનો અભ્યાસ કરીને મારે શરીરાદિ સાથે કાંઈ સંબંધ નથી એવો નિર્ણય કરવો જરૂરી છે.

## ◆ ગાથા - ૧૬૧

**મન, વાણી તેમ જ દેહ પુદ્ગલદ્રવ્યરૂપ નિર્દિષ્ટ છે;**
**ને તેહ પુદ્ગલદ્રવ્ય બહુ પરમાણુઓનો પિંડ છે. ૧૬૧.**

***દેહ, મન અને વાણી પુદ્ગલ દ્રવ્યાત્મક (વીતરાગ દેવે) કહ્યા છે; અને તે દેહાદિ પુદ્ગલ દ્રવ્ય પરમાણુ દ્રવ્યોનો પિંડ છે.***

આ ગાથા અને પછીની ગાથાઓમાં પુદ્ગલ પરમાણુઓ વડે શરીરાદિની રચના કેવી રીતે થાય છે તેનું વર્ણન છે. અજ્ઞાનીએ શરીરમાં હુંપણું માન્યું છે. તેથી તેને શરીરાદિ પ્રત્યે રાગ છે. પરમાત્મા તે રાગ છોડીને પરમાત્મા થયા છે. શરીરાદિ પુદ્ગલાત્મક છે એવા કથનમાં પરમાત્માની સાક્ષી આપે છે ત્યાં પરમાત્માને સર્વજ્ઞ ન કહેતાં વીતરાગ દેવ કહે છે.

પરમાણુને દ્રવ્ય અને સ્કંધને પુદ્ગલની પર્યાય માનવામાં આવે છે. પરમાણુઓ ચિકાશ-લુખાશ અનુસાર સ્કંધપણાને પામે છે.

## ◆ ગાથા - ૧૬૨

**હું પૌદ્ગલિક નથી, પુદ્ગલોમેં પિંડરૂપ કર્યાં નથી;**
**તેથી નથી હું દેહ વા તે દેહનો કર્તા નથી. ૧૬૨.**

***હું પુદ્ગલમય નથી અને મેં પુદ્ગલો મેં પિંડરૂપ કર્યા નથી, તેથી હું દેહ નથી તેમજ તે દેહનો કર્તા નથી.***

જીવ પોતે ચેતન સ્વભાવી છે. તે અચેતન જડ એવા પુદ્ગલરૂપ નથી. પોતે શરીરરૂપ નથી. તેમજ જે પરમાણુઓ શરીરરૂપે થયા છે તે પરમાણુઓને મેં સ્કંધરૂપ બનાવ્યા નથી. અર્થાત્ પુદ્ગલો, પરમાણુઓ સ્વતંત્રપણે પોતાથી જ સ્કંધરૂપ થાય છે તેમાં જીવનું કાંઈ કર્તવ્ય નથી.

## ◆ ગાથા - ૧૬૩

**પરમાણુ જે અપ્રદેશ, તેમ પ્રદેશમાત્ર, અશબ્દ છે,**
**તે સ્નિગ્ધ રૂક્ષ બની પ્રદેશદ્વિયાદિવત્ત્વ અનુભવે. ૧૬૩.**

***પરમાણુ કે જે અપ્રદેશ છે, પ્રદેશ માત્ર છે અને પોતે અશબ્દ છે, તે સ્નિગ્ધ અથવા રૂક્ષ થયો થકો દ્વિપ્રદેશીપણું અનુભવે છે.***

સર્વ પ્રથમ પરમાણુનું સ્વરૂપ દર્શાવે છે. પરમાણુ અપ્રદેશી છે અર્થાત્ પરમાણુ અસ્તિકાયરૂપ નથી. અહીં 'અપ્રદેશી' શબ્દ દ્વારા અસ્તિકાયનો નિષેધ છે. કોઈ જગ્યાએ અપ્રદેશી શબ્દનો અર્થ એક પ્રદેશી કર્યો છે. પરંતુ અહીં અપ્રદેશી કહ્યા બાદ તેને પ્રદેશ માત્ર પણ કહ્યો છે. ત્યાં પ્રદેશ માત્રનો અર્થ એક પ્રદેશી લેવો રહ્યો. આ રીતે એક પરમાણુ અસ્તિકાયરૂપ નથી પરંતુ એક પ્રદેશી જ છે. એમ ખ્યાલમાં લેવું રહ્યું. પરમાણુમાં શબ્દ એવી રૂપી પર્યાય નથી. શબ્દ સ્કંધજન્ય છે. પરમાણુમાં શબ્દ નથી.

પરમાણુમાં ચાર રૂપી ગુણો છે. તેમાં સ્પર્શ ગુણની આઠ પ્રકારની પર્યાયોમાંથી માત્ર ચાર જ શક્ય છે. જે ચીકાશ અને લુખાશ તથા ટાઢી અને ઉષ્ણ. એવા બે જોડકારૂપે હોય છે. એક સમયે જોડકાની એક જ પર્યાય હોય છે. આ રીતે પરમાણુમાં એક સમયે સ્પર્શ ગુણની બે પર્યાયો હોય છે. ચીકાશ-લુખાશમાંથી એક અને શીત ઉષ્ણમાંથી એક એમ બે પર્યાયો હોય છે. રસ અને વર્ણની પાંચ પર્યાયો હોય છે. તેથી તે બન્નેમાં પાંચમાંથી એક પર્યાય હોય છે. ગંધની બે પર્યાયમાંથી એક પર્યાય હોય છે.

સ્કંધની રચનામા સ્પર્શ ગુણની ચીકાશ અને લુખાશ એ પર્યાયો જ ઉપયોગી છે. તે અનુસાર સ્કંધની રચના થાય છે. જીવ તેમાં અકિંચિત્કર છે.

## ◆ ગાથા - ૧૬૪

**એકાંશથી આરંભી જ્યાં અવિભાગ અંશ અનંત છે,**
**સ્નિગ્ધત્વ વા રૂક્ષત્વ એ પરિણામથી પરમાણુને. ૧૬૪.**

***પરમાણુને પરિણામને લીધે એકથી (એક અવિભાવ પ્રતિચ્છેદથી) માંડીને એકેક વધતા અનંતપણાને (અનંત અવિભાગ પ્રતિચ્છેદ પણાને) પામે ત્યાં સુધીનું સ્નિગ્ધત્વ અથવા રૂક્ષત્વ હોય છે એમ (જિનદેવે) કહ્યું છે.***

સ્કંધની રચના કઈ રીતે થાય છે તેની પૂર્વ ભૂમિકા આ ગાથામાં આચાર્યદેવ બાંધે છે. અન્વયાર્થમાં જિનદેવે આ પ્રમાણે કહ્યું છે એમ લખાણ છે. અહીં એ વાત ખ્યાલમાં રાખવી કે પરમાણુનું સ્વરૂપ ઈન્દ્રિય ગ્રાહ્ય નથી. તેથી તે છદ્મસ્થથના જ્ઞાનનો વિષય નથી. માટે આ જેટલું વર્ણન આવે છે. તેનો આધાર સર્વજ્ઞનું જ્ઞાન જ છે.

એક પરમાણુમાં અનંત ગુણો છે. તેમાં અહીં તેના સ્પર્શ ગુણની વાત કરવા માગે છે. સ્પર્શ ગુણની પર્યાયમાં ચાર જોડકા એટલે આઠ પ્રકારની પર્યાયો શક્ય છે. પરમાણુમાં શીત-ઉષ્ણ તથા સ્નિગ્ધ અને રૂક્ષ એ બે જોડકામાંથી એક એક પર્યાય હોય છે. સ્કંધમાં ચાર પર્યાય થાય છે કારણકે ત્યાં ભારે-હલકું તથા લીસુ-ખરબચડું. એવા બીજા બે જોડકામાંથી એક એક પર્યાય હોય છે. અહીં પરમાણુમાંથી સ્કંધ કેવી રીતે થાય છે તે વિષય છે માટે માત્ર સ્પર્શ ગુણ અને તેની ચીકાશ અને લુખાશ એવી પર્યાયની જ વાત લેવા માગે છે.

ચીકાશની માત્રા સમજવા માટે અવિભાગ પ્રતિચ્છેદ શબ્દનો પ્રયોગ કરે છે. એક અંશથી લઈને અનંત અંશ સુધીના ભેદોને સ્થાન છે. અર્થાત્ ચીકાશ ઓછી હોય ત્યારે ચીકાશના અવિભાગ પ્રતિચ્છેદ ઓછા છે અને તે વધુ હોય ત્યારે અવિભાગ પ્રતિચ્છેદ વધારે હોય છે. અહીં એ ખ્યાલ રહે કે ચીકાશના તરતમ ભેદને દર્શાવવા માટે આ વર્ણન કરવામાં આવે છે. એનો અર્થ એ થયો કે એક પરમાણુના સ્પર્શ ગુણની પર્યાયમાં માત્ર ચીકાશનો જ વિચાર કરીએ ત્યારે અનાદિથી અનંતકાળ સુધીના પરિણામો એક સરખા ન હોય. ચીકાશના તરતમ ભેદ અનુસાર ચીકાશ ફેર પડતો જાય છે.

ચીકાશની માફક લુખાશમાં પણ એ જ પ્રકારે અનેક ભેદ પડે છે. અને સ્પર્શ ગુણની અન્ય પર્યાયોમાં પણ એમ સમજી લેવું. ખરેખર તો પુદ્ગલના તેના દરેક ગુણમાં અનાદિથી અનંતકાળ સુધીની પર્યાયોનો વિચાર કરીએ ત્યારે બધામાં નવા નવા સ્વરૂપ જોવા મળે છે. ખ્યાલમાં રહે કે પદાર્થના વિશેષ ગુણો જ આ પ્રકારની અંતરંગ વિધવિધતા લઈને રહેલા છે. સામાન્ય ગુણોનું પરિણમન તો એકસરખું રહે છે.

એક પરમાણુમાં તેના અનાદિથી અનંત કાળ સુધી થતાં પરિણામોમાં આટલી વિધવિધતા થાય છે તે બધાને એ પરમાણુ સ્વતંત્રપણે પ્રાપ્ત કરે છે. અર્થાત્ આ બધું પરમાણુનું સ્વતંત્ર કાર્ય છે.

## ◆ ગાથા - ૧૬૫

હો સ્નિગ્ધ અથવા રૂક્ષ અણુ-પરિણામ, સમ વા વિષમ હો,
બંધાય જો ગુણદ્વય અધિક; નહીં બંધ હોય જઘન્યનો; ૧૬૫.

***પરમાણુ-પરિણામો, સ્નિગ્ધ હો કે રૂક્ષ હો, બેકી અંશવાળા હો કે એકી અંશવાળા હો, જો સમાન કરતા બે અંશ અધિક અંશવાળા હોય તો બંધાય છે; જઘન્ય અંશવાળો બંધાતો નથી.***

## ◆ ગાથા - ૧૬૬

**ચતુરંશ કો સ્નિગ્ધાણુ સહ દ્વય-અંશમય સ્નિગ્ધાણુનો;**
**પંચાશી અણુ સહ બંધ થાય ત્રયાંશમય રૂક્ષાણુનો. ૧૬૬.**

***સ્નિગ્ધપણે બે અંશવાળો પરમાણુ ચાર અંશવાળા સ્નિગ્ધ (અથવા રૂક્ષ) પરમાણુ સાથે બંધ અનુભવે છે; અથવા રૂક્ષપણે ત્રણ અંશવાળો પરમાણુ પાંચ અંશવાળા સાથે જોડાયો થકો બંધાય છે.***

આ બે અલગ ગાથાઓમાં સ્વતંત્ર પરમાણુઓ સ્કંધરૂપે ક્યારે પરિણમે છે અને સ્કંધ થતાં તેમાં કેવા ફેરફાર થાય છે એ દર્શાવવામાં આવ્યું છે. આ બધા પરિણામો માત્ર કેવળીગમ્ય છે. તેથી સર્વજ્ઞના જ્ઞાનમાં જે પ્રકારે વસ્તુ સ્થિતિ આવી છે તેનું અહીં વર્ણન છે. અહીં કોઈ ન્યાય અથવા યુક્તિ આપવામાં આવ્યા નથી.

પરમાણુના સ્પર્શ ગુણની ચીકાશ તથા લુખાશ એવી પર્યાયો જ સ્કંધની રચનાનું કારણ બને છે. માત્ર ચીકાશ જ બંધનું કારણ થાય છે એમ નહીં. લુખાશ પણ બંધનું કારણ થાય છે. ગા. ૧૬૪માં આપણે પરમાણુના સ્વતંત્ર પરિણામનો અભ્યાસ કર્યો. અનાદિથી અનંતકાળ સુધીના બધા પરિણામોને પહોંચી વળવાની તેનામાં ક્ષમતા છે. ઓછી-વધારે ચીકાશ એવો વિચાર કરતાં તેના અનંત તરતમ ભેદો પડે છે. દરેક પરમાણુનું આવું સ્વતંત્ર પરિણમન સ્વીકારીને હવે ત્યાં સ્કંધની રચના કેવી રીતે થાય છે તે જોઈએ.

એક પરમાણુમાં એક અંશ અર્થાત્ એક અવિભાગ પ્રતિચ્છેદ કરતા અધિક અંશ ચીકાશ અથવા લુખાશ હોવી જોઈએ તો જ ત્યાં સ્કંધની રચના શક્ય છે. માત્ર એક જ અવિભાગ પ્રતિચ્છેદ હોય તો તે સ્કંધમાં જોડાવાને યોગ્ય નથી.

અન્ય પરમાણુમાં હવે આ પરમાણુ કરતા બે અંશ (બે અવિભાગ પ્રતિચ્છેદ) અધિક ચીકાશ અથવા લુખાશ હોવી જરૂરી છે. તેમ હોય તો જ સ્કંધની રચના શક્ય છે. બે પરમાણુના ચીકાશ કે લુખાશમાં બે અંશ કરતા ઓછો કે વધારે ફેર હોય તો સ્કંધ ન બને. માત્ર બે અંશનો જ ફેર હોય તો બન્ને જોડાઈને સ્કંધની રચના થાય છે. અહીં એકી સંખ્યાનો એકી સાથે અને બેકી સંખ્યાનો બેકી સંખ્યા સાથે જ મેળ ખાય એવું સમજી શકાય તેમ છે. તદ્ઉપરાંત બન્નેમાં ચીકાશ હોય અથવા લુખાશ હોય એવું બને. શરત માત્ર એટલી જ છે કે બે પરમાણુમાં ચીકાશ કે લુખાશના અંશો વચ્ચે બે અંશનો તફાવત જરૂરી છે.

સ્કંધની રચના થાય ત્યારે કેવા ફેરફાર થાય છે.

જે પરમાણુના અંશો અધિક હોય છે. તેને પરિણામિક કહેવામાં આવે છે. પરિણામિક એટલે પરિણામવનાર. જે પરમાણુના અંશ ઓછો છે તેને પરણમ્ય કહેવામાં આવે છે. પરિણમ્ય એટલે પરિણમનાર. અહીં આ પ્રકારે કહેવાનો એક આશય છે. સ્કંધ થાય ત્યારે જેના અંશો ઓછા છે તેમાં ફેરફાર થાય છે. પરિણામિકના જેવા પરિણામ છે એવા જ પરિણામ પરિણમ્યના થઈ જાય છે. પરિણમ્યના બે અંશ અવિભાગ પ્રતિચ્છેદ વધી જાય છે. પરિણામિકમાં ચીકાશ હોય તો પરિણમ્ય પણ ચીકાશરૂપ થાય છે. **દ્દષ્ટાંતઃ** ૨ અંશ ચીકાશ અને ૪ અંશ લુખાશનો સ્કંધ થાય તો બન્નેના ૪ અંશ લુખાશ થઈ જાય છે. આવી વ્યવસ્થા અનાદિકાળથી ચાલુ છે. આ વ્યવસ્થાને લક્ષમાં લેવાથી પુદ્ગલનું સ્વતંત્ર પરિણમન આપણા ખ્યાલમાં આવે છે. તેમ થતાં જીવની પરમાં કર્તૃત્વ બુદ્ધિનો નાશ થાય છે એ જરૂરી છે. વિશ્વમાં આટલા સ્કંધો જોવા મળે છે. વર્ગ-વર્ગણા એ બધી રચનાઓ સ્વયં થાય છે. તેનું બધાને આશ્ચર્ય લાગે. પરંતુ વાસ્તવિકતા છે.

| એક પરમાણુ | | અન્ય પરમાણુ |
|---|---|---|
| ૧ અંશ ચીકાશ અથવા લુખાશ | | બંધ ન થાય. |
| ૨ અંશ ચીકાશ અથવા લુખાશ | બંધ થાય છે. | ૪ અંશ ચીકાશ અથવા લુખાશ. |
| ૩ અંશ ચીકાશ અથવા લુખાશ | બંધ થાય છે. | ૫ અંશ ચીકાશ અથવા લુખાશ |
| ૫૦૧ અંશ ચીકાશ અથવા લુખાશ | બંધ થાય છે. | ૫૦૩ અંશ ચીકાશ અથવા લુખાશ |

| પરિણમ્ય | પરિણામિક |
|---|---|
| ૨ અંશ ચીકાશ અથવા લુખાશ ↓ ૪ અંશ ચીકાશ. | ૪ અંશ ચીકાશ |
| ૧૦૩ અંશ ચીકાશ અથવા લુખાશ ↓ ૧૦૫ અંશ લુખાશ | ૧૦૫ અંશ લુખાશ |

સ્કંધ થતાં ઉપરોક્ત ફેરફાર થાય છે.

## ◆ ગાથા - ૧૬૭

**સ્કંધો પ્રદેશદ્વયાદિયુત, સ્થૂલ-સૂક્ષ્મ ને સાકાર જે,**
**તે પૃથ્વી-વાયુ-તેજ-જળ પરિણામથી નિજ થાય છે. ૧૬૭.**

***દ્વિપ્રદેશાદિક સ્કંધો (બેથી માંડીને અનંત પ્રદેશવાળા સ્કંધો) કે જેઓ સૂક્ષ્મ અથવા બાદર હોય છે અને સંસ્થાનો (આકારો) સહિત હોય છે. તેઓ પૃથ્વી, જળ, તેજ અને વાયુરૂપ પોતાના પરિણામોથી થાય છે.***

પુદ્‌ગલ પરમાણુઓથી થતી જુદી જુદી રચનાઓ એ પુદ્‌ગલનું સ્વતંત્ર કાર્ય છે એમ દર્શાવવામાં આવે છે. સૌ પ્રથમ સ્કંધના સૂક્ષ્મ અને બાદર (સ્થૂળ) એવા બે ભેદ કઈ રીતે પડે છે તે સમજાવે છે. આ રીત આપણા માટે તદ્દન નવી લાગે છે. અહીં તેને પરમાણુની વિશિષ્ટ અવગાહન શક્તિ અનુસાર આ થાય છે એમ કહેવામાં આવ્યું છે. અહીં આકાશ દ્રવ્યની વાત નથી. અહીં તો આકાશ બધાને અવગાહન આપવા તૈયાર છે ત્યારે પરમાણુઓ કેવી રીતે અવગાહન લે છે તે વાત છે. લોકના પ્રદેશો અસંખ્ય છે. પરમાણુઓ અનંતાનંત છે. તેથી લોકાકાશના દરેક પ્રદેશો એકથી અધિક પરમાણુઓએ અવગાહનમાં રહેવું ફરજીયાત છે. તે અવગાહનની વિશિષ્ટતા સમજવા માટે દૃષ્ટાંત લઈએ. બરફ, પાણી અને વરાળ, ત્રણેય કેટલી જગ્યા રોકે છે તેનો વિચાર કરવાથી આ સ્પષ્ટ સમજાય જાય તેમ છે. ઘન એવા બરફમાં એટલા જ પરમાણુઓ ઓછા ક્ષેત્રમાં રહેલા છે. તેથી તે સ્થૂળરૂપે ખ્યાલમાં આવે છે. તેની જ્યારે વરાળ થાય છે ત્યારે તે ઘણા ભાગમાં ફેલાય જાય છે. અર્થાત્ પરમાણુઓ છૂટા પડી જાય છે. વરાળમાંથી પાછું પાણી અને બરફ થાય છે. વરાળ સૂક્ષ્મ છે. બરફ સ્થૂળ છે.

સ્કંધના આકારનો વિચાર કરીએ ત્યારે તેની વિશિષ્ટ આકાર ધારણ કરવાની શક્તિ યાદ કરવી જોઈએ. વાદળોના અનેક આકારો થતાં જોવા મળે છે. વળી અગ્નિ બળવા લાયક પદાર્થના આકારે જોવા મળે છે. આ રીતે સ્કંધો સૂક્ષ્મ-સ્થૂળરૂપે તથા અનેક આકારોરૂપે થતા જોવા મળે છે.

આવા સ્કંધો વડે પૃથ્વી-પાણી, તેજ તથા વાયુની રચના થાય છે. અન્યમત જેને મહાભૂતરૂપે માને છે તે ખરેખર તો પુદ્ગલ પરમાણુથી બનેલા સ્કંધોની રચના છે. એક વાત ખ્યાલમાં રહે કે બધા પરમાણુઓ સમાન જ છે. સોનાનો એક પરમાણુ છૂટો થઈને ચાંદીરૂપ થાય, પાણીરૂપ થાય, વાયુરૂપ થાય અને છૂટા પરમાણુરૂપે પણ રહે. ગા. ૧૩૨ માં પહેલા વાત આવી ગઈ છે કે પુદ્ગલના ચાર રૂપી ગુણો છે. તેની પર્યાયો કયારેક વ્યક્ત હોય છે. કયારેક અવ્યક્ત પણ રહે છે. આ ગાથાની ટીકામાં એ વાત સંક્ષેપમાં લીધી છે. આ રીતે વિચારતા આ ચાર પૃથ્વી આદિ એ મૂળભૂત તત્ત્વો નથી.

આ ગાથામાં મુખ્ય સાર એ છે કે જો પુદ્ગલ પોતે જડેશ્વરરૂપે આવા અનેક સ્કંધોરૂપના સ્વાંગ સ્વયં પોતાની મેળે ધારણ કરે છે તો તેમાં જીવને કાંઈ કરવાપણું ન રહ્યું. પુદ્ગલના આવા સૂક્ષ્મ ભેદો અને અપાર વિચિત્રતાઓને લક્ષમાં લેતા, તેને સાચા અર્થમાં સમજતાં, જીવને કર્તૃત્વ બુદ્ધિનો નાશ થયા વિના રહે નહીં. પુદ્ અર્થાત્ પુરાવું અને ગલ કહેતાં છૂટા પડવું એ જ પુદ્ગલ દ્રવ્યનો સ્વભાવ છે.

## ◆ ગાથા - ૧૬૮

**અવગાઢ ગાઢ ભરેલ છે સર્વત્ર પુદ્ગલકાયથી**
**આ લોક બાદર-સૂક્ષ્મથી, કર્મત્વયોગ્ય-અયોગ્યથી. ૧૬૮.**

***લોક સર્વતઃ સૂક્ષ્મ તેમજ બાદર તેમજ કર્મત્વને અયોગ્ય તેમજ કર્મત્વને યોગ્ય પુદ્ગલ કાયો વડે (પુદ્ગલ સ્કંધો) વડે (વિશિષ્ટ રીતે) અવગાહાઈને ગાઢ ભરેલો છે.***

જીવને પુદ્ગલ સ્કંધોનું અકર્તાપણું ગા. ૧૬૭માં દર્શાવ્યા બાદ આ ગાથામાં કહે છે કે જીવ પુદ્ગલ સ્કંધોનો લાવનાર પણ નથી. રજૂઆત આ રીતે કરવામાં આવે છે. લોકના અસંખ્ય પ્રદેશોમાં અનંતાનંત પુદ્ગલ પરમાણુઓ રહેલા છે માટે ત્યાં વિશિષ્ટ અવગાહનની વાત ગા. ૧૬૩માં લીધી. હવે એ સ્કંધોના છ ભેદમાંથી માત્ર સૂક્ષ્મ સ્કંધો જ કર્મરૂપે જોવા મળે છે. અન્ય સ્કંધો કર્મરૂપે પરિણમવાને માટે અયોગ્ય છે. કર્મરૂપે પરિણમવા યોગ્ય કાર્મણ વર્ગણા આખા લોકમાં ફેલાયેલી છે. તેથી જીવ જ્યારે વિભાવરૂપે પરિણમે છે ત્યારે તે ક્ષેત્રે રહેલી કાર્મણ વર્ગણા કર્મરૂપે પરિણમીને જીવની સાથે બંધાય છે. જીવ સાથે બંધાવા માટે કર્મોને બહારથી ક્યાંય આવવાનું નથી. તેથી કહે છે કે જીવ સ્કંધોને લાવનાર નથી.

આસ્રવ બંધ તત્ત્વની વાત આવે ત્યારે કર્મો જીવની સાથે બંધાવા માટે આવે છે તેને આસ્રવ કહેવામાં આવે છે. તેથી કોઈને એમ લાગે કે જીવના વિભાવને કારણે કર્મો ખેંચાયને આવતા હશે. લોખંડનો વેર લોહચૂંબક વડે ખેંચાય છે. પરંતુ ક્યાંય બહારથી લાવવાની વાત નથી. કાર્મણ વર્ગણા અને જીવ બન્ને એકક્ષેત્રાવગાહરૂપે જ રહેલા છે.

યોગના કારણે કર્મો આવે છે અને વિભાવના કારણે બંધાય છે. સયોગી જીવને ઈર્યાપથ આસ્રવ છે પરંતુ બંધ નથી. તેથી આસ્રવ અને બંધ એવા બે ભાગ દર્શાવવામાં આવે છે. પરંતુ અહીં એ વાત દર્શાવવી છે કે કોઈ અન્ય ક્ષેત્રમાંથી કર્મો આવવાની વાત નથી. જીવ જ્યારે વિભાવ કરે છે ત્યારે કર્મો સ્વયં જીવની સાથે બંધાય છે.

## ◆ ગાથા - ૧૬૯

**સ્કંધો કરમને યોગ્ય પામી જીવના પરિણામને**
**કર્મત્વને પામે; નહીં જીવ પરિણમાવે તેમને. ૧૬૯.**

***કર્મપણાને યોગ્ય સ્કંધો જીવની પરિણતિને પામીને કર્મભાવને પામે છે; તેમને જીવ પરિણમાવતો નથી.***

કાર્મણ વર્ગણાથી આખો લોક ભરેલો છે. અર્થાત્ લોકના દરેક પ્રદેશે કાર્મણ વર્ગણા રહેલી છે. જીવ જ્યારે વિભાવ કરે છે ત્યારે તે ક્ષેત્રે રહેલી કાર્મણ વર્ગણા દ્રવ્યકર્મરૂપે પરિણમે છે તે વાત આપણે જાણીએ છીએ. આ ગાથામાં એ વાત કાર્મણ વર્ગણાને કેન્દ્રમાં રાખીને કરી છે. કાર્મણ વર્ગણા સ્વયં કર્મરૂપે પરિણમે છે. જે પુદ્ગલ પરમાણુઓ પરિણમનના પ્રવાહમાં પ્રથમ કાર્મણ વર્ગણારૂપે થાય છે. તે પરમાણુઓ હવે કર્મરૂપે થાય છે તે પરમાણુઓ જ્યારે ઉદયમાં આવશે ત્યારે કર્મરૂપની અવસ્થા છોડીને અન્ય અવસ્થારૂપે અન્ય સ્કંધોરૂપે થશે અથવા પાછા છૂટા પરમાણુઓ રહેશે. વળી કોઈ નવી સ્કંધની રચના કરશે.

આ રીતે પરમાણુઓથી શરૂઆત કરી અનેક પ્રકારના સ્કંધોની રચના અને પાછા પરમાણુરૂપે થવું. એવું સ્વતંત્ર પુદ્ગલ પરિણમન ચાલ્યા કરે છે. અહીં કાર્મણ વર્ગણામાંથી કર્મરૂપ થવામાં નિયમરૂપ નિમિત્ત તે ક્ષેત્રે રહેલા જીવનો વિભાવ છે. પુદ્ગલના સ્વતંત્ર પરિણમનને માન્ય રાખીને આ નિમિત્તની વાત છે. નિમિત્ત છે માટે આ કાર્ય થાય છે એમ નથી. જીવ અને પુદ્ગલ બે અલગ દ્રવ્યો છે. બન્નેના સ્વતંત્ર પરિણમન છે. બે વચ્ચે કર્તા કર્મપણું નથી. જીવ દ્રવ્ય કર્મને કરતો નથી અને કરાવતો પણ નથી.

નિયમભૂત નિમિત્ત નૈમિત્તિક સંબંધ ખ્યાલમાં આવતા જો પરિણમનની સ્વતંત્રતા નથી એવો જો ભાવ આવે તો આપણે દરેક પદાર્થની તથા તેના પરિણામોની સ્વતંત્રતાની જેટલી દૃઢતા કરવી જોઈએ તેટલી દૃઢતા કરી નથી એમ લક્ષમાં લેવું રહ્યું. અન્ય સુગમ દૃષ્ટાંતો લેવાથી આ દૃઢતા થઈ શકે છે. સૂર્ય-ચંદ્ર તથા પૃથ્વી એક સીધી લાઈનમાં આવે ત્યારે ગ્રહણ થાય છે તે વાત સાચી છે. પરંતુ તેનો વિચાર કરીએ ત્યારે ખ્યાલ આવે કે ત્યાં ચંદ્ર અને પૃથ્વીનું પરિભ્રમણ તો સ્વતંત્ર જ છે. તે પ્રમાણે સર્વત્ર સમજી લેવું રહ્યું.

તુલ્ય ક્ષેત્રાવગાહી શબ્દનો અર્થ એક ક્ષેત્રાવગાહી થાય છે. કાર્મણ વર્ગણા જીવના વિભાવનો આશ્રય કરીને કર્મરૂપે થાય છે એવા લખાણનો ભાવઃ-આશ્રય એટલે કે ''જીવના વિભાવને નિમિત્ત બનાવીને'' એ પ્રકારે લેવો રહ્યો. પુદ્ગલ અચેતન હોવાથી આશ્રય શક્ય નથી.

વૈભાવિક શક્તિ જીવ અને પુદ્ગલ બન્નેમાં છે. ત્યાં નિયમ બન્ને માટે સમાન જ છે. વિભાવરૂપે પરિણમવામાં અશુદ્ધ પર્યાયનું જ નિમિત્તપણું હોય, અન્ય કોઈ નિમિત્ત હોય નહીં. એ રીતે પુદ્ગલ પરમાણુનું દ્રવ્ય કર્મરૂપે થવું એ એક જ વૈભાવિક શક્તિ અનુસાર પુદ્ગલનું નૈમિત્તિક પરિણમન છે.

### ◆ ગાથા - ૧૭૦

**કર્મત્વપરિણત પુદ્ગલોના સ્કંધ તે તે ફરી ફરી**
**શરીરો બને છે જીવને, સંક્રાંતિ પામી દેહની. ૧૭૦.**

***કર્મપણે પરિણમેલા તે તે પુદ્ગલ કાર્યો દેહાંતરરૂપ ફેરફારને પામીને ફરી ફરીને જીવને શરીરો થાય છે.***

આ ગાથાનો મૂળ આશય તો એ છે કે જીવને પુદ્ગલ કર્મ કે શરીર સાથે પારમાર્થિક સંબંધ નથી.

પરમાણુઓ સ્વતંત્ર રહે, સ્કંધરૂપે પરિણમે, કર્મરૂપે કે શરીરરૂપે પણ થાય. એ બધી પુદ્ગલની રચનાઓમાં દરેક પરમાણુ સ્વતંત્રરૂપે પરિણમે છે અને નિમિત્ત નૈમિત્તિક સંબંધોમાં આવે છે. અહીં તે વાત નીચે પ્રમાણે લેવામાં આવી છે.

જીવનો વિભાવ નિમિત્ત, કાર્મણ વર્ગણાનું દ્રવ્યકર્મરૂપે થવું નૈમિત્તિક. ભવાંતરમાં અઘાતિ કર્મોદય નિમિત્ત - યોગ્ય શરીરની પ્રાપ્તિ - નૈમિત્તિક. ભાવકર્મ - અને દ્રવ્યકર્મની રચના - એક જ સમયે

થાય છે. તે પ્રમાણે અઘાતિ કર્મોદય અને શરીરની પ્રાપ્તિ એક સમયે થાય છે. પરંતુ કર્મ બંધાય અને ઉદયમાં આવે ત્યાં સમયભેદ રહેલો છે.

જીવને જુના દ્રવ્યકર્મો - નવા દ્રવ્યકર્મો - શરીર અને સંયોગો એ બધા સાથે કોઈને કોઈ પ્રકારે નિમિત્ત નૈમિત્તિક સંબંધો છે તે પ્રત્યક્ષ જોવા મળે છે. પરંતુ ત્યાં દરેક પદાર્થનું સ્વતંત્રપણું અને અત્યંત ભિન્નપણું દર્શાવવામાં આવે છે. અનાદિ કાળથી ધારા પ્રવાહરૂપ જે સંબંધો થાય છે. તેનો અભાવ કરીને જીવ સંપૂર્ણપણે ભાવકર્મથી પણ રહિત થાય. જેથી કરીને દ્રવ્યકર્મો અનો નોકર્મો સાથેના સંબંધો છૂટી થાય એ જ પ્રયોજનને લક્ષમાં રાખીને જીવનું ભિન્નપણું દર્શાવવામાં આવ્યું છે.

### ◆ ગાથા - ૧૭૧

**જે દેહ ઔદારિક, ને વૈક્રિય-તૈજસ દેહ છે,**
**કાર્મણ-અહારક દેહ જે, તે સર્વ પુદ્‌ગલરૂપ છે. ૧૭૧.**

***ઔદારિક શરીર, વૈક્રિયિક શરીર, તેજસ, શરીર, આહારક શરીર અને કાર્મણ શરીર બધા પુદ્‌ગલ દ્રવ્યાત્મક છે.***

શરીરના પાંચ પ્રકાર જીવથી અત્યંત ભિન્ન છે. શરીર શબ્દથી કાયત્વ પણ ઓળખાવાય છે. કાયત્વ એટલે પ્રદેશોને સમૂહ એ વાત આપણે અસ્તિકાયમાં લક્ષમાં લીધી છે. અહીં પ્રદેશોની વાત નથી પરંતુ પરમાણુના સ્કંધોની વાત છે. વળી તેને શરીર સાથે સંબંધમાં આ વાત લેવામાં આવી છે.

જે શરીરનો આપણને પરિચય છે. તેને શાસ્ત્ર ભાષામાં ઔદારિક શરીર કહેવામાં આવે છે. મનુષ્ય અને તિર્યંચને આ પ્રકારના શરીરો હોય છે. જેને આવા શરીરો હોય છે તેને આહાર - પાણીની જરૂર રહે છે. દેવો અને તિર્યંચોને વૈક્રિયિક શરીર હોય છે. તેના કારણે તે અનેક પ્રકારના આકારો ગ્રહણ કરી શકે છે.

આત્માના અસંખ્ય પ્રદેશોમાં અનંતકર્મો ચોંટેલા છે. તેથી તે કર્મો પણ શરીરાકારરૂપ દેખાય છે. તેને કાર્મણ શરીર કહેવામાં આવે છે. તે જ પ્રકારે એક તેજસ શરીર પણ જીવની સાથે રહેલું છે. આહારક શરીર બે પ્રકારના હોય છે તે વિશિષ્ટ પ્રયોજનવાળા હોય છે.

આ ગાથામાં એ ભાવ દર્શાવવા માગે છે કે જીવને તેની સાથે ખરેખર કોઈ પારમાર્થિક સંબંધ નથી.

### ◆ ગાથા - ૧૭૨

**છે ચેતનાગુણ, ગંધ-રૂપ-રસ-શબ્દ-વ્યક્તિ ન જીવને,**
**વળી લિંગગ્રહણ નથી અને સંસ્થાન ભાખ્યું ન તેહને. ૧૭૨.**

***જીવને અરસ, અરૂપ, અગંધ, અવ્યક્ત, ચેતના ગુણવાળો, અશબ્દ, અલિંગગ્રહણ (લિંગથી અગ્રાહ્ય) અને જેને કોઈ સંસ્થાન કહ્યું નથી એવો જાણ.***

આ ગાથાનું મહત્વ એટલા માટે છે કે આવા શબ્દોવાળી ગાથા કુંદકુંદાચાર્યદેવે પાંચ પરમાગમોમાં લખી છે. તેથી તે પ્રકારે આપણે પણ તેના ભાવને સાચા અર્થમાં સમજવાનો પ્રયત્ન કરવો રહ્યો. ટીકાકાર આચાર્યદેવે સમયસાર શાસ્ત્રમાં અરસ વગેરે અનિર્દિષ્ટ સંસ્થાન, અવ્યક્ત વગેરે બોલનો વિસ્તાર કર્યો છે. આ શાસ્ત્રમાં અલિંગ ગ્રહણ શબ્દમાંથી વીસ બોલ ઉતાર્યા છે.

આ બધા બોલનો વિચાર કરીએ ત્યારે ખ્યાલ આવે કે આ બધા નાસ્તિરૂપ બોલ છે. જીવ ચેતન સ્વભાવી છે તે એક જ અસ્તિરૂપ ધર્મ છે. જીવને અનાદિ કાળથી ઈન્દ્રિયજ્ઞાનમાં રૂપી વિષયોનો જ પરિચય છે. તેથી જીવનું પુદ્‌ગલથી અત્યંત ભિન્નપણું દર્શાવવા માટે જીવના 'અરૂપી' એવા નાસ્તિરૂપ ધર્મનો વિસ્તાર કરીને આ ગાથામાં વાત લેવામાં આવી છે. રૂપ શબ્દમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને

શબ્દ એ પાંચ પુદ્ગલ દ્રવ્યની પર્યાયોની વાત સમુચ્ચયરૂપે આવી જાય છે. ગાથામાં એ પાંચનો અલગ ઉલ્લેખ કરીને તેનું વર્ણન કર્યું છે. જેથી જીવ કોઈપણ પ્રકારે આચાર્યદેવના ભાવને સમજીને પોતાના જીવને તેનાથી અત્યંત ભિન્ન કરે. જીવોને કોઈને કોઈ ઈન્દ્રિયોના વિષયોની વિશેષ લોલુપતા હોય છે. તેથી દરેક જીવને તેનો વિસ્તાર લક્ષમાં લેતા પોતે ક્યાં અટકે છે તેનો ખ્યાલ આવી જાય.

સમયસારમાં અરસ વગેરે ધર્મને સમજાવવા માટે છ ભેદથી તેનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. પ્રથમ બે બોલમાં જીવનું પુદ્ગલ દ્રવ્યથી અત્યંત ભિન્નપણું દર્શાવ્યું છે. જીવ પુદ્ગલ દ્રવ્ય નથી અર્થાત્ જીવનું સ્થાન અરૂપી જ્ઞાયક સ્વભાવરૂપે છે. રૂપી દ્રવ્યરૂપે તે નથી. પુદ્ગલનો રસ ગુણ પણ એ જ રીતે જીવથી અત્યંત જુદો છે. જીવ જીભને સાધન બનાવીને રસને ચાખે છે તેના અનુસંધાનમાં કહે છે કે જીવ જીભનો સ્વામી નથી. માલિક નોકર મારફત કામ કરાવે તેમ જીવ જીભ મારફત રસનું જ્ઞાન કરે છે. અહીં કહે છે જીવ જીભનો માલિક નથી તેથી જીવ અરસ છે. વાસ્તવિકતાનો વિચાર કરીએ તો જીવ માલિક તો નથી પણ ખરેખર શરીરનો ગુલામ જ છે.

ચોથા બોલમાં જ્ઞાનની પર્યાયની, ભાવેન્દ્રિયની વાત કરે છે. જે જ્ઞાનની પર્યાય ઈન્દ્રિયને સાધન બનાવીને જાણવાનું કાર્ય કરે તેને ભાવેન્દ્રિય કહેવામાં આવે છે. આચાર્યદેવ કહે છે કે ભાવેન્દ્રિય એ જીવનું અસલ સ્વરૂપ નથી. જીવ સર્વજ્ઞ સ્વભાવી છે. વિશ્વને એક સમયમાં યુગપદ જાણે તેવો તેનો સ્વભાવ છે. પરંતુ ખંડ જ્ઞાન વડે વિષયોને એક પછી એક ગ્રહણ કરે એવો તેનો સ્વભાવ નથી માટે જે નયજ્ઞાન રસને જાણે છે તે મારું સ્વરૂપ નથી. મારો જ્ઞાયક સ્વભાવ તેનાથી ભિન્ન છે માટે જ્ઞાયક સ્વભાવ અરસ રસ છે.

આ સાંભળીને શિષ્ય હવે કેવળજ્ઞાનની વાત કરે છે. કેવળજ્ઞાનમાં રસ જણાય છે. તમોએ ભાવેન્દ્રિયની ના પાડી હવે શું કરશો ? ત્યારે સહજ ઉત્તર આ પ્રમાણે છે કે કેવળજ્ઞાનમાં વિશ્વના સમસ્ત પદાર્થો તેના ત્રણે કાળના પરિણામો સહિત એક જ સમયમાં યુગપદ જણાય છે. આ બધામાં રસનું જ્ઞાન આવી ગયું છે. પરંતુ પ્રશ્ન કરનારને જેવી રસની વિશેષતા છે એવી કોઈ અધિકતા પરમાત્માને નથી. પરમાત્માને તો પોતાના સ્વભાવની જ મુખ્યતા છે. આથી તો પોતે સમસ્ત વિશ્વના જ્ઞાતા હોવા છતાં પરમાત્મા પોતાને જાણે છે અને વિશ્વ પોતાના જ્ઞાનમાં જણાય જાય છે. એવા શબ્દ પ્રયોગો પણ કરવામાં આવે છે. આ રીતે પરમાત્માને પરદ્રવ્યોની અત્યંત ઉપેક્ષા છે. તે સંપૂર્ણપણે સ્વરૂપલીન જ હોવાથી અરસ છે.

છઠ્ઠા બોલમાં એ જ કેવળજ્ઞાનની વિશેષ સ્પષ્ટતા કરવામાં આવે છે. અજ્ઞાની પણ પરદ્રવ્યથી ભિન્ન રહીને જ પરને જાણે છે પરંતુ તે પરને જાણતા પર સાથે પોતાનું તન્મયપણું માને છે. જ્યારે અહીં પરમાત્મ દશા પ્રગટ થાય છે, જ્ઞાન સ્વ-પર એમ સમસ્ત પદાર્થોને જાણે છે ત્યારે તે સ્વને નિશ્ચયનયે જાણે છે અને પરને વ્યવહારનયે જાણે છે એવી સ્પષ્ટતા કરવામાં આવે છે. પરમાત્મા વીતરાગ છે. અને મુખ્ય ગૌણ કર્યા વિના બધું યુગપદ્ જાણે છે છતાં ત્યાં સ્વ અને પરને જાણવામાં તફાવત દર્શાવવામાં આવે છે. પોતે શ્રુતજ્ઞાનની ભૂમિકાને છોડીને કેવળજ્ઞાન પ્રગટ કર્યું છે. તેથી ત્યાં નયજ્ઞાન નથી છતાં ત્યાં બે નયનો આરોપ કરવામાં આવે છે. અહીં જાણપણું તો સ્વનું અને પરનું સમાન જ છે. તેમાં અર્થાત્ જાણપણામાં કોઈ તફાવત નથી. પોતાને તન્મય થઈને જાણે છે માટે તેને નિશ્ચય અર્થાત્ યથાર્થ કહેવામાં આવે છે. ત્યાં નય નથી. પરથી અત્યંત ભિન્ન રહીને જાણે છે. પરમાં તન્મય જરા પણ થતો નથી. અજ્ઞાની પણ માત્ર અભિપ્રાયમાં

જ તન્મયપણું માનતો હતો. પરમાત્મા પરથી સંપૂર્ણપણે વિરક્ત છે માટે ભાવમાં પણ પર સાથે જરાપણ તન્મયપણું નથી. તેથી પર પ્રકાશક જ્ઞાનને વ્યવહાર કહ્યો છે. આ રીતે રસથી અત્યંત ભિન્ન હોવાથી આત્માને અરસપણું કહેવામાં આવે છે.

લક્ષમાં રહે કે જે પુદ્ગલનો રૂપી સ્વભાવ છે. અસાધારણ ધર્મ છે તેનો પ્રતિપક્ષી નાસ્તિરૂપ ધર્મ અન્ય પાંચ દ્રવ્યમાં છે જેને 'અરૂપી' શબ્દથી ઓળખાવવામાં આવે છે. આ અરૂપી એવો નાસ્તિરૂપ ધર્મ, ચોકિયાતનું કામ કરે છે જેથી એ પાંચ દ્રવ્યોમાં રૂપનો જરા પણ પ્રવેશ ન થાય. જીવ પણ અરૂપી હોવાથી જીવમાં પણ રૂપનો પ્રવેશ અશક્ય જ છે. અજ્ઞાની જીવની ગમે તેટલી રૂપની માગણી હોય તો પણ તે શક્ય જ નથી. પોતે રૂપી થવા માગે તો થઈ શકતો નથી. પોતાનામાં રૂપને પ્રવેશ કરાવવા માગે તો રૂપ આત્મામાં પ્રવેશી શકતું નથી.

***પરિગ્રહ કદિ મારો બને તો હું અજીવ બનું ખરે;***
***હું તો ખરે જ્ઞાતા જ, તેથી નહિ પરિગ્રહ મુજ બને***

સમયસાર

આ રીતે અર્થાત્ રસની માફક અન્ય ચાર રૂપી પર્યાયોની વિચારણા કરવાથી જીવનું પુદ્ગલથી અત્યંત ભિન્નપણું લક્ષમાં લઈને પુદ્ગલ સાથેનો સંપર્ક છોડવા માટે પુરુષાર્થ કરવા યોગ્ય છે.

અનિર્દિષ્ટ સંસ્થાનના ચાર બોલ લીધા છે. અજ્ઞાની જીવ શરીરના આકારને જ પોતાનો આકાર માની લે છે. પરંતુ બન્નેના ક્ષેત્રો અલગ છે. આકાશના એક ક્ષેત્રમાં રહેલા છે એ અલગ વાત છે. પરંતુ જીવને પોતાનો આકાર છે અને શરીરને તેનો સ્વતંત્ર આકાર છે. માટે શરીરનો આકાર એ જીવનો આકાર નથી એ પ્રથમ બોલ છે.

શરીર નાનું-મોટું થાય ત્યાં તેના પરમાણુઓમાં વધઘટ થાય છે. શરીરના પૂરા ભાગમાં એક જ જીવ રહે છે. તેના પ્રદેશોની સંખ્યામાં વધઘટ થતી નથી. ઓછા કે મોટા ક્ષેત્રમાં જીવના પ્રદેશો અસંખ્ય જ રહે છે. પરંતુ પ્રદેશોના સંકોચ-વિસ્તાર અનુસાર તેનું અવગાહન નાનું મોટું થાય છે. એ બીજો બોલ છે.

શરીરની રચના નામકર્મ અનુસાર થાય છે. જીવને નામકર્મ સાથે સંબંધ નથી માટે અનિર્દિષ્ટ સંસ્થાન ગણવામાં આવે છે.

ચોથો બોલ ઉપયોગી છે. જ્ઞેયજ્ઞાયક સંબંધ સમયે શું થાય છે. તેથી જેને સમજણ હોય તે જ તે વાત સાચા અર્થમાં ખ્યાલમાં લઈ શકે છે. જ્ઞાન અને પરજ્ઞેયના ક્ષેત્રો અલગ જ છે પરંતુ સંબંધ સમયે જ્ઞાન જાણે કે જ્ઞેયના ક્ષેત્રોમાં પહોંચી ગયું હોય એવું કામ થાય છે. જ્ઞેયો જ્ઞાનમાં જણાય અને જ્ઞાનની પર્યાય જ્ઞેયાકાર થાય છે એ ભાવથી આપણે પરિચિત છીએ. પરજ્ઞેયના ક્ષેત્રને જાણતા જ્ઞાનની પર્યાય એ રૂપે થાય તે માન્ય કરીએ છીએ પરંતુ જ્ઞાન જ્ઞેયના આંગણામાં જોવા મળે એ વાત નવી લાગે. પ્રકાશ જેમ અન્ય દ્રવ્યોને વ્યવહારે પ્રકાશિત કરે છે એ રીતે આ જ્ઞાનનો અરૂપી પ્રકાશ પણ જ્ઞેયના ક્ષેત્રમાં વ્યાપે છે એવું સંબંધના કારણે કહેવામાં આવે છે. તેને જ્ઞાનની પર્યાયનું વ્યવહાર ક્ષેત્ર પણ માનવામાં આવે છે. જ્ઞાનની પર્યાયને જ્ઞેયના ક્ષેત્રમાં જોતા સમયે પણ જ્ઞેયનું ક્ષેત્ર અને જ્ઞાનની પર્યાયનું ક્ષેત્ર ભિન્ન જ છે માટે અનિર્દિષ્ટ સંસ્થાન કહેવામાં આવ્યું છે.

હવે અવ્યક્તના છ બોલને સંક્ષેપમાં વિચારી લઈએ.

| | |
|---|---|
| જીવ-જ્ઞાયક | વિશ્વના સમસ્ત અન્ય પદાર્થો જ્ઞેય |
| જીવ તેનાથી ભિન્ન છે. | ↓ |
| માટે અવ્યક્ત ← | વ્યક્ત |

અહીં અન્ય દ્રવ્યો જ્ઞેય છે માટે પ્રગટ ગણીને વ્યક્ત કહ્યા છે. જીવ તેનાથી જુદો રહીને તેને જાણે છે. માટે અવ્યક્ત કહેવામાં આવે છે.

બોલ નં.૨ - કષાયોના સમૂહ-ભાવક-વ્યક્ત → જીવ ભિન્ન માટે અવ્યક્ત. કષાય શબ્દ ચારિત્રના દોષ માટે સામાન્ય રીતે વાપરવામાં આવે છે. રાગ-દ્વેષ-ક્રોધ-માન-માયા-લોભ-હાસ્ય-શોક વગેરે બધાને કષાય કહેવામાં આવે છે. જેમ સ્વાદમાં કષાયેલો સ્વાદ સારો ન લાગે તેમ અહીં પણ આવા પરિણામનું ફળ દુઃખરૂપ હોવાથી તેને કષાય કહેવામાં આવે છે. આ રીતે જીવના વિભાવ ભાવને અહીં કષાયોનો સમૂહ કહ્યો છે. તેમાં મિથ્યાત્વનો પણ સમાવેશ કરી લેવો. જીવના વિભાવ જેવા જ દ્રવ્યકર્મો છે. તેથી તેને પણ કષાય કહેવામાં આવે છે. દ્રવ્યકર્મને ભાવક અને જીવના વિભાવને ભાવ્ય પણ કહેવાય છે. જીવ અનાદિ કાળથી આવા વિભાવ પરિણામને કરતો આવ્યો છે. તેથી તેનો બધાને અનુભવ છે. એ અપેક્ષાએ તેને વ્યક્ત કહ્યા છે. જીવ ભાવકર્મ અને દ્રવ્યકર્મ બન્નેથી જાુદો છે. માટે તેને અવ્યક્ત કહેવામાં આવે છે.

ત્રીજા બોલમાં પર્યાય માત્રને અર્થાત્ બધી પર્યાયોને વ્યક્ત કહે છે પરંતુ તે બધી પર્યાયો જ્યાંથી આવે છે તે સ્વભાવ અવ્યક્ત છે. સ્વભાવમાંથી પર્યાયો આવે છે પરંતુ સ્વભાવમાં પર્યાય નથી. **દૃષ્ટાંતઃ** મરઘી રોજ એક ઈંડુ મૂકે છે. કોઈ માને કે મરઘીમાં તો ઘણા બધા ઈંડા છે. તેને મારી નાખીને બધા ઈંડા લઈ લઈએ તો તેમ નથી. મરઘીમાં એક પણ ઈંડુ નથી. ઘડિયાળના ડાયલમાં વર્તમાનમાં એક વાર અને એક તારીખ જોવા મળે છે પણ ત્યાં બાકીના વાર અને તારીખો અંદરમાં રહેલા જ છે. જે એક પછી એક બહાર આવે છે એવું પર્યાયનું નથી. દરેક દ્રવ્ય પોતાના ત્રિકાળ સ્વભાવથી દરેક સમયે નવી નવી રચનાઓ કરે છે. તેથી મીકેનો સેટમાંથી થતી અલગ રચનાઓનો દૃષ્ટાંત લાગુ પડે છે. આ રીતે સ્વભાવને પર્યાયથી કથંચિત્ ભિન્ન પરંતુ પર્યાયના દાતારરૂપે લક્ષમાં લેવો. પર્યાય વ્યક્ત છે અને પર્યાયની ગંગોત્રી અવ્યક્ત છે. દૂધ-દહીં-માખણ-ઘી વ્યક્ત છે. ગોરસ અવ્યક્ત છે.

ચોથા બોલમાં કહે છે કે ક્ષણિક વ્યક્તિ માત્ર નથી માટે અવ્યક્ત છે. અર્થાત્ વર્તમાન એક પર્યાય પ્રગટ છે પરંતુ દ્રવ્ય એટલું જ નથી. સ્વભાવમાં તો અનંત પર્યાયોને પ્રગટ કરવાનું સામર્થ્ય છે. પદાર્થનો વ્યક્ત ભાગ થોડો છે અને અવ્યક્ત સ્વભાવ ઘણો મોટો છે. સ્થૂળ દૃષ્ટાંત આઈસ બર્ગ દેખાય નાનો પરંતુ પાણીની સપાટી નીચે તે ઘણો મોટો છે. જમીન ઉપરથી વાદળ નાનું લાગે. પરંતુ વિમાનમાં બેસીને તે વાદળને જોઈએ તો તે કદમાં ઘણુ મોટું હોય શકે છે. તે રીતે અનંત પરિણામોને પહોંચી વળવાના અવ્યક્ત સામર્થ્ય અપેક્ષાએ વ્યક્ત પર્યાય તો તે અનંત માહેની એક જ રચના છે.

બોલ નં.૫ - પદાર્થ અર્થાત્ દ્રવ્ય અને પર્યાયની એક જ સત્તા છે. કોઈ એક અપેક્ષાએ દ્રવ્ય પોતે જ પર્યાયનું રૂપ ધારણ કરે છે. જ્યારે બીજી અપેક્ષાએ જ્યારે દ્રવ્ય અને પર્યાય વચ્ચે અતદ્ભાવ લક્ષમાં લઈએ ત્યારે દ્રવ્ય છે તે પર્યાયને સ્પર્શતું નથી. અહીં સ્પર્શ શબ્દથી ત્યાં ભિન્નપણું છે એમ લક્ષમાં લેવું. જીવમાં સ્પર્શ ગુણ નથી. શાસ્ત્રમાં બે પદાર્થને જાુદા દર્શાવવા માટે પણ એક દ્રવ્ય અન્ય દ્રવ્યને સ્પર્શતું નથી એમ લખાણ આવે છે ત્યાં પણ સ્પર્શ શબ્દનો અર્થ એ રીતે સમજવો રહ્યો.

છઠ્ઠા બોલમાં એવી વિશેષતા છે કે જ્ઞાનીને અનુભૂતિ તો વર્તમાન પર્યાયની છે. જેના કારણે તેને અતીન્દ્રિય આનંદ આવે છે. સ્વભાવનું જ્ઞાન હોય-વેદન ન હોય. પર્યાયનું જ્ઞાન અને વેદન બન્ને હોય છે. પૂર્વે કયારેય ન આવ્યો હોય એવો અતીન્દ્રિય આનંદ જીવને પ્રથમવાર જ અનુભવાય છે અને તેનો મહિમા હોય છે. તેમ છતાં જ્ઞાનીને સ્વભાવની કિંમત હંમેશા અધિક રહે છે. તે અપેક્ષાએ જ્ઞાની વ્યક્ત પર્યાય પ્રત્યે ઉદાસીનપણે પ્રદ્યોતમાન છે એમ કહેવામાં આવ્યું છે.

હવે પ્રવચનસાર શાસ્ત્રમાં અલિંગ ગ્રહણ શબ્દમાંથી વીસ પ્રકારના અલગ ભાવો આચાર્યદેવ દર્શાવે છે. તેમાં લિંગ અને ગ્રહણ શબ્દના અલગ પ્રકારે અર્થ કરવામાં આવે અને 'અ' અક્ષર નકારાત્મકરૂપે તેની સાથે જોડીને તેમાંથી નવા નવા ભાવો ખોલવામાં આવે છે.

**બોલ નં. ૧ :-** જીવ જ્ઞાન સ્વભાવી છે. તેથી જીવ સદાય જાણવાનું કાર્ય કરે છે. અનાદિ કાળથી એ પ્રકારે જીવ ઈન્દ્રિય જ્ઞાન કરતો આવ્યો છે. આ બોલમાં લિંગનો અર્થ ઈન્દ્રિય અને ગ્રહણનો અર્થ જ્ઞાન કરે છે અને ફરમાવે છે કે જીવ ઈન્દ્રિય વડે જાણતો નથી. પ્રત્યક્ષ અનુભવ કરતાં આ વાત તદ્દન જાુદી લાગે છે.

પ્રાથમિક જીવને સમજાવવામાં આવે કે ટેબલ એ જીવ નથી પરંતુ કૂતરો જીવ છે. ત્યાર બાદ મડદુ દેખાડીને તે જીવ નથી પરંતુ રાગ દ્વેષને કરે અને ઈન્દ્રિય સુખ દુ:ખને અનુભવે તે જીવ કહેવામાં આવે. ત્યારબાદ રાગ દ્વેષ કરે તે જીવનું લક્ષણ નથી. જ્ઞાન એ જીવનું લક્ષણ છે. એમ એક પછી એક રીતે તેને સમજાવવામાં આવે. સમયસાર કર્તા કર્મ અધિકારમાં રાગને વિભાવ ક્રિયા કહીને તેનો નિષેધ કર્યો છે. જ્યારે જ્ઞાન સ્વાભાવિક ક્રિયા હોવાથી તેને માન્ય રાખી છે. હવે વિચાર કરશો તો ખ્યાલ આવશે કે રાગ અને જ્ઞાન બે વચ્ચે સરખામણી કરીએ ત્યારે રાગ એ વિભાવ કાર્ય છે. જ્યારે જ્ઞાન તો જીવનો સ્વભાવ છે. પરંતુ જ્યારે પરમાત્માના જ્ઞાન સાથે સરખાવવામાં આવે ત્યારે ઈન્દ્રિય જ્ઞાન એ જ્ઞાન જ નથી એમ કહેવાનો પ્રસંગ આવે.

આ બોલમાં આત્માને અતીન્દ્રિય જ્ઞાનમય કહેવામાં આવ્યો છે. આત્મા સ્વયં જ્ઞાનમય છે. તેને જ્ઞપ્તિ ક્રિયા માટે ઈન્દ્રિયના અવલંબનની જરૂર નથી માટે તેને અતીન્દ્રિય કહેવામાં આવે છે. આ રીતે આત્મ સ્વભાવને અતીન્દ્રિય જ્ઞાનમય કહે તે યોગ્ય જ છે. ખરેખર વિચારવામાં આવે તો લક્ષમાં આવશે કે જ્યારે જીવ ઈન્દ્રિયને સાધન બનાવીને જાણપણું કરે છે તે સમયે પણ જ્ઞાન તો વાસ્તવિકપણે અતીન્દ્રિય જ છે. અર્થાત્ તે સમયે પણ ઈન્દ્રિયો જરાપણ જાણવાનું કાર્ય કરતી નથી. જ્ઞપ્તિ ક્રિયા તો જ્ઞાન ગુણનું જ પરિણમન છે. ચશ્મા પહેર્યા વિના ન વાંચી શકનારને પણ ચશ્મા તો પ્રકાશના કિરણોને આંખના પડદા ઉપર વ્યવસ્થિત લાવવાનું જ કામ કરે છે. જોવાનું કાર્ય તો તે સમયે પણ આંખનો પડદો જ કરે છે. તેમ ઈન્દ્રિય જ્ઞાન સમયે પણ જાણવાનું કાર્ય તો જ્ઞાન ગુણ જ કરે છે. તે અપેક્ષાએ જ્ઞાનની પર્યાયને તે અતીન્દ્રિયરૂપે કાર્ય કરે છે એમ કહી શકાય. અહીં એ ખ્યાલમાં રાખવું કે તે પર્યાય વર્તમાનમાં અરૂપીને વિષય કરતી નથી.

આ રીતે જ્ઞાનનું કાર્ય સ્વતંત્રપણે નક્કી કર્યા બાદ પણ જો ઈન્દ્રિયને સાધન ન બનાવે તો જાણપણું થતું નથી એવો બધાને અનુભવ છે તેથી માત્ર યુક્તિના આધારે ઈન્દ્રિયનો નિષેધ થતો નથી. રાત્રે સુતા સમયે આપણે સમગ્ર ઈન્દ્રિયનો ઉપયોગ બંધ કરી દઈએ છીએ ત્યારે ઉંઘ આવી જાય છે. અર્થાત્ જ્ઞાન ગાફેલ થાય છે માટે અજ્ઞાની જીવ ન્યાયના આધારે ઈન્દ્રિયનો ઉપયોગ છોડવા તૈયાર થતો નથી.

એવા જીવને હવે બીજી રીતે સમજાવવાનો પ્રયત્ન કરીએ. તારે રૂપી વિષયો જાણવા છે કે પોતાના સ્વભાવને જાણવો છે ? જો રૂપી વિષયો જાણવાનું પ્રયોજન હોય અને તું અલ્પજ્ઞ છો તો તારે ઈન્દ્રિયોનું અવલંબન લેવું જ પડશે. જ્ઞાનીને પણ કેટલા વાગ્યા તે જાણવાનું મન થાય તો ઘડિયાળ સામે જોવું પડશે. આંખને સાધન બનાવવું પડશે. પરંતુ જો તેને જ્ઞાયકને જાણવો હશે તો ઈન્દ્રિયો નકામી છે. ઈન્દ્રિયનો વિષય માત્ર રૂપી પદાર્થ જ છે. તેથી જો પાત્ર જીવ પોતાના સ્વભાવને

જાણવા માગે છે તો તેને ઈન્દ્રિયનું અવલંબન છોડવું જ પડશે.

પોતાના આત્માને જાણે ત્યારે ઈન્દ્રિયને સાધન બનાવતો નથી કે જ્યારે ઈન્દ્રિયનું અવલંબન, તેનો આગ્રહ છોડે ત્યારે જ પોતાનો સ્વભાવ જણાય છે એવી દ્વિધા થાય ખરી. શુદ્ધતા પ્રગટ થાય ત્યારે વિકલ્પ છૂટી જાય કે શુભ ભાવનો નિષેધ કરે ત્યારે શુદ્ધતા પ્રગટે ? આવા પ્રશ્નનો જવાબ એ છે કે જીવને શુભ ભાવનો અને ઈન્દ્રિયના અવલંબનનો એક પક્ષ છે. તે ઈન્દ્રિયને જ્ઞાનમાં સાધન માની બેઠો છે. તેથી જો તે ઈન્દ્રિયને સાધન ન માનતા તેને બાધક માને અને છોડે તો જ અતીન્દ્રિય જ્ઞાનની પ્રગટતા થાય. તેને ખ્યાલ આવવો જોઈએ કે ઈન્દ્રિય સાધન નથી પરંતુ ઈન્દ્રિયનો આગ્રહ તેને સ્વભાવની પ્રાપ્તિ કરવા દેતું નથી.

**બોલ નં. ૨ :-** જાણવા યોગ્ય એવો પોતાનો આત્મા ઈન્દ્રિય વડે જણાતો નથી એમ દર્શાવવા માગે છે. આ બોલ સમજવા માટે સહેલો છે. ઈન્દ્રિયને દરેકનો પોતાના નિશ્ચિત વિષય છે. પુદ્‌ગલ દ્રવ્યની પાંચ રૂપી પર્યાયો છે. દરેક ઈન્દ્રિય એક રૂપી પર્યાયને વિષય કરે છે. આ રીતે ઈન્દ્રિયો દ્વારા આત્મા જાણી શકાય નહીં. આત્મા અરૂપી છે. આટલો સિદ્ધાંત લક્ષમાં લેવાથી જીવે પોતાના સ્વભાવને જાણવો હોય તો ઈન્દ્રિય તેમાં સાધન નથી માટે ઈન્દ્રિયનું અવલંબન છોડવું જોઈએ.

આ ભૂમિકા આચાર્યદેવ દર્શાવવા માગે છે. તે ભૂમિકા ખ્યાલમાં રાખીને હવે આત્મજ્ઞાનમાં ઈન્દ્રિયો કોઈ રીતે સહાયક છે કે નહીં તેનો વિચાર કરીએ. જેણે આત્મા જાણ્યો છે તે આત્માનું સ્વરૂપ અન્યને દર્શાવી શકે. જેણે આત્મા જાણ્યો નથી પરંતુ જે પોતાના સ્વભાવને જાણવા માગે છે તે જ્ઞાની ગુરુને શોધે છે અને તેની પાસેથી આત્મ સ્વરૂપ સમજવા માગે છે. ગુરુ અને શિષ્ય વચ્ચે સંબંધ કઈ રીતે થાય તેનો વિચાર કરીએ તો જેવું જ્ઞાન ગુરુને છે તેવું જ્ઞાન શિષ્યને થાય તો ગુરુ-શિષ્ય સંબંધ કહેવાય. ગુરુ શિષ્યને જ્ઞાન કઈ રીતે આપે ? તેના બે ભાગ છે. પ્રથમ તો આત્માનું સ્વરૂપ શું છે તે સમજાવવું. અહીં શબ્દોનું માધ્યમ અનિવાર્ય છે. આપણે લૌકિકમાં એ રીતે જ જાણપણું કરીએ છીએ. ટેબલ દેખાડીને તેને માટે ટેબલ શબ્દનો પ્રયોગ કરે. લીંબુ ચખાડીને તે સ્વાદ-ખટાશ છે એમ શબ્દ વાપરવામાં આવે. સમજનાર ટેબલને જાણે છે અને તેને માટેના શબ્દને પણ જાણે છે. બન્નેને જાણે છે અને પોતાના જ્ઞાનમાં ચીજ અને તે માટેની શબ્દનો મેળ બેસાડે છે. શબ્દ વાચક છે અને ચીજ વાચ્ય છે. જેમ જ્ઞાન સ્વ-પર પ્રકાશક છે. તેમ શબ્દ પણ સ્વ-પરને દર્શાવનાર છે. સાકર શબ્દથી શબ્દનું અને સાકર ચીજ બન્નેનું જ્ઞાન થાય છે. આપણે આ રીતે બધા પદાર્થોને જાણીએ છીએ. શબ્દ પ્રયોગ દ્વારા જ એક બીજા સાથે વિચાર વિનિમય થાય છે. ખ્યાલમાં રહે કે શબ્દ વાચક થઈને વાચ્યને દર્શાવે છે તે વાત સત્ય હોવા છતાં માત્ર શબ્દ દ્વારા વાચ્યનું જ્ઞાન થતું નથી. ખટાશ શબ્દથી ખટાશનું જ્ઞાન ન થાય. શબ્દરૂપી છે અને પુદ્‌ગલ પદાર્થરૂપી છે. બન્ને ઈન્દ્રિય જ્ઞાનના વિષયો થાય છે. તેથી આપણે પદાર્થને જાણી શકીએ છીએ. જ્યારે આત્માને જાણવાની વાત છે ત્યારે આત્મા અરૂપી છે. તે ઈન્દ્રિય જ્ઞાનનો વિષય થતો નથી. માત્ર શબ્દો દ્વારા જ આત્માને જાણી શકાય નહીં.

અહીં પ્રશ્ન થાય છે કે જો તેમ છે તો પાત્ર જીવ આત્માને કઈ રીતે જાણી શકે છે ? દૃષ્ટાંતઃ કોઈ વ્યક્તિ ગુમ થઈ ગઈ હોય તો છાપામાં તેનું વર્ણન આવે. કદાચ તેનો ફોટો પણ આવે તેના ઉપરથી વ્યક્તિને શોધી શકાય છે. તે રીતે જ્ઞાની આત્માનું સ્વરૂપ કેવું છે તેનું વર્ણન કરે છે તે વર્ણન વાંચીને આત્મા કેવો છે તેનો પાત્ર જીવને ખ્યાલ આવે છે. હવે તે જીવ એ લક્ષણના આધારે આત્માની

ઓળખાણ કરી શકે છે. એક વિશેષતા એ છે કે જીવના જ્ઞાન અને સુખ બે ગુણ બધાને અનુભવમાં આવે તેવા છે. ઈન્દ્રિય જ્ઞાનમાં પુદ્‌ગલનારૂપી ગુણો જણાય છે તેના ઉપરથી પુદ્‌ગલનું જ્ઞાન થાય છે તેમ અહીં આત્માના પણ બે ગુણો અનુભવમાં આવે છે તેથી તેની મારફત આત્મા જાણી શકાય છે. જ્ઞાન અને સુખ એ માત્ર શબ્દો દ્વારા જ આપણે જાણીએ છીએ તેમ નથી. બન્ને વેદનભૂત છે તેથી ત્યાંથી પ્રવેશ મળે છે.

પાત્ર જીવને માત્ર આત્માના સ્વરૂપને જાણીને સંતોષ નથી થતો. તે એવો આત્મા કેવી રીતે પ્રાપ્ત થાય તે પણ જાણવા માગે છે. જ્ઞાની પોતે આત્માની આરાધના કરી રહ્યા છે. તે આત્મ પ્રાપ્તિનો માર્ગ છે. પ્રયોગ છે તેથી પાત્ર જીવ તેવા પ્રયોગને લક્ષમાં લઈ અને મોક્ષ માર્ગનું સ્વરૂપ નક્કી કરી લે છે. જ્ઞાની તે પ્રકારે ઉપદેશ પણ આપે છે. પરંતુ ત્યાં ઉપદેશના શબ્દો ગૌણ છે. મુખ્ય કાર્ય તો પ્રયોગને લક્ષમાં લેવાથી થાય છે. દૃષ્ટાંતઃ માતા રસોઈ કરતી જાય છે અને પુત્રીને શિખવતી જાય છે.

જિનાગમમાં દેશના લબ્ધિનો નિયમ દર્શાવવામાં આવે છે અર્થાત્ અનાદિ અજ્ઞાની જીવ એકવાર જ્ઞાની ગુરુના પ્રત્યક્ષ સમાગમમાં આવે છે અને ઉપદેશ ગ્રહણ કરે છે. પછી જ સ્વાનુભવ કરી શકે છે. આ રીતે જ્ઞાનીની સાધના અંતરંગ નિમિત્ત થાય છે અને ઉપદેશ બહિરંગ નિમિત્ત થાય છે.

આ પ્રમાણે આ બોલનો વિચાર કરવાથી એટલો ખ્યાલ આવે છે કે આત્મા ઈન્દ્રિય પ્રત્યક્ષનો વિષય નથી. તેથી ઈન્દ્રિયો દ્વારા આત્મા જાણી શકાય નહીં. તે ઈન્દ્રિયો કોઈ રીતે ઉપયોગી થાય કે નહીં તેના અનુસંધાનમાં એ લક્ષમાં લીધું કે કાન દ્વારા ગુરુનો ઉપદેશ અને આંખ દ્વારા શાસ્ત્રનો અભ્યાસ થઈ શકે છે. આ રીતે આત્મા વિષેના શબ્દોનું જ્ઞાન થાય છે. શબ્દ વાચક થઈને વાચ્યને દર્શાવે છે. તેથી તે શબ્દો દ્વારા પાત્ર જીવ આત્માને જાણી શકે છે. તે કઈ રીતે ? તે સમજવા માટે ત્રીજા બોલનો અભ્યાસ કરીએ. થોડી ધીરજથી સમજીએ.

**બોલ નં. ૩ :-** પહેલા બે બોલમાં ઈન્દ્રિયની મુખ્યતાથી વાત લીધી. જીવ ઈન્દ્રિયો વડે જાણતો નથી અને ઈન્દ્રિયો વડે જણાતો નથી. હવે આચાર્યદેવ મનને દાખલ કરે છે. જીવ મન દ્વારા રૂપી અને અરૂપી બન્ને પદાર્થોને વિષય કરી શકે છે. અજ્ઞાની જીવ મનનો ઉપયોગ માત્ર રૂપી પદાર્થોને જાણવા માટે જ કરે છે. મન મુખ્યપણે પાંચ ઈન્દ્રિયોના વિષયોનું સંકલન કરે છે. **દૃષ્ટાંતઃ-** જે સફેદ ગાંગડો હોય અને મીઠો હોય તો તે સાકર છે. એ રીતે રંગ-આકાર અને સ્વાદ મારફત જીવ સાકર ચીજને ઓળખી લે છે. મન વિનાના પ્રાણીઓ સ્વાદને ચાખે ખરા પરંતુ શેનો સ્વાદ છે તેમ પદાર્થ સુધી તેનું જ્ઞાન લંબાતું નથી. મન વાળા પ્રાણી જ આ રીતે ગુણ ભેદમાંથી પ્રવેશ લઈને પદાર્થનું જ્ઞાન કરી શકે છે. આત્માની ઓળખાણ પણ તેના ગુણ ભેદમાંથી પ્રવેશ કરીને જ થાય છે. અહીં એક વાત ખ્યાલમાં રહે કે પુદ્‌ગલના રૂપી ગુણો ઈન્દ્રિય પ્રત્યક્ષનો વિષય થાય છે. પરંતુ એ રીતે આત્માના કોઈ ધર્મો ઈન્દ્રિયના વિષયો થતાં નથી. આ રીતે ઈન્દ્રિય પ્રત્યક્ષ પૂર્વક અનુમાન વડે પણ આત્મા જાણી શકાય નહીં. ઈન્દ્રિય જ્ઞાનમાં આત્માનો એક પણ ગુણ જણાતો જ નથી. તેથી મન પાસે જવાનો પ્રશ્ન જ રહેતો નથી. માટે આ બોલમાં કહે છે કે ઈન્દ્રિય પ્રત્યક્ષ પૂર્વક અનુમાન વડે પણ આત્મા જણાતો નથી.

આ બોલમાં ધુમાડા અને અગ્નિનો દૃષ્ટાંત લીધો છે. અગ્નિ અને ધુમાડાને વિષમપ્રાપ્તિ છે. અર્થાત્ અગ્નિ હોય ત્યાં ધુમાડો હોય જ એવો નિયમ નથી પરંતુ ધુમાડો અગ્નિ વિના તો હોય જ નહીં. આ રીતે કોઈને માત્ર ધુમાડો જ દેખાય ત્યારે તે ધુમાડો ઈન્દ્રિય પ્રત્યક્ષનો વિષય છે. તે ધુમાડો અગ્નિ વિના હોય નહીં. તેથી મનના સંગે જ્ઞાન અગ્નિનો

સ્વીકાર કરી લે છે. દૃષ્ટાંત યોગ્ય છે. પરંતુ આત્મા ઈન્દ્રિય પ્રત્યક્ષનો વિષય ન હોવાતી આ રીતે આત્મા જાણી શકાતો નથી.

હવે બીજા બોલમાં જે વાત લીધી કે ઈન્દ્રિયો કોઈ રીતે આત્માની ઓળખાણમાં સહાયક થાય કે નહીં. ત્યાં ઈન્દ્રિય પ્રત્યક્ષનો વિષય તો આત્માનો કાંઈ ધર્મો નથી. પરંતુ શબ્દ ઈન્દ્રિય જ્ઞાનનો વિષય થાય છે. ખ્યાલમાં રહે કે શબ્દ એ આત્માનો ગુણ નથી. એ તો ભાષા વર્ગણાનું અર્થાત્ પુદ્ગલનું કાર્ય છે. પરંતુ તે શબ્દ વાચક થઈને વાચ્ય એવા જીવને દર્શાવી શકે છે. તેથી ઈન્દ્રિય મારફત શબ્દનું જ્ઞાન. શબ્દ વાચક થઈને વાચ્ય એવા આત્માને દર્શાવે અને સંજ્ઞી જીવ એ રીતે આત્માની પ્રાપ્તિ કરી શકે છે. આ રીતે પરમ્પરા દ્વારા આત્મજ્ઞાન થાય છે. માટે ઈન્દ્રિય ગમ્ય શબ્દો દ્વારા મનને સાધન બનાવીને આત્મા જાણી શકાય છે. પરંતુ ઈન્દ્રિય પ્રત્યક્ષ પૂર્વક મન દ્વારા નહીં એ રીતે આપણા જ્ઞાનને વ્યવસ્થિત કરવું રહ્યું.

**બોલ નં. ૪ :–** ચાર અને પાંચ બોલમાં માત્ર મનની વાત કરવામાં આવે છે. આ બોલમાં બીજાઓ વડે માત્ર અનુમાન દ્વારા આત્મા જણાતો નથી એમ લીધું છે. અહીં પ્રથમ માત્ર મન દ્વારા કેટલું જાણી શકાય છે તેનો વિચાર કરીએ. સામાન્ય રીતે તો જે વિષયો પ્રથમ ઈન્દ્રિય પ્રત્યક્ષ થયા હોય તેને જ મન દ્વારા જાણી શકાય છે એ આપણા ખ્યાલમાં છે. એકવાર જોયેલા જાણેલા પદાર્થને પછી આપણે ઈન્દ્રિયના અવલંબન વિના માત્ર મન વડે જ વિષય બનાવી શકીએ છીએ. ગમે તે ગામમાં હોઈએ તો પણ મનના સંગે સોનગઢના મંદિરના દર્શન કરી આવીએ છીએ.

કયારેય ન જોયેલા પદાર્થોને પણ મન દ્વારા જાણી શકીએ છીએ. તે આ પ્રમાણે છે. અહીં પણ કાંઈક ઈન્દ્રિય પ્રત્યક્ષપૂર્વક જ આ જ્ઞાન થતું હોય છે. અહીં શું ફેર પડે છે તે દૃષ્ટાંતથી સમજીએ. આપણે આપણા પિતાને અથવા દાદાને જોયા હોય છે. પરંતુ આપણી ભૂતકાળની પાંચમી પેઢીએ જે દાદા હતા તેને જોયા નથી. છતાં આપણે વર્તમાનમાં માણસને જોયા છે. તેથી તે પણ મનુષ્ય જ હતા. વાનર ન હતા. એવું જ્ઞાન આપણે કરી શકીએ છીએ. શબ્દો દ્વારા અથવા ચિત્ર દ્વારા પણ મનના સંગે અનુમાન કરી શકીએ છીએ. આ રીતે ભલે મન દ્વારા તે વિષયને ગ્રહણ કરી શકીએ છીએ. પરંતુ ત્યાં આટકતરી રીતે ઈન્દ્રિયનું અવલંબન તો રહેલું જ છે. આપણે છ દ્રવ્યોમાંથી ધર્મ-અધર્મ-આકાશ-કાળ એ ચાર દ્રવ્યોનો સ્વીકાર શાસ્ત્ર, શબ્દો અને યુક્તિની ઓથમાં જ કરીએ છીએ. મન આ રીતે અરૂપીને વિષય કરી શકે છે. આ પ્રમાણે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન ઈન્દ્રિય અને મન દ્વારા થાય છે. આ રીતે માત્ર મનનો વિષય કદાચ કોઈ નથી.

**બોલ નં. ૫ :–** જીવ મન વડે જાણતો નથી એમ અહીં લેવામાં આવ્યું છે. પહેલા બોલમાં જેમ જીવ ઈન્દ્રિય વડે જાણતો નથી કહ્યું છે તેમ અહીં પણ સમજી લેવું. મનના સંગે પણ જાણવાનું કાર્ય તો જીવ જ કરે છે. તે સમયે મન પણ પુદ્ગલ દ્રવ્યરૂપે પોતાનું કાર્ય કરે છે.

## પાંચ બોલની સાથે વિચારણા

અજ્ઞાની જીવ અનાદિ કાળથી ઈન્દ્રિય અથવા મનના અવલંબન વડે જાણવાનું કાર્ય કરતો આવ્યો છે. અનાદિથી તેનો વિષયરૂપી પદાર્થો જ રહ્યા છે. તેથી અજ્ઞાનીની દુનિયા રૂપમય જ બની ગઈ છે. અજ્ઞાનીએ શરીરથી ભિન્ન આત્માને લક્ષમાં લીધો નથી. જીવ અને શરીરના ભિન્ન લક્ષણો તેના ખ્યાલમાં નથી. જ્ઞાન અને સુખ પણ તેણે શરીર અને ઈન્દ્રિયની ઓથમાં નાખ્યા છે. આ રીતે તે માત્ર શરીરનો જ સ્વીકાર કરે છે. કદાચ શરીર અને જીવ જુદા છે એવી વાતો કરે તો પણ તેને જીવના સ્વતંત્ર અસ્તિત્વનો સ્વીકાર નથી. તે શરીરને સાધન માને

છે અને શરીરને પ્રાપ્ત ઈન્દ્રિયો અને મનના સંગે માત્ર જાણપણું ન કરતા નવા મોહ રાગ દ્વેષના ભાવોને કરે છે અને એ રીતે તે પોતાનો સંસાર ચાલુ રાખે છે. એવા ભાવો વડે ફરી નવો દેહ ધારણ કરીને પરિભ્રમણ ચાલુ રાખે છે.

જેને સંસારના પરિભ્રમણનો થાક લાગ્યો હોય તેણે સૌ પ્રથમ એ નિર્ણય કરવો જોઈએ કે મારે પુદ્‌ગલ દ્રવ્ય સાથે કાંઈ પ્રયોજન નથી. સ્વ અને પરના આવા જુદાપણાનો નિર્ણય થતાં તેને ખ્યાલ આવશે કે મારે માટે ઈન્દ્રિયો કાંઈ ઉપયોગની નથી. કારણકે તેનો વિષય માત્ર રૂપી પદાર્થો જ છે. તેણે એ પણ નક્કી કરવું પડશે કે મેં મનનો ઉપયોગ માત્રરૂપી પદાર્થોને જાણવા માટે જ કર્યો છે. તેથી મારે મનનો ઉપયોગ તે પ્રયોજન માટે કરવા યોગ્ય નથી. આટલો નિર્ણય કર્યા બાદ તે હવે વિચારે છે કે જે સંજ્ઞી જીવ છે તે જ સ્વાનુભૂતિ કરી શકે છે એમ જિનાગમ ફરમાવે છે. તેથી મનની ઉપયોગિતા શું છે તેનો વિચાર કરતાં તેને ખ્યાલમાં આવે છે કે મન અરૂપીને પણ વિષય કરી શકે છે. સ્વાનુભવ પહેલા અનુમાન જ્ઞાન એક પૂર્વ ભૂમિકારૂપે હોય છે. તેને ખ્યાલ છે કે અનાદિનો અજ્ઞાની જીવ જ્ઞાની ગુરુ પાસેથી શુદ્ધાત્માના સ્વરૂપને જાણે છે અને તેની પ્રાપ્તિનો ઉપાય મેળવે છે. ગુરુ-શિષ્ય વચ્ચેનો સંબંધ શબ્દો દ્વારા થાય છે. તેથી હવે તે આંખ અને કાનનો ઉપયોગ ક્યા પ્રકારે કરવો જોઈએ તેનો નિર્ણય કરે છે.

અજ્ઞાની જીવ બંધાયેલો છે મુક્ત નથી. પરાધીન છે. તેથી તે સંપૂર્ણપણે ઈન્દ્રિય અને મનનું અવલંબન છોડી શકતો નથી પરંતુ સંસાર પરિત થવાનો માર્ગ તેના ખ્યાલમાં આવ્યો છે માટે તે સૌ પ્રથમ ઈન્દ્રિયોનો ગુલામ થવા રહેવા માગતો નથી. બાહ્ય વિષયો ભોગવાતા જ નથી અને ત્યાંથી સુખ આવતું જ નથી એની દૃઢતા કરે છે. ભોગવટાના ભાવથી છૂટવા માટે આ ડ્રીલ (ક્વાયત) જરૂરી છે. પોતાની ચોવીસ કલાકની પ્રવૃત્તિમાં દરેક પ્રસંગે આ જાગૃતિ રાખે તો તેને નિઃશંકતા આવે કે જેટલા ભાગમાં મારે પરદ્રવ્ય સાથે જ્ઞેય જ્ઞાયક સંબંધ થાય છે એટલો જ ભોગવટો થાય છે અને તે સમયે પરદ્રવ્યો તો તેના પ્રવાહ ક્રમમાં ચાલ્યા જ થાય છે. આ નિર્ણય દૃઢ થતાં સ્હેજે પાંચ ઈન્દ્રિયોની પ્રવૃત્તિ ભોગ ઉપભોગ માટે નથી એ રીતે તેની નિરર્થકતા લાગે છે. હવે તે અન્ય ઈન્દ્રિયોનું લક્ષ છોડીને આંખ અને કાનનો ઉપયોગ માત્ર જ્ઞાનીનો ઉપદેશ મેળવવા માટે જ કરે છે. લક્ષમાં રહે કે ઈન્દ્રિયોની પ્રવૃત્તિ તદ્દન બંધ થવાની નથી પરંતુ તે જીવ હવે પ્રયત્નપૂર્વક તેનો ઉપયોગ સવિશેષપણે આત્મહિત માટે જ કરવા માગે છે.

મનનો ઉપયોગ પુદ્‌ગલની રૂપી પર્યાયોના જ્ઞાન મારફત તેનું સંકલન કરીને ચીજને જાણવામાં કરતો હતો. તેના સ્થાને હવે તે શ્રીગુરુ પાસેથી નય વિભાગથી આપવામાં આવતા ઉપદેશનું સંકલન કરીને આચાર્યદેવ પદાર્થનું અનેકાંત સ્વરૂપ કઈ રીતે સમજાવે છે તેનો નિર્ણય કરવા માટે કરે છે. અર્થાત્ તે મનના સંગે એક અનેક તથા નિત્ય-અનિત્ય એવા પરસ્પર વિરોધી દેખાતા ધર્મો વસ્તુમાં અવિરોધપણે કઈ રીતે રહેલા છે તેનો નિર્ણય કરે છે. પદાર્થ બંધારણની આ રીતે મજબૂતિ કરવામાં તે મનનો સહારો લે છે. ગુરુ આત્માનું સ્વરૂપ કઈ રીતે દર્શાવે છે તે સમજવાનો પ્રયત્ન કરે છે. જ્ઞાની ગુરુએ આત્માનો અનુભવ કર્યો છે અને તે નય વિભાગથી સમજાવે છે. જ્ઞાની માત્ર નય વિભાગથી વર્ણન જ કરે છે તેમ નથી. તે વસ્તુના ધર્મોને તેની કિંમત સહિત સમજાવે છે. આ રીતે પાત્ર જીવ મનના સંગે પોતાના આત્માનું એક વાસ્તવિક ચિત્ર પોતાના અનુમાન જ્ઞાનમાં ઊભું કરે છે. સર્વજ્ઞ પરમાત્માએ આત્માને જેવો જાણ્યો છે. તેવો જ પોતાના અનુમાન જ્ઞાનમાં આવે તેવો પ્રયત્ન કરે છે. તે ચિત્રમાં કોઈ ઉણપ અથવા ભૂલ લાગે તો આગમનો આધાર

લઈને પોતાના ચિત્રને વ્યવસ્થિત કરે. જ્યાં જરૂર લાગે ત્યાં તે પ્રમાણે ઈન્દ્રિયોનો ઉપયોગ કરીને સ્વાધ્યાય કરે અને પછી ઈન્દ્રિયનું અવલંબન છોડીને મનના સંગે ચિંતવન વધારે છે. આ બધું સ્વાનુભવની પૂર્વભૂમિકારૂપે પાત્ર જીવને હોય છે. આ પ્રમાણે ઈન્દ્રિયો અને મનનું અવલંબન સંપૂર્ણપણે છોડતા પહેલા તેનો જેટલો લાભ લઈ શકાય તેટલો લાભ લે છે. મેડી ઉપર જવા માટે જેમ પગથિયા હોય છે તેના ઉપર પગ મૂકવો પડે અને ઉપાડવો પણ પડે. તે રીતે પાત્ર જીવ ઈન્દ્રિય અને મનનો ઉપયોગ આત્માની પ્રાપ્તિ માટે કરે છે.

આચાર્યદેવ આ પાંચ બોલમાં આવો ભાવ આપણને સમજાવવા માગે છે. ઈન્દ્રિય અને મનનું અવલંબન સર્વથા છોડી દેવાથી શું થાય ? જવાબ એ છે કે આ રીતે જે ઈન્દ્રિય અને મનની ભૂમિકાને ઓળંગે છે તેને સ્વાનુભવ થાય છે. એ વાત હવે છઠ્ઠા બોલમાન સમજાવવામાં આવે છે.

**બોલ નં. ૬ :–**પહેલા પાંચ બોલમાં 'અ' ને ગ્રહણની સાથે સંબંધમાં લીધો હતો. અહીં તેને લિંગ સાથે જોડે છે. લિંગ - ઈન્દ્રિય અને મન તેનો નિષેધ એટલે અલિંગ - જ્ઞાન-જ્ઞાયક. તેના વડે ગ્રહણ અર્થાત્ જાણપણું આ રીતે જીવ પોતે જ્ઞાન સ્વભાવ વડે જાણે છે એમ દર્શાવવા માગે છે. પહેલા પાંચ બોલમાં આ વાત આવતી હતી. પરંતુ ત્યાં ઈન્દ્રિય અને મન જાણવાનું કાર્ય નથી કરતા. એ રીતે નાસ્તિની મુખ્યતા હતી. આ બોલમાં જ્ઞાન જાણવાનું કાર્ય કરે છે એમ અસ્તિ દ્વારા સમજાવે છે. જ્ઞાન જીવનો સ્વભાવ હોવાથી આ કાર્ય થાય છે. દરેક દ્રવ્ય પોતાના સ્વભાવરૂપે પરિણમે છે.

**બોલ નં. ૭ :–** હવે પછીના પાંચ બોલમાં લિંગનો અર્થ ઉપયોગ કરવામાં આવે છે. જીવના પરિણામને ઉપયોગ કહેવામાં આવે છે. તે પ્રમાણે જ્ઞાનમાં જ્ઞાનોપયોગ અને દર્શનમાં દર્શનોપયોગ એ રીતે પણ શબ્દ પ્રયોગ જિનાગમમાં જોવા મળે છે. ઉપયોગ એ પરિણામના અર્થમાં લેવામાં આવે છે. જીવના સ્વભાવને ઉપયોગ સ્વભાવી ગણવામાં આવે છે. અહીં આ બોલમાં જ્ઞાનના ઉપયોગની વાત કરવામાં આવે છે.

જીવ - લિંગ - ગ્રહણ - અ.

જીવને લિંગ = ઉપયોગ વડે ગ્રહણ = પરજ્ઞેયનું અવલંબન - અ = નથી. એટલે કે જીવ પોતે પરજ્ઞેયના અવલંબન વિના જ જાણવાનું કાર્ય કરે છે એવું અહીં કહેવા માગે છે. આ વિષયની સ્પષ્ટતા આપણને થાય તે માટે થોડી વિચારણા અને થોડા સિદ્ધાંતો આપણે ખ્યાલમાં લઈએ.

જિનાગમમાં બે પ્રકારના કથનો આવે છે. જ્ઞાન (અર્થાત્ જાણવાનું કાર્ય) જ્ઞાનના (જ્ઞાયકના) સહારાનું છે. બીજું કથન છે. જ્ઞાન જ્ઞેયના સહારાનું છે. તે બન્ને કથનો યોગ્ય રીતે આપણે સમજવા જોઈએ. જ્ઞાન જ્ઞેયના સહારાનું છે તે કથનના અનુસંધાનનો આ બોલ છે માટે પ્રથમ તેનો વિચાર કરીએ.

જ્ઞાન જ્ઞેયના સહારાનું છે તેનો સીધો અર્થ અજ્ઞાની આ પ્રકારે કરે છે કે જ્ઞેયથી જ્ઞાન થાય છે. જ્ઞેય હોય તો જણાય. જ્ઞેય ન હોય તો જણાય નહીં. ઘડો છે ત્યારે તેનું જ્ઞાન થાય છે. ઘડો ન હોય તો તેનું જ્ઞાન ન થાય. વિશ્વમાં સસલાને શિંગડા જ નથી તેથી તેનું જ્ઞાન થતું નથી. આ લખાણનો ભાવ સમજે નહીં તે અનેક પ્રકારે ભૂલો કરે છે. આ બધી ભૂલો ન થાય એ માટે જીવ જાણવાનું કાર્ય કઈ રીતે કરે છે તેનો તેને બરોબર ખ્યાલ હોવો જરૂરી છે. જ્ઞાન પર જ્ઞેયથી જાુદું રહીને પરને જાણે છે. જ્ઞેય જ્ઞાયક સંબંધ તરફથી જોતા જ્ઞેયો જ્ઞાનમાં આવી ગયા હોય એવું લાગે છે. જ્ઞેય જ્ઞાયક સંબંધને કારણે જ્ઞાનની પર્યાય જ્ઞેયાકાર થાય છે ખરી પરંતુ તે સમયે પણ જીવ તો અરૂપી જ્ઞાનની પર્યાયરૂપે જ પરિણમે

છે. પરજ્ઞેય તો પરક્ષેત્રમાં જ રહીને પરિણમે છે. સંબંધને કારણે જ્ઞેયના જેવું રૂપ જ્ઞાનની પર્યાયમાં જોવા મળે છે. એ રીતે આપણે આપણા જ્ઞાનને વ્યવસ્થિત કરવું જરૂરી છે.

જ્ઞાન ગુણ પોતાનો એકરૂપ સ્વભાવ ટકાવીને કાયમને માટે રહેલો છે, તેને પર્યાય અપેક્ષાએ વિચારતા તેના મતિ આદિ અનેક ભેદો પડે છે. દરેકના ક્ષયોપશમ અનુસાર અનેક તરતમ ભેદો પડે છે. આ બધી જ્ઞાનની અરૂપી પર્યાયો છે. તે રૂપે જ્ઞાન થાય છે. પરંતુ જ્ઞાન સિવાય અન્ય કોઈ કાર્ય જ્ઞાન ગુણ કરી ન શકે. એ રીતે વિશ્વના પદાર્થો પરજ્ઞેયો પોતાના સ્વભાવને ટકાવીને સ્વભાવ અંતર્ગત અનેક પર્યાયોને અનાદિથી અનંતકાળ સુધીમાં કરતાં રહે છે. સંબંધ સમયે પણ કોઈ પોતાના સ્વભાવ ઉપરાંત અન્યનું કોઈ કાર્ય કરી શકતા નથી. એક જ દ્રવ્યના અનેક ગુણો છે. તેમાં એક ગુણ અન્ય ગુણનું કાર્ય ન કરી શકે. દૃષ્ટાંતઃ રંગ ગુણની લાલ-લીલી અવસ્થાઓ થાય પરંતુ ત્યાં ખટાશ ગળાશ એવું કાર્ય ન થાય.

જ્ઞાનની પર્યાય જ્ઞાયક સ્વભાવમાંથી આવે છે ત્યાં દ્રવ્ય પર્યાયનું તાદાત્મ્યપણું છે. જ્ઞાન આ અપેક્ષાએ જ્ઞાનના સહારાનું કહેવામાં આવે છે. જાણવાનું કાર્ય થાય અને તેનો કોઈ વિષય ન હોય એમ બને નહીં. આ રીતે જ્ઞાનની પર્યાય જ્ઞેયની પ્રસિદ્ધિ કરે છે અને જ્ઞાયકની પણ પ્રસિદ્ધિ કરે છે. માટે જ્ઞાનની પર્યાય દ્વારા જ્ઞાયક અને જ્ઞેય જણાય છે. આ રીતે જ્ઞાન જ્ઞાનના અને જ્ઞેયના સહારાનું કહેવામાં આવ્યું છે. પરંતુ જ્ઞેયથી જ્ઞાન થાય છે એ માન્યતા તો ખોટી છે. જ્ઞેય જ્ઞાયક સંબંધને યોગ્ય રીતે સમજતાં આ ખુલાસો થાય છે.

વિશ્વમાં જીવ સિવાય અન્ય પદાર્થો પણ છે. જ્ઞાનનો સર્વજ્ઞ સ્વ-પર પ્રકાશક સ્વભાવ છે. માટે જ્ઞાન તે પરજ્ઞેયને જાણે છે. એટલે જ્ઞેય સાથે સંબંધ છે પરંતુ ત્યાં જ્ઞેયનું અવલંબન નથી એવું આ બોલમાં કહેવા માગે છે.

**બોલ નં. ૮:-** લિંગ = જ્ઞાન ગુણ અને જ્ઞાનનું કાર્ય ઉપયોગ ગ્રહણ = બહારથી લાવવાનું અ = નહીં.

આ રીતે આ બોલમાં જ્ઞાનનું જીવ સાથેનું તાદાત્મ્ય દર્શાવે છે. અન્યમતમાં જીવ અને જ્ઞાનને સંયોગ સિદ્ધ સંબંધ માને છે. પરંતુ વસ્તુ સ્વરૂપ એ પ્રકારે નથી. સ્વરૂપ અસ્તિત્વની અખંડ સત્તા છે. ત્યાં દ્રવ્ય-ગુણ-પર્યાય બધું અવિનાભાવરૂપે એક રસ છે. અન્યમતમાં જીવ અને જ્ઞાન વચ્ચેના સંબંધને સમજાવવા માટે દંડી પુરુષનો દૃષ્ટાંત આપે છે પરંતુ તે યોગ્ય નથી. માણસ અને લાકડી જુદા પદાર્થો છે. જે પોતાના હાથમાં લાકડી લે તે દંડી પુરુષ કહેવાય. જીવ અને જ્ઞાન એવા જુદા નથી.

છઠ્ઠી વિભક્તિના કથનના આધારે સમજાવે કે જેમ દેવદત્તની ગાય તેમ અગ્નિની ઉષ્ણતા. બન્નેમાં છઠ્ઠી વિભક્તિનો પ્રયોગ છે પરંતુ ત્યાં પણ દેવદત્ત અને ગાય જેવા જુદા છે એમ અગ્નિ અને ઉષ્ણતા જુદા નથી. જીવ અને જ્ઞાન જો જુદા હોય તો પુદ્‌ગલ પણ જ્ઞાનને ગ્રહણ કરીને જાણવા લાગે પરંતુ એમ બનતું નથી. પદાર્થનું અખંડપણું જેના જ્ઞાનમાં યથાર્થપણે આવે છે. તે એવી ભૂલ કરતો નથી. વળી કોઈ પણ ગુણ દ્રવ્યના આધાર વિના હોય શકે જ નહીં. તેથી જો જ્ઞાન જીવનો ગુણ ન હોય તો તે અન્ય દ્રવ્યનો ગુણ અવશ્ય હોવો જોઈએ. પરંતુ તેમ તો વસ્તુ સ્વરૂપ નથી. તેથી જીવનું જ્ઞાન ગુણ સાથે તાદાત્મ્યપણું નક્કી કરવું. સ્વભાવ અને પર્યાયના ક્ષેત્ર પણ એક જ છે. તેથી જ્યાં જીવ છે ત્યાં જ જ્ઞાન ગુણ છે અને જ્ઞાનની પર્યાય છે.

**બોલ નં.૯:-** લિંગ - જ્ઞાન - ઉપયોગ
ગ્રહણ = હરણ અ. = નહીં.

અર્થાત્ જ્ઞાનનું હરણ કરી શકાતું નથી.

પોતાનો જ્ઞાન ગુણ જીવમાં શાશ્વત છે. કોઈ અન્ય દ્રવ્ય તે ગુણને જીવમાંથી બહાર લઈ જઈ શકતો નથી. પદાર્થ બંધારણનો જેને સ્પષ્ટ ખ્યાલ છે. તેને માટે આ સિદ્ધાંત સહજપણે સમજાય એમ છે. જ્ઞાન ગુણની જેમ જ્ઞાનની, પર્યાય પણ કોઈ લઈ જઈ શકે નહીં. આ વાત સિદ્ધાંતરૂપે માન્ય રાખ્યા બાદ બીજી રીતે વિચારીએ.

જ્ઞાનીઓ પોતાનું જ્ઞાન છૂટથી બધાને આપે છે અને પાત્ર જીવો હોંશે હોંશે તે મેળવે છે. અહીં પણ સિદ્ધાંત તૂટતો નથી. જેવું જ્ઞાનીનું જ્ઞાન છે એવું જ જ્ઞાન પાત્ર જીવ પોતાના પ્રયત્નથી (પુરુષાર્થથી) મેળવે ત્યારે જ્ઞાનીએ શિષ્ય ઉપર અનુગ્રહ કરીને જ્ઞાન આપ્યું એમ કહેવામાં આવે છે. ગુરુ અને શિષ્ય વચ્ચે જ્ઞાનની લેતી દેતી છે. તેની હા અને ના બન્ને કેવી રીતે છે તે યથાર્થ રીતે સમજવું જોઈએ.

જ્ઞાન બીજાને આપવાથી ખરેખર પોતાનું જ્ઞાન વધે છે. માત્ર અન્યને જ ફાયદો થાય છે એમ નથી. બીજાને સમજાવવા માટે પોતે પોતાના જ્ઞાનને વ્યવસ્થિત કરવું પડે છે. સમજાવવા માટે ક્યો ક્રમ પસંદ કરવો તેનો નિર્ણય કરવો પડે છે. એક સિદ્ધાંત પાકો કરાવવા માટે અનેક અપેક્ષા લાગુ પાડીને સમજાવવું પડશે અને આટલું કર્યા બાદ પણ સામી વ્યક્તિને જ્યારે પ્રશ્ન ઉઠે ત્યારે તેનું સમાધાન પણ કરાવવાની આપણી જવાબદારી આવી જાય છે. આ રીતે સમજાવવામાં પણ પોતાના જ્ઞાનની વૃદ્ધિ જ થાય છે. પોતાને સિદ્ધાંતની મજબૂતિ થાય એ પણ લાભ જ છે. હવે તે જ્ઞાનને અન્ય અપેક્ષાથી વિચારીએ.

જેટલું ઈન્દ્રિય જ્ઞાન છે તે બધું નાશવંત છે. કોઈ લઈ ન જાય તોપણ તેનો અભાવ થાય છે. આપણે જેટલું જાણીએ તે બધું યાદ રહે એવું બનતું નથી. યાદ રાખવા જેવી વાતોની પણ વિસ્મૃતિ થતી અનુભવાય છે. ભવ પલટતા ભવાધીન જ્ઞાન પણ ચાલ્યું જાય છે. આપણે આગલા ભવનું જ્ઞાન નથી. કોઈને જાતિ સ્મરણ જ્ઞાન થાય છે ખરું પરંતુ તે જ્ઞાન પણ લાંબો સમય ટકતું નથી. ક્ષયોપશમ જ્ઞાનનું આવું જ સ્વરૂપ છે. અહીં શાસ્ત્ર સંબંધી, જ્ઞાનની પણ એ જ સ્થિતિ છે તે આપણા ખ્યાલમાં રહેવું જોઈએ.

હવે વાત રહી આત્મિક જ્ઞાનની, સ્વાનુભૂતિ એ આત્મિક જ્ઞાન છે. તે જ્ઞાન હવે કાયમ રહેશે (કોઈ જીવ ફરી મિથ્યાદૃષ્ટિ થાય એ ગણતા નથી) એ ભવાંતરમાં પણ ચાલુ રહેશે. જીવમાં અસંકુચિત વિકાસત્વ શક્તિ છે. જ્ઞાનની પર્યાયની નિર્મળતા જે પ્રગટ થઈ છે તે હવે સર્વજ્ઞરૂપ થયે જ છૂટકો. બાહ્યમાં વજ્રપાત થાય તો પણ જ્ઞાની પોતાના માર્ગથી ખસતા નથી.

**બોલ નં. ૧૦:-** લિંગ = ઉપયોગ ગ્રહણ - ઉપરાગ - મલિનતા. આત્મા શુદ્ધોપયોગ સ્વભાવી છે એમ દર્શાવે છે. અહીં ઉપયોગ એટલે જીવની પર્યાય. ઉપયોગ સ્વભાવી એટલે આત્મા. અહીં તેને શુદ્ધોપયોગ સ્વભાવી કહ્યો છે. આત્મ સ્વભાવમાં મલિનતા નથી. સૂર્યનો દૃષ્ટાંત આપ્યો છે. સૂર્યમાં મલિનતા નથી. ચંદ્રમાં ડાઘ દેખાય છે. ખરેખર તો તે ચંદ્રનું ભૂપૃષ્ટ જ છે. ચંદ્રનો પ્રકાશ તો સૂર્યના પ્રકાશનું પ્રતિબિંબ છે.

બધા પદાર્થોના સ્વભાવ હંમેશા પરિપૂર્ણ અને શુદ્ધ જ હોય છે. અન્ય દ્રવ્યોની પર્યાયો શુદ્ધ છે. અજ્ઞાની જીવના જ્ઞાન અને વીર્ય ગુણમાં ઉણપ અને શ્રદ્ધા તથા ચારિત્ર ગુણની પર્યાયમાં વિપરીતતા જોવા મળે છે. તે સમયે પણ જીવ અને તેના ગુણો શુદ્ધ જ છે. સ્વભાવની પરિપૂર્ણતા સાથે સરખાવીને ઉણપનો નિર્ણય થાય અને શુદ્ધતાથી અશુદ્ધતાનો નિર્ણય થાય. જીવ પોતાના સ્વભાવની શુદ્ધતા અને પરિપૂર્ણતા ટકાવીને પર્યાયમાં મલિનતા અને

ઓછપ દર્શાવે છે. પર્યાયના પ્રવાહમાં પણ સ્વભાવ તો એકરૂપ જ રહે છે.

અજ્ઞાની જીવે પણ પોતાનો સર્વજ્ઞ સ્વભાવ છોડયો નથી. તેવા સ્વભાવને રુચિપૂર્વક જાણવો જરૂરી છે. તે રીતે જાણીને તેનો મહિમા લાવી તેમાં હુંપણું સ્થાપીને તેનો આશ્રય પાત્ર જીવ લે છે. જીવનો સ્વભાવ-સામર્થ્ય એવુંને એવું છે. તેથી તેના ભરોંસે તેના જોરમાં પાત્ર જીવ પોતાના પરિણામને બદલાવે છે. અજ્ઞાન દૂર કરીને જ્ઞાન પ્રગટ કરે છે. પરમાત્મદશા પ્રગટ કરે છે. સ્વભાવમાં તો મલિનતા નથી. પણ હવે પર્યાયની અશુદ્ધતા પણ દૂર થઈને શુદ્ધતા પ્રગટ થાય છે. તેથી પર્યાયમાં (ઉપયોગમાં) પણ હવે ઉપરાગ નથી. સ્વભાવની શુદ્ધતા માત્રથી આ કાર્ય થતું નથી પરંતુ સ્વભાવની શુદ્ધતાનો સ્વીકાર જ્યારે આવે છે ત્યારે આ કાર્ય થાય છે. સ્વભાવને કારણ પરમાત્મા પણ કહે છે. પરંતુ તેને કારણરૂપે સ્વીકારે ત્યારે કાર્ય પરમાત્માદશા પ્રગટ થાય છે. જે પોતાની પર્યાયમાં રાગનો સદ્‌ભાવ દેખીને જીવને વિભાવનો કર્તા માને છે તેની પર્યાયમાં અશુદ્ધતા જ પ્રગટ થાય છે. જે પોતાના સ્વભાવને શુદ્ધોપયોગ સ્વભાવી અર્થાત્ ઉપરાગ રહિત માને છે. તેને જ ભવના અભાવનું કાર્ય થાય છે. સ્વભાવ પરિપૂર્ણ અને શુદ્ધ છે. એવા આ બોલનો અર્થ આ રીતે પાત્ર જીવને લાભનું કારણ થાય છે.

**બોલ નં. ૧૧:-** લિંગ = ઉપયોગ

ગ્રહણ = દ્રવ્ય કર્મનું ગ્રહવું    અ = નહીં. આ રીતે આ બોલમાં બે પદાર્થનું અત્યંત ભિન્નપણું દર્શાવવામાં આવે છે. ઉપયોગનો અર્થ પહેલા જ્ઞાનોપયોગ કરીને પછી જીવના પરિણામથી વિચારીએ.

નવ તત્ત્વમાં જીવના પરિણામ અને દ્રવ્યકર્મ વચ્ચેના નિયમભૂત નિમિત્ત નૈમિત્તિક સંબંધની વાત લેવામાં આવે છે. ત્યાં ખરેખર કર્તા કર્મપણું નથી. અજ્ઞાની જીવ પણ પરદ્રવ્યથી ભિન્ન રહીને જ પરને જાણે છે પરંતુ તે જ્ઞેય જ્ઞાયક સંકર દોષ કરે છે. તે જ સમયે પરદ્રવ્ય પોતામાં આવીને પોતારૂપ થઈ ગયા એવી તેની સાથે એકત્વબુદ્ધિ અને રાગ-દ્વેષ પણ કરે છે. મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાન-મિથ્યાચારિત્રરૂપે પરિણમે છે. જીવના તે વિભાવ ભાવને નિમિત્ત બનાવીને તે ક્ષેત્રે રહેલી કાર્મણ વર્ગણા દ્રવ્યકર્મરૂપે પરિણમે છે અને જીવની સાથે ઉભયબંધને પ્રાપ્ત થાય છે. તે સમયે પણ જીવ દ્રવ્યકર્મને ખરેખર બાંધતો નથી. જીવ તેનાથી અત્યંત ભિન્નરૂપે જ રહેલો છે.

અઘાતિ કર્મો ઉદયમાં આવીને સંયોગરૂપ ફળ આપે છે. જીવ તે સંયોગોને ભોગવવાનો ભાવ કરે છે. તે સમયે પણ તે કર્મના ફળને ભોગવતો નથી. આ રીતે જીવ દ્રવ્યકર્મને બાંધતો નથી કે ભોગવતો નથી.

ખરેખર તો કાર્મણ વર્ગણા સ્વયં કર્મરૂપે પરિણમે છે. થોડો સમય માટે જીવની સાથે એક ક્ષેત્રાવગાહરૂપ રહે છે અને છૂટી પડે છે. કર્મ જીવથી જાુદા પડે તેને ઉદયમાં આવ્યા કહેવામાં આવે છે. તે સમયે કર્મ તેનું ફળ આપે છે એમ પણ કહેવામાં આવે છે. અહીં અઘાતિ કર્મોનું ફળ જે સંયોગો છે તેની વાત કરવામાં આવે છે. કર્મ તો ઉદયમાં આવીને ખરી જાય છે. આ રીતે તે પોતાના પ્રવાહ ક્રમમાં ચાલ્યા જાય છે. જીવ તેનાથી તદ્દન અલિપ્ત જ છે. જીવ અને કાર્મણ વર્ગણા જેમ જાુદા છે. તેમ જીવ અને કર્મો પણ ખરેખર જાુદા જ છે. દ્રવ્યકર્મનું ફળ ખરેખર દ્રવ્યકર્મમાં છે. જીવ તો તેનો જાણનાર જ છે. આ રીતે જીવનું દ્રવ્યકર્મથી અત્યંત જાુદાપણું દર્શાવવામાં આવે છે.

**બોલ નં.૧૨:-** લિંગ = ઈન્દ્રિયો. ગ્રહણ = વિષયોનો ઉપભોગ. જે રીતે જીવ દ્રવ્યકર્મથી જાુદો છે. તે રીતે જીવ શરીર અને સંયોગોથી પણ ભિન્ન જ છે. શરીર

અને સંયોગો નોકર્મ છે અર્થાત્ જેટલો ઘનિષ્ટ સંબંધ જીવને દ્રવ્યકર્મ સાથે છે. તેનાથી ઓછો સંબંધ તેને નોકર્મ સાથે છે. તેથી જે રીતે જીવ કર્મોને ભોગવતો નથી તે જ રીતે તે સંયોગોને પણ ભોગવતો નથી. દ્રવ્યકર્મો ઈન્દ્રિય જ્ઞાનનો વિષય થતા નથી. તેથી કર્મનું બંધાવું અને કર્મનો ભોગવટો એ માત્ર શાસ્ત્રના આધારે કહેવામાં આવતી વાત છે. સંયોગો ઈન્દ્રિય જ્ઞાનનો વિષય થાય છે અને જીવ તેને ભોગવે છે. એવો તેને અનુભવ વર્તે છે. તેથી સંયોગો ભોગવાતા નથી એ વાત ભલે તે ન્યાય યુક્તિથી સ્વીકારે પરંતુ ખરેખર તેને તે વાત અંતરથી બેસતી નથી. માટે સંયોગાધીન દૃષ્ટિ છૂટતી નથી. બાહ્ય વિષયોને મેળવવા અને ભોગવવા માટેના તેના પ્રયત્નો ચાલુ જ રહે છે.

અજ્ઞાની જીવને તેનાથી છોડાવવા માટે આ બોલ ઉપયોગી છે. જો તે સત્‌નો સ્વીકાર કરે કે બાહ્ય વિષયો તેના પ્રવાહમાં ચાલ્યા જાય છે. જીવને તો જેટલી માત્રામાં તેનું જ્ઞાન થયું તેટલી જ નિસ્બત છે. જીવ પોતાના રાગને અને જ્ઞેયાકાર જ્ઞાનને જ ભોગવે છે. બાહ્ય વિષયોને નથી ભોગવતો, તો તેના પરિણામ બહિર્લક્ષ છોડીને સ્વભાવ સન્મુખ થાય.

આ બે બોલમાં જીવને પરદ્રવ્ય સાથે અત્યંત ભિન્નતા છે. તે વાત સિદ્ધાંતરૂપે સમજાવીને જીવનો સ્વ-પર પ્રકાશક સ્વભાવ હોવાથી જીવ પરને જાણે એટલો જ વ્યવહાર માન્ય રાખવામાં આવ્યો છે. પર દ્રવ્યના કોઈ કાર્ય જીવ કરી શકે કે પરને ભોગવી શકે એવું તો ત્રણ કાળમાં શક્ય જ નથી.

**બોલ નં.૧૮:-** બોલ નં.૧૩ થી ૧૭ માં અન્યમતીઓ જીવને શરીર સાથે કઈ રીતે સંબંધમાં જુએ છે તે વિષય લેવામાં આવ્યા છે. તેથી તેનો વિસ્તાર ન કરતા અલિંગ ગ્રહણના છેલ્લા ત્રણ બોલ છે તેનો અભ્યાસ કરીએ. સૌ પ્રથમ આ ત્રણ બોલની સમાન ભૂમિકા કેવા પ્રકારની છે તેનો ખ્યાલ કરી લઈએ.

લક્ષણ દ્વારા લક્ષ્ય જાણી શકાય છે. આ ત્રણ બોલમાં લક્ષ્ય જીવ પદાર્થ છે. જીવનું સ્વરૂપ અસ્તિત્વ-દ્રવ્ય-ગુણ અને પર્યાય સ્વરૂપ છે. તેથી અહીં દ્રવ્ય-ગુણ અને પર્યાય એ ત્રણને લક્ષણરૂપે ગણવામાં આવ્યા છે. લક્ષણ દ્વારા લક્ષ્ય સુધી પહોંચી શકાય છે પરંતુ લક્ષણ ઉપરની દૃષ્ટિ છોડે તો લક્ષ્ય સુધી પહોંચી શકાય છે. મેડી ઉપર જવું હોય તો પગથિયા ઉપર પગ મૂકવો પડે અને પછી છોડવો પડે. તેમ જેને જીવનો કોઈ ખ્યાલ નથી તેને આવા લક્ષણ દ્વારા પ્રવેશ લેવો પડે અને પછી તેને છોડીને આગળ વધવું પડે. પદાર્થમાં દ્રવ્યગુણ-પર્યાય તથા ઉત્પાદ-વ્યય-ધ્રુવ આ બધું આવી જાય છે એવું આપણે ગા. ૯૩માન ખ્યાલમાં લીધું છે. ત્યાં દ્રવ્ય સામાન્ય તે અભેદ છે. ગુણ તથા પર્યાયો તેના ભેદરૂપે રહેલા છે. એ રીતે રજૂઆત કરવામાં આવી હતી. વિસ્તાર સામાન્ય સમુદાયાત્મક અને આયત સામાન્ય સમુદાયાત્મક તે દ્રવ્ય છે. વળી સમયસાર શાસ્ત્રમાં કુંદકુંદાચાર્યદેવે જ્ઞાયક સ્વભાવને દર્શાવવાની પ્રતિજ્ઞા કરી. તે દ્રવ્ય સામાન્ય સ્વરૂપ એવું છે કે ત્યાં જેમાં પર્યાયના ભેદો નથી અને ગુણ ભેદો નથી એમ સમજાવ્યું. વળી એ બે ગાથાઓમાં પર્યાય અને ગુણ ભેદ દ્વારા દ્રવ્ય સામાન્ય સુધી કેવી રીતે પહોંચી શકાય છે તે પણ ટીકાકાર આચાર્યદેવે વિસ્તાર કરીને સમજાવ્યું. આઠમી ગાથામાં વ્યવહાર વડે પરમાર્થ પ્રાપ્ત થાય છે એમ કહ્યું. અર્થાત્ જે અભેદના ભેદો છે તે અભેદને અવશ્ય દર્શાવે છે એમ લીધું. અનાદિ અજ્ઞાની જીવ માટે આટલો વ્યવહાર આવશ્યક છે. અર્થાત્ અજ્ઞાની જીવ સીધો જ્ઞાયકને જાણી શકતો નથી. ઈન્દ્રિય જ્ઞાનમાં રૂપી વિષયોનું જાણપણું પણ આપણે ગુણ દ્વારા જ કરીએ છીએ. તે જ પ્રકાર અહીં અરૂપી જીવને જાણવા માટે કરવાનો રહે છે.

વસ્તુ બંધારણ આ પ્રકારે છે.

પદાર્થ
|
દ્રવ્ય — પર્યાય
|
ગુણ પર્યાય

આપણે દ્રવ્યને અભેદ કહીએ ત્યારે ગુણ અને પર્યાયને ભેદ કહેવામાં આવે છે. જ્યારે પદાર્થને એક ગણીએ છીએ ત્યારે દ્રવ્ય-ગુણ-પર્યાય બધાનો તેમાં સમાવેશ થાય છે. ગુણ અને પર્યાય એ વ્યવહાર નયના વિષયો છે. તેમના દ્વારા દ્રવ્ય સામાન્ય જે નિશ્ચયનયનો વિષય તેની પ્રાપ્તિ થાય છે. નિશ્ચયનય વ્યવહાર નયનો નિષેધક છે. તે રીતે દ્રવ્ય સામાન્ય સુધી પહોંચવાની વાત જિનાગમમાં આવેલી છે.

અહીં હવે એક જાુદી રીતે પ્રતિપાદન છે તે લક્ષમાં લેવા જેવું છે. જ્ઞાનીને તો સ્વાનુભવ સહિત નયજ્ઞાન છે. તેથી તે સમ્યક્‌નયો છે. અન્યને સમજાવવા માટે અથવા પોતે જ્યારે વિકલ્પાત્મક દશામાં હોય છે ત્યારે તેવા નય જ્ઞાન વડે તે ચિંતવન કરે છે. અજ્ઞાની જીવ નય વિભાગથી સમજે છે ત્યારે તેની પાસે મિથ્યાનયો છે. તેથી તે પહેલા ગુણ ભેદ કે પર્યાય ભેદમાં આવે તે જરૂરી છે. અલબત્ત એ ખ્યાલમાં રહે કે પ્રાથમિક ભૂમિકામાં તેની પાસે શબ્દનું જ જ્ઞાન છે. ત્યાં નય લાગુ પડતા નથી. તે જ્યારે જીવના અરૂપી ગુણો અને પર્યાયને વિષય કરે ત્યારથી જ નયો શરૂ થાય છે. આ રીતે અરૂપીમાં પ્રવેશ તે મુખ્ય છે. એ રીતે જો તે દ્રવ્ય સામાન્ય સ્વભાવ સુધી પહોંચે તો તે પણ નિશ્ચયનય જ છે. ત્યાં સુધી અનુભૂતિ નથી. નયાતિક્રાંત થાય ત્યારે જ અનુભૂતિ છે. આ રીતે ગુણ ભેદમાંથી પ્રવેશ લઈ તેને છોડવા છે. પર્યાયનું લક્ષ પણ છોડવું છે. એ જ પ્રમાણે નિશ્ચયનયને પણ છોડવાની વાત છે. તો જ નયાતિક્રાંત થઈને અનુભવ થાય છે. આ વાતને આ ત્રણ બોલમાં લેવામાં આવી છે. અનુભૂતિ એ પ્રમાણ જ્ઞાન છે. તે લક્ષ્ય છે. જીવ પદાર્થ સુધી પહોંચવા માટે દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેય તેના લક્ષણ છે. તે લક્ષણને ગ્રહણ પણ કરવા છે અને છોડવા પણ છે. તેથી આ ત્રણ બોલમાં ગુણ-પર્યાય કે દ્રવ્યથી તેનું એકાંત પકડવાથી સ્વાનુભૂતિ નથી એમ દર્શાવવામાં આવ્યું છે.

હવે દરેક બોલનો અલગ અભ્યાસ કરીએ. ૧૮માં બોલમાં ગુણભેદથી વાત લીધી છે. લિંગ = ગુણ. ગ્રહણ = અર્થાવબોધ. અહીં અર્થાવબોધ - શબ્દ દ્વારા અર્થ એટલે કે પદાર્થ તેનો અવબોધ એટલે જ્ઞાન. અર્થાવબોધ = પદાર્થજ્ઞાન = પ્રમાણજ્ઞાન. જ્યારે પદાર્થના જ્ઞાનની વાત કરીએ છીએ ત્યારે તે પ્રમાણ જ્ઞાન છે એમ આપણે લક્ષમાં લેવું રહ્યું. આ નયાતિક્રાંતનો બોલ છે એવું લક્ષમાં લેવાથી તેનો ભાવ સ્પષ્ટ ખ્યાલમાં આવી જશે.

હજાુ આપણને ગુણ ભેદમાંથી પ્રવેશ લઈને દ્રવ્ય સામાન્ય સુધી જવાનું ખ્યાલમાં આવશે. પરંતુ ગુણભેદ એ વ્યવહારનયનો વિષય છે. અને દ્રવ્ય સામાન્ય એ નિશ્ચયનયનો વિષય છે. હજાુ આપણે નયમાં જ સ્થિત છીએ. તે આપણા ખ્યાલમાં નથી આવતું. આપણે મંજિલે પહોંચી ગયા એવું લાગે છે. પરંતુ એ મિથ્યાનય છે. સ્વાનુભૂતિ વિના નયો સાચા ન હોય. તેથી નયાતિક્રાંત થવાનું બાકી રહે છે. તે કરીએ ત્યારે પદાર્થ અનેકાંતરૂપે લક્ષગત થાય છે.

હવે આપણે 'અ' અર્થાત્ નહીં તેનો વિચાર કરવો છે. દ્રવ્ય સામાન્યમાં ગુણ ભેદ નથી એવું આપણે સમયસાર ગા.૭માં વાચ્યું છે. ત્યાં તો દ્રવ્ય અને ગુણ વચ્ચે અતદ્‌ભાવ રહેલો છે તે વાત લીધી છે. એ અપેક્ષાએ તે કથન સત્યાર્થ છે. અહીં જ્યારે પદાર્થની વાત કરીએ છીએ ત્યારે અપેક્ષા બદલી જાય છે. પદાર્થમાં તો દ્રવ્ય-ગુણ-પર્યાય બધું છે. તેથી જ્યારે પદાર્થમાં ગુણ ભેદ નથી એવું કહીએ

ત્યારે પદાર્થ ગુણ માત્ર નથી એમ સમજવું રહ્યું. પંચાધ્યાયીમાં ''ન ઈતિ એતાવન્માત્ર'' એવો શબ્દ પ્રયોગ આવે છે. એટલે કે ગુણથી વાત કરીએ ત્યારે પદાર્થમાં ગુણ ઉપરાંત પણ બીજું ઘણું છે એ રીતે વિચારી શકાય છે. આ રીતે કથનનું પ્રયોજન એ છે કે તમો ગુણ ભેદમાંથી આગળ વધીને વસ્તુનો અનુભવ કરી લો.

**બોલ નં.૧૯:-** આ બોલમાં લિંગ = પર્યાય. ગ્રહણ = અર્થાવબોધ વિશેષ. ઉપર જે પ્રમાણે ગુણ ભેદથી વિચાર કર્યો તે પ્રમાણે અહીં પર્યાય ભેદથી વિચારવાનું છે. અહીં પણ અજ્ઞાની પ્રાથમિક પ્રવેશ લે છે તે મિથ્યાનયો છે. તેથી નયાતિક્રાંત થાય ત્યારે જ અનુભૂતિ થાય છે તેટલી ભૂમિકા સમાન જ છે.

આ બોલમાં ગ્રહણ શબ્દનો અર્થ અર્થાવબોધ વિશેષ એ પ્રમાણે કર્યો છે. તેથી તેનો પ્રથમ વિચાર કરી લઈએ. પ્રથમ તો નયજ્ઞાન અને પ્રમાણ જ્ઞાનના વિષયોનો વિચાર કરીએ. આપણા જ્ઞાનને તાજા કરી લઈએ.

| | | |
|---|---|---|
| પ્રમાણ જ્ઞાનનો વિષય | ⟶ | આખો પદાર્થ |
| નય જ્ઞાનનો વિષય | - | પદાર્થનો એક અંશ |
| નયનજ્ઞાનનો વિષય | - | આખો પદાર્થ. |

આટલું બરોબર સમજાય છે કે વિરોધાભાસ આવે છે તે આપણે પ્રથમ જોઈ લેવું જરૂરી છે. નયનો વિષય વસ્તુનો એક અંશ છે છતાં ત્યાં નયનો વિષય આખો પદાર્થ એમ પણ લખ્યું છે તે બરોબર સમજવું જરૂરી છે.

પ્રમાણ જ્ઞાન - આખો પદાર્થ - યુગપદ્ જ્ઞાનમાં મુખ્ય ગૌણ કર્યા વિના જણાય છે. જ્યારે નય જ્ઞાનનો વિષય વસ્તુનો એક અંશ છે. ખ્યાલમાં રહે છે અહીં આપણે સમ્યક્નયથી વિચારીએ છે. અર્થાત્ જ્ઞાનીના નયથી વિચારીએ છીએ. જ્ઞાનીએ નિર્વિકલ્પ અનુભૂતિમાં ભાવશ્રુત પ્રમાણ જ્ઞાન વડે પોતાના આત્માને, આખા જીવ પદાર્થને, યુગપદ્ જ્ઞાન વડે જાણી લીધો છે અને ત્યારબાદ તે પદાર્થ નયજ્ઞાન વડે જાણે છે. આ રીતે જ્યારે જ્ઞાની સવિકલ્પદશામાં પોતાના આત્માને, તેના કોઈ એક અંશને જાણે છે ત્યારે તેને તે અંશ તો જણાય છે પરંતુ તેની સાથે આખો આત્મા પણ જણાય છે. દૃષ્ટાંત : તમે કોઈ એક મકાનને બહારથી ચારે દિશામાંથી જોયું છે અને અંદરના ઓરડા વગેરેનો બરોબર અભ્યાસ કર્યો છે. હવે તમે તે મકાનનો કોઈ એક ભાગ જોશો તોપણ તમને આખું મકાન ખ્યાલમાં આવી જશે. જોયેલો ભાગ મુખ્ય હશે અને બાકીનું આખું મકાન ગૌણ હશે. તમને એક ભાગને જાણતા આખા મકાનનું ચિત્ર તમારી સામે આવી જશે. સિદ્ધાંતમાં જ્ઞાની જ્યારે પોતાના આત્માને પર્યાયની મુખ્યતાથી વિચારે છે ત્યારે તે પોતાના આત્માને પર્યાયરૂપે અનુભવમાં લે છે. જ્ઞાની પોતાને પર્યાયાર્થિક નયથી લક્ષમાં લે છે ત્યારે તેને પોતાનો આત્મા સાધકરૂપે લક્ષમાં આવે છે. ગુણસ્થાન અનુસાર પોતે ક્યાં ઊભો છે તેનો તેને બરોબર ખ્યાલ આવે છે. અહીં માત્ર સાધકદશા જ ખ્યાલમાં નથી આવી, પોતે સાધકરૂપે જણાયો છે. અર્થાત્ ત્યાં માત્ર પર્યાય નથી ખ્યાલમાં આવી પરંતુ પર્યાયરૂપે રહેલું દ્રવ્ય જણાયું છે. આ બોલમાં પર્યાયરૂપે પરિણમેલા દ્રવ્યના જ્ઞાનને અર્થાવબોધ વિશેષ એવું નામ આપ્યું છે.

અનુભૂતિપૂર્વકના નયો સમ્યક્ નયો છે. તેના વડે વસ્તુ ખંડિત થતી નથી. વસ્તુનું અખંડપણું પોતાના જ્ઞાનમાં ટકાવીને ભેદનું જ્ઞાન થાય છે. આ પ્રમાણે હોવા છતાં તેનો પણ નિષેધ કરવામાં આવે છે. મિથ્યાનયને છોડીને નયાતિક્રાંત થવાની વાત આપણે પ્રથમ જ વિચારી લીધી છે. હવે તો જ્ઞાની પર્યાયાર્થિક નયથી પોતાના આત્માને જાણે છે. તેને પણ તે સવિકલ્પ દશા છોડીને નિર્વિકલ્પદશા પ્રગટ કરવાની વાત છે. તેથી આ બોલમાં જ્ઞાની

માટે પણ નયની ભૂમિકા છોડવાની વાત કરવામાં આવી છે.

આત્મા પર્યાયથી નહીં આલિંગિત એવું શુદ્ધ દ્રવ્ય છે.

આ બોલમાંથી ઉપરોક્ત ભાવને ગ્રહણ કરાવવામાં આવ્યો છે. તેમાં આલિંગિત અને શુદ્ધ દ્રવ્ય આ બે શબ્દોના ભાવની ચોખવટ જરૂરી છે. શુદ્ધ દ્રવ્યનો સામાન્ય રીતે આપણે દ્રવ્ય સામાન્ય એ પ્રકારનો અર્થ કરીએ છીએ. અહીં તેનો પદાર્થ એ પ્રકારે અર્થ કરવો જોઈએ. દરેક પદાર્થ અન્ય પદાર્થથી પોતાનું ભિન્ન અસ્તિત્વ સદાયને માટે ટકાવીને રહ્યો છે. એ જ તેનું શુદ્ધપણું છે. પ્રમાણ જ્ઞાનને લગતો આ બોલ છે માટે નયનો વિષય ન લેતા પ્રમાણ જ્ઞાનના વિષય એવા આખા જીવ પદાર્થની અહીં વાત લીધી છે.

પદાર્થ એ એક સ્વરૂપ અસ્તિત્વરૂપ સત્તા છે. વિશ્વમાં તેને જ સ્વતંત્ર સ્થાન મળે છે. દ્રવ્ય-ગુણ-પર્યાય બધું તેમાં સમાય જાય છે પરંતુ દ્રવ્ય કે પર્યાયને પદાર્થ જેવી કોઈ સ્વતંત્ર સત્તા નથી મળતી. સત્ - સત્તા હંમેશા ઉત્પાદ-વ્યય-ધ્રોવ્યરૂપ જ હોય છે. માત્ર નિત્ય અથવા અનિત્ય કોઈ સત્તા જ નથી. પર્યાય દ્રવ્યના આશ્રયે છે. પર્યાય પદાર્થના આશ્રયે છે. ક્ષણિક સત્ = નિત્ય સત્‌ની ઓથમાં જ જોવા મળે છે.  આમ હોવાથી હવે આલિંગિત શબ્દનો ભાવ સમજવાનો પ્રયત્ન કરીએ. આલિંગન અર્થાત્ જોડાયેલા રહેવું. આશ્રયે રહેવું. આચાર્યદેવ કહેવા માગે છે કે દ્રવ્ય પર્યાયના આશ્રયે નથી. દ્રવ્ય પર્યાયથી જોડાયેલું નથી. અર્થાત્ પદાર્થ એક સ્વતંત્ર સત્તા છે. અને એ રીતે જ તેને જ્ઞાનમાં લેવી જરૂરી છે. પર્યાયમાંથી પ્રવેશ લઈને પદાર્થ સુધી પહોંચી શકાય છે એવી પરાધીનતા પણ પદાર્થને નથી. અર્થાત્ એવા ભેદનું લક્ષ છોડવાથી જ અનુભૂતિ થાય. વળી સવિકલ્પ દશા છોડીને નિર્વિકલ્પતા પ્રગટ કરવાથી જ પરમાત્મદશાની પ્રગટતા થાય છે. આ રીતે આ બોલમાં એ વાત દર્શાવવામાં આવી છે કે પદાર્થ પોતાથી જ સત્‌મય અને પરિપૂર્ણ છે. તેથી પર્યાયનું લક્ષ છોડીને સ્વાનુભવ કરવા યોગ્ય છે.

**બોલ નં. ૨૦ :-** લિંગ = પ્રત્યભિજ્ઞાનનું કારણ = દ્રવ્ય સામાન્ય સ્વભાવ, ગ્રહણ = અર્થાવબોધ સામાન્ય = પદાર્થને દ્રવ્ય સામાન્યરૂપ લક્ષમાં લેવો, અ નહીં. આ રીતે આચાર્યદેવ ફરમાવે છે કે અજ્ઞાની જીવ તો ગુણ કે પર્યાયના ભેદ દ્વારા જ પ્રવેશ લઈ શકે છે. પરંતુ પદાર્થની અપેક્ષાએ દ્રવ્ય પણ એક ભેદ છે. તે આ પ્રમાણે:- જ્યારે દ્રવ્ય શબ્દ કહેવામાં આવે છે ત્યારે ત્યાં ગુણ કે પર્યાયની વાત લેવામાં આવતી નથી. પરંતુ પદાર્થ કહીએ ત્યારે દ્રવ્ય ઉપરાંત ગુણ અને પર્યાય પણ એમાં આવી જાય છે. આ રીતે કોઈ એક અપેક્ષાએ પદાર્થ એ જ દ્રવ્ય છે અને બીજી અપેક્ષાએ તેમાં ભેદ પણ ખ્યાલમાં આવે છે. કારણકે દ્રવ્ય કહેતા ત્યાં ગુણ અને પર્યાય લેવામાં આવતા નથી.

ખ્યાલમાં રહે કે દ્રવ્યસામાન્ય એ પણ નિશ્ચયનયનો વિષય છે. માટે ત્યાં અનુભૂતિ નથી. આનંદ નથી. નયાતિક્રાંત થાય ત્યારે જ સ્વાનુભવ થાય છે. અતીન્દ્રિય આનંદ વેદાય છે.

અજ્ઞાની નિશ્ચયનય વડે પોતાના આત્માનું લક્ષ કરે ત્યારે તેના જ્ઞાનમાં માત્ર ત્રિકાળ સ્વભાવ જ જણાય છે બીજું કાંઈ નહીં. જ્ઞાની જ્યારે સવિકલ્પ દશામાં પોતાના શુદ્ધાત્માને વિષય કરે છે ત્યારે તેને દ્રવ્ય સામાન્ય સ્વભાવની મુખ્યતા પૂર્વક આખો જીવ પદાર્થ જણાય છે. તેને જ અહીં અર્થાવબોધ સામાન્ય એવા શબ્દો દ્વારા વર્ણવવામાં આવ્યો છે.

## પ્રત્યભિજ્ઞાનનું કારણ

અહીં લિંગ શબ્દનો આ પ્રમાણે અર્થ કર્યો છે. એકવાર જોયેલા જાણેલા પદાર્થને કાળાંતરે

ફરીને જોવા-જાણવામાં આવે ત્યારે મેં પહેલા જોયેલો તે જ આ પદાર્થ છે. વ્યક્તિ છે. સ્થળ છે. વગેરે પ્રકારે જે જ્ઞાન થાય છે તેને પ્રત્યભિજ્ઞાન કહેવામાં આવે છે. સ્વભાવનું એકરૂપપણું સદાય રહે છે. તેથી જ આ શક્ય બને છે. તેથી લિંગ એટલે દ્રવ્ય સામાન્ય એમ સીધી રીતે ન કહેતા પ્રત્યભિજ્ઞાન મારફત સ્વભાવની એકરૂપતાની વાત કરી છે. દ્રવ્ય સામાન્ય નિત્ય છે. ટંકોત્કિર્ણ છે, શાશ્વત છે. પોતાનું સ્વરૂપ સદાય ટકાવી રાખે છે.

નિત્ય સ્વભાવને જોવાની બે દૃષ્ટિઓ છે. એક દૃષ્ટિમાં તે અપરિણામી લક્ષમાં આવે છે. દૃષ્ટિ ફેરવતા એના જ પરિણામો થાય છે. જેનામાં શક્તિરૂપ સામર્થ્ય હોય તેની જ અભિવ્યક્તિ શક્ય બને છે. જેનામાં સામર્થ્ય જ ન હોય ત્યાં પરિણામ શક્ય જ નથી. અપરિણામી શબ્દથી તો વસ્તુનું સ્વરૂપ શાશ્વત છે તે સહજપણે ખ્યાલમાં આવે છે. એ જ સ્વભાવને જ્યારે પરિણામી દૃષ્ટિથી જોવામાં આવે ત્યારે તે સ્વભાવ વ્યાપક થઈને અનાદિથી અનંતકાળ સુધીની અનંત પર્યાયમાં વ્યાપે છે. તે પર્યાયરૂપે થાય છે. પર્યાયો વ્યતિરેક લક્ષણવાળી છે. તેથી પર્યાયમાં અનેક પ્રકારની વિધવિધતા જોવા મળે છે. જીવ શુભ-અશુભ કે શુદ્ધ પર્યાયરૂપે જોવામાં આવે છે. જીવ જે ભાવરૂપે પરિણમે તેની સાથે તે તન્મય છે. તેથી સ્વભાવ પોતે જ અનેકરૂપ થાય છે. ત્યારે પ્રશ્ન થાય કે જો સ્વભાવ અનેકરૂપ થાય છે તો તે સ્વભાવને એકરૂપ કઈ રીતે કહી શકાય ? જેણે પર્યાય કઈ રીતે થાય છે તે સાચી રીતે અને સારી રીતે સમજી લીધું છે તેને આ પ્રકારનો પ્રશ્ન નહીં થાય. તે જાણે છે કે પર્યાયની વિધવિધતા તો વ્યવસ્થાના ફેરફારના કારણે છે. તે વ્યવસ્થા જેની છે તે સ્વભાવ તો સદાય એકરૂપ જ રહે છે. આ રીતે સ્વભાવને અપરિણામીરૂપે લક્ષમાં લો કે તેને પરિણમનના પ્રવાહમાં જુઓ-સ્વભાવ તો સદા એકરૂપ જ રહે છે તે જ પ્રત્યભિજ્ઞાનનું કારણ છે.

આગલા બે બોલની માફક અહીં પણ જ્ઞાનીની નિર્વિકલ્પ અને સવિકલ્પ દશાથી વિચાર કરી શકાય છે. સવિકલ્પ દશા નયજ્ઞાનરૂપ છે. ત્યાં પોતાનો આત્મા દ્રવ્ય સામાન્યની મુખ્યતારૂપે અનુભવાય છે. જ્યારે નિર્વિકલ્પ અવસ્થામાં વસ્તુ જેવી છે તેવી યુગપદ્ જ્ઞાનમાંભાવશ્રુત પ્રમાણ જ્ઞાનમાં જણાય છે અને ત્યારે અતીન્દ્રિય અનુભવાય છે.

આ બોલમાં પણ આલિંગિત શબ્દ છે તેનો અર્થ આપણે આગલા બોલમાં વિચારી ગયા છીએ. વળી ૧૯ માં બોલમાં શુદ્ધ દ્રવ્યનો જે અર્થ કર્યો હતો તે જ અહીં શુદ્ધ પર્યાયને લાગુ પાડવો. અર્થાત્ આ બધા શબ્દો પ્રમાણ જ્ઞાનના વિષયભૂત આખા પદાર્થને લાગુ પડે છે. તેથી શુદ્ધ પર્યાયનો અર્થ પ્રમાણનું દ્રવ્ય કરવાથી વસ્તુ સ્વરૂપ સહજપણે સમજાય છે.

## ◆ ગાથા - ૧૭૩

**અન્યોન્ય સ્પર્શથી બંધ થાય રૂપાદિગુણયુત મૂર્તને;**
**પણ જીવ મૂર્તિરહિત બાંધે કેમ પુદ્ગલકર્મને ? ૧૭૩.**

***મૂર્ત (એવા પુદ્ગલ) તો રૂપાદિ ગુણવાળા હોવાથી અન્યોન્ય (પરસ્પર બંધ યોગ્ય) સ્પર્શો વડે બંધાય છે; (પરંતુ) તેનાથી વિપરીત (અમૂર્ત) એવો આત્મા પૌદગલિક કર્મ કઈ રીતે બાંધી શકે ?***

આ ગાથાથી આચાર્યદેવ એક નવો વિષય શરૂ કરે છે. રૂપી અને અરૂપી વચ્ચે સંબંધ કઈ રીતે શક્ય છે તેની વિચારણા કરવામાં આવે છે. આ ગાથામાં એક પ્રશ્ન રજૂ કરવામાં આવ્યો છે. પ્રશ્ન કરનારને સ્કંધની રચના કઈ રીતે થાય છે. તેનો તેને સ્પષ્ટ ખ્યાલ છે અને તે તેને માન્ય પણ છે. પરમાણુમાં સ્પર્શ ગુણ છે. તેની પર્યાયમાં સ્નિગ્ધ અને રૂક્ષ એવા બે પ્રકારના પરિણામો થાય છે. બે પરમાણુઓ વચ્ચે સ્નિગ્ધ-રૂક્ષના પરિણામો વચ્ચે

બે ગુણનો તફાવત હોય તો સ્કંધ બને છે. અહીં લુખાશ વગેરેના તરતમ ભેદમાં રહેલા તફાવતની વાત છે. જઘન્ય અર્થાત્ એક અંશ અને ત્રણ અંશ લુખાશ હોય તો બંધ થતો નથી.

જીવ અરૂપી છે. અમૂર્ત છે. તેમાં અસ્પર્શ નામનો એક નાસ્તિરૂપ ધર્મો રહેલો છે તે ગુણના કારણે જીવમાં સ્પર્શ સંબંધી કોઈ કાર્ય થઈ શકે તેમ જ નથી. આ સ્પર્શની લુખાશરૂપ-સ્નિગ્ધત્વરૂપ પર્યાય અનુસાર જ બંધ શક્ય છે. જીવમાં તો તેનો અત્યંત અભાવ છે. જો આ પ્રમાણે છે તો અમૂર્ત એવા જીવને મૂર્ત એવા દ્રવ્યકર્મો સાથે ઉભયબંધ કઈ રીતે શક્ય બને છે તે પોતે જાણવા માગે છે. અહીં પોતાના મનના સમાધાન માટે પ્રશ્ન કરવામાં આવ્યો છે. શિષ્યનો પ્રશ્ન યોગ્ય જ છે અને હવે પછીની ગાથામાં આચાર્યદેવ તેનો જવાબ આપવાના છે. પરંતુ આગળ વાંચતા પહેલા આપણે સ્વતંત્ર રીતે આ પ્રશ્નનો જવાબ વિચારી લેવો જોઈએ.

આપણને ખ્યાલ છે કે જ્ઞાનીઓ જીવના વિભાવ ભાવને બંધના કારણરૂપે દર્શાવે છે. સમયસાર બંધ અધિકારમાં દૃષ્ટાંત છે. એક વ્યક્તિ શરીર ઉપર તેલનું માલીસ કરીને ધૂળ ભરેલા સ્થાનમાં વ્યાયામ વગેરે કરે છે ત્યારે શરીર ઉપર ધૂળ ચોંટે છે. તે વ્યક્તિ સાબુથી શરીરને સ્વચ્છ કરીને ફરી તે જ પ્રકારે વ્યાયામ કરે તો પણ તેને ધૂળ ચોંટતી નથી. બીજા બધા સંયોગો સમાન જ છે. તેથી ધૂળ ચોંટવાનું કારણ તેલનું મર્દન છે. એ પ્રમાણે જીવના વિભાવ અનુસાર કર્મ બંધન થાય છે. જ્ઞાનીને મોહરૂપ વિભાવનો અભાવ હોવાથી અનંત સંસારનું કારણ થાય એવો કર્મબંધ થતો નથી. પરમાત્મા વિભાવ રહિત હોવાથી તેને જરાપણ કર્મબંધ થતો નથી. તેથી જીવના વિભાવ ભાવો જ કર્મબંધનું કારણ થાય છે. આ રીતે સમયસાર શાસ્ત્રમાં સમજાવવામાં આવ્યું છે. તે યોગ્ય જ છે. તેથી કોઈના આવા પ્રશ્નનો આપણે એ પ્રકારે ઉત્તર આપી શકીએ છીએ. હવે આચાર્યદેવે તેનો જવાબ કઈ રીતે આપે છે તે જોઈએ.

## ◆ ગાથા - ૧૭૪

**જે રીત દર્શન-જ્ઞાન થાય રૂપાદિનું -ગુણ-દ્રવ્યનું,**
**તે રીત બંધન જાણ મૂર્તિરહિતને પણ મૂર્તનું. ૧૭૪.**

***જે રીતે રૂપાદિરહિત (જીવ) રૂપાદિકને દ્રવ્યોને તથા ગુણોને (રૂપી દ્રવ્યોને તથા તેમના ગુણોને) દેખે છે અને જાણે છે, તે રીતે તેની સાથે (અરૂપીને રૂપી સાથે) બંધ જાણ.***

જીવ જે રીતે રૂપી પદાર્થને જાણે છે તે રીતે તેની સાથે બંધાય છે. એવું સંક્ષેપમાં મૂળ ગ્રંથ કર્તા કહેવા માગે છે. આપણને ખ્યાલ છે જાણવું એ જીવનું સ્વાભાવિક કાર્ય છે અને વિભાવ કરવો એ જીવનું અશુદ્ધ કાર્ય છે. તેથી આ પ્રકારનો જવાબ શા માટે આપ્યો એવો વિચાર અવશ્ય થાય. એની સ્પષ્ટતા માટે આ પ્રકારના જવાબનો આશય સમજવાનો પ્રયત્ન કરવો રહ્યો. ગ્રંથકર્તાનું હૃદય શું કહેવા માગે છે તે શોધવું રહ્યું.

જિનાગમમાં દરેક પદાર્થનું ભિન્ન અસ્તિત્વ દર્શાવવામાં આવ્યું છે. દરેક પદાર્થ, સ્વતંત્રતાથી શોભાયમાન છે. દરેકના સ્વરૂપ અસ્તિત્વો જુદા જ છે. દરેક પદાર્થમાં દ્રવ્ય-ગુણ-પર્યાય તથા ઉત્પાદ-વ્યય-ધ્રુવ એવા ભેદો રહેલા છે. એ બધા અતદ્ભાવરૂપના ભેદો છે. ખરેખર સત્તા તો પદાર્થને જ મળે છે. ગુણ અને પર્યાયોને એવી સ્વતંત્ર સત્તા નથી. એક પદાર્થ અંતર્ગત જે કાંઈ છે તે બધું તાદાત્મ્યરૂપ-તન્મયરૂપ છે. તે બધા અવિનાભાવ સંબંધથી ગૂંથાયેલા છે. કોઈ એકબીજાથી કયારેય જુદા પડી શકે તેમ નથી. આપણે સત્‌ની સ્થાપના કરતા સમયે એ લક્ષમાં લીધું કે સત્ અને ક્ષેત્ર બન્ને અવિનાભાવરૂપ છે. જેને સત્ નથી તેને ક્ષેત્ર પણ નથી. એક પદાર્થમાંથી તેના ગુણો તો જુદા ન પડે

પરંતુ પર્યાયો પણ જુદી ન પડે. બે પદાર્થો વચ્ચે અસ્તિ નાસ્તિ છે.

જિનાગમમાં આ અસ્તિનાસ્તિને ઘણી જ દૃઢ કરાવવામાં આવી છે. અજ્ઞાની જીવે પરદ્રવ્યો સાથે અનેક પ્રકારના દોષિત સંબંધો બાંધ્યા છે. તેથી તેમાંથી તેને છોડાવવા માટે દરેક પદાર્થનું સ્વતંત્ર સત્ તેને સમજાવવામાં આવ્યું છે. અસ્તિ નાસ્તિ એટલે સ્વથી એકત્વ અને પરથી વિભક્તપણું. દરેક જીવ પોતાના પરિણામોને કરે છે. અને તેને જ ભોગવે છે. કોઈ પરદ્રવ્યના પરિણામોને કરી શકતું નથી અને પરને ભોગવી શકતું નથી. આ પ્રકારે આપણે પણ અભ્યાસ કરેલો છે અને તે સિદ્ધાંતો માન્ય કર્યા છે.

આ સિદ્ધાંતને અનુસરીને જે જીવ આત્મ કલ્યાણ કરવા માગે છે તેને ભેદ જ્ઞાનનો પ્રયોગ કરવાનો રહે છે.

ભેદ જ્ઞાનનો પ્રયોગ કરતા પહેલા તે જીવ અને પુદ્ગલના સ્વભાવોને લક્ષમાં લે છે. દ્રવ્યકર્મ, શરીર અને સંયોગો પુદ્ગલરૂપ છે. તેથી આત્માથી અત્યંત ભિન્ન છે. જીવ અને પરદ્રવ્ય એક છે એમ માનવું એ મિથ્યાત્વ છે. તેથી બેના જુદાપણાનો પ્રયોગ કરે તે ખરેખર વિભાવથી પણ જુદો પડે છે. કારણકે બે દ્રવ્યોને જુદા લક્ષમાં લેતા મિથ્યાત્વ ઉત્પન્ન જ થતું નથી. આ રીતે ભેદ જ્ઞાનનો પ્રયોગ કરવાથી જીવ ભાવકર્મ, દ્રવ્યકર્મ અનો નોકર્મ બધાથી જુદો પડી જાય છે. પરમાત્મ દશા પ્રગટ થતાં જીવ ચૈતન્ય ગોળો છૂટો પડીને લોકાગ્રે બિરાજમાન થાય છે. આ બધું આપણે અભ્યાસમાં લીધું છે. તેથી જીવ પર દ્રવ્યથી અત્યંત ભિન્ન છે તે સિદ્ધાંત આપણે અપનાવ્યો છે.

જ્ઞાનનો સર્વજ્ઞ સ્વભાવ છે. સ્વ-પર પ્રકાશક જ્ઞાનની શક્તિ છે તે રીતે જ્ઞાનનો પણ જિનાગમમાં ઘણા પ્રકારે મહિમા કરવામાં આવ્યો છે. જ્ઞાન પરને જાણે છે. તે વાત બધા સહજપણે માન્ય કરે છે. સ્વીકારે છે. તેથી તેને આ પ્રકારે અરૂપી જીવ રૂપી પદાર્થને જાણે છે. તેમાં કોઈ વિરોધ લાગતો નથી. જીવ પરથી ભિન્ન રહીને જ પરને જાણે છે. અજ્ઞાની અને અભવી જીવ પણ પરથી જુદો રહીને જ પરને જાણે છે. આ પણ ગુરુગમે આપણે માન્ય કરીએ છીએ. આ રીતે આપણે જ્ઞાનનું મહાત્મ્ય કરીએ છીએ.

પરદ્રવ્યને જાણવા એક અલગ વાત છે અને દ્રવ્યકર્મરૂપ પરદ્રવ્ય સાથે બંધાવું એ એક અલગ વાત છે. જાણવું એ સ્વભાવ છે અને બંધાવું એ દોષ છે. તેથી અહીં આચાર્યદેવ શું કહેવા માગે છે તે વિચારવું રહ્યું.

અસ્તિ નાસ્તિ પણ ખરેખર એકાંતરૂપ નથી. તે પણ અનેકાંત સ્વરૂપ છે. આ કથન બરોબર ખ્યાલમાં લેવા જેવું છે. બે પદાર્થો તદ્દન ભિન્ન રહીને પણ ક્ષણિક સંબંધમાં આવી શકે છે. દ્રવ્ય અને ગુણ તો શાશ્વત છે. તેથી બે પદાર્થોના દ્રવ્ય અને ગુણો વચ્ચે તો કોઈ પ્રકારનો સંબંધ શક્ય જ નથી. પર્યાય ક્ષણિક છે. બે પદાર્થોની સમયવર્તી પર્યાયો વચ્ચેના સંબંધને નિમિત્ત નૈમિત્તિક સંબંધ કહેવામાં આવે છે.

તાદાત્મ્યસિદ્ધ સંબંધ અને નિમિત્ત નૈમિત્તિક સંબંધ વચ્ચેનો તફાવત આચાર્યદેવ દર્શાવવા માગે છે. આ ગાથામાં જ્યારે આ દલીલ કરવામાં આવી કે જે રીતે જીવ રૂપી પદાર્થને જાણે છે તે રીતે રૂપી પદાર્થ સાથે બંધાય છે ત્યાં આ ભાવ આચાર્યદેવ દર્શાવવા માગે છે.

બે પદાર્થોની વચ્ચેના સમયવર્તી પર્યાયો વચ્ચેના મેળ વિશેષને નિમિત્ત નૈમિત્તિક સંબંધ કહ્યા છે. બિંબ પ્રતિબિંબ સંબંધ, પ્રકાશ્ય પ્રકાશક સંબંધ વગેરે નિમિત્ત નૈમિત્તિક સંબંધના જ પ્રકારો છે. એ

રીતે જ્ઞેય જ્ઞાયક સંબંધ એ પણ એક પ્રકારે નિમિત્ત નૈમિત્તક સંબંધ જ છે. બે પર્યાયો દ્વારા બે પદાર્થો વચ્ચે ગમે તેટલા ઘનિષ્ટ સંબંધો લક્ષમાં આવે પરંતુ ત્યાં તાદાત્મ્યપણું તો કયારેય શક્ય જ નથી. તેથી બે પદાર્થો સદાય જુદા જ રહે છે. આ ગાથામાં એવો સિદ્ધાંત દર્શાવવામાં આવે છે કે દરેક પદાર્થ પોતાનું સ્વતંત્રપણું ટકાવીને અવશ્ય અન્ય દ્રવ્યો સાથે સંબંધમાં આવે છે. આકાશ પોતાના અવગાહન હેતુત્વ ગુણ દ્વારા અને કાળ દ્રવ્ય વર્તના હેતુત્વ ગુણ દ્વારા સમસ્ત પદાર્થો સાથે સંબંધમાં રહેલા જ છે. પરમાત્મા બધાથી ભિન્ન થયા પરંતુ પોતાના અસાધારણ જ્ઞાન ગુણ દ્વારા વિશ્વના સમસ્ત પદાર્થોને જાણે છે. અર્થાત્ પરમાત્માને વિશ્વના સમસ્ત પદાર્થો સાથે જ્ઞેય જ્ઞાયક સંબંધ રહેલો છે.

આશય એ છે કે વિશ્વના સમસ્ત પદાર્થો પોતાનું ભિન્ન અસ્તિત્વ ટકાવીને વિશ્વના અન્ય દ્રવ્યો સાથે સંબંધમાં પણ અવશ્ય આવે છે. જો અસ્તિ નાસ્તિને સર્વથાપણામાં ખેંચી જવામાં આવે તો દરેક પદાર્થ એક વિશ્વ બની જાય. છ દ્રવ્યો અને તેના સંબંધો મિથ્યા સાબિત થાય. જીવમાં સંસાર અને મોક્ષ એવી બે અવસ્થાઓ સિદ્ધ ન થાય. અર્થાત્ બધું વિપ્લવ પામે. એ જ પ્રકારે બે પદાર્થો સંબંધમાં આવીને એક થઈ જાય છે. જીવ અને શરીર એક જ છે એવી જે અજ્ઞાનીની માન્યતા છે તે પણ તદ્દન જુઠી જ છે. સમયસારની ત્રીજી ગાથામાં આવે છે કે વિશ્વના બધા પદાર્થો એકત્વ નિશ્ચયને પ્રાપ્ત હોવાથી જ શોભા પામે છે. બે પદાર્થ એક થાય તો એક પદાર્થના (સંખ્યા અપેક્ષાએ) નાશનો પ્રસંગ બને. વળી દૃષ્ટાંતરૂપે જીવ અને શરીરને એક માનવાથી તેમાં સ્પર્શ, રસ વગેરે તથા જ્ઞાન-સુખ વગેરે બધા ધર્મો જોવા મળે. આ કદી શક્ય જ નથી. અને કદાચ આવા પ્રગટ વિરોધી ધર્મો એક પદાર્થમાં ખરેખર હોય તો તેને શું નામ આપવું ? ક્યા લક્ષણથી તેને ઓળખવો વગેરે અનેક પ્રશ્નો ઊભા થાય છે.

તેથી દરેક પદાર્થ પોતાનું ભિન્ન-સ્વતંત્ર સ્વરૂપ અસ્તિત્વ ટકાવીને વિશ્વના અન્ય સમસ્ત દ્રવ્યો સાથે કોઈને કોઈ પ્રકારના સંબંધમાં અવશ્ય હોય છે એવું દર્શાવવામાં આવ્યું છે. તેથી અરૂપીને રૂપી સાથે સંબંધ કઈ રીતે હોય તે પ્રશ્ન ખરેખર અસ્થાને છે. જ્ઞાનીને પરદ્રવ્ય સાથે જ્ઞેય જ્ઞાયક સંબંધ છે અને અજ્ઞાનીને પરદ્રવ્ય સાથે નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. તે બન્ને અવસ્થામાં અર્થાત્ જીવ જ્ઞાની હોય કે અજ્ઞાની જીવ પરથી પોતાનું અત્યંત ભિન્નપણું સદાયને માટે ટકાવીને રહેલો છે.

હવે ટીકાકાર આચાર્યદેવ આ ગાથાનો ભાવ કેવી રીતે ખોલે છે તેનો અભ્યાસ કરીએ ત્યાર પહેલા આપણે એક ટેબલ બનાવી લઈએ.

જીવ    અસ્તિ ‖ નાસ્તિ    પરદ્રવ્ય

સંબંધ

દ્રવ્ય અને ગુણો સંબંધમાં આવતા નથી.

સમયવર્તી પર્યાય ⟷ સમયવર્તી પર્યાય

નિ. નૈ. સંબંધ

તાદાત્મ્ય સંબંધ નથી

ટીકાકાર અમૃતચંદ્રાચાર્યદેવ જ્ઞેય જ્ઞાયક સંબંધ દર્શાવે છે.

જીવ (આબાલગોપાલ) → જ્ઞાનની પર્યાય → જ્ઞે.જ્ઞા. સંબંધ

જ્ઞેય: સાચો અથવા કૃત્રિમ બળદ → જ્ઞેયની પર્યાય → જ્ઞે.જ્ઞા. સંબંધ

જ્ઞે.જ્ઞા. સંબંધ → બળદના આકારે જ્ઞેયાકાર જ્ઞાન

ખ્યાલમાં રહે કે જીવની જ્ઞાન પર્યાય તો એકરૂપ જ છે. તે જ્ઞેય જ્ઞાયક સંબંધના કારણે જ્ઞેયાકાર થાય છે. જ્ઞાનની પર્યાય નિરપેક્ષપણે તો જ્ઞાનરૂપ જ હોય છે.

જેવી રીતે બાળ અથવા ગોપાલને (જીવને) પૃથક રહેલા માટીના અથવા સાચા બળદ (જ્ઞેય) ને જાણતા બળદ સાથે સંબંધ નથી. આ રીતે જીવ જ્યારે બળદને જાણે છે ત્યારે જીવને બળદ સાથે સંબંધ નથી એમ દર્શાવે છે. આ કથન વિરોધાભાસી લાગે તો પણ ત્યાં વિરોધ નથી. જેની સ્પષ્ટતા ત્યાર પછીના લખાણ દ્વારા થાય છે.

તોપણ (વિષયપણે રહેલો બળદ) જ્ઞેય જેમનું નિમિત્ત છે એવા જે ઉપયોગ (જ્ઞાનની પર્યાય નૈમિત્તિક) = (બળદના આકારે થયેલું જ્ઞાન) જ્ઞેયાકાર - (નૈમિત્તિક) તેમની સાથેનો સંબંધ = જીવને પોતાની જ્ઞેયાકાર જ્ઞાનની પર્યાય સાથે તાદાત્મ્ય સિદ્ધ સંબંધ છે. બળદરૂપ જ્ઞેય-(પરજ્ઞેય) સાથેના (સંબંધરૂપ વ્યવહારનું) સાધક જરૂર છે.

આ રીતે આચાર્યદેવ ફરમાવે છે કે જાણનાર વ્યક્તિ બળદથી જુદી રહીને જાણે છે. તે બળદને જાણે છે ત્યારે પણ જીવ દ્રવ્યને બળદના દ્રવ્ય સાથે સંબંધ નથી. જીવ પોતે જ્ઞાન અર્થાત્ જાણવાનું કાર્ય કરે છે. એ એકરૂપ જ્ઞાન છે. જ્ઞેય જ્ઞાયક સંબંધનું સ્વરૂપ જ એવું છે કે જીવ પરદ્રવ્યથી ભિન્ન રહીને જ તેને જાણે છે. જાણવા રૂપનું કાર્ય અહીં નૈમિત્તિક ગણવામાં આવ્યું છે અને જ્ઞેયને તેમાં નિમિત્ત ગણ્યું છે. આવા સંબંધના કારણે જ્ઞાનની પર્યાય પર જ્ઞેયાકાર રૂપ થાય છે. તે સમયે પણ જીવ દ્રવ્ય કે જીવના કોઈ ગુણો પરજ્ઞેયના દ્રવ્ય કે ગુણો સાથે સંબંધમાં નથી. ત્યાં તો ભિન્નપણું જ છે. દરેક દ્રવ્ય પોતાની વર્તમાન સમયવર્તી પર્યાય દ્વારા જ અન્ય દ્રવ્યની તે સમયની પર્યાય સાથે સંબંધમાં આવે છે. તે પ્રમાણે દરેક દ્રવ્ય પોતાની પર્યાય દ્વારા જ અન્ય દ્રવ્ય સાથે સંબંધમાં આવે છે. આ પરદ્રવ્ય સાથેના સંબંધની વાત છે. માટે તેને વ્યવહાર કહેવામાં આવે છે. જ્ઞેય જ્ઞાયક સંબંધ પણ એક પ્રકારનો નિમિત્ત નૈમિત્તિક સંબંધ જ છે. જ્ઞેય જ્ઞાયક સંબંધ નિર્દોષ છે. હવે ત્યારબાદ જે દ્રવ્યકર્મ સાથેના બંધની વાત લેવામાં આવે છે. ત્યાં દોષિત સંબંધ દાખલ થાય છે. અહીં પણ એ જ પ્રકારે સમજાવવામાં આવ્યું છે. જીવને દ્રવ્યકર્મ સાથે કોઈ સંબંધ નથી. જીવ અરૂપી છે તેથી તેમાં સ્પર્શ ગુણ નથી. જીવ અને કર્મનું જુદાપણું દર્શાવીને પછી સંબંધ દર્શાવે છે.

જીવ          દ્રવ્યકર્મ - અત્યંત ભિન્નપણું

↓ તાદાત્મ્યપણું ↗ નિ. નૈ. સંબંધ

વિભાવભાવ

શબ્દ પ્રયોગ આ રીતે છે.

એકાવગાહપણે રહેલા કર્મ પુદ્ગલો = જીવની સાથે ઉભયબંધને પ્રાપ્ત રહેલા કર્મનો ઉદય = નિમિત્ત.

ઉપયોગમાં આરૂઢ રાગ દ્વેષાદિ ભાવો = જીવના વિભાવ ભાવો = નૈમિત્તિક પરિણામ. જીવને વિભાવ પર્યાય સાથે તાદાત્મ્યસિદ્ધ સંબંધ.

જીવના વિભાવને દ્રવ્યકર્મ સાથે નિમિત્ત નૈમિત્તિક સંબંધ. આ રીતે એક વિશેષતા - જીવના વિભાવમાં જે નિમિત્ત છે તે તો જીવની સાથે ઉભય બંધને પ્રાપ્ત કર્મ છે. તે દ્રવ્યકર્મ તો ભૂતકાળમાં જીવની સાથે બંધાયેલું હતું. જીવ વર્તમાનમાં જે વિભાવભાવ કરે છે તે વિભાવને નિમિત્ત બનાવીને જીવના ક્ષેત્રમાં જ એકક્ષેત્રાવગાહરૂપે રહેલી કાર્મણ વર્ગણા દ્રવ્યકર્મરૂપે પરિણમે છે અને તે દ્રવ્યકર્મ જીવની સાથે ઉભયબંધને પ્રાપ્ત થાય છે. આ રીતે જીવને જુના અને નવા એમ બે પ્રકારના દ્રવ્યકર્મો સાથે ઉભયબંધ રહેલો છે.

### ◆ ગાથા - ૧૭૫

વિધવિધ વિષયો પામીને ઉપયોગ-આત્મક જીવ જે
પ્રદ્વેષ-રાગ-વિમોહભાવે પરિણમે, તે બંધ છે. ૧૭૫.

*જે ઉપયોગમય જીવ વિવિધ વિષયો પામીને મોહ કરે છે, રાગ કરે છે અથવા દ્વેષ કરે છે, તે*

*જીવ તેમના વડે (મોહ રાગ દ્વેષ વડે) બંધરૂપ થાય છે.*

આ ગાથામાં આચાર્યદેવ ભાવબંધનું સ્વરૂપ દર્શાવે છે. જીવ વિભાવરૂપે પરિણમે છે. તે ભાવબંધ છે. અર્થાત્ જીવ અને વિભાવ પર્યાય વચ્ચેના સંબંધને ભાવબંધ કહે છે. તે સમયે પરદ્રવ્ય તેમાં નિમિત્ત છે. હવે સિદ્ધાંત સમજીએ.

જીવને પોતાના પરિણામો સાથે તાદાત્મ્યપણું છે. તેથી જીવ અજ્ઞાન ભાવરૂપે, સાધકરૂપે અને સિદ્ધરૂપે એમ જે અવસ્થારૂપે પરિણમે તેની સાથે તેનું તાદાત્મ્યપણું છે. અહીં અજ્ઞાનમય અને જ્ઞાનમય બે જાતના પરિણામોનો જ વિચાર કરીએ. જ્ઞાની જ્ઞાનરૂપે પરિણમે છે અર્થાત્ ત્યાં સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર રૂપના પરિણામો છે. અને તેનાથી તન્મય છે. અજ્ઞાની જીવ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્રરૂપે પરિણમે છે અને તે જીવ તે ભાવ સાથે પણ તન્મય છે. જીવ શુદ્ધતારૂપે પરિણમે તે બદ્ધતા છે અને જીવ અશુદ્ધતારૂપે પરિણમે તે ભાવબંધ છે. શુદ્ધતારૂપે પરિણમેતો જીવ સ્વ સમય અને અશુદ્ધતારૂપે પરિણમેલો જીવ પરસમય છે.

| જ્ઞાની | અજ્ઞાની |
|---|---|
| ૧) જાણે છે. | રાગને કરે છે. |
| ૨) સમ્યગ્દર્શન, સમ્યકજ્ઞાન, સમ્યક્ચારિત્ર | મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર |
| સ્વસમય પ્રવૃત્તિ | પર સમય પ્રવૃત્તિ |
| શુદ્ધ પર્યાય | અશુદ્ધ પર્યાય |
| પર્યાયનું સ્વભાવ સાથે તન્મયપણું | પર્યાયનું સ્વભાવ સાથે તન્મયપણું |
| ભાવબંધનો અભાવ | ભાવબંધનો સદ્ભાવ |
| દ્રવ્યકર્મો જ્ઞાનમાં નિમિત્ત | દ્રવ્યકર્મ વિભાવમાં નિમિત્ત |
| સંયોગો જ્ઞાનમાં નિમિત્ત | સંયોગના લક્ષે વિભાવભાવ |
| પર્યાય સાથે બદ્ધતા | પર્યાય સાથે ભાવબંધ |

આ રીતે આ ગાથામાં જીવ અને વિભાવ પર્યાય વચ્ચેના સંબંધને ભાવબંધરૂપે દર્શાવ્યા છે. જીવને શુદ્ધ પર્યાય સાથેના સંબંધને બદ્ધતા ગણવામાં આવે છે. જ્યારે વિભાવ પર્યાય સાથેના સંબંધને બંધ અર્થાત્ ભાવબંધ કહેવામાં આવે છે. બદ્ધતા એ શુદ્ધતાનું સૂચક છે અને બંધ શબ્દ અશુદ્ધતા દર્શાવે છે. જીવને કર્મ સાથે ઉભયબંધ અને શરીર સાથે વિશિષ્ટ સંબંધ બંધ - એ રીતે આપણે શબ્દનો પ્રયોગ કરીએ છીએ. જીવમાં જ્યાં સુધી વિભાવ થાય છે ત્યાં સુધી તો એ વિભાવ પર્યાય જીવની સાથે ભાવબંધરૂપ છે અને તાદાત્મ્યરૂપ પણ છે. જીવ સ્વભાવના આશ્રયે અજ્ઞાન અને વિભાવનો અભાવ કરીને વીતરાગ થાય છે ત્યારે વિભાવ સદાયને માટે જીવની પર્યાયમાંથી જાય છે. જે કાયમ માટે જાય તે જીવનું સ્વરૂપ નથી. તેથી જીવને વિભાવ પર્યાય સાથે જે સંબંધ છે તેને ભાવબંધ કહ્યો છે. સમયસાર ૨૯૪ ગાથામાં પણ જીવ અને બંધના સ્વલક્ષણ એ રીતે જ દર્શાવ્યા છે. ત્યાં જીવનું લક્ષણ ચૈતન્ય અને બંધનું સ્વલક્ષણ રાગ દર્શાવ્યું છે. અજ્ઞાની જીવને ભાવ-આસ્રવ અને ભાવબંધ બન્ને સાથે જ હોય છે. તેથી અહીં ભાવાસ્રવનો અલગ ઉલ્લેખ કર્યો નથી. જીવના અજ્ઞાનમય પરિણામને આ બન્ને નામ આપવામાં આવે છે. ખ્યાલમાં રહે કે આસ્રવ અને બંધ એ બે શબ્દો દ્રવ્યકર્મની મુખ્યતાથી લેવામાં આવ્યા છે. દ્રવ્યકર્મોનું જીવ સાથે બંધાવા માટે આવવું એ દ્રવ્યાસ્રવ છે અને તેનું જીવ સાથે

બંધાવું એ દ્રવ્યબંધ છે. જેને ઉભયબંધ પણ કહેવામાં આવે છે. જે રીતે જીવની વિભાવ પર્યાયનો જીવ સાથે સંબંધ એ ભાવબંધ નામ પામે છે. તેમ પુદ્‌ગલનું દ્રવ્યકર્મરૂપે થવું એ દ્રવ્યબંધ છે. જીવના ભાવબંધ અને પુદ્‌ગલના દ્રવ્યબંધ વચ્ચેના સંબંધને ઉભયબંધ કહે છે એવું પણ સૂક્ષ્મપણે વિચારી શકાય છે.

જિનાગમમાં યોગના કંપનને જ આસ્રવના કારણેરૂપે માન્ય કર્યો છે. વિભાવને બંધના કારણમાં લેવામાં આવે છે. આમ હોવાથી વીતરાગતાની પ્રાપ્તિ થયા બાદ પણ યોગના કંપનને કારણે કર્મો આવે છે તેને ઈર્યાપથ આસ્રવ કહે છે. ત્યાં વિભાવનો અભાવ હોવાથી કર્મો જીવની સાથે બંધાતા નથી.

આ ગાથાની ટીકામાં આત્માને ઉપયોગ સ્વરૂપ કહ્યો છે. અહીં ઉપયોગનો અર્થ જીવની પર્યાય સમજવો. તે ઉપયોગને દર્શન અને જ્ઞાનમય કહ્યો છે અને જ્ઞેય પદાર્થોના સમયે સમયે થતાં વિસદૃશ પરિણામ અનુસાર જીવમાં મોહ રાગ-દ્વેષ થાય છે એમ લીધું છે. જીવના પરિણામમાં મોહ રાગ-દ્વેષની વાત છે. તેથી ત્યાં માત્ર જ્ઞાનની પર્યાય લાગુ ન પડે માટે ઉપયોગનો અર્થ જીવની પર્યાય લેવી જરૂરી છે. રાગ અથવા દ્વેષ એવા બે ભેદ સમજાવવા માટે પરદ્રવ્યો સંયોગોની વાત લેવામાં આવી છે. અજ્ઞાની જીવ સંયોગોના લક્ષે સંયોગીભાવ કરે છે. સંયોગોમાં અનુકૂળ અને પ્રતિકૂળ એવા ભેદ પાડીને રાગ કે દ્વેષના ભાવો કરે છે એવો બધાને અનુભવ છે. જીવના ત્રણ પ્રકારના વિભાવની વાત લેવી છે માટે સ્ફટીકના દૃષ્ટાંતમાં અન્ય ત્રણ રંગના પદાર્થોથી વાત કરવામાં આવી છે. જેથી સિદ્ધાંત સમજવામાં સુગમતા રહે.

આ ગાથામાં જ્યારે ભાવબંધની વાત લેવામાં આવી છે ત્યારે આપણે ભાવબંધ અંગે થોડી વિશેષ વિચારણા કરી લઈએ. તેમાં ભાવબંધની ઉત્પત્તિનું મૂળ કારણ શું છે અને તેનો અભાવ કેવી રીતે થાય તે જાણવાનું આપણું પ્રયોજન છે. બંધના કારણોમાં મિથ્યાત્વ-અવિરતિ કષાય અને યોગ લેવામાં આવે છે. તેથી મિથ્યાત્વ એ તો મુખ્ય છે. શ્રદ્ધાનો દોષ હોય ત્યાં જ્ઞાનમાં પણ દોષ ગણવામાં આવે છે. ખરેખર તો જીવ જ્ઞાન મારફત જ અન્ય દ્રવ્યો સાથે સંબંધમાં આવી શકે છે. તેથી ટીકામાં જ્ઞાનની વાત લીધી છે. અજ્ઞાની જીવ પરથી ભિન્ન રહીને જ પરને જાણે છે છતાં તે જ્ઞેય જ્ઞાયક સંકરદોષ કરે છે અને તે જ્ઞાનપૂર્વક શ્રદ્ધાનમાં પણ મોહની ઉત્પત્તિ થાય છે. જ્ઞેયો જીવથી સદાય ભિન્ન જ છે. પરંતુ જ્ઞેય જ્ઞાયક સંબંધના કારણે જાણે કે જ્ઞેયો જ્ઞાનમાં આવી ગયા એવું ભાસે છે. તેથી પરને પોતાના માનવારૂપ મોહ ઉત્પન્ન થાય છે. તેને પરના કાર્ય હું કરી શકું છું અને પરને ભોગવી શકું છું એવી માન્યતા થાય છે. બાહ્ય વિષયોને ભોગવતા મને સુખ-દુઃખ થાય છે એવી માન્યતાના કારણે તેને બાહ્યમાં હિતબુદ્ધિ છે.

જે ઉપયોગ (જીવના પરિણામ) હિતબુદ્ધિ-પૂર્વક બાહ્યમાં જાય છે. તેને કોઈ પણ બાહ્ય વિષય મળતાં તે ઉપયોગ બે ભાગરૂપે થઈ જાય છે. અર્થાત્ સંયોગના લક્ષે તે રાગ-દ્વેષ કરી લે છે. આ રીતે અજ્ઞાની જીવ પોતાના મોહના કારણે અર્થાત્ પરદ્રવ્યમાં એકત્વબુદ્ધિ ધરાવતો હોવાથી સ્વયં રાગ-દ્વેષરૂપે પરિણમે છે. જીવના આ મોહ રાગ-દ્વેષના નિયમભૂત નિમિત્ત કારણ ઘાતિ કર્મોદય છે. આ રીતે અજ્ઞાની જીવ વિભાવેશ્વર થઈને સ્વયં રાગી-દ્વેષી થાય છે અને એવા ભાવથી તે બાહ્ય સંયોગોમાં જોડાય છે. જે સંયોગોના નિમિત્તે રાગ-દ્વેષ માને છે તે સંયોગો બદલાવવા માટે પ્રયત્ન કરે છે જે વ્યર્થ છે. સંયોગો તો પૂર્વના પ્રારબ્ધ અનુસાર પ્રાપ્ત થાય છે અને સંયોગો રાગ-દ્વેષનું કારણ નથી. ચારિત્રના દોષનું કારણ મિથ્યાત્વ છે. માટે જે જીવ રાગ અને દ્વેષને ટાળવા માગે છે તેણે આ સિદ્ધાંતને યોગ્ય રીતે સમજીને જે રીતે મિથ્યાત્વ મટે તે પ્રકારનો

પુરુષાર્થ કરવો જોઈએ. સંયોગોને આઘા પાછા કરવાના પ્રયત્નોની નિરર્થકતા ભાસે તે જરૂરી છે. સ્વ અને પર તદ્દન જુદા જ છે. દરેક પદાર્થ સ્વથી એકત્વ અને પરથી વિભક્તરૂપ સદાય છે. તેની ખાત્રી કરીને જીવનું પરથી અત્યંત ભિન્નપણું ભાસે તો જ તે મિથ્યાત્વનો ત્યાગ કરી શકે છે.

## ◆ ગાથા - ૧૭૬

**જે ભાવથી દેખે અને જાણે વિષયગત અર્થને,**
**તેનાથી છે ઉપરક્તતા; વળી કર્મબંધન તે વડે ૧૭૬.**

***જીવ જે ભાવથી વિષયમાં આવેલ પદાર્થને દેખે છે અને જાણે છે, તેનાથી જ ઉપરક્ત થાય છે; વળી તેનાથી જ કર્મ બંધાય છે; એમ ઉપદેશ છે.***

આ ગાથામાં સંયોગો, ભાવકર્મ અને દ્રવ્યકર્મ વચ્ચેના સંબંધો દર્શાવ્યા છે. જીવ પોતે રાગી-દ્વેષી થઈને સંયોગોમાં જોડાય છે. અને નવા દ્રવ્યકર્મોને બાંધે છે. અહીં રજૂઆત એ પ્રમાણે કરી કે જીવ સંયોગોને જાણે છે. જાણવાની સાથે જ રાગ કરે છે અને નવા કર્મને બાંધે છે. જાણવા દેખવાનું કામ તો જ્ઞાની અને અજ્ઞાની બન્ને કરે છે. અજ્ઞાની પર સાથે એકપણું માનતો તેને જાણે છે તેથી સંયોગો મારામાં આવી ગયા એવું માનીને રાગ-દ્વેષ કરે છે. આ રીતે અજ્ઞાની જીવ એક જ સમયમાં પરને જાણે પણ છે અને તે જ સમયે મોહ તથા રાગ અથવા દ્વેષ કરે છે.

જાણપણા ઉપરાંત આ જે વિભાવભાવ થાય છે તે ઉપરક્તતા અર્થાત્ મલિનતા છે. તે વિભાવના નિમિત્તે જીવ નવા દ્રવ્યકર્મ સાથે બંધાય છે. પુદ્ગલના સ્કંધરૂપના પરિણમનમાં જેમ ચીકાશ અને લુખાશ કામ કરી જાય છે. તેમ જીવનો વિભાવભાવ એ ચીકાશના સ્થાને છે તેથી જીવને દ્રવ્યકર્મ સાથે સંબંધ થાય છે.

## ◆ ગાથા - ૧૭૭

**રાગાદિ સહ આત્મા તણો, ને સ્પર્શ સહ પુદ્ગલ તણો,**
**અન્યોન્ય જે અવગાહ તેને બંધ ઉભયાત્મક કહ્યો. ૧૭૭.**

***સ્પર્શો સાથે પુદ્ગલનો બંધ, રાગાદિક સાથે જીવનો બંધ અને અન્યોન્ય અવગાહ તે પુદ્ગલ જીવાત્મક બંધ કહેવામાં આવ્યો છે.***

આ ગાથામાં ત્રણ પ્રકારના બંધની વાત લેવામાં આવી છે. ભાવબંધ, દ્રવ્યબંધ અને ઉભયબંધ. સામાન્ય સંયોગોમાં સામાન્ય સમજણ મુજબ જીવને દ્રવ્યકર્મ સાથે બંધ થાય તેને દ્રવ્યબંધ માનવામાં આવે છે. અહીં આચાર્યદેવ તેને ઉભયબંધ એવું નામ આપે છે અને તે સ્પષ્ટતા જરૂરી પણ છે.

નવ તત્ત્વના અભ્યાસમાં આપણે જીવ અને અજીવ (પુદ્ગલ) બંને દ્રવ્યરૂપે બન્ને દ્રવ્યોની સાત પ્રકારની પર્યાયો થાય છે. એ રીતે સમજીએ છીએ. ત્યાં જીવની પર્યાયને અજીવની પર્યાયથી જુદી ખ્યાલમાં લેવા માટે જીવની પર્યાયને 'ભાવ' અને પુદ્ગલની પર્યાયને 'દ્રવ્ય' શબ્દ દ્વારા સમજીએ છીએ અને તે પ્રમાણે લખીએ છીએ.

આ રીતે બંધ પર્યાયને ભાવબંધ અને દ્રવ્યબંધ એ રીતે લક્ષમાં લેતા ભાવબંધ એ જીવની વિભાવ પર્યાય છે અને દ્રવ્યબંધ એ પુદ્ગલ-દ્રવ્યકર્મ છે એવું સમજીએ છીએ.

સામાન્ય રીતે અજીવની સાત પર્યાયો એટલે દ્રવ્યકર્મ એવો ભાવ લક્ષમાં લઈએ છીએ અને જીવની વિભાવ પર્યાય અપૂર્ણ શુદ્ધ પર્યાય અને પરિપૂર્ણ શુદ્ધ પર્યાય સાથે તેનો મેળ વિશેષરૂપ સંબંધ જોઈએ ત્યારે દ્રવ્યકર્મના ઉદય-ઉપશમ-ક્ષયોપશમ અને ક્ષયથી વિચારીએ છીએ.

આ રીતે જીવની પર્યાયને દ્રવ્યકર્મ સાથે નિયમભૂત નિમિત્ત નૈમિત્તિક સંબંધ માન્ય રાખીએ

છીએ. જીવને વિભાવ ભાવ દ્વારા જ દ્રવ્યકર્મ સાથે સંબંધ છે માટે એટલો જ નિમિત્ત નૈમિત્તિક સંબંધ ન લેતા શુદ્ધ પર્યાયને દ્રવ્યકર્મના અભાવ સાથેના સંબંધની વાત પણ લઈને જીવની બધી પર્યાયોને દ્રવ્યકર્મ સાથે સંબંધ સ્વીકારીએ છીએ.

જીવ અને અજીવની પર્યાયોને આ રીતે ભાવ અને દ્રવ્ય શબ્દ દ્વારા જાુદા રાખીને નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે એ રીતેની આપણી માન્યતા સાચી છે. બે પદાર્થો જીવ અને અજીવ જાુદા રહીને પોતાની પર્યાયો દ્વારા એકબીજા સાથે સંબંધમાં આવે છે. એ સિદ્ધાંત આ ગાથામાં દર્શાવવામાં આવ્યો છે અને તેનો આપણે સ્વીકાર કરીએ છીએ.

જીવ અને અજીવની પર્યાયો આ રીતે જાુદા ખ્યાલમાં લેવી જરૂરી છે. તેમ કરવાથી દ્રવ્યબંધ અને અજીવની જ પર્યાય છે. એમ આપણે જ્ઞાનમાં લેવું જરૂરી છે. દ્રવ્યબંધ એટલે દ્રવ્યકર્મનો જીવની સાથે બંધ એમ નહીં. પરતુ પુદ્‌ગલ દ્રવ્ય પોતે દ્રવ્યકર્મરૂપે પરિણમે એ દ્રવ્યબંધ છે અને એ કર્મનું જીવની સાથે બંધાવું તે તો ઉભયબંધ છે એમ આપણે હવે વિચારવું રહ્યું. તેમ કરવાથી દ્રવ્યબંધ અને ઉભયબંધ એ બે શબ્દો વચ્ચેના ભાવનો તફાવત આપણા ખ્યાલમાં આવે છે.

ગા. ૧૭૪માં ભાવબંધનું સ્વરૂપ લીધું ત્યાં જીવ દ્રવ્ય સામાન્ય અને તેની વિભાવ પર્યાય એમ બે વચ્ચેના સંબંધને ભાવબંધ કહ્યો હતો. ત્યાં દ્રવ્ય પર્યાયની એક સત્તા હોવા છતાં ત્યાં બંધ શબ્દ વાપરવામાં આવ્યો હતો. અહીં એ જ પ્રકારે પુદ્‌ગલ દ્રવ્ય પોતે દ્રવ્યકર્મરૂપે પરિણમે છે તેને દ્રવ્યબંધ કહેવામાં આવે છે. ભાવબંધની માફક પુદ્‌ગલ પરમાણુ એ દ્રવ્યરૂપે એક અને તેની દ્રવ્યકર્મ રૂપની અવસ્થા એને બે એમ દ્વૈત કરીને તેને દ્રવ્યબંધ ગણવામાં આવે છે.

ખ્યાલમાં રહે કે જીવ જ્ઞાનભાવે પરિણમે તે શુદ્ધતા છે તે બંધ નથી. એમ પુદ્‌ગલમાં તે પરમાણુરૂપે રહે કે અન્ય સ્કંધોરૂપે રહે તો શુદ્ધતા છે. પરમાણુઓ ભેગા થાય અને છૂટા પડે. પુદ્‌ અને ગલ અને સ્વાભાવિક ક્રિયારૂપે ગણવામાં આવે છે. પુદ્‌ગલનું દ્રવ્યકર્મરૂપે પરિણમવું એટલું જ અશુદ્ધતામાં ગણવામાં આવે છે. તેથી તેને માટે દ્રવ્યબંધ શબ્દ વાપરવામાં આવે છે. એ વાત લક્ષમાં રહે કે ભાવબંધ અને દ્રવ્યબંધ બન્ને અનુક્રમે જીવની અને પુદ્‌ગલની અશુદ્ધ પર્યાયો છે. દ્રવ્ય પર્યાયનું એકપણું લક્ષમાં લેવું તે બદ્ધતા છે અને અશુદ્ધ પર્યાય સાથે એકપણું લક્ષમાં લેવું ત્યાં બંધ છે.

જીવ અને પુદ્‌ગલ બે દ્રવ્યોમાં જ વૈભાવિક શક્તિ છે. વૈભાવિક શક્તિ એટલે વિભાવરૂપે પરિણમવાની યોગ્યતા. વૈભાવિક શક્તિ છે. માટે વિભાવ નિરંતર થયા કરે એમ નથી. જીવ પુદ્‌ગલ બન્નેમાં વિભાવરૂપે પરિણમવાની યોગ્યતા છે અને તે યોગ્યતાને અનુસરીને જે અશુદ્ધતા પર્યાયમાં પ્રગટ થાય એ સ્વાભાવિક પર્યાય નથી પરંતુ નૈમિત્તિક પર્યાય છે. વળી આ નૈમિત્તિક પર્યાય ચોક્કસ નિમિત્તની અપેક્ષા રાખે છે. તે નિમિત્ત એટલે કે અશુદ્ધ પર્યાય. આ રીતે જીવની વિભાવ પર્યાયમાં દ્રવ્યકર્મના ઉદયનું નિમિત્તપણું છે અને નવા દ્રવ્યકર્મની રચનામાં જીવના વિભાવનું નિમિત્તપણું છે. આ પ્રમાણે જ્યાં સુધી જીવ અજ્ઞાની રહેવા માગે છે ત્યાં સુધી તે કર્મના ઉદયમાં જોડાયને વિભાવ કરે છે. જાુનું કર્મ તો ઉદયમાં આવીને ખરી ગયું પરંતુ જીવના વિભાવને નિમિત્ત બનાવીને જે કાર્મણ વર્ગણા કર્મરૂપે પરિણમે છે તે કર્મ હવે જીવની સાથે બંધાય છે. તે કર્મ પોતાનો અબાધાકાળ પૂરો કરીને ઉદયમાં આવશે અને એ કર્મોદય ભવિષ્યમાં જીવના નવા વિભાવમાં નિમિત્ત થશે.

જીવ, જાુના દ્રવ્યકર્મો અને કાર્મણ વર્ગણા એ બધા આકાશના એક ક્ષેત્રે અવગાહીને રહ્યા છે. જાુના કર્મોનું ઉદયમાં આવવું. જીવનું વિભાવરૂપે

પરિણમવું અને કાર્મણ વર્ગણાનું કર્મરૂપે પરિણમવું આ ત્રણેય કાર્યો ત્રણેય પદાર્થોમાં એકી સાથે થાય છે. ત્યાં સમયભેદ નથી. આ ત્રણેય દ્રવ્યો એકબીજાથી અત્યંત જુદા રહીને પોત પોતાની વિભાવ પર્યાયો વડે એક બીજા સાથે સંબંધમાં આવે છે.

આ જીવ જ્યારે સંસારના પરિભ્રમણથી થાકે છે ત્યારે પોતાના સ્વભાવમાં હુંપણું સ્થાપે છે. દેહાધ્યાસ છોડે છે. સ્વભાવનો આશ્રય કરે છે. અને કર્મોદયમાં જોડાતો નથી. ત્યારે તેની પર્યાયમાં શુદ્ધતા પ્રગટ થાય છે. જે વૃદ્ધિગત થઈને સંસારના અભાવરૂપ પરિપૂર્ણ મોક્ષદશાની પ્રાપ્તિ જીવને થાય છે.

### ◆ ગાથા - ૧૭૮

**સપ્રદેશ છે તે જીવ, જીવ પ્રદેશમાં આવે અને**
**પુદ્ગલસમૂહ રહે યથોચિત, જાય છે, બંધાય છે. ૧૭૮.**

***તે આત્મા સપ્રદેશ છે; એ પ્રદેશોમાં પુદ્ગલ સમૂહો પ્રવેશે છે, યથાયોગ્ય રહે છે, જાય છે અને બંધાય છે.***

જીવને દ્રવ્યકર્મ સાથેનો સંબંધ કઈ રીતે છે તે આ ગાથામાં સમજાવવામાં આવ્યું છે. જિનાગમમાં આસ્રવ અને બંધ એમ બે અલગ અલગ તત્ત્વની વાત નવ તત્ત્વના વર્ણનમાં આવે છે. આ બન્ને શબ્દોનો પ્રયોગ દ્રવ્યકર્મની મુખ્યતાથી કરવામાં આવે છે. દ્રવ્યકર્મનું જીવના પ્રદેશોમાં આવવું એ આસ્રવ છે અને જીવની સાથે બંધાવું તે બંધ છે. આપણે એ નક્કી કરી ગયા છીએ કે દ્રવ્યકર્મનો જીવની સાથે જે ઉભયબંધ થાય છે તેમાં જવાબદાર જીવ જ છે. અર્થાત્ ભાવબંધના કારણે જ જીવ કર્મથી બંધાય છે. ત્યાં દ્રવ્યબંધની કોઈ જવાબદારી પૂર્વકની ભૂમિકા નથી.

જીવના પરિણામમાં આપણે વિભાવ પરિણામની વાત લીધી અને તેના કારણે દ્રવ્યકર્મ સાથેનો બંધ થાય છે તેમ નક્કી કર્યું. જીવના પરિણામમાં તે સમયે યોગનું કંપન પણ થાય છે. આ ગાથામાં એ યોગના કંપનનું શું ફળ છે તે દર્શાવવામાં આવ્યું છે. અહીં કર્મનું જીવની સાથે બંધાવા માટે આવવું. દ્રવ્ય આસ્રવ એ યોગના કંપનનું ફળ છે એમ દર્શાવવા માગે છે. અલબત્ત યોગનું કંપન એ નિમિત્ત છે અને કર્મોનું આવવું એ નૈમિત્તિક કાર્ય છે. પ્રદેશો કંપન-મન-વચન અને કાયાના યોગે થાય છે. તે વાત અહીં આ રીતે સમજાવવામાં આવી છે. આકાશના જે ક્ષેત્રમાં જીવ પોતાના અસંખ્ય પ્રદેશે અવગાહીને રહેલ છે તે જ પ્રદેશોમાં મનોવર્ગણા, કાયવર્ગણા અને વચનવર્ગણા રહેલ છે. ખરેખર તો કાર્મણ વર્ગણા પણ એ જ ક્ષેત્રમાં રહેલી છે. જ્યારે આત્માના પ્રદેશોમાં કંપન થાય છે ત્યારે આ ત્રણ વર્ગણામાં પણ કંપન થાય છે. આ રીતે મન સાથે અથવા વચન સાથે અથવા કાયા સાથે અથવા ત્રણેય સાથે આ પ્રકારે સંબંધ થાય છે. તેમ થતાં જે કાર્મણ વર્ગણા કર્મરૂપે થઈ છે તેનો જીવના પ્રદેશો સાથે એક વિશિષ્ટ પ્રકારનો સંબંધ થાય છે. તે દર્શાવવા માટે કહે છે કે પુદ્ગલ સમૂહો જીવના ક્ષેત્રમાં પ્રવેશે છે, રહે છે અને જાય છે.

લોકાકાશના દરેક પ્રદેશે અન્ય પાંચ દ્રવ્યો એક સામાન્ય અવગાહન પામે છે. તેના કરતાં અહીં વિશેષ વાત, વિશેષ સંબંધ દર્શાવવો છે. જીવને મન-વચન-કાયાના પરમાણુઓ-સ્કંધો, વર્ગણાઓ સાથે આવો વિશિષ્ટ સંબંધ છે. કાર્મણ વર્ગણા તે જ ક્ષેત્રે છે પરંતુ તેને જીવ સાથે વિશિષ્ટ સંબંધ નથી. એ કાર્મણ વર્ગણા જ્યારે દ્રવ્યકર્મરૂપે થાય ત્યારે જ તેને જીવ સાથે વિશિષ્ટ સંબંધ થાય છે. યોગના કારણે દ્રવ્યકર્મો જીવમાં આવે એટલું કાર્ય થયું.

જીવની પર્યાયમાં તે સમયે વિભાવ પરિણામ હોય છે તો તે કર્મ જીવની સાથે બંધાય છે. આપણે

એ લક્ષમાં લીધું કે સંસારી અજ્ઞાની જીવોને યોગ અને ઉપયોગ (વિભાવભાવ) સાથે જ હોય છે એટલે દ્રવ્યઆસ્રવ અને દ્રવ્યબંધ અર્થાત્ કર્મનું જીવના પ્રદેશમાં આવવું અને જીવ સાથે બંધાવું આ બન્ને કાર્યો સહજપણે એકી સાથે થાય છે. પરંતુ જીવ જ્યારે વીતરાગ થાય છે ત્યારે મિથ્યાત્વ, અવિરતિ કષાય આ ત્રણેય વિભાવ ભાવોનો અભાવ હોય છે માત્ર યોગનું કંપન રહી જાય છે. તેથી તે દશામાં વીતરાગ દશામાં કર્મોનું આવવું થાય છે પરંતુ કર્મબંધ થતો નથી. આ રીતે જે કર્મો માત્ર આવે જ છે એક સમય માટે જીવના પ્રદેશોમાં સ્થિતિ પામે છે અને ચાલ્યા જાય છે તેને ઈર્યાપથ આસ્રવ કહે છે. ત્યાં બંધ નથી કારણકે વિભાવ નથી.

આ રીતે આચાર્યદેવે આ ગાથામાં યોગ અને મલિન ઉપયોગ એવા જીવના બે પ્રકારના પરિણામના બે પ્રકારના અલગ ફળ દર્શાવ્યા છે. અલબત્ત એ બધા નિમિત્ત નૈમિત્તિક ભાવો જ છે. કારણકે જીવને અને દ્રવ્યકર્મને ભિન્ન પદાર્થપણું છે.

### ◆ ગાથા - ૧૭૯

**જીવ રક્ત બાંધે કર્મ, રાગ રહિત જીવ મુકાય છે;**
**-આ જીવ કેરા બંધનો સંક્ષેપ નિશ્ચય જાણજે. ૧૭૯.**

***રાગી આત્મા કર્મ બાંધે છે, રાગ રહિત આત્મા કર્મથી મૂકાય છે; આ જીવોના બંધનો સંક્ષેપ નિશ્ચયથી જાણ.***

આ ગાથાનો સંદેશો સ્પષ્ટ જ છે. વિભાવ ભાવના કારણે જ દ્રવ્યકર્મ અને નોકર્મ એવી નિમિત્ત નૈમિત્તિક સંબંધની હારમાળા હોય છે. જીવ બે પ્રકારે પરદ્રવ્ય સાથે સંબંધમાં આવે છે.




એક દોષિત પ્રકારના સંબંધો છે અને અન્ય નિર્દોષ સંબંધનો પ્રકાર છે. જીવના વિભાવને અને દ્રવ્યકર્મને નિયમભૂત નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. ખરેખર તો દ્રવ્યકર્મ છે એ જીવના વિભાવનું જ પ્રતિબિંબ છે. અજ્ઞાની જીવ પોતે પોતાનો સંસાર ચાલુ રાખવા માટે જ દ્રવ્યકર્મની રચના કરે છે અને તેને પોષણ આપતો રહે છે. તે જ્યારે જ્ઞાની થવા માગે છે અને જ્ઞાની થાય છે ત્યારે માત્ર જીવના વિભાવનો જ અભાવ થાય છે એમ નથી પરંતુ સાથો સાથ કર્મતંત્ર પણ વીખરાય છે. એ વાત ટીકાકાર આચાર્યદેવ સ્પષ્ટ કરે છે. વિભાવ કરનારો જીવ દ્રવ્યકર્મથી અવશ્ય બંધાય જ છે મુકાતો નથી. અને વિભાવ રહિત થયેલો જીવ કર્મને બાંધતો નથી પરંતુ તેનાથી છૂટતો જાય છે એમ અસ્તિપણે અને નાસ્તિપણે બન્ને રીતે રજૂઆત કરીને ઘણી જ સ્પષ્ટતા કરવામાં આવી છે.

આચાર્યદેવે ચોખવટ માટે જુના કર્મો અને નવા કર્મો એમ બન્ને પ્રકારના કર્મોનો ઉલ્લેખ કર્યો છે.

અજ્ઞાની જીવ સમયે સમયે નવા દ્રવ્યકર્મોને બાંધે છે. અજ્ઞાનીને પૂર્વે બંધાયેલા કર્મો જે વર્તમાનમાં સત્તામાં પડયા છે તેમાં પણ ફેરફાર થાય છે. ત્યાં ઉત્કર્ષણ, અપકર્ષણ, સંક્રમણ વગેરે થાય છે. પરંતુ સત્તામાં પડેલા કર્મોનો નાશ થતો નથી. આ રીતે જીવના વિભાવને કારણે નવા દ્રવ્યકર્મો બંધાય છે અને જુના સત્તામાં પડેલા કર્મો બંધાયેલા જ રહે છે. હવે જ્ઞાનીનો વિચાર કરીએ. સામાન્ય ન્યાયે જ્ઞાની નવા કર્મોને બાંધતો નથી. વિશેષ સ્પષ્ટતા કરીએ તો જ્ઞાની નિર્વિકલ્પ દશામાં એકપણ પ્રકારના નવા દ્રવ્યકર્મોને બાંધતો નથી. સવિકલ્પ દશામાં અસ્થિરતાના રાગના કારણે થોડા નવા દ્રવ્યકર્મો બંધાય છે. પરંતુ તે અનંતાનુબંધીની જાતના નથી અર્થાત્ તેને અલ્પ સ્થિતિના કર્મો બંધાય છે. જે અપેક્ષાએ એને જ્ઞાની ગણવામાં આવે છે એ અપેક્ષાએ એ આસ્રવોથી

નિવર્તે જ છે. તેથી જ્ઞાની ખરેખર તો અ બંધ જ છે.

હવે અહીં ખાસ તો સત્તામાં પડેલા કર્મોનું શું થાય છે તે સમજવા જેવું છે. એ ખ્યાલમાં રાખવું કે કર્મ જ્યારે ઉદયમાં આવે છે ત્યારે એટલે ત્યારબાદ તેમાં કોઈ ફેરફાર થતાં નથી. અજ્ઞાનીને જે પ્રકારે બંધાયેલા કર્મોમાં અપકર્ષણ વગેરે થાય છે એવા ફેરફાર તો જ્ઞાનીને પણ થાય છે. તદ્‌ઉપરાંત જ્ઞાનીને સત્તામાં રહેલા કર્મોનો નાશ પણ થાય છે. તે વાત આચાર્યદેવ ટીકામાં સ્પષ્ટ કરે છે.

જીવ અનાદિનો અજ્ઞાની છે માટે અજ્ઞાન કાળની અપેક્ષાએ સાધક દશાનો કાળ અલ્પ છે. લાંબી મુદ્દતના બંધાયેલા કર્મો અલ્પકાળમાં નાશ પામે છે. તેથી એ વાત ખ્યાલમાં આવવી જોઈએ કે જ્ઞાની સત્તામાં પડેલા કર્મોનો નાશ કરે તો જ તે શક્ય છે. બધા કર્મો જીવે ભોગવવા જ જોઈએ એવો કોઈ નિયમ નથી. લક્ષમાં રહે કે સ્વાનુભૂતિ પહેલા જીવ જ્યારે કરણ લબ્ધિના પરિણામ કરે છે ત્યારે ૭૦ કોડા કોડી સાગરોપમની સ્થિતિનું દર્શન મોહનીય કર્મ છે તેની સ્થિતિ ઘટી જાય છે અને સ્વાનુભવ સમયે તેનો ઉપશમ થાય છે અર્થાત્ તે ઉદયમાં આવતું નથી. મોક્ષમાર્ગની શરૂઆત પહેલા જો આ વાસ્તવિકતા છે તો પછી જ્ઞાની થયા બાદ તો સહજપણે સત્તામાં પડેલા કર્મોનો ઉદયાભાવિ ક્ષય વગેરે થાય છે. જીવ જ્યારે ગુણ સ્થાનની પરિપાટીમાં આગળ વધે છે ત્યારે ગુણ શ્રેણી નિર્જરા થાય છે અર્થાત્ તે સમયે ઘણા બધા કર્મો ખરી જાય છે. નિર્વિકલ્પ દશાનું આ પ્રકારનું ફળ સાધક દશામાં જોવા મળે છે.

આ પ્રકારે આ ગાથામાં આચાર્યદેવે સ્પષ્ટતા કરી કે વિભાવના ફળમાં જીવને અવશ્ય કર્મબંધ થાય છે અને પર્યાયની શુદ્ધતા પ્રગટ થતાં નવા દ્રવ્યકર્મો તો બંધાતા નથી પરંતુ સત્તામાં પડેલા કર્મોનો પણ નાશ થાય છે. તેથી એ સિદ્ધાંત નક્કી થાય છે કે જીવમાં વિભાવને કરે એવો કોઈ ત્રિકાળ સ્વભાવ નથી. વળી એટલી વિશેષતા કે વૈભાવિક શક્તિને અનુસરીને જીવ કદાચ વિભાવ કરે તો તેનો નાશ કરવાનો જીવનો સ્વભાવ છે. આવો જીવનો સ્વભાવ હોવાથી જીવ વિભાવ નો તો નાશ કરે જ છે પરંતુ સાથો સાથ દ્રવ્યકર્મનો પણ અભાવ કરે છે. જે જીવ પોતાનો સંસાર લંબાવવા માગતો નથી તેને હવે દ્રવ્યકર્મનું કોઈ પ્રયોજન નથી. તેને જીવનમાં તીવ્ર વૈરાગ્ય છે. બાહ્ય વિષયો ભોગવી શકાતા જ નથી એવો નિર્ણય છે અને વિષયને ભોગવવાનો ભાવ પોતાને બંધનું કારણ છે એવો જેને નિર્ણય છે. તેને અઘાતિ કર્મના ઉદયમાં પણ રસ નથી, વળી પોતે વિભાવ કરવા માગતો નથી તેથી વિભાવમાં નિમિત્ત એવા ઘાતિ કર્મોદયમાં પણ તેને રસ નથી. માટે તે પોતે સંસાર ચાલુ રાખવા માટે ઊભા કરેલા કર્મતંત્રને સંકેલી લે છે. અર્થાત્ તે દ્રવ્યકર્મોનો નાશ કરતો જાય છે.

## ◆ ગાથા - ૧૮૦

**પરિણામથી છે બંધ, રાગ-વિમોહ-દ્વેષથી યુક્ત જે;**
**છે મોહ-દ્વેષ અશુભ, રાગ અશુભ વા શુભ હોય છે. ૧૮૦.**

***પરિણામથી બંધ છે, (જે) પરિણામ રાગ-દ્વેષ-મોહ યુક્ત છે, (તેમાં) મોહ અને દ્વેષ અશુભ છે. રાગ શુભ અથવા અશુભ હોય છે.***

આ ગાથામાં જીવના અશુદ્ધ પરિણામોનું સ્વરૂપ સમજાવે છે. મોહ એ શ્રદ્ધાનો દોષ છે અને રાગ તથા દ્વેષ એ ચારિત્રનો દોષ છે. હવે આ ત્રણ પ્રકારના દોષને શુભ અને અશુભ એવા બે પ્રકારના ભેદરૂપે ખતવે છે.

| અશુભ | શુભ |
|---|---|
| મોહ | રાગ |
| દ્વેષ | |
| રાગ | |

આ રીતે મોહ અને દ્વેષને તો અશુભભાવો જ ગણવામાં આવ્યા છે. રાગમાં પણ જે પરિણામ વિષયમાં અનુરાગવાળા છે તે તો અશુભ જ છે. પરંતુ ધર્માનુરાગને શુભ ભાવમાં લેવામાં આવ્યા છે.

અશુદ્ધ પરિણામની એક જ જાત નથી. તેના દર્શન અને ચારિત્ર ગુણના પરિણામો એવા ભેદ પડે છે અને શુભાશુભ એવા ભેદો પણ પડે છે. આ ગાથામાં તેમના શુભ અને અશુભ એવા બે ભેદ દર્શાવ્યા છે. તેનું પ્રયોજન એ છે કે જ્યારે જીવના પરિણામમાં આવા બે ભેદ પડે છે ત્યારે નિમિત્ત નૈમિત્તિક સંબંધથી દ્રવ્યકર્મ વગેરેમાં પણ ભેદ પડે છે. તે વાત ૧૮૧ ગાથામાં લેવામાં આવી છે.

### ◆ ગાથા - ૧૮૧

**પર માંહી શુભ પરિણામ પુણ્ય, અશુભ પરમાં પાપ છે;**
**નિજદ્રવ્યગત પરિણામ સમયે દુઃખક્ષયનો હેતુ છે. ૧૮૧.**

***પર પ્રત્યે શુભ પરિણામ પુણ્ય છે અને (પર પ્રત્યે) અશુભ પરિણામ પાપ છે એમ કહ્યું છે; પર પ્રત્યે નહિ પ્રવર્તતો એવો પરિણામ (તે) સમયે દુઃખ ક્ષયનું કારણ છે.***

આ ગાથામાં જીવના બધા પરિણામોની વાત લીધી છે. અર્થાત્ શુદ્ધ પરિણામ અને અશુદ્ધ પરિણામ બન્નેની વાત લીધી છે. તે ઉપરાંત જીવના ભાવ અનુસાર દ્રવ્યકર્મ સાથે તેને કેવા પ્રકારનો સંબંધ છે તે પણ લેવામાં આવ્યું છે. ત્યાં જીવના પરિણામને (નિમિત્ત) કારણ અને દ્રવ્યકર્મને કાર્યરૂપે દર્શાવવામાં આવ્યા છે.

તે ઉપરાંત કારણમાં કાર્યનો ઉપચાર કરીને પણ આ ગાથામાં વાત લીધી છે. તેથી તે સમજવાનો પ્રયત્ન કરીએ. એ રીતે વિચારવાથી જીવના દ્રવ્યકર્મ સાથે સંબંધની છણાવટ થાય છે.

| **જીવના ભાવ** | **દ્રવ્યકર્મ** |
|---|---|
| શુભ ભાવ (કારણ) | પુણ્ય પ્રકૃત્તિ (કાર્ય) |
| અશુભ ભાવ (કારણ) | પાપ પ્રકૃત્તિ (કાર્ય) |
| શુદ્ધ પરિણામ (કારણ) | કર્મ ક્ષય (કાર્ય) |

કારણમાં કાર્યનો ઉપચાર કરવાથી
શુભભાવને પુણ્ય કહી શકાય.
અશુભભાવને પાપ કહી શકાય.
શુદ્ધ ભાવને મોક્ષ કહી શકાય.

આ રીતે જિનાગમમાં જે શબ્દ પ્રયોગો કરવામાં આવે છે તે કઈ રીતે છે તેનો આપણને ખ્યાલ આવે છે. જીવના અશુદ્ધ પરિણામના બે ભેદ છે જેને શુભાશુભ ભાવો કહેવામાં આવે છે. દ્રવ્યકર્મની પ્રકૃત્તિ માટે પુણ્ય-પાપ કહેવામાં આવે છે જીવના પરિણામને પણ પુણ્ય-પાપ કહેવામાં આવે છે. ખરા પરંતુ ત્યાં કારણમાં કાર્યનો ઉપચાર કરીને આ કથન કર્યું છે એ પ્રકારે આપણા જ્ઞાનમાં ચોખવટ કરવાનું આ ગાથામાં સમજાવવા માગે છે. સામાન્ય રીતે આપણે શુભભાવ અને પુણ્ય શબ્દોને એકાર્થમાં લઈએ છીએ.

આ ગાથામાં જીવની શુદ્ધ પર્યાયનું ફળ કર્મક્ષય લેવામાં આવ્યું છે. એ વાત પહેલા ગા. ૧૭૯ માં વિસ્તારમાં લક્ષમાં લીધી છે માટે અહીં એ સમજવું સુગમ પડે છે. શુદ્ધ પર્યાયના ફળ સ્વરૂપે નવો કર્મબંધ થતો નથી. તે સમયે ઉદયમાં આવેલું દ્રવ્યકર્મ તો ખરી જાય છે અને સંભવતઃ સત્તામાં પડેલા કર્મોનો પણ નાશ થાય છે. એ રીતે જીવ કર્મરહિત દશા તરફ આગળ વધે અને છેવટે મોક્ષની પ્રાપ્તિ થાય છે અર્થાત્ સિદ્ધ દશામાં તે સર્વથા દ્રવ્યકર્મથી મુક્ત થાય છે.

આ ગાથામાં અશુદ્ધ પર્યાયને પરદ્રવ્ય પ્રવૃત કહ્યા છે તેને સમયસારમાં પરસમય પ્રવૃત્તિ કહી છે. જીવની શુદ્ધ પર્યાયને સ્વસમય પ્રવૃત્તિ કહેવામાં આવે છે તેને અહીં સ્વસમય પ્રવૃત્ત કહેવામાં આવી

છે. પરસમય પ્રવૃત્તિ કરનારની હિતબુદ્ધિ બાહ્ય વિષયો પ્રત્યે છે અને સાધકનો હિતબુદ્ધિપૂર્વકનો ઉપયોગ પોતાના સ્વભાવમાં જ લાગેલો છે.

આ રીતે આ બધી ગાથાઓમાં જીવના પરિણામ અને દ્રવ્યકર્મ સાથેના નિમિત્ત નૈમિત્તિક પરિણામોની સ્પષ્ટતા સાથે જીવના પરિણામોનું ફળ પણ દર્શાવવામાં આવ્યું છે.

### ◆ ગાથા - ૧૮૨

**સ્થાવર અને ત્રસ પૃથ્વીઆદિક જીવકાય કહેલ જે,**
**તે જીવથી છે અન્ય તેમ જ જીવ તેથી અન્ય છે. ૧૮૨.**

***હવે સ્થાવર અને ત્રસ એવા જે પૃથ્વી આદિક જીવનિકાયો કહેવામાં આવ્યા છે, તે જીવથી અન્ય છે અને જીવ પણ તેમનાથી અન્ય છે.***

સ્વ અને પરના ભેદ દર્શાવવા માટે આચાર્યદેવ જીવને શરીરથી ભિન્ન દર્શાવે છે. સંયોગથી જુદાપણાનો તો જીવને ખ્યાલ આવે છે. દ્રવ્યકર્મ તેના જ્ઞાનનો વિષય જ નથી. પરંતુ શરીર સાથે તો તેને પનારો છે. કાયમી પનારો છે. જન્મથી મરણ સુધીનો તે સંગાથી છે. શરીરની નાની મોટી જરૂરિયાતો અને નાના મોટા ફેરફારો એની સીધી અસર જીવને થાય છે. શરીરમાં નાનામાં નાનુ દુઃખ આવે એ પણ જીવથી સહન થતું નથી. તેથી જીવ અને શરીર જુદા છે. એ વાત જ તેને માટે અસ્થાને છે. અહીં ત્રસ જીવો અને સ્થાવર જીવો એ બે પ્રકારથી વાત લીધી છે. ખરેખર જીવના બે પ્રકાર તો જીવને પ્રાપ્ત શરીર અનુસાર લેવામાં આવ્યા છે. જીવનિકાય શબ્દ વાંચીને તે જીવને પર્યાય હશે એમ માનવાનું મન થાય પરંતુ અહીં જીવને જે 'કાય' અર્થાત્ શરીર પ્રાપ્ત થાય છે તેની વાત છે. પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ- વગેરે જીવના શરીરો છે. માછલા એ પાણીના જીવો નથી. પાણી પોતે જ જે જીવનું શરીર છે તેને પાણીકાય જીવો કહેવામાં આવે છે. બે ઈન્દ્રિય વગેરે ત્રસ જીવો છે. ત્યાં પણ બે ઈન્દ્રિય પ્રાપ્ત શરીરથી લઈને જેમાં પાંચ ઈન્દ્રિયો અને મન હોય એવા સંજ્ઞી પંચેન્દ્રિય વગેરે શરીરની જ વાત છે. એ જ રીતે આ મનુષ્ય છે આ તિર્યંચ છે એમ સમજવું.

જે શરીરથી જીવ ઓળખાય છે તે શરીર જીવથી અત્યંત ભિન્ન છે. એ વાત આચાર્યદેવ આ ગાથામાં આપણને સમજાવવા માગે છે. જમીનને આપણે અચેતન જ માનીએ છીએ પરંતુ તેમાં જીવ રહેલ છે. અને જમીન તો તેનું શરીર છે. એ વાત માન્યામાં ન આવે એવી છે. પરંતુ વાસ્તવિકતા છે. જીવ અને શરીરનું અત્યંત ભિન્નપણું શા માટે દર્શાવવામાં આવે છે. તે હવે પછીની ગાથામાં કહેવામાં આવશે. જેને સ્વ પરનો વિવેક નથી તે પરમાં એકત્વબુદ્ધિ રાખીને પરસમય પ્રવૃત્તિ કરે છે અને જેણે સ્વભાવમાં હુંપણું માન્યું છે. તે સ્વસમય પ્રવૃત્તિ કરે છે.

### ◆ ગાથા - ૧૮૩

**પરને સ્વને નહિ જાણતો એ રીત પામી સ્વભાવને,**
**તે 'આ હું, આ મુજ' એમ અધ્યવસાન મોહ થકી કરે. ૧૮૩.**

***જે એ રીતે સ્વભાવને પામીને (જીવ પુદ્‌ગલના ભિન્ન સ્વભાવને નક્કી કરીને) પરને અને સ્વને જાણતો નથી, તે મોહથી 'આ હું છું, આ મારું છે' એમ અધ્યવસાન કરે છે.***

અહીં જે સ્વ અને પરના ભિન્નપણાને જાણતો નથી તે બન્નેના સ્વભાવને પોતાના જ્ઞાન અને શ્રદ્ધાનમાં ભેળસેળ કરે છે. લક્ષમાં રહે કે બે પદાર્થોના સ્વભાવો સદાય ભિન્ન જ છે અને આગામી અનંતકાળ એ રીતે ભિન્ન જ રહેવાના છે. માત્ર સ્વભાવ જુદા છે એમ નહીં સ્વભાવ અને પરિણામની એક સત્તા હોવાથી બન્નેના સ્વતંત્ર સ્વાભાવિક પરિણામો થાય છે. પરંતુ અજ્ઞાનીને

આનો ખ્યાલ નથી. તેણે વિશ્વના પદાર્થોની આ વ્યવસ્થા ખ્યાલમાં લીધી નથી. વિશ્વના સમસ્ત પદાર્થો પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ટકાવીને પોતાની પર્યાયો દ્વારા અન્ય દ્રવ્યો સાથે સંબંધમાં આવે છે એ નિમિત્ત નૈમિત્તિક સંબંધો છે અને એ પણ બધું નિર્દોષ જ છે.

જીવ પણ પોતાના સ્વભાવને પરથી જુદો રાખીને જ પરને જાણે છે પરંતુ સ્વભાવના ભિન્નપણાનું તેને ભાન નથી. જ્ઞેય જ્ઞાયક સંબંધથી પોતાના એકરૂપ જ્ઞાનની પર્યાય જ્ઞેયાકાર થાય છે ત્યારે તે ભ્રમથી એવું માનવા લાગે છે કે પરદ્રવ્યો સ્વભાવથી મારામાં આવી ગયા. મારા સ્વભાવરૂપ થઈ ગયા. એ રીતે એ બે દ્રવ્યો વચ્ચે સ્વભાવની ભેળસેળ થઈ ગઈ એવું માને છે. અજ્ઞાનીની એ માન્યતા તે અધ્યવસાન છે, મિથ્યાત્વ છે. તે મિથ્યાત્વનું સ્વરૂપ આ પ્રકારે છે.

જીવ શરીરમાં હુંપણું, સંયોગોમાં મારાપણું માને છે. પરના કાર્યો હું કરી શકું છું અને પરદ્રવ્યને હું ભોગવી શકું છું. તેની આ પ્રકારની માન્યતાને કારણે તેને પરદ્રવ્યમાં હિતબુદ્ધિ છે. આ પ્રકારે હોવાથી અજ્ઞાનીની ચેતન જાગૃતિ પરમાં જ છે - અજ્ઞાન ચેતના. વળી ચારિત્રના પરિણામમાં ભોગવટાનો ભાવ અને રાગ દ્વેષ પણ આના કારણે થાય છે. અજ્ઞાની જીવના આવા પરિણામને પરસમય પ્રવૃત્તિ કહેવામાં આવે છે. જ્યાં સુધી પરદ્રવ્યમાં આ પ્રકારની એકત્વબુદ્ધિ છે ત્યાં સુધી તે અજ્ઞાની છે. અને તેની પરસમય પ્રવૃત્તિ ચાલુ રહે છે. સમયસાર ગા. ૧૯માં જીવ અજ્ઞાની ક્યાં સુધી રહે છે એ વાત સ્પષ્ટપણે સમજાવી છે ત્યારબાદની ત્રણ ગાથાઓમાં પર દ્રવ્યો સાથે એવું એકત્વ માત્ર વર્તમાનમાં છે એમ નહીં પરંતુ ભૂતકાળમાં પણ હતું અને જ્યાં સુધી અજ્ઞાની રહેશે ત્યાં સુધી ભવિષ્યમાં પણ એમ જ રહેશે એ વાત સ્પષ્ટ કરી છે. આથી એ નક્કી થાય છે કે જીવમાં અજ્ઞાન અનાદિકાળથી છે.

બે પદાર્થો વચ્ચેના નિમિત્ત નૈમિત્તિક સંબંધો એવા ગાઢ જણાય છે કે બે પદાર્થો સર્વથા ભિન્ન છે એ વાત માન્ય કરવાનું મન થતું નથી. ત્યાં એક જ સત્તા છે એવું લાગ્યા કરે છે અથવા જો જીવ અને શરીર વચ્ચે જુદાપણાનો ખ્યાલ કરે તો પણ બન્ને એક બીજાના પૂરક થઈને જ રહી શકે. આંધળા-લંગડાની જોડીની માફક એવું લાગ્યા કરે છે. તેથી ન્યાય યુક્તિથી જીવ અને શરીરનું ભિન્નપણું માન્ય કરે તોપણ ભેદજ્ઞાનનો પ્રયોગ કરવામાં આવતો નથી.

આવો જીવ જ્યારે સંસારના પરિભ્રમણથી થાકે ત્યારે જ સાચું સમજવા આવે છે. તેને શ્રી ગુરુ જ્યારે બન્નેના સ્વભાવની અત્યંત ભિન્નતા દર્શાવે ત્યારે તે પ્રયોગ કરવા તૈયાર થાય છે. દૃષ્ટાંતઃ અગ્નિનો લોખંડ જો સંગ કરે તો તેને ઘણના ઘા સહન કરવા પડે છે. તેમ જીવ જો શરીરમાં એકત્વબુદ્ધિ રાખે તો તેને દેહલક્ષી સુખ દુઃખને ભોગવવા પડે છે. જે તેમાંથી ખરેખર છૂટવા માગે છે તેને માટે ગુરુનો ઉપદેશ કાર્યકારી છે. પાત્ર જીવ જ્યારે દેહાધ્યાસ છોડીને જ્ઞાયક સ્વભાવમાં હુંપણું સ્થાપે છે ત્યારે અને ત્યારથી તેની સ્વસમય પ્રવૃત્તિ શરૂ થાય છે. જીવ અને શરીર પુદ્‌ગલ બન્નેના સ્વસ્વભાવો આ રીતે ભિન્ન છે. જીવ-ચેતન અને શરીરરૂપી. આ રીતે બન્ને તે તેના અસાધારણ લક્ષણથી જુદા ખ્યાલમાં લીધા બાદ જીવ અરૂપી અને શરીર અચેતન જડ એ રીતે નાસ્તિરૂપ ધર્મોથી વિચારવાથી બેનું અત્યંત જુદાપણું ખ્યાલમાં આવે છે. જીવ ચેતન સ્વભાવ ઉપરાંત અરૂપી પણ છે. તેથી તે શરીરરૂપ કયારેય ન થાય તેમ શરીર-રૂપી-પુદ્‌ગલમય જ છે. તે ચેતનવંત દેખાય તો પણ તેમાં અચેતનપણા રૂપ નાસ્તિ ધર્મ હોવાથી તે કયારેય ચેતનમય ન થઈ શકે.

જેને જીવ અને પુદ્ગલના સ્વભાવો જુદા ખ્યાલમાં આવે છે તેને બન્નેના કાર્યો પણ અલગ છે એવું જોવા મળે છે. તેમ જોવાની ટેવ પડતા બન્નેના મેળ વિશેષવાળા કાર્યો ગૌણ થઈ જાય છે. તેના ઉપર વજન આપતો નથી.

## ◆ ગાથા - ૧૮૪

**નિજ ભાવ કરતો જીવ છે કર્તા ખરે નિજ ભાવનો;**
**પણ તે નથી કર્તા સકલ પુદ્ગલદરવમય ભાવનો. ૧૮૪.**

***પોતાના ભાવને કરતો થકો આત્મા ખરેખર પોતાના ભાવનો કર્તા છે; પરંતુ પુદ્ગલ દ્રવ્યમય સર્વ ભાવોનો કર્તા નથી.***

ચાલુ વિષયનું અનુસંધાન રાખીને આ ગાથાનો અર્થ સમજવો રહ્યો. બે પદાર્થોનું જુદાપણું લેવું છે. દરેક પદાર્થને તેનો સ્વભાવ છે. તે સ્વભાવ નિત્ય ટકે છે. તેમાં કાળાંતરે પણ કોઈ ફેરફાર શક્ય નથી. દરેક પદાર્થ પોતાના સ્વભાવરૂપે પરિણમે છે. તેથી બધા દ્રવ્યોમાં સ્વાભાવિક પરિણમન થાય છે. દરેક પદાર્થ પોતાનું ભિન્નપણું ટકાવીને એકબીજા સાથે સંબંધમાં પણ આવે છે. જીવમાં બે પ્રકારના પરિણામો થાય છે. જીવ અશુદ્ધતારૂપે પણ પરિણમે છે. વૈભાવિક શક્તિના કારણે તેમાં તે પ્રકારની યોગ્યતા છે. વિભાવ પરિણામ એ જીવની નૈમિત્તિક પર્યાય છે.

આ રીતે જીવમાં સ્વાભાવિક અને નૈમિત્તિક એમ બે પ્રકારની પર્યાયો થઈ શકે છે. જીવ બન્ને પ્રકારની પર્યાયનો કર્તા છે. અજ્ઞાની જીવ કર્તા થઈને પોતાની અજ્ઞાનમય પર્યાયને કરે છે અને જ્ઞાની પોતાની શુદ્ધ પર્યાયને કરે છે. અજ્ઞાની જીવ કર્તા કહેવાય છે. જ્ઞાનીને જ્ઞાતા અથવા અકર્તા પણ કહેવામાં આવે છે. જીવ બે પ્રકારના પર્યાયો કરવામાં સ્વતંત્ર છે પરંતુ કયારેક અશુદ્ધ પર્યાય કરે અને કયારેક શુદ્ધ પર્યાય કરે એવું નથી. વળી પર્યાયો બે પ્રકારની છે માટે જીવના સ્વભાવ પણ બે પ્રકારના છે એમ નથી. બધા જીવોના સ્વભાવ સદાય શુદ્ધ જ છે. અભવિ જીવનો સ્વભાવ પણ શુદ્ધ જ છે.

જે રીતે જીવ પોતાના પરિણામને કરે છે એમ પુદ્ગલ તેના પરિણામને કરે છે. જીવ પુદ્ગલનું કાર્ય કયારેય કરી શકતું નથી. અહીં ટીકામાં જીવ પુદ્ગલના કાર્ય કરી શકે એ અસંભવ છે એમ કહ્યું છે. જિનાગમમાં અન્ય સ્થાનમાં અન્ય અપેક્ષાએ જીવના વિભાવ પરિણામને પુદ્ગલની પર્યાય કહી છે ત્યાં વિભાવનો દ્રવ્યકર્મ સાથેનો નિમિત્ત નૈમિત્તિક સંબંધ દર્શાવવાનો હેતુ છે. તે વિભાવ ખરેખર કાંઈ પુદ્ગલનું કાર્ય નથી. પરંતુ જે અપેક્ષા ન સમજે તેને ભૂલ થવાની શક્યતા છે અને જેને બે પદાર્થોના સ્વતંત્રપણાનો વિશ્વાસ છે. તેને મિથ્યાત્વના પરિણામ થતાં જ નથી.

## ◆ ગાથા - ૧૮૫

**જીવ સર્વ કાળે પુદ્ગલોની મધ્યમાં વર્તે ભલે,**
**પણ નવ ગ્રહે, ન તજે, કરે નહિ જીવ પુદ્ગલકર્મને. ૧૮૫.**

***જીવ સર્વ કાળે પુદ્ગલની મધ્યમાં રહેલો હોવા છતાં પણ પૌદગલિક કર્મોને ખરેખર ગ્રહતો નથી, છોડતો નથી, કરતો નથી.***

જીવને પરદ્રવ્યનું કર્તાપણું નથી. બે દ્રવ્યો સર્વથા ભિન્ન છે. અહીં એક ક્ષેત્રાવગાહ સંબંધ હોવા છતાં પણ બન્ને અત્યંત જુદા છે એમ સમજાવ્યું છે. જીવના ક્ષેત્રમાં જ દ્રવ્યકર્મો, શરીર, કાર્મણ વર્ગણા, ભાષા વર્ગણા વગેરે અનેક પુદ્ગલ સ્કંધો છે. જીવની ક્ષેત્રની બહાર પણ બધે પુદ્ગલો રહેલા છે. તેથી જીવને પુદ્ગલની મધ્યમાં રહેલ કહેવામાં આવે છે. સર્વ કાળે કહેતા માત્ર સંસારી જીવ જ નહીં પરંતુ સિદ્ધ પરમાત્માના ક્ષેત્રમાં અને તેની બહાર પુદ્ગલની જમાવટ છે. સિદ્ધ ભગવાનને શરીર અને દ્રવ્યકર્મો નથી પરંતુ પુદ્ગલ સ્કંધો તો જરૂર સંબંધમાં છે.

જિનાગમમાં કાદવના સંગમાં લોઢાનો અને સોનાનો દૃષ્ટાંત છે. લોઢુ કાદવમાંથી ભેજ ગ્રહણ કરીને કટાય છે જ્યારે સુવર્ણ અલિપ્ત જ રહે છે. એ રીતે અહીં સિદ્ધાંત દર્શાવવો છે કે ગમે તેવા એક ક્ષેત્રાવગાહ સંબંધ હોય તોપણ બે પદાર્થ અત્યંત ભિન્ન જ છે.

સમયસારમાં ૪૭ શક્તિઓમાં એક ત્યાગ ઉપાદાન શૂન્યત્વ શક્તિ છે. તે બે પદાર્થોનું અત્યંત ભિન્નપણું દર્શાવવા માટે છે. દરેક પદાર્થનું સ્વરૂપ અસ્તિત્વ જાુદું છે. દરેક પદાર્થને તેના કહેવાય એવા દ્રવ્યગુણો પર્યાયો છે. કોઈ પદાર્થમાંથી દ્રવ્ય-ગુણ કે એક સમયની પર્યાય પણ જાુદી પડતી નથી. તેથી કોઈ પદાર્થ પોતાનું કાંઈ ત્યાગી શકતી નથી. અને બાહ્યમાંથી કાંઈ લાવી શકતો નથી. સ્વ-ભાવનો ત્યાગ નથી તેથી ત્યાગ શૂન્ય અને પર-ભાવનું ગ્રહણ શક્ય નથી એટલે ઉપાદાન શૂન્ય. હવે એ અપેક્ષાએ વિચારતા પરદ્રવ્યના ગ્રહણ અને ત્યાગ બન્નેની ના આવે છે. તેથી જીવ દ્રવ્યકર્મને કરતો નથી. દ્રવ્યકર્મને ગ્રહતો નથી અને તેને છોડતો પણ નથી. આ રીતે બન્નેનું અત્યંત ભિન્નપણું દર્શાવ્યું.

## ◆ ગાથા - ૧૮૬

**તે હાલ દ્રવ્યજનિત નિજ પરિણામનો કર્તા બને,**
**તેથી ગ્રહાય અને કદાપિ મુકાય છે કર્મો વડે. ૧૮૬.**

***તે હમણા (સંસાર અવસ્થામાં) દ્રવ્યથી (આત્મ દ્રવ્યથી) ઉત્પન્ન થતાં (અશુદ્ધ) પરિણામનો કર્તા થતો થકો કર્મ રજ વડે ગ્રહાય છે અને કદાચિત્ મુકાય છે.***

બે પદાર્થો સદાય ભિન્ન જ છે. એ દર્શાવ્યા બાદ હવે તેમની વચ્ચેનો સંબંધ દર્શાવે છે. બે પદાર્થો-પરિણામી રહેલા સ્વતંત્ર દ્રવ્યો એનું જાુદાપણું દર્શાવ્યું. આ નિશ્ચયનયનું કથન છે. આ નિશ્ચયનયમાં માત્ર સ્વભાવની વાત નથી. પરંતુ આખા સ્વરૂપ અસ્તિત્વની વાત છે. એટલે કે દ્રવ્યપર્યાયરૂપ અખંડ સત્તાની વાત છે. જાુદાપણા ઉપરાંત હવે જે બે પદાર્થ વચ્ચેના સંબંધો છે તે વ્યવહાર દર્શાવવામાં આવે છે. જીવ જાણનાર રહીને પરને જાણે એ વ્યવહાર શુદ્ધ છે. અહીં તે જીવ અશુદ્ધ પર્યાયરૂપે પરિણમીને દ્રવ્યકર્મ સાથે સંબંધમાં આવે છે એવો વ્યવહાર દર્શાવવામાં આવે છે. માટે તે દોષિત વ્યવહાર છે.

બે દ્રવ્યો વચ્ચે જાુદાપણું રાખીને જે સંબંધ હોય છે તેને નિમિત્ત નૈમિત્તિક સંબંધ કહે છે અને તે નિર્દોષ છે. પરંતુ જ્યારે જીવ એક સભ્ય છે ત્યારે સંબંધના બે પ્રકાર થઈ જાય છે. જીવ શુદ્ધતારૂપે પરિણમીને સંબંધમાં આવે તે જ્ઞેય જ્ઞાયક સંબંધ છે. તે નિર્દોષ છે. પરંતુ અજ્ઞાની જીવ વિભાવરૂપે પરિણમીને અન્ય દ્રવ્યો સાથે સંબંધમાં આવે છે તે બધા સંબંધો દોષિત છે. તેને નિમિત્ત નૈમિત્તિક સંબંધ એવું નામ આપવામાં આવે છે.

આ ગાથામાં જીવના દ્રવ્યકર્મ સાથેના એવા દોષિત નિમિત્ત નૈમિત્તિક સંબંધની વાત સમજાવવામાં આવે છે. ટીકામાં રહેલા શબ્દોનો ભાવ સમજવાનો પ્રયત્ન કરીએ.

૧) આત્મા પરદ્રવ્યના ગ્રહણ ત્યાગ વિનાનો હોવા છતાં આ રીતે આત્માને પરમાર્થે પરદ્રવ્યના ગ્રહણ ત્યાગ નથી એ દર્શાવ્યું છે. હવે આ વાસ્તવિકતા ફરતી નથી આમ ''હોવા છતાં'' કહીને પરદ્રવ્યના ગ્રહણ અને ત્યાગ કઈ રીતે છે તે સમજાવે છે પરંતુ એનો અર્થ એ નથી કે પૂર્વે જે વાત કહી છે તે નથી રહેતી. અર્થાત્ બે પદાર્થો વચ્ચે ગ્રહણ ત્યાગ હોય જ નહીં એ વાત કાયમ રાખીને વ્યવહારે ગ્રહણ ત્યાગ કઈ રીતે છે તે સમજાવે છે. એટલે કે બે વચ્ચેના નિમિત્ત નૈમિત્તિક સંબંધને સમજાવે છે. જેથી ગ્રહણ ત્યાગ જેવું કાર્ય થતું દેખાય છે.

૨) હમણાં ''સંસાર અવસ્થામાં'' ➔ આશય એ છે કે જે નિમિત્ત નૈમિત્તિક સંબંધ દર્શાવવામાં

આવે છે તે સંસાર અવસ્થામાં જ લાગુ પડે છે. સિદ્ધ દશામાં લાગુ નથી પડતો.

૩) દ્રવ્યના પરિણામ = જુના દ્રવ્યકર્મનો ઉદય તે નિમિત્ત છે.

૪) કેવળ સ્વ પરિણામ માત્રનું = જીવની વિભાવરૂપ અવસ્થા (નૈમિત્તિક) અહીં કેવળ અને માત્ર એવા બે શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો છે. એટલે કે જીવ તે સમયે વિભાવ ભાવ જ કરે છે. તે પોતાની શુદ્ધ પર્યાયને કરતો નથી અને પરદ્રવ્ય-કર્મ કરવાનો તો પ્રશ્ન જ નથી.

૫) તે પરિણામ દ્રવ્યત્વભૂત હોવાથી = વિભાવ પરિણામ જીવ દ્વારા જ કરવામાં આવ્યા છે.

૬) કર્તાપણું અનુભવતો થકો = પોતાની પર્યાય છે માટે પોતે કર્તા છે. વળી તે અશુદ્ધ પર્યાય હોવાથી કર્તાપણું યોગ્ય છે. જીવ જ્યારે શુદ્ધ પર્યાયને કરે છે ત્યારે તેને અકર્તા અથવા જ્ઞાતા કહેવામાં આવે છે. આ રીતે અજ્ઞાની જીવ બન્ને અપેક્ષાએ વિભાવ પર્યાયનો કર્તા છે.

૭) તેના તે જ પરિણામ = જીવના તે સમયના વિભાવ પરિણામ આ પરિણામ જુના કર્મોદય અનુસાર નૈમિત્તિક છે પરંતુ નવા દ્રવ્યકર્મની અપેક્ષાએ નિમિત્ત છે.

કર્મ પરિણામને પામતી પુદ્‌ગલ રજ = જીવ જે સમયે વિભાવ કરે છે તે સમયે તે જ ક્ષેત્રે રહેલી કાર્મણ વર્ગણા નવા દ્રવ્ય કર્મરૂપે પરિણમે છે તેથી અહીં પુદ્‌ગલ રજ શબ્દથી કાર્મણ વર્ગણા સમજવું.

જે કાર્મણ વર્ગણા કર્મરૂપે પરિણમે છે તે નવા દ્રવ્યકર્મો જીવની સાથે વિશિષ્ટ અવગાહરૂપે જીવ વડે ગ્રહાય છે.

એ સમયે જે જુના દ્રવ્યકર્મો ઉદયમાં આવ્યા હતા તે જીવથી જુદા પડે છે. તેથી જીવ દ્રવ્યકર્મથી મુકાય છે એમ કહેવાય છે. આશય છે કે નવા દ્રવ્યકર્મો જીવની સાથે ઉભયબંધરૂપે બંધાય છે. અબાધાકાળ સુધી જીવની સાથે બંધાયેલા રહે છે અને પછી છૂટા પડે છે. તેને કર્મ ઉદયમાં આવ્યું અને ખરી ગયું એમ કહેવામાં આવે છે. આ રીતે જીવ પોતાના વિભાવ ભાવ દ્વારા દ્રવ્યકર્મની સાથે આ પ્રકારે બંધને પ્રાપ્ત થાય છે. એ બંધ છે. તે નિમિત્ત નૈમિત્તિક સંબંધરૂપ છે. એક દ્રવ્યરૂપ તાદાત્મ્ય નથી. અર્થાત્ એવા સંબંધ સમયે પણ જીવ દ્રવ્યકર્મથી અત્યંત જુદો જ છે.

સામાન્ય રીતે જીવ કર્મને બાંધે છે અને જીવ કર્મને છોડે છે. એ રીતે આપણે સાંભળવાને, વાંચવાને, વિચારવાને ટેવાયેલા છીએ. તેથી તે રીતે તેના આપણે સ્વીકાર કરીએ છીએ. આ ગાથામાં કર્મો જીવને ગ્રહે છે અને છોડે છે. એમ લીધું છે. તેથી તે રીતે વિચારીએ. જીવના વિભાવ અનુસાર દ્રવ્યકર્મો આવે છે અને બંધાય છે. દ્રવ્ય આસ્રવ અને દ્રવ્યબંધનું એ સ્વરૂપ આપણા ખ્યાલમાં છે. જીવ જ્યારે શુદ્ધતારૂપે પરિણમે છે ત્યારે નવા કર્મો બંધાતા નથી અને સત્તામાં પડેલા કર્મો ખરી જાય છે. તેથી જીવ કર્મને છોડે છે. તે કર્મની નિર્જરા કરે છે. એ રીતે આપણે સમજીએ છીએ. આ રીતે આખું વજન જીવના ભાવ ઉપર આવે છે.

હવે કર્મ જીવને બાંધે છે અને મૂકે છે. એવા શબ્દ પ્રયોગ થાય ત્યારે આપણે સ્હેજે ભાવકર્મથી વિચારીએ છીએ અને તે યોગ્ય છે. જીવ પોતાની વિભાવ પર્યાય સાથે ભાવ આસ્રવ અને ભાવબંધરૂપે થાય છે. એ જીવ બંધ છે. એ પણ આપણે અભ્યાસમાં લીધું છે. હવે આપણે એ જ વાત દ્રવ્યકર્મથી વિચારીએ. દ્રવ્યકર્મની રચના કઈ રીતે થઈ છે ? જીવ પોતે સંસારી રહેવા માગે છે માટે વિભાવરૂપે પરિણમે છે. પોતાનો સંસાર ચાલુ રાખવા માટે અજ્ઞાની જીવ જ દ્રવ્યકર્મની રચના કરે છે. ઘાતિ કર્મો ઉદયમાં આવીને જીવના વિભાવમાં નિમિત્ત થાય અને અઘાતિ કર્મો તેને સંયોગરૂપ સામગ્રી

ઉપલબ્ધ કરાવે છે. જેમાં જોડાયને નવો વિભાવ અને નવા દ્રવ્યકર્મોની રચનાનો પ્રવાહ ચાલુ રહે છે. આ રીતે વિચારતા દ્રવ્યકર્મનું કાર્ય જ જીવને સંસારમાં રખડાવવાનું છે એ નક્કી થાય છે. આપણે ગાથા ૭૯ માં પુણ્યને ધૂર્ત અભિસારીકા સાથે સરખાવવામાં આવે છે તેનો અભ્યાસ કર્યો છે. વેશ્યા જેમ ખોટો પ્રેમ દર્શાવીને અન્યને લૂંટે છે તેમ પુણ્યના ઉદયો અનેક પ્રકારના લોભામણા સંયોગો દ્વારા જીવને તેના તરફ આકર્ષે છે. જીવ એના પ્રેમમાં ગાંડો બને છે. આપણે પાંચ ઈન્દ્રિયોના વિષયોના લોભમાં પ્રાણ ગુમાવનારા જીવોના દૃષ્ટાંતોથી પરિચિત છીએ. જેમકે દીપકના પ્રેમમાં પતંગિયું બળી જાય છે. કયારેક ઈચ્છિત વિષયોની પ્રાપ્તિ ન થાય ત્યારે જીવો પ્રાણ ત્યાગ પણ કરે છે. વળી પુણ્યની માફક પાપના ઉદયો પણ આવે છે. પરંતુ આ દુઃખના દહાડા થોડા સમયમાં દૂર થશે અને વળી સુખના દિવસો આવશે એવી આશામાં જીવ એ પ્રતિકૂળ સંયોગોને પણ ભોગવે છે. માણસો, નાના બાળકો, પાલતુ કૂતરા વગેરેને કયારેક ખાવા આપે અને કયારેક ટટળાવે પણ છે. તેમ દ્રવ્યકર્મો પુણ્ય અને પાપ એવી બે પ્રકારની પ્રકૃત્તિ વડે કયારેક જીવને ટટળાવે છે અને કયારેક બટકુ રોટલો આપીને રાજી પણ કરી લે છે. જીવને દુઃખ ગમતું નથી છતાં એ પ્રતિકૂળ સંયોગોમાં પણ એકાકાર થઈને જોડાય છે એ મોટું આશ્ચર્ય છે.

આ રીતે દ્રવ્યકર્મો જીવને પોતાની સાથે જોડાવા માટે આકર્ષે છે એવું આપણા ખ્યાલમાં આવે છે. આવું અજ્ઞાની જીવ અનાદિકાળથી કરતો આવ્યો છે. એવું કરવાના સંસ્કાર ખુબ જ ઊંડા પડયા છે. જીવ જ્યારે પોતાનું અજ્ઞાન છોડીને જ્ઞાની થાય છે ત્યારે સર્વ પરદ્રવ્યો પ્રત્યેનું અધ્યવસાન દૂર થાય છે. તે પોતાના આત્મ સ્વભાવને વિભાવ ભાવોથી અને સમસ્ત પરદ્રવ્યોથી જુદો પાડીને પોતાના શુદ્ધ સ્વભાવનો અનુભવ કરી લે છે. જે જીવે ભેદજ્ઞાનનો આ પ્રકારે પ્રયોગ અને અભ્યાસ કર્યો છે તે ખરેખર પરદ્રવ્યથી જુદો પડયો છે. શાસ્ત્રમાં વાત આવે કે પહાડ ઉપર વીજળી પડે અને બે ભાગ પર્વતના થાય એ ફરીને સંધાય નહીં. તેમ સમ્યગ્દૃષ્ટિ એ સ્વપરનો વિભાગ કર્યો છે. તેને ફરીને અજ્ઞાન અર્થાત્ મિથ્યાત્વ-પરમાં એકત્વબુદ્ધિ થતી નથી. તેને પર દ્રવ્યમાં રાગ થાય એવા કોઈ કારણો રહ્યા નથી. નિર્વિકલ્પ અનુભૂતિ અતીન્દ્રિય આનંદ રૂપે અનુભવાય છે. જ્યારે વિકલ્પ માત્ર દુઃખરૂપે વેદાય છે. આ પ્રમાણે સાધક દશા છે.

સાધક દશાનો કાળ અંત મૂહૂર્તથી લઈને અર્ધ પુદ્ગલ પરાવર્તનરૂપ છે એ મોટું આશ્ચર્ય છે. એ દર્શાવે છે કે જ્ઞાન અને શ્રદ્ધાનમાં બે પદાર્થો સ્પષ્ટ ભિન્ન હોવા છતાં તે પ્રમાણે આચરણ કરવું મુશ્કેલ છે. ચારિત્રની પર્યાયમાં અસ્થિરતાનો રાગ જેટલો લંબાય તેટલો મોક્ષ દૂર થાય છે. પાકા નિર્ણય બાદ પણ એ પ્રકારના આચરણ માટે ઉત્તરોત્તર અનંતો પુરુષાર્થ જરૂર પડે છે. એ દર્શાવે છે કે જીવે પોતે જ સંસાર ચાલુ રાખવા માટે ઊભા કરેલા દ્રવ્યકર્મનો કેટલો પ્રભાવ છે ? જ્ઞાની દુઃખનો અનુભવ કરવા છતાં વિકલ્પનો સર્વથા નાશ તાત્કાલિક કરી શકતો નથી. દૃષ્ટાંતઃ દારૂ અથવા અફીણનો બંધાણી તે છોડવા માગે તો સહેલાઈથી છોડી શકતો નથી કારણકે શરીર એના સેવનથી ટેવાય ગયું છે. આ રીતે આ ગાથામાં આચાર્યદેવ કર્મો જીવને ગ્રહે છે એમ કહ્યું છે. તેનો આશય આપણે વિચાર્યો. એ રીતે વિચાર્યા બાદ પણ મુખ્ય જવાબદારી તો જીવની જ રહે છે. દ્રવ્યકર્મો જીવને છોડે છે એનો શબ્દ પ્રમાણે અર્થ નહીં કરી શકાય. જીવના પરિણામમાં વિરક્તપણું આવે ત્યારે કર્મો જીવની સાથે રહી જ ન શકે. ખરેખર તો દ્રવ્યકર્મો તેના પ્રવાહ ક્રમમાં છે. જીવ સાથે વિશિષ્ટ સંબંધમાં રહેવાનો કાળ હતો. તેટલો સમય સાથે રહે છે. અને પછી પોતાના પ્રવાહક્રમમાં ચાલ્યા જાય છે. અચેતન પદાર્થને

જીવને સુખી કરું કે દુઃખી કરું એવા કોઈ ભાવો શક્ય જ નથી.

### ◆ ગાથા - ૧૮૭

**જીવ રાગ-દ્વેષથી યુક્ત જ્યારે પરિણમે શુભ-અશુભમાં,**
**જ્ઞાનાવરણઈત્યાદિભાવે કર્મધૂલિ પ્રવેશ ત્યાં. ૧૮૭.**

***જ્યારે આત્મા રાગ દ્વેષ યુક્ત થયો થકો શુભ અને અશુભમાં પરિણમે છે, ત્યારે કર્મરજ જ્ઞાનાવરણાદી ભાવે તેનામાં પ્રવેશે છે.***

આ ગાથામાં પુદ્‌ગલ પરમાણુ અનેક પ્રકારની રચનાઓ કરે છે અને તે તેનું સ્વતંત્ર કાર્ય છે એમ દર્શાવવા માગે છે. પરમાણુના બે અણુથી લઈને અનંત પરમાણુઓના સ્કંધો બને છે. વર્ગ અને વર્ગણાઓ અનેક પ્રકારની બને છે. તે ૨૬ વર્ગણામાં એક કાર્મણ વર્ગણા છે. જે પૂરા લોકમાં ફેલાયેલી છે. તે સ્વયં આઠ પ્રકારના કર્મરૂપે પરિણમે છે. આ આઠ તો મુખ્ય કર્મો છે. પેટા ભેદ ૧૪૮ છે અને ઉત્તર ભેદ અસંખ્યાત લોક પ્રમાણ છે. આ પ્રકારના કર્મો થવામાં જીવનો એક સમયનો વિભાવ નિમિત્ત છે. નિમિત્ત એક છે અને નૈમિત્તિક દશાઓ અનેક છે આ કાંઈ નવી વાત નથી. આપણા ચાલુ જીવનમાં આવા અનેક પ્રસંગો જોવા મળે છે. એક શિક્ષણ વર્ગના ૪૦ વિદ્યાર્થીઓને એક સરખું શીખવે છે પરંતુ દરેક વિદ્યાર્થી પોતાની યોગ્યતા અનુસાર ગ્રહણ કરે છે. એક જ વીજળીના પ્રવાહને લીધે ઘરના બધા ઈલેકટ્રીક સાધનો પોતાની રીતે કાર્ય કરે છે. અહીં વિશેષતા એ લેવી છે કે આપણે પુદ્‌ગલને એકરૂપ ગણીને તેમાં થતી અનેકવિધતાનો વિચાર કરીએ છીએ.

લૌકિકમાં ભલે એની નવાઈ લાગે પરંતુ જેને બંધારણનો અભ્યાસ છે. તેને કાંઈ વિશેષતા ન લાગે. એક પુદ્‌ગલ પરમાણુના અનાદિથી અનંતકાળ સુધીના પરિણામોનો વિચાર કરો તો તે દરેક સમયે નવા નવા રૂપ ધારણ કરે છે. તો સ્કંધોમાં તો એવા અનેક પરમાણુઓ મળેલા છે. તેથી ત્યાં તો ખૂબીમાં પણ અનેકવિધ ખૂબી જોવા મળે.

આચાર્યદેવ વરસાદ પડતાં જમીન ઉપર અનેક પ્રકારની જીવાતો અને બિલાડીના ટોપ વગેરે ઉગી નીકળે છે તે દૃષ્ટાંત આપે છે. ત્યાં વરસાદતો નિમિત્ત માત્ર જ છે. તે રીતે આઠ પ્રકારના કર્મોની ઉત્પત્તિ એ પુદ્‌ગલ દ્રવ્યનું સ્વતંત્ર કાર્ય છે એમ કહેવા માગે છે.

### ◆ ગાથા - ૧૮૮

**સપ્રદેશ જીવ સમયે કષાયિત મોહરાગાદિ વડે,**
**સંબંધ પામી કર્મરજનો, બંધરૂપ કથાય છે. ૧૮૮.**

***સપ્રદેશ એવો તે આત્મા સમયે મોહ-રાગ-દ્વેષ વડે કષાયિત થવાથી કર્મરજ વડે શ્લિષ્ટ થયો થકો (અર્થાત્ જેને કર્મરજ વળગી છે એવો થયો થકો) 'બંધ' કહેવામાં આવે છે.***

ગા. ૧૮૭માં જીવના વિભાવના નિમિત્તે પુદ્‌ગલ અનેક પ્રકારે થાય છે. તે વાત લીધી અને ત્યાં તે પુદ્‌ગલનું સ્વતંત્ર કાર્ય છે એમ સિદ્ધ કર્યું. તે રીતે આ ગાથામાં જીવ પોતે ભાવબંધરૂપે થાય છે એ જીવનું સ્વતંત્ર કાર્ય છે એમ નક્કી કરે છે. જીવ પોતે વિભાવરૂપે પરિણમીને ભાવબંધરૂપે થાય છે એટલું જ પર્યાપ્ત નથી પરંતુ તે સમયે તે દ્રવ્યકર્મથી પણ અવશ્ય બંધાય છે.

અહીં જીવમાં ભાવબંધ અને દ્રવ્યબંધ એમ બન્ને વાત લીધી છે. એ પ્રમાણે જ વસ્તુની સ્થિતિ છે. ત્યાં એ પ્રકારે જ નિમિત્ત નૈમિત્તિક સંબંધ નિયમરૂપે જોવા મળે છે. જીવ પરનિરપેક્ષપણે વિભાવ કરતો નથી તે રીતે કાર્મણ વર્ગણા પણ એકાંતે દ્રવ્યકર્મ થતી નથી. વળી જીવ ભાવબંધરૂપે પરિણમે અને પુદ્‌ગલ દ્રવ્યકર્મરૂપે પરિણમે એટલેથી

પૂરું થતું નથી. જીવ અને દ્રવ્યકર્મ વચ્ચે ઉભયબંધ પણ અવશ્ય થાય છે. આ પ્રકારે વાસ્તવિકતા હોવા છતાં જીવ પોતે માત્ર પોતાના દોષને કારણે બંધાય છે એવું આચાર્યદેવ સમજાવવા માગે છે અને તે યોગ્ય જ છે.

જીવ પોતે અશુદ્ધ પર્યાયરૂપે પરિણમે તો જ તે દ્રવ્યકર્મ સાથે બંધાવા માટે યોગ્ય થાય છે. જીવ જો વીતરાગતારૂપે પરિણમે, જો તે નિર્વિકલ્પદશા પ્રગટ કરે તો તે સમયે તે દ્રવ્યકર્મ સાથે બંધાતો નથી. આ સિદ્ધાંત એક દૃષ્ટાંત દ્વારા સમજાવવામાં આવે છે.

કોઈ સફેદ વસ્ત્રને રંગમાં બોળીને સૂકવવામાં આવે તો તે રંગીન દેખાય પરંતુ વસ્ત્રને ધોવામાં આવે તો બધો રંગ નીકળી જાય. પરંતુ જો તે વસ્ત્રને પહેલા લોધર-ફટકડી વગેરેના પાણીમાં બોળીને પછી તેને રંગ ચડાવવામાં આવે તો તે રંગ વસ્ત્ર ઉપર કાયમ ટકી જાય. એ રીતે શુદ્ધ જીવને કર્મબંધ થતો નથી પરંતુ અશુદ્ધતારૂપે પરિણમે તો જીવ અવશ્ય કર્મથી બંધાય છે. એ સમયે પણ બંધનની પૂરી જવાબદારી જીવની જ છે.

## ◆ ગાથા - ૧૮૯

**-આ જીવ કેરા બંધનો સંક્ષેપ નિશ્ચય ભાખિયો,**
**અર્હંતદેવે યોગીને; વ્યવહાર અન્ય રીતે કહ્યો. ૧૮૯.**

***આ (પૂર્વોક્ત રીતે) જીવોના બંધનો સંક્ષેપ નિશ્ચયથી અર્હંત દેવોએ યતિઓને કહ્યો છે; વ્યવહાર અન્ય રીતે કહ્યો છે.***

આ ગાથાનો ભાવ સમજવો જરૂરી છે. જીવના બંધનું સ્વરૂપ સંક્ષેપમાં પરમાત્માએ દિવ્યધ્વનિ દ્વારા યતિઓને સમજાવ્યું છે. યતિ અર્થાત્ મુનિઓને આ સ્વરૂપનો બરોબર ખ્યાલ છે. જીવના સ્વભાવનો ખ્યાલ છે અને વિભાવનો બંધનો પણ ખ્યાલ છે. તેણે સ્વભાવના આશ્રયે ઘણો બધો બંધ (વિભાવ) દૂર કર્યો છે. હવે તો અલ્પ દોષ જ બાકી રહ્યો છે. તેને સમજાવવું એટલે કે તેના દ્વારા બધા પાત્ર જીવો સુધી આ સંદેશો પહોંચાડવો. આપણને ખ્યાલ છે કે ભગવાનની વાણીના મુખ્ય ગ્રાહક ગણધરદેવ છે. તે ભાવ લિંગી સંત છે. અને તદ્ભવ મોક્ષગામી છે. પરંતુ ગણધરની હાજરીમાં જ ભગવાનની વાણી છૂટે છે. ગણધરદેવ બાર અંગની રચના કરે છે અને તેની પંરપરામાં અન્ય આચાર્યો વગેરે ઉપદેશ આપે છે અને શાસ્ત્રોની રચના કરે છે. જ્ઞાની જ જ્ઞાનીના ભાવને સાચા અર્થમાં સમજી શકે છે. અને અન્ય અલ્પમતી જીવોને તેઓ સમજી શકે તે રીતે સમજાવે છે. હવે પરમાત્માએ અહીં નિશ્ચય અને વ્યવહાર કઈ રીતે સમજાવ્યા છે તે વિચારીએ.

ગાથા ૧૮૮ ની ટીકાની છેલ્લી લીટીમાં છે કે ''નિશ્ચયનો વિષય શુદ્ધ દ્રવ્ય છે.'' આ લીટીના ભાવનું અનુસંધાન આ ગાથા સાથે છે. તેથી તેની વિશેષ સ્પષ્ટતા તે ગાથામાં કરી ન હતી. જીવ બંધાય છે એ બે પ્રકારે લેવામાં આવે છે.

જીવ પોતાના વિભાવ ભાવ વડે ભાવબંધને પ્રાપ્ત થાય છે. તે નિશ્ચયનય છે જીવ દ્રવ્યકર્મ વડે બંધાય છે એ વ્યવહારનયનું કથન છે. ખ્યાલમાં રહે કે બે કથનોનો સાથે વિચાર કરીએ તો જ અને ત્યારે જ ત્યાં નય વિભાગ લાગુ પડે છે. માત્ર એક કથનમાં નય લાગુ પડી શકે નહીં.

જિનાગમમાં નયના કથન માટેના નિયમો છે, સિદ્ધાંતો છે. તે આ પ્રમાણે મુખ્ય તે નિશ્ચય અને ગૌણ તે વ્યવહાર.

સ્વ-આશ્રિત તે નિશ્ચય અને પર-આશ્રિત તે વ્યવહાર.

આ પ્રમાણેની શૈલી કુંદકુંદાચાર્યદેવના શાસ્ત્રોમાં લેવામાં આવી છે. આ ગાથામાં સ્વાશ્રિત અને પરાશ્રિત અપેક્ષાએ નિશ્ચય અને વ્યવહાર નયના કથન કરવામાં આવ્યા છે.

ટીકામાં સર્વ પ્રથમ નિશ્ચય નયનું વર્ણન કરવામાં આવે છે. રાગ પરિણામ (વિભાવ ભાવ) જ આત્માનું કર્મ છે. તે પરિણામનો જ આત્મા કર્તા છે. તેને ગ્રહણ કરનાર છે અને છોડનાર છે. આ કથનને શુદ્ધ દ્રવ્યના નિરૂપણ સ્વરૂપ નિશ્ચયનય કહ્યો છે.

આનો ભાવ સમજવામાં મુશ્કેલી પડે તેમ છે. અજ્ઞાની જીવ કર્તા અને મોહ-રાગ-દ્વેષ રૂપ પરિણામ તે કર્તાનું કર્મ છે એ વાત માન્ય કરીએ. પરંતુ તેને 'શુદ્ધ દ્રવ્ય' નું નિરૂપણ કહેવામાં આવે તે જરા અયોગ્ય લાગે. બે કથનો સાપેક્ષતાથી સમજવાને-વિચારવાને ટેવાયેલા જીવને આ કથન નિશ્ચયનયનું છે અની અવશ્ય હા આવે કારણકે અન્ય કથન જે જીવને દ્રવ્યકર્મનો બંધ દર્શાવે છે. તે પરાશ્રિત છે માટે તે વ્યવહારનયનું કથન જ થાય તેનો તેને ખ્યાલ હોય છે. પરંતુ જીવ પોતાના વિભાવ પરિણામને કરે છે અને તેનાથી બંધાય છે. તેને શુદ્ધ દ્રવ્યનું નિરૂપણ કઈ રીતે કહેવું તે જરા બરોબર નથી લાગતું. આચાર્યદેવે તે કથન કર્યું છે. માટે સત્યાર્થ છે એમ સ્વીકાર્યા બાદ તેમ કહેવાનો ભાવ આપણે સમજવો જરૂરી છે. તે કાર્ય આ શાસ્ત્રનો ગુજરાતી અનુવાદ કરનારા આપણા આદરણિય પં. શ્રી હિંમતભાઈ શાહે કહ્યું છે. તેની સ્પષ્ટતા પોતે ફૂટનોટરૂપે કરી છે. અહીં આ કથન સ્વ - આશ્રિત છે માટે શુદ્ધ છે તેવી ચોખવટ પોતે કરી છે. પર્યાય અશુદ્ધ છે કે શુદ્ધ તે પ્રશ્ન નથી. વળી તે જીવ પર્યાયની મુખ્યતાથી વિચારતા બંધાયેલો છે-મુક્ત નથી. એ વાત પણ અહીં વિચારવાની નથી. અહીં તો જે કાંઈ કથન છે તે પોતાના દ્રવ્ય-પર્યાય પુરતુ જ મર્યાદિત છે કે તેમાં અન્યની અપેક્ષા લેવામાં આવે છે તેટલી જ વિચારણા કરવામાં આવી છે. વિભાવ પર્યાયમાં દ્રવ્યકર્મોદયનું નિમિત્ત છે એ વાત અહીં નથી લેવી. જીવ સ્વતંત્રપણે વિભાવ કરે છે એટલું જ ત્યાં લેવામાં આવ્યું છે. તે વિભાવ કરી શકે છે અને કર્યો છે. વિશેષ કાંઈ લેવું નથી. અહીં જીવના વિભાવમાં પુણ્ય-પાપરૂપ દ્વૈત પણ થાય છે એટલો વિસ્તાર લીધો છે. ત્યારબાદ અશુદ્ધ દ્રવ્યનું નિરૂપણ (વ્યવહારનયનું કથન) નીચે પ્રમાણે કરે છે. તે જીવ પુદ્‌ગલ પરિણામનો કર્તા છે. તે પુદ્‌ગલ પરિણામ તેનું કર્મ છે. તે દ્રવ્યકર્મને ગ્રહણ કરે છે અને છોડે પણ છે. આ પુદ્‌ગલ પરિણામમાં પણ પુણ્ય અને પાપરૂપ દ્વૈત રહેલું છે.

જીવ દ્રવ્યકર્મનો કર્તા છે અને તે કર્મથી બંધાય છે એ વ્યવહારનયનું કથન છે અને તે અશુદ્ધ દ્રવ્યનું નિરૂપણ છે એ સમજવામાં હવે કાંઈ મુશ્કેલી નથી. પરદ્રવ્યરૂપ દ્રવ્યકર્મ જીવથી અત્યંત ભિન્ન છે તેથી જીવને કર્મથી બંધાયેલો કહેવો એ અશુદ્ધપણું છે. ખરેખર તો આ ગાથામાં જે જીવ ભાવબંધરૂપે પરિણમ્યો છે. તેને શુદ્ધ દ્રવ્ય કહ્યું છે. તે પણ પરમાર્થે તો અશુદ્ધપણું છે. તો પરદ્રવ્ય સાથેના સંબંધ તો અશુદ્ધ છે જ.

ટીકામાં આગળ કહે છે કે આ બન્ને નયો છે ➔ અર્થાત્ નયનો અર્થ જ દોરી જવું થાય છે. બન્ને નયો દ્વારા દ્રવ્યની પ્રતીત કરાય છે. ભાવબંધ અને દ્રવ્યબંધ બન્ને દ્વારા જીવની ઓળખાણ કરાવવાનો નયનો આશય રહેલો છે. બન્ને નયોનો સમાન આશય દર્શાવ્યા બાદ પણ વ્યવહારનયના કથનનો નિષેધ કરીને નિશ્ચયનયના કથનની મુખ્યતા કરવામાં આવી છે. જીવ વિભાવ ભાવથી બંધાય છે એવા કથનને નિશ્ચયનયનું કથન કહીને તેને સાધકતમ કહ્યો છે.

## સાધ્ય - સાધન ભાવ

આ ગાથામાં જીવ ભાવબંધરૂપે પરિણમ્યો છે તેને સાધન કહ્યું છે અને તેના દ્વારા શુદ્ધાત્મા-દ્રવ્ય સામાન્ય સ્વભાવ - સાધ્ય થાય છે તેમ સમજાવવા માગે છે. અહીં ફરીને પ્રશ્ન ઉદ્‌ભાવે છે. અશુદ્ધતારૂપે પરિણમેલો જીવ કઈ રીતે શુદ્ધાત્માની પ્રાપ્તિ કરાવે ?

બે કથનોમાં નય લાગુ પાડવો એ પ્રમાણમાં સહેલું હતું. પરંતુ આ પ્રશ્નનું સમાધાન એટલું સહેલું નથી. પંચાધ્યાયીમાં જીવનો જ્ઞાન સાથેનો સંબંધ સદ્‌ભૂત વ્યવહારનયરૂપે સમજાવ્યો છે. જ્યારે જીવ રાગરૂપે પરિણમે છે તેને અસદ્‌ભૂત વ્યવહારનય કહ્યો છે. ત્યાં રાગ મારું સ્વરૂપ નથી એમ સમજીને સદ્‌ભૂત વ્યવહારનયમાં આવીને જ્ઞાન મારફત જીવ સ્વભાવ સુધી પહોંચવાની વાત કરી છે. વળી જીવને અનાદિકાળથી રાગ-દ્વેષ થાય છે માટે રાગ-દ્વેષને કરે તે જીવ એવી જ અજ્ઞાનીની માન્યતા છે. આપણે જુદા જુદા પદાર્થોને એક પછી એક જાણીએ છીએ. તેથી જ્ઞાન આ રીતે જ જાણવાનું કામ કરે એવું આપણે માની લઈએ છીએ. પરંતુ બન્નેમાં આપણે થાપ ખાઈએ છીએ. રાગને કરે એવો જીવનો સ્વભાવ જ નથી વળી જ્ઞાન પણ સર્વજ્ઞ સ્વભાવી જ છે.

અશુદ્ધ પર્યાયની જાત જીવના શુદ્ધ સ્વભાવથી વિરુદ્ધ જ છે. તેથી અશુદ્ધતા દ્વારા શુદ્ધ સ્વભાવનો નિર્ણય કઈ રીતે કહ્યો ? આપણે ભેદજ્ઞાનનું સ્વરૂપ સમજ્યા છીએ. ત્યાં વિભાવથી જીવને જુદા પાડવાનો પ્રયોગ કરવાનો છે. ત્યાં સ્વભાવને જાણનાર જ વિભાવથી પોતાને ભિન્ન પાડી શકે છે પરંતુ સ્વભાવ સુધી પહોંચવું કઈ રીતે ?

આપણે લક્ષમાં લીધું છે કે જીવ શુદ્ધ અને અશુદ્ધ બન્ને પર્યાયરૂપે પરિણમી શકે છે. ખરેખર તો દ્રવ્ય સામાન્ય વ્યાપક છે અને પર્યાય તેનું વ્યાપ્ય છે. તેથી દરેક પર્યાયમાં દ્રવ્ય સ્વભાવ જ વ્યાપેલો છે. પર્યાયની વિધવિધતા અને વિષમતાને ગૌણ કરી અને તે રૂપે કોણ થયું છે તેનો વિચાર કરીએ તો સ્વભાવ લક્ષગત થઈ શકે છે. જ્ઞાનની પર્યાય કોને જાણે છે તેને ગૌણ કરીને જ્ઞાનની પર્યાય કયાંથી આવી ત્યાં લક્ષ કરીએ તો તે જ્ઞાયકને અવશ્ય દર્શાવે. તે રીતે વિભાવ પર્યાયમાં એકરૂપ શુદ્ધપણું દૃષ્ટિગોચર થઈ શકે તેમ છે.

ગાથાની ફૂટનોટમાં આ વિષય પ્રશ્ન-ઉત્તરરૂપે સ્પષ્ટ કરવામાં આવ્યો છે. જિનાગમમાં દ્રવ્ય સામાન્ય એવો જ્ઞાયક સ્વભાવ એક જ આશ્રય માટે ઉપાદેય દર્શાવવામાં આવ્યો છે. દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપે આખો પદાર્થ પોતાનું એક સ્વતંત્ર સ્વરૂપ અસ્તિત્વ સદાયને માટે ટકાવીને રહેલો છે. તેમ હોવા છતાં ગુણ અને પર્યાયના ભેદથી કથંચિત્ ભિન્ન એવું દ્રવ્ય સામાન્ય તત્ત્વ જ આશ્રય માટે ઉપાદેય છે એવું જ વસ્તુનું સ્વરૂપ છે. પરમાત્માના જ્ઞાનમાં પણ વસ્તુ સ્વરૂપ એ પ્રકારે જ આવ્યું છે. હવે જ્યાં ત્રિકાળ શુદ્ધ ગુણો અને શુદ્ધ પર્યાય પણ આશ્રયભૂત તત્ત્વમાં સાથે લેવામાં આવતા નથી ત્યાં અશુદ્ધ પર્યાયરૂપે પરિણમેલા દ્રવ્યને ઉપાદેય કઈ રીતે સ્વીકારી શકાય એવો પ્રશ્ન અહીં ઉપસ્થિત કરવામાં આવ્યો છે.

પ્રશ્નના ઉત્તરરૂપે પ્રથમ તો વાસ્તવિક પદાર્થની નિર્દોષ વ્યવસ્થા દર્શાવવામાં આવે છે. જીવ રાગ ભાવ અને વીતરાગ ભાવ બન્ને કરી શકે છે. બન્ને પરિણામ કરવામાં જીવ સ્વતંત્ર છે. વસ્તુની આ વાસ્તવિકતા જેમ છે તેમ પોતાના જ્ઞાન-શ્રદ્ધાનમાં લેવું એ પ્રયોજનવાન છે. સંસાર વ્યવસ્થા પણ જીવ સ્વતંત્રપણે એકલો જ કરે છે. જે ભૂલ કરે છે તે જ ભૂલ ભાંગી પણ શકે છે. બધા પરિણામો જીવ સ્વતંત્રપણે કરે છે. એવું સમજનારને પોતાના દ્રવ્ય સામાન્ય જ્ઞાયક સ્વભાવના સામર્થ્યનો બરોબર ખ્યાલ છે. સામાન્યના સાચા જ્ઞાન વિના વિશેષનું સાચું જ્ઞાન શક્ય જ નથી. અજ્ઞાનીને સ્વભાવનો તો ખ્યાલ નથી તેને પર્યાયનું જ્ઞાન છે પરંતુ તે જ્ઞાન યથાર્થ નથી અર્થાત્ તે પર્યાયને પણ સાચા અર્થમાં સમજી શકતો નથી. જેને સ્વભાવનો સાચો ખ્યાલ આવે તેને જ પોતાની પર્યાયનો સાચો ખ્યાલ આવી શકે છે. આમ હોવાથી જેને જીવ અજ્ઞાન ભાવરૂપે પરિણમે છે એવું સાચું જ્ઞાન છે તેને પોતાના જ્ઞાયક સ્વભાવનો પણ યથાર્થ ખ્યાલ અવશ્ય હોય છે. શુદ્ધ અને અશુદ્ધ બન્ને પર્યાયોમાં જીવ સ્વતંત્ર છે. એકલો

જ છે એવું નક્કી કરનાર પરદ્રવ્ય સાથે તો સંબંધમાં આવવા માગતો જ નથી. તે પરદ્રવ્યથી જુદો જ રહેવા માટે પ્રયત્નશીલ રહે છે. વળી વિશેષ કહે છે.

***''દ્રવ્ય સામાન્યની અંદર પર્યાયોને ડુબાડી દઈને સુવિશુદ્ધ હોય છે.''***

પ્રવચનસાર ગા. ૯૩ માં દ્રવ્યને આયત સામાન્ય સમુદાયાત્મકરૂપે દર્શાવવામાં આવ્યું છે. આયત વિશેષો એ પર્યાયો છે. તેના વિશેષોને-તફાવતને ગૌણ કરવામાં આવે તો ત્યાં આયત સામાન્ય સમુદાયરૂપ દ્રવ્યત્વ દૃષ્ટિ ગોચર થાય છે. જ્યારે પર્યાયોને સમુદાય ગણવામાં આવે છે ત્યાં એકત્વરૂપ ગણીને પર્યાયો ક્યાંથી ઉપજે છે એનો વિચાર કરીને દ્રવ્યની મહાસત્તાને દર્શાવવામાં આવે છે. પર્યાયોનો સમુદાય એ પર્યાયરૂપ નથી પરંતુ દ્રવ્યરૂપ છે.

આ રીતે પર્યાયની વિસદૃશતાને ગૌણ કરવાથી પર્યાયની સદૃશતા અને દ્રવ્ય સ્વભાવ બન્નેનો ખ્યાલ આવી જાય છે.

## ◆ ગાથા - ૧૯૦

**'હું આ અને આ મારું' એ મમતા ન દેહ-ધને તજે,**
**તે છોડી જીવ શ્રામણ્યને ઉન્માર્ગનો આશ્રય કરે. ૧૯૦.**

***જે દેહ ધનાદિકમાં 'હું આ છું અને આ મારું છે' એવી મમતા છોડતો નથી, તે શ્રામણ્યને છોડીને ઉન્માર્ગનો આશ્રય કરે છે.***

દરેક પદાર્થ પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ટકાવીને રહેલો છે. તે નિશ્ચયનય છે. એવા બે પદાર્થો પોતાનું ભિન્ન અસ્તિત્વ ટકાવીને સંબંધમાં આવે છે. તે નિર્દોષ વ્યવસ્થા છે, પરંતુ સંબંધમાં એકબીજા વચ્ચેના મેળવિશેષને લક્ષમાં લે પરંતુ બન્નેના જુદાપણાને ખ્યાલમાં ન રાખે તો અનર્થ થાય. જેને સ્વભાવના જુદાપણાનો ખ્યાલ નથી એ અજ્ઞાની છે. તે બે પદાર્થ વચ્ચેના સંબંધને સાચા અર્થમાં સમજી શકતો નથી. તેથી તેને બધા પદાર્થો એકબીજા સાથે ભેળસેળરૂપ થઈ ગયા હોય અને એકબીજાના કામ કરતા હોય એવું લાગે છે. એવા જીવની એવી માન્યતા અને આચરણ એ જ અજ્ઞાન છે. તેના ફળમાં ચાર ગતિના પરિભ્રમણ અને દુઃખ જ છે માટે તેને ઉન્માર્ગ કહ્યો છે.

જ્ઞાનીને સ્વપરના જુદાપણાનો વિવેક બરોબર વર્તે છે. તેથી બે વચ્ચેના સંબંધને સમજવામાં પણ ભૂલ કરતો નથી. તે એવી ભૂલ કરતો નથી તેથી તે અન્ય દ્રવ્યો સાથે દોષિત સંબંધ બાંધતો પણ નથી. પોતે વિશ્વના સમસ્ત પરદ્રવ્યોથી સદાય ભિન્ન જ છે અને પરદ્રવ્યમાં મારું કાંઈ કર્તવ્ય નથી અને હું અન્ય દ્રવ્યોને ભોગવી શકતો જ નથી. એવું પાકું શ્રદ્ધાન તેને છે. તે જીવનું આચરણ પણ ફરી જાય છે. અજ્ઞાન ભાવે બાહ્ય વિષયોને ગ્રહવા માગતો હતો. તેનો માલિક થઈને તેને ભોગવવા માગતો હતો. તેના સ્થાને હવે તે પરને પર જાણે છે. મારે તેની સાથે કાંઈ નિસ્બત નથી. એ રીતે તેને નિઃશંકતા છે માટે તેના જોરમાં તે પરદ્રવ્યનો ત્યાગ કરે છે. પોતાના સ્વભાવમાં નિર્વિકલ્પ દશારૂપે જામી જવાથી અતીન્દ્રિય આનંદનો તેને અનુભવ વર્તે છે. માટે તે સવિશેષપણે પોતાના સ્વરૂપમાં ટકવા માટે પ્રયત્નશીલ છે. આ પ્રવૃત્તિની ઉત્કૃષ્ટા એ જ શ્રામણ્ય છે. તે જ્ઞાનીનું ધ્યેય છે. શ્રામણ્યને ધરનારો મોક્ષની તળેટીમાં ઊભો છે. આ પરિણામને અને ઉન્માર્ગને તદ્દન વિરોધાભાસ છે. જે પોતાના સ્વભાવને અશુદ્ધ માને છે તેની પર્યાયમાં અશુદ્ધતાની જ પ્રગટતા થાય છે.

## ◆ ગાથા - ૧૯૧

**હું પર તણો નહિ, પર ન મારાં, જ્ઞાન કેવળ એક હું,**
**— જે એમ ધ્યાવે, ધ્યાનકાળે તેહ શુદ્ધાત્મા બને. ૧૯૧.**

***હું પરનો નથી, પર મારા નથી, હું એક જ્ઞાન છું એમ જે ધ્યાવે છે, તે ધ્યાતા ધ્યાનકાળે આત્મા અર્થાત્ શુદ્ધાત્મા થાય છે.***

આ ગાથામાં જ્ઞાનીની વાત લેવામાં આવી છે. જ્ઞાનીએ પોતાના સ્વભાવમાં હુંપણું સ્થાપ્યું છે. તેણે દેહાધ્યાસ છોડયો છે. પર સાથેની એકત્વબુદ્ધિ અને હિતબુદ્ધિ છોડી હોવાથી શરીર અને સંયોગો પ્રત્યેના મમત્વનો ત્યાગ કર્યો છે. સાથે પરમાં કર્તાબુદ્ધિ અને ભોક્તાબુદ્ધિનો પણ તેને અભાવ વર્તે છે. જે સમયે એ જીવ પરલક્ષ છોડીને પોતાના સ્વભાવમાં એકાગ્ર થાય છે નિર્વિકલ્પ અનુભૂતિ કરે છે તે સમયે અજ્ઞાનમય પર્યાયનો અભાવ થઈને ત્યાં શુદ્ધ પર્યાયની પ્રગટતા થાય છે. આથી એ જીવ શુદ્ધાત્મા થાય છે. ત્રિકાળ સ્વભાવ તો શુદ્ધ જ છે. એવા સ્વભાવનો હવે એ આસ્વાદ લે છે તેથી તેણે પોતાને શુદ્ધરૂપે અનુભવ્યો એમ કહેવાય છે. અનુભૂતિ થતાં તે સાધક બન્યો. એ સાધક દશામાં જ્ઞાની જ શુદ્ધાત્મા જ રહે છે. પરંતુ અહીં ‘ધ્યાનકાળે’ શબ્દ દ્વારા આચાર્યદેવ માત્ર નિર્વિકલ્પ દશાની જ વાત કરવા માગે છે. આ પ્રકારે વિચારતા અજ્ઞાની જીવ પ્રથમ જ્ઞાની થાય તે સમજાવવા માગે છે એવો ખ્યાલ આવે. લક્ષમાં રહે કે સાધક દશામાં પણ એ શુદ્ધાત્મા જ છે.

## નય વિભાગ

દરેક દ્રવ્ય સ્વતંત્ર અસ્તિત્વ ટકાવીને રહ્યા છે અને પરથી અત્યંત ભિન્ન જ છે. આ રીતે સ્વ-આશ્રિત એક દ્રવ્યરૂપ નિશ્ચયનય છે. એવા એક પદાર્થને અન્ય દ્રવ્ય સાથેના સંબંધમાં જોવો તે વ્યવહારનય છે. આ રીતે સ્વાશ્રિત તે નિશ્ચય અને પરાશ્રિત તે વ્યવહાર એ પ્રમાણે નયવિભાગ છે. આ સિદ્ધાંત બધા દ્રવ્યોને લાગુ પડે છે અને તે નિશ્ચય અને વ્યવહાર બધું યોગ્ય જ છે.

જ્યારે આપણે જીવનો વિચાર કરીએ છીએ ત્યારે જુદી રીતે વિચારવું રહ્યું. ખરેખર તો નયનું પ્રયોજન જીવના સ્વરૂપને અનુલક્ષીને જ છે. બધા જીવો પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ટકાવીને જ રહ્યા છે. ત્યાં જ્ઞાની-અજ્ઞાની કે અભવિ એવા ભેદ નથી. જીવ પરદ્રવ્યો સાથે સંબંધમાં આવે છે તેના બે પ્રકાર છે. અજ્ઞાની જીવ વિભાવરૂપે પરિણમીને ભાવકર્મ-દ્રવ્યકર્મ-નોકર્મરૂપ નિમિત્ત નૈમિત્તિક સંબંધ દ્વારા પરદ્રવ્ય સાથે સંબંધમાં આવે છે. અજ્ઞાની જીવ અશુદ્ધતારૂપે પરિણમ્યો છે. માટે તેના પરદ્રવ્યો સાથેના સંબંધ દોષિત છે. જ્ઞાની જ્ઞેય જ્ઞાયક સંબંધ દ્વારા પરદ્રવ્યો સાથે સંબંધમાં આવે છે. આ નિર્દોષ સંબંધ છે.

એક અપેક્ષાએ જીવને પરદ્રવ્ય સાથેનો સંબંધ એ વ્યવહારનય છે. પરંતુ એ વ્યવહારમાં એક છોડવા લાયક સંબંધ છે અને બીજો પ્રગટ કરવા લાયક સંબંધ છે. નિશ્ચયનય નિષેધક છે અને વ્યવહારનય નિષેધાવા યોગ્ય છે એવું એક સામાન્ય કથન છે. અજ્ઞાનમય અશુદ્ધ એવા પરદ્રવ્યો સાથેના સંબંધને છોડીને શુદ્ધાત્માનું ગ્રહણ કરવું એવો આચાર્યોનો ઉપદેશ છે. ત્યાં નિશ્ચયનય વડે અશુદ્ધ એવો વ્યવહાર છોડવાની વાત છે. અને પાત્ર જીવ એ પ્રકારે કામ કરે છે. બાહ્ય વિષયોમાં હુંપણું મારાપણું અને હિતબુદ્ધિ છોડીને તે જીવ પોતાના જ્ઞાયક સ્વભાવમાં હુંપણું સ્થાપે છે. મારું સર્વસ્વ મારામાં જ છે. એવો તેને સ્વીકાર છે. માટે પોતાના સુખ માટે તે સ્વભાવનો આશ્રય લે છે. તે ખરેખર નિશ્ચયનયનું કથન થાય છે. એવા કાર્ય વડે એ અશુદ્ધ વ્યવહારનો ત્યાગ કરે છે. મૂળ ગાથાના આટલા ભાવને લક્ષમાં રાખીને હવે આપણે ટીકાકાર આચાર્યદેવના ભાવને સમજવાનો પ્રયત્ન કરીએ. આચાર્યદેવ જીવને શરીર સાથેના સ્વ-સ્વામિ સંબંધરૂપ વ્યવહારને છોડવાની વાત કરે છે. અજ્ઞાનીએ શરીરમાં જ હુંપણું માન્યું છે. એ પ્રકારે જ એ પોતાનું જીવન જીવે છે. તે કયારેક શરીર મારું છે એમ કહે છે ત્યારે પણ પોતાને શરીરનો માલિક માને છે. શરીરને પ્રાપ્ત ઈન્દ્રિયો મારફત કે બાહ્યમાંથી જ્ઞાન અને સુખ મેળવવા માગે છે. પરંતુ તે શરીરનો માલિક નથી. શરીર એ

પુદ્ગલની રચના હોવાથી પુદ્ગલ તેનો માલિક છે. શાસ્ત્રમાં 'પરસ્પર' સ્વસ્વામિસંબંધ એવો શબ્દ પ્રયોગ છે. તે રીતે વિચારીએ તો શરીર માલિક છે અને જીવ તો તેના ગુલામરૂપે જીવે છે. આપણું શરીર ધાનનું ઢિગલું છે. તે જીવ મારફત આહાર પાણી મેળવે છે. વાસ્તવિકતા એ છે કે જીવને શરીર સાથે સ્વસ્વામિ સંબંધ શક્ય છે એ માત્ર અજ્ઞાનીની માન્યતા જ છે. તેથી તે છોડવાની વાત છે. આ નાસ્તિની વાત થઈ. હવે અસ્તિપણે વાત કરે છે.

જ્ઞાની પરદ્રવ્યનું લક્ષ છોડીને પોતાના જ્ઞાયક સ્વભાવમાં હુંપણું સ્થાપે છે. સ્વભાવ એકરૂપ છે, એક છે. પરદ્રવ્યો અનંત છે. વિશ્વરૂપ છે. બાહ્યથી ખસવું એ વૈરાગ્યનું કાર્ય છે. સ્વરૂપમાં ઠરવું એ અસ્તિરૂપ જ્ઞાન કાર્ય છે. તીવ્ર વૈરાગ્યની દશા હોય ત્યારે જ ઉપયોગ બાહ્યમાંથી ખસીને અંદરમાં જાય છે. અજ્ઞાનીને અનાદિકાળથી બાહ્ય વિષયોનો જ પરિચય છે. પ્રેમ છે. તેનો નિષેધ કરીને ઉપયોગ નિર્વિકલ્પરૂપ થાય છે. સ્વભાવના લક્ષે તે પરાશ્રય છોડે છે. ઉપયોગ સ્વમાં આવતા તેને પૂર્વે ન અનુભવેલો આનંદ અનુભવાય છે. તેથી ઉપયોગ ત્યાં ઠરી જાય છે. બાહ્ય વિકલ્પમાં આકુળતા હતી. ઈન્દ્રિય સુખના વિષયને પણ છોડીને ઉપયોગ અન્ય વિષયોમાં ભટકતો હતો. બાહ્યમાં ઉપયોગ ટકતો ન હતો. ચંચળ હતો કારણકે તેને વાસ્તવિક સ્વાભાવિક સુખનો અનુભવ ન હતો. હવે જ્યારે તેને અતીન્દ્રિય સુખનો અનુભવ થાય છે ત્યારે ઉપયોગ સ્વમાં ઠરી જાય છે એ ધ્યાન છે.

## એકાગ્ર ચિંતાનિરોધ ધ્યાન

અહીં એક એટલે પોતાનો આત્મા - પોતાનો ત્રિકાળ શુદ્ધ જ્ઞાયક ભાવ. તેને અગ્ર એટલે કે મુખ્ય કરીને ત્યાં હુંપણું સ્થાપવું અને ત્યાં ઠરવું. સ્વને મુખ્ય શા માટે કરવું છે ? કારણકે ત્યાં ઠરવાથી અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે. આટલું કાર્ય અસ્તિરૂપે છે. હવે નાસ્તિરૂપ વાત કરે છે. ચિંતા એટલે કે ચિંતવન. પોતાના આત્માને છોડીને અન્ય પદાર્થોનું ચિંતવન. પોતાના આત્મામાં ગુણભેદ-પર્યાયભેદ વગેરેનું ચિંતવન. નિરોધ એટલે કે ત્યાગ. આ રીતે એક શબ્દ દ્વારા ધ્યાનનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે. બાહ્ય સમસ્ત વિષયોમાં જે ઉપયોગ જાય છે પરના લક્ષે જેટલા વિકલ્પો ઉઠે છે તેની જ્ઞાનીને નિરર્થકતા ભાસે છે. તેથી બધા વિકલ્પો તોડીને તે નિર્વિકલ્પ અનુભૂતિ કરે છે.

ધ્યાન એ પર્યાય છે. પોતે ધ્યાતા પુરુષ છે અને તે ધ્યાનનું કાર્ય કરે છે. તેનો વિષય - ધ્યેય પોતે જ છે. નિર્વિકલ્પ અનુભૂતિ સમયે ધ્યાતા-ધ્યાન-ધ્યેય બધું અભેદ એકાકાર થાય છે. તે સમયે જીવની પર્યાય શુદ્ધ છે. સ્વભાવ તો ત્રણે કાળે શુદ્ધ જ છે. સ્વાનુભૂતિ થતાં પર્યાયમાં પણ શુદ્ધતા પ્રગટ થાય છે.

આ રીતે પરદ્રવ્યમાં સ્વસ્વામિસંબંધ માનવારૂપ મોહ-અજ્ઞાનનો અભાવ કરીને જીવ સ્વાનુભવ કરે છે એમ આ ગાથામાં સમજાવ્યું. બે પદાર્થને એક માનવારૂપ વ્યવહારનયનો ત્યાગ કરીને એક દ્રવ્યાશ્રિત નિશ્ચયનયમાં આવ્યો. ત્યાં જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય બધું એકાકાર થતાં અતીન્દ્રિય આનંદ આવ્યો. તે જ્ઞાની થયો. પોતાના શુદ્ધ સ્વભાવને જાણીને તે રૂપે પરિણમન કરતાં શુદ્ધતા પ્રગટ થઈ. અહીં અતીન્દ્રિય આનંદરૂપનું કાર્ય જે નિર્વિકલ્પ દશામાં થાય છે. તેને શુદ્ધનય કહ્યો છે. ખરેખર સ્વાનુભૂતિ એ નયાતિક્રાંત દશા છે. ત્યાં પ્રમાણ જ્ઞાન છે છતાં તેને શુદ્ધનય એવું નામ આપવામાં આવે છે.

## અવિરોધપણે મધ્યસ્થ

આચાર્યદેવે ટીકામાં વ્યવહાર પ્રત્યે અવિરોધપણે મધ્યસ્થતાની વાત કરી છે. આપણને ખ્યાલ છે કે અજ્ઞાની જીવને મિથ્યાત્વના કારણે પરદ્રવ્યમાં એકત્વબુદ્ધિ તથા કર્તા-ભોક્તાપણાના

ભાવો છે. મિથ્યાત્વ અનુસાર બાહ્યમાં કાંઈ થતું નથી. તેથી અજ્ઞાનીએ પર સાથે સ્વ-સ્વામિ સંબંધ માન્યો છે તે તેની ભૂલ છે. પાત્ર જીવ પોતાની ભૂલ સુધારીને જ્ઞાની થાય છે. મિથ્યાત્વ અને અનંતાનુબંધીના કષાયો છોડવાની વાત છે. વિભાવ માત્ર હેય છે. તેથી તેમાં મધ્યસ્થતાનો પ્રશ્ન જ રહેતો નથી. તેથી ટીકાકાર આચાર્યદેવ શું સમજાવવા માગે છે તે સમજવાનો પ્રયત્ન કરવો જરૂરી છે. આ ગાથામાં જ્ઞાનીની વાત લીધી છે. તેથી જ્ઞાનીને મિથ્યાત્વ કે અનંતાનુંબંધીનો કષાય નથી. તેણે સ્વભાવના આશ્રયે તેનો નાશ કર્યો છે. જ્ઞાનીને પરદ્રવ્ય સાથે અસ્થિરતાના રાગ પૂર્વકનું જોડાણ છે. તેથી એ વ્યવહારનયની વાત કહેવા માગે છે. આપણને એ પણ ખ્યાલ છે કે સાધકને જ્ઞાયકને અવલંબનારી જ્ઞાતૃત્વધારા નિરંતર ચાલે છે. સ્વભાવનો આશ્રય વર્તે છે. સ્વભાવના આશ્રયે એ જીવ ક્રમશઃ વિભાવનો અભાવ કરીને શુદ્ધ પર્યાયની પ્રગટતા કરતો જાય છે. આ અપેક્ષાએ વિચારતા જેમ મિથ્યાત્વરૂપ પર સાથેના સ્વસ્વામિસંબંધનો નાશ કર્યો છે. તેમ અસ્થિરતાના દોષને દૂર કરવાની પ્રક્રિયા પણ ચાલુ જ છે. તે તેને હેય કરતો જ જાય છે. પછી તો પર્યાયની શુદ્ધતા રહી તે શુદ્ધતા તો વધારતો જાય છે. વળી તે નિશ્ચયનયનો વિષય છે. તેથી તેની વાત કરવી નથી. માત્ર અસ્થિરતારૂપના વિભાવની પરાશ્રિત વ્યવહારની જ વાત કરવા માગે છે. તે ક્યા પ્રકારે તે હવે આટલી પૂર્વ ભૂમિકા બાદ સમજવાનો પ્રયત્ન કરીએ.

આચાર્યદેવ સાધકની વર્તમાન પર્યાયની જ વાત કરવા માગે છે. પર્યાયના પ્રવાહની નહીં. પ્રવાહ ઉપર નજર રાખતા તો શુદ્ધતાના અંશો વધતા જાય છે અને અશુદ્ધતાના અંશો ઘટતા જાય છે. સાધકની વર્તમાન એક સમયની અશુદ્ધ પર્યાય છે. તેના પ્રત્યે સાધક ઉદાસીન છે. એ પર્યાયનો કાળ જ એક સમયનો છે. જે સમયે તે વિદ્યમાન છે તે સમયે સત્‌મય હોવાથી તેનો નાશ થવો શક્ય જ નથી. અહીં દૃષ્ટાંતઃ મલિન વસ્ત્રને ધોતા સમયે જેટલો સાબુ વાપરવામાં આવે છે એટલો તો મેલ નીકળે છે. પરંતુ જેટલી માત્રામાં સાબુ ઓછો પડે છે એટલા પ્રમાણમાં મેલ રહી જાય છે. એ ધોણમાં તો એ મેલ ત્યાં રહી ગયો છે. પછી ફરી નવો સાબુ લગાડીને તે મેલ દૂર થાય ખરો. એ રીતે સાધકની પર્યાયમાં જેટલા પ્રમાણમાં પુરુષાર્થ છે. તેટલા પ્રમાણમાં તો વિભાવ દૂર થાય છે પરંતુ જેટલી માત્રામાં પુરુષાર્થ ઓછો પડે છે એટલા પ્રમાણમાં રાગ રહી જાય છે. તે વર્તમાન પર્યાયમાં જે રાગ છે તેમાં કોઈ ફેરફાર તે સમયે શક્ય જ નથી. તેથી તેના પ્રત્યે મધ્યસ્થ છે એમ કહેવામાં આવે છે. મધ્યસ્થપણું એટલે ઉદાસીન જ્ઞાતાપણું આટલી વાત મધ્યસ્થપણા અંગે. હવે અવિરોધપણાનો વિચાર કરીએ. વિભાવના હેયપણામાં અને મધ્યસ્થપણામાં વિરોધ નથી. વર્તમાન પર્યાય પુરતી જ મધ્યસ્થતા છે કારણકે તે સમયે તેમાં કાંઈ થઈ શકે જ નહીં. પછીના સમયે તો ઉગ્ર પુરુષાર્થ વડે તેને હેય કરવાનો જ છે. તેથી વર્તમાન પુરતી મધ્યસ્થતા અને વાસ્તવિકપણે હેયપણું તેમાં કોઈ વિરોધાભાસ નથી એ જ એનું અવિરોધપણું છે.

**ફરી એક દૃષ્ટાંતઃ** એક જ આંબામાંથી એક જ સમયે તોડેલી કેરીઓને એક જ પ્રકારે પકાવવા માટે મૂકવામાં આવે ત્યારે તેમાંથી બધી કેરીઓ પોતાની રીતે પાકે છે. બધાને સમાન વાતાવરણ હોવા છતાં કોઈ આઠ દિવસે અને કોઈ પંદર દિવસે પાકે છે. એ રીતે જીવ સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ કરે અને તેનું ફળ જે રીતે આવે છે તેને મધ્યસ્થપણે જાણે છે. કાર્ય અવશ્ય થવાનું છે તેથી આકુળતા નથી. સમ્યગ્દર્શનની પ્રગટતા થઈ તેને પરમાત્મદશા અવશ્ય થવાની છે એવી તેને નિઃશંકતા છે તેથી તેને આકુળતા નથી. આ રીતે જ્ઞાનીને પોતાની વર્તમાન સવિકલ્પ દશા સમયે ક્ષણિક વિદ્યમાન એવી

અસ્થિરતારૂપની વિભાવ પર્યાય પ્રત્યે અવિરોધપૂર્વક મધ્યસ્થભાવ વર્તે એમ સમજી શકાય છે.

## ◆ ગાથા - ૧૯૨

**એ રીત દર્શન-જ્ઞાન છે, ઇંદ્રિય-અતીત મહાર્થ છે,**
**માનું હું —આલંબન રહિત, જીવ શુદ્ધ, નિશ્ચળ ધ્રુવ છે. ૧૯૨.**

***હું આત્માને એ રીતે જ્ઞાનાત્મક, દર્શનભૂત, અતીન્દ્રિય મહાપદાર્થ, ધ્રુવ, અચળ, નિરાલંબ અને શુદ્ધ માનું છું.***

આચાર્યદેવ પોતાના શુદ્ધાત્માનો અનુભવ કરીને પાત્ર જીવોને એ જ રીતે સ્વાનુભવ કરવાનો ઉપદેશ આપે છે. આ ગાથામાં શુદ્ધાત્માના સ્વરૂપને અનેક વિશેષણો દ્વારા સમજાવવામાં આવ્યું છે. આચાર્યદેવને શુદ્ધાત્માનો ઘણો જ મહિમા છે અને પાત્ર જીવ પણ એવા મહિમાવંત સ્વભાવનો અનુભવ કરે એવી તેમને ભાવના છે.

છ દ્રવ્યોમાં સારભૂત આત્મા છે. આ વિશ્વમાં મારું એક જીવ તરીકેનું સ્થાન છે માટે એ મારા માટે આનંદની વાત છે. અજ્ઞાનીએ શરીરમાં હુંપણું માન્યું છે તેથી તેને તો પોતે જીવ છે એવો ખ્યાલ જ નથી. તેને શરીર અને અન્ય રૂપી બાહ્ય વિષયોનો જ મહિમા છે. તેથી તેણે સર્વ પ્રથમ શરીર અને જીવ એવા બે અલગ સ્વતંત્ર દ્રવ્યો છે એવું જાણવું જોઈએ. એવો ખ્યાલ આવ્યા બાદ પણ આ શરીર મારું છે એવો તેને ભાવ છે. તે પોતાને શરીરનો માલિક માને છે અને શરીરને પ્રાપ્ત ઈન્દ્રિયો અને મન મારફત (તેને સાધન બનાવીને) જ્ઞાન અને સુખનો અનુભવ કરે છે. આ સાધન વિના જીવ જ્ઞાન કે સુખ મેળવી શકતો નથી. એવી એની માન્યતા છે. તેથી તે શરીરને પોતાનાથી જુદુ માને તો પણ તેને શરીરની (સાધનરૂપે) મુખ્યતા રહ્યા જ કરે છે. તેથી અજ્ઞાનીનું વાસ્તવિક જીવન શરીરરૂપે જ વ્યતીત થાય છે. શરીર તે હું નથી પરંતુ શરીરથી અત્યંત ભિન્ન એવો આત્મા તે હું છું એટલું કાર્ય થવામાં પણ અનંતગણો પુરુષાર્થ જરૂરી છે. સંસારના પરિભ્રમણથી ખરેખર થાકયો હોય અને જ્ઞાની ગુરુ મને જે માર્ગ દર્શાવે છે તે જ મારા માટે હિતરૂપ છે એવો જેને નિર્ણય હોય એ જ આ કાર્ય કરે છે.

આગલી બે ગાથાના લખાણ અનુસાર જીવ એવું કાર્ય કરે છે. અર્થાત્ શરીરથી ભિન્ન એવા જીવ પદાર્થની સત્તા સુધી પહોંચ્યો છે એમ માનીને આગળ વિચારીએ. છ દ્રવ્યોમાં જેમ જીવ સારભૂત છે તેમ જીવમાં શુદ્ધાત્મા સારભૂત છે. આચાર્યદેવ પાસેથી શુદ્ધાત્માની વાત એણે પહેલા સાંભળી તો છે અને તેથી જ તેવા સ્વભાવમાં હુંપણું સ્થાપીને તેનો આશ્રય કરવા માટે તે દેહાધ્યાસ છોડીને આત્મામાં હુંપણું સ્થાપે છે. ખરેખર તો આત્મામાં હુંપણું સ્થાપનારને શુદ્ધાત્માનો અનુભવ છે. અનુમાન જ્ઞાનમાં સ્વભાવનો જેવો મહિમા કર્યો હતો તેના કરતાં પોતાને સ્વાનુભવ બાદ અનેક ગણો મહિમા વધી જાય છે. માટે તે અનેક પ્રકારે શુદ્ધાત્માના જ ગાણા ગાય છે. જ્ઞાનીને પોતે કેવો અનુભવમાં આવે છે તે વિચારીએ.

અનુભૂતિમાં દ્રવ્ય-પર્યાયરૂપ આખો આત્મા જણાય છે. પર્યાયમાં અપૂર્વ અતીન્દ્રિય સુખનું વેદન પ્રથમવાર થાય છે માટે તેનો મહિમા તેને ઘણો છે. પરંતુ તે આનંદનું ઉદ્‌ભવસ્થાન પોતાનો સ્વભાવ છે. એ સ્વભાવમાંથી જ સાદિ અનંતકાળ સુધી શુદ્ધ પર્યાયોની પ્રગટતા થવાની છે એવો એને ખ્યાલ હોવાથી તેને પોતાના ત્રિકાળ શુદ્ધ સ્વભાવનો મહિમા વધારે છે. અનુભૂતિ પહેલા એણે અનુમાન જ્ઞાનમાં શુદ્ધાત્માના સ્વરૂપનો નિર્ણય કર્યો હતો. હવે અનુભવ કરીને મારો સ્વભાવ ખરેખર એવો જ છે. એવો આ સ્વાદ લે છે. શુદ્ધાત્માને અનુમાનમાં લેતા અતીન્દ્રિય આનંદ ન હતો. મનનું અવલંબન છોડીને પોતાની પર્યાયને સ્વભાવ સન્મુખ કરતાં જ્ઞાયક સ્વભાવ પ્રત્યક્ષપણે અનુભવાય છે અને તે

અતીન્દ્રિય સુખનો દેનાર છે. એવો જે શુદ્ધાત્મા છે તેનું હવે વિસ્તારથી વર્ણન કરે છે.

શુદ્ધાત્માના અનેક વિશેષણોમાં અહીં એક, શુદ્ધ, દર્શન જ્ઞાનમય, અતીન્દ્રિય મહાપદાર્થ, ધ્રુવ, અચળ અને નિરાલંબ એવા શબ્દો વાપર્યા છે. દરેક વિશેષોના ભાવ અલગ અલગ છે. પરંતુ તે જ્ઞાયક સ્વભાવનું વર્ણન છે માટે દ્રવ્ય સામાન્ય પાસે તે બધા એકબીજા સાથે સંબંધમાં જોવા મળે છે. હવે ટીકાકાર આચાર્યદેવ એનું સંકલન કઈ રીતે કરે છે તે જોઈએ. સૌ પ્રથમ 'સત્' ને યાદ કરે છે. પદાર્થનું અસ્તિત્વ હોય તો જ આગળ વર્ણન ચાલે. સત્ અને શૂન્યની દલીલો યાદ કરી લઈએ. તો સત્ શાશ્વત જ છે. એ વાત આપણા માટે સહજ થઈ જાય છે. જેને સત્ અને શૂન્યની પરિભાષાનો ખ્યાલ નથી તેને માટે એ સહજ નથી. વિશ્વમાં શૂન્ય છે જ નહીં માટે શૂન્યમાંથી સર્જન અને સત્‌ના વિનાશની વાત શક્ય જ નથી. જે સત્ શાશ્વત છે તેની સાથે અવિનાભાવ એવા ક્ષેત્ર અને સ્વભાવ પણ શાશ્વત જ છે તેને માટે નવી યુક્તિની આવશ્યકતા નથી. માટે અહીં જે દ્રવ્ય સામાન્ય સ્વભાવની વાત લેવામાં આવી છે તે સ્વભાવ સત્‌મય છે એટલું કહેવા માત્રથી તે શાશ્વત છે એમ નક્કી થાય છે.

જે સ્વભાવ આ રીતે સત્ લક્ષણથી અનાદિથી અનંતકાળ સુધી ટકનાર સાબિત થાય છે. તે સ્વતઃસિદ્ધ જ હોય. અર્થાત્ એનું હોવાપણું સ્વતંત્ર જ હોય. એ પોતાનાથી જ વિદ્યમાન છે. પરના કારણે તેનું અસ્તિત્વ હોય શકે નહીં. પરદ્રવ્યો તો જીવથી અત્યંત ભિન્ન જ છે. વળી એ પરદ્રવ્યો પણ પોતે સત્‌મય જ છે માટે શાશ્વત છે. તેથી જીવ કે અન્ય કોઈ પણ પદાર્થોની હયાતી માટે અન્ય દ્રવ્યની અપેક્ષા આવી જ ન શકે. પરાધીનતા શક્ય જ નથી. વળી દરેક સ્વભાવ ભિન્ન ભિન્ન છે માટે એક સ્વભાવથી અન્ય સ્વભાવની વિદ્યમાનતા સંભવી શકે જ નહીં. આ રીતે વિચારતા સત્‌મય પદાર્થો સ્વતઃસિદ્ધ જ હોય. અર્થાત્ તેનું અસ્તિત્વ સ્વતંત્રપણે જ હોય. દરેક પદાર્થ સ્વતઃસિદ્ધ છે એમ કહેતા તે પરતઃસિદ્ધ નથી. એ વાત સહજપણે આવી જાય છે. અસ્તિ અને નાસ્તિ એમ બન્ને પ્રકારે લેવાથી વસ્તુ સ્વરૂપ એમ છે તેનો નિર્ણય થાય છે. આ રીતે સૌ પ્રથમ સત્ અને અહેતુક લક્ષણ દ્વારા જ્ઞાયક સ્વભાવનું અનાદિ અનંતપણું અને સ્વતઃસિદ્ધપણું દર્શાવ્યું.

આ રીતે આત્મા પોતાનો અનુભવ કરે છે ત્યારે તેને પોતાનો સ્વભાવ ધ્રુવ અર્થાત્ શાશ્વત અને શુદ્ધરૂપે અનુભવમાં આવે છે. આખા પદાર્થને લક્ષમાં લઈને આ દ્રવ્ય અને આ પર્યાય એવા ભેદ લક્ષમાં લેતા પર્યાય ક્ષણિક છે અને દ્રવ્ય સામાન્ય નિત્ય છે માટે તે સ્વભાવને ધ્રુવરૂપે સ્વીકારે છે. વસ્તુ ખરેખર દ્રવ્ય પર્યાયરૂપ એક અખંડ સત્તા છે. સત્ હંમેશા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ જ છે. પરંતુ નિત્ય સત્‌ની ઓથમાં જ ક્ષણિક સત્ જોઈ શકાય છે માટે દ્રવ્ય સામાન્યને અસલ સ્વભાવરૂપે ઓળખાવવામાં આવે છે. જીવ પદાર્થમાં તેના અનંતગુણો પણ નિત્ય છે. પારિણામીક ભાવે રહેલા છે પરંતુ મારું સ્થાન એક દ્રવ્યરૂપે છે. ગુણરૂપે નહીં તેથી મારે માટે મારો દ્રવ્ય સ્વભાવ જ ધ્રુવ છે. ગુણો ત્રિકાળ છે. માટે ધ્રુવ અવશ્ય છે પરંતુ તે ગુણરૂપ હું નથી. ગુણો મારા અંશરૂપે મારી અવાંતર સત્તારૂપે છે માટે જ્ઞાયક ભાવ એક જ મારા માટે ધ્રુવ છે.

## શુદ્ધપણું

આચાર્યદેવ શુદ્ધ શબ્દના અનેક પ્રકારે અર્થ કરતા હોય છે. અહીં પોતે તેની સ્પષ્ટતા કરે છે. જીવ પોતાથી સ્વપણે છે અને અનેક પરદ્રવ્યોરૂપે નથી માટે શુદ્ધ છે. આ ગાથામાં શુદ્ધ શબ્દનો પ્રયોગ આ આશય પ્રમાણે જ લેવા માગે છે. અહીં શુદ્ધપણું અને એકપણું બન્નેના ભાવમાં સ્વ-પરના જુદાપણાની વાત કરવા માગે છે. એવો દ્રવ્ય

સામાન્ય સ્વભાવ કેવો છે તે હવે પાંચ અન્ય વિશેષણો દ્વારા સમજાવે છે.

સર્વ પ્રથમ આત્માના જ્ઞાન-દર્શન એવા અસાધારણ ગુણોથી વાત કરે છે. અત્યાર સુધી જે સત્-અહેતુક-સ્વતઃસિદ્ધ અનાદિ નિધન શુદ્ધ-ધ્રુવ વગેરે વિશેષણો દર્શાવ્યા તે તો છ દ્રવ્યોના દ્રવ્ય સામાન્ય સ્વભાવને લાગુ પડે છે. તેટલા વિશેષણો માત્રથી આપણે જીવની વાત કરીએ છીએ એમ નક્કી ન થાય. પરંતુ જ્ઞાન દર્શન લક્ષણ જ્યારે દર્શાવવામાં આવે ત્યારે માત્ર જીવની જ વાત છે અન્ય દ્રવ્યોની નહીં. દ્રવ્ય અને ગુણનું કથંચિત્ એકપણું અને કથંચિત્ ભિન્નપણું છે. જ્ઞાયક સ્વભાવની સ્થાપના કરવી હોય ત્યારે તે પરથી તો ભિન્ન છે જ. પરતઃસિદ્ધ તો નથી જ. પરંતુ તેની વિદ્યમાનતા ગુણને લીધે પણ નથી. દ્રવ્ય પોતાથી સત્ શાશ્વત છે એમ ગુણો પણ પોતાથી સત્-શાશ્વત છે. એ રીતે બન્ને નિત્ય સત્તાઓની સ્થાપના કરીને પછી દ્રવ્ય અને ગુણ વચ્ચેના તાદાત્મ્યપણાને લક્ષમાં લેવું જોઈએ. એ રીતે વિચારવાથી દ્રવ્ય પોતાના સ્વભાવને કારણે મહિમાવંત ખ્યાલમાં આવે ગુણોને કારણે દ્રવ્યનો મહિમા નથી. જેમ દરેક ગુણ તેના સ્વભાવને ધારીને રહેલો છે અને તે સ્વભાવ સ્વતંત્ર છે અને તેને તેનો મહિમા છે એમ દ્રવ્ય પોતાના સ્વભાવથી મહિમાવંત છે એવું પ્રથમ લક્ષમાં લેવું જરૂરી છે. એમ ખ્યાલમાં લીધા બાદ જ્ઞાન અને દર્શન જીવના ગુણો છે અને જીવ જ્ઞાન દર્શનમય છે એમ બન્ને રીતે કથન કરી શકાય છે. તાદાત્મ્યપણું લક્ષમાં લેતા એકપણું અને અતદ્ભાવને લક્ષમાં લેતા કથંચિત્ જુદાપણું પણ જોઈ શકાય છે.

## અતીન્દ્રિય મહાપદાર્થ

બધા જીવો અનાદિકાળથી ઈન્દ્રિય વડે જાણે છે. તેમને ઈન્દ્રિય જ્ઞાન છે. જે શરીર પ્રાપ્ત થાય તેમાં રહેલી ઈન્દ્રિયોને એક પછી એક સાધન બનાવીને જ્ઞાન પુદ્ગલના સ્પર્શ, રસ, ગંધ, વર્ણ એ ચાર ગુણોને તથા સ્કંધની શબ્દરૂપ પર્યાયને જાણે છે. આટલો જ એનો જાણવાનો વિષય છે. દરેક ઈન્દ્રિયને પોતાનો નિશ્ચિત વિષય છે. પુદ્ગલની આ પાંચરૂપી પર્યાય સિવાય પુદ્ગલના અનંત ગુણો અને અન્ય પાંચ અરૂપી દ્રવ્યો અજ્ઞાનીના જ્ઞાનના વિષયો થતાં નથી. આ રીતે શરીરને પ્રાપ્ત ઈન્દ્રિયો દ્વારા જીવ જાણતો હોવાથી એવો જ જીવનો સ્વભાવ માની લેવામાં આવ્યો છે. આ બોલમાં શરીરને પ્રાપ્ત ઈન્દ્રિયોની નિરર્થકતા સમજાવવી છે. તેથી આત્મ સ્વભાવને અતીન્દ્રિય મહાપદાર્થરૂપે કહેવામાં આવે છે. જ્ઞાનમાં બધું જાણવાની શક્તિ છે અર્થાત્ પાંચ ઈન્દ્રિયના રૂપી વિષયો માત્ર ઈન્દ્રિયો વડે જ જણાય એવું નથી. જ્ઞાન સીધું તેમને જાણી લે છે. કેવળજ્ઞાન અને અવધિજ્ઞાન મનઃપર્યય જ્ઞાન ઈન્દ્રિયોની મદદ વિના જ રૂપી પદાર્થોને જાણી લે છે. વળી ઈન્દ્રિય જ્ઞાન સમયે પણ જાણવાનું કાર્ય તો જ્ઞાન જ કરે છે. ઈન્દ્રિયો જાણપણાનું કોઈ કાર્ય કરતી નથી. આ રીતે ઈન્દ્રિયોની મદદ વિના જ જ્ઞાન જાણવાનું કાર્ય કરે છે.

જ્ઞાનનું કાર્ય સમજાવવા માટે તેને અતીન્દ્રિય જ્ઞાન કહેવાની ખરેખર જરૂર નથી. પરંતુ જેમ લૌકિકમાં દસ પ્રાણથી જીવે તે જીવ એમ કહેવામાં આવે છે તેથી અવિવેકી જનને તો એ રીતે જ જીવની ઓળખાણ થાય પરંતુ જીવ દસ પ્રાણથી નથી જીવતો એમ સ્પષ્ટતા કરીને જીવ તો પોતાની જીવત્વ શક્તિથી જીવે છે. તેથી જીવ પોતાના ભાવપ્રાણ વડે જીવે છે એમ કહેવામાં આવે છે. તે રીતે ઈન્દ્રિયજ્ઞાન એવા પ્રચલિત શબ્દપ્રયોગથી ઈન્દ્રિયો જ જાણવાનું કામ કરે છે એવી ભ્રમણા થાય છે. શરીર પોતાની ઈન્દ્રિયો વડે જ્ઞાન અને સુખ અનુભવે છે અર્થાત્ શરીરમાં હુંપણું માનનાર એ રીતે માન્યતા રાખે છે. તે ભ્રમણા દૂર કરવા માટે અને સાચું સ્વરૂપ સમજાવવા માટે જ્ઞાનને અતીન્દ્રિય જ્ઞાન અને જીવને

અતીન્દ્રિય મહાપદાર્થ કહેવામાં આવે છે. અહીં અતીન્દ્રિય જ્ઞાન માત્ર અરૂપી વિષયોને જ જાણે એવા ભ્રમમાં ન રહેવું. આ શાસ્ત્રમાં (પ્રવચનસાર) તો કેવળજ્ઞાનને જ અતીન્દ્રિય જ્ઞાન કહ્યું છે. અને જીવના ત્રિકાળ સ્વભાવને એ પરિણામના કર્તારૂપે એવા સામર્થ્યના ધરનારરૂપે અતીન્દ્રિય મહાપદાર્થ કહેવામાં આવે છે. એક બાજુ શરીરને પ્રાપ્ત ઈન્દ્રિયો અને તેના વિષયભૂત પરદ્રવ્યો અને સામે પક્ષે એ બધાને જાણવાના સામર્થ્ય સ્વરૂપ જ્ઞાન એ રીતે પર અને સ્વનો વિભાગ દર્શાવવામાં આવે છે. પરદ્રવ્યોને જાણવાના સામર્થ્ય સ્વરૂપ જીવને અન્ય પરદ્રવ્યોથી ભિન્ન એકરૂપ દર્શાવવામાં આવે છે.

## અચળપણું

વિશ્વના સમસ્ત પદાર્થો સમયે સમયે નવા નવા પરિણામોને અનાદિકાળથી કરતા આવ્યા છે અને આગામી અનંતકાળ પર્યંત એ રીતે કરતા રહેશે. આપણે આપણા વર્તમાન ક્ષયોપશમ જ્ઞાન દ્વારા એ બધાને ક્રમપૂર્વક એક પછી એક વર્તમાન પર્યાય વડે તે દ્રવ્યોની વર્તમાન પર્યયોરૂપે જાણતા આવ્યા છીએ. પરદ્રવ્યો પણ પોતાની ક્ષણિક અવસ્થા બદલતા રહે છે. એ રીતે આપણું જ્ઞાન પણ તેમની સાથે મેળ વિશેષરૂપે પરિણમતું જાય છે. જીવ પોતાના જ્ઞાન સ્વભાવ વડે જાણનક્રિયા કરતો રહે છે. એ જ્ઞપ્તિ ક્રિયા એક અપેક્ષાએ એકરૂપ છે. તે બાહ્ય વિષયોના બદલતા સ્વરૂપ સાથે તાલ મિલાવવા માટે પોતે એટલે કે જ્ઞાન પણ વિષયો બદલાવતું જાય છે. આ રીતે જ્ઞાનની પર્યાયમાં જ્ઞપ્તિ પરિવર્તન થયા કરે છે. એક વિષયને છોડીને અન્ય વિષયને જાણવારૂપે પરિણમવું તેને જ્ઞપ્તિ પરિવર્તન કહે છે.

કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતાં જ્ઞાન વિશ્વના સમસ્ત પદાર્થોને તેના ત્રણ કાળની ઈતિહાસપૂર્વક એક સમયમાં એકી સાથે જાણી લે છે. જાણવાલાયક બધું હવે દરેક સમયે યુગપદ જાણાતું હોવાથી જ્ઞાનને હવે વિષય બદલવાનું રહ્યું નથી. તેથી કેવળજ્ઞાનમાં જ્ઞપ્તિ પરિવર્તનનો અભાવ છે. એક વિષયને ગ્રહણ કરવો અને અન્યને છોડવો એવું રહ્યું ન હોવાથી એ અપેક્ષાએ કેવળજ્ઞાન પ્રગટ થયું ત્યારથી સાદિ અનંતકાળ સુધી એકરૂપ જ રહે છે. આ રીતે જ્ઞપ્તિ પરિવર્તનના અભાવને અચળ કહેવામાં આવે છે. સર્વજ્ઞદશારૂપે પરિણમવાનો આત્માનો ત્રિકાળ સ્વભાવ હોવાથી જ્ઞાયક સ્વભાવને એ રીતે અચળ વિશેષણ લગાડવામાં આવે છે. અહિં દ્રવ્ય સામાન્ય નિત્ય ટકે છે માટે અચળ કહેવા માગતા નથી. અહીં પણ જ્ઞેય પર્યાય સ્વરૂપ પરદ્રવ્યો જાુદા છે અને તેને જાણનાર જ્ઞાન જાુદું છે. માટે એકપણું કહેવામાં આવે છે.

## નિરાલંબ

વિશ્વના સમસ્ત પદાર્થો સ્વથી એકત્વ અને પરથી વિભક્તરૂપ જ સદાય રહેલા છે. જીવનો સ્વ-પર પ્રકાશક જ્ઞાન સ્વભાવ છે. તેથી જ્ઞાન નિરંતર જાણવાનું કાર્ય કરે છે. તેને પરદ્રવ્યો સાથે જ્ઞેય જ્ઞાયક સંબંધ સદાય રહ્યા કરે છે. છદ્મસ્થ જીવો પરદ્રવ્યને જાણે ત્યારે તેમાં ઉપયોગ મૂકે છે. એ રીતે જ જાણપણું થાય છે. તે સમયે પણ પરદ્રવ્ય ભિન્ન છે અને જાણનાર જાુદો છે. એ જીવ જ્યારે પરમાત્મા થાય ત્યારે અલ્પજ્ઞ દશાના સ્થાને સર્વજ્ઞ દશાની પ્રગટતા થાય છે ત્યારે તેનું જ્ઞાન સહજપણે વિશ્વના સમસ્ત પદાર્થોને જાણી લે છે. કેવળજ્ઞાનમાં કયાંય ઉપયોગ મૂકવાનો રહેતો નથી. અલ્પજ્ઞદશા સાથે રાગ સંકળાયેલો છે. રાગ અનુસાર વિષયની પસંદગી કરીને જ્ઞાન તે વિષયમાં ઉપયોગ મૂકીને જાણે છે. પરંતુ વીતરાગતા પ્રગટ થતાં રાગ રહેતો નથી અને સર્વજ્ઞ દશા પ્રગટ થતાં બધું એકી સાથે જાણવાના કારણે વિષયની પસંદગી કરવાની રહેતી નથી. તેથી પરમાત્મા કયાંય ઉપયોગ લગાડતા નથી. અલ્પજ્ઞ દશા સમયે પણ જીવ તો નિરાલંબ જ હતો. હવે પરમાત્મા થતાં જ્ઞાનને વિષયની પસંદગી

કરવાની રહેતી ન હોવાથી તે અપેક્ષાએ પણ નિરાલંબ થાય છે.

આ રીતે શુદ્ધાત્માને ધ્રુવ ગણીને તેને શરણભૂત માનવામાં આવ્યો છે. હવે આચાર્યદેવ એક દૃષ્ટાંત આપે છે. એક મનુષ્ય મુસાફરી કરે છે ત્યારે રસ્તામાં કોઈ વૃક્ષો આવે ખરા તેની છાયા તેને થોડો સમય મળે પરંતુ તે ચાલતો રહે છે તેથી એવી છાયા થોડા સમય મળે અને ન પણ મળે માટે તે અધ્રુવ છે. અહીં સંસારી જીવને ચાર ગતિના પરિભ્રમણમાં કયારેક શાતા-ઈન્દ્રિય સુખની પ્રાપ્તિ થાય છે પરંતુ તે મુદ્દતબંધી છે. સંયોગોની અનુકુળતા અને પ્રતિકૂળતા બદલાયા જ કરે છે. બધા સંયોગો અધ્રુવ છે. તે જીવ જ્યારે પોતાના જ્ઞાયક સ્વભાવમાં હુંપણું સ્થાપે છે ત્યારે તે ધ્રુવ હોવાથી તેને શરણભૂત છે. શરીર સંયોગ બધું અધ્રુવ છે એ વાત વિસ્તારથી હવે પછીની ગાથામાં કહે છે.

## ◆ ગાથા - ૧૯૩

**લક્ષ્મી, શરીર, સુખદુઃખ અથવા શત્રુમિત્ર જનો અરે!**
**જીવને નથી કંઈ ધ્રુવ, ધ્રુવ ઉપયોગ-આત્મક જીવ છે. ૧૯૩.**

***શરીરો, ધન, સુખ દુઃખ અથવા શત્રુમિત્ર જનો એ કાંઈ જીવને ધ્રુવ નથી, ધ્રુવ તો ઉપયોગાત્મક આત્મા છે.***

આત્મા સિવાય જે કાંઈ અન્ય છે તે બધું આત્મા માટે અધ્રુવ છે. અહીં શરીર-ધન વગેરે પરદ્રવ્યની વાત લેવામાં આવી છે. તે બધા પુદ્‌ગલ દ્રવ્યો હોવાથી તેનું પુદ્‌ગલ સાથે તાદાત્મ્યપણું છે. આત્માથી અત્યંત ભિન્નપણું છે. પછી વિભાવ ભાવની વાત કરે છે. જીવના પોતાના જ પરિણામો પરદ્રવ્યના નિમિત્તે મલિન થાય છે. જીવના એવા વિભાવમાં પુદ્‌ગલનું નિમિત્તપણું હોવાથી પુદ્‌ગલને અશુદ્ધપણાના કારણ કહેવામાં આવે છે. આ રીતે તે બધા પરદ્રવ્યો જીવને માટે અધ્રુવ છે.

તે પરદ્રવ્યોને 'અસત્' કહેવામાં આવ્યા છે. અહીં તેના અનિત્યપણાની અપેક્ષાએ તેને અસત્ કહ્યા છે. તે શાશ્વત નથી. સંયોગો વિશ્વના પદાર્થોરૂપે શાશ્વત છે. પુદ્‌ગલ દ્રવ્યની જ રચના હોવાથી તે શાશ્વત છે. પરંતુ તેનો જીવ સાથેનો સંબંધ ક્ષણિક છે માટે તેને અસત્ કહેવામાં આવ્યા છે. અસત્ શબ્દ અહીં શૂન્યના અર્થમાં નથી અને નાસ્તિપણું દર્શાવવા માટે પણ નથી. માત્ર જીવની સાથે ક્ષણિક સંબંધમાં આવે છે એ અપેક્ષાએ જ એનું અનિત્યપણું દર્શાવ્યું છે. જીવનો વિભાવ પણ એ રીતે જીવની સાથે ક્ષણિક સંબંધરૂપ જ છે.

પરદ્રવ્યને સહેતુક કહેવામાં આવ્યા છે. અઘાતિ કર્મોના ઉદય અનુસાર જીવને સંયોગોની પ્રાપ્તિ થાય છે. તેથી સંયોગો એ અઘાતિ કર્મનું ફળ છે. તે સંયોગોને અઘાતિ કર્મોદય સાથે નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. કર્મોદય નિમિત્ત છે અને સંયોગો નૈમિત્તિક છે. આ રીતે સંયોગોને સહેતુક અર્થાત્ હેતુવાળા કહેવામાં આવે છે. આ રીતે અજ્ઞાની જીવ માટે તે બધા નોકર્મ છે. જો જીવ વિભાવ ન કરે તો તે બધા જ્ઞાનીના જ્ઞેય માત્ર છે.

જીવનો વિભાવ ભાવ પણ સહેતુક છે. ત્યાં ઘાતિ કર્મોનો ઉદય નિમિત્ત છે અને મોહ-રાગ-દ્વેષ એ જીવના નૈમિત્તિક પરિણામો છે. આ રીતે શરીરાદિ સર્વ પરદ્રવ્યો અને પરાશ્રિત એવા વિભાવ ભાવો જીવને માટે અધ્રુવ છે. જ્ઞાની એ પરદ્રવ્યોનો આશ્રય છોડીને પોતાના ધ્રુવ સ્વભાવને ધારણ કરે છે.

## ◆ ગાથા - ૧૯૪

**-આ જાણી, શુદ્ધાત્મા બની, ધ્યાવે પરમ નિજ આત્મને,**
**સાકાર અણ-આકાર હો, તે મોહગ્રંથિ ક્ષય કરે. ૧૯૪.**

***જે આમ જાણીને વિશુદ્ધાત્મા થયો થકો પરમ આત્માને ધ્યાવે છે, તે સાકાર હો કે અનાકાર હો. મોહ દુર્ગ્રંથિને ક્ષય કરે છે.***

ધ્રુવ એવા શુદ્ધાત્માને ગ્રહણ કરવાનું ફળ આ ગાથામાં કહે છે. અનાદિની મોહ ગ્રંથિનો નાશ થવો એ સ્વભાવને ગ્રહણ કરવાનું ફળ છે. અહીં શુદ્ધાત્માને ગ્રહણ કરવાની જે વાત છે ત્યાં આચાર્યદેવ એ જીવ ધ્યાતા પુરુષ થઈને પોતાનું ધ્યાન કરે છે એવું સમજાવવા માગે છે. સામાન્ય રીતે ધ્યાતા-ધ્યાન અને ધ્યેયની એક પોતાના આત્મામાં જ વાત હોય ત્યારે ત્યાં નિર્વિકલ્પ સ્વાનુભૂતિ હોય છે. એવી દશાને જ ધ્યાન કહેવામાં આવે છે. અહીં એકાગ્ર સંચેતન લક્ષણ ધ્યાન એવો શબ્દ પ્રયોગ કરવામાં આવ્યો છે. અન્ય અધ્રુવ પરદ્રવ્યો અને પરભાવોને છોડીને ધ્રુવ એવા એક પોતાના શુદ્ધાત્મામાં જ એકાગ્ર થવાની વાત કરવામાં આવી છે. તેથી નિર્વિકલ્પ દશાની વાત છે એવું આપણને લાગે. પરંતુ ખરેખર આચાર્યદેવ એથી વિશેષ કહેવા માગે છે. સાધકને આવું ધ્યાન નિરંતર હોય છે એવું અહીં દર્શાવવામાં આવ્યું છે. સાકાર અવસ્થા એટલે કે વિકલ્પરૂપદશામાં પણ સાધકને આ ધ્યાન વર્તે છે એમ સ્પષ્ટપણે લીધું છે તેથી અહીં ધ્યાન શબ્દનો ભાવ અન્ય રીતે વિચારવો રહ્યો. જ્ઞાયકને અવલંબનારી જ્ઞાતૃત્વધારા એ ભાવ અહીં બંધ બેસે છે. આપણે હવે સાધક દશાનો ગુણભેદરૂપ વિચાર કરીએ.

સૌ પ્રથમ દર્શન ગુણની પર્યાય - અજ્ઞાનીએ શરીરમાં હુંપણું સ્થાપ્યું છે. તેના સ્થાને જ્ઞાનીએ પોતાના જ્ઞાયક સ્વભાવમાં હુંપણું સ્થાપ્યું છે. આ અપેક્ષાએ શ્રદ્ધાનું કાર્ય સંપૂર્ણ થયું. શ્રદ્ધા એ રીતે નિર્વિકલ્પ છે. હવે જ્ઞાયકને છોડીને અધ્રુવ એવા અન્યમાં જ્ઞાની હુંપણું નહીં રાખે. તે રીતે દર્શન ગુણની પર્યાય પોતાના સ્વભાવમાં સ્થિત થઈ છે અને સાદિ અનંતકાળ એ રીતે જ રહેશે. તેમાં ફેરફાર નહીં થાય એ અપેક્ષાએ શ્રદ્ધા પોતાના સ્વભાવમાં એકાગ્રપણું કાયમ ટકાવીને રાખે છે. જ્ઞાન અને ચારિત્રની પર્યાયનો વિચાર કરીએ ત્યારે બન્ને વિકલ્પરૂપ પણ હોય છે. નિર્વિકલ્પ દશામાં જીવ ઉપયોગાત્મકપણે પોતાને જાણે છે તેથી તે સમયે અન્ય કાંઈ જણાતું નથી. માટે નિર્વિકલ્પ દશામાં જ્ઞાન પોતાના જ્ઞાયક સ્વભાવમાં એકાગ્ર છે એ સમજી શકાય તેમ છે પરંતુ સાધકને નિર્વિકલ્પ દશા ટકાવવા જેટલો પુરુષાર્થ નિરંતર ટકતો નથી. તે વિકલ્પમાં અવશ્ય આવે છે. તે સમયે જ્ઞાન ઉપયોગાત્મકપણે પરદ્રવ્યને જાણે છે. તેથી એમ લાગે કે જ્ઞાની તે સમયે પોતાને જાણતો નથી. પરંતુ એમ નથી. સવિકલ્પ દશામાં જ્ઞાનીનું જ્ઞાન સ્વ-પર પ્રકાશક છે. પરદ્રવ્ય ઉપયોગાત્મક જણાય છે એ અપેક્ષાએ પોતાનો આત્મા લબ્ધરૂપે પણ જણાય છે. અહીં લબ્ધરૂપ જ્ઞાન એ પરિણતિરૂપ-કાર્યરૂપ છે. માત્ર શક્યતારૂપ નથી. જ્ઞાની જાણનાર થઈને જ્ઞપ્તિ ક્રિયા કરે છે. તે જાણન ક્રિયાને કરે પણ છે અને તેને જાણે પણ છે. તે જ્ઞાનની પર્યાયનો વિષય પરદ્રવ્ય છે તેથી જ્ઞેય જ્ઞાયક સંબંધથી જ્ઞાનની પર્યાય જ્ઞેયાકાર થાય છે. તેથી તે પોતાની જ્ઞેયાકાર જ્ઞાનની પર્યાયને જાણે છે. તે સમયે જ્ઞાનની પર્યાયમાંથી જ્ઞેયાકારને કાઢી શકાતા નથી. તેમ છતાં જ્ઞાની તે જ્ઞાનની પર્યાયમાં કેટલું જ્ઞાનનું કાર્ય છે અને કેટલું જ્ઞેયનું વર્ણન છે. તે બે વચ્ચેનો તફાવત અવશ્ય લક્ષમાં લઈ શકે છે અને જ્ઞાન એ જ પ્રકારે સ્વ-પરનો વિવેક દરેક સમયે કરે છે. જેટલું જાણપણું છે તે મારું સ્વરૂપ છે અને જેટલું જ્ઞેયનું વર્ણન છે તે પર છે. એવું ભેદજ્ઞાન તેને નિરંતર વર્તે છે. સવિકલ્પદશામાં પણ આ જ્ઞાયક તે હું છું અને અન્ય બધું પર છે એ રીતે જ્ઞાન કાર્ય કરતું હોવાથી ભલે સ્વનું જાણપણું લબ્ધરૂપ હોય તોપણ સાધકને તેની અર્થાત્ સ્વભાવની મુખ્યતા કાયમ રહ્યા જ કરે છે. આ રીતે જ્ઞાનની પર્યાય સવિકલ્પ અને નિર્વિકલ્પ બન્ને અવસ્થામાં પોતાને તો જાણે જ છે.

ચારિત્રની અપેક્ષાએ વિચાર કરીએ ત્યારે સાધકને સવિકલ્પદશામાં રાગ-દ્વેષ અવશ્ય થાય છે.

પરંતુ તે અસ્થિરતાના ભાવો છે. જ્ઞાની સ્વતંત્રપણે કર્તા થઈને રાગને કરતો નથી. રાગના સમયે રાગને કરવા જેવા માનતો નથી. તેને પોતાનો દોષ જાણે છે. તે વિકલ્પના ફળમાં તેને તે સમયે આકુળતાનું વેદન થાય છે. એ પોતાના સ્વભાવને ભૂલીને રાગમાં એકાકાર થતો નથી. સ્વભાવના આશ્રયે તેણે એક-બે અથવા ત્રણ કષાયોનો અભાવ કરેલ છે અને એટલી સ્વરૂપ લીનતા-સ્થિરતા-શુદ્ધતા તેની ચારિત્રની પર્યાયમાં વિદ્યમાન છે. તેથી અજ્ઞાનીની જેમ તે સર્વથા બહિર્મુખ નથી. પોતાના સ્વભાવમાં અંશે સ્થિર રહીનો થોડો મચકનો ભાવ અનાદિના સંસ્કારને કારણે આવે છે. આ રીતે ચારિત્ર અપેક્ષાએ પણ એ સ્વરૂપમાં જ (અંશે) સ્થિત છે. નિર્વિકલ્પ સ્વાનુભવમાંથી વિકલ્પમાં આવે ત્યારે તેનો અતીન્દ્રિય આનંદ ચાલ્યો જાય છે. તેથી તે સવિશેષ સાવધાન થઈ જાય છે. જ્ઞાયકને અવલંબનારી તેની જ્ઞાતૃત્વ ધારા ફરીને જોર પકડે છે.

જ્ઞાન અને ચારિત્ર બન્નેની વિકલ્પદશા એકી સમયે હોય છે અને તે પરિણામ સાધકને દુઃખરૂપે અનુભવાય છે તેથી તે વિકલ્પ તોડીને ફરી નિર્વિકલ્પ થવા પ્રયત્નશીલ રહે છે. અજ્ઞાનીની ભૂમિકામાં બાહ્ય વિષયોને ભોગવતા તેને સુખનો અનુભવ થતો હતો. જેના કારણે તે મિથ્યાત્વને (બાહ્ય વિષયને હું ભોગવી શકું છું. એવી વિપરીત માન્યતાને) દૃઢ કરતો હતો. હવે તેના જ્ઞાન અને શ્રદ્ધાનમાં પોતે પરથી અત્યંત ભિન્ન છે એવો નિર્ણય છે અને આચરણ વિભાગ પણ તેને ટેકો આપે છે. તેથી જે મિથ્યાત્વનો નાશ થયો તેને ફરીને પ્રગટ થવાના કોઈ કારણો રહેતા નથી.

અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે અને ચારિત્રનો ટેકો મળતા તે દરેક સમયે મિથ્યાત્વને દૃઢ કરે છે. તેની સામે જ્ઞાનીએ મિથ્યાત્વનો અભાવ કર્યો છે. અને જીવે સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ કરીને જે સાધક દશા પ્રગટ કરી છે. તેમાં એ જ જ્ઞાન અને ચારિત્ર હવે ફરીને જીવને મિથ્યાદૃષ્ટિ થવા દેતા નથી. આ રીતે શુદ્ધાત્માની પ્રાપ્તિ થતા તે પોતાના આત્માનું જ નિરંતર ધ્યાન કરે છે.

## સાકાર અણઆકાર હો

આ પદ આ ગાથામાં વિશેષ ઉપયોગી છે. સાકારનો અર્થ અહીં અવિકલ્પ અને અણાકારનો અર્થ નિર્વિકલ્પ એમ કરેલ છે. જ્ઞાની નિર્વિકલ્પ દશામાં તો ધ્યાનસ્થ છે એ વાત બધા સહજપણે માન્ય કરે છે. પરંતુ અહીં તો સાધકને, સવિકલ્પદશા પણ ધ્યાનરૂપ છે એવું સમજાવવા માગે છે. એક વાત ખ્યાલમાં રહે કે ધ્યાનને નિર્વિકલ્પરૂપ જ ગણ્યું છે તે વાત ખોટી છે એમ ન લેવું. આ ગાથામાં ધ્યાન શબ્દથી એમ સમજવું કે સાધકને સ્વભાવનો આશ્રય નિરંતર વર્તે છે. સમયસાર ગા. ૧૮માં કહ્યું છે કે પાત્ર જીવ એમ શ્રદ્ધાન કરે છે કે જ્ઞાયક સ્વભાવનો આશ્રય કરવાથી અવશ્ય કર્મથી છૂટાશે. ત્યારબાદ તે સ્વભાવનો આશ્રય લે છે. તે ચારિત્ર ગુણનું કાર્ય છે. બહેનશ્રીના વચનામૃતમાં પણ જ્ઞાયકને અવલંબનારી જ્ઞાતૃત્વધારા સાધકને નિરંતર વર્તે છે એ વાત લીધી છે. શાસ્ત્રમાં 'શુદ્ધનય' શબ્દનો ઉપયોગ પણ જ્ઞાયક ઉપરનું જોર દર્શાવવા માટે કરવામાં આવે છે અને તે હોવાથી સમ્યગ્દર્શનથી લઈને પરમાત્મપદની પ્રાપ્તિ થાય છે. પ્રથમ સમ્યગ્દર્શન થાય તે ઔપશમિક છે. સાધક દશા જ એવી છે કે તે સમ્યગ્દર્શન છેવટ ક્ષાયિકરૂપ અવશ્ય થાય છે. આ બધાને અહીં એકાગ્ર સંચેતન ધ્યાનનું ફળ ગણવામાં આવ્યું છે.

## ◆ ગાથા - ૧૯૫

હણી મોહગ્રંથિ, ક્ષય કરી રાગાદિ, સમસુખદુઃખ જે
જીવ પરિણમે શ્રામણ્યમાં, તે સૌખ્ય અક્ષયને લહે. ૧૯૫.

*જે મોહ ગ્રંથિને નષ્ટ કરી, રાગ દ્વેષનો ક્ષય*

*કરી, સમ સુખ દુઃખ થયો થકો શ્રામણ્યમાં (મુનિપણામાં) પરિણમે છે, તે અક્ષય સૌખ્યને પ્રાપ્ત કરે છે.*

શુદ્ધાત્માની પ્રાપ્તિ થતાં મોહ ગ્રંથિનો નાશ થાય છે એ આપણે ખ્યાલમાં લીધું. હવે મોહ ગ્રંથિનો નાશ થતાં શું થાય છે એ વાત આ ગાથામાં દર્શાવે છે. મિથ્યાત્વના સદ્ભાવમાં રાગ-દ્વેષ અવશ્ય હોય છે. સમ્યગ્દર્શનની પ્રગટતાં થતાં હવે રાગ-દ્વેષ થવાનું કોઈ કારણ રહેતું નથી. તેથી નિરાશ્રય થયા થકા રાગ-દ્વેષનો ક્રમશઃ અભાવ થાય છે.

મિથ્યાત્વના પરિણામ પરાશ્રયે થાય છે. અજ્ઞાનીને પરમાં હિતબુદ્ધિ છે. બાહ્ય વિષયોને ભોગવતા મને સુખ થાય છે એવું એ માને છે. માટે તે સુખ માટે ઉપયોગને બહાર-પરદ્રવ્યમાં લગાવે છે. મોહયુક્ત જીવનો ઉપયોગ જે બાહ્યમાં જાય છે તે પરદ્રવ્યના સંયોગમાં આવતા રાગ અને દ્વેષ એવા બે ભાવરૂપ થઈ જાય છે. કોઈ પદાર્થ ગમે અને કોઈ ન ગમે. એક જ પદાર્થ કયારેક ગમે અને કયારેક ન ગમે આવું થયા કરે છે. અનેક બાહ્ય પદાર્થોમાંથી એક સમયે કોઈ એકને વિષય બનાવવાનું હોય છે માટે તેને પસંદગી મુજબ મુખ્ય ગૌણ કરવું જરૂરી છે અને જેને મુખ્ય કરે તેના પ્રત્યે રાગ અને જેને ગૌણ કરે તેના પ્રત્યે દ્વેષ એવું થયા વિના રહેતું નથી.

જ્યારે મિથ્યાત્વનો નાશ થાય છે ત્યારે તેને ઉપયોગ બાહ્ય વિષયોમાં લગાડવાનું પ્રયોજન નથી. બાહ્યમાંથી સુખ મળે છે એવી વિપરીત માન્યતાનો નાશ થયો હોવાથી તેને પરદ્રવ્યને ગ્રહણ કરવા - તેના માલિક થવા કે તેને ભોગવવાના ભાવો રહેતા નથી. તેની નિરર્થકતા તેને ભાસી છે તેથી અનાદિના સંસ્કારવશ એવા ભાવ આવે તોપણ તેમાં જોર નથી. જ્ઞાનમાં પદાર્થો પરજ્ઞેયરૂપે ભાસે છે માટે તેના ત્યાગનો ભાવ જ તેને આવે છે. જ્યાં ત્યાગનો ભાવ છે ત્યાં રાગ કે દ્વેષ કરવાનું રહેતું નથી. આ રીતે મોહનો નાશ થતાં હવે રાગ-દ્વેષ અને શુભાશુભ ભાવો નિરાશ્રય થયા થકા અલ્પકાળમાં સંપૂર્ણ નાશને પ્રાપ્ત થાય છે. મોહના નાશનું આ ફળ છે.

## સમ સુખ દુઃખ

અહીં આચાર્યદેવ ઈન્દ્રિય સુખ-દુઃખની વાત કરે છે. શુભ ભાવ - પુણ્યપ્રકૃત્તિ, અનુકૂળ સંયોગો અને ઈન્દ્રિય સુખ. અશુભ ભાવ - પાપપ્રકૃત્તિ - પ્રતિકૂળ સંયોગો અને ઈન્દ્રિય દુઃખ. આ પ્રમાણેના નિમિત્ત નૈમિત્તિક સંબંધો અનાદિકાળથી ચાલ્યા કરે છે. પરદ્રવ્ય ભોગવાતા જ નથી એવો નિર્ણય છે માટે સંયોગોમાં અનુકૂળ અને પ્રતિકૂળ એવા ભેદ તે પાડતો નથી. વળી મિથ્યાત્વનો અભાવ થતાં જ્ઞાની સ્વતંત્રપણે કર્તા થઈને શુભાશુભ ભાવો પણ કરતો નથી. જ્ઞાનીએ અતીન્દ્રિય આનંદનો સ્વાદ માણ્યો છે તેથી તેને ઈન્દ્રિય દુઃખ કે સુખ બેમાંથી એક પણ પ્રકારના ફળમાં રસ નથી. તે ઈન્દ્રિય સુખ અને દુઃખ બન્નેને સમાનપણે હેય જાણે છે. તેથી તેને ઈન્દ્રિય સમ સુખ દુઃખ ગણવામાં આવે છે. આ પ્રકારના સમ સુખ-દુઃખપણામાં જ્ઞાન-શ્રદ્ધાનની મુખ્યતા રહે છે.

જ્ઞાનીને પૂર્વબદ્ધ કર્મો ઉદયમાં આવીને સંયોગરૂપ ફળ આપે છે. જીવ તેમાં અસ્થિરતાના ભાવથી જોડાયને ઈન્દ્રિય સુખ કે દુઃખનો અનુભવ પણ કરે છે. તેમ હોવા છતાં તેને જે સુખ દુઃખની પ્રાપ્તિ થાય છે તેના પ્રત્યે તે ઉદાસીન છે. નિર્વિકલ્પ દશાનો અભાવ કરીને વિકલ્પ ઉત્પન્ન થયા છે. તેથી તે અતીન્દ્રિય સુખના અનુભવને છોડીને આકુળતા અનુભવે છે. આમ હોવાથી તેને એ અપેક્ષાએ માત્ર દુઃખનો જ અનુભવ છે. તેથી એ રીતે તેને સમભાવ છે.

જ્ઞાની સ્વભાવના આશ્રયે સત્તામાં પડેલા કર્મોનો ક્ષય કરતો જાય છે. જે કર્મો એ રીતે ફળ

આપ્યા વિના ખરી જાય છે તેને ભોગવવાનું રહેતું નથી. જે કર્મો નાશ નથી થતાં અને ઉદયમાં આવે છે તે કર્મો ફળ આપીને ખરી જાય છે. પોતે તે ફળ લેવા માગતો નથી તેથી કોઈ કર્મ ફળ આપે અથવા ન આપે. કર્મ ક્યા પ્રકારના ફળ આપે છે તેની કાંઈ ચિંતા જ્ઞાનીને નથી. પોતે ઉગ્ર પુરુષાર્થ કરીને સ્વરૂપલીનતા કરશે તો માત્ર અતીન્દ્રિય આનંદને જ ભોગવશે. જેટલી માત્રામાં પુરુષાર્થ ઓછો પડશે એટલી માત્રામાં આકુળતા થવાની જ છે. તેની તેટલી તૈયારી છે. સંસારમાં અનંતકાળ ગયો છે તેની સરખામણીમાં આની કાંઈ કિંમત નથી. વિકલ્પ દશામાં જેટલો કાળ જાય છે તેટલો મોક્ષ દૂર જાય છે તે સમજે છે પરંતુ મુક્તિ અવશ્ય છે તેવી નિઃશંકતા છે માટે ફળ આપીને પણ કર્મ નિર્જરી જાય છે તેનો તેને આનંદ છે. વર્તમાનમાં પુરુષાર્થ ઓછો પડે અને જેટલો વિભાવ થાય તેને પોતાનો દોષ સમજીને તેનો સમભાવે સ્વીકાર કરે છે માટે તે સમ સુખ દુઃખ છે. જે વિભાવ ભાવ અને તે સમયે જે ફળ પ્રાપ્ત થાય તેનો તે સમયે અભાવ શક્ય નથી એવું જાણતો થકો તે તેના પ્રત્યે મધ્યસ્થ રહે છે. ઉદાસીન જ્ઞાતા રહે છે. પછીના સમયે વિશેષ પુરુષાર્થ કરીને ફરીને નિર્વિકલ્પ દશા પ્રગટ કરશે.

સાધક દશામાં આગળ વધતા મુનિપણું આવે છે. પરદ્રવ્યથી અત્યંત વિરકતતા આવતા તે ઘરમાં સંસારમાં રહી શકતા નથી. અંતરંગમાંથી રાગ છૂટી ગયો છે અને બાહ્યમાં સંયોગો પણ છૂટી જાય છે. મુનિને માત્ર અલ્પ એવો સંજવલન કષાય વિદ્યમાન છે. સાધકને સ્વભાવનો આશ્રય ચાલુ છે. તેથી તે અલ્પ રાગનો પણ અભાવ થઈને પરમાત્મ દશાની પ્રગટતા થાય છે. આ રીતે મોહનો અભાવ થતાં રાગ-દ્વેષનો અભાવ થાય છે. તેને ઈન્દ્રિય સુખ-દુઃખમાં રસ રહેતો નથી. ક્રમશઃ મુનિપણું અને છેવટ પરમાત્મપદની પ્રાપ્તિ થાય છે.

## ◆ ગાથા - ૧૯૬

**જે મોહમળ કરી નષ્ટ, વિષયવિરક્ત થઈ, મન રોકીને,**
**આત્મસ્વભાવે સ્થિત છે, તે આત્મને ધ્યાનાર છે. ૧૯૬.**

***જે મોહમળનો ક્ષય કરી, વિષયથી વિરક્ત થઈ, મનનો નિરોધ કરી, સ્વભાવમાં સમવસ્થિત છે, તે આત્માને ધ્યાનાર છે.***

આ ગાથામાં શુદ્ધાત્મામાં એકાગ્રતાનું ક્યાં પ્રકારનું ફળ નથી આવતું એ વાત સમજાવે છે. સ્વભાવનો આશ્રય કરનારને પર્યાયમાં અનાદિ કાળથી ચાલી આવતી અશુદ્ધતા નાશ પામે છે. અશુદ્ધતાનો એવો નાશ થાય છે કે તે જીવને ફરીને સંસારની પ્રાપ્તિ થતી નથી. સમયસારમાં શરૂઆતમાં જ આચાર્યદેવે સ્વસમય અને પરસમય પ્રવૃત્તિનું સ્વરૂપ સમજાવેલું. (આ શાસ્ત્રમાં પણ ૯૪ ગાથામાં એ વાત લીધી છે) જીવ બન્ને પ્રકારની પ્રવૃત્તિ કરવામાં સ્વતંત્ર છે. અજ્ઞાની જીવ અનાદિકાળથી પરસમય પ્રવૃત્તિ કરતો આવ્યો છે. તેને અન્ય સંસારી જીવોનો જ પરિચય છે એવા જીવો કયારેક જ્ઞાની ગુરુના યોગમાં આવે છે ત્યારે સ્વસમય પ્રવૃત્તિ કેવી હોય એનું વર્ણન સાંભળે છે. જ્ઞાનીઓ એવી પ્રવૃત્તિ કરી રહ્યા છે. તેનો તેને પ્રત્યક્ષ પરિચય પણ થાય છે. એ સમયે કોઈ પાત્ર જીવને જ્ઞાનીના જેવું જીવન જીવવાનું મન થાય છે. તે યોગ્ય જ છે. શુદ્ધાત્માના અનુભવનું ફળ - સમક્તિની પ્રાપ્તિ - મિથ્યાત્વનો અભાવ - રાગ દ્વેષથી નિવૃતિ - ઈન્દ્રિય સુખ દુઃખ પ્રત્યે વિરકતતા - શ્રામણ્ય અને અંતમાં પરમાત્મદશા - જ્યાં તેને સાદિ અનંત કાળ સુધી અનંત અવ્યાબાધ સુખની પ્રાપ્તિ થાય છે. એ રીતે સ્વસમય પ્રવૃત્તિનું ફળ દર્શાવ્યું. પરંતુ આચાર્યદેવને એટલાથી સંતોષ નથી થતો. પોતે આ ગાથામાં નાસ્તિથી વાત કરે છે. એકાગ્રતા લક્ષણ ધ્યાનના ફળમાં અશુદ્ધ પર્યાયની પ્રગટતા નથી થતી એમ સમજાવે છે. આ એક નાસ્તિરૂપે કથન કરીને અસ્તિને દૃઢ કરવા માગે

છે એવું આપણને લાગે પરંતુ આચાર્યદેવ તેમાં બીજાું ઘણું કહેવા માગે છે.

અજ્ઞાનીએ સંસારના સુખ દુઃખ ઘણા અનુભવ્યા છે. તે ભૂતકાળના ભોગવેલા ભોગને યાદ કરે છે અને ભવિષ્યમાં ફરી એવુંને એવું ભોગવવા મળે એવી ભાવના કરતો રહે છે. આ રીતે ભોગવેલા ભોગને ફરી ફરીને યાદ કરતો રહે છે. તેને તેની મીઠાશ વર્તે છે. એ મધલાળ છૂટવી આકરી છે. તેથી અહીં સ્પષ્ટિકરણ કરે છે. એકવાર શુદ્ધાત્માનો આશ્રય લેનાર ફરી પાછો સંસારમાં જઈ શકતો નથી. ઈન્દ્રિય સુખ પણ રહે અને વધારામાં અતીન્દ્રિય આનંદ પણ મરજી પડે ત્યારે ભોગવીએ એવી સુવિધા નથી. ઈન્દ્રિય સુખને કાયમ માટે તિલાજંલી આપનારને જ અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે. મુક્તિના માર્ગમાં પ્રથમ પગ મૂકનારને ફરી સંસારમાં આવવાનો માર્ગ સદંતર બંધ થઈ જાય છે. તેથી જે મોક્ષના માર્ગે આવવા માગે તેણે સંસાર પ્રત્યે અત્યંત વિરક્તતાની તૈયારી રાખવી જ પડે. આ એક જવાબદારી ભર્યો નિર્ણય છે. પછી પાછળથી પસ્તાવાનો સમય ન આવે માટે આ ગાથામાં એ વાત સ્પષ્ટપણે સમજાવવામાં આવે છે.

આ ગાથામાં સર્વ પ્રથમ મોહના નાશની વાત કરી છે. ત્યારબાદ રાગ-દ્વેષનો અભાવ અર્થાત્ વિષયો પ્રત્યે વિરક્તતા. આગળ જતાં મનનો નિરોધ અને સ્વભાવમાં સમસ્થિતપણું લીધું છે. તેને ધ્યાન કહ્યું છે. સમ્યગ્દષ્ટિ માટે વિષયની વિરક્તાની મુખ્યતા અહીં દર્શાવવા માગે છે. રાગ દ્વેષનું મૂળ મિથ્યાત્વ છે માટે મોહનો નાશ થતાં વિરક્તતા સહજપણે આવે છે. તેમ હોવા છતાં તે અનંત પુરુષાર્થ માગી લે છે. વળી વિરક્તતા એ ક્રમે થતાં પરિણામો છે. તે સાધક દશાનો કાળ છે. આ રીતે સમ્યગ્દર્શન અને ક્ષીણમોહ ગુણ સ્થાન વચ્ચેનો તફાવત આપણે ખ્યાલમાં લઈ શકીએ છીએ. અહીં એક જાુદી રીતે રજાૂઆત કરવા માગે છે. તે વિરક્તતાને મનના નિરોધ સાથેનો સંબંધ દર્શાવે છે.

અજ્ઞાનીને વિશ્વના સમસ્ત પદાર્થોમાં અધ્યવસાન વર્તે છે. તેથી તેની હિતબુદ્ધિ-ભોગવટાના ભાવનું ફલક આખું વિશ્વ છે. અજ્ઞાની જીવે સંસારમાં અનાદિકાળથી પરિભ્રમણ કરતાં આ અનેક પદાર્થોને અનેકવાર ભોગવ્યા છે અને ભોગવતા ઈન્દ્રિય સુખનો અનુભવ પણ કર્યો છે.

જ્ઞાનીએ પોતાના આત્માને સમસ્ત પરદ્રવ્યોથી જાુદો તારવીને તેનો અનુભવ કર્યો છે. ત્યાર પહેલા તેણે વાસ્તવિકતાને કસોટીએ ચડાવીને એ નિર્ણય દૃઢ કર્યો છે કે પરદ્રવ્યો સદાય ભિન્ન જ છે. પરદ્રવ્ય કયારેય ભોગવાતા જ નથી. તેથી તેને અનાદિકાળથી પોતે જે કાંઈ કર્યું છે. તેની સો ટકા નિરર્થકતા તેને ભાસી છે. જ્યાંથી સુખ કાળાંતરે પણ પ્રાપ્ત થવાનું નથી તેનું લક્ષ શા માટે કરે ? આ રીતે જ્યારે તેને વાસ્તવિકતાનું ભાન થાય છે ત્યારે તે વિશ્વના સમસ્ત અન્ય પદાર્થોથી ઉપયોગને ખસેડી લે છે. તેની તુચ્છતા-નિરર્થકતા અને નિર્ભેળ આકુળતા અને દુઃખના જ કારણો છે એવું જાણીને તેનું દુર્લક્ષ કરે છે.

આ રીતે જ્ઞાન અને શ્રદ્ધાન અપેક્ષાએ વિશ્વના અન્ય સમસ્ત પરદ્રવ્યો ઉપર એક પડદો પડી ગયો. એ બધું અંધકારમય થઈ ગયું. બધો વિસ્તાર એકી સાથે બંધ થઈ ગયો. વિષયોમાં અનાદિકાળથી આસકિત હતી. હવે તેનાથી વિરકત થવાની વાત છે માટે આકરી છે. પરંતુ નિર્ણય તો પાકો કરે જ છે. અહીં અનેક દૃષ્ટાંતો વિચારી શકાય. કોઈ સગા-સ્નેહીની દુકાનેથી માલ ખરીદ કરતા હોઈએ. પછી કોઈના કહેવાથી અથવા પોતાની મેળે ખ્યાલ આવે કે ત્યાં તો બીજા કરતાં વધુ પૈસા દેવા પડે છે. ત્યારથી જ ત્યાંથી માલ ન લેવાનું નક્કી થઈ જાય. પછી

સંબંધ ન બગડે એ રીતે ધીમે ધીમે ત્યાંથી ખરીદી ઓછી કરી અને બંધ કરી દે. ત્યાં જેવી સમજણ યથાર્થ થઈ એટલે નિર્ણય પાકો જાય છે. અન્ય દૃષ્ટાંતમાં કોઈ દિકરીને કંદમૂળ બહુ ભાવતા હોય તેની સગાઈ ચુસ્ત જૈન ધર્મી સાથે થાય ત્યારે તે સમજીને કંદમૂળ ખાવાનું છોડી દે છે. ત્યાં બધા કંદમૂળનો એકી સાથે ત્યાગ કરે છે. આ દૃષ્ટાંત શ્રદ્ધાનની મુખ્યતાથી છે. તેમ જે જ્ઞાની થાય છે તે વિશ્વના સમસ્ત પદાર્થોમાંથી એકત્વબુદ્ધિ, કર્તાબુદ્ધિ અને ભોક્તાબુદ્ધિ એકી સાથે છોડે છે. તેથી સમસ્ત પરદ્રવ્યનું લક્ષ છોડીને ઉપયોગને સ્વભાવમાં લગાડે છે. અનેક વિષયો હતા ત્યાં મનના સંગે ઉપયોગ બહારમાં ભટકતો હતો. વિષયો ફેરવતો જતો હતો. અહીં મન શબ્દથી ભાવમન સમજવું. દ્રવ્યમન તો ત્યાં બાહ્ય નિમિત્ત છે. ત્યાં ઉપયોગની ચંચળતા છે. એ સમસ્ત પરદ્રવ્ય પ્રત્યેનું લક્ષ મને એકાંતે અહિતનું કારણ છે એમ જાણીને અસ્તિપણે મારું સર્વસ્વ મારામાં જ છે એવો નિર્ણય કરે છે. તેથી હવે મનના સંગે ઉપયોગ માત્ર સ્વમાં જ લગાડવાનો રહે છે. તેથી મનની ચંચળતા નાશ પામે છે. ભાવમન અર્થાત્ જ્ઞાનની પર્યાય મનનું પણ અવલંબન છોડીને પોતાના સ્વભાવમાં જ ઠરે છે. જેને અહીં સ્વભાવમાં સમસ્થિત કહેવામાં આવે છે.

અહીં બાહ્યની રુચિ છોડીને ઉપયોગ અંદરમાં આવ્યો છે તેની મુખ્યતા છે. બાહ્ય વિષયો ભોગવવા મળતા નથી તેથી 'સહેજે બાવા બ્રહ્મચારી' એ વાત નથી. અહીં સમજણપૂર્વકના ત્યાગની મુખ્યતા માટે આ ગાથામાં વિષય વિરકતની મુખ્યતા છે એ પ્રકારે આપણી સમજણ કરવી.

ગાથાની ટીકામાં વહાણ ઉપર બેઠેલા પક્ષીનું દૃષ્ટાંત છે. વહાણ કાંઠા ઉપર હોય ત્યારે પક્ષીને બેસવા માટે અનેક સ્થાનો છે. પરંતુ તે વહાણ મધદરીએ એકલું હોય તો ત્યાં પક્ષીને વહાણ સિવાય અન્ય આધાર જ નથી. ત્યાં મધદરીએ લાચારી છે એવો ભાવ છે. પરંતુ સિદ્ધાંતમાં એમ નથી. જ્ઞાનીને સ્વભાવ સિવાય અન્યમાં રસ જ નથી. તેથી તે સંયોગોની વચ્ચે હોય તોપણ તેને બાહ્યમાં ઉપયોગ લગાવવો નથી. દૃષ્ટાંતરૂપે કોઈ ગુલામ માલિકના ત્રાસથી થાકીને કંટાળીને ત્યાંથી ભાગી છૂટે તેમ જ્ઞાની બધા બાહ્ય વિષયોની અવગણના કરીને પોતાના સ્વભાવમાં ટકે છે. આ રીતે જે પોતાના સ્વભાવમાં સારી રીતે સ્થિત છે તેને ધ્યાન કહ્યું છે. અહીં શુદ્ધતાની જ પ્રગટતા થાય છે. અશુદ્ધ પર્યાયની પ્રગટતા થતી નથી એ ભાવ દર્શાવવા માગે છે.

## ◆ ગાથા - ૧૯૭

**શા અર્થને ધ્યાવે શ્રમણ, જે નષ્ટઘાતિકર્મ છે,**
**પ્રત્યક્ષસર્વ પદાર્થ ને જ્ઞેયાન્તપ્રાપ્ત, નિઃશંક છે ? ૧૯૭.**

***જેમણે ઘાતિ કર્મોનો નાશ કર્યો છે, જે સર્વ પદાર્થોના સ્વરૂપને પ્રત્યક્ષ જાણે છે અને જે જ્ઞેયના પારને પામેલા છે એવા સન્દેહરહિત શ્રમણ કયા પદાર્થને ધ્યાવે છે ?***

પરમાત્મા કોને ધ્યાવે છે એવો એક પ્રશ્ન આ ગાથામાં રજૂ કરવામાં આવ્યો છે. મૂળ ગાથામાં પરમાત્મા કેવા છે તેનું વર્ણન કરવામાં આવ્યું છે. પરમાત્માએ ચાર ઘાતિ કર્મોનો નાશ કર્યો છે. તે વિશ્વના સમસ્ત પદાર્થોને જાણે છે તે બધાને પ્રત્યક્ષપણે જાણે છે માટે તે પરમાત્મા નિઃશંક છે. આ રીતે પરમાત્મા કેવા છે તેનું વર્ણન કરીને પરમાત્મા કોનું ધ્યાન કરે છે એવો પ્રશ્ન કરવામાં આવ્યો છે.

ટીકાકાર આચાર્યદેવ આ ગાથામાં આ પ્રશ્ન કઈ રીતે કરવામાં આવ્યો છે. અર્થાત્ આવો પ્રશ્ન પૂછવામાં કુંદકુંદાચાર્ય દેવનો આશય શું છે તે સમજવાનો પ્રયત્ન કરે છે. પોતાની રીતે તે પ્રશ્નને એક અજબનો મરોડ આપે છે. તે કઈ રીતે તે વિચારીએ. સર્વ પ્રથમ તેઓ પરમાત્મા અને છદ્મસ્થ

એવા બે ભેદ પાડે છે. છદ્મસ્થ શું ધ્યાવે છે. તે વાત પોતે પ્રથમ પોતાની રીતે રજૂ કરે છે. છદ્મસ્થમાં જ્ઞાની અને અજ્ઞાની બન્નેની વાત સાથે વિચારે છે. આપણે અહીં તેને માટે 'સંસારી' શબ્દનો પ્રયોગ કરીશું.

સંસારી જીવના બે પરિણામની અલગ રીતે વાત કરે છે. એક ભાગમાં મોહ-રાગ-દ્વેષ એટલે કે શ્રદ્ધા અને ચારિત્રના પરિણામની વાત કરે છે. અને અન્યમાં જ્ઞાનની વાત કરે છે. આ રીતે જીવના પરિણામમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર એ ત્રણ ગુણમાં જ્ઞાનને શ્રદ્ધા અને ચારિત્રના પરિણામોથી અલગ પ્રથમ દર્શાવે છે. તે આ પ્રમાણે અહીં આપણી સમજણ માટે પરમાત્માના પરિણામનો પણ એ રીતે સાથો સાથ વિચાર સરખામણી કરી લઈએ.

| સંસારી (છદ્મસ્થ) | જીવ | પરમાત્મા |
| --- | --- | --- |
| શ્રદ્ધા - ચારિત્ર- | તૃષ્ણા-ઈચ્છા | વીતરાગતા |
| જ્ઞાન | પરોક્ષ જ્ઞાન-અલ્પજ્ઞ | સર્વજ્ઞ |

હવે સર્વ પ્રથમ આપણે અજ્ઞાની-સાધક અને પરમાત્માને કઈ રીતે સમજીએ છીએ તે યાદ કરી લઈએ.

અજ્ઞાની જીવ ભોગવટા પ્રધાની છે. કર્મફળચેતના પ્રધાની છે. તે બાહ્ય વિષયોના ભોગવટામાં જ જીવન વ્યતીત કરે છે. સાધકને પોતાના સ્વભાવની મુખ્યતા છે માટે તે બાહ્યમાંથી ઉપયોગને અંદરમાં સ્વભાવ સન્મુખ કરે છે. સવિકલ્પ દશામાં અસ્થિરતાના ભાવથી પર વસ્તુને ભોગવતો દેખાય છે. જ્યારે પરમાત્મા સંપૂર્ણપણે પોતાના સ્વભાવમાં જ લીન છે. પોતાનું જ ધ્યાન કરે છે - અનુભવે છે. તેથી પરમાત્મા કોનું ધ્યાન કરે છે એવો પ્રશ્ન આવે ત્યારે આપણે તો તુરત જ પરમાત્મા પોતાના પરમાત્મ સ્વભાવનું જ ધ્યાન કરે છે એવો જવાબ આપી દઈએ.

મૂળગાથામાં કુંદકુંદાચાર્યદેવે જે રજૂઆત કરી છે તેનો ભાવ ટીકાકાર આચાર્યદેવ કઈ રીતે સમજે છે તે જોઈએ. પરમાત્માએ ભાવ ઘાતિ કર્મોનો અર્થાત્ મોહ-રાગ-દ્વેષનો અત્યંત અભાવ કર્યો છે. નિમિત્ત અપેક્ષાએ ચાર ઘાતિ કર્મોનો નાશ કર્યો છે. જ્યારે સંસારી જીવને મોહ-રાગ-દ્વેષ વિદ્યમાન છે. અજ્ઞાનીને આ ત્રણ છે જ્યારે જ્ઞાનીને મોહનો અભાવ છે પરંતુ અસ્થિરતાનો રાગ વિદ્યમાન છે. એવા જીવને મોહ (શ્રદ્ધા અને ચારિત્ર) વિદ્યમાન હોવાથી તે જીવો તૃષ્ણા સહિત છે. તૃષ્ણા એટલે બાહ્ય વિષયોને ભોગવવાની ઈચ્છા-અભિલાષા. તૃષ્ણા શબ્દ કોઈ અપેક્ષાએ ગૃદ્ધિભાવ દર્શાવે છે અને તે મિથ્યાત્વ સહિતની ઈચ્છાના અર્થમાં પણ વાપરવામાં આવે છે. તે ભાવની સરખામણીમાં ઈચ્છાને અસ્થિરતાના ભાવરૂપે પણ લઈ શકાય. સંસારી જીવને ઈચ્છા-તૃષ્ણા હોય છે એ વાત આપણને આ રીતે સહજ લાગે પરંતુ અમૃતચંદ્રાચાર્યદેવનો આશય જુદો જ છે. કોની તૃષ્ણા ? એ પ્રશ્નનો જવાબ એ છે કે જે વર્તમાનમાં વિદ્યમાન ન હોય તેની જ ઈચ્છા છે. જે વર્તમાનમાં વિદ્યમાન છે તે તો ભોગવાય છે. તેની ઈચ્છા નથી. તેથી ઈચ્છા શબ્દ દ્વારા જે વર્તમાનમાં અવિદ્યમાન છે. એવા વિષયોની વાત કરે છે. આપણે જાણીએ છીએ કે એક સમયે કોઈ એક સંયોગ પ્રત્યે આપણું લક્ષ છે. ત્યારે તે સિવાય વિશ્વમાં અનંત પદાર્થો છે. તેથી તૃષ્ણા કહેતા અભિલાષા એ અનંત પદાર્થોની છે. જેની અભિલાષા છે તેવા પદાર્થોને અહીં અભિલસિત વિષયો કહ્યા છે. તૃષ્ણા શબ્દ દ્વારા આચાર્યદેવ આવા અનંત અભિલસિત વિષયો તરફ આપણને લઈ જાય છે. તે જીવ વર્તમાનમાં જે છે તેનું લક્ષ છોડીને આવા અભિલસિત વિષયોનું ધ્યાન કરે છે એવી વાત અહીં કરે છે. અર્થાતે જે વિદ્યમાન છે તેનું ધ્યાન નથી કરતો પરંતુ જે અવિદ્યમાન છે તેનું ધ્યાન કરે છે એમ અહીં દર્શાવવામાં આવ્યું છે.

સંસારી જીવ પરનું ધ્યાન કરે છે અને પરમાત્મા પોતાનું ધ્યાન કરે છે એવી સીધી વાત ન રહી. સંસારી જીવે વર્તમાનમાં જે મળ્યું તેને શાંતિથી ભોગવવાને બદલે જે નથી મળ્યું તેને મેળવવાની અને ભોગવવાની મથામણ-આકુળતા કરે છે એવો ભાવ દર્શાવવા માગે છે. આ રીતે સંસારીનું ધ્યાન છે ત્યાં નથી પરંતુ જે નથી તેના ઉપર છે. એવો ભાવ રજૂ કરે છે. અજ્ઞાની જીવની આ મુશ્કેલી છે. એક સમયે એક વિષય જે ભોગવવા મળે છે તેને ભોગવે. પછીના સમયે અન્ય વિષયને ભોગવો બધાને શાંતિથી વારા પ્રમાણે ભોગવો. પરંતુ જેને તૃષ્ણા છે તે તેમ કરી શકતો નથી. પરદ્રવ્ય ભોગવાતા જ નથી એ વાત માન્ય રાખીને વ્યવહારે (અભિપ્રાયમાં) બાહ્ય વિષય ભોગવાય છે એમ લઈએ તો ત્યાં તેને પણ શાંતિથી ભોગવી શકતો નથી. વર્તમાન વિષયનો ભોગવટો અને તેના આનંદની સામે અનંત વર્તમાનમાં ભોગવાતા નથી તેની આકુળતા અને દુ:ખ. આ રીતે સરવાળે અજ્ઞાની જીવ દુ:ખી જ છે. આ રીતે સંસારી જીવ અનેક અન્ય દ્રવ્યો (જેની તેને અભિલાષા છે) તેનું ધ્યાન કરે છે.

પરમાત્માને અભિલસિત વિષયો એક પણ નથી. પર પદાર્થો ભિન્ન જ છે. તે ભોગવી શકાતા જ નથી એવો પાકો નિર્ણય પરમાત્માને છે. તે બધા પરદ્રવ્યોથી વિરમ્યા છે. અજ્ઞાન દૂર થઈને જ્ઞાનની પ્રગટતા થાય છે ત્યારે પરદ્રવ્ય ભોગવતા જ નથી એવું જ્ઞાન શ્રદ્ધાન છે પરંતુ હજુ થોડો અસ્થિરતાનો રાગ છે. જે વડે સાધક અન્ય વિષયને ભોગવતો જણાય છે. પરમાત્માને અસ્થિરતાનો રાગ પણ નથી તેથી તે સંપૂર્ણપણે પરદ્રવ્યથી વિમુખ છે. કર્મ ચેતના અને કર્મ ફળ ચેતનાનો સંપૂર્ણપણે અભાવ છે. માટે તેને માટે એક પણ પરદ્રવ્ય અભિલસિત નથી. અર્થાત્ પરમાત્માને એકપણ દ્રવ્યની અભિલાષા નથી. પરમાત્માએ પોતાના આત્માને સંપૂર્ણપણે પ્રાપ્ત કર્યો છે. તેથી સ્વને મેળવવાની પણ તેને અભિલાષા નથી. આ રીતે પરમાત્મા માટે સ્વ કે પર કોઈની અભિલાષા નથી તેથી તે કોનું ધ્યાન કરે છે ? એવો પ્રશ્ન કરવામાં આવે છે. આ પ્રમાણે છદ્મસ્થ જીવ શું ભોગવે છે તેને ગૌણ કરીને તે શું ભોગવવા માગે છે એમ વિચારીને તૃષ્ણાને મુખ્ય કરીને અભિલસિત વિષયોને તે ધ્યાવે છે એમ લીધું અને પછી પરમાત્મા શું ધ્યાવે છે. અર્થાત્ પરમાત્માને કોઈ અભિલાષા નથી તેથી તે શું ધ્યાવે છે એ રીતે પ્રશ્ન રજૂ કરવામાં આવ્યો છે.

હવે જ્ઞાનથી વિચારવામાં આવે છે. ત્યાં બે રીતે વિચારે છે. શ્રદ્ધા અને ચારિત્ર બે ગુણોના દોષને એકરૂપે લક્ષમાં લીધા અને હવે જ્યારે એક જ્ઞાનના પરિણામની વાત છે ત્યારે તેને બે અલગ અપેક્ષાથી વિચારે છે. તેમાં સર્વ પ્રથમ પ્રત્યક્ષ અને પરોક્ષના ભેદથી વિચારે છે. કેવળજ્ઞાન પ્રત્યક્ષજ્ઞાન છે. એ અપેક્ષાએ અન્ય ચાર જ્ઞાન પરોક્ષ છે. જે જ્ઞાન ઈન્દ્રિય અને મનનું અવલંબન લઈને જાણે છે. તે જ્ઞાનમાં સંશય રહેવાની શક્યતાઓ હોય છે. ઈન્દ્રિય જ્ઞાન પ્રકાશ-હવા વગેરેની અપેક્ષા રાખે છે. જે જ્ઞાન આ રીતે થાય તે સંપૂર્ણ ન હોય. અજ્ઞાની પરને જાણે છે ત્યારે તે સ્વ-પરના સ્વભાવને ભેળસેળ કરે છે. તેથી ત્યાં વિપર્યય વગેરે દોષો છે. અજ્ઞાનીને જ્ઞેય જ્ઞાયક સંકરદોષ છે. તેથી તે જ્ઞાન દોષિત છે. વળી જો ઈન્દ્રિયમાં કાંઈ ખામી હોય તો પદાર્થ અન્યથા જણાય છે. વગેરે અનેક પ્રકારે વિચારતા જે જ્ઞાન પરોક્ષ છે તે જ્ઞાનમાં નિ:શંકતા નથી. પોતાનું જ્ઞાન સાચું છે કે ત્યાં કોઈ દોષ છે તે નક્કી કરવાનું તેને મન થાય એ સ્વાભાવિક છે. જે પદાર્થોના જ્ઞાન અંગે સંદેહ હોય તેને સંદિગ્ધ પદાર્થો કહેવામાં આવે છે. સંસારી જીવને આવા પદાર્થો બરોબર યથાર્થ જણાય એવો ભાવ રહે છે. તેથી તે આવા સંદિગ્ધ પદાર્થોને ધ્યાવે છે એમ કહેવામાં આવે છે.

પરમાત્માનું જ્ઞાન પ્રત્યક્ષ છે તેથી પરમાત્માને તે પદાર્થોનું સંપૂર્ણ જ્ઞાન છે. દરેક પદાર્થને તેના

ત્રણ કાળના ઈતિહાસપૂર્વક જાણે છે માટે તેને કયાંય સંદેહ નથી. આમ હોવાથી પરમાત્મા માટે કોઈ સંદિગ્ધ પદાર્થો નથી. તો પછી પરમાત્મા કોને જાણે એવો પ્રશ્ન અહીં ઉપસ્થિત કરવામાં આવે છે.

હવે જ્ઞાનમાં અલ્પજ્ઞ અને સર્વજ્ઞ એવા ભેદથી વિચારવામાં આવે છે. સંસારી જીવો એક સમયે એક વિષયને જાણે છે. બધાને નહીં. તેથી તેમને જે વિષયો જણાતા નથી તેને જાણવાની જિજ્ઞાસા વર્તે છે. સ્વભાવ સર્વજ્ઞરૂપ છે અને કાર્ય અલ્પજ્ઞરૂપ છે માટે તે પોતે તાણ અનુભવે છે અને બધું જાણવાની ઈચ્છા થાય છે. તેને અહીં જિજ્ઞાસા કહે છે. અને જે પદાર્થોને જાણવાની તેને ઈચ્છા છે તેને જિજ્ઞાસિત વિષયો કહેવામાં આવે છે. પરમાત્મા વિશ્વના સમસ્ત પદાર્થોને એકી સાથે એક સમયમાં ખરેખર તો દરેક સમયે જાણે છે તેથી તેને જાણવાની ઈચ્છાનો અભાવ છે. આ રીતે પરમાત્મા માટે એકપણ જિજ્ઞાસિત વિષયો નથી.

## ◆ ગાથા - ૧૯૮

**બાધા રહિત, સકલાત્મમાં સંપૂર્ણસુખજ્ઞાનાઢ્ય જે,**
**ઈંદ્રિય-અતીત અનિંદ્રિ તે ધ્યાવે પરમ આનંદને. ૧૯૮.**

***અનિન્દ્રિય અને ઈન્દ્રિયતીત થયેલો આત્મા સર્વ બાધા રહિત અને આખા આત્મામાં સમંત (સર્વ પ્રકારના પરિપૂર્ણ) સૌખ્ય તેમજ જ્ઞાનથી સમૃદ્ધ વર્તનો થકો પરમ સૌખ્યને ધ્યાવે છે.***

ગા. ૧૯૭ માં પ્રશ્ન કરવામાં આવ્યો હતો કે પરમાત્મા શેનું ધ્યાન કરે છે. તેનો જવાબ અહીં એમ આપે છે કે પરમાત્મા પરમ સૌખ્યને ધ્યાવે છે. આચાર્યદેવ ઈન્દ્રિયની સાથે જ્ઞાન અને સુખનો સંબંધ આગળ કરીને આખી રજૂઆત કરે છે. સંસાર અવસ્થામાં જેણે શરીરમાં હુંપણું સ્થાપ્યું છે. તેને ઈન્દ્રિયોની મુખ્યતા હોય છે. જ્ઞાન અને સુખ બન્ને જીવના અસાધારણ ધર્મો છે પરંતુ અજ્ઞાનીએ તેને ઈન્દ્રિયની ઓથમાં નાખ્યા છે. ઈન્દ્રિયો જ જાણવાનું કામ કરતી હોય એટલે સુધી અજ્ઞાની માનવા લાગે છે. તે જ ઈન્દ્રિયો મારફત તે સુખ-દુઃખને અનુભવે છે. દેહાધ્યાસવાળા જીવો ઈન્દ્રિયો મારફત જ જ્ઞાન અને સુખ અનુભવે છે. અલબત્ત આ બધું જીવની હાજરીમાં જ થાય એનો સ્વીકાર કરે છે. પરંતુ વજન તો ઈન્દ્રિયો પર જ હોય છે. જ્ઞાન અને સુખને જીવના ગુણરૂપે માનનારા પણ ઈન્દ્રિય વિના તો કામ ન થાય એવો અભિપ્રાય રાખે છે. અજ્ઞાનીને આ રીતે ઈન્દ્રિયોની જ મુખ્યતા હોય છે. તેથી આ ગાથામાં પરમાત્માનું સ્વરૂપ દર્શાવતા તેને ઈન્દ્રિય રહિત કહ્યા છે.

## અનિન્દ્રિય

અન્ + ઈન્દ્રિય, ઈન્દ્રિયનો અભાવ એવો તેનો અર્થ થાય છે. પરમાત્મા અનિન્દ્રિય છે. હવે આ શબ્દનો ભાવ વિચારીએ. ૧૪૫ ગાથાથી આચાર્યદેવે શરીરનો વિષય શરૂ કર્યો હતો. અજ્ઞાનીએ શરીરમાં હુંપણું માન્યું છે. ઈન્દ્રિયોને સાધન બનાવીને જ જ્ઞાન અને સુખનો અનુભવ કર્યો છે. ઈન્દ્રિયો નકામી થાય. આંખે ઝાખપ લાગે, કાને બહેરાશ આવે અથવા આંખ કાનનો ઉપયોગ જ ન કરીએ તો તે ઈન્દ્રિયોના વિષયોનું જ્ઞાન ન થાય અને તે ભોગવી ન શકાય માટે અજ્ઞાનીને ઈન્દ્રિયોની મુખ્યતા સદાય રહે છે. અહીં હવે આ અધિકારપૂર્ણ થવા આવ્યો છે ત્યારે આચાર્યદેવ ફરીને શરીર અને શરીરને પ્રાપ્ત ઈન્દ્રિયોનું હેયપણું દઢ કરાવે છે.

ઈન્દ્રિયોનું અને ઈન્દ્રિય જ્ઞાન અને સુખનું નિરર્થકપણું જિનાગમોમાં અનેક પ્રકારે વર્ણવવામાં આવ્યું છે. તેથી તેનું પુનરાવર્તન અહીં નહી કરીએ. અજ્ઞાની જ્યારે જ્ઞાની થવા માગે છે ત્યારે તેને ખ્યાલ આવે છે કે ઈન્દ્રિયનો વિષય અરૂપી આત્મા નથી. માટે જે પોતાના સ્વભાવની ઓળખાણ કરવા માગે

છે તેને ઈન્દ્રિયનું અવલંબન છોડવું આવશ્યક છે. આ રીતે તેને હેય કરવાની અને આશ્રય છોડવાની શરૂઆત તો સાધક દશા પ્રગટ કરવાની સાથે જ થાય છે. ખ્યાલમાં રહે કે જ્યાં સુધી અલ્પજ્ઞ દશા છે ત્યાં સુધી જ્ઞાનીને પણ જો રૂપી પદાર્થોને જાણવા હશે તો તેને ઈન્દ્રિયનું અવલંબન અનિવાર્ય છે. સ્વભાવનો ધારા પ્રવાહરૂપ અનાદર કરવાના ફળ સ્વરૂપે જ્ઞાનમાં જે આવરણ છે અલ્પજ્ઞતા છે. તેટલી પરધીનતા છે અને ઈન્દ્રિય પ્રકાશ વગેરેના સંગમાં જ જાણપણું થાય છે.

અરિહંત દશાની પ્રગટતા થતાં જ્ઞાન સંપૂર્ણ ખીલવટને પ્રાપ્ત થઈને સર્વજ્ઞરૂપ થાય છે. પરમાત્મદશા પ્રગટતા હવે અન્ય સાધનની જરૂર નથી તેથી પરમાત્માને ઈન્દ્રિય અને મન સંપૂર્ણ હોવા છતાં પરમાત્મા તેનો ઉપયોગ કરતા નથી. જ્ઞાન પ્રત્યક્ષપણે બધું જાણી લે છે. એ રીતે તીર્થંકર પરમાત્મા અનિન્દ્રિય કહેવાય છે. જ્યારે સિદ્ધ દશા પ્રાપ્ત થાય છે ત્યારે શરીર સંયોગો અને અઘાતિકર્મોનો અભાવ હોતા તેઓ સાચા અર્થમાં અનિન્દ્રિય થાય છે. દરેક પદાર્થ અને તેના ગુણો સ્વતંત્રપણે પોતાના સ્વભાવને ધારણ કરીને પરિણમન કરી રહ્યા છે માટે તેને અન્ય આશ્રયની જરૂર નથી.

ટીકાકાર આચાર્યદેવે ઈન્દ્રિયોને સહજ જ્ઞાન અને સુખમાં બાધાકારક વર્ણવ્યા છે તે યોગ્ય જ છે. ઈન્દ્રિયોને સાધન બનાવનારને સંપૂર્ણ જ્ઞાન કે સુખ પ્રાપ્ત થઈ શકતું નથી. દૃષ્ટાંતઃ નવમાં માળની અગાસી ઉપરથી બધું દેખાય પરંતુ ત્યાં કોઈ નાના ભુંગળામાંથી જોવાનો આગ્રહ રાખે તો તે માત્ર મર્યાદિત વિષયોને જ જોઈ શકે છે. તે રીતે ઈન્દ્રિયનો આગ્રહ રાખવાથી જ્ઞાનના વિષયો મર્યાદિત-રૂપીમાત્ર - રહી જાય છે.

અસકલ આત્મામાં - અસર્વ પ્રકારના જ્ઞાન અને સુખના સાધન રૂપે ઈન્દ્રિયોનું વર્ણન કરવામાં આવે છે. અસર્વ પ્રકારનું જ્ઞાન એટલે કે કેવળજ્ઞાનનો અભાવ. એ રીતે અનંત અવ્યાબાધ સુખનો અભાવ. જ્યાં સુધી ઈન્દ્રિયોનું અવલંબન છે ત્યાં સુધી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી અને અનંત સુખનો અનુભવ થતો નથી  સમજી શકાય એમ છે.

શરીરને પ્રાપ્ત ઈન્દ્રિયોનો વિચાર કરીએ તો માત્ર સ્પર્શેન્દ્રિય આખા શરીરમાં છે. અન્ય ઈન્દ્રિયો શરીરના થોડા ચોક્કસ ભાગમાં જ હોય છે. તે ઈન્દ્રિયો મારફત જયારે જ્ઞાન જાણવાનું કામ કરે છે ત્યારે દ્રવ્ય ઈન્દ્રિયના જ ક્ષેત્રમાં એક ક્ષેત્રાવગાહરૂપે રહેલું જ્ઞાન જાણવાનું કામ કરે છે એવું આપણે માની લઈએ છીએ. આપણે મૂળભૂત સિદ્ધાંતને જો ખ્યાલમાં રાખીએ તો એવી ભૂલ ન થાય. આખું દ્રવ્ય પરિણમે છે અને એક સળંગ પ્રક્રિયા દ્રવ્યના સંપૂર્ણ ક્ષેત્રમાં થાય છે. દ્રવ્યના કોઈ ભાગમાં (ક્ષેત્રમાં) પરિણામ થાય અને અન્ય ક્ષેત્રે પરિણામ વિનાનું હોય એમ બને નહીં. વળી એક ક્ષેત્રમાં આંખના ક્ષેત્ર રહેલા જ્ઞાનના પ્રદેશો જોવાનું કાર્ય કરે અને તે જ સમયે કાનના ક્ષેત્રે રહેલું જ્ઞાન સાંભળવાનું કાર્ય કરે એવું બને નથી. જીવની જ્ઞાનની પર્યાય તેના અસંખ્ય પ્રદેશે એક સમયે એક જ કાર્ય કરે છે. દૃષ્ટાંતઃ ખેતરમાં ઉગેલા શેરડીના સાંઠાની એક કાતરીને પકડીને હલાવીએ ત્યારે આખો સાંઠો હલે છે કારણકે સાંઠો અખંડ છે.

ઈન્દ્રિયો પોતપોતાના વિષયોને ગ્રહણ કરે છે અર્થાત્ તેને તે પ્રકારનો પોતાના વિષયો સાથે નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. અરીસામાં કેરીનું પ્રતિબિંબ પડે છે. બહારનું દૃશ્ય જેવું છે તેવું જ કેમેરામાં જોવા મળે છે. આંખની રચના કેમેરા જેવી જ છે તેથી આંખમાં પણ એ રીતે બાહ્યનું દૃશ્ય જોવા મળે છે. આ બધા પુદ્ગલના એક બીજા સાથેના નિમિત્ત નૈમિત્તિક સંબંધો છે. બાહ્ય વિષયોનો આ પ્રકારે ઈન્દ્રિયો મારફત જ્ઞાન સાથે સંબંધ (સનિકર્ષ)

થાય છે. હારી ગયેલા જ્ઞાન માટે આ વિધિ જરૂરી છે. પરંતુ તે જાણપણું માત્ર તે ક્ષેત્ર પુરતું મર્યાદિત નથી રહેતું પરંતુ અસંખ્ય પ્રદેશે તે કાર્ય થાય છે.

ઓફીસમાં મેનેજર પાસે ટેબલ ઉપર પાંચ ટેલીફોન હોય ત્યારે જેની ઘંટડી વાગે તેનું રીસીવર ઉપાડીને તેની સાથે મેનેજર વાત કરે છે. વાત કરનાર મેનેજર છે. પાંચ ટેલીફોનના સંપર્ક અલગ છે. તેમ જાણનાર મેનેજરના સ્થાને છે. ઈન્દ્રિયોના સ્થાને ટેલીફોન છે. જાણનાર જે ઈન્દ્રિયનો ઉપયોગ કરે તે ઈન્દ્રિયના વિષયને તે જાણી શકે છે. આ રીતે જાણનારનું (જીવનું) અખંડપણું લક્ષમાં રાખવું જરૂરી છે. આચાર્યદેવે આ રીતે ઈન્દ્રિયોનું હેયપણું દર્શાવ્યું છે. જ્ઞાન અને સુખની વાત આચાર્યદેવ સાથે જ કરે છે કારણકે તે બન્ને ગુણના પરિણામોને એકબીજા સાથે સંબંધ છે. વળી તેમને ઈન્દ્રિયો સાથે પણ સંબંધ છે. અર્થાત્ ઈન્દ્રિય જ્ઞાનની સાથે ઈન્દ્રિય સુખ સંકળાયેલું છે.

## ઈન્દ્રિયાતીત

ઈન્દ્રિય + અતીત = ઈન્દ્રિયાતીત = અતીન્દ્રિય. આ રીતે વિચારતા આ શબ્દ દ્વારા ઈન્દ્રિયની અવલંબનની ભૂમિકાને ઓળંગી ગયેલું જ્ઞાન એવો ભાવ ખ્યાલમાં આવે છે. ઈન્દ્રિય જ્ઞાનની નિરર્થકતા ભાસતા જે જીવ સ્વાનુભવ કરવા માગે છે તે ઈન્દ્રિયનું અવલંબન છોડે છે. એવું જ્ઞાન સ્વાનુભવ કરવા માટે સક્ષમ છે. તેને અતીન્દ્રિય જ્ઞાનરૂપે પણ ઓળખવામાં આવે છે. આ અર્થ પ્રચલિત છે. ત્યાં અનિન્દ્રિય અને અતીન્દ્રિય શબ્દના ભાવમાં લાંબો તફાવત ખ્યાલમાં આવે તેમ નથી. પરંતુ ટીકાકાર આચાર્યદેવે ઈન્દ્રિયાતીત શબ્દનો જુદો જ ભાવ અહીં લીધો છે. શબ્દો આ પ્રકારે છે.

તે જ વખતે તે બીજાઓને ઈન્દ્રિયાતીત (ઈન્દ્રિય અગોચર) વર્તતો થકો. આ રીતે ઈન્દ્રિયાતીત શબ્દ દ્વારા અન્ય જીવો દ્વારા ઈન્દ્રિય મારફત જણાતો નથી. એવો ભાવ દર્શાવવામાં આવ્યો છે. ગા. ૧૭૨ના અલિંગગ્રહણના બીજા બોલમાં એ ભાવ લેવામાં આવ્યો છે. પહેલા બોલમાં લીધું કે આત્મા ઈન્દ્રિયો દ્વારા જાણતો નથી અને બીજા બોલમાં લીધું કે આત્મા ઈન્દ્રિયો દ્વારા જણાતો નથી. અહીં એ બીજા બોલનો ભાવ બંધ બેસે છે. તે અર્થ લઈએ તો ત્યાં અન્યની મુખ્યતાથી વિચારવામાં આવ્યું છે. ભાવ તો એક જ છે કે ઈન્દ્રિયોનો વિષયરૂપી ગુણો છે. આત્મા અરૂપી છે. તેથી તે ઈન્દ્રિયના સાધન વડે ન જણાય. તેથી ઈન્દ્રિયનું સાધન છોડે ત્યારે જ આત્મા જાણી શકાય. અહીં એક મુશ્કેલી એવી છે કે ઈન્દ્રિયનું સાધન છોડીને જે જ્ઞાન અતીન્દ્રિય થાય છે તે જ્ઞાન પરના આત્માને જાણી શકતું નથી. તેથી એ ભાવ પણ ખરેખર બંધ બેસતો નથી. જે જ્ઞાન ઈન્દ્રિયનું અવલંબન છોડે છે. મનનું અવલંબન પણ છોડે છે અને સ્વભાવ સન્મુખ થાય છે તે અતીન્દ્રિય જ્ઞાન પોતાનો અનુભવ કરે છે. તેથી આ રીતે પ્રગટ થયેલા અતીન્દ્રિય જ્ઞાનનો વિષય પોતાનો આત્મા જ થાય છે. તે જ્ઞાનનો વિષય અન્ય આત્મા થતો નથી.

વળી આચાર્યદેવે 'તે જ વખતે' શબ્દનો પ્રયોગ કર્યો છે. તેથી આખા લખાણનો સળંગ ભાવ આ રીતે લક્ષમાં આવે છે. આપણું ઈન્દ્રિયજ્ઞાન તીર્થંકર પરમાત્માને જાણી શકે છે. આપણે તેમના દર્શન કરીએ છીએ. તે તીર્થંકર પરમાત્મા જ્યારે સિદ્ધ દશાને પ્રાપ્ત થાય છે. ત્યારે આપણું જ્ઞાન તેને જાણી શકતું નથી. આપણે સિદ્ધ પરમાત્માના દર્શન કરી શકતા નથી. તેથી 'તે જ વખતે' શબ્દ દ્વારા જ્યારે તીર્થંકર પરમાત્મા સિદ્ધ દશાને પામે છે ત્યારે તે ઈન્દ્રિયાતીત થાય છે અર્થાત્ ઈન્દ્રિયને અગોચર થાય છે. એવો ભાવ સમજાય છે. અલબત્ત એ વાસ્તવિકતા ખ્યાલમાં રાખવી કે આપણે તીર્થંકર પરમાત્માના દર્શન કરીએ છીએ ત્યારે તેમના પરમ ઔદારિક દેહમાં જ દર્શન કરીએ છીએ. તે જ ક્ષેત્રે રહેલા

પરિપૂર્ણ શુદ્ધતારૂપે પરિણમેલા અરૂપી આત્માના તો દર્શન ઈન્દ્રિય વડે શક્ય જ નથી.

આ રીતે ટીકાકાર આચાર્યદેવે અનિન્દ્રિય અને ઈન્દ્રિયાતીત શબ્દો દ્વારા પરમાત્મ દશા કેવી છે તેનું ઈન્દ્રિયોના અભાવરૂપ નાસ્તિરૂપે વર્ણન કર્યું. ત્યારબાદ પરમાત્માદશાનું અસ્તિરૂપે વર્ણન કરે છે.

ઈન્દ્રિયો જ્ઞાન અને સુખમાં બાધાના કારણો છે તેનો અભાવ થતાં નિરાબાધ સુખની પ્રગટતા થાય છે. એ જ પ્રમાણે આત્માના અસંખ્ય પ્રદેશે કેવળજ્ઞાનની પ્રગટતા પણ થાય છે. આ બન્ને અસ્તિરૂપના વર્ણન છે. ટીકામાં સમંત સૌમ્ય અને જ્ઞાન એવા શબ્દો છે. 'સમંત' શબ્દનો અર્થ પરિપૂર્ણ થાય છે. સંમત કરવું એટલે માન્ય કરવું. આ સમંત શબ્દ પ્રચલિત છે પરંતુ સમંત શબ્દ એટલો જાણીતો નથી. આત્માના અસંખ્ય પ્રદેશે કેવળજ્ઞાનની પર્યાય પણ એક જ છે. તે કેવળજ્ઞાનની પર્યાય અસંખ્ય પ્રદેશે એકરૂપ જ છે. આ સિદ્ધાંત કાયમ રાખીને જીવના દરેક પ્રદેશે પરિપૂર્ણ કેવળ જ્ઞાન છે એમ લક્ષગત કરવા યોગ્ય છે. દૃષ્ટાંતઃ આકાશ અનંત દ્રવ્યોને અવગાહન આપવાનું સામર્થ્ય લઈને રહેલું છે. આકાશ અનંત પ્રદેશી દ્રવ્ય છે. તેના એક પ્રદેશમાં પણ વિશ્વના સમસ્ત પદાર્થોને અવગાહન આપવાની શક્તિ રહેલી છે. તે રીતે આત્માના દરેક પ્રદેશે કેવળજ્ઞાનની પ્રગટતા છે એમ વિચારી શકાય. અલબત્ત એ રીતે વિચારતા પર્યાયની અસંખ્ય પ્રદેશી અખંડતા એવીને એવી રહેવી જોઈએ.

પરમાત્મા કોનું ધ્યાન કરે છે એનો સ્પષ્ટ જવાબ આપતા પહેલા ગા.૧૯૭માં જે રીતે પ્રશ્ન રજૂ કર્યો છે તેને યાદ કરી લઈએ. સંસારી જીવ શેનું ધ્યાન કરે છે તેમાં વર્તમાનમાં જે વિષયને જાણે છે માણે છે. તે વાત ન લેતા તેને શું નથી મળતું તેની જ વાત લઈને અભિલસિત જિજ્ઞાસિત અને સંદિગ્ધ પદાર્થોને ધ્યાવે છે. એ રીતે લખાણ હતું. પરમાત્માને આ ત્રણમાંથી એક પણ નથી અર્થાત્ પરમાત્માને કોઈ પદાર્થ અભિલસિત જિજ્ઞાસિત કે સંદિગ્ધ નથી. તેથી પરમાત્મા કોનું ધ્યાન કરે ? એ પ્રકારનો પ્રશ્ન હતો. તેનો જવાબ એ છે કે પરમાત્માને માટે કાંઈ અજાણું નથી અને તેને બાહ્ય વિષયને ભોગવવાનો ભાવ જ નથી. તેથી ત્રણ પ્રકારના પદાર્થોનું ધ્યાન કરવાનો તેનો પ્રશ્ન જ નથી. પરમાત્મા પોતાને સંપૂર્ણપણે પ્રાપ્ત છે અને તેને જ અર્થાત્ પોતાના શુદ્ધાત્માને જ ધ્યાવે છે. હવે તેનું વર્ણન ટીકાના શબ્દો દ્વારા જોઈએ.

પરમાત્મા અપૂર્વ અને અનાકુલત્વ લક્ષણ પરમ સૌખ્યને ધ્યાવે છે. અહીં પ્રશ્ન થાય કે પરમાત્મા પોતાના શુદ્ધાત્માનું ધ્યાન કરે છે કે અનંત સુખરૂપ પર્યાયનું ધ્યાન કરે છે ? ખરેખર ત્યાં દ્વૈત નથી માટે પ્રશ્ન અસ્થાને છે. વળી પરમાત્મા પરમ સૌખ્યને ધ્યાવે છે. લખ્યા બાદ ત્યાં પૂર્ણ વિરામ નથી, ત્યાં અલ્પ વિરામ છે. આગળ લખે છે કે આત્માને અનુભવે છે. એવું કાર્ય કરવાથી તેને અનાકુળતા લક્ષણ સુખની પ્રાપ્તિ થાય છે. અહીં દ્રવ્ય-પર્યાય અભેદરૂપે જ અનુભવાય છે. નિર્વિકલ્પ દશા સમયે જીવ ત્યાં ભેદ કરતો નથી. પછી સવિકલ્પ દશામાં આવે છે ત્યારે જે પોતાને અનુભવાયું છે તેનું ભેદપૂર્વક વર્ણન કરે છે.

અતીન્દ્રિય આનંદનું વેદન એ જ સ્વાનુભૂતિનું માપદંડ છે. વિકલ્પાત્મક દશામાં એવો આનંદ ન આવે. તેથી જે પ્રથમ અનુભવ કરે છે તેને સુખાસ્વાદનો મહિમા ઘણો હોય છે. એ આસ્વાદ અપૂર્વ હોય છે. તેથી વિકલ્પમાં આવીને વર્ણન કરે ત્યારે પોતાને જેનું સવિશેષ વેદન હોય તે વાત જ બહાર આવી જાય છે. અર્થાત્ તેની તે અપેક્ષાએ તેને મુખ્યતા હોય છે. જ્ઞાની સ્વાનુભવનો ઢોલ પીટવા જતો નથી. સ્વાનુભવ ફરનારો તો

બધું ગોપવીને પોતાના સ્વભાવમાં ઠરી જાય છે. અહીં તો તેના ભાવની મુખ્યતાથી વાત ચાલે છે.

એ જ જ્ઞાની કયારેક એમ પણ કહે છે કે મને શુદ્ધાત્માનો અનુભવ થયો. ત્યારે તે પ્રગટ પર્યાયને ગૌણ કરીને સ્વભાવને મુખ્ય કરીને કથન કરે છે. પોતાનો સ્વભાવ કેવો છે તેનું વર્ણન પોતે શ્રીગુરુ પાસેથી સાંભળ્યું છે. પોતે પોતાનો સ્વભાવનો મહિમા કર્યો છે. તેનું શક્તિરૂપ સામર્થ્ય કેવું એટલે કેટલું છે તેનો ખ્યાલ કર્યો છે. એ સ્વભાવનો મહિમા લાવીને તેનો પ્રત્યક્ષ આસ્વાદ લેવા માટે તે પુરુષાર્થ કરે છે. જ્યાં સુધી વિકલ્પ છે ત્યાં સુધી પરોક્ષપણું છે, વેદન નથી. જ્યારે નિર્વિકલ્પ દશા થાય છે. ત્યારે તે સ્વભાવ પોતાની જ્ઞાનની પર્યાયમાં પ્રત્યક્ષ થાય છે. મનનું અવલંબન હતું ત્યાં સુધી પરોક્ષપણું હતું. હવે તેને સાચા અર્થમાં પોતાના સ્વભાવનું જાણપણું થયું છે. અનુમાન જ્ઞાનમાં જે મહિમા હતો તેના કરતા તે સ્વભાવનો સાક્ષાત્ અનુભવ થતાં તેને ઘણો જ મહિમા વધી જાય છે. એક સિદ્ધાંત ખ્યાલમાં રાખવો કે સ્વભાવનું જ્ઞાન માત્ર હોય તેનું વેદન ન હોય પર્યાયનું જ્ઞાન અને વેદન બન્ને હોય છે.

### ◆ ગાથા - ૧૯૯

**શ્રમણો, જિનો, તીર્થંકરો આ રીત સેવી માર્ગને,**
**સિદ્ધિ વર્યા; નમું તેમને, નિર્વાણના તે માર્ગને. ૧૯૯.**

***જિનો, જિનેન્દ્રો અને શ્રમણો (અર્થાત્ સામાન્ય કેવળીઓ, તીર્થંકરો અને મુનિઓ) આ રીતે (પૂર્વે કહેલી રીત જ) માર્ગમાં આરૂઢ થયા થકા સિદ્ધ થયા. નમસ્કાર હો તેમને અને તે નિવાર્ણ માર્ગને.***

આચાર્યદેવ હવે જ્ઞેય તત્ત્વ પ્રજ્ઞાપન અધિકાર પૂર્ણ કરવાની તૈયારીમાં છે. અનાદિનો અજ્ઞાની જીવ પરિભ્રમણનો અભાવ કરીને-ધ્રુવ-અચલ એવી સિદ્ધ દશાની પ્રાપ્તિ કેવી રીતે કરી શકે તે માર્ગ આચાર્યદેવ દર્શાવવા માગતા હતા. જ્ઞેય તત્ત્વ પ્રજ્ઞાપન અધિકાર એ ખરેખર દર્શન અધિકાર છે. જ્ઞાન પૂર્વક શ્રદ્ધાન હોય છે. નિર્ણયાત્મક જ્ઞાન સહિતની શ્રદ્ધામાં નિઃશંકતા હોય છે.

સર્વજ્ઞ સ્વભાવ વડે જ્ઞાયક સ્વભાવી આત્માનો નિર્ણય જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન અધિકારમાં કરવામાં આવ્યો. જ્ઞાન દ્વારા જે આત્માનું સ્વરૂપ દર્શાવવામાં આવ્યું છે તે આત્મા એમ જ છે એનો યથાર્થ નિર્ણય કરવામાં આ અધિકારમાં આચાર્યદેવે સર્વ પ્રથમ જીવનું પદાર્થરૂપનું સ્વરૂપ શું છે તે વિસ્તારથી લીધું છે. બધા દ્રવ્યોને લાગુ પડતું આ બંધારણ ઘણું જ અગત્યનું સ્થાન ધરાવે છે. તેની મજબૂતિ ઉપર જ બધો આધાર છે. ત્યારબાદ જીવને કેન્દ્રમાં રાખીને છ દ્રવ્યોનું સ્વરૂપ વિસ્તારથી સમજાવવામાં આવ્યું છે. ત્યારબાદ જ્ઞાન જ્ઞેય વિભાગ અધિકાર દ્વારા જ્ઞાન લક્ષણ વડે પોતાના આત્માને પરદ્રવ્યથી ભિન્ન કઈ રીતે લક્ષમાં લેવો અને ભેદજ્ઞાનનો પ્રયોગ કેવી રીતે કરવો એ વાત ઘણા જ વિસ્તારથી લીધી છે. અહીં પરદ્રવ્યમાં શરીરની મુખ્યતા રાખીને કથન કરવામાં આવ્યું છે. જીવને શરીરમાં જે આત્મબુદ્ધિ છે તે અતિ ગાઢ છે. તેને છોડવી સહજ નથી તેથી આચાર્યદેવે શરીરથી અને શરીરને પ્રાપ્ત ઈન્દ્રિયોથી ભેદજ્ઞાન કઈ રીતે થાય તે સમજાવ્યું છે.

આશ્રયભૂત પોતાનો જ્ઞાયક સ્વભાવ અને તેના આશ્રયનું ફળ પરમ નિર્વાણ. એ રીતે ધર્મની શરૂઆતથી લઈને પૂર્ણતા સુધીની બધી વિગત આ અધિકારમાં આપવામાં આવી છે. અલબત્ત અહીં ચારિત્રની પર્યાયની આત્મ સાધનાની વિગત નથી. (તે હવે પછીના અધિકારમાં આવશે) પરંતુ મોક્ષમાર્ગની શરૂઆતથી લઈને પૂર્ણતા સુધીનું બધું કાર્ય સ્વભાવમાં હુંપણું સ્થાપીને તેનો આશ્રય કરવાથી થાય છે. એ સ્પષ્ટ દર્શાવ્યું છે. સમયસાર ગા. ૧૮માં શ્રદ્ધાના આ બે પાસા સ્પષ્ટ શબ્દો દ્વારા

દર્શાવવામાં આવ્યા છે. પ્રથમ તો આત્માને જાણવો (જ્ઞાન). પછી એમ નક્કી કરવું કે આ જ આત્મા છે (જ્ઞાન સાથેના સંબંધવાળુ શ્રદ્ધાન) વળી એમ નક્કી કરવું કે એનું અનુચરણ કરવાથી અવશ્ય કર્મથી છૂટાશે.(શ્રદ્ધાને ચારિત્ર સાથેનો સંબંધ) આ રીતે શ્રદ્ધાનું કાર્ય જ્ઞાન અને આચરણ સાથે સંબંધવાળુ-સંધિવાળુ છે. શ્રદ્ધાના આચરણ અંગેની નિઃશંકતા અનુસાર ચારિત્રનું કાર્ય હોય છે.

આ પ્રકારે પાત્ર જીવને નિઃશંકતા પ્રગટે તે માટે જે કાંઈ જાણવાનું જરૂરી છે તે બધી માહિતી આ અધિકારમાં આચાર્યદેવે આપી દીધી છે. પોતે જેટલું કાંઈ આ અંગે કહેવા માગતા હતા તે કહ્યું. એ રીતે પોતાનો સંકલ્પ પૂર્ણ થયો તેથી કહે છે કે વિશેષ વિસ્તારથી બસ થાઓ. પોતે પોતાનો વિકલ્પ તોડીને નિર્વિકલ્પ થવા જાય છે.

સિદ્ધ દશા કેવી રીતે પ્રગટ થાય. તેનું વર્ણન કરીને પરમાત્મા કોનું ધ્યાન કરે છે વગેરે પ્રશ્નો કરીને પરમાત્મા પોતાના સ્વભાવમાં જ લીન રહે છે. ધ્યાતા-ધ્યાન-ધ્યેય તથા જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય બધું અભેદ એકાકાર થાય છે અને ફરીને વિકલ્પ આવતો જ નથી એવી વાત લીધી. સમયસારમાં સિદ્ધ દશાનું વર્ણન કરતાં અસ્તિરૂપે ભાવ-ભાવ શક્તિ લીધી છે. જે પરિપૂર્ણ શુદ્ધ દશા પ્રગટ થઈ છે તે હવે સાદિ અનંતકાળ સુધી એવીને એવી જ રહેશે. વળી નાસ્તિથી વર્ણન કરતા અભાવ અભાવ શક્તિ વર્ણવે છે. જે સંસાર પર્યાયનો અભાવ થયો છે તે હવે સદાય અભાવરૂપ જ રહે છે. એ રીતે ધ્રુવ-અચળ અને અનુપમ એવી સિદ્ધ દશા સદા જયવંત વર્તો એવી ભાવનાથી બધા જિનેન્દ્રોને નમસ્કાર કરે છે. તેની સાથો સાથ તે પદ સુધી પહોંચાડનાર જે એક જ મુક્તિનો માર્ગ છે તેને પણ નમસ્કાર કરે છે.

ભાવમોક્ષદશા બે પ્રકારની છે. અરિહંત પરમાત્મા તે સામાન્ય કેવળી છે. કેટલાક જીવો તીર્થંકરના દ્રવ્યરૂપ હોય છે. તેમને પવિત્રતાના સાથે પુણ્યનો પણ અદ્ભૂત યોગ હોય છે. ભાવ મોક્ષદશાની પ્રગટતા થયા બાદ જ એ તીર્થંકર પ્રકૃત્તિ ઉદયમાં આવે છે. તીર્થંકરના નિમિત્તે (દિવ્યધ્વનિના નિમિત્તે) અનેક જીવો આત્મકલ્યાણ કરે છે. જેને પુણ્યની મીઠાશ છે તેને સમ્યગ્દર્શન પણ થતું નથી. વળી અંશે પણ પોતાના પરિણામમાં શુભ ભાવ રહે છે ત્યાં સુધી વીતરાગતા આવતી નથી અને પરમાત્મ પદ પ્રાપ્ત થતું નથી. ભાવ મોક્ષ દશાને પામેલા ભગવંતોને જ્યારે શેષ અઘાતિ કર્મોનો અભાવ થાય છે ત્યારે તે સિદ્ધ દશાને પામે છે.

પંચપરમેષ્ટિમાં અરિહંત અને સિદ્ધ ઉપરાંત આચાર્ય-ઉપાધ્યાય અને સાધુ એ ત્રણે આવી જાય છે. તેથી અહીં પરમાત્માની સાથે શ્રમણોને પણ નમસ્કાર કરવામાં આવ્યા છે. પરમ સૌખ્ય માટે જે કાંઈ કરવાનું છે તે આમણે કરી લીધું છે અથવા કરી રહ્યા છે. માટે તે બધા નમસ્કારને પાત્ર છે. ત્રણ કાળના પરમેષ્ટિને નમસ્કાર કરવામાં આવે છે. ત્યાં વ્યક્તિ કરતાં તે પદની મહત્તા છે. જે એવું કાર્ય કરી બતાવે છે તે બધા એ રીતે પૂજનીય થાય છે. એવો નમસ્કાર અહીં આચાર્યદેવ દર્શાવવા માગે છે કે જ્યાં સાધક અને સિદ્ધ વચ્ચે કોઈ તફાવત રહેતો નથી. ધ્યાનનું સ્વરૂપ જ એવું છે કે ત્યાં પછી દ્વૈત રહેતું નથી. સિદ્ધ પરમાત્માનું ધ્યાન કરનારો તે સમયે સિદ્ધ સમાન થઈ જાય છે. અહીં આચાર્યદેવ પોતે સાધક છે અને પરમાત્મા સાથે એકાકાર રૂપના નમસ્કાર કરે છે. અન્ય સિદ્ધ પરમાત્મા વિલીન થઈને ત્યાં પોતાની ભવિષ્યની સિદ્ધદશા કેવી રીતે ગોઠવાય જાય છે એનો ખ્યાલ પણ રહેતો નથી અને ત્યાં પોતાના ત્રિકાળ એકરૂપ રહેનાર જ્ઞાયક સ્વભાવના જ દર્શન થાય છે. એવી અપૂર્વ ભૂમિકા આચાર્યદેવ દર્શાવવા માગે છે. ટીકામાં અને નોઆગમ નમસ્કાર કહ્યા છે. ''નોઆગમ'' શબ્દનો અર્થ થાય છે ''આગમ સાથે સંબંધ'' અર્થાત્ જિનાગમમાં આ

પ્રકારના નમસ્કારને માન્ય કરવામાં આવેલ છે. તેનો સ્વીકાર કરવામાં આવ્યો છે. જ્યાં સુધી ભાવક અને ભાવ્યનું દ્વૈત રહે ત્યાં સુધી સાચો નમસ્કાર ન કહેવાય.

આચાર્યદેવ મોક્ષમાર્ગને પણ બિરદાવે છે. મુક્તિનો આ એક માત્ર ઉપાય છે. દરેક ધર્મમાં કોઈને કોઈ પ્રકારે મુક્તિ અને તેની પ્રાપ્તિની વાતો આવે છે. અન્ય મતમાં મોક્ષ અનેક પ્રકારે વર્ણવવામાં આવે છે પરંતુ એવી કોઈ મોક્ષ દશા ખરેખર નથી. જિનાગમ જે રીતે સિદ્ધ દશાનું વર્ણન કરે છે એ જ સત્ય છે. અન્યથા દર્શાવવામાં આવેલી મોક્ષની વાતોમાં તો રાગને અને અનેક પ્રકારના સંયોગોને સ્થાન છે. જ્યાં ધ્યેય જ ખોટું હોય ત્યાં તેની પ્રાપ્તિનો માર્ગ પણ કલ્પિત જ હોય છે. તેથી સાચા મુક્તિના માર્ગને નમસ્કાર કર્યા છે. જે માર્ગે જવાથી અવશ્ય આત્મકલ્યાણ થાય તે આ વીતરાગ મોક્ષ માર્ગ છે.

આ રીતે આ ગાથામાં ભગવંતોને-શ્રમણોને અને મોક્ષ માર્ગને નમસ્કાર કરીને પછી કહે છે કે અમે માત્ર લુખા નમસ્કાર નથી કરતા. રાગી રહીને વીતરાગતાના ગુણગાન નથી ગાતા. જે માર્ગ અને જે માર્ગે જનારા અને પરિપૂર્ણતાને પામેલાને અમો નમન કરીએ છીએ. તે વીતરાગ માર્ગ અમને ગોઠયો છે. તેવી દશાની પ્રાપ્તિ માટે અમે નમન કર્યું છે. અમે એ માર્ગને જાણ્યો છે અને એ માર્ગે અમે આવી ગયા છીએ. માર્ગે ચાલતા ચાલતા અમો ભગવંતોને નમસ્કાર કરીએ છીએ. **દૃષ્ટાંતઃ** પહાડ ઉપર ચડનારને જેમ ટોચનું શીખર દેખાય ત્યારે એકદમ આનંદ થાય. હમણાં ત્યાં પહોંચી જશું. ગીરનાર ચડનારને જ્યાં પાંચમી ટૂંક દેખાય ત્યાં થાય કે હમણા ત્યાં પહોંચશું. જ્યાં સમશ્રેણીએ નેમીનાથ ભગવાન સિદ્ધ દશામાં બિરાજમાન છે. આ રીતે આચાર્યદેવ પોતે પણ સાધુની શ્રેણીમાં શ્રમણોની શ્રેણીમાં છે. એ વાત કરી લે છે.

### ◆ ગાથા - ૨૦૦

**એ રીત તેથી આત્મને જ્ઞાયકસ્વભાવી જાણીને,**
**નિર્મમપણે રહી સ્થિત આ પરિવર્જું છું હું મમત્વને. ૨૦૦.**

***તેથી (અર્થાત્ શુદ્ધાત્મામાં પ્રવૃત્તિ વડે જ મોક્ષ થતો હોવાથી) એ રીતે આત્માને સ્વભાવથી જ્ઞાયક જાણીને હું નિર્મમત્વમાં સ્થિત રહ્યો થકો મમતાનો ત્યાગ કરું છું.***

કુંદકુંદાચાર્ય દેવની આ ગાથા વાંચતા ટીકાકાર અમૃતચંદ્રાચાર્યને પાંચમી ગાથાનું સ્મરણ થયું. કુંદાકુંદાચાર્યદેવે એ માંગલિકની ગાથામાં બધા પરમેષ્ટિ ભગવંતોને વ્યક્તિગતરૂપે અને સમષ્ટિ-ગતરૂપે યાદ કરીને નમસ્કાર કરેલા. તે સમયે પણ તેઓએ ભાવ વિભાોર બનીને એ રીતે જ ભાવક અને ભાવ્યનો વિભાગ અસ્ત કરીને નમસ્કાર કરેલા.

મમત્વ એ મિથ્યાત્વ છે. પરમાં હુંપણું-પરનું કર્તા-ભોક્તાપણું અને પરમાં હિતબુદ્ધિ એ મોહનું લક્ષણ છે. રાગ-દ્વેષ અને શુભાશુભ ભાવો એ એની ઉપજ છે. એ દ્વૈત વડે પુણ્ય-પાપરૂપના દ્રવ્યકર્મો-સંયોગોમાં અનુકૂળ અને પ્રતિકૂળ એવો વિભાગ અને ફળ સ્વરૂપે ઈન્દ્રિય સુખ-દુઃખનો અનુભવ તડકો અને છાંયડો કયારેક સુખ અને વળી દુઃખ ઘડિક નિરાશા અને વળી થોડું આશાનું કિરણ એવી ઉંદર-બિલાડીની રમતમાં જીવ અનંતકાળ વ્યતિત કરે છે. મિથ્યાત્વ દૂર થયા બાદ જ શુભાશુભ ભાવો અને બે પ્રકારના ફળ દૂર થાય છે માટે જિનાગમમાં પ્રથમ દર્શન મોહ અને બાદમાં ચારિત્ર મોહના નાશની વાત આત્મકલ્યાણ માટે કરી છે. હું એક સ્વતંત્ર શાશ્વત-પરિપૂર્ણ-સ્વતઃસિદ્ધ-અનંત શક્તિનો ધારક પરમાત્મા છું. ત્રણ કાળના પરિણામોને પહોંચી વળવાનું સામર્થ્ય ધરાવું છું. હું એક પરમાત્મ સ્વભાવી જીવ છું અને અન્ય સમસ્ત પરદ્રવ્યથી ભિન્ન થઈને શાશ્વત સિદ્ધધામમાં અનંત

અવ્યાબાધ સુખને કાયમ માટે અનુભવું એવી તાકાત લઈને રહેલો છું એવા જ્ઞાન શ્રદ્ધાનને કારણે જેણે પોતાને ભેદ જ્ઞાનના પ્રયોગ વડે પરથી ભિન્ન શુદ્ધરૂપે અનુભવમાં લીધો છે તેણે મમત્વનો (મિથ્યાત્વનો) ત્યાગ કરી અને નિર્મમપણું અંગિકાર કર્યું છે. એવા આચાર્યદેવ પોતે એ રીતે મોક્ષના અધિકારી રૂપે રજૂ થાય છે.

અનાદિના મિથ્યાત્વને કારણે જેને રાગ-દ્વેષ કરવાની સહજપણે ટેવ પડી હતી અને એવા શુભાશુભ ભાવો અજ્ઞાનીએ અનંતકાળ સુધી કર્યા છે. તે વિભાવ ભાવો- ચારિત્રનો દોષ દૂર કરવાનો પણ એ જ ઉપાય છે. મિથ્યાત્વ જતાં હવે અસ્થિરતાના રાગ-દ્વેષને ટેકો ન રહ્યો. તે નિરાશ્રય થયા. અજ્ઞાનની દશામાં રાગ-દ્વેષના ભાવો અને ફળ સ્વરૂપે ઈન્દ્રિય સુખ-દુઃખના અનુભવો તેના મિથ્યાત્વને પુષ્ટ કરતા હતા. હવે સાધકનૈ એ જ અસ્થિરતાના ભાવો દુઃખરૂપે અનુભવાય છે. અતીન્દ્રિય આનંદનો સ્વાદ ચાખનારને ઈન્દ્રિય સુખની કોઈ કિંમત નથી. એક અપેક્ષાએ એ ઈન્દ્રિય સુખ પણ તેને દુઃખરૂપે અનુભવાય છે. નિર્વિકલ્પ દશાનો અતીન્દ્રિય આનંદ ચાલ્યો જતાં જ્ઞાનીને વિકલ્પ માત્ર દુઃખરૂપે અનુભવાય છે.

સ્વભાવમાં હુંપણું અને સ્વભાવનો આશ્રય - તેમ કરવાના ફળમાં મોક્ષમાર્ગની, ધર્મની શરૂઆત થાય છે. સમ્યગ્દર્શન થાય છે. એ જ સ્વભાવના આશ્રયે અસ્થિરતાના રાગનો પણ અભાવ થઈને ત્યાં વીતરાગતાની પ્રાપ્તિ થાય છે. માટે મુક્તિનો માર્ગ એક જ છે. સ્વભાવના આશ્રયે જ બધું શક્ય બને છે. આ સિવાય મુક્તિનો અન્ય કોઈ ઉપાય નથી એવું શ્રદ્ધાન જ્ઞાનીને હોય છે. તે નિઃશંક છે. માટે થોડા અસ્થિરતાના રાગને ગૌણ કરીને તે પોતાના ધ્યેયમાં આગળ વધે છે. તે પોતાના માર્ગથી વિચલિત થતા નથી.

અમૃતચંદ્રાચાર્યદેવ હવે એ વાત ફરીને વિસ્તારથી કહે છે. ત્યાં મુખ્ય આશય તો જ્ઞાન કઈ રીતે કાર્ય કરે છે તે સમજાવવાનો છે. જેને આ ખ્યાલ નથી તે કેવા પ્રકારની ભૂલ કરે છે તે પણ સમજાવવા માગે છે. પ્રથમ શરૂઆત સ્વભાવની સ્થાપનાથી કરે છે.

## આત્મા સ્વભાવથી જ જ્ઞાયક છે.

આ રીતે જીવનો ત્રિકાળ સ્વભાવ સ્થાપિત કરવામાં આવે છે. જીવનો અસાધારણ ગુણ જ્ઞાન છે. તે જ્ઞાન ગુણને કારણ જીવને જ્ઞાયક કહેવામાં આવે છે. અહીં ચૈતન્યની વાત ન લેતા જ્ઞાનથી વાત લીધી છે. કારણકે જ્ઞેય જ્ઞાયક સંબંધ દર્શાવવો છે. દરેક પદાર્થ સ્વથી એકત્વ અને પરથી વિભક્તરૂપ જ સદાય હોય છે. તેથી આત્મા સ્વભાવથી જ જ્ઞાયક છે. એમ કહીને જીવનું પરદ્રવ્યથી અત્યંત ભિન્નપણું દર્શાવ્યું છે. આને જૈન દર્શનની અસ્તિ-નાસ્તિ કહેવામાં આવે છે. તેની સ્થાપના અત્યંત જરૂરી છે. અસ્તિ-નાસ્તિ લક્ષમાં લેવાથી જીવને પરદ્રવ્ય સાથે કાંઈ સંબંધ નથી એમ જ ખ્યાલમાં આવે. હકિકત એ છે કે બધા પદાર્થો એ રીતે પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ટકાવીને એક બીજા સાથે સંબંધમાં આવે છે. વિશ્વ વ્યાપી સંબંધમાં આવે છે.

એક પદાર્થ અંતર્ગત જે સંબંધો છે. દ્રવ્ય-ગુણ-પર્યાય વચ્ચે જે સંબંધો છે તે તાદાત્મ્યરૂપ છે. બે પદાર્થ વચ્ચે તાદાત્મ્ય-તન્મય એવા સંબંધો કયારેય ન હોય. જો આવા સંબંધો હોય તો બે પદાર્થ બે મટીને એક થઈ જાય છે. આ રીતે પદાર્થનું સ્વરૂપ અસ્તિત્વ જિનાગમ દર્શાવે છે. વસ્તુના અનેકાંત સ્વરૂપને દર્શાવવા માટે દરેક પદાર્થ સ્વથી એકત્વરૂપ છે એમ કથન આવે છે. એકત્વ શબ્દ જ સૂચવે છે કે પદાર્થ એકાંતિક એક નથી. વસ્તુમાં રહેલા અનંત ધર્મો અલગ વેર વીખેર નથી પરંતુ એક બીજા સાથે સંબંધથી

ગૂંથાયેલા છે. એકત્વરૂપ છે. તાદાત્મ્યરૂપ છે. બે પદાર્થો વચ્ચે સંબંધ અવશ્ય છે પરંતુ તન્મયરૂપતા નથી.

## બે પદાર્થો વચ્ચેના સંબંધ

બે પદાર્થો એકબીજા સાથે સંબંધમાં ન આવે. બે પદાર્થના ગુણો એક બીજા સાથે સંબંધમાં ન આવે. બે પદાર્થોની વર્તમાન એક સમયની પર્યાય જ અન્ય દ્રવ્યની તે સમયની વર્તમાન પર્યાય સાથે સંબંધમાં આવે છે. આ રીતે બે પદાર્થો વચ્ચે વર્તમાન પર્યાય મારફત જ સંબંધો છે. અહીં એ ખ્યાલ રાખવું કે એક દ્રવ્યની પર્યાય અન્ય દ્રવ્યની પર્યાય સાથે જે સંબંધમાં આવે છે તે પણ તાદાત્મ્યરૂપ તો નથી જ. વળી એ પણ ખ્યાલમાં રાખવું કે આવા સંબંધને એક નામ આપવામાં આવે તો તેને નિમિત્ત નૈમિત્તિક સંબંધ કહેવાય છે. નિમિત્ત નૈમિત્તિક સંબંધ એટલે બે પદાર્થોની પર્યાયો વચ્ચે કોઈ અપેક્ષાએ મેળવિશેષ. અસ્તિ નાસ્તિ ટકાવીને આ પ્રકારના સંબંધો નિર્દોષ છે.

## જીવને પરદ્રવ્ય સાથે સંબંધ

જીવ પોતાનું ભિન્ન અસ્તિત્વ ટકાવીને અન્ય દ્રવ્યો સાથે સંબંધમાં આવે છે. જીવના પરિણામો શુદ્ધ અને અશુદ્ધ એમ બે પ્રકારના છે. તેથી સંબંધના પણ બે પ્રકાર ગણવામાં આવે છે. અજ્ઞાની જીવ વિભાવ ભાવરૂપે પરિણમે છે. તેથી તે ભાવકર્મ-દ્રવ્યકર્મ-નોકર્મ એવા પ્રકારે પર દ્રવ્ય સાથે સંબંધમાં આવે છે. તેને નિમિત્ત નૈમિત્તિક સંબંધ કહેવામાં આવે છે અને તે દોષિત છે. જીવ જ્યારે પોતાનું અજ્ઞાન દૂર કરીને જ્ઞાની થાય છે. ત્યારે તેની કર્તા કર્મ પ્રવૃત્તિ અટકે છે. તે અકર્તા થાય છે અર્થાત્ જ્ઞાતા થાય છે. ત્યાં જ્ઞેય જ્ઞાયક સંબંધ શરૂ થાય છે. તે નિર્દોષ છે. કારણકે જીવ શુદ્ધતારૂપે પરિણમ્યો છે.

## જ્ઞેય જ્ઞાયક સંબંધ

જીવ પરદ્રવ્યથી સદાય ભિન્ન રહીને જ પરને જાણે છે. સંબંધ તરફથી જોતા **જાણે કે** જ્ઞેયો જ્ઞાનમાં આવી ગયા અને જ્ઞાન સર્વગત થયું એવું દેખાય છે. પરજ્ઞેયને જાણતા જ્ઞાનની પર્યાય જ્ઞેયાકાર થાય છે. તે જ્ઞાનની પર્યાયમાંથી જ્ઞેયનું સ્વરૂપ (વર્ણન) દૂર કરી શકાતું નથી એ દર્શાવવા માટે જ્ઞેયો જ્ઞાનમાં જણાય છે એમ ન કહેતા. જ્ઞેયો જ્ઞાનમાં કોતરાઈ ગયા, ચીતરાઈ ગયા, દટાય ગયા - વગેરે શબ્દો વાપરવામાં આવ્યા છે. જ્ઞેયો તો ભિન્ન જ છે. તેઓ તો પોતાના સ્વક્ષેત્રમાં જ છે. પરંતુ અજ્ઞાનીને એવો વિવેક રહેતો નથી. તેથી પદાર્થો સ્વભાવથી મારામાં આવી ગયા એવું માને છે, એ મોહ છે.

જ્ઞેય જ્ઞાયક સંબંધ સમયે જીવ તો પોતાના એકરૂપ જ્ઞાનરૂપે જ પરિણમે છે. જ્ઞાન ક્ષયોપશમભાવે હોય અથવા ક્ષાયિક ભાવરૂપે હોય તે છે તો એકરૂપ જ. સંબંધના કારણે જ્ઞેયનું સ્વરૂપ પોતાની જ્ઞાનની પર્યાયમાં જણાતા તે જ્ઞાનની પર્યાય અનેકાકારરૂપ થાય છે. અહીં પરમાત્માની વાત લઈને શરૂઆતમાં જ વિશ્વના સમસ્ત પદાર્થો તેના અનાદિથી અનંતકાળ સુધી ક્રમે થતા પરિણામો સહિત એકી સાથે જ્ઞાનમાં જણાય છે એ વાત લીધી છે. તેથી જીવ માત્ર એકરૂપ જ્ઞાનનો જ ફાળો આપતો હોવા છતાં અનેક જ્ઞેયો સાથેના સંબંધના કારણે તે જ્ઞાનની પર્યાય વિશ્વરૂપતા ધારણ કરે છે એમ કહેવામાં આવે છે. સંબંધ સમયે અનેક જ્ઞેયાકારપણું ધારણ કરતો હોવા છતાં જીવ પોતાનું એકરૂપપણું છોડતો નથી. પર્યાયની વિશ્વરૂપતાને યથાર્થપણે ન સમજનાર અજ્ઞાની વિશ્વના સમસ્ત પદાર્થોમાં અધ્યવસાન કરે છે.

જ્ઞાની જાણે છે કે પોતાનો શુદ્ધ સ્વભાવ તો સદાય એકરૂપ જ છે. પોતે જ્ઞાન સિવાય અન્ય કાંઈ કરવા માગતો જ નથી. મોહને (વિભાવને) છોડીને

પોતે શુદ્ધતા પ્રગટ કરી છે. મમત્વનો ત્યાગ કર્યો છે. અહીં માત્ર ઉપશમ કે ક્ષયોપશમની વાત નલેતા 'ઉખેડી નાખીને' શબ્દ દ્વારા ક્ષાયિક ભાવનો ધ્વનિ લીધો છે. પરાશ્રયે થતા પોતાના અનેકરૂપ વિભાવભાવો હવે પ્રગટ ન થતા હોવાથી પોતે નિઃશંકપણે સ્વભાવને જ પ્રાપ્ત કરીને ત્યાં જ હિતબુદ્ધિપૂર્વક ટકે છે.

*આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને*
*આનાથી બન તું તૃપ્ત, ઉત્તમ થશે તુજને સુખ અહો !*

*સમયસાર ગા. ૨૦૬*

*તું સ્થાપ નિજને મોક્ષપંથે, ધ્યા અનુભવ દેહને,*
*તેમાં જ નિત્ય વિહાર કર, ન વિહર પરદ્રવ્યો વિષે.*

*સમયસાર ગા.૪૧૨*

સ્વાનુભૂતિ દ્વારા અતીન્દ્રિય સુખનો સ્વાદ લેનારો જ્ઞાની હવે નિઃશંકરૂપે અને નિષ્કંપરૂપે પોતાના શુદ્ધ સ્વભાવમાં જ સ્થિત રહે છે. ગાથામાં છેલ્લે અમૃતચંદ્રાચાર્યદેવ શુદ્ધાત્માને નમસ્કાર કરે છે. પ્રથમ શ્રદ્ધા ગુણને યાદ કરે છે. દર્શન વિશુદ્ધિ એ મૂળ છે. ''દંસણ મૂળો ધમ્મો'' સમ્યગ્દર્શનથી ધર્મની-મોક્ષમાર્ગની શરૂઆત થાય છે. સમ્યગ્દર્શનની પહેલા અને સાથે સમ્યગ્જ્ઞાન હોય છે. જ્ઞાનપૂર્વક જ શ્રદ્ધાન હોય છે માટે જ્ઞાન પ્રથમ અને શ્રદ્ધા પછી એવો ક્રમ સમયસાર ગા. ૧૮માં લીધો છે. તેમ છતાં જ્યારે શ્રદ્ધાન સાચું થાય છે ત્યારે જ જ્ઞાનને સમ્યક્ કહેવામાં આવે છે. વસ્તુના સ્વરૂપને યથાર્થપણે બધા પડખેથી જ્ઞાનમાં લઈને જ્ઞાન નિર્ણયાત્મક થાય છે. તેના અનુસંધાનમાં જ શ્રદ્ધા સમ્યક્ થાય છે. સમ્યગ્જ્ઞાન એટલે સ્વ અને પર વચ્ચે વિવેક કરનાર જ્ઞાન. આવું જ્ઞાન સાધક અને સિદ્ધ દશામાં ચાલુ જ રહે છે. આવા જ્ઞાન શ્રદ્ધાનપૂર્વકનું આચરણ એ સમ્યક્ ચારિત્ર છે. ત્યાં સ્વરૂપલીનતા છે. સુખને માટે સ્વભાવ એક જ આશ્રય કરવા યોગ્ય છે. અને પરાશ્રય સંપૂર્ણપણે છોડવા લાયક છે એનો નિર્ણય અને નિઃશંકતા જ્ઞાનીને હોવાથી એ સાધક દશામાં આગળ વધતો જાય છે. પોતે આ રીતે ''ચારિત્ર ખલુ ધમ્મો'' એ સ્થિતિએ પહોંચ્યા છે. મુનિપણાનું પાલન કરી રહ્યા છે.

પોતે આ પ્રકારની સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રની પર્યાય દ્વારા પોતાના શુદ્ધાત્માને જ નમસ્કાર કરે છે. એવા નમસ્કારમાં અન્ય અનંત અરિહંતો અને સિદ્ધોને નમસ્કાર થઈ જાય છે. તે નિશ્ચય પૂર્વકનો વ્યવહાર નમસ્કાર છે. સમયસાર શાસ્ત્રમાં તીર્થંકર પરમાત્માની સ્તુતિ અંગે થોડી ગાથાઓ લીધી છે ત્યાં શરીરની સ્તુતિ કરવાથી તીર્થંકર ભગવાનની સ્તુતિ થતી નથી. પરંતુ પરમાત્માના પ્રગટ ગુણોની સ્તુતિ કરવાથી જ પરમાત્માની સ્તુતિ થાય છે એમ લીધું છે. ભગવાનની સ્તુતિમાં શરીરનું વર્ણન આવે છે તેને ભગવાનની વ્યવહાર સ્તુતિ ગણવામાં આવી છે. સ્તુતિમાં પ્રગટ ગુણો અને શરીરના વર્ણનો પણ આવે છે. ત્યારબાદ તીર્થંકર પરમાત્માની નિશ્ચય સ્તુતિનું સ્વરૂપ દર્શાવવામાં આવ્યું છે. તેમાં જિતેન્દ્રિય જિનનું વર્ણન લખ્યું છે. અર્થાત્ જે જ્ઞાની જ્ઞેય જ્ઞાયક અને ભાવ્ય ભાવક સંકર દોષને દૂર કરે છે તેને નિશ્ચય સ્તુતિ છે એમ કહ્યું છે. અર્થાત્ જે પોતાનું અજ્ઞાન દૂર કરીને જ્ઞાની થાય છે તે સાચા અર્થમાં તીર્થંકર ભગવાનને ઓળખે છે અને તે જ સાચી સ્તુતિ કરે છે. અર્થાત્ જે પરમાત્માને નમસ્કાર કરે છે તે પોતાને (તે પરમાત્મ દશા રુચિ છે માટે) નમસ્કાર કરે છે. પોતાને તે રુચિ છે તે નક્કી કેવી રીતે થાય ? પોતે વીતરાગ માર્ગમાં આવે અર્થાત્ ત્યાં પ્રથમ પદરૂપ સમકિતની પ્રાપ્તિ કરે તેને અર્થાત્ જ્ઞાનીને પરમાત્માની નિશ્ચય સ્તુતિ અર્થાત્ નમસ્કાર હોય છે.

આ રીતે જે પોતાના સ્વભાવની સ્તુતિ કરે તેને તીર્થંકર ભગવાનની સ્તુતિ છે અને જે તીર્થંકરની સ્તુતિ કરે છે તેને પોતાના શુદ્ધાત્માની સ્તુતિ છે

એમ સામસામી વાત આવે છે. પરમાત્માની સ્તુતિ કરવાની શરૂઆત કરે ત્યારે પોતે જુદો છે પરંતુ જ્યારે સ્તુતિ કરનાર (ધ્યાતા પુરુષ) અને જેની સ્તુતિ કરવામાં આવે છે (ધ્યેય) એ વચ્ચે અભેદપણું સધાય છે ત્યારે દ્વૈત રહેતું નથી. પાડાનું ધ્યાન કરનાર મનુષ્ય પાડારૂપનું આચરણ કરે છે એમ પરમાત્માનું ધ્યાન કરનારો સ્વયં પરમાત્મા થઈ જાય છે. પરમાત્મ દશાનું ધ્યાન કરનારો પરમાત્મા દશા ઉપરથી તેના પરમાત્મ સ્વભાવ ઉપર ચાલ્યો જાય છે. પર્યાયને ગૌણ કરીને એવી દશાને ઉત્પન્ન કરનાર શક્તિરૂપ સામર્થ્ય ઉપર તેની દૃષ્ટિ જાય છે અને સિદ્ધ સમાન મારો સ્વભાવ છે. એ રીતે અન્ય સિદ્ધ ભગવાન ઉપરથી તે પોતાના શુદ્ધ સ્વભાવ ઉપર આવી જાય છે. આ રીતે અન્ય સિદ્ધ ભગવંતનું ધ્યાન કરતા કરતા તે પોતાનું ધ્યાન કરવા લાગે છે. જે રીતે અન્ય સિદ્ધ ભગવંતો તરફનું લક્ષ છોડીને તે પોતાના શુદ્ધાત્મા સુધી પહોંચે છે તે રીતે શુદ્ધાત્માને નમસ્કાર કરનારો અનંત સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરે છે એવું અહીં ટીકામાં કહેવામાં આવ્યું છે. આ રીતે એકના નમસ્કારમાં બન્નેના નમસ્કાર આવી જાય છે. આ રીતે વિચારીએ ત્યારે સવિકલ્પ-નિર્વિકલ્પદશા એવા ભેદનો વિચાર કરવાનો નથી. અહીં માત્ર એક બીજા વચ્ચેની સંધિ - પરમાંથી સ્વમાં અને સ્વમાંથી પર સાથેના સંબંધો કઈ રીતે થાય તે જ અપેક્ષા વિચારવાની છે. આ રીતે વિચારતા સાધકને ભાવ નમસ્કાર સદાય સ્વયમેવ હોય છે એવું આચાર્યદેવ કહેવા માગે છે.

## કળશ ૧૦

ટીકાકાર આચાર્યદેવ પોતાની આગવી શૈલીમાં આ અધિકારપૂર્ણ કરતા ત્રણ કળશની રચના કરે છે. આ કળશમાં શાસ્ત્રાભ્યાસનું ફળ દર્શાવે છે. સર્વ પ્રથમ તો સત્ શાસ્ત્ર કોને કહેવાય તે નક્કી કરવું જરૂરી છે. સર્વજ્ઞના જ્ઞાનને અનુસરીને જે લખાણ હોય તે જ પ્રમાણ છે. માન્ય કરવા યોગ્ય છે. આ રીતે વિચારતા જિનાગમ જ સત્ શાસ્ત્ર છે. વીતરાગ હોય તે સર્વજ્ઞ થાય છે. અન્યમત રાગી છે માટે ત્યાં સર્વજ્ઞ શક્ય નથી. રાગી અને અલ્પજ્ઞ જીવોનું લખાણ એ સંપૂર્ણ સત્ય હોય શકે નહીં. માટે અહીં જિન ભગવંતે કહેલા શબ્દબ્રહ્મની વાત લીધી છે.

જિનાગમ વસ્તુના અનેકાંત સ્વરૂપને દર્શાવે છે. અનેકાંત વસ્તુસ્વરૂપ સ્યાદ્‌વાદ શૈલી દ્વારા જ સમજાવી શકાય છે. વસ્તુ સ્વરૂપને બધા પડખેથી ખ્યાલમાં લેવાથી જ તે જ્ઞાન નિર્ણયાત્મક બની શકે છે. જ્ઞાનીઓ વસ્તુ સ્વરૂપને આ રીતે સમજાવે છે. હવે સમજનારો કઈ રીતે સમજે છે તે વાત કહે છે. શાસ્ત્રના સમ્યક્ અભ્યાસની વાત કરે છે. જ્ઞાનીઓ જે રીતે સમજાવે છે તે રીતે સમજવું તેને સમ્યક્ અભ્યાસ કહેવામાં આવે છે. જ્ઞાનીઓ સ્યાદ્‌વાદ શૈલીથી નયવિભાગ વડે સમજાવે છે અને પાત્ર જીવે પણ નયવિભાગથી તે સમજવું જરૂરી છે. તે પ્રમાણે કરવાથી પાત્ર જીવને પોતાના અનેકાંત સ્વરૂપનો સાચો ખ્યાલ આવે છે. બધા પડખાથી સમજવાથી જ્ઞાન નિર્ણયાત્મક બને છે.

જિનાગમમાં વસ્તુ સ્વરૂપ જે રીતે સમજાવ્યું છે તેને સાચા અર્થમાં સમજવા માટે આ બધું લખાણ જીવની મુખ્યતાથી વિચારવું જરૂરી છે. એ લખાણને દ્રવ્યકર્મની મુખ્યતાથી પણ વિચારી શકાય છે. પરંતુ એ રીતે વિચારતા આત્મલાભ શક્ય નથી. પૂ. ગુરુદેવશ્રીનો પરમ ઉપકાર છે કે પોતાને મુખ્ય રાખીને સર્વે મુમુક્ષુઓને અભ્યાસ કરાવ્યો છે. પોતાના પ્રવચનોમાં તેઓશ્રીએ શુદ્ધાત્માની મુખ્યતાથી જ બધું વર્ણન કર્યું છે, એ જ પ્રકારે ઉપદેશ આપ્યો છે. આ રીતે અભ્યાસ કરવાનું ફળ શું છે તે વાત આ કળશમાં આચાર્યદેવ કહે છે.

આ જ્ઞેય તત્ત્વ પ્રજ્ઞાપન અધિકાર છે. તેથી તેમાં જ્ઞેયનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે. જ્ઞાનના

સ્વરૂપની વાત આવે એટલે પોતાની વાત છે અને જ્ઞેયની વાત છે ત્યાં પરની વાત છે એવું સામાન્યરૂપે માની લેવામાં આવે છે. પરંતુ ખરેખર એમ નથી. આચાર્યદેવ જ્ઞાન અધિકારમાં આત્માનું સ્વરૂપ સમજાવે છે અને જ્ઞેયરૂપે પણ પોતાના સ્વરૂપની જ વાત કરે છે. જ્ઞેય શબ્દથી પરજ્ઞેય જ ન સમજવું. પોતાનો આત્મા પણ જાણવા યોગ્ય છે. પોતે સ્વજ્ઞેય છે. તેથી આ અધિકારમાં પણ પોતાની જ વાત છે એમ ખ્યાલમાં રાખવું જરૂરી છે.

જિનાગમની શૈલી એવી છે કે શુદ્ધાત્માને કેન્દ્રમાં રાખીને જીવ પદાર્થનું વર્ણન કરે અર્થાત્ દ્રવ્ય સામાન્ય સ્વભાવને અભેદપણે સ્થાપીને ગુણ ભેદ અને પર્યાય ભેદની વાત કરે. એ જ શુદ્ધાત્માને મુખ્ય રાખીને છ દ્રવ્ય અને નવ તત્ત્વનું સ્વરૂપ સમજાવે. છ દ્રવ્યનું સ્વરૂપ માત્ર તેના અસાધારણ ધર્મો દ્વારા જ સમજાવવાથી પ્રયોજન સિદ્ધ થતું નથી. જીવને વિશ્વના અનંત પદાર્થો સાથે કેવા સંબંધો છે. તે રીતે વિચારવું રહ્યું. તેમાં સર્વ પ્રથમ તો અસ્તિ નાસ્તિ દૃઢ કરવા માટે જીવને પરદ્રવ્યો સાથે કોઈ પ્રકારની સંબંધો નથી એની જ મુખ્યતા રહેવી જોઈએ અને એ વાત સિદ્ધાંતરૂપે બધી અપેક્ષાઓ લાગુ પાડીને નક્કી કરવી જોઈએ. પોતાનું પરથી અત્યંત ભિન્નપણું એ રીતે પોતાના જ્ઞાન અને શ્રદ્ધાનમાં સ્થાપીને પછી સંબંધનો વિચાર કરવો જરૂરી છે. બધા પદાર્થો એ રીતે પોતાનું સ્વતંત્ર સ્થાન ટકાવીને વિશ્વવ્યાપી સંબંધમાં આવે છે. એ રીતે જીવ પણ વિશ્વવ્યાપી સંબંધમાં આવે છે.

જીવ બે પ્રકારે પરદ્રવ્ય સાથે સંબંધમાં આવી શકે છે. જીવ વિભાવ ભાવરૂપે-અશુદ્ધતારૂપે પરિણમે અને એ રીતે ભાવકર્મ-દ્રવ્યકર્મ અને નોકર્મરૂપે- એવા સંબંધો મારફત પરદ્રવ્ય સાથે સંબંધમાં આવે અથવા શુદ્ધતારૂપે પરિણમીને પરદ્રવ્ય સાથે જ્ઞેય જ્ઞાયક સંબંધમાં આવે. જીવ અજ્ઞાની છે તો વિશ્વના સમસ્ત પદાર્થો એના માટે નોકર્મ છે. જીવ જ્ઞાની થાય છે ત્યારે વિશ્વના બધા પદાર્થો તેના જ્ઞાનનું જ્ઞેય થાય છે. જીવ જાણનાર થઈને જાણવારૂપનું એકરૂપ કાર્ય કરે છે અને અનેક જ્ઞેયોને જાણતા જ્ઞેયાકાર થાય છે. જે જ્ઞેય જ્ઞાયક સંબંધ દ્વારા જીવ પરજ્ઞેય સુધી પહોંચી છે એ જ સંબંધથી તે પોતાના સ્વભાવ સુધી આવી શકે છે.

વિશ્વના પદાર્થોને ભોગવવાના ભાવની નિરર્થકતા ભાસતા તે વિશ્વના પદાર્થોનો ઉદાસિન જ્ઞાતા થાય છે. જ્ઞેયને ગૌણ કરીને જ્ઞેયાકાર જ્ઞાનની પર્યાય, એકરૂપ સદૃશ જ્ઞપ્તિ ક્રિયા - જ્ઞાન ગુણ - જીવ પદાર્થ. આ રીતે ઉપચરિત અને અનુપચરિત સદ્ભૂત વ્યવહારનય વડે તે જીવ જ્ઞેયાકાર જ્ઞાનની પર્યાય મારફત પોતાના જ્ઞાયક સ્વભાવ સુધી પહોંચે છે. આ રીતે તે અનેક પરજ્ઞેયો મારફત પોતાના સ્વભાવ સુધી પહોંચીને તેને સ્વજ્ઞેય બનાવે અથવા સીધો જ પોતાને સ્વજ્ઞેય બનાવે. આ રીતે તે જ્ઞેય તત્ત્વના જ્ઞાન મારફત પોતાના શુદ્ધ સ્વભાવ સુધી પહોંચી જાય છે. પછી તો તે સ્વભાવમાં લીન થવાનું જ તેને ભાગે રહે છે.

## શ્લોક - ૧૧

આ શ્લોકમાં પણ પરમાત્માના કેવળજ્ઞાનનો મહિમા કરવામાં આવે છે. જીવ જ્યારે સાધક દશા છોડીને પરમાત્મા થાય છે ત્યારે અપૂર્ણ શુદ્ધતાના સ્થાને પરિપૂર્ણ શુદ્ધતા થાય છે. પરંતુ જેમ મિથ્યાત્વનો અભાવ અને સમકિતની પ્રાપ્તિ ત્યાં જાત્યાંતરરૂપની ક્રિયા થાય છે. એવો ફેરફાક અપૂર્ણ શુદ્ધ અને સંપૂર્ણ શુદ્ધ પર્યાય વચ્ચે નથી. તેમ છતાં જ્ઞાનની પર્યાયમાં ક્ષયોપશમ જ્ઞાનના સ્થાને ક્ષાયિક જ્ઞાનની પ્રગટતા થાય છે. અલ્પજ્ઞદશા સર્વજ્ઞ દશામાં ફેરવાય જાય છે. બારમાં ગુણસ્થાનના છેલ્લા સમય સુધી એક સમયે એક વિષયને ગ્રહણ કરતો હતો. હવે તેરમા ગુણ સ્થાનના પહેલા સમયે તે સર્વજ્ઞ

થાય છે. વિશ્વના અનંત પદાર્થોને તેના ગુણાદિ ભેદો સહિત અને ત્રણ કાળના ઈતિહાસરૂપે એક સમયમાં યુગપદ્ જાણી લે છે.

અજ્ઞાની હતો ત્યારે વિશ્વના સમસ્ત પદાર્થોમાં અધ્યવસાન કરતો હતો. પોતે મોહરૂપે પરિણમીને વિશ્વના પદાર્થોને પોતાના નોકર્મરૂપ કરતો હતો. હવે પરમાત્મા થયો ત્યાં એ જ વિશ્વના પદાર્થો નોકર્મ ન રહેતા જ્ઞાનના જ્ઞેય થઈ જાય છે. ખરેખર તો વિશ્વના પદાર્થો જે છે તે જ છે. અર્થાત્ ઘડિયાળ તો ઘડિયાળ જ છે પરંતુ અજ્ઞાની માટે તે નોકર્મ છે અને જ્ઞાની માટે જ્ઞાનનું જ્ઞેય છે. પરમાત્મા આ રીતે વિશ્વના સમસ્ત પદાર્થોને જ્ઞેયરૂપ કરે છે.

જ્ઞેય જ્ઞાયક સંબંધનું એવું સ્વરૂપ છે કે જ્ઞેયો જાણે કે જ્ઞાનમાં આવી ગયા હોય એ રીતે જ્ઞાનની પર્યાયમાં જણાય છે. આ રીતે બધા જ્ઞેયો એકી સાથે એક જ સમયે જાણે કે જ્ઞાનમાં આવી ગયા હોય અને જ્ઞાનરૂપ થઈ ગયા હોય એવું ભાસે છે. તેથી ટીકામાં કહે છે કે ''અસીમ વિશ્વને ઝડપથી (એક સમયમાં) જ્ઞેયરૂપ કરતો, ભેદોને પામેલા જ્ઞેયોને જ્ઞાનરૂપ કરતો'' પરમાત્માના સર્વજ્ઞ જ્ઞાનમાં આ પ્રકારે કાર્ય થાય છે.

કેવળ જ્ઞાન તો એકરૂપ છે. તે સર્વજ્ઞદશા છે. વિશ્વના સમસ્ત વિષયોને એકી સાથે યુગપદ્ જાણવાની તે પર્યાયની તાકાત છે અને વિશ્વના બધા પદાર્થો એ જ્ઞાનની પર્યાયમાં ઝળકે છે. આવી એકરૂપ પર્યાયને પણ આપણે સ્વ-પર પ્રકાશક જ્ઞાનરૂપે ઓળખીએ છીએ. આપણા માટે (અજ્ઞાનીને જ્ઞાની થવા માટે) સ્વ અને પરના જુદાપણાનો વિવેક હોવો અનિવાર્ય છે. તેથી તો તે જ્યારે જ્ઞાની થાય છે ત્યારે પ્રજ્ઞા વડે સ્વ-પરનો અને સ્વભાવ વિભાવનો ભેદ પોતાના જ્ઞાનમાં લે છે અને એજ પ્રજ્ઞા વડે તે સ્વભાવને ગ્રહણ કરીને પરનો ત્યાગ કરે છે. સ્વ-પરના અને સ્વભાવ-વિભાવના આ ભેદ જ્ઞાનનો પ્રયોગ સઘળી સાધક દશામાં ચાલુ જ રહે છે. તે જ્યારે વીતરાગ થાય છે ત્યારે સમસ્ત વિભાવનો નાશ થવાથી હવે ભેદ જ્ઞાનનો પ્રયોગ કરવાનો રહેતો નથી. એ ક્ષીણ મોહ ગુણ સ્થાન બાદ તુરત જ ભાવ મોક્ષ તેરમું ગુણસ્થાન આવે છે. જ્યાં ક્ષયોપશમ જ્ઞાન કેવળજ્ઞાનરૂપે થઈ જાય છે. એ જ્ઞાન બધું એકી સાથે જાણી લે છે એ અપેક્ષાએ ત્યાં ભેદ નથી. સ્વને જાણે કે પરને જાણે-જાણપણામાં તફાવત નથી. પરંતુ સ્વમાં તન્મયપણું છે. જ્યારે પરથી જુદો રહીને પરને જાણે છે. માટે કેવળજ્ઞાનની પર્યાયમાં પણ એ રીતે સ્વપ્રકાશક અને પરપ્રકાશક એવા ભેદ પડે છે. સ્વમાં તન્મય છે માટે તેને નિશ્ચય અને પરથી ભિન્ન રહીને પરને જાણે છે માટે પરપ્રકાશક જ્ઞાનને વ્યવહાર કહેવામાં આવે છે.

કેવળજ્ઞાનની એકરૂપ પર્યાયને પણ એ રીતે સ્વ-પર પ્રકાશક જ્ઞાન કહેવામાં આવે છે. પરંતુ એવા ભેદ પણ તે ક્યા વિષયોને જાણે છે તેની સાપેક્ષતાના છે. જ્ઞાનની પર્યાયના મતિ આદિ ભેદો જ્ઞેયની અપેક્ષાએ લેવામાં આવે છે. તે જ્ઞાન ક્યા વિષયને જાણે છે તેને ગૌણ કરવામાં આવે તો જ્ઞાન તો એકરૂપ જ છે. છદ્મસ્થ જીવોને પણ જે ભવ આધીન ક્ષયોપશમ જ્ઞાન છે તે એકરૂપ જ છે. પછી તે જ્ઞાન અલગ ઈન્દ્રિયો દ્વારા અલગ વિષયોને ભલે જાણે પરંતુ જ્ઞાનનો ક્ષયોપશમ તે ભવપર્યંત એકરૂપ છે. અર્થાત્ સંજ્ઞી પંચેન્દ્રિય જીવને તે ભવ પૂરતો એટલો જ ક્ષયોપશમ હોય છે.

ક્ષયોપશમ જ્ઞાનમાં ભવ બદલતા અને તે ભવમાં પણ જ્ઞાનની પર્યાયમાં તરતમ ભેદ પડે છે. પરંતુ જ્યારે પરિપૂર્ણ જ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે ત્યારે હવે એ જ્ઞાન અકંપ-નિષ્કંપ છે. તે સદાય એકરૂપ જ છે. તે જ્ઞાનની પર્યાયને વિષયને જાણવાની અપેક્ષાએ ભલે ભેદરૂપ લક્ષમાં લઈએ

પરંતુ જો તે અપેક્ષા ન લેવામાં આવે અને પરમાત્મા જાણવાનું કાર્ય કરે છે. એટલી જ અપેક્ષા લેવામાં આવે તો તે જ્ઞાન એકરૂપ જ છે.

જ્ઞાયક સ્વભાવથી શરૂઆત કરીએ તો પરમાત્મા એકરૂપ કેવળ જ્ઞાનની પર્યાયને કરે છે. તે પર્યાયનો વિષય આખું વિશ્વ છે તેથી જ્ઞેય જ્ઞાયક સંબંધથી તે જ્ઞાન સર્વગત થાય છે. અર્થાત્ આત્મા-જ્ઞાન ગુણ અને કેવળજ્ઞાનની પર્યાયનું નિશ્ચય સ્વક્ષેત્ર અસંખ્ય પ્રદેશી જ છે. પરંતુ તેનું વ્યવહાર ક્ષેત્ર આખું વિશ્વ છે. આ રીતે જ્ઞાયક આખા વિશ્વમાં વિસ્તાર પામે છે એવું જણાય છે. હવે આ ક્રમને ઉલટાવીએ ત્યારે જ્યારે એ જ જ્ઞેય જ્ઞાયક સંબંધના કારણે વિશ્વના સમસ્ત પદાર્થો એકી સાથે જ્ઞાનની પર્યાયના અસંખ્ય પ્રદેશી સ્વક્ષેત્રમાં સમાય જાય છે. જ્ઞાનની પર્યાય તો જ્ઞાનરૂપ છે જ પરંતુ આ રીતે બધા જ્ઞેયો પણ જ્ઞાનરૂપતાને પામે છે. જ્ઞાનની સ્વ-પર પ્રકાશક પર્યાયમાં એવા સ્વ અને પરના ભેદને લક્ષમાં ન લઈએ તો તે એકરૂપ કેવળજ્ઞાનની જ પર્યાય છે અને એ પર્યાયને જ્ઞાન ગુણમાં અને જ્ઞાન ગુણને દ્રવ્યમાં અભેદ કરતા બધું શુદ્ધાત્મારૂપ ભાસે છે.

શુદ્ધાત્મા પ્રભુત્વ શક્તિ અનુસાર સર્વ અન્ય દ્રવ્યોથી સર્વથા ભિન્ન અને પોતાના ગુણ અને પર્યાયોથી કથંચિત્ ભિન્ન ભાસે છે. અને તેને જ વિભુત્વ શક્તિરૂપે જોવામાં આવતા તે સર્વગત ભાસે છે. પરમાત્માનું આવું રૂપ હવે સાદિ અનંતકાળ સુધી એવુંને એવું જ રહેશે. પરમાત્માને આ રીતે જોતાં જ તે સાચા અર્થમાં જેવા છે તેવા મહિમાવંત જણાય છે. દેદીપ્યમાન જોવા મળે છે. આ રીતે આ શ્લોકમાં જ્ઞાયક સ્વભાવનો અને કેવળજ્ઞાનનો મહિમા કરવામાં આવ્યો છે. આ પરમાત્માનું વાસ્તવિક સ્વરૂપ છે.

## શ્લોક - ૧૨

આ શ્લોકમાં દ્રવ્ય અને ચરણનો સંબંધ દર્શાવવામાં આવ્યો છે. એક અપેક્ષાએ જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અને ચરણાનુયોગ ચૂલિકા વચ્ચેનો સંબંધ છે. અર્થાત્ આ દર્શન અધિકાર પહેલા જ્ઞાન અધિકાર હતો. તેથી જ્ઞાન દર્શનની ભૂમિકાપૂર્વક આચરણ કેવું હોય તે દર્શાવવા માગે છે. જ્ઞાનને જ્યારે શ્રદ્ધાનો ટેકો મળે ત્યારે જ સાચું આચરણ થાય. જે જીવ પોતાના જ્ઞાયક સ્વભાવને જાણીને તેમાં હુંપણું સ્થાપે છે. બાહ્ય વિષયોની નિરર્થકતા તેને ભાસે છે ત્યારે તે હિતબુદ્ધિપૂર્વક પોતાના સ્વભાવમાં સ્થિત થાય છે. પહેલા ન્યાય-યુક્તિથી નક્કી કરે છે કે આ જ મુક્તિનો એક માત્ર માર્ગ છે. સ્વાનુભવ પછી તે નિઃશંકરૂપે આ માર્ગે આગળ વધે છે. સમ્યગ્દર્શન થાય ત્યારે અંશે સ્વરૂપલીનતા તો છે પરંતુ તે ચારિત્ર નામ નથી પામતું. મુનિદશા છે તેને જ ધર્મ ગણવામાં આવે છે. જેવું જ્ઞાન શ્રદ્ધાનમાં હતું તેવું આચરણ કર્યું. ત્યારે જ્ઞાન અને શ્રદ્ધાન સાચા ઠરે છે.

ચોથા ગુણસ્થાને સ્વરૂપલીનતા તો છે પરંતુ મુનિદશામાં તેમાં વેગ આવે છે. તે શીઘ્ર પોતાના સ્વરૂપમાં ડૂબી જવા માટે ઉતાવળ કરે છે. પુરુષાર્થ અનેકગણો વધારી દે છે. સંસારના બાહ્ય વિષયોથી ઉદાસીનતા પ્રગટ થાય છે પછી વૈરાગ્ય જ્યારે ઘણો વધી જાય છે ત્યારે મુનિદશા આવે છે.

આ શ્લોકમાં દ્રવ્ય અને ચરણ એવા બે શબ્દો આવે છે. ત્યાં દ્રવ્ય શબ્દથી દ્રવ્ય સામાન્ય સ્વરૂપ નથી દર્શાવવું પરંતુ સ્વભાવના આશ્રયે પ્રગટ થયેલી શુદ્ધતાને અહીં દ્રવ્ય શબ્દ દ્વારા કહેવામાં આવે છે. ચરણ શબ્દનો અર્થ અહીં ભૂમિકાને યોગ્ય શુભભાવ થાય છે. તે શુભભાવ અનુસાર બાહ્ય આચરણનો પણ ચરણ શબ્દમાં સમાવેશ થાય છે. દ્રવ્ય અને ચરણ વચ્ચેના સંબંધનો આગળ વિચાર કરતા પહેલા આપણે સાધકદશાને સમજવાનો પ્રયત્ન કરીએ.

## મોક્ષમાર્ગ

સાધક દશા એ મોક્ષમાર્ગ છે. બહિરાત્મપણું અને પરમાત્મપદ વચ્ચે તેનું સ્થાન છે. અંતમુહૂર્તથી લઈને અર્ધ પુદ્ગલ પરાવર્તન જેટલો તેનો કાળ છે. તે અભેદ અપેક્ષાએ જીવ દ્રવ્યની પર્યાય છે. તેને ભેદ અપેક્ષાએ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર શબ્દથી ઓળખાવવામાં આવે છે. તે સાધકના પ્રયોજનભૂત ત્રણ મુખ્ય ગુણોની સમ્યક્ પર્યાયો છે. જીવ એક દ્રવ્ય છે દરેક સમયે દ્રવ્યની એક પર્યાય હોય છે. તેથી જીવની પણ દરેક સમયે એક પર્યાય હોય છે. અંતરાત્મ જીવની પર્યાય એ મોક્ષમાર્ગની પર્યાય છે. તે એક સમયે એક જ પર્યાય છે. તે પર્યાય અખંડ છે. જીવ પોતે તે પર્યાયરૂપે પરિણમે છે.

સિદ્ધ દશા એ પર્યાય છે. તે કાર્યરૂપ છે. દ્રવ્ય સામાન્ય તે પર્યાયનો કર્તા છે. જીવ અને સિદ્ધ દશા વચ્ચે કર્તાકર્મપણું પણ કહી શકાય છે. અને કારણકાર્યપણું કહી શકાય છે. આ રીતે બધી પર્યાયોનો કર્તા (અથવા કારણ) દ્રવ્ય સામાન્ય સ્વભાવ છે. આ વાત મુખ્ય રાખીને એક જ દ્રવ્યની પહેલાની પછીની પર્યાયોનો વચ્ચે પણ કારણ-કાર્યપણું લેવામાં આવે છે. જ્યારે આ અપેક્ષા લાગુ પાડીએ ત્યારે મોક્ષમાર્ગની પર્યાયને મોક્ષનું કારણ લેવામાં આવે છે. અપૂર્ણ શુદ્ધ પર્યાયને પરિપૂર્ણ શુદ્ધ પર્યાયના કાર્યરૂપે લેવામાં આવે છે. આપણે ખ્યાલમાં લીધું છે કે મોક્ષમાર્ગની પર્યાય એક જ છે અને સાધક એ રીતે મુક્તિના માર્ગે પ્રયાણ કરે છે.

## મોક્ષમાર્ગની પર્યાયમાં શુદ્ધતા અને અશુદ્ધતા

મોક્ષમાર્ગની એક પર્યાયમાં અંશે શુદ્ધતા અને અંશે અશુદ્ધતા રહેલી છે. અજ્ઞાની સંપૂર્ણપણે અશુદ્ધ છે. જ્યારે પરમાત્મા સંપૂર્ણરૂપે શુદ્ધ છે. સાધકદશાને જ્યારે આપણે પર્યાયના પ્રવાહરૂપે લક્ષમાં લઈએ છીએ ત્યારે ત્યાં શુદ્ધતાના અંશો વધતા જાય છે અને અશુદ્ધતાના અંશો ઘટતા જાય છે. (સાધકદશા છે માટે) અશુદ્ધતામાં શુભભાવની મુખ્યતાથી તેને વિચારવામાં આવે છે. એક જ પર્યાયમાં આ પ્રકારે ભેદદૃષ્ટિથી જોવાનું પ્રયોજન છે. સાધકને જેટલી અશુદ્ધતા છે તે બંધનું કારણ થાય છે. તે અંશ જીવને દુઃખરૂપે તે સમયે અનુભવાય છે. તે અશુદ્ધતા ટકતી નથી અને વધતી પણ નથી પરંતુ તે દૂર થતી જાય છે. પરમાર્થ વિચારીએ તો તે શુભભાવ મોક્ષનું કારણ નથી. જે બંધના કારણે હોય તે મોક્ષના કારણે થઈ શકે નહીં.

અજ્ઞાની જીવને અનાદિકાળથી શુભ અને અશુભ બે પ્રકારના ભાવોનો જ પરિચય હોય છે. તે શુભભાવને ભલો લાભનું કારણ માને છે. તેને મોક્ષનું કારણ પણ માને છે. ખરેખર શુભ અને અશુભ બન્ને ભાવો માત્ર બંધનું જ કારણ છે. આ રીતે જેને શુભભાવથી મુક્તિ થાય છે એવી જેની માન્યતા છે તેવા જીવનું કલ્યાણ થાય અને અહિત ન થાય એ માટે એક મોક્ષમાર્ગની પર્યાયને શુદ્ધતા અને અશુદ્ધતા એવા બે અંશરૂપે દર્શાવવામાં આવે છે. જેથી પાત્ર જીવ સમજી શકે કે મોક્ષનું સાચું કારણ તો સ્વભાવનો આશ્રય છે. અપૂર્ણ શુદ્ધ પર્યાયમાં પણ શુદ્ધતાના અંશો વૃદ્ધિગત થઈને પરિપૂર્ણતારૂપે થાય છે. સાધકની દશામાં જેટલા કોઈ શુભભાવો ભૂમિકાને યોગ્ય હોય છે તે પણ પરમાર્થે બંધનું જ કારણ થાય છે. સાધક જેટલો સમય વિકલ્પમાં ગાળે છે તેટલો મોક્ષ દૂર થતો જાય છે. શુદ્ધતામાં નિર્વિકલ્પ દશામાં અંતમુહૂર્ત ટકી જાય તો કેવળજ્ઞાન પ્રગટ કરે છે. સાધકનો શુભભાવ પણ બંધનું કારણ છે તો પછી અજ્ઞાનીના શુબભાવની તો શું વાત કરવી! આ રીતે જો તે શુભભાવનો આગ્રહી જીવ મધ્યસ્થ થઈને વસ્તુ સ્વરૂપને યથાર્થ જાણે તો તે શુભભાવનો પક્ષ છોડીને આત્મ કલ્યાણ કરી શકે છે. આવા જીવોના હિત

ખાતર અને વસ્તુની નિર્દોષ વ્યવસ્થા દર્શાવવા માટે થઈને જિનાગમમાં અખંડ એક મોક્ષમાર્ગની પર્યાયને તે શુદ્ધતા અને અશુદ્ધતારૂપે રહેલી છે. એમ દર્શાવવામાં આવી છે.

સાધક સ્વભાવના આશ્રયે શુદ્ધતાના અંશો વધારતો જાય છે. તેની સાથો સાથ અશુદ્ધતાને દૂર કરતો જાય છે. કયારેક અસ્તિની મુખ્યતાથી વાત થાય અને કયારેક નાસ્તિની મુખ્યતાથી પરંતુ કાર્ય તો જે છે તે પ્રમાણે જ થાય છે. મલિન વસ્ત્રને ધોવામાં આવતા સ્વચ્છતા વધતી જાય છે અને મેલ દૂર થાય છે. આ રીતે એક જ કાર્યને બે અપેક્ષાએ વિચારી શકાય છે. તેથી ટીકામાં લખ્યું છે કે ''એ રીતે તે બન્ને પરસ્પર અપેક્ષા સહિત છે.''

ટીકામાં ત્યારપછીનું જે લખાણ છે તેના ભાવને સમજવો જરૂરી છે. કારણકે શબ્દ પ્રમાણે અર્થ કરવા જતો દ્વિધા ઉત્પન્ન થાય છે. આશ્રય શબ્દનો અર્થ અવલંબન થાય છે. જીવ શુભ ભાવનો (ચરણનો) આશ્રય કરીને મોક્ષમાર્ગમાં આરોહણ કરો એ વાત જચતી નથી. તેથી આ યથાર્થપણે સમજવાનો આપણે પ્રયત્ન કરવો રહ્યો. દ્રવ્ય અર્થાત્ પર્યાયની શુદ્ધતા અને ચરણ અર્થાત્ શુભભાવ - એમ બેનો અલગ રીતે વિચાર કરવાથી દ્વૈત ખ્યાલમાં આવે છે અને એ દ્વૈતમાં ક્યાંય મેળ ખાય એવું નથી. વળી જીવ એકલી શુદ્ધતા પ્રગટ કરે એવું પણ બનતું નથી. અર્થાત્ કોઈ સાધક દશા એવી નથી કે જ્યાં એકલી શુદ્ધતા જ હોય. તે પ્રમાણે માત્ર ૨૮ મુળગુણરૂપ શુભભાવો જ હોય અને શુદ્ધતા ન હોય એમ પણ કયારેય બને નહીં. તેથી કાં શુદ્ધતા કરે અથવા અશુદ્ધતા કરે એવી પસંદગીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. બન્ને અંશો સાધકની પર્યાયમાં સાથે જ હોય છે. સાધક દશાનો બીજી રીતે વિચાર કરીએ તો ત્યાં જ્ઞાન અને વૈરાગ્ય સાથે જ હોય છે. સાધકની પર્યાયમાં જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ વગેરે બધું જોવા મળે છે. હવે કોઈ વિચારે કે જ્ઞાનમાર્ગ તો કઠીન છે. બધા સમજી શકે એવું ન બને. તેને બદલે કોઈ ભક્તિ માર્ગનો આશ્રય લઈને મોક્ષની પ્રાપ્તિ કરી શકે. તો ત્યાં સ્પષ્ટ અભિપ્રાય એક જ છે કે જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ. એવા બે અલગ માર્ગો નથી. સાધકની એક જ પર્યાય છે અને તેમાં જ્ઞાન-વૈરાગ્ય અને ભક્તિનો સમન્વય જોવા મળે છે. એ જ રીતે અહીં પણ સમજવું.

આશ્રય તો માત્ર દ્રવ્ય સામાન્ય સ્વભાવનો જ છે. તે આશ્રય લેવાથી સમ્યગ્દર્શનથી લઈને પરમાત્મદશાની પ્રાપ્તિ થાય છે. જ્ઞાયકમાં હુંપણું સ્થાપવું અને તેનો આશ્રય લેવો આ એક જ મુક્તિનો માર્ગ છે. સ્વભાવના આશ્રયે શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે. તે પર્યાય પ્રગટ કરવા માટે ઉપાદેય છે પરંતુ તે પર્યાયનો આશ્રય ન કરાય. તેના આશ્રયે આત્મલાભ ન થાય. અહીં પાત્ર જીવ મુનિપણું અંગીકાર કરો એ ભાવ છે. માત્ર મુનિદશાનું વર્ણન નથી.

આ રીતે આ શ્લોકમાં આચાર્યદેવે મોક્ષમાર્ગની પર્યાયમાં પ્રયોજનવશ દ્વૈતની વાત પણ કહી છે અને અભેદપણું પણ દર્શાવ્યું છે. આ બન્ને રીતે સમજવાથી જ સ્પષ્ટતા થાય છે. અહીં હવે આ અધિકાર પૂર્ણ થાય છે.

## શ્લોક - ૧૩

ચરણાનુયોગ ચૂલિકા અધિકાર શરૂ થાય છે. જેણે પોતાના જ્ઞાન શ્રદ્ધાનને વ્યવસ્થિત કર્યું છે તે હવે મુનિપણું લેવા માટે તૈયાર થાય છે. પ્રવચનસાર શાસ્ત્રનો અભ્યાસ કરીને અહીં સુધી આવેલા જીવને હવે એક જ કાર્ય કરવાનું રહે છે. જ્ઞાની થયા બાદ તે જીવની જે ભાવના હોય છે તે મુનિપદ પ્રાપ્ત કરવાની જ હોય છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ ''અપૂર્વ અવસર'' કાવ્યમાં એ મુનિપદની ભાવના સુંદર રીતે ભાવી છે.

આગલા શ્લોકોનું અનુસંધાન લઈને આ શ્લોકમાં પણ એ જ ભાવને ઘૂંટવામાં આવ્યો છે. મુનિદશામાં ત્રણ કષાયના અભાવપૂર્વકની વીતરાગતા અને સંજવલન કષાયમાં ૨૮મુળ ગુણના પાલનના ભાવો આ બન્નેનો સમન્વય અર્થાત્ મેળવિશેષ જોવા મળે છે. જ્યારે પરિણામો સહજ હોય છે ત્યારે આવું જ હોય છે. શુદ્ધતાની સિદ્ધિમાં મહાવ્રત અને મુળગુણના પાલનની સાથે એટલી પવિત્રતા. આવો જ સુયોગ હોય છે. તેથી એક વિદ્યમાન હોય ત્યારે અન્ય અવશ્ય હાજર હોય છે. અહીં હઠ પ્રયોગની વાત નથી. અભવ્ય જીવ પણ દ્રવ્યલિંગ ધારણ કરે છે તે લેવું નથી.

સમ્યગ્દૃષ્ટિ જીવને સ્વ-પરનો સ્પષ્ટ વિભાગ ખ્યાલમાં છે. તેણે મોહને દુર કર્યો છે તેથી પરમાં એકત્વબુદ્ધિની સાથે પરના ભોક્તાભાવનો પણ સાથે જ ત્યાગ થયો છે. બાહ્ય વિષયો ભોગવાતા જ નથી એવો પાકો નિર્ણય હોવાથી તેને પરદ્રવ્ય પ્રત્યેના રાગ દ્વેષનું કોઈ પ્રયોજન નથી. જ્યારે પરદ્રવ્યને ભોગવવા જ નથી ત્યારે તેને શુભભાવ અને તેના ફળની પણ કોઈ મુખ્યતા નથી. અશુભ ભાવના ફળની તેને ચિંતા નથી. તેથી શુભાશુભ ભાવોની તેને ઉપયોગિતા નથી. આ રીતે સમ્યગ્દૃષ્ટિ જીવ વીતરાગતા તરફ આગળ વધે છે. આ સહજ પરિણામ છે. જ્ઞાનમાં પરદ્રવ્ય પરરૂપે જણાતા તેના ત્યાગનો ભાવ જ સાધકને હોય છે.

પરના અને વિભાવના ત્યાગનો નિર્ણય અને અમલ એ બન્નેમાં ઘણો તફાવત હોય છે. નિર્ણયમાં જ્ઞાન અને શ્રદ્ધાનની મુખ્યતા હોય છે અને અમલમાં આચરણની મુખ્યતા હોય છે. બન્નેમાં પુરુષાર્થ જરૂરી છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ એ દર્શન ચરણ ચારિત્ર છે. અને મુનિધર્મનું પાલન એ સંયમચરણ ચારિત્ર છે. આ રીતે વિચારતાં જીવને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ એ માત્ર શ્રદ્ધાનનું કાર્ય ન રહેતા ત્યાં ચારિત્રની પણ સાથે વિચારણા આવશ્યક છે. તે પુરુષાર્થ માગી લે છે. સમકિત થવા માટે અનંત પુરુષાર્થ જરૂરી છે. પછી આગળની ભૂમિકા માટે પુરુષાર્થ વધતો જ જાય છે.

હવે આ શ્લોકના અનુસંધાનથી વિચારીએ. સમ્યગ્દૃષ્ટિ જીવ જે ગૃહસ્થ જીવન જીવે છે તેની મુખ્યતા રાખીને વિચાર કરીએ. એક જીવ અજ્ઞાની છે તે જ્ઞાની થાય ત્યારે તેની બાહ્ય પ્રવૃત્તિઓમાં કાંઈ ફેર પડે નહીં. તેના શુભાશુભ ભાવો પણ પહેલાની જેવા જ દેખાય છે. અહીં એ વિચારવાનું છે કે તેનું આચરણ હવે સમ્યગ્ચારિત્ર નામ પામે છે. પરંતુ તેમાં કોઈ બાહ્ય તફાવત નથી. આ રીતે શુભભાવ અને બાહ્ય ક્રિયાની મુખ્યતાથી વિચારતા તે પહેલાની જેમ જ સ્વાધ્યાય-ભગવાનની પૂજા વગેરે કરે છે અને પોતાના વેપાર ધંધાને પણ કરે છે. અર્થાત્ જેને વૈરાગ્ય અને તદ્અનુસાર ત્યાગ કહી શકાય એવું કાંઈ જોવા મળતું નથી. શ્રાવક અને મુનિપણાનો વિચાર કરીએ ત્યારે અંતરંગમાં ત્યાગના ભાવની વૃદ્ધિ-વૈરાગ્યની અધિકતા અને તે અનુસાર બાહ્ય ત્યાગ હોય છે. તેથી તે એક જુદા પ્રકારની દશા છે. તે માટે ઘણો પુરુષાર્થ જરૂરી છે.

પરને જુદા જાણવા એ અલગ વાત છે પરંતુ અનાદિકાળની પરાશ્રયરૂપની પ્રવૃતિ ફેરવવી એ અલગ વાત છે. ગૃહસ્થ અવસ્થામાં એવું નથી. તેથી જેણે શુભાશુભ ભાવને છોડયા નથી. અર્થાત્ જે એવા ભાવોથી વિરમ્યો નથી. એ હવે મુનિપણું લેવા માટે તૈયાર થાય, કમર કસે એવો ભાવ આ શ્લોકમાં રજૂ કરવામાં આવ્યો છે. જ્યારે મુનિદશાને યોગ્ય શુદ્ધતા પ્રગટ થશે ત્યારે ત્યાં સહજપણે મહાવ્રત વગેરે શુભભાવો હશે. તે ભાવોને અહીં દ્રવ્યથી અવિરુદ્ધ આચરણરૂપે દર્શાવવામાં આવ્યા છે.

♣♣♣

# જિનજીની વાણી

(રાગ : આશા ભર્યા અમે આવિયા...)

સીમંધર મુખથી ફૂલડાં ખરે,
એની કુંદકુંદ ગૂંથે માળ રે,
જિનજીની વાણી ભલી રે.... સીમંધર૦

વાણી ભલી, મન લાગે રળી,
જેમાં સાર-સમય શિરતાર રે,
જિનજીની વાણી ભલી રે.... સીમંધર૦

ગૂંથ્યા પાહુડ ને ગૂંથ્યું પંચાસ્તિ,
ગૂંથ્યું પ્રવચનસાર રે,
જિનજીની વાણી ભલી રે.... સીમંધર૦

ગૂંથ્યું નિયમસાર, ગૂંથ્યુ રયણસાર,
ગૂંથ્યો સમયનો સાર રે,
જિનજીની વાણી ભલી રે.... સીમંધર૦

સ્યાદવાદ કેરી સુવાસે ભરેલો,
જિનજીનો ૐકાર નાદ રે,
જિનજીની વાણી ભલી રે.... સીમંધર૦

વંદુ જિનેશ્વર, વંદુ હું કુંદકુંદ,
વંદુ એ ૐકાર નાદ રે,
જિનજીની વાણી ભલી રે.... સીમંધર૦

હૈડે હજો, મારા ભાવે હજો,
મારા ધ્યાને હજો જિનવાણ રે,
જિનજીની વાણી ભલી રે.... સીમંધર૦

જિનેશ્વરદેવની વાણીના વાયરા,
વાજો મને દિનરાત રે,
જિનજીની વાણી ભલી રે.... સીમંધર૦

# ભગવાન કુંદકુંદાચાર્ય વિશે ઉલ્લેખો

वन्द्यो विभुर्भुवि न कैरिह कौण्डकुन्दः कुन्द-प्रभा-प्रणयि-कीर्ति-विभूषिताशः ।
यश्चारु-चारण-कराम्बुजचञ्चरीक- श्चक्रे श्रुतस्य भरते प्रयतः प्रतिष्ठाम् ।।

(ચંદ્રગિરિ પર્વત પરનો શિલાલેખ)

**અર્થ :** *કુન્દપુષ્પની પ્રભા ધરનારી જેમની કીર્તિ વડે દિશાઓ વિભૂષિત થઈ છે, જેઓ ચારણોનાં- ચારણઋદ્ધિધારી મહા-મુનિઓનાં સુંદર હસ્તકમળોના ભ્રમર હતા અને જે પવિત્રાત્માએ ભરતક્ષેત્રમાં શ્રુતની પ્રતિષ્ઠા કરી છે તે વિભુ કુંદકુંદ આ પૃથ્વી પર કોનાથી વંદ્ય નથી ?*

..........कोण्डकुन्दो यतीन्द्रः ।।
रजोभिरस्पृष्टतमत्वमन्त-र्बाह्योपि संव्यञ्जयितुं यतीशः ।
रजःपदं भूमितलं विदाय चचार मन्ये चतुरङ्गलं सः ।।

(વિંધ્યગિરિ શિલાલેખ)

**અર્થ :** *યતીશ્વર (શ્રી કુંદકુંદસ્વામી) રજઃસ્થાનને ભૂમિતળને — છોડીને ચાર આંગળ ઊંચે આકાશમાં ચાલતા હતા તે દ્વારા હું એમ સમજું છું કે, તેઓશ્રી અંદરમાં તેમજ બહારમાં રજથી (પોતાનું) અત્યંત અસ્પૃષ્ટપણું વ્યક્ત કરતા હતા (–અંદરમાં તેઓ રાગાદિક મળથી અસ્પૃષ્ટ હતા અને બહારમાં ધૂળથી અસ્પૃષ્ટ હતા).*

जइ पउमणंदिणाहो सीमंधरसामिदिव्वणाणेण ।
ण विवोहइ तो समणा कहं सुमग्गं पयाणंति ।।

(દર્શનસાર)

**અર્થ :** *(મહાવિદેહક્ષેત્રના વર્તમાન તીર્થંકરદેવ) શ્રી સીમંધરસ્વામી પાસેથી મળેલા દિવ્ય જ્ઞાન વડે શ્રી પદ્મનંદિનાથે (શ્રી કુંદકુંદાચાર્ય દેવે) બોધ ન આપ્યો હોત તો મુનિજનો સાચા માર્ગને કેમ જાણત ?*

*હે કુંદકુંદાદિ આચાર્યો ! તમારાં વચનો પણ સ્વરૂપાનુસંધાનને વિષે આ પામરને પરમ ઉપકારભૂત થયાં છે તે માટે હું તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરું છું.*

(શ્રીમદ્ રાજચંદ્ર)